# ગુરુ કહાન – દૃષ્ટિ મહાન

## (ભાગ-૭)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

પ્રકાશક :
**શ્રીમતિ પ્રવિણાબેન શશીકાંત ખારા**
વિશાખાપટ્ટનમ્ / સોનગઢ

सर्वज्ञ वीतरागाय नमः ।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૭)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(સંપાદક : આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ )



-: પ્રકાશક :-

**શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર**

**સોનગઢ/વિશાખાપટનમ્**

પ્રથમ આવૃત્તિ

વિ.સં. ૨૦૬૯ | વીર સં. ૨૫૩૯ | ઈ.સ. ૨૦૧૩

-: **પ્રકાશન તિથિ** :-

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મશતાબ્દી પ્રસંગે

તા. ૨૨-૮-૨૦૧૩

## : પ્રાપ્તિસ્થાન :

✻ **Chetanbhai S. Khara**
C/o Melcom(Vizag) Pvt. Ltd.
2nd floor, Shree Maruti
Vinayagar Enclave
# 9-18-1, CBM Compound
**Visakhapatnam-530003 (A.P.)**
**Ph : 0891 2566522/23/24**
**cell : 09440878123**

✻ **અશ્વિનભાઈ એ. શાહ**
બી-૨૧, રૂસ્તમજી આદર્શ હેરીટેઝ,
ઓફ માર્વે રોડ, આદર્શ કોમ્પ્લેક્સ વિહાર
**મલાડ (વેસ્ટ)-મુંબઈ-૬૪**
મો. નં. : ૦૯૮૨૦૧ ૨૪૩૭૮

✻ **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨

✻ **ચિંતન જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૮૨૨૮૩૩૧૪૩

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્‌ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્‌ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્‌ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા તથા સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી–પરિવારે પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૬ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે.

સ્વ. શ્રી શશીભાઈ ખારા (વિશાખાપટ્ટનમ્-અમરેલી)ના સ્મરણાર્થે શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા-પરિવારને અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૭' સીડી સહિત પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર



પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી
સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય
અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ–૭ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ–વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય–ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ–તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. “સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે”–એ “ક્રમબદ્ધપર્યાય”ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ “ક્રમબદ્ધપર્યાય” શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

“તું પરમાત્મા છો–એમ નક્કી કર ! તું પરમાત્મા છો–એમ નક્કી કર !”–એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# *  શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ  *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો^! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો^! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના^!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર^! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર^! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ^! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી^! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ^! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી^!

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ-૭)


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નિયમસાર | ૧૫૯ | ૧૮-૦૭-૮૦ | ૧૮૫ | ૧ |
| ૨. | શ્રી સમયસાર | ૨૭૨ | ૧૯-૧૦-૭૯ | ૩૩૪ | ૧૨ |
| ૩. | શ્રી કળશટીકા | ૨૭૧-૨૭૨ | ૦૬-૦૧-૬૬ | ૨૭૨ | ૨૪ |
| ૪. | શ્રી કળશટીકા | ૧૭૩ | ૨૩-૧૨-૭૭ | ૧૮૩ | ૩૮ |
| ૫. | શ્રી નિયમસાર | ૪૧/૫૮-૫૯ | ૧૭-૦૯-૬૯ | ૮ | ૫૧ |
| ૬. | શ્રી સમયસાર | ૬ | ૦૫-૧૨-૭૧ | ૩૦ | ૬૬ |
| ૭. | શ્રી સમયસાર | ૭ | ૨૨-૦૭-૬૧ | ૧૫ | ૭૭ |
| ૮. | શ્રી નિયમસાર | ૧૧૦/૧૫૬-૧૫૯ | ૧૨-૪-૫૫ | Z409R261 | ૯૦ |
| ૯. | શ્રી કળશટીકા | ૧૪૦ | ૦૯-૧૧-૭૭ | ૧૪૪ | ૧૦૫ |
| ૧૦. | શ્રી સમયસાર | ૭૫ | ૧૩-૧૦-૬૧ | ૧૦૨ | ૧૧૮ |
| ૧૧. | શ્રી સમયસાર/ શ્રી કળશટીકા | ૨૭૧ | ૨૯-૦૯-૭૭ | ૪૬૩ | ૧૩૨ |
| ૧૨. | શ્રી સમયસાર | ૨૭૧ | ૧૩-૦૧-૭૧ | ૫૭૫ | ૧૪૪ |
| ૧૩. | શ્રી સમયસાર | ૬ | ૨૭-૯-૭૩ | ૫૧૨ | ૧૫૭ |
| ૧૪. | શ્રી નિયમસાર | ૧૫/૨૬ | ૧૦-૩-૭૩ | ૨૭ | ૧૬૯ |
| ૧૫. | શ્રી નિયમસાર | ૧૫ | ૧૧-૦૩-૭૩ | ૨૮ | ૧૮૧ |
| ૧૬. | શ્રી સમયસાર | ૧૮૧-૧૮૩/૧૨૫ | ૧૯-૬-૭૯ | ૨૫૭ | ૧૯૨ |
| ૧૭. | શ્રી સમયસાર | ૧૮૧-૧૮૩ | ૨૦-૦૬-૭૯ | ૨૫૮ | ૨૦૫ |
| ૧૮. | શ્રી નિયમસાર | ૧૫૯/૨૭૧ | ૧૭-૦૭-૮૦ | ૧૮૪ | ૨૧૭ |
| ૧૯. | શ્રી નિયમસાર | ૪૮-૪૯ | ૨૫-૦૯-૬૯ | ૧૬ | ૨૨૮ |
| ૨૦. | શ્રી નિયમસાર | ૫૦ | ૨૭-૦૯-૬૯ | ૧૮ | ૨૪૨ |
| ૨૧. | શ્રી નિયમસાર | –/૧૨૯,૧૩૦ | ૧૧-૧૨-૭૯ | ૧૦૩ | ૨૫૬ |
| ૨૨. | શ્રી સમયસાર | ૨૭૧ | ૧૭-૦૨-૭૪ | ૬૨૯ | ૨૬૭ |
| ૨૩. | શ્રી સમયસાર | ૩૦૮-૩૧૧/૧૯૪ | ૨૭-૧૨-૭૯ | ૩૭૯ | ૨૭૬ |
| ૨૪. | શ્રી નિયમસાર | ૧૮૭/૩૦૬-૩૦૭ | ૧૬-૧૨-૭૧ | ૨૦૪ | ૨૮૯ |
| ૨૫. | શ્રી સમયસાર | –/૨૧૧,૨૧૨ | ૦૯-૦૬-૮૦ | ૪૦૬ | ૩૦૧ |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# મંગલિક

।। णमो लोए सव्व अरिहंताणम् ।।

।। णमो लोए सव्व सिद्धाणम् ।।

।। णमो लोए सव्व आयरियाणम् ।।

।। णमो लोए सव्व उवज्झायाणम् ।।

।। णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ।।

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे।।

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्।।

त्रिकाळ दिव्यध्वनि दातार....

ॐ

**શ્રી પરમાત્મને નમઃ**

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

**( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )**

**(ભાગ–૭)**

❖ ❖ ❖

**શ્રી નિયમસાર, ગાથા–૧૫૯, પ્રવચન નં. ૧૮૫**
**તા. ૧૮-૭-૧૯૮૦**
**[૧]**

'નિયમસાર' શુદ્ધોપયોગ અધિકાર. અહીં એ બતાવવું છે કે આત્મા પરનું તો કાંઈ કરી શકતો નથી. પોતામાં પોતાની પર્યાયમાં ઉલટપલટ પર્યાય કરી શકે છે, પરમાં તો કાંઈ કરી શકતો નથી. અને પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! ત્યાં સુધી આવ્યું. પરને જાણે છે એ પરમાં તન્મય થઈને જાણતો નથી. પરથી ભિન્ન રહીને જાણે છે. પોતાના અસ્તિત્વમાં સ્વ અને પરને જાણવાની તાકાત છે, તો પોતાના અસ્તિત્વમાં જ જાણે છે, પરના અસ્તિત્વથી અને અસ્તિત્વમાં જાણતો નથી. આહા..હા...! પરનું તો કરી શકતો નથી. નિશ્ચયમાં તો પોતાનો રાગ, એનો પણ કર્તા નથી. પર્યાયદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિમાં (પરને) કરે છે. આહા..હા...! સ્વભાવદૃષ્ટિમાં એનો કર્તા નથી. આહા..હા...! એવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતા સ્વ-પરને જાણવું સ્વતઃ પોતાથી થાય છે. એ વાત ચાલે છે. ફરીને લઈએ.

**'पराश्रितो व्यवहारः'** જેટલો પરાશ્રિત હોય એ બધાને વ્યવહાર કહે છે. **'એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન...'** આહા..હા...! **'પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં...'** નિમિત્તથી કથન છે. **'ઘાતિકર્મોના નાશ વડે...'** પોતાના ગુણમાં ઘાત કરવામાં નિમિત્ત છે. એ નિમિત્તને પણ પોતાના ગુણથી ઘાત કરીને... એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પરનો ઘાત કરવો એ પોતાના અધિકારની વાત નથી. એ પરમાણુની પર્યાય પોતાના પલટવાના કાળે પલટે છે. અહીંયાં રાગ-દ્વેષ ન કર્યો તો એણે પલટાવી, એણે કર્મનો નાશ કર્યો, એમ વ્યવહાર કહેવામાં આવે છે. ઓહો..હો...! અહીં સુધી વ્યવહાર. અહીં તો હજી બહારમાં આ કરવું... આ કરવું... આ કરવું... આહા..હા...! પરનું તો કાંઈ કરી શકતો નથી પણ પોતામાં રાગ છે એનો પણ પરમાર્થે કરતો નથી. પરમાર્થે તો એને જાણનાર પણ નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્વ-પરપ્રકાશક શક્તિ હોવાથી પોતાને જાણે છે, પરને જાણે છે એમ કહેવું એ વ્યવહારનય છે.

વ્યવહારનયથી ભગવાન **'ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી...'** ત્રિલોકવર્તી, ત્રિકાળવર્તી. આહા..હા...! ત્રણ લોકમાં વર્તનારા અને ત્રણ કાળમાં વર્તનારા **'સચરાચર...'** આહા..હા...! **'દ્રવ્ય-ગુણ-પર્યાયોને...'** દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ એની શક્તિ, પર્યાય નામ એની અવસ્થા. પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણવાની તાકાત છે. એક સમયમાં જાણે છે અને દેખે છે.

**'શુદ્ધનિશ્ચયથી...'** આહા..હા...! **'પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને, પરદ્રવ્યનાં ગ્રાહકત્વ,...'** પરદ્રવ્યના જાણનારા અને પરદ્રવ્યને દેખનારા. **'જ્ઞાયકત્વ વગેરેના...'** પરદ્રવ્યને દેખવું અથવા ગ્રહણ કરવું **'વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી...'** મૂળમાં છે નહિ. આહા..હા...! પરને ગ્રહણ કરવું, પરને જાણવું, પરને દેખવું... આહા..હા...! તે પોતાના મૂળ ધ્યાનમાં નથી.

**'તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ...'** ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય અને પર્યાય સાદિઅનંત. **'નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને,...'** આહા..હા...! નિજ કારણપરમાત્મા. ત્રિકાળી ચીજ, ધ્રુવ ચીજ. આહા..હા...! **'પોતે કાર્યપરમાત્મા હોવા છતાં...'** આહા..હા...! પોતાના સ્વરૂપમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન કાર્યરૂપ હોવા છતાં **'જાણે છે અને દેખે છે.'** પોતાને દેખે-જાણે છે. આહા..હા...! પૂર્ણ સ્વરૂપ થયું. પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું તો પણ પોતાને દેખે-જાણે છે. આહા..હા...! **'કઈ રીતે ? આ જ્ઞાનનો ધર્મ તો,...'** આ જ્ઞાનનો સ્વભાવ, જે જ્ઞાન પોતાનો સ્વભાવ, એનો સ્વભાવ–ધર્મ **'દીવાની માફક,..'** દીવાની પેઠે... પોતાનો જ્ઞાનનો સ્વભાવ **'દીવાની માફક,...'** આહા..હા...! **'સ્વ-પરપ્રકાશકપણું છે.'** જેમ દીપક પોતાને પ્રકાશે છે અને ઘટપટાદિ પદાર્થને પ્રકાશે છે, એમ આત્મા પોતાને–જ્ઞાન-દર્શનને જાણે છે. આહા..હા...! સ્વને જાણે છે. આહા..હા...!

**'ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ–દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં...'** ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો કથંચિત્ ભિન્ન હોવા છતાં, પર પ્રકાશનારી ચીજથી દીપક કથંચિત્ ભિન્ન છે. **'ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ...'** આહા..હા...! **'દીવો (કથંચિત્) ભિન્ન...'** પોતામાં ભિન્ન છે. પોતાને જાણે છે અને જાણનાર એમ કથંચિત્ ભિન્ન છે. આહા..હા...! પોતાને જાણે છે અને જાણનાર પણ પોતે. એ પણ કથંચિત્ ભિન્ન છે. આહા..હા...! પર ચીજની વાત તો ક્યાં કરવી? પર ચીજ તો ભિન્ન જ છે. આહા..હા...! પરચીજની સાથે તો કોઈ સંબંધ નથી, સ્પર્શ નથી. પરની ચીજ સાથે સ્પર્શ નહિ, સ્વદેશ નહિ. આહા..હા...! પોતાની ચીજમાં પણ દીવો જેમ પ્રમિતિ અને પ્રમાણ, પોતે પોતાને જાણે અને જાણવાયોગ્ય (પદાર્થને જાણે) એમ કથંચિત્ ભિન્ન પડે છે. આહા..હા...! **'ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી...'** દીપકનો પ્રકાશ સ્વયં છે. આહા..હા...! **'સ્વ અને પરને પ્રકાશે છે;...'** આહા..હા...! દીવો પોતામાં રહીને **'સ્વ અને પરને પ્રકાશે છે;...'**

**'આત્મા પણ...'** થોડી ઝીણી વાત છે. **'જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને...'** આહા..હા...! **'પ્રકાશસ્વરૂપ હોવાથી...'** ચૈતન્યનો પ્રકાશ સ્વભાવ, જાણવાનો સ્વભાવ, આવો હોવા છતા પણ... આહા..હા...! **'આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને...'** આહા..હા...! ઝીણી વાત બહુ. પોતાનો પ્રકાશ સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવા છતાં પરને વ્યવહારથી જાણે-દેખે છે.

**'ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.'** વ્યવહારથી. પોતાને અને પરને જાણવું એ વ્યવહાર થયો. પોતાને પણ જાણે અને પરને પણ જાણે, એ વ્યવહાર થયો. સમજાય છે આ ? ઝીણી વાત બહુ. આહા..હા...! ચૈનત્યજ્યોત... દીવો જેમ પોતામાં રહીને પોતાને પ્રકાશે છે અને ઘટપટને પ્રકાશે છે. એ પોતામાં રહીને એ વ્યવહાર થયો. એમ જ્યોતિરૂપ ચૈતન્ય આત્મા પોતાને જાણે છે અને ત્રિલોક અને ત્રિકાળને, જે પોતાથી ભિન્ન છે, એને વ્યવહારથી જાણે છે. આહા..હા...!

**શ્રોતા :–** પરને તો વ્યવહારથી જાણે છે અને પોતાને નિશ્ચયથી જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાને નિશ્ચયથી. વ્યવહાર થઈ ગયો ને? પરવસ્તુ એ વ્યવહાર, સ્વવસ્તુ એ નિશ્ચય. સ્વને જાણવું એ નિશ્ચય, પરને જાણવું એ વ્યવહાર છે. આહા..હા...! પરને પોતાનું માનવું એ તો મિથ્યાત્વ છે. આહા..હા...! અને પોતાના સ્વભાવમાં પરથી કાંઈ થઈ શકે છે, મારામાં પરથી થાય છે એ પણ મિથ્યાભ્રાંતિ છે. પોતાની જાણવાની તાકાત પોતામાં છે. એ ત્રિકાળ અને ત્રિલોકને જાણે, આહા..હા...! એ પણ વ્યવહાર કહેવાય છે. ઓહો..હો..! અહીં સુધી ક્યાં જાય? હજી તો અહીં પરનું કરવું છે. આખો દિ' પરનું કરવું, મદદ કરવી, સહાય કરવી, પરના કાર્ય કરવા, એ વિના શી રીતે રળી શકાય ? બાર મહિને ૨૫-૫૦ હજારનો ખર્ચ હોય. એ બધું રળવું, દુકાન ચલાવવી, આ કરવું... આ કરવું... તો એ બધું થાય ને ? આહા..હા...! કંઈ થતું નથી. એ ૨૫-

૫૦ હજાર આવવા કે ન આવવા એ પરમાણુની પર્યાયની તાકાત છે. અને ગુજરાતીમાં એમ પણ કહેવાય છે ને ! હિન્દીમાં છે. દાણે દાણે ખાનારનું નામ છે, ખાનારનું નામ છે ! પણ એ ચીજ આવવાની છે તે આવશે, એક પરમાણુનો ફેરફાર નહિ થાય. જેટલા પરમાણુ, જેટલી પર્યાયમાં આવવાના હશે એ આવશે અને નહિ આવવાના નહિ આવે. આત્મા એ લાવી શકે કે ઘટાડી શકે કે ફેરફાર કરી શકે (એમ નથી.) આહા..હા...! દાળ, ભાત, રોટલી ખાવામાં ઓછી ખાવી અને વધારે ખાવી એ આત્મા નથી કરી શકતો. એમ કહે છે.

**શ્રોતા** :– ચાવીને તો ખાવું જોઈએને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ચાવી શકે નહિ. આત્મા પરને ચાવી શકતો નથી. પરને અડતો નથી. આહા..હા...! દુનિયામાં તો એમ કહેવાય છે કે પેટમાં કાંઈ દાંત નથી માટે બરાબર ચાવીને ખાવું કે જેથી અંદર જઈને પચે. આહા..હા...! બધું ખોટું છે. એક પરમાણુને દબાવી શકે કે અડી શકે એમ નથી. આહા..હા...! આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળી સર્વજ્ઞ પરમાત્મા.. જાણ્યું બધું. કહે છે કે એ સર્વને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...!

**શ્રોતા** :– પરને જાણે એ વ્યવહાર ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પર થયું ને? જેમાં તન્મય થઈને નથી જાણતો એ વ્યવહાર છે. શરીરને આત્મા તન્મય થઈને નથી જાણતો. આત્મા અરૂપી, શરીર રૂપી. આહા..હા...! દાળ, ભાત, રોટલી રૂપી–જડ, આત્મા ચૈતન્ય. એ ચૈતન્ય પરને સ્પર્શીને ખાઈ-પીવે છે એમ છે નહિ. આવી વાત. પરથી તો બિલકુલ પાંગળો છે. પોતામાં પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે. પર માટે તો પાંગળા છે.

**શ્રોતા** :– પરમાત્મા તો સર્વ શક્તિમાન કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ પોતાની શક્તિમાં. પોતાની શક્તિ પોતામાં. એ પ્રશ્ન પણ ઊઠ્યો છે કે આત્મામાં અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હોવી જોઈએ, લાવો તો શું વાંધો છે ? પરનું કરી શકે એવી એક શક્તિ હોય તો શું વાંધો છે ? એ પણ પ્રશ્ન ઊઠ્યો છે. અનંત શક્તિઓ છે તો એમાં પોતાને જાણે છે એમ પરને પણ જાણે છે, પરને કરી શકે છે એવી શક્તિ કેમ નથી? એવી શક્તિ નથી. આહા..હા...! પોતાના સ્વરૂપમાં પરનો કર્તા તો નથી, રાગનો કર્તા નથી પણ રાગને અને પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! જાણવું એ વ્યવહાર છે, કરવાનું તો છે જ નહિ. આહા..હા...! આવો માર્ગ કોને રુચે? આખો દિ' કામ કરવું હોય. અંદરથી ભિન્ન પડીને મડદું થઈ જાય. પરને માટે તો મડદું થઈ જાય ત્યારે થાય. આહા..હા...!

**'આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ..'** આહા..હા...! ત્રણ કાળને જાણે એ પણ વ્યવહાર છે. આહા..હા...! વસ્તુને જાણે એ તો વ્યવહાર છે, પણ ત્રણ કાળને જાણે એ પણ વ્યવહાર છે. કેમ કે પરચીજ છે. આત્મા પોતાને પોતામાં જાણે છે એ પણ એક ભેદ છે, વ્યવહાર છે. એ પહેલાં આવી ગયું. આત્મા આત્માને જાણે એ પણ વ્યવહાર છે. એ

તો જ્ઞાયક જ્ઞાયક જ છે, બસ. આહા..હા...! એ પહેલાં આવી ગયું છે. સમજાણું કાંઈ ? પરનો કર્તા નથી, પરનો જાણનાર નથી, પોતામાં પોતાને જાણે, જ્ઞાયક જ્ઞાયકને જાણે એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર પણ અભૂતાર્થ છે. જ્ઞાયક જ્ઞાયક છે, જાણનાર જાણનાર છે. બસ. કોને જાણે છે એ પ્રશ્ન નથી. જાણનાર છે. આહા..હા...! પોતાને જાણે છે એ પણ વ્યવહાર છે. અરે..રે..! 'સમયસાર'માં પહેલાં આવી ગયું છે. આવી વાત બેસવી. વ્યવહાર, ક્રિયાકાંડમાં આખો દિ' રચ્યાપચ્યા પડ્યા હોય. એક તો દુકાનમાં આખો દિ' રચ્યાપચ્યા હોય. એમાં થોડો વખત લઈને સાંજે સામાયિક કરવી. એકાદ સવારમાં ઊઠીને કરવી. એ ... થઈ ગઈ સામાયિક, થઈ ગયો ધર્મ. લ્યો. અરે..! ભાઈ! એ ધર્મ નથી. આહા..હા...!

પોતાની ચીજ પરને અડતી નથી, તો પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. શું કહ્યું ? પોતાની ચીજ પરને અડતી નથી, તો પરને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! પોતામાં ભેદ પાડવો કે જ્ઞાન આત્માને જાણે, એ પણ વ્યવહાર છે. એ સદ્‌ભૂત વ્યવહાર છે. પરને જાણે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહાર છે. આહા..હા...! આવો ધર્મનો ઉપદેશ. આખો દિ' આ કરવું-કરવું ચાલે એમાં કંઈક જાણવામાં પણ તું તને જાણે છો. આહા..હા...! જાણનારો જાણનારને જાણે એવો ભેદ પણ વ્યવહાર છે. આહા..હા...! પરને જાણે એ તો વ્યવહાર છે જ કેમ કે પરને કદી અડતો નથી અને કદી એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી. આહા..હા...! અને એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આહા..હા...! વીંછી કરડે છે તો કહે છે, વીંછીએ શરીરને સ્પર્શ કર્યો નથી. સર્પ કરડે તો સર્પે શરીરનો સ્પર્શ નથી કર્યો. આહા..હા...! હવે અહીં આટલે બધે જાવું. નવરાશ ક્યાં?

**શ્રોતા** :- ઝેર તો ચડી જાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઝેર ચડે છે એ તો પોતાના પરમાણુમાંથી.

**શ્રોતા** :- પરમાણુ પરમાણુને સ્થાને આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પોતાના પરમાણુને કારણે. એવી આકરી ચીજ છે. અનંત પરમાણુ છે. પોતામાં જે પર્યાય થવાની હોય તે થાય તો એ નિમિત્ત છે. નિમિત્તથી કાંઈ થયું નથી. આહા..હા...! આકરી વાત છે. દુનિયાથી જુદી જાત છે. સત્યને સત્યમાં રાખવું જોઈએ. સત્યને અસત્ય કરવાથી તને લાભ નહિ થાય. આહા..હા...!

... સ્વરૂપ ભગવાનઆત્મા જાણન-દેખન સ્વભાવ એ પરને જાણે-દેખે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે પરમાં તન્મય થઈને જાણતો નથી, પરને સ્પર્શીને જાણતો નથી, પરમાં પ્રવેશીને જાણતો નથી. પોતામાં પોતાને પ્રવેશીને જાણે છે. આહા..હા...! આવો વ્યવહાધર્મ ! અહીં તો કહે કે એકેન્દ્રિયની દયા પાળો, બેઇન્દ્રિયની દયા પાળો,, તત્ મિચ્છામિદુક્કડમ કરો પાપ લાગ્યું હોય તો. આહા..હા...! તત્‌સુત્રી... કાયોત્સર્ગ કરો આમ કહે. અહીં કહે છે, શરીરને હલાવી શકે નહિ તો કરી શું શકે?

કાયોત્સર્ગ તો એને કહીએ, રાગરૂપી પરિણામને અડવું નહિ અને પોતાના આનંદમાં રહેવું એ કાયોત્સર્ગ છે. આહા..હા...! ક્યાં બહાર ચીજ અને ક્યાં અંતરની ચીજ ! બહુ ફેર થઈ ગયો. એ કહે છે.

**'પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.'** આહા..હા...! **'વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.'** છે છેલ્લી લીટી ? **'૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–...'** આહા..હા...! નીચે ભાઈએ લખ્યું છે. ટીકામાં કાંઈક અશુદ્ધિ છે. **'વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.'** એ શ્લોકનો અર્થ છે. આહા..હા...! **'વસ્તુનો યથાર્થ નિર્ણય...'** જેવી ચીજ છે એવો નિર્ણય થવો એનું નામ સમ્યગ્જ્ઞાન છે. ભગવાને કાંઈ બનાવ્યું નથી, ભગવાને કાંઈ કર્યું નથી. વાણી પણ ભગવાને કરી નથી. આહા..હા...! વાણી પણ વાણીને કારણે નીકળે છે. ભગવાને જાણ્યું છે તો સ્વ-પરપ્રકાશક પોતાની શક્તિ છે. વાણીમાં સ્વ-પર કહેવાની શક્તિ છે. એ વાણી વાણીથી નીકળે છે, ભગવાનના મુખને કારણે નહિ.

હમણા છાપામાં એની ચર્ચા ચાલી હતી. કોઈ કહે કહે કે ભગવાનના મુખારવિંદથી વાણી નીકળે છે. મુખારવિંદ ભાષા બધે ઠેકાણે આપે છે. આ શબ્દ ઘણે ઠેકાણે આવે છે. મુખારવિંદથી વાણી નીકળે છે. મોટી ચર્ચા ચાલી હતી, હમણા લખાણ આવે છે. અને કોઈ કહે, ભાઈ! વાણી મુખારવિંદથી નહિ, આખા શરીરમાંથી નીકળે છે. ભગવાનને વાણી નીકળે છે એ આખા શરીરમાંથી નીકળે છે. ૐ ધ્વનિ છૂટે છે. એ સત્ય છે. આહા..હા...! પોતાથી નીકળે છે, પરથી નીકળતી નથી. આહા..હા...!

વાણી પણ પોતાના કારણે નીકળે છે. ભગવાન તો વાણીમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ, વાણીને નિમિત્ત કંઈ કરતું નથી. વાણીને જ્ઞાન અડતું પણ નથી. કેવળજ્ઞાનીનું જ્ઞાન, આહા..હા...! એ વાણીને સ્પર્શતું પણ નથી. ભગવાન વાણીને કહેનાર છે એ તો વ્યવહારનું કથન છે. ઓહો..હો...! ભેદજ્ઞાન ઝીણી વાત છે, ભાઈ ! પદાર્થને જેવો છે એવો ભિન્ન, ભિન્નરૂપ જેમ પદાર્થ રહે છે, જાણનાર પરને જાણે છતાં ભિન્નરૂપ રહે છે, એ માટે પરને જાણવું એ વ્યવહાર કહેવામાં આવે છે. પરને જાણવાના કાળે આત્મા પોતાનું જ્ઞાન પરમાં તન્મય નથી કરતો, પરને અડતું નથી. ચુંબતું નથી. આહા..હા...! તો પરને જાણવું એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી પોતાને જાણે છે એ પણ સદ્ભૂત વ્યવહાર છે, પેલો તો અસદ્ભૂત-ખોટો વ્યવહાર છે. આહા..હા...! આકરી વાતું.

આ બધી ભગવાનની વાણી અને શાસ્ત્ર બનાવ્યા એ માનવું કે નહિ? 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' નિમિત્ત નિમિત્તના કથન તો એવા આવે છે પણ એને સમજવું જોઈએ. નિમિત્ત વ્યવહારના કથન તો આવે છે. ભગવાનને આવો અતિશય હતો. અતિશય તો અતિશયમાં છે, ભગવાન ભગવાનમાં છે. આહા..હા...! બહુ વાત ઝીણી. ભગવાન દિવ્યધ્વનિથી બોલતા હતા, ૐકારથી બોલતા હતા એ પણ વ્યવહાર છે. ૐ ૐકારથી સ્વતંત્ર નીકળે છે. આત્મા સ્વતંત્ર પોતામાં જ્ઞાનમાં જાણે છે. બસ. આહા..હા...! આટલે

બધે (પહોંચવું).

હજી આ હાથને હલાવી શકે નહિ, એને આમ કરી શકે નહિ. આંગળીથી આમ થયું જ નથી. એ એની પર્યાય થવાની હતી તે થયું એને અહીં નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત હતું માટે એમ થયું એમ નથી. આહા..હા...! વીતરાગની વાણી આકરી ઘણી. દરેક વસ્તુ જેવી છે એવી જાણી અને જાણીને વાણીમાં પ્રકાશ કરવાનો પ્રકાર થયો. આહા..હા...! એથી વાણીને પણ વ્યવહારથી (પૂજ્ય કહેવામાં આવી છે). 'સમયસાર'માં એ આવ્યું છે. વ્યવહાર વ્યવહારથી પૂજ્ય કહેવામાં આવે છે. આહા..હા...! આત્મા બોલી શકે નહિ. બોલ બોલે છે એને જાણી શકે નહિ. આહા..હા...! કેમ કે ભાષા પર છે, આત્મા પર છે. પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! હવે જાણે છે કે નથી જાણતો, બેને નક્કી તો કરો કે નહિ ?

**શ્રોતા :–** જ્ઞાનને જાણે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ જાણે ? પ્રભુ પોતાને જાણે છે. વ્યવહારથી (પર) જણાય છે. પોતાની પર્યાયમાં એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી પોતાને કારણે પ્રગટ થયું છે. એ ચીજ છે, તો એ ચીજની અસ્તિથી અહીં પ્રગટ થયું છે એમ નથી. આહા..હા...! એ પરચીજનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે, પોતાનો જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી. આહા..હા...! અહીં સુધી લઈ જવું.

**'વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.'** શ્લોકનો અર્થ. છે ? શ્લોક છે ? શ્લોકનો અર્થ. પહેલો શ્લોક છે ને ? **'તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક,...'** એ સમ્યગ્જ્ઞાન દીવાની પેઠે **'સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયાત્મક છે...'** જાણનાર છે. આહા..હા...! **'તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** આહા..હા...! જાણવાની ક્રિયા... આહા..હા...! કથંચિત્ ચૈતન્યદ્રવ્યથી ભિન્ન છે. આહા..હા...! પ્રમિતિ જે જાણવાની ક્રિયા થાય છે, તો જાણવાની ક્રિયા તો એક સમયની છે, વસ્તુ ત્રિકાળી છે. ત્રિકાળીમાં એ પર્યાયનો પ્રવેશ નથી અને એ પર્યાયની ઉત્પત્તિ પોતાથી થઈ છે, દ્રવ્યથી પણ નહિ. આહા..હા...! બધી વાતું આવી હવે લખવા જાય કે દિ' ? યાદ રાખવું કે દિ' ? સંપ્રદાયમાં તો બહારની વાત. એકેન્દ્રિય કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. એ કરતાં કરતાં (ધર્મ થઈ જશે), હું એ ક્રિયા કરું છું એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા...! હું પથરણા પાથરું છું, હું ણમો અરિહંતાણં બોલું છું, આહા..હા...! બધું મિથ્યાત્વ છે. ગજબ વાત છે, પ્રભુ! કેટલાકે તો કદી સાંભળી નથી એવી વાત છે. આહા..હા...!

અહીં તો કહે છે, **'પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** પોતાની જાણવાની પર્યાયથી પણ દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે. પર્યાય તો એક સમય રહે છે અને દ્રવ્ય તો ત્રિકાળ છે. આહા..હા...!

**શ્રોતા :–** આ તો કથંચિત્ અભિન્ન પણ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કથંચિત્ અભેદ... એની પર્યાય છે ને એ અપેક્ષાએ. પણ પર્યાય અને દ્રવ્ય એક નથી. આહા..હા...! પર્યાયની એક સમયની મુદ્દત અને દ્રવ્યની ત્રિકાળ મુદ્દત.

આહા..હા...! પોતાની જાણવાની શક્તિ પર્યાયમાં થઈ એ જાણવાની શક્તિ પરથી તો નથી, પરને તો નથી જાણતી, પણ જાણવાની શક્તિ દ્રવ્યની છે એ કથંચિત્ ભિન્ન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જાણનાર પર અને સ્વ દ્રવ્યને જાણે છે. પૂર્ણ સ્વરૂપ ભગવાનને જાણે છે. પણ પરને જાણવું એ પરને અડતું નથી, ઉપયોગ પર તરફ ગયો નથી. પોતાનો ઉપયોગ તો સ્વ તરફ છે, ભગવાનનો ઉપયોગ તો સ્વ તરફ છે, પરમાં ઉપયોગ નથી, અને સ્વ તરફના ઉપયોગમાં પરનું જ્ઞાન આવી ગયું. આહા..હા...! એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! આવું ઝીણું ! એ છેલ્લો અધિકાર ઝીણો છે. સવારમાં આવ્યું હતું ને પ્રકૃતિ ને એ ઝીણું હતું. પ્રકૃતિ પૂર્વે બાંધેલી બધાને સરખી ન હોય. જેણે જેટલી જે પ્રકૃતિ હોય... બંધાયેલી હોય એ ઉદયમાં આવે એનો આત્મા ભોક્તા નથી. આહા..હા...! અહીં તો ખાવું, પીવું, ઓઢવું, પહેરવું બધી ક્રિયા હું કરી શકું છું (હજી તો એમ માને છે). આહા..હા...!

વાત એ છે કે તું છો કોણ ? તું છો કોણ ? અને તારામાં છે શું ? તું આત્મા છો અને તારામાં જ્ઞાન છે. તું આત્મા છો અને આત્મામાં જ્ઞાન છે. તો એ જ્ઞાન જાણે એ પોતાને જાણે એ નિશ્ચય કેમકે પોતામાં તન્મય છે. પણ એ પણ ભેદ પડ્યો કે મેં મને જાણ્યો એવો ભેદ છે. જ્ઞાયક તો જ્ઞાયક છે. એ પહેલાં આવી ગયું. જ્ઞાયક જ્ઞાયક જ છે. જ્ઞાયક પોતાને જાણે, પરને જાણે એમ નહિ, જ્ઞાયક જ્ઞાયક જ છે. આહા..હા...! હવે એને પરની દયા પાળવાનું કહેવું, સત્ય બોલવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું, શરીરથી. શરીરને અટકાવી રાખવું બ્રહ્મચર્યમાં. આ ક્રિયા જડની છે એ પોતાથી અટકે છે ? પોતાથી થાય છે ? પોતાથી થાય છે તો પોતાથી અટકી છે ? વાત આવી છે, બાપુ ! ભગવાનનો માર્ગ બહુ ખુલ્લો કરવા જાય તો બહુ ઝીણો છે. આહા..હા...!

એક એક પરમાણુમાં, એક આત્મામાં અનંત ગુણ, એ અનંત ગુણ કહેવું એ પણ ભેદ છે. ગુણ-ગુણીનો ભેદ પાડવો એ પણ વ્યવહાર છે. આહા..હા...! અરે..! ગુણ-ગુણીનો ભેદ પાડીને રહેવું એ પણ વિકલ્પ છે. આહા..હા...! હું જ્ઞાયક છું એમ કહેવું અને એ વિકલ્પમાં રહેવું એ પણ વિકલ્પ છે. આહા..હા...! પછી હું ગુણી છું અને આ ગુણ છે એ પણ વિકલ્પ છે. પછી આ દ્રવ્ય છે અને ગુણ ને પર્યાય ત્રણ છે એ પણ વિકલ્પ છે, રાગ છે. આહા..હા...!

અહીં તો જાણનાર જાણે છે, પોતાની પ્રમિતિને જાણે છે એ પણ ભેદ–વ્યવહાર છે. આહા..હા...! છે ને અંદર ? **'પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** જાણવાની પર્યાયથી તો ભિન્ન છે પણ પોતાનો આત્મા કથંચિત્ ભિન્ન છે. આહા..હા...! અહીં તો પર પદાર્થમાં લીધું છે. **'દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** દીવાનો પ્રકાશ, દીવો અને એનો પ્રકાશ. પ્રકાશે છે એ પણ એટલામાં ભિન્ન થઈ ગયું, એ પણ એક સદ્ભુત વ્યવહાર છે. આહા..હા...! દીવો પરને પ્રકાશે છે એ તો અસદ્ભૂત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે. આહા..હા...!

એમ આત્મા પરને જાણે છે એ અસદ્દ્ભૂત વ્યવહાર, જૂઠો વ્યવહાર છે. આત્મા પોતાની પર્યાયને જાણે છે એ પણ અસદ્દ્ભૂત વ્યવહાર છે. આહા..હા...! હવે અહીં વાત ... નવરાશ ન મળે. આવો વખત મૃત્યુની સમીપ ચાલ્યો જાય છે. દેહ છૂટવાની જે મુદ્દત છે એ સમય ફરે એવો નથી. લાખ ઇન્દ્ર ઉતરે, કોઈ દવા-ઇંજેક્શન લગાવે, 'અમેરિકા' લઈ જાય, ફલાણે લઈ જાય. લઈ જાય છે ને ? ફલાણી દવા માટે 'અમેરિકા' લઈ જાય, 'ઈંગ્લેન્ડ' લઈ જાય, 'લંડન' લઈ જાય. આહા..હા...! લાખ લઈ જાય. જે પર્યાય જે કાળે જે થવાની તે થવાની. તેને ફેરફાર કરવા ઇન્દ્ર, નરેન્દ્ર અને જિનેન્દ્ર સમર્થ નથી. આહા..હા...! આવી વાત વીતરાગ સિવાય બીજે સાંભળવા મળે નહિ. વીતરાગ પરમાત્મા સિવાય (ક્યાંય નથી).

પાગલ જેવું લાગે. પ્રત્યક્ષ કરીએ છીએ ને... એ કીધું ને ? તે દિ' વાત (થઈ હતી). 'ચીમન ચકુ' કહે, આ લ્યો (આ હાથ આમ કર્યો). નથી કરી શકતા, નથી કરી શકતા ? અરે..! પ્રભુ! ધીમો થા. આમ કર્યું એમાં શું થયું ? અંદરમાં શું થયું ? આમાં શું થયું ? બે પદાર્થ ભિન્ન છે કે નહિ ? આ શરીર પદાર્થ ભિન્ન છે અને આત્મા અંદર ભિન્ન છે. તો આત્માની પર્યાય આત્મામાં થઈ છે, શરીરની પર્યાય શરીરમાં થઈ છે. 'બાબુભાઈ'! આમ કહે, મેં આમ કર્યું. લ્યો. પણ શું કર્યું તેં ? તું કોણ છો ? ક્યાં છો ? એ તો આત્મા છે. આત્મામાં તો પર્યાય થઈ. હું કરું, ભલે એવી પર્યાય થઈ. પણ એ પર્યાય આત્મામાં રહી અને આ થઈ એ તો એની (પુદ્ગલની) પર્યાયમાં થઈ. તો આત્માની પર્યાય એની પર્યાય કરે છે, એ બિલકુલ જૂઠ છે. આહા..હા...! એ તો મોટો વકીલ છે. (સંવત) ૧૯૯૭ની સાલની વાત છે, હોં ! ઘણો વખત થઈ ગયો, ૩૯ વર્ષ. મંદિર થતું હતું. ત્યારે હતા. આહા..હા...!

'હવે '**स्वाश्रितो निश्चयः**' છે ? '**(નિશ્ચય સ્વાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે જ.**' આહા..હા...! પોતામાં, હોં! અંદર પોતામાં. '**નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર.**' '**નિરંજન સ્વભાવમાં...**' લીનતા છે. એ ત્યાં પડ્યો છે પ્રભુ તું. '**નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે જ. (તે આ પ્રમાણે :) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા...**' શું કહ્યું સમજાણું ? પરની વાત નથી, હોં! નિશ્ચયનયથી સ્વપરપ્રકાશકપણું. એ શું કહ્યું ?-કે પોતાથી, પોતામાં નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક છે. પરને પ્રકાશે એ અત્યારે પ્રશ્ન નથી. નિશ્ચયથી પોતામાં, પોતાના કારણે સ્વ-પરપ્રકાશક જાણવું એ નિશ્ચયથી પોતામાં પોતાના કારણે છે, પરના કારણે નથી. આહા..હા...! આવી વાત ! શું કીધું ? ફરીને.

'**(નિશ્ચય સ્વાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે જ.**' શું કહ્યું ? જ્ઞાન તો પોતામાં જ રહે છે. સ્વ-પરપ્રકાશકપણું પણ પોતામાં જ છે. પરને લઈને પરપ્રકાશકપણું છે કે પરને જ્ઞાન સ્પર્શે છે માટે પરપ્રકાશક છે, એમ નથી. '**નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે જ.**' એ તો પોતાનું

સ્વતઃ સ્વરૂપ છે. આહા..હા...! એ નિશ્ચયથી, હોં! સ્વ-પરપ્રકાશક. એ તો પરને જાણવું કહેવું એ વ્યવહાર છે. પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ તો નિશ્ચયથી પોતાનો જ છે. સમજાણું કાંઈ ? અહીં વ્યવહારને નિશ્ચય કહ્યો છે. કેમ ?–કે **'નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ..'** વ્યવહાર તો ઠીક પરને જાણે એમ, પણ નિશ્ચયથી પણ **'સ્વ-પરપ્રકાશકપણું છે જ.'** પરનો પ્રકાશક એમ નહિ. અહીંયાં સ્વભાવ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશકપણું અંદર છે, એ પોતાનો સ્વભાવ પોતામાં છે. પરને પ્રકાશે છે માટે સ્વ-પરપ્રકાશક છે એમ નથી. આહા..હા...! આવું ઝીણું ક્યાં વાંચવા જાય. હીરા-માણેકના થોથા આડે નવરાશ ક્યાં છે ? 'કાંતિભાઈ'ને ...

**શ્રોતા :–** જ્ઞાનગુણ બીજા ગુણનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાન, જ્ઞાન પોતે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી છે. પરને પ્રકાશે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ આનો સ્વભાવ નિશ્ચયથી, સ્વ-પરપ્રકાશક નિશ્ચય સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? પરને જાણવું એ અત્યારે નથી. અહીંયા તો આત્માનો સ્વભાવ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી છે. એ પરને પ્રકાશે છે માટે પરપ્રકાશક નથી. એ પરપ્રકાશ અને સ્વપ્રકાશક પોતાનો સ્વભાવ જ છે. આહા..હા...! સમજાય છે ? 'વાડીભાઈ' !

એક કોર એમ કહેવું કે પરને પ્રકાશે છે એ વ્યવહાર છે. એ બીજી વાત. એ તો પરને પ્રકાશે પણ અડતો નહિ. પણ આ નિશ્ચય તો સ્વ-પરપ્રકાશક નિશ્ચય તો સ્વતઃ સ્વભાવ છે. પરને લઈને નહિ, પરને પ્રકાશે છે માટે નહિ. સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી પોતાનો સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત ક્યાં ? પ્રભુ ત્રિલોકનાથ જિનવરદેવની...

વળી નિશ્ચયથી, **'નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...'** શું કહે છે ? કે પરપ્રકાશની પર્યાય કાંઈ પરમાં લીન નથી. સમજાણું કાંઈ ? પરપ્રકાશની અને સ્વપ્રકાશની પર્યાય પરમાં લીન નથી. એ સ્વ-પરપ્રકાશકની પર્યાય પોતામાં લીન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ફરીથી, **'(જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...'** જ્ઞાન જ્ઞાનમાં લીન છે અને જ્ઞાનનો સ્વભાવ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક છે. પરને પ્રકાશે એ અત્યારે વાત નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! નિશ્ચય પરને પ્રકાશે તે જ્ઞાન આત્મામાં પોતાથી પોતામાં લીન છે. એ જ્ઞાન કોઈ પરને પ્રકાશે છે માટે પરમાં જાય એમ નથી. આહા..હા...! ઝીણી વાત છે.

જ્ઞાન તો અહીંયા છે અને પરપ્રકાશક કહેવું, પરને પ્રકાશક કહેવું એ વ્યવહાર છે. પણ પરપ્રકાશની પર્યાય પોતામાં લીન છે. એ પરપ્રકાશની પર્યાય પરથી ઉત્પન્ન નથી થઈ અને પરમાં છે નહિ. સમજાણું કાંઈ ? આ લાકડીને જાણવું, એમાં આ લાકડીને જાણવું એ વ્યવહાર, પણ લાકડી સંબંધીનું જ્ઞાન આવ્યું એ જ્ઞાન તો આત્મામાં લીન છે. એ તો નિશ્ચયથી સ્વ-પરપ્રકાશ નિશ્ચયથી પોતે પોતાનો સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એક કોર કહેવું કે સ્વ-પરપ્રકાશક વ્યવહાર છે, બીજી કોર કહેવું સ્વ-પરપ્રકાશક એ પોતાની લીનતા (પોતામાં છે), પરને કારણે નથી. એ પોતાનો સ્વભાવ

છે માટે નિશ્ચયપક્ષ છે. આહા..હા...! આવી વાત છે. જુવાનીયાઓને સમજાય છે કે નહિ ?

**શ્રોતા** :- જુવાનીયાને તો જલ્દી સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવી વાત જિંદગીમાં (સાંભળી) ન હોય.

કહે છે... બે વાત. એક. જ્ઞાન પોતાનું અને એ જ્ઞાન પરને જાણે એમ કહેવું એ વ્યવહાર. તો નિશ્ચય અને વ્યવહાર એમ થયું. પણ પરને જાણનારું જ્ઞાન પરમાં લીન નથી, એ તો પોતામાં છે. નિશ્ચય અને વ્યવહાર બેય પોતામાં છે. સમજાણું કાંઈ ? માટે નિશ્ચયથી... આહા..હા...! પર સંબંધી જ્ઞાન અને પોતા સંબંધી જ્ઞાન, એમાં આત્મા લીન છે, પરમાં લીન નથી. પરને જાણે છે તો પરમાં લીન નથી. પરને જાણવાની શક્તિની લીનતા તો પોતામાં છે. આહા..હા...! એ માટે તેને '**નિશ્ચયનયપક્ષે પણ...**' શું કીધું ? એ તો કહ્યું કે વ્યવહારથી પરને જાણે એ તો ઠીક, પણ નિશ્ચયથી પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ લીનતા પોતામાં છે. આહા..હા...! પણ કહ્યું ને ? પણ. પરની અપેક્ષા લઈને પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે, પણ સ્વ-પર જાણવાની શક્તિ છે એ પોતામાં લીન છે. એ પરપ્રકાશક શક્તિ કાંઈ પરમાં લીન નથી. આહા..હા...! વિશેષ કહેશે...

✲

*** ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે તે શુભાશુભભાવરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત-અપ્રમત્તરૂપે નથી. કેમ કે શુભાશુભરૂપે થાય તો પ્રમત્ત થાય અને પ્રમત્તનો અભાવ થાય તો અપ્રમત્ત થાય પણ જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત-અપ્રમત્તરૂ નથી. શુભાશુભ ભાવ તે પર્યાયમાં છે ખરા પણ તે જડ છે. જડ એટલે રૂપી પુદ્‌ગલ નહીં પણ અજાગૃત હોવાથી જડ છે. ચૈતન્ય ઝળહળ જ્યોતિરૂપ જે જ્ઞાયકભાવ છે તે કદી પુણ્ય-પાપરૂપે થયો નથી તેથી આત્માનો અનુભવ કરતા તે ટળી જશે. પુણ્ય-પાપ ભાવનું લક્ષ છોડી અમે શુદ્ધાત્માનો અનુભવ કરીએ છીએ એમ તું પણ પુણ્ય-પાપભાવનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ, તને પણ પર્યાયમાં આનંદનું વેદન આવશે. પુણ્ય-પાપભાવ ચૈતન્યની સત્તામાં અભાવરૂપ છે તેથી જ્ઞાયકભાવ જડભાવરૂપ કદી થયો નથી. શુભાશુભભાવે જ્ઞાયકભાવ કદી પરિણમતો નથી. શુભાશુભરૂપે તું કદી થયો નથી, તેથી તેનું લક્ષ છોડતાં શુદ્ધાત્માનો અનુભવ કરી શકીશ. ૪૧૧.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા–૨૭૨
## પ્રવચન નં. ૩૩૪, તા. ૧૯-૧૦-૧૯૭૯
## [૨]

'સમયસાર' ૨૭૨ ગાથા. કળશ થઈ ગયો છે.

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।**
**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।**
**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨**

**ટીકા :– 'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...'** સ્વ-આશ્રિત છે ને? 'પ્રવચનસાર' ૧૮૯ ગાથામાં એમ કહ્યું કે 'શુદ્ધ દ્રવ્ય નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય' રાગ-વિકાર આત્માની પર્યાયમાં થાય છે તેથી તે જ્ઞેયનો અધિકાર છે તેથી તેનામાં શુદ્ધ દ્રવ્યના કથન અપેક્ષાએ નિશ્ચયનયથી રાગ અને વિકાર પર્યાયમાં પોતામાં છે. પર્યાય એની છે ને? જ્ઞેયનો અધિકાર છે ને? જ્ઞેયની પરિપૂર્ણતા, એનું પોતાનું સ્વરૂપ... વિકાર હોય તોપણ નિશ્ચયનયે પોતામાં જ છે. આહાહા..! ત્યાં શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચય, એમ કીધું. શુદ્ધનય નથી કીધી. શુદ્ધ દ્રવ્ય નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય અને અશુદ્ધનય સ્વરૂપ વ્યવહારનય. કર્મના નિમિત્તથી થાય એમ કહેવું એ અશુદ્ધનયરૂપ વ્યવહારનયનું કથન છે અને વિકાર પર્યાયમાં થાય એ સ્વ-આશ્રિત પોતામાં પોતાથી થાય છે તેથી તેને શુદ્ધ દ્રવ્ય નિરૂપણ નિશ્ચય કહ્યો. એ જ્ઞાનપ્રધાન કથનમાં જ્ઞેયની વ્યાખ્યા કરી.

અહીં દર્શનપ્રધાન કથનમાં (કહે છે). આહાહા..! સ્વ-આત્માશ્રિત નિશ્ચયનય. આત્માશ્રિત એટલે આ પર્યાય નહિ. અહીં તો ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વ એનું નામ સ્વ-આશ્રિત. આમ તો કહેશે, નિશ્ચયથી મુનિ મોક્ષને પ્રાપ્ત થાય. એનો અર્થ નિશ્ચયનયથી પ્રાપ્ત થાય એટલે નિશ્ચયનો વિષય જે ધ્રુવ જ્ઞાયકભાવ છે... આહાહા..! એને અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય અને તેના અવલંબે તે મુક્તિનો માર્ગ થાય. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! અનંતકાળથી એણે સ્વદ્રવ્યની ચૈતન્ય શક્તિનું સામર્થ્ય શું છે એની પ્રતીતિ કરી જ નથી.

અહીં આત્માશ્રિતનો અર્થ સ્વ-આશ્રિત કર્યો. ઓલો 'પરાશ્રિત' શબ્દ છે ને પછી ટીકામાં? પરાશ્રિત તો અહીં આત્માશ્રિત એટલે સ્વ-આશ્રિત. પોતાનું સ્વરૂપ જે છે પૂર્ણ આનંદ જ્ઞાયક ચૈતન્યસત્તા...

એ તો કાલે બપોરે કહ્યું હતું ને કે જેની પર્યાયમાં આ જણાય છે, જેના અસ્તિત્વમાં આ જણાય છે, એ જાણનારી પર્યાય છે એ તો પોતાના અસ્તિત્વમાં પોતામાં છે. એ જણાય છે એમ કહેવું એ તો વ્યવહારનું અસદ્‌ભુત વ્યવહારનું કથન છે. અસદ્‌ભુત વ્યવહાર કથન છે. આહાહા..! કેમકે જેની સત્તામાં (અર્થાત્‌) અત્યારે પર્યાયની સત્તા, હોં! જેની સત્તામાં આ જે ચીજો છે તે જણાય છે તેનું અસ્તિત્વ પર્યાયમાં જ્ઞાનનું છે. એ જ્ઞાનને ખરેખર તો એ જાણે છે, પરને જાણે એમ (કહેવું વ્યવહાર છે). કારણ કે પરમાં તન્મય નથી એટલે પરને નિશ્ચયથી જાણે એમ છે નહિ અને પોતાની પર્યાયમાં તન્મય છે તેથી નિશ્ચયથી પોતાને પોતે પર્યાયને જાણે છે. આહાહા..!

હવે અહીં તો એથી આગળ બીજી વાત લેશે કે જે પર્યાય છે એ દ્રવ્યને આશ્રયે શુદ્ધ થાય છે. એ સ્વ-આશ્રય તે આત્મા સ્વવસ્તુ જે છે, પર્યાયના અસ્તિત્વમાં એ જણાય છે ઇ પર્યાય જણાય છે પણ હવે એ તો ઇ પર્યાય જ્ઞાયકને જાણે છે. એ તો ‘સમયસાર’ ૧૭ ગાથામાં આવી ગયું છે ને? જ્ઞાનની પર્યાય છે (એનો) સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી તે જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યને જાણે છે, છતાં તેનું ત્યાં લક્ષ નથી. અહીં કહે છે કે લક્ષ કરે સ્વનું તેને અહીં આત્માશ્રિત કહીએ. આહાહા..! શું કહ્યું ઇ?

આ આત્મા છે ભગવાન પ્રકાશ... ચૈતન્યપ્રકાશની મૂર્તિ (છે). હવે એની જે પર્યાય છે તેમાં આ જણાય છે. ઇ જણાય છે ઇ પર્યાય જણાય છે, આ (પર) વસ્તુ નહિશ. એ વસ્તુમાં ક્યાં તન્મય થાય છે? કારણ કે એ વસ્તુ અને પર્યાય વચ્ચે તો અત્યંતઅભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! જેની સત્તામાં ‘આ છે’ એમ જણાય છે ઇ એની સત્તા જણાય છે. જ્ઞાનની અવસ્થાની સત્તાનું હોવાપણું જણાય છે. આહાહા..! પણ એ હોવાપણાની પર્યાયનો પણ વ્યવહાર (છે). પર્યાય છે તે વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય છે, અત્યારે અહીં ઇ લેવાનું છે.

ત્યાં (‘પ્રવચનસાર’) ૮૯ (ગાથામાં) એમ કહ્યું કે શુદ્ધ દ્રવ્ય નિરૂપણ–શુદ્ધ દ્રવ્યના કથનની અપેક્ષાએ પર્યાયમાં રાગ છે એ નિશ્ચયનય છે. સ્વમાં છે એ અપેક્ષાએ. અહીં કહે છે કે અહીં દર્શનપ્રધાન કથન છે તેથી સ્વ-આશ્રિત એટલે પર્યાય નહિ, ગુણભેદ નહિ, એકલો જ્ઞાયકભાવ જે ત્રિકાળી ભૂતાર્થ સત્‌ સાહેબ સત્‌સ્વરૂપ પ્રભુ, પૂર્ણ શુદ્ધ ધ્રુવ, એને આશ્રિત નિશ્ચયનય છે. આ પહેલી લીટીનો અર્થ થાય છે. આહાહા..!

નિશ્ચયનય છે એ તો જ્ઞાનનો પર્યાય છે પણ તે વિષય કરે છે દ્રવ્યને તેથી તેને સ્વ-આશ્રિત નિશ્ચયનય કીધી. સમજાય છે કાંઈ? નય તો જ્ઞાનનો પર્યાય છે પણ એ નિશ્ચય જ્ઞાનનો પર્યાય છે... આ તો શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ! એ ત્રિકાળી જ્ઞાયકનો વિષય કરે છે. તેથી તેને–ત્રિકાળીને અહીં નિશ્ચયનય કહેવામાં આવે છે. આહાહા..! સ્વ-આશ્રિત નિશ્ચયનય, એમ કીધું ને? સ્વ-આશ્રિત નિશ્ચયનય.

ભગવાન પૂર્ણસ્વરૂપ (છે). જે પર્યાયમાં પર જણાય છે તે જ પર્યાયમાં આત્મા જણાય છે છતાં

તેનું લક્ષ ત્યાં નથી. શું કીધું? જે જ્ઞાનની પર્યાયમાં આ.. આ જણાય છે, એમ કહે છે એ તો પર્યાય જણાય છે છતાં તે પર્યાય જણાય છે તે પર્યાયમાં દ્રવ્ય પણ જણાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ વસ્તુ જે છે તે પર્યાયમાં જણાય છે કેમકે જ્ઞાનના પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક (છે). ઇ સ્વ-પ્રકાશક છે તેથી જ્ઞાનની પર્યાય દ્રવ્યને, ત્રિકાળીને જાણે છે છતાં તેનું લક્ષ ત્યાં નથી, એનું લક્ષ પર્યાય અને રાગ ઉપર હોવાથી તે જાણવા છતાં જાણતો નથી.

અહીં તો સ્વ-આશ્રિતે જાણે છે, એમ કહે છે. લક્ષ ફેરવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માશ્રિત એટલે ઓલો વ્યવહારનો 'પરાશ્રિત' શબ્દ છે ને એટલે અહીં સ્વ-આશ્રિત (કહ્યું છે). સ્વ-આશ્રિત તે નિશ્ચયનય છે. સ્વ-આશ્રિત જ્ઞાયક અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ! ધ્રુવ સ્વભાવ તે સ્વ-આશ્રિત, તેને નિશ્ચયનય કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.'** હવે એની સામે (લ્યે છે). જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ ઉત્પન્ન થાય એ બધા પરાશ્રિત છે. પરાશ્રિત છે તેથી તે વ્યવહાર છે અને તેથી તે નિષેધ કરવા લાયક છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! હવે અહીં કેટલાક (અજ્ઞાની) ઇ કહે છે કે વ્યવહાર કરતાં સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય. અહીં કહે છે કે એનો તો નિષેધ કરવો છે. નિષેધ કરતાં જે સ્વનો આશ્રય થાય તેને નિશ્ચય કહેવામાં આવે છે. જેનો નિષેધ કરવો છે તેના આશ્રયથી નિશ્ચયમાં, અંતરમાં જવાય? સમજાય છે કાંઈ?

હા, કેટલેક ઠેકાણે કહ્યું છે કે વ્યવહાર સાધન છે, સાધક છે, નિશ્ચય સાધ્ય છે. ઇ તો સાધકનું જ્ઞાન કરાવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ૨૫૬ પાનું. વ્યવહાર કહ્યો છે ને? (તો કહે છે) એ તો નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા કહ્યું છે. નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આદરણીય છે અને આશ્રય કરવા લાયક (છે), એમ નહિ. સમજાણું? ઝીણું બહુ, ભાઈ! કહો 'નવરંગભાઈ'! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..!

અહીંયાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયની પર્યાય છે, એ તો ઠીક, પણ અંદર એ પર્યાય પોતે ખરેખર તો વ્યવહાર છે અને ત્રિકાળી જે વસ્તુ છે જ્ઞાયક સ્વરૂપ એ જ પોતે નિશ્ચય છે. નિશ્ચય અને વ્યવહાર આ રીતે છે. હવે અહીં વ્યવહારમાં તો પરાશ્રિત ભાવ થાય તેને વ્યવહાર બતાવવો છે. સમજાણું કાંઇ? નહિંતર પર્યાયમાત્ર વ્યવહાર છે. 'પંચાધ્યાયી'. પર્યાયમાત્ર વ્યવહાર છે. કેવળજ્ઞાન હોય કે મોક્ષપર્યાય હોય તોપણ એ વ્યવહાર છે. કેમકે એ પર્યાય એક સમયની મુદતવાળી નાશવાન છે. ભગવાન ત્રિકાળી અવિનાશી શુદ્ધ ચૈતન્ય છે તે જ નિશ્ચય છે, તે જ સત્ય છે અને તે જ આત્મા છે. આહાહા..! આવો હવે ક્યારે નિર્ણય કરે?

એવો જે નિશ્ચય સ્વ-આશ્રિત છે ત્યારે વ્યવહાર પરાશ્રિત છે. અહીં વ્યવહાર પર્યાય છે એમ ન લેતા પર્યાય પોતે વ્યવહાર છે. 'બનારસીદાસ'(ની) 'પરમાર્થ વચનિકા'માં પણ આવ્યું છે ને? કે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ વ્યવહાર છે. પર્યાય છે ને! (એટલે). આહાહા..! એક સમયની મુદતવાળી

ચીજ અને પલટતી ચીજ ને નાશ થવાવાળી ચીજ, તેને અહીંયાં વ્યવહાર કહ્યો છે ચાહે તો નિશ્ચય મોક્ષમાર્ગ હો. જે અહીં નિશ્ચયનય આશ્રિત નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે એને ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહાર કહે છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ. ભેદ છે માટે અભેદની અપેક્ષાએ ભેદને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયાં અપેક્ષા બીજી છે. આહાહા..!

અહીં તો કહે છે કે વ્યવહાર પરાશ્રિત છે. વ્યવહારનય છે ને? ઇ વ્યવહારનય પરાશ્રિત છે તેથી એકલી પર્યાય નહિ. પરને આશ્રિત થતો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ કે અશુભભાવ, પરાશ્રિત થતો ભાવ તે વ્યવહારનયનો આશ્રિત છે. આવી વાતું હવે. એક તો નિશ્ચય મોક્ષમાર્ગ. એ તો રાગ છે, ઇ વ્યવહાર છે તો આને(નિશ્ચય મોક્ષમાર્ગને) નિશ્ચય કહ્યો, પણ દ્રવ્યની અપેક્ષાએ તો ત્રિકાળ દ્રવ્ય છે તે નિશ્ચય છે અને પર્યાય છે તે પોતે જ, નિશ્ચય મોક્ષમાર્ગ એ પોતે જ વ્યવહાર છે. કેમકે એ તો આવી ગયું ને કે મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષ બેય દ્રવ્યમાં નથી. આહાહા..!

મોક્ષની પર્યાય ને મોક્ષના માર્ગની પર્યાય દ્રવ્ય ઉપર તરતી, ઉપર તરતી છે. જેમ પાણીના ઘનમાં તેલના બિંદુ ઉપર તરે છે એમ મોક્ષની પર્યાય, મોક્ષના માર્ગની પર્યાય પણ દ્રવ્યથી ઉપર તરે છે, અંદર પ્રવેશ કરતી નથી. આવે છે ને કળશ? ઉપર તરે છે. પહેલાં કળશમાં આવે છે. હવે અહીં એ નથી લેવું. અહીં તો ફક્ત પરાશ્રિત જેટલો ભાવ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! હવે આવી અપેક્ષાઓનો પાર ન મળે.

**શ્રોતા** :– અહીં મોક્ષની પર્યાય છે તે અંતરમાં જાય છે કે એ પણ બહાર રહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– જાય તે વાત પણ નથી. ઇ પર્યાય દ્રવ્ય ઉપર ઢળે છે તેથી આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. ઇ તો કહેવાય ગયું છે. પર્યાય નિર્મળ જે થાય છે એ નિશ્ચયથી ષટ્કારક પરિણમનથી થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય એ કર્તા, કર્મ, કરણ (આદિ ષટ્કારકથી પોતાથી થાય છે). પર્યાયોની કર્તા (પર્યાય), (પર્યાયનું) કર્મ પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું અપાદાન પર્યાય... થી-થકી, થી-થકી આવે છે ને? અપાદાન. ખરેખર એ ઉપાદાન લીધું છે અને એનો આધાર પણ ઇ. એટલે પર્યાયના ષટ્કારક પર્યાયથી છે. પણ છતાં તે પર્યાય સ્વતંત્રપણે લક્ષ ન્યાં કરે છે ઇ પોતે કર્તા થઈને કરે છે. પરનો આશ્રય થયો માટે પરાધીન છે એમ નહિ. શું કીધું ઇ. સમજાણું? આહાહા..!

અહીં તો ફક્ત પરાશ્રિત વ્યવહાર કહ્યો એ વ્યવહાર ખરેખર તો પર્યાય પોતે જ વ્યવહાર છે છતાં ઇ અત્યારે અહીં નથી લેવું. અહીંયાં તો આત્મા સિવાય પર પદાર્થની એકતાબુદ્ધિ રૂપ અધ્યવસાન છે તેને છોડાવ્યા. બીજાને બચાવું, જિવાડું, સુધારું, આમ કરું ઇ એકત્વબુદ્ધિ છોડાવી તો ભેગું. આચાર્ય કહે છે કે જેમ પરને આશ્રયે એકત્વબુદ્ધિ છોડાવી છે તો હું તો એમ કહું છું કે પરાશ્રિત વ્યવહાર જ છોડાવ્યો છે. કેમકે એકત્વબુદ્ધિ પણ પરને આશ્રયે છે અને દયા, દાન,

વ્રત રાગાદિ થાય એ પણ પરને આશ્રિત છે. આહાહા..! માટે ભગવાને તો વ્યવહાર જ છોડાવ્યો છે. ઇ વ્યવહાર ઓલી પર્યાય છોડાવવી છે અત્યારે એમ નથી લેવું. સમજાણું?

એને થતો જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, શાસ્ત્રનું જ્ઞાન (થાય છે) એ બધો વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા..! એને ભગવાને છોડાવ્યો છે. કેમકે ઇ પરાશ્રિત છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન એ પણ પરાશ્રિત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પરાશ્રિત છે. પંચ મહાવ્રતના પરિણામ એ પણ પરાશ્રિત, અણુવ્રતના પરિણામ એ પણ પરાશ્રિત છે. આહાહા..!

અહીં આ બે લીટીમાં અંદર (ભર્યું છે). **'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...'** નિશ્ચયનય છે એ તો જ્ઞાનનો અંશ છે પણ સ્વ આખી વસ્તુને જ નિશ્ચયનય કીધી છે. એનો આશ્રય કરવા લાયક જે ચીજ છે તેને નિશ્ચયનય કીધી છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યું ને? **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** (પર્યાયને) ગૌણ કરીને પહેલું એમ કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરીને નથી તેમ કહ્યું. પર્યાયને ગૌણ કરીને નથી તેમ કહ્યું ને ત્યાં? અને દ્રવ્યને મુખ્ય કરીને તે છે તેમ કહ્યું. ઓલી (પર્યાયને) અસત્યાર્થ કીધી હતી એ તો ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું હતું. પર્યાય છે ખરી પણ ગૌણ કરીને એને અસત્ય કીધી. હવે અહીં વ્યવહાર છે ખરો. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વ-આશ્રિત દૃષ્ટિ અને અનુભવ પણ છે અને જરી પરાશ્રિતનો રાગભાવ પણ છે. છે તેનો નિષેધ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? હવે નવરાશ ક્યાં આમાં? વાણિયાને નવરાશ કે દિ' મળે? આહાહા..! આવો માર્ગ (છે). વ્યવહાર પરાશ્રિત છે, એ આ.

**'ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન...'** હવે ઇ પરાશ્રિત વ્યવહાર કહ્યો ઈ વ્યવહારના બે પ્રકાર કરીને નિષેધે છે. **'પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન)...'** હું પરનું કરી શકું, પરને મેળવી શકું, પરને છોડી શકું, પરને લઈ શકું, બીજાને સુખી કરી શકું, દુઃખી કરી શકું, બીજાનો મોક્ષ કરાવી શકું, બીજાને બંધ કરાવી શકું, જિવાડી શકું, મારી શકું એવી જે પરદ્રવ્ય સાથેની એકત્વ બુદ્ધિ એ અધ્યવસાન. **'એ બંધનું કારણ હોવાને લીધે,...'** એ અધ્યવસાન બંધનું કારણ હોવાને લીધે, આહાહા..! **'મુમુક્ષુને,...'** આહાહા..! જે મોક્ષાર્થી છે, મોક્ષ જેનું પ્રયોજન છે. આહાહા..! એવા **'મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતાં...'** તે અધ્યવસાનનો નિષેધ એટલે એકત્વ બુદ્ધિનો (નિષેધ કરતાં). હું આને મેળવી શકું, આને છોડી શકું, આને મદદ કરી શકું, આને આમ કરી શકું, સુખી કરી શકું વગેરે. એક દ્રવ્યને બીજા દ્રવ્યની એકત્વબુદ્ધિનો અધ્યવસાન, તેનો નિષેધ કરાવતા, **'નિષેધ કરતાં એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...'** એકત્વબુદ્ધિનો નિષેધ કરાવ્યો છે ઇ પરના આશ્રયથી જે વ્યવહાર થાય એનો નિષેધ કરાવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાત છે, બાપુ! માર્ગ બહુ અલૌકિક છે. આહાહા..! અનંતકાળથી આથડે છે. 'શ્રીમદ્'માં આવે છે ને? 'અનંત કાળથી આથડ્યો વિના વાન ભગવાન સેવ્યા નહિ ગુરુ સંતને' સેવ્યા નહિ એટલે ન્યાં પગ દાબવા હશે?

એ ચોથી ગાથામાં પણ આવે છે. પોતે તો સમજ્યો નથી પણ સમજ્યો એની સેવા કરી નથી. **'सुदपरिचिदाणुभूदा'** સેવાનો અર્થ ઇ કહે છે તે (તેં) માન્યું નથી.

**શ્રોતા :–** સિદ્ધાંત કહે છે એ કબુલ રાખવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પણ આ સિદ્ધાંત આમ કહે છે. કહેવાનો આશય આ છે. સેવા કરવી એટલે શું પગ દાબવા છે? એણે જે કહ્યું, આમાં છે ને? આવી ગયું છે. ચોથી (ગાથા). **'પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...'** છેલ્લે છે, પહેલાં પેરેગ્રાફની છેલ્લી બે લીટી. છે? જાણનારાઓની સંગતિ એટલે સેવા નહિ કરી હોવાથી. આહાહા..! સંસ્કૃતમાં **'उपासना'** **'परेषामात्मज्ञानामनुपासनाच्च'** છે ને? સેવા નહિ કરી. **'अनुपासनाच्च'** એટલે સેવા નહિ કરવાથી. સંસ્કૃત ટીકા છે. એનો અર્થ સંગતિ કરી તો સંગતિ કરવી તે વ્યવહાર છે. પણ એણે જે કહ્યું છે તે રીતે માન્યો નહિ, જાણ્યો નહિ એ એણે સંગતિ ને સેવા કરી નહિ. આહાહા..! બહુ કામ આકરું, જનમ-મરણ રહિતની વાતું, બાપા! આકરી, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, એકપણાની બુદ્ધિ જેણે પ્રભુએ છોડાવી. કેમકે સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય વચ્ચે તો અત્યંતઅભાવ (છે). એથી બીજાનું કાંઈ કરે એ તો કોઈ રીતે બને નહિ. કારણ કે જે દ્રવ્ય છે તે નકામો તો કોઈ કાળે હોઈ શકે નહિ. એટલે? જે દ્રવ્ય છે એ નકામો એટલે પર્યાયના કાર્ય વિનાનું દ્રવ્ય કોઈ દિ' હોઈ શકે જ નહિ. પર્યાયના કાર્ય વિનાનું કોઈ દિ' કોઈ દ્રવ્ય હોઈ શકે નહિ. હવે નકામું કોઈ નથી તો તેનું કામ બીજો શી રીતે કરે? આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે.

**શ્રોતા :–** આખી દુનિયા બીજાનું કામ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આખી દુનિયા કરતી નથી. 'રામજીભાઈ'! બધું બહુ કરતાં હતા. સલાહ આપતા હતા ને ઓલાને? 'ઢેબરભાઈ'! 'ઢેબરભાઈ'! આવતા, એને સલાહ આપતા. એક મહિનો કેદમાં જવું પડ્યું ને! એ તો એક વિકલ્પ હોય ને વાણી નીકળવાની હતી. આહાહા..! એ..ઇ..! 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહાહા..!

અહીં તો પરમાત્મા પરની એકત્વબુદ્ધિ જ્યારે છોડાવે છે તો એ પરની એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ તે વ્યવહાર છે. તે અપેક્ષાએ તો હું એમ માનું છે કે પરના આશ્રયનો સઘળો વ્યવહાર છોડાવ્યો છે. આહાહા..! **'નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ...'** છે? એકાન્ત નથી? **'વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...'** બિલકુલ વ્યવહારનય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધો વ્યવહાર છે તેનો નિષેધ કરાવ્યો છે, એ બંધના કારણ છે. આહાહા..! આકરું કામ. જગત ક્યાં ઝુકાણું છે અને ક્યાં ઝુકવું જોઈએ એની ખબર ન મળે. આહા..!

એ અહીં કહે છે કે **'ખરેખર વ્યવહારનયનો જ...'** આહાહા..! ભગવાને જ્યારે એક દ્રવ્ય જે

આત્મા ઇ બીજા દ્રવ્યની કોઈ પણ (પર્યાય કરી શકે નહિ, એમ કહ્યું), પર્યાય વિનાનું દ્રવ્ય નથી તેથી તેની પર્યાય એ કરી શકે નહિ છતાં એકત્વબુદ્ધિથી કર્તા માને એનો અહીં નિષેધ કર્યો છે, તો અમે એમ કહીએ છીએ કે પરને આશ્રયે જેટલો વ્યવહાર થાય એનો નિષેધ કર્યો છે. પરના આશ્રયની એકત્વબુદ્ધિનો નિષેધ કર્યો. એની સાથે પરાશ્રિત વ્યવહાર એકત્વબુદ્ધિ ભલે ન હોય. આહાહા..! બેય પરાશ્રિત છે. આહાહા..! હવે આવી વાતું. ક્યાં નવરાશ (છે)? 'કાંતિભાઈ'! આખો દિ' ધંધા, પાણી ને... આહાહા..! આમાં આવી વાતું... અવસર સબ આવી ગયા છે, કહે છે. આહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (કહે છે). આહાહા..!

**'વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...'** શું કહ્યું ઇ? જેમ પરને જીવાડું, મારું, મોક્ષ કરાવું (એવી) પરાશ્રિત એકત્વબુદ્ધિ છોડાવી તેમ બધો પરાશ્રિતનો વ્યવહારનય સમાન જ છે. જેમ એકત્વબુદ્ધિ એમ પરને આશ્રયે થતો વિકલ્પ, રાગ ચાહે તો દયા, દાન, દેવ-ગુરુની શ્રદ્ધા, દેવ-ગુરુ, પરમાત્માની શ્રદ્ધાનો રાગ એ બધો વ્યવહાર છે તેને અહીં છોડાવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? લોકોને બહુ કઠણ પડે. શું થાય પણ ભાઈ? માર્ગ આ છે. આહાહા..!

**શ્રોતા :–** હસ્તાવલંબન છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હસ્તાવલંબન એ તો નિમિત્તનું કથન કર્યું છે, છે જ નહિ. હસ્તાવલંબન જાણીને કથન કર્યું છે પણ એનું ફળ સંસાર છે. છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે **'કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે,...)'** આહાહા..! હવે અહીં (અજ્ઞાની કહે છે કે) પરાશ્રિત વ્યવહારથી સ્વ-આશ્રિત નિશ્ચય થાય. વ્યવહાર–રાગની દશા તેની દિશા, રાગની દશા તેની દિશા પર તરફ છે અને સમ્યગ્દર્શનની નિશ્ચયની દશા, તેની દિશા સ્વ તરફ છે. આહાહા..! સમજાણું કાંઈ? બેનો ઉગમણો-આથમણો ફેર. હવે બેનો મેળ શી રીતે કરવો? હવે ઇ કહે, વ્યવહાર સાધન કહ્યું છે ને! સાધનથી નિશ્ચય સાધ્ય થાય. એમ ઠેકાણે ઠેકાણે 'જયસેનાચાર્ય'માં, 'દ્રવ્યસંગ્રહ'માં, 'બ્રહ્મદેવસૂરી'માં આવે છે. એ તો ત્યાં આગળ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વ્યવહારનું નિમિત્ત આદિનું જ્ઞાન કરાવ્યું છે કે આ આ હતું. પણ એ આદરવા લાયક છે ને એનાથી નિશ્ચય થાય છે એ વાત ત્યાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'(-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).'** આહાહા..! જેમ એક દ્રવ્ય ભગવાનઆત્મા એ પરદ્રવ્યનું કાંઈ પણ કરે, મેળવે, છોડે એવું કાંઈ છે જ નહિ, છતાં પર સાથેની એકત્વબુદ્ધિ ભગવાને છોડાવી છે તો અમે તો એમ જ કહીએ છીએ કે જેટલો પરાશ્રિત વ્યવહાર છે એ બધો ભગવાને છોડાવ્યો છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' મહાસંત. આહાહા..! કેવળીના કેડાયતો, એક- બે ભવે તો કેવળ લેવાના, કેવળ લઈને

મોક્ષ જવાના. આહાહા..! એની આ વાણી (છે) એમ કહેવું એ વ્યવહાર છે. વાણી તો વાણીની છે.

**'અને આ વ્યવહારનય...'** આહાહા..! **'એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...'** બિલકુલ પર સાથેની એકત્વબુદ્ધિ અને પરનો આશ્રય-બેય છોડવા લાયક જ છે. પર સાથે એકત્વની બુદ્ધિ અને પરને આશ્રયે થતો ભાવ, બધો છોડવા લાયક જ છે. આહાહા..! આકરું કામ છે. **'વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...'** 'જ' કીધું છે. એકાન્ત ન થાય? નિષેધવાયોગ્ય જ છે. કથંચિત્ આદરણીય અને કથંચિત્ નિષેધવાયોગ્ય, એમ નથી. આહાહા..!

ત્યાં એમ કહે કે સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય. અહીં તો ના પાડે છે. એની રુચિ છોડી પર તરફની દશાના ભાવની રુચિ છોડી, સ્વ તરફના ભાવની રુચિમાં જાય એને પરનો નિષેધ થઈ જાય છે. આહાહા..! નિષેધ કરવો પડતો પણ નથી. આહાહા..! રાગના ત્યાગનું કર્તાપણું તો નામમાત્ર છે, આવ્યું ને? હેં? આહાહા..! રાગનું ગ્રહણ તો ઠીક (ત્યાગકર્તા પણ નથી). આમ તો ગ્રહણત્યાગ કીધો, 'પ્રવચનસાર' ૧૮૯. આત્મામાં રાગનો ગ્રહણત્યાગ છે એ નિશ્ચયથી છે, શુદ્ધ દ્રવ્યના નિરૂપણના નિશ્ચયથી છે. રાગ ગ્રહે છે, ઉત્પન્ન કરે છે અને વ્યય કરે છે. ગ્રહણત્યાગ છે. અને 'પંચાસ્તિકાય'માં તો એમ પણ કહ્યું કે પર્યાય માત્ર દ્રવ્યમાં સંયોગ થાય છે અને વિયોગ થાય છે. આહાહા..! વિકારની તો વાત શું કરવી પણ નિર્વિકારી પર્યાયનો ઉત્પાદ એ દ્રવ્યની સાથે સંયોગ સંબંધ છે અને એનો વ્યય થાય તો એ વિયોગ છે. આહાહા..!

એવું જે સ્વદ્રવ્ય એનો આશ્રય કરવા માટે પરદ્રવ્યની એકતાબુદ્ધિ અને પરદ્રવ્યના આશ્રયે થતો વ્યવહાર, તેને છોડાવ્યો છે. ઝીણી વાત છે, ભાઈ! કુદરતે ગાથા જ આ આવી. આઠ દિ' થી બંધ હતું. ૨૭૧ ગાથા સુધી આવી ગઈ હતી. આહાહા..!

**'એ રીતે,...'** એ રીતે, એટલે? જેમ સ્વનું પર કરી શકે આદિ એકત્વબુદ્ધિનો નિષેધ (કર્યો) તેમ પરનો આશ્રય થતો ભાવ એનો પણ નિષેધ એક જ વિધિથી છે. આહાહા..! વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર ચારિત્ર એટલે દયા, દાનના પરિણામ, શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન એ બધો વ્યવહાર છે તે નિષેધવા લાયક છે. આહાહા..!

હવે ઓલા અહીં કહે છે કે એનાથી સાધન થાય. શાસ્ત્રમાં શબ્દો એવા છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા(માં એમ આવે છે). તેથી ઓલા 'જ્ઞાનસાગરે' 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાંથી 'સમયસાર' બનાવ્યું. 'અમૃતચંદ્રાચાર્ય'માંથી નહિ. છે ને? આ 'વિદ્યાસાગર' સાધુ છે એનો શિષ્ય. ઇ માને નહિ. 'પંચાધ્યાયી', 'ટોડરમલ્લ' ને 'બનારસીદાસ'ના ગ્રંથ નહિ. આચાર્યનું લાવો, આચાર્યનું લાવો. અને ચોથે ગુણસ્થાને સ્વરૂપઆચરણ માને નહિ. હવે આ કહે કે સ્વરૂપઆચરણ ચોથે છે. એ તો 'સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. હેં?

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથેથી શરૂ થાય છે. રાગનો ઉપયોગ છે (તે) ખસીને આમ જાય છે

એટલે અરાગી ઉપયોગ એ શુદ્ધઉપયોગ જ છે. સ્વદ્રવ્યનો આશ્રય થવો તે શુદ્ધઉપયોગ જ છે, એકલી પરિણતિ નથી. શરૂઆત પહેલી, હોં! ... સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં ઉપયોગ શુદ્ધ ઉપયોગ છે, શુભરાગને જ્યાં છોડાવવા કીધું ત્યારે હવે આશ્રય કરવા લાયક અહીં કીધું, તો એ આશ્રય કરવા લાયક પરિણામ જે થયા એ પરિણામ શુદ્ધ જ છે, ખરેખર શુદ્ધઉપયોગ જ છે અને ચોથેથી સ્વરૂપઆચરણ છે. એ 'વિદ્યાસાગર' ના પાડે છે. આણે વળી હા પાડી છે, 'મનોહરલાલજી'. ચોથે હોય છે. એમાં કીધું ઓલામાં છે ખરુંને? 'સિદ્ધાંત પ્રવેશિકા'માં. કંઈક મતિ, કંઈક મતિ કલ્પનાએ ક્રિયાકાંડમાં એવા જોડાય ગયા, એ આડે તત્ત્વની દૃષ્ટિનો (લોપ થઈ ગયો).

ક્રિયાકાંડ પણ ક્યાં છે એવા ! નવમે ગ્રૈવેયક ગયો એવા દ્રવ્યલિંગ પણ ક્યાં છે ! આ તો કોઈ માટે નથી, બાપુ! એમ નહિ, હોં! અહીં તો કહ્યું ને કે આહાહા..! ધર્મધ્યાનનો આજ્ઞાવિચય ને અપાયવિચયનો વિચાર કરતા, અપાયવિચય આહાહા..! આજ્ઞાવિચય–પરમાત્મા શું કહે છે એનો વિચાર એ આજ્ઞાવિચય. અપાયવિચયમાં કર્મનો વિપાક દુ:ખરૂપ છે તો (હું) અને બધા આત્માઓ કર્મથી રહિત થાઓ, પ્રભુ! આહાહા..! એમ કહે છે. કોઈને નુકસાન ન થાઓ. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં અપાયવિચયનો આવો અર્થ કર્યો છે. 'દ્રવ્યસંગ્રહ' છે ને? અપાયવિચય. બધા આત્માઓ પરમાત્મા થાઓ. અમારી પવિત્ર ભાવના તો એ છે, ભાઈ! કોઈ નુકસાનમાં ન રહો. આહાહા..! એવો વિચાર અપાયવિચયમાં ધર્મધ્યાનમાં કરે છે. એ..ઇ..! બતાવ્યું હતું ને? બતાવ્યું હતું આમાંથી? નથી? નથી? અપાયવિચય કેટલામાં કીધું હતું?

અંતરાત્મા કોને કહેવો કે ચોથે ગુણસ્થાને અશુદ્ધ લેશ્યાવાળા જીવને જઘન્ય અંતરાત્મા કહેવો. પણ ઓલું છે એમાં, ધર્મધ્યાનનું કાઢો ને, ધર્મધ્યાનમાં છે ને? અપાયવિચય. આ બાજુના પાને છે. જ્યાં ધ્યાનનો વિષય છે ને પાછળ? પાંત્રીસ અક્ષરનો 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. પંચપરમેષ્ઠી.. પંચપરમેષ્ઠી. ધર્મધ્યાનનો આજ્ઞાવિચય, એના અપાયવિચયના અર્થમાં છે. બધા જીવો પરમાત્મપદને પામો. એવો વિચાર કરવો. આહાહા..!

**'ભેદાભેદ રત્નત્રયની ભાવનાના બળથી અમારા અથવા અન્ય જીવોનાં કર્મોનો નાશ ક્યારે થશે એ પ્રકારનું ચિંતન તેને 'અપાયવિચય'...'** કહે છે. બધા કર્મનો નાશ (થાઓ). આહાહા..! અપાયવિચય, ૧૮૩ પાનું છે. **'આ શ્લોકમાં કહ્યા પ્રમાણે પદાર્થનો નિશ્ચય કરવો તે 'આજ્ઞાવિચય'** (છે). ભગવાને કહ્યું તે. એ પહેલો ધર્મધ્યાનનો બોલ. બીજો – **'ભેદાભેદ રત્નત્રયની ભાવનાના બળથી અમારા અથવા અન્ય જીવોનાં કર્મોનો નાશ ક્યારે થશે એ પ્રકારનું ચિંતન તેને 'અપાયવિચય' નામનું બીજું ધર્મધ્યાન જાણવું.'** બધા જીવો પરમાત્મા થઈ જાવ, બાપા! આહાહા..! તું ભગવાન છો ને. બાપા! એવી ભાવના છે, જુઓ! આહાહા..! દસ લક્ષણીમાં ભાઈએ એમ લખ્યું છે ને?

**શ્રોતા :–** તીર્થંકર પ્રકૃતિ બંધાય જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ વળી જુદી. આ તો અપાયવિચયમાં (આવ્યું). ભાઈ 'હુકમચંદજી' દસ

લક્ષણ પર્વમાં એક એક પૂરું કરતા લખે કે આ મારી પવિત્ર ભાવના (છે). બધા પૂર્ણાનંદને પ્રાપ્ત કરો એવી પવિત્ર ભાવનાથી હું વિરામ પામું છું. છે? છેલ્લે. આહાહા..! આ તો આપણે 'બ્રહ્મદેવ' ટીકાકારમાંથી કાઢ્યું. ઓલું તો ગૃહસ્થ કહે છે. બધા આત્માઓ પ્રભુ પૂર્ણ આનંદ સ્વરૂપ છો ને, નાથ! આહાહા..! બધા કર્મ રહિત થઈ મોક્ષ થાવ. આહાહા..! કોઈ પણ પ્રાણી (દુઃખી ન થાઓ). બીજાનો મોક્ષ કરી દઉં, ઇ જુદી વસ્તુ. એ બંધ-મોક્ષના પરિણામમાં એકત્વબુદ્ધિ થઈ. અને આ બીજા બધાના આત્માઓ પૂર્ણાનંદને પ્રાપ્ત થાઓ, હું ને બધા, ઇ જુદી વસ્તુ છે.

**શ્રોતા :–** આ ભાવના કરવા યોગ્ય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ ભાવના તો અંદરની એકાગ્રતાની છે. એકાગ્રતાની છે ઇ. ભલે વિકલ્પ સાથે છે પણ મૂળ એકાગ્રતા છે. ધર્મધ્યાન છે ને? નિશ્ચય ધર્મધ્યાન છે તે શુદ્ધ નિર્મળ છે, વિકલ્પ નહિ. આહાહા..! એમ તો દસ પ્રકારના ધર્મને પણ શુભભાવ કહ્યો છે; નહિતર છે તો ચારિત્રના ભેદ પણ ઓલો વિકલ્પ ઊઠે છે ને? દસલક્ષણી પર્વ. શુભભાવ કહ્યો છે પણ ઇ અપેક્ષીત છે. બાકી તો અંદર... આહાહા..! પૂર્ણ સ્વરૂપ પરમાનંદનો નાથ! સત્તા મારી પૂર્ણ છે એવી જ મને પણ પૂર્ણ પ્રગટ થાવ, બધા ભગવાનઆત્માઓને પૂર્ણ થાવ. આહાહા..! કોઈ વેરી કે દુશ્મન-મિત્ર છે જ નહિ. બધા ભગવાનઆત્માઓ છે. આહાહા..! 'અપાયવિચય'માં આ વિચાર કરવો, એમ કહે છે. આહાહા..!

અહીં (કહે છે), '**વ્યવહારનય નિષેધવાયોગ્ય જ છે;...**' અહીં તો જરી અપાયનો વિચાર આવ્યો કે આ નિષેધવાયોગ્ય છે ત્યાં તો પછી આ કહ્યું છે કે બધા જીવો (કર્મરહિત થાઓ). પણ ઇ પોતાની ભાવના છે. ભલે વિકલ્પ ભેગો–સાથે આવે, પણ મૂળ તો અંદર એકાગ્રતા છે. બધા જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ. હું પણ પૂર્ણાનંદને પ્રાપ્ત થઈ જાઉં. અમારે ને બીજાને બેયને. બેયને આવ્યું ને? આહાહા..!

'**વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' આહાહા..! ભગવાનઆત્મા, એનો આશ્રય કરનારા... '**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' એકાન્ત કીધું. વ્યવહારનો આશ્રય કરનારા મોક્ષ જાય એની ના પાડી. આહાહા..! આવું છે. માર્ગ તો એવો છે, બાપુ! '**કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય...**' આત્માશ્રિત નિશ્ચયનય, (કહ્યું છે). જોયું? '**કરનારાઓ જ...**' આહાહા..! જે આત્માને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય છે તે આત્માને આશ્રયે થઈ, એ નિશ્ચયનય થઈ. આહાહા..!

પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન, પૂર્ણજ્ઞાયક સ્વભાવ, એને આશ્રયે થતો... આહાહા..! એની જ મુક્તિ થાય છે. '**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે...**' આહાહા..! '**અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.**' આહાહા..! વ્યવહારનો આશ્રય તો અભવિ પણ કરે છે. નવમી ગ્રૈવેયક અનંતવાર અભવિ મિથ્યાદૃષ્ટિપણે ગયો. વ્યવહાર તો ખૂબ કર્યો. એવો વ્યવહાર કર્યો કે એના ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ

એ તો બધી પરાશ્રિત રાગની ક્રિયા હતી. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય. આહાહા..!

એ વીતરાગભાવ સ્વ આશ્રયથી ઉત્પન્ન થાય. કેમકે પોતે સ્વ વસ્તુ જ વીતરાગ ભાવ સ્વરૂપ છે. અકષાયસ્વરૂપ કહો, ચારિત્રસ્વરૂપ કહો, વીતરાગસ્વરૂપ કહો, પૂર્ણાનંદ પવિત્ર સ્વરૂપ કહો એ ભગવાનને આશ્રયે જ વીતરાગતા થાય છે. આહાહા..! અને પરાશ્રયે તો એકલો વ્યવહાર જ–રાગ જ થાય છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' 'મોક્ષપાહુડ'માં ૧૬મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, **'परदव्वादो दुग्गई'** આહાહા..! પ્રભુ! એમ કહે (છે) કે હું પરદ્રવ્ય છું. તારું લક્ષ જો (તારા ઉપરથી) છૂટીને મારા ઉપર જશે (તો) રાગ થશે. તેથી તેની દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિ નહિ મળે. આહાહા..! 'મોક્ષપાહુડ'. હવે અહીં (લોકો) કહે કે ભક્તિથી કલ્યાણ થાય. આ ભગવાન કહે કે મારી ભક્તિ કર તો રાગ થાય. રાગ એ ચૈતન્યની ગતિ નથી, દુર્ગતિ છે. એટલે ચાહે તો સ્વર્ગ મળે પણ એ ગતિ કાંઈ સિદ્ધગતિ નથી, ઇ દુર્ગતિ જ છે. હેં? આહાહા..!

**'પરાશ્રિત વ્યવહારનયનો તો આશ્રય એકાંતે નહિ મુક્ત થતો...'** કોઈ દિ' મુક્ત ન થાય. એવા વ્યવહારનયનો આશ્રય તો અભવિ કરે છે. એમાં તે શું કર્યું નવું? આહાહા..! આ વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને પડિમાઓ લીધી. એવું (કરીને) તો નવમી ગ્રૈવેયકે ગયો. એવી તો અત્યારે ક્રિયા પણ નથી, એવો તો અત્યારે શુભભાવ પણ નથી. આહાહા..!

**'પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો...'** કોઈ દિ' મુક્ત ન થાય **'એવો અભવ્ય પણ કરે છે.'** અભવ્ય પણ, કેમ કીધું? ભવિ પણ કરે છે ને અભવિ પણ કરે છે, એમ. ભવિ નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો એણે નિર્દોષ પંચ મહાવ્રત એવા પાળ્યા, ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની (શ્રદ્ધા એવી કરી કે) માથું કાપે તોપણ બીજું ન માને, એવી વ્યવહાર શ્રદ્ધા (કરી), પણ એ બધી પરદ્રવ્યની (શ્રદ્ધા). આહાહા..! એવો વ્યવહાર તો અભવ્ય પણ કરે છે, જેની કોઈ દિ' મુક્તિ પણ ન થાય. તો પછી ભવિએ પણ મિથ્યાદૃષ્ટિપણે એવું અનંતવાર કર્યું છે. આહાહા..! આકરું કામ બહુ.

**શ્રોતા :–** અશુદ્ધ વ્યવહાર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરાશ્રિત વ્યવહાર બધો અશુદ્ધ છે, મલિન છે.

**શ્રોતા :–** બેમાં શુદ્ધ, દર્શન, જ્ઞાન, ચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ નહિ અત્યારે, અત્યારે એ નથી. અત્યારે સમ્યગ્દર્શન નિશ્ચય એ નહિ. વ્યવહાર સમ્યગ્દર્શન આદિ છે ઇ અત્યારે લેવાનું છે. નિશ્ચય છે ઇ તો નિર્મળ સ્વ–આશ્રિતમાં જાય છે. અત્યારે ઇ છે. નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય છે એ વ્યવહાર કહેવો, એ કઈ અપેક્ષાએ? ઇ તો ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એને વ્યવહાર કહ્યો. ઇ બીજી અપેક્ષા છે. અને એને નિશ્ચય કહેવો કઈ અપેક્ષાએ?–કે ઓલા રાગને જ્યારે વ્યવહાર કહીએ ત્યારે અરાગી મોક્ષમાર્ગની પર્યાયને નિશ્ચય કહે,

ઇ અપેક્ષાએ. રાગને જ્યારે વ્યવહાર કહે ત્યારે અરાગી પર્યાયને નિશ્ચય કહે. અરાગી પર્યાયને જ્યારે વ્યવહાર કહે ત્યારે દ્રવ્યને નિશ્ચય કહે. આહાહા..! હવે વાણિયાને આટલું બધુ યાદ શી રીતે રહે? આવું છે, બાપુ! માર્ગનું... આહાહા..!

પરાશ્રિત વ્યવહારનય. ઇ તો પરાશ્રિત છે. આ કર્યું ને આ મુક્યું ને આ લીધું ને આ દીધું ને શાસ્ત્રજ્ઞાન કર્યા ને દયાઓ પાળી ને વ્રત કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને દાન કરોડોના, અબજોના આપ્યા ને એ તો બધો વ્યવહાર છે, પરાશ્રિત છે. **'એકાંતે નહિ મુક્ત થતો...'** એકાંત એટલે કોઈ દિ' મુક્ત ન થાય, એમ. જેનો એક ભવ પણ ઘટે નહિ એવો વ્યવહાર તો અભવ્ય પણ કરે છે. આહાહા..! માટે બીજાઓએ પણ વ્યવહારને છોડવો. અભવિ પણ જ્યારે વ્યવહાર અનંતવાર કરે છે છતાં ભવમુક્તિ થતી નથી માટે તેને વ્યવહાર છોડવા લાયક છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ)

*** ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય નથી એમ કહ્યું ત્યાં પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે, તેથી પર્યાય સર્વથા નથી જ એમ નથી. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે, તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ! કર્તાકર્મ-અધિકારમાં સમ્યગ્દષ્ટિને રાગ થાય ચે તેનો કર્તા પુદ્ગલકર્મ છે, આત્મા કર્તા નથી તેમ કહ્યું છે અને પ્રવચનસારમાં જ્ઞાનીને રાગ થાય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે તેમ કહ્યું, છતાં એકાન્ત માને કે જ્ઞાની રાગનો કે દુઃખનો કર્તા કે ભોક્તા નથી તે નયવિવક્ષાને સમજતો નથી. ૫૨૧.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી કળશટીકા, કળશ–૨૭૧-૨૭૨
## પ્રવચન નં. ૨૭૨, તા. ૦૬-૦૧-૧૯૬૬
## [૩]

'કળશ ટીકા'નો સાધ્ય-સાધક અધિકાર. ૮મો શ્લોક ચાલે છે. ભાવાર્થ છે.

**'ભાવાર્થ આમ છે કે–હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** શું અધિકાર છે આ ? જ્ઞેય-જ્ઞાતા અને જ્ઞાન, ત્રણે હું એક જ છું. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય એવો હું નથી, એટલો હું નથી. સમજાય છે કાંઈ ? વસ્તુ એકરૂપ નિર્વિકલ્પ અભેદ છે એમ અહીંયા સિદ્ધ કરવી છે. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય, એટલું મારું જ્ઞેય નથી. જણાવાયોગ્ય વસ્તુ જણાય અને હું જાણનાર એટલો હું જ્ઞેય નથી અને એટલા જ્ઞાનમાત્ર પણ હું નથી. શું કીધું સમજાણું ? છ દ્રવ્ય જણાય એ જ્ઞેય, એટલો જ્ઞેયમાત્ર હું નથી. એને જાણનાર જ્ઞાન, એટલા જ્ઞાનમાત્ર હું નથી. અને (જ્ઞેય) જે જણાય, એ જ્ઞેય જણાતું નથી, એ જ્ઞાન મારી પર્યાય જ્ઞેય થઈને મને જણાય છે. ન સમજાણું ?

એ જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞેય જણાય છે, એ જ્ઞેય નહિ, એ તો મારી જ્ઞાન પર્યાય છે. અને એ મારી જ્ઞાનપર્યાય આખા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને જાણે છે. એકલા પરને જ જાણે છે એમ નથી. અને તે જ્ઞેય પર છે એટલું નહિ. હું તો જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાયક. ત્રણ થઈને હું જ્ઞેય છું. જાણનાર પણ હું, જણવાયોગ્ય પણ હું અને જાણનાર જ્ઞાન તે હું. જાણનાર જ્ઞાયકભાવ પણ હું, જાણનાર જ્ઞાન પણ હું, જણાવાયોગ્ય ત્રણે જ્ઞેય પણ હું. ઝીણું છે. 'મલૂકચંદભાઈ' !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞેય એનામાં ગયા. અહીં શું છે ?

આની એક સમયની પર્યાયમાં ઇ જણાયા એ તો જ્ઞાનની પર્યાય થઈ. અને એ જ્ઞાનપર્યાય જેટલો પણ નહિ અને એ જ્ઞેયને જાણે એને ખરેખર જાણું એ પણ હું નહિ.

કહે છે, જુઓ ! ત્રણ આવ્યું કે નહિ ? છેલ્લો શબ્દ શું આવ્યો ? **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** એવો જ્ઞેય છું. છેલ્લા શબ્દો છે ને ? ભાઈ ! ત્રીજી લીટીનો. ત્રીજી લીટીનો પહેલો જ્ઞેય. સંસ્કૃત. અને છેલ્લો **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः'** એવો જ્ઞેય. સમજાણું કાંઈ ? હું તો જ્ઞાન, હું જ્ઞાતા, હું જ્ઞેય. એ ત્રણે થઈને હું જ્ઞેય. બહુ વાત (ઝીણી). એ કીધું ને ? જુઓ !

**'હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** ધર્માત્મા પોતાના આત્માને પરથી ભિન્ન કરીને

જણાવાયોગ્ય હું અને જાણનાર પણ હું. જણાવાયોગ્ય પણ હું અને જાણનાર પણ હું. એમ **'વેદ્યવેદકરૂપે જાણું છું...'** મને વેદ્યવેદકરૂપે જાણું છું. પર જણવાયોગ્ય અને જાણવાયોગ એમ નહિ. કહો, સમજાણું આમાં ? એ અભેદ વસ્તુ છે એ નિર્વિકલ્પ અવસ્થા થતાં જ્ઞેય, જ્ઞાયક અને જ્ઞાતા ત્રણ ત્યાં દૃષ્ટિમાં ભેદ રહેતો નથી, એમ બતાવવું છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શન દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શનની દૃષ્ટિ થતાં, દૃષ્ટિના વિષયમાં આ જ્ઞેય, આ જ્ઞાતા અને જ્ઞાન–એવા ત્રણ ભેદ રહેતા નથી. સમજાણું કાંઈ ? પોતે જાણનાર, પોતે જણાવાયોગ્ય, પોતે જ જ્ઞાયક. ત્રણે તે એક જ છે. જાણનાર જ્ઞાન, જણાવાયોગ્ય જ્ઞેય અને આખો જ્ઞાયક એ બધું એક જ છું. ભારે વાત, ભાઈ ! ભૂતાર્થ વસ્તુ એક સ્વરૂપે એવી અંતર જ્ઞેય.. બીજા તો પ્રશ્ન ક્યાંય રહ્યા કે નિમિત્તને જાણું છું કે નિમિત્ત મને જણાય તે પણ નહિ. અહીં તો હું જાણું છું અને હું જણાવાયોગ્ય છું એવો અભેદ અને જ્ઞાયક પણ હું જ છું–એવી અભેદદૃષ્ટિ અંતરમાં કરવી એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ ? દૃષ્ટિમાં... પહેલાં કીધું હતું ને ?

બંધ અને મોક્ષના પડતા વિકલ્પો તો દૂર રહો, પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભંગ પણ દૂર રહો અથવા શક્તિના–અનંત ગુણની શક્તિના ભેદ દૂર રહો, પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભંગ ભેદ દૂર રહો અને જ્ઞેય-જ્ઞાયક અને જ્ઞાતાના ત્રણ ભેદ પણ મારામાં નથી. અરે..! કહો, 'નંદલાલભાઈ'! હવે આમ બહારથી જોતા કેટલું અંદર જોવાય ?

જેમ હું જોનાર છું અને આ જણાય છે એમ નજર કરીને કરે છે કે નહિ ? એમ હું જોનાર છું અને આ જણાય છે એવો ભેદ પણ એમાં અંદરમાં નથી એમ કહે છે. આ તો વાત બહિર્બુદ્ધિમાં ગઈ કે આ જ્ઞેય જણાય એને હું જાણનાર. એ વાત તો બહિર્બુદ્ધિમાં ગઈ. પણ હું એક જણાવા લાયક અને હું જ્ઞાન દ્વારા જાણું અને જ્ઞાયક–એવા ત્રણ પ્રકાર પણ વસ્તુ ઉપર દૃષ્ટિ પડતા ત્રણ પ્રકાર ભેદ દૃષ્ટિ રહેતી નથી. ઓ..હો..!

**શ્રોતા :–** અદ્વૈત ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અદ્વૈત બ્રહ્મ છે એ પોતે એકલો. આખા બધા આત્માની અહીં વાત નથી. દ્વૈત ભાસતું નથી. પહેલું નથી આવી ગયું ? **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** વસ્તુ તો વસ્તુ છે, ગુણ છે, પર્યાય છે. પણ બધું જ્ઞેય છે બધાને જાણનાર જ્ઞાન છું અને આખો થઈને હું જ્ઞાયક છું. ઓહો..હો...! ભારે વાત, ભાઈ ! કારણ કે સામા છ દ્રવ્ય જ્ઞેય છે, એ તો જ્ઞાનની એક પર્યાય બહિર્મુખ પર્યાયના વિષયમાં એટલું જ્ઞાન આવી જાય છે. શું કીધું ? છ દ્રવ્ય છે, અનંતા સિદ્ધો છે, નિગોદ છે એ તો જ્ઞાનની એક બહિર્મુખ પરલક્ષી પર્યાયમાં એટલું તો જ્ઞાન આવી જાય છે, એટલો હું નથી. હું તો એ પર્યાયસહિત આખું દ્રવ્ય અને ગુણ, પર્યાયનો પિંડ તે મારું જ્ઞેય છે, તેનો હું જાણનાર છું અને જ્ઞાયક પણ એ હું જ છું.

કહ્યું ને ? **'તેથી મારું નામ જ્ઞાન,...'** કેમ કહે છે ? **'વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ**

**જ્ઞાન,...'** જ્ઞેયને જાણું માટે–પરજ્ઞેયને જાણું માટે મારું નામ જ્ઞાન છે એમ નથી. શું કીધું ? **'હું પોતાના સ્વરૂપને વેદ્ય...'** નામ જણાવા લાયક અને વેદક નામ જાણવા લાયક **'એમ જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...'** છે. મને જ હું જણવાયોગ્ય અને જાણનાર છું, બીજું કોઈ છે નહિ. એવી અંતર્મુખમાં, વસ્તુ સ્વરૂપમાં દૃષ્ટિ થતાં, એને દેખતા, એને દેખતા અને દેખનાર એવો ભેદ ન રહેતા, આને વસ્તુને દેખું છું અને હું દેખનાર જ્ઞાન છે, એવો ભેદ પણ ન રહેતા, સ્વજ્ઞેયને હું જાણનાર પોતે, વેદવાલાયક અને વેદનાર પોતે જ્ઞાયક પણ હું છું, એવી એકરૂપ અંતર દૃષ્ટિ થવી તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય કહે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

તેથી **'હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** હું મારા દ્વારા જણાવાયોગ્ય છું. હું પર દ્વારા જાણવાયોગ્ય છું એમ છું નહિ. **'હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય,...'** છે. જુઓ ! **'હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય,..'** છે. જ્ઞાન પણ હું છું. વેદ્યવેદકરૂપે જાણનાર હું જ્ઞાન. મારા દ્વારા હું જણાવ છું માટે હું જ્ઞેય છું. આહા..હા...! હજી તો તકરારું બહારમાં રહી ગઈ બધી. દેહની ક્રિયા ને વાણીની ક્રિયાથી ધર્મ થાય અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ધર્મ થાય. એ તો ક્યાંય બહાર રહી ગયા. આ એનું જ્ઞાન એટલો પણ હું નહિ એમ કહે છે. એની સામું મારે જોઈને મને જ્ઞાન થાય એમ નથી. આહા..હા...! વ્યવહારના જ્ઞાનને હું જાણું, વ્યવહાર જ્ઞેય તરીકે છે એમ જાણું. એટલો જ્ઞેય હું નહિ અને એટલો જાણનાર જ્ઞાનનો પર્યાય એટલો પણ હું નહિ એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જ્ઞાયક સ્વભાવ ચિદાનંદ મૂર્તિ, એ જણાવાયોગ્ય, એ જાણનાર જ્ઞાન અને હું મારા દ્વારા જણાઉં છું માટે હું જ્ઞેય (છું). સમજાણું ? **'એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;...'** આહા..હા...! આમ ને આમ રજળી મર્યો છે અનંત વાર. પોતે કોણ છે એને જોવા નવરો થતો નથી. બહારને જોવામાં વિકલ્પ છે અને બંધનું કારણ છે, દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ ? અહીં તો એમ સિદ્ધ કરે છે કે રાગ-દ્વેષ તો હું નહિ પણ રાગ-દ્વેષને જાણવાની પર્યાય થાય એટલો પણ હું નહિ અને રાગ-દ્વેષ જ્ઞેય એ ખરેખર જ્ઞેય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ વ્યવહાર જે વિકલ્પ ઊઠે, દયા, દાન, ભક્તિ એ તો વિકલ્પનું ઉત્થાન વૃત્તિઓ છે, એ ચૈતન્યસ્વરૂપ નથી. એ વૃત્તિઓ ઊઠે એને જાણું અને એ વૃત્તિઓ તે જ્ઞેય એમ નહિ અને એને જાણવું એવો પર્યાય થાય એટલું જ્ઞાન એમ નહિ. આહા..હા...! અરે...! ઝીણું, ભાઈ ! આત્મતત્ત્વને પહોંચવા માટે અભેદપણું થવું જોઈએ, એને ઠેકાણે ક્યાં ને ક્યાં વાડે ચડાવી દીધા બિચારાને. મરી જાય અને હેરાન થઈને ચાલ્યો જાય. સમજાણું કાંઈ ?

વસ્તુ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા સત્ શાશ્વત જ્ઞાનાનંદની મૂર્તિસ્વરૂપ છે એ તો. એના સ્વરૂપમાં કહે છે, પરને લઈને હું જાણું એમ નહિ, પરને જાણવાનો પર્યાય એટલો હું નહિ. પણ મારો સ્વભાવ, હું પોતે જ મારા જ્ઞેયને જાણું છું, જાણનાર હું છું અને જણવાયોગ્ય હું છું.

તે આદિ શક્તિનું, અનંત શક્તિનું સત્ત્વ તે જ્ઞાયક તે પણ હું છું. એવો ચૈતન્યદ્રવ્યમાં અભેદપણે આત્મામાં અનુભવ કરવો એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. આહા..હા...! માણસને માથું ફરી જાય એવું છે ને આમાં તો.

**શ્રોતા :–** દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધા અને ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં હવે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા તો ક્યાંય રાગમાં રહી ગઈ. એના જ્ઞાન અને જ્ઞેય, જ્ઞાન નહિ અને જ્ઞેય નહિ એમ કહે છે અહીં તો. દેવ-ગુરુ છે, વસ્તુ છે, છ દ્રવ્ય છે. બધું છે. કેમ એમાં દેવ-ગુરુ ન આવ્યા ? સિદ્ધ આવ્યા, ગુરુ આવ્યા, દેવ આવ્યા, બધું આવ્યું એમાં. શાસ્ત્ર ન આવ્યા એમાં ? બધું આવ્યું. પણ એ છ દ્રવ્ય જે આત્મા સિવાય છે એટલું જ મારું જ્ઞેય છે એમ નહિ. હું તો આખા મારા આત્મા વડે મને જાણું એ હું જ્ઞેય છું. આહા..હા...! અને છ દ્રવ્યને જાણવાની પર્યાય જેટલું જ્ઞાન હું નહિ. હું તો આખા દ્રવ્ય-ગુણ-પર્યાયને આખાને જાણું એવું મારું જ્ઞાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'વજુભાઈ'! બહુ ઝીણું પણ. આહા..હા...! આ સંચામાં તો આવું ફટ દઈને કરે જ્યાં દસ હજાર, વીસ હજાર પેદા થાય ચાલો-ચાલો. આંકડો ભેગો કરી નાખે.

**શ્રોતા :–** લોકાલોકને જાણે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની એક સમયની પર્યાયમાં લોકાલોક જણાય બહિર્મુખે. એટલું પણ મારું જ્ઞાન નહિ અને એટલું એ જ્ઞેય નહિ મારું. એમ કહે છે અહીં તો.

શું કહે છે ? આ જગત ચૌદ બ્રહ્માંડ છે અને ખાલી ભાગ છે. અનંત ખાલી ભાગ છે ને ? ખાલી... ખાલી... ખાલી... ખાલી... અનંત... અનંત.. એ મારા જ્ઞેય અને હું એને જ્ઞાનની અવસ્થામાં જાણું–એટલું એ જ્ઞેય નહિ અને એને જાણનારો પર્યાય એટલું એ જ્ઞાન પણ નહિ. 'છોટાભાઈ'! હું તો આખા દ્રવ્ય-ગુણ મારા અનંત ગુણનો પિંડ જ્ઞાયક. એને જ્ઞેય તરીકે હું જ્ઞાનમાં જાણું અને જ્ઞાયક પણ હું. એવા ત્રણ પ્રકારના ભેદ પણ મારી ચીજમાં નથી. એવી વસ્તુની અનુભૂતિ થવી, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ આત્માનો સાક્ષાત્કાર, એનું નામ મુક્તિનો ઉપાય. એય..! 'ધર્મચંદજી'! આવું બધું કરવા જઈએ તો પછી આ કોઈ કરશે નહિ.

આ મંદિર, મંદિરની પૂજા એક તો જુવાનિયા કરતા નથી. અને વળી આવું જો એની પાસે મૂકશો તો જુવાનિયા નાસ્તિક થઈને ભાગશે. હવે સાંભળને. એને કરવા કાળે એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. ભક્તિ આદિ હો, પણ એ શુભભાવ છે. એ હો એની કોણે ના પાડી છે ! પણ એ શુભભાવ એ આત્માનું એટલું જ જ્ઞેય છે, એમ નહિ. આખા લોકાલોકનું જ્ઞેય પણ એટલું જ જ્ઞેય છે એમ નહિ અને આખા લોકાલોકને જાણવાનો પર્યાય એટલું જ્ઞાનમાત્ર છું એવો પણ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાનઆત્મા અનંત અનંત જેના એક ગુણમાં, જ્ઞાનમાં અનંત કેવળજ્ઞાન સમાઈ ગયા, એક

સમયમાં લોકાલોક જાણે એ મતિ-શ્રુતમાં પણ જણાય અને કેવળમાં પણ જણાય, પણ એવા એવા તો અનંતી પર્યાય જેના એક ગુણમાં સમાય જાય. એવા એવા અનંતા ગુણોનું એકરૂપ એ મારું જ્ઞેય, એને જાણનારું જ્ઞાન તે જ્ઞાન, આ આખો જ્ઞાયક તે હું એક છું. સમજાણું કાંઈ ? આ લાકડું નથી જણાતું એમ અત્યારે તો કહે છે.

લાકડુ જણાતું નથી. જ્ઞાનનો પર્યાય એ પણે પરિણમ્યો છે તો જાણે છે. છતાં એ જ્ઞેય છે તેટલું જ જ્ઞેય મારું છે એમ નથી. આ લાકડાનો દાખલો આપ્યો. એમ લોકાલોક. મારું જ્ઞેય જણાવાયોગ્ય લોકાલોક છે, તેટલું જ્ઞેય મારે નથી. મારું જ્ઞેય તો અનંત ગુણનો પિંડ આખો જ્ઞાયક અને દ્રવ્ય-ગુણ-પર્યાય આખો એ મારું જ્ઞેય છે. અને આ લોકાલોકને જાણવા જેટલી જ્ઞાનની પર્યાય–અવસ્થા એટલું મારું જ્ઞાન નથી. મારું જ્ઞાન તો અનંતા દ્રવ્ય-ગુણનો પિંડ એવો ભગવાનઆત્મા, એને જાણનારું જ્ઞાન, એવા જ્ઞાનવાળો હું. એ તો હું ન થયો. જણાવા યોગ્ય હું, જાણનાર પણ હું અને જ્ઞાયક પણ હું. 'ધર્મચંદજી'! ભારે વાત, ભાઈ ! આવી વાત ! આ આત્મવિદ્યા છે. સમજાય છે ?

**શ્રોતા** :– બહારમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બહારમાં ઊડી ગયું છે ને ? અંદરમાં છે જ કે દિ' ? હોય ત્યારે ઉડે ને ? બહારનું રહેશે. જ્યાં સુધી રાગ છે, રાગ છે ત્યાં સુધી દેખાશે. ક્રિયા પણ શરીરની થવાની હોય એ થશે. પૂજા, ભક્તિ જે થવાના હશે એ થશે. પણ એના સ્વરૂપમાં જુઓ તો મૂળ દૃષ્ટિમાં એ વિકલ્પ અને એનું જ્ઞાન અને એની સામે જ્ઞેય, એટલો આત્મા નથી. એમ દૃષ્ટિમાં આત્માને ન લે, ત્યાં સુધી ઓલો વિકલ્પ અને ઓલાને વ્યવહાર પણ કહેવાતો નથી. એમ કહે છે. આહા..હા...! રાડ નાખે છે. ઓલા જુવાનિયા... બાપુ ! એને સત્ વસ્તુ છે. એ સત્ સમજતા એને એ સત્‌થી ભ્રષ્ટ થશે ? સમજાય છે ? આમ તો અનાદિથી ભ્રષ્ટ છે જ. વસ્તુની સ્થિતિ સચ્ચિદાનંદ પ્રભુ ! પૂર્ણાનંદકંદ આત્મા, એના અનંત ગુણનો એક રસકંદ એનાથી તો પતીત છે જ. રાગને પોતાનો માને છે, શરીરને પોતાનું માને છે અથવા વર્તમાન અલ્પજ્ઞ દશા એની પોતાને એવડી છે એમ માને છે. એ પતીત તો છે. સમજાણું કાંઈ ?

મહા ચૈતન્યસાગર ભગવાનઆત્મા, અનંત ગુણનો સાગર ચૈતન્યરત્નાકર, જેના એક એક ગુણમાં આખા લોકાલોકને જાણે, એવી એક એક પર્યાય, એવી અનંતી પર્યાય જેના એક ગુણમાં પડી છે. એવા અનંતા ગુણનો ભગવાનઆત્મા તે મારું જ્ઞેય છે. લોકાલોક એ જ્ઞેય નથી એમ કહે છે. એને જાણવું એ મારું જ્ઞાન છે અને એ બધું થઈને આખો તે હું જ્ઞાયક છું. આહા..હા...! સમજાણું કાંઈ ? 'રજનીભાઈ'! સમજાય છે આ ? આ સમજાય છે એમ કહીએ ને. ઓલું બધું બહારનું તો સમજાય છે. માને છે ને. ભારે વાત ભાઈ આવી !

**'એવા નામભેદ છે, વસ્તુભેદ નથી.'** શું કહે છે ? મારામાં એવું જણાવાયોગ્ય, જાણનાર, બધું શક્તિનો પિંડ તે જ્ઞાયક. એવા વચનમાં બોલવા માત્ર નામભેદ હો, વસ્તુમાં ભેદ નથી. વસ્તુ અખંડાનંદ

પ્રભુ ચૈતન્યહીરો આખો અખંડ છે. એને અંતરમાં નજરમાં લેવો અને અભેદમાં અનુભવ કરવો એનું નામ ધર્મ અને શાંતિ છે. એ વિના ધર્મ અને શાંતિ ક્યાંય ત્રણ કાળમાં બીજે છે નહિ. સમજાણું કાંઈ ? કોઈ દિ' નજર (કરી નથી). જગતની ચીજ હોય તો જોવા માટે નજર નાખી આમ ઝીણવટથી જોવે. પણ જોનાર એ પોતાને કેમ જોવો એની ખબર ન મળે એને. જે નજરે ટક ટક કરીને પરને જોવા માગે છે એ નજરે પોતે કોણ છે એમ જોવાની નજર કરતો નથી.

**શ્રોતા** :- કેમ થાતું નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરતો નથી માટે થાતું નથી. કેમ હશે ? 'મલૂકચંદભાઈ'! આહા..હા...! બહારમાં પાંચ, પચાસ લાખના રૂપિયા દરોડો પડતો હોય, ત્યાં નજર ટક ટક કર્યા કરે. આ પૈસા આવ્યા, આ પેદા થયા, આ વધ્યા. શું વધ્યું પણ તને ? ધૂડ વધી ?

**શ્રોતા** :- એ વખતે સુખ કેટલું છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વખતે દુ:ખનો ઢગલો છે. એ મને મળ્યા એવો ભાવ દુ:ખનો ઢગલો છે. મૂંઢ થઈને માને કે સુખ છે તો કોણ ના પાડે ? કહો, એ નક્કી કરવું પડશે ને ? શું કહે છે ? શું હશે ? 'મલૂકચંદભાઈ'! હમણા થોડો થોડો અનુભવ થાય છે કે નહિ ? એ તો અનાદિનું એમ જ છે. ધૂડમાં ક્યાંય નથી. મફતનો માનીને બેઠો છે. આહા..હા...!

ભગવાનઆત્મા આનંદમૂર્તિ છે. આત્મામાં નિત્ય અતીન્દ્રિય આનંદરસ પડ્યો છે. એને આત્મા કહીએ. આ પુણ્ય-પાપના વિકલ્પ છે એ આત્મા નથી, એ તો વિકાર છે. શરીર, વાણી, મન તો માટી જડ છે. અતીન્દ્રિય આનંદ છે એટલો પણ હું જ્ઞેય નથી એમ કહે છે અહીં તો. આહા..હા...! અને એનું જ્ઞાન કરવું એટલું પણ મારું જ્ઞાન નથી. અને અતીન્દ્રિય આનંદ એક એટલો હું જ્ઞાયક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અતીન્દ્રિય આનંદપ્રભુ એવા તો અનંતા અનંત ગુણ આત્મામાં છે. સ્વભાવ છે ને ? સ્વભાવને ક્ષેત્રની મર્યાદાની જરૂર નથી, એના સામર્થ્યની જરૂર છે. એક એક અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતા એવા અનંત ગુણરૂપ એક, એનું જે જ્ઞાન તે જ્ઞાન અને એ જ્ઞાયક તે હું અને તે મારું જ્ઞેય. બીજું જ્ઞેય એમ નહિ. પણ એ ત્રણના ભેદ પણ વચનમાત્ર છે, એમ કહે છે અહીં તો. પોતામાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ વચનનો કલ્લોલ છે, વિકલ્પનો કલ્લોલ છે, વસ્તુમાં એ નથી. એમ કહે છે. જુઓ !

**'ज्ञानज्ञेयकल्लोलवल्गन्'** એ વસ્તુના નામ ત્રણ ભલે પડ્યા. મારામાં ને મારામાં, હોં ! પરની સાથે કાંઈ નહિ. હું અનંત ગુણનો પિંડ જ્ઞાયક, હું પોતે જ્ઞાન બધાને જાણું એવું હું જ્ઞાન અને હું મને મારા દ્વારા જણાઉં એવો હું જ્ઞેય. એ નામભેદ હો. સમજાય છે ? વસ્તુભેદ નથી. વસ્તુમાં એ ત્રણ પ્રકાર નથી, વસ્તુ તો એકાકાર બધું થઈને (છે). જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાયક એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ ? 'છ ઢાળા'માં આવે છે. આવે છે કે નહિ ? જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય. એ બધું લીધું છે નયશ્રીમાંથી. **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'**. ભગવાન સ્વરૂપમાં જ્યાં અંતરમાં અનુભવમાં

આવે (ત્યાં) નયની લક્ષ્મી સંતાય જાય છે, નિક્ષેપ કાંઈ દેખાતો નથી, પ્રમાણ-બ્રમાણ બધું આથમી જાય છે. આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** સમજાણું ? ગોળ કહો, ગળપણ કહો અને ગળપણની મીઠાશ કહો. બધું એક જ છે. એમ જ્ઞેય કહો તો પણ હું, જણાવાયોગ્ય હોય તો પણ હું, જાણનાર હોય તો હું અને એવી અનંત શક્તિનો કોઈ જ્ઞાયક હોય તો પણ હું. કહો, હવે આમાં બધું ઊડી જાય છે કે નહિ ? ઊડી તે અંદરની દૃષ્ટિમાં એ છે જ નહિ કાંઈ. જ્યારે અંતર દૃષ્ટિમાં સ્થિર ન રહી શકે ત્યારે એવો શુભ વિકલ્પ હોય છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિ હોય છે. તો એટલા જ્ઞેય તરીકે પણ છું એમ એ વખતે જ્ઞાની માનતો નથી અને એના જ્ઞાન તરીકે એનું જ્ઞાન એટલો જ્ઞાન છું એમ પણ માનતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

એ ચૈતન્યના અંતરના રહસ્ય અને મર્મ એણે કોઈ દિ' જોયા નથી. અનંત કાળ ઢસરડા કાઢીને મરી ગયો. ત્યાગી થયો, સાધુ થયો, બાવો થયો. કરીને મરી ગયો. દીક્ષા લીધી, દક્ષા. સમજ્યા ને ? લોંચ કર્યા, મુંડાવ્યા અનંત વાર. પણ આ આત્માના ભાન વિના એ બધું અલેખે ગયું. આહા..હા...! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ આત્મજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ ? લ્યો, એ શ્લોક પૂરો થયો.

હવે, સ્યાદ્વાદની વિવિધતા બતાવે છે. એકાકાર છું, એક છું, શુદ્ધ છું, શુદ્ધ છું. બધું એક સાથે હોય છે. એવી કોઈ વસ્તુની (સ્થિતિ છે). સાધકની વાત છે અહીં ? સાધક સ્વભાવની વાત છે ને ?

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मतः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।९-२७२।।**

જરી વસ્તુનો સ્વભાવ, પર્યાયનો ધર્મ, ગુણધર્મ, દ્રવ્યધર્મ એવો બધો છે. એને સાધકપણે બધું જણાય, છતાં જ્ઞાની એમાં મુંઝાતો નથી. એ વાત અહીં સિદ્ધ કરે છે જરી. ભાવાર્થ એમ કહેવા માગે છે કે **'આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે,...'** જુઓ ! સમયસાર નાટક. **'તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે...'** નાટકમાં ઘણા પ્રકારે દેખાડે છે ને ? રાજા, કોઈ રાણી, કોઈ વીરરસ, કોઈ શ્રૃંગારરસ. એમ એક જીવવસ્તુ, આ એક આત્મા. **'અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.'** અનેક ભાવો દ્વારા આત્માનું સિદ્ધપણું સાબિત કરી શકાય છે. અનેક ભાવો દ્વારા વસ્તુને

સિદ્ધ કરી શકાય છે એમ કહેવું છે. સિદ્ધપણું પ્રાપ્ત છે એમ અહીં પ્રશ્ન નથી અત્યારે. સાબિતી કરે છે.

એક ભગવાનઆત્મા..! આ શરીર, વાણી, મન, હાડકા તો પર છે. અંદર પ્રારબ્ધ જે બંધાણું જડ એ પણ પર છે. જે ભાવે પ્રારબ્ધ બંધાય એ ભાવ પણ વિકારી (છે), આત્માથી ખરેખર પર છે. પણ એમાં અંદરમાં સાધકજીવ જ્યાં સુધી છે ત્યાં સુધી મલિન અને નિર્મળાદિ અનેક પ્રકાર જ્ઞાનમાં જણાય છે. જુદાં કહ્યાં હતા. અહીં તો પાછું ત્રણને કાઢી નાખ્યું. વળી પાછું એમાં જરી મેળવે છે. જ્ઞાન કરાવે છે કે ભાઈ ! શું કહે છે ?

**'मम तत्त्वं' 'મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે.'** જુઓ ! **'मम तत्त्वं'** જ્ઞાનપ્રકાશ સૂર્ય, પ્રભુ ! ચૈતન્યસૂર્ય આત્મા. ચૈતન્યના નૂરનું તેજ ભરેલો ભગવાનઆત્મા છે. **'કેવો છે ?' 'क्वचित् मेचकं लसति'** આમ જોઈએ તો **'કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.'** ભાષા જુઓ ! પાછું કેટલું ફેરવી નાખ્યું આખું. દૃષ્ટિમાં પહેલાં અભેદ કરીને બતાવ્યો. હવે એના જ્ઞાન સાધક છે એટલે બધું અનેક પ્રકારે જણાય છે, છતાં જ્ઞાની મુંઝાતો નથી. ક્યાં સુધી વાત લઈ ગયા ? સમજાણું કાંઈ ? દૃષ્ટિમાં વસ્તુ જ્ઞાન, જ્ઞેય, જ્ઞાયક એમ ત્રણ ભેદ પણ નહિ એવી વસ્તુ. એવી વસ્તુને દૃષ્ટિમાં લીધી, અનુભવ થયો. છતાં જ્યાં સુધી પૂર્ણ પરમાત્મદશા, કૈવલ્ય દશા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને જ્ઞાનમાં અંદર કેવું ભાસે છે એ વર્ણન કરે છે.

કહે છે, આમ જોઈએ.. ભાન હોવા છતાં હું જ્ઞાન, હું જ્ઞાયક અને જ્ઞેય બધું અભેદ છું એવું ભાન હોવા છતાં, **'કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતા અશુદ્ધ છે એવો...'** અનેક આકારરૂપ. મેચક છે ને ? મેલો એટલે અશુદ્ધ એટલે અનેક આકારે વિકલ્પમાં દેખાય છે. જ્ઞાન જાણવાનું કામ કરે છે એમ કહે છે. દર્શનનો વિષય ભાઈ ! ત્યાં પૂરો કર્યો આ પ્રમાણે. હવે એ દર્શનમાં, સમ્યગ્દર્શનમાં જે જ્ઞાન થયું, એ જ્ઞાન આવી રીતે ભાળે છતાં એ જ્ઞાનનો સ્વભાવ છે એમ એ જાણે છે. એમાં જ્ઞાની મુંઝાતો નથી. એક કોર વસ્તુને ભેદ નથી એમ જોવે છે. છતાં એની સાથેનું થયેલું જ્ઞાન એક કોર આમ જોવે તો અંદર રાગસહિત મલિન પર્યાય દેખાય છે. સાધકની વાત છે ને અહીંયાં ?

વિકલ્પ ઊઠે છે એ રાગ-દ્વેષવાળો વિભાવ પરિણતિથી જોતાં અશુદ્ધ એવો આસ્વાદ આવે છે. અનેક આકારરૂપ રાગ થાય છે એવો મેલો આસ્વાદ આવે છે. પૂર્ણ અનુભવનો આનંદ સર્વજ્ઞને જે થાય એવો હજી નથી, એમ કહે છે. આત્મા પૂર્ણાનંદને પામે, સર્વજ્ઞપદને પામે ત્યારે આ ભાવ હોતા નથી. પણ સાધકમાં આવા ભાવ હોય છે. આટલું બધું અભેદપણું દૃષ્ટિનો વિષય કહ્યા છતાં, જ્ઞાનમાં સાધકપણે જોવે તો આમ રાગાદિ પણ દેખાય છે. અને રાગનો સ્વાદ મેલો છે, મલિન છે, દુઃખરૂપ છે એમ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ ? લ્યો ! આવ્યું આ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અહીં સાધકની વાત ચાલે છે. કોની ચાલે છે આ ? અહીં અજ્ઞાનીની વાત જ ક્યાં છે ? સમજાણું કાંઈ ? પૂર્ણ દશા નથી એટલે ? વસ્તુ ભલે આવી છે. દૃષ્ટિ થઈ, પણ જ્ઞાન તે કાળે રાગથી મેલું છે એમ પણ દેખાય છે. જો ન હોય તો સર્વજ્ઞ થઈ ગયો હોય. અહીં તો શ્રુતજ્ઞાન અને સાધકજીવની વાત છે. સમજાણું કાંઈ ? અરે..! ક્યાં કાઢી નાખ્યું પાછું નાખ્યું કે એની પર્યાયમાં જ્ઞાનીને રાગનો સ્વાદ આવે છે. એક કોર કાઢી નાખ્યું કે રાગ-બાગનો સ્વાદ નહિ. જ્ઞાનીને એકલો આનંદનો સ્વાદ આવે છે એમ પહેલાં કહ્યું હતું. સમજાણું કાંઈ ?

નારકી કીધું નહિ ? 'નારકી બાહ્ય દુઃખ ભોગત, અંતર સુખની ગટાગટી.' બેય છે. નરકનો નારકી મહાપાપી જીવ છે, ત્યાં પણ આત્મજ્ઞાન પામે છે. સમજાય છે ? રાજા, મહારાજા, અબજોપતિ. અહીં મુનિઓએ, સંતોએ કીધું હોય, કે બાપુ ! આત્મા આનંદકંદ છે. સાંભળ્યું પણ જાણ્યું નહિ ને મોટા પાપ કરીને નરકમાં ગયા. એ પહેલી નરક, બીજી નરક છે, હોં ! હંબક નથી બધું. અંદર છે. એ ગયા અને એ પીડા... પીડા... પીડા... પીડા... આહા..હા...! અરે..! આ તે શું છે ? એમાં કોઈ પૂર્વનું કોઈ યાદ આવી જાય. અરે..! સંતોએ, મુનિઓએ કહ્યું હતું. અરે..! કરવા કાળે તે કર્યું નહિ, હોં ! સમજાય છે ? આહા..હા...! બધા સાધન હતા અને જ્ઞાનનો ક્ષયોપશમ વિકાસ પણ હતો પણ મેં મારામાં જોવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. આમ ને આમ મારો કાળ ગયો. એમ અંદરમાં ઓરતો થતાં કોઈ સમ્યક્ પામી જાય છે. અભેદપણાની દૃષ્ટિ ત્યાં થઈ જાય છે. સાતમી નરકે થાય છે ને. રવ-રવ સાતમી નરક નીચે છે. ... આહા..હા...! એની પીડાની શું વાત ! એ તો જ્ઞાની કહે અને જાણે. વેદનારો વેદે. એટલી ..

બાપુ ! ભાઈ ! અનાદિનો આત્મા છો ને, બાપુ ! કાંઈ આત્મા નવો ન થાય. આત્મા વસ્તુ કાંઈ નવી થાય ? એ તો છે, છે ને છે. અનાદિની છે. રહ્યો ક્યાં ? આહા..હા...! અરે..! ભાઈ ? તું નરકમાં અનંત વાર રહ્યો છો. તને ખબર નથી. માતાના પેટમાં રહ્યો હતો એની ખબર નથી. ખબર છે ? સવા નવ મહિના કેમ રહ્યો હતો ઇ ? એ સવા નવ મહિના ઉંધે માથે માતાના પેટમાં (રહ્યો). આહા..હા...! એની ખબર છે ? આપણે ચિત્ર ચિતર્યું છે આમાં. 'છ ઢાળા'માં ચિત્રમાં ઠીક ચિતર્યું. આમ માથુ. સંકડાશમાં એટલામાં સવા નવ મહિના રહ્યો. એ સાચી વાત હશે કે નહિ ? કે બીજો આત્મા હતો ત્યાં ? આહા..હા...! ભગવાનઆત્મા તો એનો એ છે. એનું શરીર આવડું નાનું હતું. બહાર ... આહા..હા...! કહે છે, ભાઈ ! એ તને યાદ નથી માટે નહોતું એમ છે કાંઈ ? એમ અનંત કાળમાં નરકના ભવ તેં અનંત કર્યા એ યાદ ન આવે એટલે કાંઈ નહોતા એમ છે કાંઈ ? આહા..હા...! એ નરકની અંદર પણ ચૈતન્યની રમતું કરી લે છે, આનંદનો સ્વાદ લઈ લે છે. સમજાણું કાંઈ ? એ દુઃખના દહાડાના સંયોગો સાંભળો તો એમ થઈ જાય કે અર..ર..! આ ? સોળ રોગ જન્મતા હોય એને. કંઠમાળ, ભગંદર, શ્વાસ, દમ, કફ, શૂળ. તમારે એક રોગ આવે તો રાડ નાખે. શું કહેવાય ઓલું ? કેન્સર. એવા એવા તો રોગ રુંવાટે રુંવાટે કેટલા નારકીને.

**શ્રોતા** :- એને કાંઈ ખાવા-પીવાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાવા-પીવાનો એક કણ મળે નહિ અને તૃષાનો પાર ન મળે.

**શ્રોતા** :- એ વિના રોગ કેમ થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાય તો રોગ થાતા હશે ? ખાવાને લઈને રોગ થતા હશે ? એ ઠીક કહ્યું. પણ ખાવાનો એક કણ મળતો નથી. અનંતા અનંતા આખા મોટો લોક અનાજનો હોય કોળિયો કરીને આપો તો તરત પચી જાય. એક કણ મળે નહિ અને એટલી પીડા. એ ક્ષુધા કેટલી હશે ? સ્વયંભૂરમણનું પાણી આપો તો એક ઊના કડાયામાં જેમ ટીપું પડે એવું સ્વયંભૂરમણ સમુદ્રના પાણીની તૃષા ટીપા જેવી લાગે. ટીપુ મળતું નથી. અરે..! ભાઈ ! ભગવાનઆત્મા પોતાને ભૂલી અને પરમાં આકુળતામાં એ અમાપ આકુળતાએ ગયો. અમાપ આનંદ છે એનાથી ગુલાંટ ખાઈ ગયો. અનંત આકુળતામાં ગયો. અહીં તો કહેવું છે કે એ કાળે પણ સમજી જાય છે એટલું કહેવું છે. સમજાય છે ? (આમ જોવે તો) જરી દુઃખ પણ લાગે છે, રાગાદિથી. આમ જોવે આનંદ પણ લાગે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ માણસપણું અને જ્યાં શરીર કાંઈક મળ્યું. આ ધૂળમાં આ કાંઈક. એમાં તો હું પહોળો ને શેરી સાંકડી. એમાં એક લાખ રૂપિયાની મોટર હોય. લાંબી આમ. શું એનું નામ ? નામ પણ આપણને ખબર નથી. એક હમણા મોટર નહોતી આવી ? મોટી ઊંચી હતી. લાખ રૂપિયાની મોટર હતી કહે છે. ઓલો આવ્યો હતો ને એક 'જયપુર'નો પ્રોફેસર. ઓલી છોકરીના જાતિસ્મરણ માટે. આપણે પંડિતજી પાસે. એમના ભત્રીજાની દીકરી. જાતિસ્મરણ છે ને ? પાંચ વર્ષે. ઓહો..હો...!

**શ્રોતા** :- કેવી મજા આવે !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં પણ મજા નથી. હોળી સળગે છે ત્યાં.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પણ ઊંચી કેવડી. જાણે ઘર જેવડી. એક એની બાયડી અંદર બેઠી હતી. એક કો'ક માણસ બેઠો હતો. બે ટોપાવાળા નીકળ્યા બહાર. આમ નીકળ્યો હતો ત્યાં. 'હિંમતલાલ શાહ'. શું છે કીધું ? કોણ છે ? કે આ 'જયપુર'ના પ્રોફેસર છે. છોકરીનું રાજુલનું તપાસવા આવ્યા છે. ઠીક. મેં તો 'હિંમતલાલ શાહ' પહેલાં આ ભાઈ સમજ્યા. 'હિંમતલાલ શાહ' 'વાંકાનેર'થી આવ્યા છે. છોડીને પૂર્વ જન્મનું જ્ઞાન થયું છે એમને પૂછવા આવ્યા છે. 'ધર્મચંદભાઈ' હતા કે નહિ ? 'ધર્મચંદભાઈ' નહોતા. પણ ભાઈ ! લાગે એમ એ. ટોપા-બોપા અને લુંગડા-બુગડા એ જાણે કાંઈ આમાં બીજું કાંઈ હશે જ નહિ. આ જ બધું છે એમ માણસને લાગતું હોય. એવો સલવાઈ ગયો હોય... એવો સલવાઈ ગયો હોય... આહા..હા...! પૂછવા આવ્યો હતો જાતિસ્મરણનું. એની સંસ્થા છે ને એક મોટી ? પૂર્વભવનું જ્ઞાન થયું હોય એ બધાનો રેકોર્ડ એની પાસે હોય છે. ૨૦૧ કે ૨૧૦ એમ કાંઈક કેટલાક કહેતા હતા. મારી પાસે .. ઓલો ગુજરાતી બોલતો હતો. આપણે ...મને

એમ કે ગુજરાતી હશે, હું પણ ગુજરાતી બોલ્યો. પણ ઓલો હિન્દી હતો. પ્રોફેસર મોટો. અરે..! આ ભવમાં પહેલાં ભવ હતો એ તપાસવા આવે એને ભવનો વૈરાગ્ય ન મળે.

**શ્રોતા :–** એને પોતાને ખાત્રી ક્યાં થાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રત્યક્ષ નથી દેખાતું આ ? એક આવું પામ્યો, એક સાધારણ પામ્યો, એક ગરીબ પામ્યો એ કાંઈ પૂર્વના કારણ વિના આ બધો ફેર પડે છે ? પ્રત્યક્ષ દેખાય છે કે નહિ ? સો વાર માગે તો રોટલો મળતો નથી અને એક આમ સાધારણ હુકમ કરે ત્યાં ૫૦-૫૦ લાખ, કરોડ રૂપિયાના દરેડા થઈ જાય. કાંઈક પૂર્વનું દેખાય છે કે નહિ ? આત્મા તો ઇનો ઇ છે. પૂર્વના એવા પુણ્ય-પાપના પરિણામથી એવા બંધન હોય એના ધૂડના સંયોગો આવા દેખાય. એમાં એને આત્મામાં અંદર ક્યાં એ લાભ હતો ? પણ કાર્ય ફેરે, ફળ ફેરે, કારણ ફેર દેખાય છે કે નહિ ? પૂર્વ ભવ નથી ? આ પહેલાં... એ પહેલાં.. એ પહેલાં... તો અનાદિ થોથા અનંત વાર કર્યા છે.

અહીં તો કહે છે કે જ્યાં આત્માનું ભાન અભેદ કરીને થયું તોપણ જ્ઞાનીને મલિનતાનો ભાગ રહે છે એને એ જાણે છે, મુંઝાતો નથી. એમ કહેવું છે, હોં ! રાગ દેખાય, મલિનતા થાય એનાથી મુંઝાતો નથી. આ શું વળી ? એક કોર આ શુદ્ધનો પિંડ, પ્રભુ ! અને આ મલિનતા શી પર્યાયમાં ? મુંઝાતો નથી. સાધક છું. મારી પૂર્ણ દશા નથી, રાગાદિથી મલિન પર્યાય દેખાય છે.

'पुनः' **'એકાન્તથી આવો જ છે એમ નથી;...'** સ્યાદ્વાદ કરે છે ને ? **'આવો પણ છે–'** **'क्वचित् अमेचकं'** **'એકવસ્તુમાત્ર જોતાં શુદ્ધ છે.'** આમ વસ્તુ દેખે તો પવિત્ર આનંદ છે. પદાર્થ, આત્મા દેખે તો આનંદ છે, શુદ્ધ છે અથવા એકરૂપ છે અથવા અમેચક છે. આમ જોવે ત્યાં રાગની મલિનતા પર્યાયમાં હજી બાકી દેખાય છે. હો, વસ્તુનો એ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? **'શુદ્ધ છે. એકાન્તથી આવો પણ નથી.'** શું કહ્યું અહીંયાં ? એમ ન કહ્યું કે આની કોર મને આમ સુખ દેખાય છે અને આમ સુખ દેખાય એમ નથી. આમ દેખાય છે ત્યાં અશુદ્ધતા દેખાય છે એટલે દુઃખ દેખાય છે. જેટલો અંદરમાં રાગ અને દ્વેષનો પર્યાય ઊભો થાય છે, રાગનો ઊભો થાય એટલો અશુદ્ધ અને દુઃખ છે. એમ જ્ઞાની રાગને દુઃખરૂપ જાણે છે. અને આમ આત્માને આનંદ જાણે છે. પર્યાયમાં એટલી મલિનતાને દેખે છે, આમ આનંદને દેખે છે. છતાં એ મુંઝાતો નથી કે આ શું ? એ તો વસ્તુની સ્થિતિની સાધકદશામાં એવું જ હોય. પૂર્ણ થઈ ગયા એને પૂર્ણ આનંદ. ભાન નથી એને પૂર્ણ દુઃખ. ભાન નથી એને પૂર્ણ દુઃખ. પૂર્ણ થઈ ગયા એને પૂર્ણ આનંદ. હું સાધનારો હજી પૂર્ણ થયો નથી. માટે આમ જોઈએ તો આનંદ છે, આમ જોઈએ તો રાગનું જરી દુઃખ પણ દેખાય છે. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? વાહ ! જ્ઞાન પણ પાછું કરાવ્યું એને. જ્ઞાન કરે છે. ... અશુદ્ધતા છે થોડી. અશુદ્ધ, મેચક, એક આકારરૂપ ન થવું એવી પણ એક દશા છે. આમ જોવે તો એકાકારરૂપ શુદ્ધ, આનંદ બેય છે. તો કેવો છે ?

**'એકાન્તથી આવો પણ નથી.'** લ્યો ! ત્યારે **'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;— એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.'** બે ભેદ ઘટે છે. બે ભેદ ઘટિત થાય છે. શું કહે છે ? ભગવાનઆત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ. એવું ભાન થયું, અનુભવ થયો છતાં હજી પૂર્ણદશા પ્રગટ થઈ નથી. એથી ધર્મીને આમ એક દશા તરફ જોવે તો અશુદ્ધ પણ દેખાય, આમ ઉપયોગ ઠરી જાય તો એકલો આનંદ દેખાય. અને એક ક્ષણે બેય સાથે દેખાય. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;...'** ઓહો..હો...! ક્યાંથી ક્યાં વાત લઈ ગયા. સમજાણું કાંઈ ? **'એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.'** બેય એક ક્ષણમાં ધર્મીને, સમ્યગ્દષ્ટિને, સાધકજીવને એક ક્ષણમાં બેય ઘટિત થાય છે. થાય છે કે નહિ ? કેમ ઘટીત થાય છે ? શું કરવા ? શું કરવા ?–આ સાધક છે માટે, પૂર્ણ સિદ્ધ થઈ ગયો નથી. અને એકલું દુઃખ છે એમ પણ નથી. અરે..! અહીં સાધક છે એમાં વસ્તુની સ્થિતિ આવી જણાય છતાં સમ્યગ્દષ્ટિ મુંઝાતો નથી. વસ્તુની સ્થિતિ જ એવી છે. મારું આનંદ સ્વરૂપ છે. એવું ભાન થયું છતાં આનંદની પૂર્ણ દશા હજી મને થઈ નથી. માટે પૂર્ણ નથી એટલે આ મલિનતા છે અને દુઃખ છે. આ શું ? હોય. આ શું શું, એ કાળે હોય. પૂર્ણ ક્યાં થયો છે ? સમજાણું કાંઈ ? આવી ચીજ સ્યાદ્વાદ વિના અજ્ઞાનીને બેસતી નથી.

**'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ...'** એક કોર મલિન પરિણામ છે. આમ જોવે તો વસ્તુરૂપ એકી વખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે. કહો, સમજાણું ? અશુદ્ધપણારૂપ અને વસ્તુમાત્ર રૂપ. **'એકી વખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;— એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે. એવું કેમ છે ?' 'सहजं' 'સ્વભાવથી એવું જ છે.'** ભાષા જુઓ ! એવો સ્વભાવ જ છે. પૂર્ણ દશા થઈ નથી ત્યાં સુધી સાધકને એવો જ સ્વભાવ છે. ભાષા કેવી ? સહજ સ્વભાવ છે. એટલે શું કીધું ? મલિન પરિણામ પણ સહજ સ્વભાવ એટલે પર્યાયનો એ મલિનતાનો ધર્મ છે. એ કાંઈ કો'કથી થયેલો છે એમ નથી અને કો'કમાં છે એમ નથી. ધર્મનું ભાન થયા છતાં વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એનો અનુભવ અને દૃષ્ટિ થયાં છતાં પૂર્ણાનંદ જ્ઞેય-જ્ઞાયક-જ્ઞાન આદિ ભેદ ટાળીને ભાન થયા છતાં, પાછો પર્યાયમાં રાગાદિનો મલિનભાવ (છે) એને જોવે, ત્રિકાળ આનંદ છે એને જોવે, એક સાથે બેય છે એને પણ જોવે. સમજાણું કાંઈ આમાં ?

**'સ્વભાવથી એવું જ છે.'** સ્વભાવથી એટલે ? પૂર્ણ ન હોય ત્યાં સુધી પર્યાયનો ધર્મ પણ એવો જ છે. એક પર્યાયના બે ભાગ : થોડો આનંદ અને થોડું દુઃખ. શું કીધું ? આમ આનંદ છે, આમ દુઃખ છે. અવસ્થામાં આમ ભાન થયું એટલો આનંદ પણ છે. આમ છે એટલું દુઃખ છે. ઓહો..હો...! વસ્તુની સ્થિતિ.. બીજી રીતે કહીએ તો જેટલો શુભ વિકલ્પ ઊઠે છે એટલો એ અશુદ્ધ ભાળે છે, અશુદ્ધ જોવે છે. સમજાણું કાંઈ ? આમ શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ નિર્મળ છે. બેય એનો ધર્મ છે, એનો

સ્વભાવિક સહજ સ્વભાવ છે. સ્વભાવ એટલે કોઈથી થયેલો નથી. અશુદ્ધતા પણ એનાથી થયેલી છે અને શુદ્ધ સ્વરૂપ છે એનું ભાન પણ પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ ? આ શું પણ કોણ જાણે ? 'ભીખાભાઈ'! એની કેટલી ઘૂંચ જાણે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... નથી કોઈને સુખ. બધાને દુઃખના ઢગલા છે. આ ઠીક નાખે. કો'કને પૈસાનું, કો'કને છોકરાનું. બધા હોળીમાં સળગ્યા છે. છોકરાવાળા, પૈસાવાળા, રૂપાળા એ બધા માટીના ઢગલા પર છે. એમાં સુખ ક્યાંથી આવ્યું ? ધૂડમાં ? મૂંઢ માને છે. મૂંઢને અંદર મૂંઢમાર વાગે છે. ભાન નથી ભાન નનૂરને. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે આ ભાન થયા એને દુઃખ છે, એનું જ્ઞાન કરતા એ મુંઝાતો નથી. આ શું ? અરે..! હું તો આનંદ છું. અભેદ થઈને ભાન થયું, વળી આ દુઃખની દશા થોડી ક્યાંથી દેખાય ? **'अमलमेधसां तत् मनः न विमोहयति' (अमलमेधसां)** જોયું ? જેની મેલ વિનાની બુદ્ધિ છે. મેલ વિનાની એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. '**(अमलमेधसां)**' મેલ વિનાની બુદ્ધિ છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. નિર્મળ બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ. ભગવાનઆત્મા પૂર્ણાનંદ છે એમ સાચું જ્ઞાન થયું છતાં સમ્યગ્જ્ઞાનમાં એ રાગાદિ જણાય એમાં એ મુંઝાતો નથી. મારી પ્રયત્નની નબળાઈ છે. મારો પુરુષાર્થ એટલો કમજોર કામ કરે છે એથી ત્યાં અશુદ્ધતા ભાસે છે. છે... છે... એનું અસ્તિત્વ, એમ કહે છે.

'तत् मनः' '**તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ...**' જોયું ? 'तत् मनः' '**अमलमेधसां तत् मनः न विमोहयति**' '**સંશયરૂપ થતી નથી– ભ્રમને પ્રાપ્ત થતી નથી.**' ભ્રમ ન થઈ જાય કે અરે..! પણ આ શું ? આ એકલો આનંદ ! વળી આ અશુદ્ધતા ! વળી એક સમયે બેય ભેગા ! અશુદ્ધતા અને શુદ્ધતા બે ભેગા ! આ શું ? ઇ વસ્તુની સાધકદશામાં એવું જ હોય છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિનું મન '**न विमोहयति**' મુંઝાતું નથી. પણ આવો આત્મા આખો પૂર્ણ દૃષ્ટિમાં આવ્યો છતાં વળી આ મેલ ક્યાંથી દેખાણો ? એ પણ પર્યાયની અવસ્થાનો ધર્મ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ સર્વ ભાવે ન પરિણમે (ત્યાં સુધી રહે છે). '**ભ્રમને પ્રાપ્ત થતી નથી.**' સંશય થતો નથી. આ શું વળી આવ્યું ? માટે દ્રવ્ય અશુદ્ધ હશે ? એમ ભ્રમ પડતો નથી. આ પર્યાય અશુદ્ધ છે તે બીજાની હશે ? એમ ભ્રમ પડતો નથી. ક્યાં ફેરવીને વાત પાછી સ્યાદ્વાદની લીધી ને સાધકને. છેલ્લા શ્લોક છે ને.

'**ભાવાર્થ આમ છે કે–જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે-એમ કહેતાં અવધારવામાં ભ્રમને સ્થાન છે,...**' એવું કહેવામાં અજ્ઞાનીને ભ્રમનું સ્થાન છે. '**તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે, ભ્રમ ઊપજતો નથી.**' લ્યો ! સમજાણું કાંઈ ? '**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं**' જુઓ ! '**પરસ્પર મળેલી છે...**' '**प्रकटशक्ति**' '**સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ...**' જુઓ ! એ '**સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો સમૂહ છે...**' અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે. એ બધી શક્તિઓનો સમૂહ આત્મા છે. મલિનતા થવાની યોગ્યતા

પણ એક શક્તિ છે-એક પર્યાય ધર્મ (છે). સમજાય છે ? આહા..હા...!

**'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમને સમૂહ છે જીવવસ્તુ.'** એનો સમૂહ જીવવસ્તુ (છે). **'વળી કેવી છે ? સર્વ કાળ ઉદ્યોતમાન છે.'** એનું સ્વરૂપ જ એવું છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગપણે પરિણમે નહિ, ત્યાં સુધી પર્યાયનો ધર્મ પણ મલિન છે, દ્રવ્ય સ્વભાવ નિર્મળ આનંદ છે. બેય એકસાથે દેખાય છે છતાં જ્ઞાની મુંઝાતો નથી. એવું સ્યાદ્વાદ નામ વસ્તુની સ્વરૂપની સ્થિતિ છે એમ જ્ઞાની બરાબર જાણે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** એક કહે છે કે ક્રમબદ્ધપર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બંને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે. મિત્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બંનેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે, મીંઢવે છે કે અરે ! આ રાગ દુઃખરૂપ છે-એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, તેને રાગની મીઠાસ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાસ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ... ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. ૪૩૧.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી કળશટીકા, કળશ-૧૭૩
## પ્રવચન નં. ૧૮૩, તા. ૨૩-૧૨-૧૯૭૭
## [૪]

'કળશટીકા' ૧૭૩ કળશ (ચાલે) છે. ભાવાર્થ છે. છેલ્લી ચાર લીટી છે ને ? સૂક્ષ્મ અધિકાર છે. ભગવાન જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે પરને જિવાડી શકું, મારી શકું, બીજા જીવને હું સગવડતા દઈ શકું એ ભાવ મિથ્યાત્વ ભાવ છે. જરી સૂક્ષ્મ વાત છે.

'બંધ અધિકાર' છે ને ? તો હું આત્મા અને બીજો આત્મા, તેને હું જિવાડી શકું છું, બીજાને હું મારી શકું છું, બીજાને હું સુખ દઈ શકું છું, સગવડતા આપી શકું છું, બીજાને હું અગવડતા દઈ શકું છું વગેરે વગેરે ક્રિયા હું કરી શકું છું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. જૈન પરમેશ્વર તેને મિથ્યાત્વ કહે છે. આહા..હા...! સૂક્ષ્મ વાત છે. 'બંધ અધિકાર' છે ને ?

એ તો ઠીક, પરની એકત્વબુદ્ધિનો તો નિષેધ કર્યો. આ આત્મા પર પદાર્થનું કાંઈ કરી શકે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. કેમ કે પરપદાર્થ ભિન્ન સ્વતંત્ર પદાર્થ છે, તેને આ સ્વતંત્ર આત્મા પરનું કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. એ વાત તો એક બાજુ રહી. પરની ક્રિયા હું કરી શકું છું એ વાત તો મિથ્યાત્વ છે પણ આચાર્ય – 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર સંતો તો એમ કહે છે કે જ્યારે ભગવાને પરની એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો, પરને જિવાડું, બચાવું એવી બુદ્ધિનો ત્યાગ કરાવ્યો તો હું એમ માનું છું કે પરના આશ્રયે જેટલો વ્યવહાર (થાય) છે એ પણ ત્યાજ્ય છે. આહા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ !

ધર્મી જીવ (કે) જેને ધર્મ પ્રગટ થયો છે (અર્થાત્) હું આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ છું એવી જેને અંતરમાં વસ્તુસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે, તેને ધર્મની પહેલી સીઢી કહે છે. આહા..હા...! સમજાય છે ? એ ધર્મની પહેલી સીઢી જેને પ્રગટ હો તો તેને કહે છે કે પરની એકત્વબુદ્ધિનો તો ત્યાગ છે પણ પરના આશ્રયે જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ થાય તે પણ બંધનું કારણ છે. માટે, જ્ઞાનીને તે પણ ત્યાજ્ય નામ હેય છે. આહા..હા...! આ સૂક્ષ્મ વાત છે. એ કહ્યું. ભાવાર્થ છે ને ? ભાવાર્થ છે ? કળશમાં છેલ્લી લીટી છે, છેલ્લી ચાર લીટી !

**'ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'**

આ..હા..હા...! જેને મિથ્યાત્વનો નાશ થાય છે અને પોતાના ચૈતન્ય સ્વરૂપના અનુભવની સમ્યગ્દષ્ટિ થઈ... આહા..હા...! તેને સકળ વ્યવહાર ત્યાજ્ય છે, દૃષ્ટિમાં તેનો આદર નથી. વ્યવહાર આવે છે પણ તે ત્યાજ્ય છે, દૃષ્ટિમાં તેને હેય માને છે. સમ્યગ્દૃષ્ટિ જીવને વ્યવહારનો ભાવ – દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, ભક્તિના ભાવ આવે છે, પણ તે વ્યવહાર છે, બંધનું કારણ છે. આહા..હા...! તો સમ્યગ્દૃષ્ટિ જીવ – ધર્મની પહેલી સીડી – મોક્ષમહેલની પહેલી સીડી, એ સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીડીવાળાને પરને જિવાડી શકું છું, મારી શકું છું એ બુદ્ધિ તો નાશ પામી ગઈ, પણ પરના આશ્રયે જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આવે છે તે પણ સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિમાં તેનું હેયપણું છે નામ ત્યાજ્ય છે. જુદી જાતની વાત છે, 'ન્યાલભાઈ' ! (આ) બધું કોઈ દિ' સાંભળ્યું નથી, 'મુંબઈ'માં એમને એમ હેરાન થઈ ગયા.

**શ્રોતા** :– રખડપટ્ટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વાત સાચી, બાપા ! રખડપટ્ટી કરી, બાપુ ! અંદર આ ભગવાનઆત્મા કોણ છે એની ખબરું ન મળે અને હું પરનું કરી દઉં, પરને આહાર દઈ શકું, પાણી આપી શકું, ઔષધ દઈ શકું... આ બધા કાર્યકર્તાઓ એ અભિમાન કરતાં હતા. 'ન્યાલભાઈ' ! ખરી વાત છે ને ? આ તો જાણવા માટેની વાત છે ને ! આહા..હા...! અમે આમ કરી દઈએ, દુનિયાને વ્યવસ્થા કરી દઈએ, મકાન બનાવી દઈએ, કૂવા ખોદી દઈએ, તળાવ બનાવી દઈએ, ઔષધ ને દવાખાના બનાવી દઈએ, દવાખાના ! દવાખાનાને શું કહે છે ? ઇસ્પિતાલ ! લોકોને દવા મળે... કહે છે કે પરની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. આહા..હા...!

**શ્રોતા** :– નિમિત્ત તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નિમિત્તનો અર્થ શું ? (કાર્ય) થાય છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે, પણ એનાથી થયું એ વાત છે નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભગવાન !

તારું સ્વરૂપ તો અંદર સચ્ચિદાનંદ (છે). સત્ નામ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ આત્મા છે. આહા..હા...! તેની જેને દૃષ્ટિ થઈ, હજી સમ્યગ્દર્શન (થયું છે), હોં ! ચારિત્ર પછી, ચારિત્ર તો અલૌકિક વાતું છે ! અહીંયાં તો પ્રથમ સમ્યગ્દૃષ્ટિને (એમ ભાન થયું છે કે) પોતા સિવાય કોઈપણ કાર્ય કિંચિત્ એક તણખલાના બે ટૂકડા કરી શકું એ હું નહિ. સમજાય છે ? આ તમે બધા ઊંધા ધંધા કરો છો ને ! હીરા વેચ્યા ને હીરાના પૈસા લીધા. એ માન્યતા જૂઠી છે, કહે છે. આહા..હા...!

પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા 'સીમંધર' ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે, મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે ત્યાં આગળ 'કુંદકુંદાચાર્યદેવ' સંવત ૪૯મા (ગયા હતા). આ 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત હતા. આ વચમાં છે ને ? તેઓ ત્યાં ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. તો અહીંયાં 'બંધ અધિકાર'માં

એમ ફરમાવે છે કે પ્રભુ તો આમ કહેતા હતા કે એક આત્મા બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ અને કરી શકે એવી મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. એ જૈન નહિ, એને જૈનની શ્રદ્ધા નથી. આહા..હા...! એ ઉપરાંત પરની એકત્વબુદ્ધિ તો છોડાવી પણ પરના આશ્રયે જે ભાવ થાય છે – દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, શુભ ભાવ એ પણ બંધનું કારણ છે. આ..હા..હા...! આકરી વાત, પ્રભુ ! સમ્યગ્દૃષ્ટિને તે પણ હેય છે. સમજાણું કાંઈ ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ! એનો માર્ગ કોઈ અલૌકિક છે ! આવી ચીજ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા...! જેનામાં છે એની પણ એને ખબર નહિ.

**'ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો...'** (અર્થાત્) પરની કર્તાબુદ્ધિ છૂટી ગઈ અને પરના આશ્રયે જે વ્યવહાર ઉત્પન્ન થાય છે તે પણ દૃષ્ટિમાંથી છૂટી ગયો. આહા..હા...! (વ્યવહાર) રહ્યો પણ દૃષ્ટિમાંથી છૂટી ગયો. તેનો આશ્રય નહિ અને તેનો આદર નહિ. આવી વાત છે, બાપુ ! ભગવાન ! અનાદિકાળથી હેરાન થઈને દુ:ખી થઈને રખડે છે. પોતાની ચીજ શું છે ? અને પર શું છે ? તેનું કંઈ ભાન નથી, ભેદજ્ઞાન નથી. પરથી મારી ચીજ ભિન્ન છે અને મારાથી પર ચીજ ભિન્ન છે, તો ભિન્ન (પદાર્થનું) હું કંઈ કરી શકતો નથી. આ..હા..હા...!

**શ્રોતા :–** પરસ્પર એકબીજાને મદદ કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ મદદ કરી શકે ? એ તો નિમિત્તની અપેક્ષાએ ઉપગ્રહ કહેવામાં આવ્યું છે. પરસ્પર ઉપગ્રહો ! એ તો તેને કારણે ત્યાં થાય છે ત્યારે નિમિત્ત હોય તેને કહેવામાં આવે છે કે આ નિમિત્ત છે, બસ ! પણ એનાથી પરમાં થયું છે (એમ નથી), કિંચિત્ માત્ર થતું નથી. આહા..હા...! અરે...!

અહીંયાં પ્રભુ તો એમ કહે છે કે **'મિથ્યાભાવ જેને છૂટી ગયો...'** જેની મિથ્યાશ્રદ્ધા છૂટી ગઈ... આહા..હા...! અને જેને અંદર સમ્યગ્દર્શન – ધર્મની પહેલી સીડી (પ્રગટ થઈ), એ 'છ ઢાળા'માં આવે છે 'મોક્ષ મહેલ કી પહેલી સીઢી' આહા..હા...! એ સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે ! ભાઈ ! દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ, નવ તત્ત્વને ભેદથી માનીએ છીએ તે સમ્યગ્દર્શન છે, એવી ચીજ નથી. આહા..હા...!

અહીંયાં તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ ! એ પૂર્ણ આનંદ અને પૂર્ણ દ્રવ્યની દૃષ્ટિ જેને અંતરમાં થઈ, એવા સમ્યગ્દૃષ્ટિને એ સર્વ વ્યવહાર હેય કહેવામાં આવ્યો છે. આ..હા...! આવી વાત છે. આકરું બહુ ! છે અંદર ?

**'મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** છે એમાં ? આ કળશ 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો છે. દિગંબર (સંત) ! મૂળ શ્લોક 'કુંદકુંદાચાર્યદેવ'ના છે અને આ કળશ છે એ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના છે. એની ટીકા 'રાજમલજી'એ કરી છે. 'રાજમલ' જૈન ધર્મના મર્મી હતા. તેમાંથી 'બનારસીદાસે' 'સમયસાર નાટક' બનાવ્યું.

અહીંયાં કહે છે કે જેને મિથ્યાત્વ છૂટી ગયું... આહા..હા...! **'તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** આહા..હા...! દૃષ્ટિમાંથી પરની એકત્વબુદ્ધિ તો છૂટી ગઈ પણ પરના આશ્રયે જે વ્યવહાર-દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત આદિના ભાવ (થાય) તે, પણ દૃષ્ટિમાંથી છૂટી ગયો. વ્યવહાર છોડવા લાયક છે, આદરવા લાયક છે નહિ. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર આવે છે પણ તેને હેય તરીકે માને છે. ઉપાદેય તરીકે ગ્રહણ કરવા લાયક છે એમ આદર નથી કરતા. મિથ્યાદૃષ્ટિ જેને જૈનની ખબર નથી કે શું ચીજ છે એ શુભ ભાવને આદરણીય માનીને તેનાથી મને પરંપરા કલ્યાણ થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ વ્યવહારને આદરણીય માને છે. સમજાણું કાંઈ ? એક લીટીમાં તો ઘણું (ભરી દીધું છે).

**'ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** દૃષ્ટિમાં કોઈપણ વ્યવહારનો આદર રહ્યો નહિ. આહા..હા...! આવી વાત છે. આ શ્લોક જ એવો ઊંચો છે !! **'કારણ કે મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** આ..હા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! જેટલી પરની એકતાબુદ્ધિ મિથ્યાત્વ છે એ વ્યવહાર છે અને પરના આશ્રયે ઉત્પન્ન થતાં દયા, દાન, વ્રતના ભાવ એ વ્યવહાર છે તેને પોતાના માનવા એ મિથ્યાત્વ ભાવ છે. જેટલો વ્યવહાર છે એટલો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! બે લીટીમાં તો આખા જૈનદર્શનનો સાર ભરી દીધો છે !! આ વાત જૈન પરમેશ્વરના શ્રીમુખે નીકળેલી વાત છે ! અરે...! જગતના પ્રાણી ક્યાં ક્યાં (ધર્મ) માને અને ચીજ ક્યાં રહી ગઈ એ ખબર નહિ. આ..હા...!

વ્યવહાર કેમ છૂટી ગયો ? સમ્યગ્દૃષ્ટિના મિથ્યાત્વનો નાશ થયો તો બધો વ્યવહાર છૂટી ગયો. કેમ ? છે ? **'મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** આ..હા..હા..હા...! પરના આશ્રયે રાગ આદિ શુભ (ભાવ) થાય છે અને તેનાથી મને લાભ થશે (એમ માને છે) તો જેટલો વ્યવહાર છે તેટલો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો માર્ગ સમજવો અપૂર્વ પુરુષાર્થ છે !

અનંતકાળમાં એક સેકંડ માત્ર પણ એ સમજ્યો નથી. આમ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એ 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર' મુનિના વ્રત લીધાં, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ (પાળ્યા). 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેયક ઉપજાયો' નવમી ગ્રૈવેયક ગયો, 'પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આહા..હા...! એ મહાવ્રતના પરિણામ, દયા, દાન, વ્રતના પરિણામ થાય છે એ રાગ છે, એ આસ્રવ છે અને દુઃખ છે. આહા..હા...! આવું હોવા છતાં પણ આત્મજ્ઞાન ન થયું. સ્વર્ગમાં પણ અનંતવાર ઉપજ્યો. દિગંબર મુનિ પંચ મહાવ્રત લઈને, હજારો રાણીઓ છોડીને (જંગલમાં ગયો). રાગ છે એ દુઃખ છે. આહા..હા...! આવું થવા છતાં, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો ? એ પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનો જેટલો વ્યવહાર છે એ બધો રાગ છે, એ બધું દુઃખ છે. આહા..હા...! આકરી

વાત છે, ભાઈ !

આતમજ્ઞાન – પુણ્ય અને પાપના પરિણામથી રહિત મારી ચીજ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા મારો છે... આહા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' 'બનારસીદાસ' 'સમયસાર નાટક'(માં લખે છે). 'ઘટ ઘટ અંતર જિન વસે' ભગવાનઆત્મા અંદર જિનસ્વરૂપી છે. વીતરાગી સ્વરૂપ જ આત્માનું છે, તો વીતરાગ સ્વરૂપ છે તો પર્યાયમાં કેવળી પરમાત્મા વીતરાગ થઈ જાય છે. છે તેમાંથી થઈ જાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' જૈનપણુ કંઈ બહારમાં નથી. આહા..હા...! રાગની એકતાબુદ્ધિ તોડીને, એ વ્યવહારથી પણ લાભ નથી અને મારા આનંદકંદ પ્રભુના આશ્રયે મને લાભ છે, આવી બુદ્ધિ થઈ તેણે જિનસ્વરૂપને જાણ્યું માટે તેને જૈન કહેવામાં આવે છે. આ વાડામાં તો બધા જૈન જૈન કહે છે. આહા..હા...!

પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, 'ઘટ ઘટ અંતર જિન વસે' અરે...! પણ આ બધા પરમાત્મા છે ? અંદર જિનસ્વરૂપી જ છે. પુણ્ય અને પાપના ભાવ છે એ રાગ છે, એ શુભ-અશુભ રાગથી ભિન્ન ભગવાન જિનસ્વરૂપ જ બિરાજે છે. આહા..હા...! આવા જિનસ્વરૂપ આત્માનો જેને અંતરમાં અનુભવ થયો એ જૈન કહેવામાં આવે છે. આ ક્રિયા આવી આવી ક્રિયા કરે છે માટે જૈન છે, એમ નથી એમ અહીંયાં કહે છે. આહા..હા...!

કહે છે, '**મિથ્યાત્વના ભાવ...**' ગજબ વાત છે ને ! વિપરીત માન્યતાના ભાવ અને '**વ્યવહારના ભાવ...**' ભાઈ ! ત્યાં તો આવો શબ્દ પણ કોઈ દિ' સાંભળ્યો નથી, લ્યો ! આહા..હા...! જિનેન્દ્રદેવના શ્રીમુખે સાંભળીને 'કુંદકુંદાચાર્યદેવ' સંદેશ લાવ્યા. મહાવિદેહમાં પ્રભુ 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત ગયા હતા. સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલાં (ગયા હતા), આઠ દિ' રહ્યા હતા. સાક્ષાત્ સમવસરણમાં ભગવાનની વાણી સાંભળી અને કેટલાક શંકા-સમાધાન શ્રુતકેવળી, ગણધરો આદિ પાસે કર્યું... આહા..હા...! અને ત્યાંથી આવીને આ ભરતક્ષેત્રમાં... એ તો ભરતક્ષેત્રના મુનિ હતા ને ! અહીંયાં આવીને આ 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર', 'અષ્ટપાહુડ' બનાવ્યા. અહીંયાં ભગવાનનો સંદેશ આમ હતો, એમ કહે છે. આ..હા..હા...!

જેટલો પરના આશ્રયે વ્યવહાર છે તે ધર્મીને હેય છે. આહા..હા...! અધર્મીને ઉપાદેય છે અને ધર્મીને હેય છે, આ વાત છે. ભાઈ ! આવી વાતું છે આ ! લોકોને એવું લાગે અર..ર..ર...! હાય.. હાય...! આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. અહીં તો પ્રભુ એ કહે છે. વ્યવહાર આવે છે. આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, રાગને – વ્યવહારને હેય માન્યો તોપણ વ્યવહાર તો આવે છે. આવે છે પણ હેય તરીકે આવે છે, જ્ઞાની તેને ઉપાદેય તરીકે માનતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

સાચા સંત હો, પ્રચુર સ્વસંવેદન જેનું લક્ષણ છે. મુનિનું લક્ષણ શું ? અંદર પ્રચુર સ્વસંવેદન

જેનું લક્ષણ છે. પ્રચુર નામ ઘણા આનંદનું વેદન જેનું લક્ષણ છે. આહા..હા...! અતીન્દ્રિય આનંદનું વેદન જેનું ભાવલિંગનું લક્ષણ છે. એવા મુનિને પણ પંચ મહાવ્રત આદિના વિકલ્પ આવે છે. આહા..હા...! પણ છે તે હેય, છે તે આસ્રવ, છે તે દુઃખ. આહા..હા...! ભારે આકરું કામ ! એક ભાઈએ કહ્યું હતું ને (કે હિન્દીમાં લ્યો તો) આ હિન્દી લીધું. ભાઈ કહેતા હતા ને ! પછી પૂછ્યું હતું (તો ખબર પડી કે) ઘણું માણસ છે. એટલે હિન્દી લીધું. ભાઈએ કહ્યું હતું. આહા..હા...!

ભગવંત ! તારું સ્વરૂપ કોઈ અલૌકિક છે, નાથ ! તને તારી ખબર નથી, પ્રભુ ! આહા..હા...! તારી ચીજમાં તો શરીર, વાણી, મન તો છે જ નહિ, કર્મ તો છે જ નહિ, પાપના પરિણામ – હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, વાસના, પાપના પરિણામ પણ આત્મામાં છે નહિ અને દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્ય પરિણામ પણ આત્મામાં છે નહિ. કેમ કે નવ તત્ત્વ છે. તો નવ તત્ત્વમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય–ભોગ, વાસના પાપ તત્ત્વમાં જાય છે અને દયા, દાન, ભક્તિ, તપસ્યાના પુણ્ય ભાવ આવે છે એ પુણ્ય તત્ત્વમાં જાય છે. તો નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તત્ત્વથી ભગવાન ભિન્ન તત્ત્વ છે. આ..હા..હા...! વાંચો છો કે નહિ ત્યાં કોઈ દિ' ? વાંચો છો ? કો'ક દિ' કે દરરોજ ? (શ્રોતા : કો'ક દિ'). કો'ક દિ' હોય ? દરરોજ હીરાનું પાપ કરવું અને આ કો'ક દિ' ? ભાઈ ! આ ભાઈ કહે છે, હું કો'ક દિ' વાંચું છું. એનો અર્થ શું ? આખો દિ' હીરાના (ધંધાના) પાપ કરવાના (અને) કો'ક દિ' આ (કરવાનું) ? આહા..હા...!

**શ્રોતા** :– કેટલા કલાક વાંચવું જોઈએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અરે...! પણ...

**શ્રોતા** :– વાંચીએ ત્યારે બે-ત્રણ કલાક વાંચીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વાંચીએ ત્યારે બે-ત્રણ કલાક વાંચીએ, ન વાંચીએ ત્યારે કાંઈ નહિ ! વાત તો છે એમ કહે છે. અરે...! ભાઈ ! આ તો હંમેશાં (હોવું જોઈએ). ખોરાક વિના કોઈ દિ' ચાલે છે ? એમ આ તો ખોરાક છે. ભગવાનની વીતરાગની વાણી, દિગંબર સંતોની વાણી એ તો વીતરાગની વાણી છે. એવી વસ્તુ બીજે ક્યાંય છે જ નહિ. કોઈ પંથ, મતમાં ક્યાંય છે નહિ. એવી વાણીને માટે તો દરરોજ પ્રભુ ! બે-ચાર કલાક તો કાઢવા જોઈએ. વાંચન વિના આ વાત ન બેસે. એકદમ અજાણ્યા માણસને તો (એમ લાગે કે) આ તે શું કહે છે ? આહા..હા...!

**શ્રોતા** :– આમાં કાંઈ સમજાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ કહે છે, એમાંથી આ સમજાય છે.

આત્મા સિવાય જેટલા પરપદાર્થ (છે), હું સ્ત્રીને, કુટુંબને, પુત્રને પાળી શકું છું એ વાત તદ્દન મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા** :– અમે આખો દિ' મિથ્યાત્વમાં જ રહેતા લાગીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અનાદિથી મિથ્યાત્વમાં જ પડ્યા છે. હમણાં ન કહ્યું ? અમે રખડપટ્ટીમાં

રહ્યા. ભાઈએ એમ કહ્યું ને ? વાત સાચી, બાપા ! અહીં તો બાપુ ! તત્ત્વની વાત છે, ભગવાન ! આહા..હા...!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, જેટલો મિથ્યાત્વ ભાવ છે તેટલો વ્યવહાર ભાવ છે. એ 'સમયસાર નાટક'માં પણ આવે છે. કેવળી ઉક્ત હૈ. જેટલો મિથ્યાત્વભાવ તેટલો વ્યવહાર ભાવ. એટલે ? કે પરના આશ્રયે જેટલો રાગ ઉત્પન્ન થાય છે એ પોતાનો માનવા એ મિથ્યાત્વ છે અને પોતા સિવાય પરદ્રવ્યની કોઈપણ ક્રિયા હું કરી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ !

**શ્રોતા :–** બરાબર ડંકા વાગ્યા !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ડંકા તો ભગવાનના છે ને !! વાત તો આ સત્ય છે. શું કરીએ, પ્રભુ ! લોકો એમ પણ કહે કે અરે..રે...! આ તો વ્યવહારનો નાશ થાય છે. પ્રભુ ! પણ વ્યવહાર કોને કહીએ ? તને ખબર નથી.

જેને આત્મદર્શન થયું હોય, આત્મજ્ઞાન થયું હોય અને સમ્યગ્દર્શનમાં આત્માના અતીન્દ્રિય આનંદનો થોડો સ્વાદ આવ્યો હોય તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એ સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર આવે છે. અંદર સ્થિર રહી શકે નહિ ત્યારે વ્યવહાર – વ્રત, તપ, ભક્તિ, પૂજાના ભાવ આવે છે. આવે છે છતાં તે હેય છે, આસ્રવ છે, બંધનું કારણ છે એમ સમકિતી માને છે. આહા..હા...! જેટલો મિથ્યાત્વભાવ છે... છે ?

**'કારણ કે મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** આ..હા..હા...! ગજબ વાત કરી છે ! વ્યવહાર ભાવ આવે છે તો મિથ્યાત્વ છે એમ નથી. પણ વ્યવહાર ભાવ મારો છે, એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે. તો જેટલો વ્યવહાર છે એટલો મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આ માન્યતાની અપેક્ષાથી (વાત છે). આહા..હા...!

આત્મામાં જેટલો પરના આશ્રયે (ભાવ થાય), ભગવાનની ભક્તિનો ભાવ આવ્યો એ પણ પરના આશ્રયે થયો છે, રાગ છે અને રાગ પોતાનો માન્યો છે તે મિથ્યાત્વ ભાવ છે. અરે..રે...! આહા..હા...! કારણ કે ઈ રાગતત્ત્વ પુણ્યતત્ત્વ છે. ભગવાન જ્ઞાયકતત્ત્વ ચૈતન્યમૂર્તિ ભગવાન ચૈતન્યસ્વરૂપી પ્રભુ ભિન્ન છે. એ ચૈતન્યતત્ત્વમાં વ્યવહારનો જે દયા, દાન, વ્રત આદિનો રાગ (ઊઠે) એ મારો છે અને મને એનાથી લાભ થશે, તો જેટલું મિથ્યાત્વ છે એટલો વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'બનારસીદાસે' એમાં (લખ્યું છે). જેટલો મિથ્યાત્વ ભાવ તેટલો વ્યવહાર ભાવ. 'કેવળી ઉક્ત હૈ' (અર્થાત્) સર્વજ્ઞ ભગવાન એમ કહે છે. આહા..હા...! આમાંથી એ કાઢ્યું છે. આખું 'સમયસાર નાટક' આ કળશ (ટીકામાંથી) બનાવ્યું છે. આ..હા..હા...! અરે..રે...!

જિનેન્દ્ર વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ! એમની દિવ્યધ્વનિ, એમની વાણી આવી ન હોય. ભગવાનની વાણી આપણે બોલીએ એવી ભાષા એમને હોય નહિ. એ તો વીતરાગ છે.

ૐ ધ્વનિ ઊઠે, આહા..હા...! એકાક્ષરી ! 'મુખ ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારે' ત્રિલોકનાથ તીર્થંકરદેવના મુખમાં, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. 'મુખ ૐકાર ધુનિ સુનિ' ૐ અવાજ અંદરથી આવે. આવી ભાષા એને ન હોય. કેમ કે વીતરાગ થઈ ગયા છે. જે રાગી પ્રાણી છે એને ભેદવાળી ભાષા છે. વીતરાગી હોય એની ભાષા એકાક્ષરી ૐ ધ્વનિ આવે. આહા..હા...! વીતરાગ સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા...!

એ પરમાત્માના મુખમાંથી (વાણી આવે છે એમ કહેવાય, બાકી તો) આખા શરીરમાંથી ભાષા આવે છે. પણ લોકો દેખે છે કે આ ભાષા છે એમ ધારીને મુખ કહ્યું છે. શાસ્ત્રમાં એમ શબ્દ વાપર્યો છે. 'મુખ ૐકાર ધુનિ સુની, અર્થ ગણધર વિચારે' એકલા મુખમાંથી ભાષા નથી આવતી. ભગવાનને તો હોઠ બંધ હોય, તાળવું હલે નહિ અને આખા શરીરમાંથી ૐ એવી ધ્વનિ ઊઠે. આ..હા..હા...! ભાઈ ! આ તો બીજી વાતું છે. આહા..હા...!

ભગવાન પૂર્ણ આનંદ વીતરાગ થઈ ગયા. આહા..હા...! સર્વજ્ઞ કેવળી ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે. આહા..હા...! એની વાણી ૐ એકાક્ષરી (હોય છે). એની અંદર ૭૦૦ ભાષા આવે. સાંભળવાવાળા પોતાની ભાષામાં સમજે. પણ ભગવાનના મુખમાંથી 'ૐ ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' ભગવાનની વાણીમાંથી આગમ રચે. ભગવાનની વાણીમાંથી આવે એને આગમ કહીએ, હોં ! આહા..હા...! જુઓ ! આ બધા પરમાગમ છે. આમાં પોણા ચાર લાખ અક્ષર છે. એ બધી પરમાત્માની વાણી છે. સંતોની વાણી, દિગંબર મુનિઓની વાણી છે. પોણા ચાર લાખ અક્ષર છે, મશીનથી કોતરાયેલા છે, હિન્દુસ્તાનમાં પહેલુંવહેલું છે. મશીન ક્યાંય આવ્યું નથી. અહીં 'ઇટાલી'થી મશીન આવ્યું હતું, અહીંયાં છે. એનાથી આ પોણા ચાર લાખ અક્ષર કોતરાયેલા છે. તેથી આને પરમાગમ કહેવામાં આવે છે. પરમાગમ મંદિર કહેવામાં આવે છે. પોણા ચાર લાખ અક્ષર ! સોનાના અક્ષર સાઠ હજાર કરવાના હતા. લોકો કહેતા હતા. અમે કોઈ દિ' કહ્યું નથી કે તમે આટલું કરો. લોકો કહે કે અમારે આ કરવું છે. સાઠ હજાર સોનાના અક્ષર ! મેં ના પાડી. ભાઈ ! અમે જંગલમાં છીએ, તમે સાઠ હજાર સોનાના અક્ષર (લખવા માગો છો). બંધ રાખ્યું, પંદર હજાર કરીને બંધ કરી દીધું. એ બનવાનું હોય ત્યાં બને છે, એને બનાવનાર આત્મા એમ માને કે મેં બનાવ્યું ! આહા..હા...! આકરી વાતું (છે). એનો ભાવ શુભ હો. પણ ઈ શુભ પણ પુણ્ય છે, એ પણ પર આશ્રિત ભાવ છે અને એનાથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. આ..હા..હા...!

**શ્રોતા :–** ધર્મનું કારણ માને તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણ-ફારણ બિલકુલ નહિ. ધર્મ વીતરાગી પર્યાયનું કારણ કારણપરમાત્મા આત્મા (છે). ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! ભગવાન સર્વજ્ઞે કહ્યો એ આત્મા, બીજાઓ કહે ઈ નહિ. એવો જે અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે), જેને પ્રભુ કારણ પરમાત્મા કહે

છે, એ કારણપરમાત્મા ધર્મની પર્યાયનું કારણ થાય છે. આહા..હા...! બહુ ફેર, વાતે વાતે ફેર ! આહા..હા...!

અહીં તો આટલા શબ્દનો અર્થ મોટો આકરો છે. **'કારણ કે...'** શું કારણ ? **'મિથ્યાત્વ ભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો, કારણ કે...'** હવે કહે છે, એનો હેતુ ? **'મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** આ..હા..હા...! પરનું કરી શકું એ મિથ્યાત્વ ભાવ (છે), એ વ્યવહાર (છે) અને પરને આશ્રયે થતો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ, એ ભાવ પણ પરાશ્રિત લક્ષવાળો ભાવ (છે). એને પોતાના માનવા એટલે જેટલા મિથ્યાત્વ ભાવ (છે) તેટલા વ્યવહાર ભાવ કહેવામાં આવે છે. આહા..હા...! આકરી વાતું છે આ ! સાધારણ માણસને તો પાગલ જેવું લાગે એવું છે. આ શું માંડી ? ભગવાને એમ માંડી છે, બાપુ ! તું સાંભળ !

બાપુ ! ત્રણ લોકના નાથ ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે આમ ફરમાવતા હતા. આહા..હા...! ગણધરો અને ઇન્દ્રો અને વાઘ ને સિંહ ને નાગ જંગલમાંથી સમવસરણમાં ચાલ્યા આવતા. એવી ધર્મસભાના ભગવાનની આ વાણી હતી. એ વાણીની રચના અહીંયાં 'કુંદકુંદાચાર્યે' બે હજાર વર્ષ પહેલાં કરી. પછી હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત (થયા) એમણે આ ટીકા ને કળશ બનાવ્યા. આહા..હા...! આકરી વાત છે, શેઠ ! મિથ્યાત્વ ભાવ અને વ્યવહાર ભાવ એક (વસ્તુ) આ શું કહે છે ? એટલે એનો અર્થ બીજો છે, હોં !

વ્યવહાર ભાવ એ મિથ્યાત્વ ભાવ નથી. વ્યવહાર ભાવ છે એ તો જ્ઞાનનું જ્ઞેય તરીકે વસ્તુ છે પણ એ વ્યવહાર છે એ મારો છે અને મને લાભ કરશે, એટલે જેટલો મિથ્યાત્વ ભાવ તેટલો વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા...! વ્યવહાર ભાવ એ મિથ્યાત્વ ભાવ હોય તો તો સમકિતી જ્ઞાનીને વ્યવહાર તો આવે છે, ભગવાનની ભક્તિ, વિનય, પૂજાનો ભાવ તો આવે. એ ભાવ આવે છે એ મિથ્યાત્વ ભાવ નથી, પણ એ ભાવ મારો છે એમ માને એટલો મિથ્યાત્વ ભાવ છે. કારણ કે પુણ્યતત્ત્વ ભિન્ન છે, જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. આહા..હા...! ઝીણી વાતું, બાપુ !

જૈનધર્મને સમજવો બહુ આકરું કામ ! જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એ હી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ' આ..હા..હા...! 'જિન સો હી આત્મા' આ તો જિનસ્વરૂપી ભગવાન વીતરાગમૂર્તિ ! અકષાય સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા છે. ત્રણે કાળે, હોં ! આહા..હા...! એ 'જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ' પુણ્ય અને પાપ આદિ ભાવ અને બધું પર એ કર્મજન્ય ઉપાધિ છે. આહા..હા...! એ ભગવાનઆત્માના સ્વભાવમાં એ ઉપાધિ ભાવનો અભાવ છે. એને ઠેકાણે એ ઉપાધિ ભાવ મારા છે, મને લાભ કરશે એવી માન્યતા તે મિથ્યાત્વ (છે). તેથી જેટલા મિથ્યાત્વ ભાવ (થાય) તેટલા વ્યવહાર ભાવ (છે) આ અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. વ્યવહાર ભાવ એ મિથ્યાત્વ ભાવ હોય તો વ્યવહાર તો મુનિને પણ આવે. આત્મજ્ઞાની ધ્યાની આનંદના અનુભવીઓ, અતીન્દ્રિય આનંદ

જેને ઉલ્લસી નીકળ્યો છે એનું નામ મુનિ. એને પણ પંચ મહાવ્રતના વિકલ્પ આવે, ભગવાનની ભક્તિનો રાગ આવે, પરદ્રવ્યનો વિનય કરે તો એટલો રાગ છે. એ રાગ છે ઈ મિથ્યાત્વ નથી. પણ જેટલા પ્રકારના રાગ છે એટલા પ્રકારનો મને લાભ થશે, એ બધો વ્યવહાર તે મિથ્યાત્વ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કેટલાકે તો પહેલાં સાંભળ્યું પણ નહિ હોય, શું છે આ ? વીતરાગ ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ ! એની દિવ્યધ્વનિનો આ સાર છે. આહા..હા...!

જેટલા મિથ્યાત્વના ભાવ **'તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** જોયું ? શું કીધું ઈ ? મિથ્યાત્વ ભાવ વિપરીત માન્યતાનો ભાવ અને વ્યવહાર ભાવ – બન્ને એક ચીજ છે. એટલે ?–કે જેટલા વ્યવહાર છે એટલા મારા માન્યા એ મિથ્યાત્વ ભાવ (છે) અને એટલા વ્યવહાર ભાવ (છે). માનવાની અપેક્ષાની વાત છે, હોં ! આહા..હા...! વ્યવહાર ભાવ આવે ઈ મિથ્યાત્વ છે એમ નથી. વ્યવહાર તો સંતોને ભગવાનની ભક્તિ, વિનય, નમસ્કાર, નામસ્મરણ, ણમો અરિહંતાણંનું સ્મરણ એવો ભાવ તો આવે, પણ એ તો રાગ છે. પણ રાગને પોતાનો માને તો જેટલા વ્યવહાર (ભાવ છે) તેટલા મિથ્યાત્વ (ભાવ) છે એમ કહેવામાં આવ્યું છે. આ..હા...! વ્યવહાર છે એ મિથ્યાત્વ ભાવ છે એમ નહિ.

**શ્રોતા :–** આ ભારે ખુલાસો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, આવું છે, બાપુ ! શું થાય ? આ તો ભગવાનની પેઢી છે, ભાઈ ! ત્રિલોકનાથ પરમાત્માની... આહા..હા...! એની પેઢીની ખુલાસો કરવો આકરો (છે), બાપા ! આહા..હા...!

અહીં એ કહ્યું, કોઈ એમ લઈ લ્યે કે મિથ્યાત્વ ભાવ અને વ્યવહાર (ભાવ) એક વસ્તુ છે. તો પછી જેને વ્યવહાર હોય તે મિથ્યાદૃષ્ટિ છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! વ્યવહાર તો જ્યાં સુધી વીતરાગ ન થાય, આત્મા પરમેશ્વરપદને પામે નહિ, ત્યાં સુધી સાધકજીવને વચ્ચે વ્યવહાર આવે, પણ એ વ્યવહારને હેય માને અને એ વ્યવહારને ઉપાદેય માને તો જેટલા મિથ્યાત્વ ભાવ તેટલા વ્યવહાર ભાવ એમ કહેવામાં આવ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'ન્યાલભાઈ' ! બરાબર સંભળાય છે ને ? સંભળાય છે ? એમ મેં કીધું. સમજાય છે, (એ) હજી વાર છે. આવી વાતું, બાપા ! શું કરીએ ? આહા..હા...!

અરે... ભગવાન ! તારી ચીજ કોઈ અંદર જુદી છે. આહા..હા...! એ જુદી ચીજને જુદી ચીજની સાથે મેળવે તો મિથ્યાત્વ છે એમ કહેવું છે. જુદી ચીજ હો, ગણધરને પણ ભગવાનના વિનયનો ભાવ આવે. અરે...! શાસ્ત્ર રચ્યા એ પણ વિકલ્પ છે, રાગ છે. ભાવ આવે. આહા..હા...! પણ એ આદરણીય છે, એ હિતકર છે, એ ઉપાદેય છે એમ માનવું એનું નામ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

એથી એમ કહ્યું કે **'મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** બન્ને એક વસ્તુ છે, કહે છે. આહા..હા...! 'રાજમલ' ટીકા કરે છે ! અને એના 'સમયસાર નાટક'માં પદ બનાવ્યા. 'બનારસીદાસ' ! આહા..હા...! છે ને ઈ ? એ નીકળ્યું ! પાનું એ નીકળ્યું !! 'અસંખ્યાત

લોકપ્રમાણ જો મિથ્યાત્વ ભાવ...' આમાંથી કાઢ્યું છે. 'અસંખ્યાત લોકપ્રમાણ...' શું કહ્યું ઈ ? કે આત્મામાં શુભ ભાવ અસંખ્ય પ્રકારના છે, શુભ ભાવના અસંખ્ય પ્રકાર છે. દયાના, દાનના, ભક્તિના, પૂજાના, વ્રતના, અનુકંપાના એવા શુભ ભાવના અસંખ્ય પ્રકાર છે.

'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વ ભાવ તે વ્યવહાર ભાવ કેવળી ઉકત્ હૈ.' આહા..હા...! જેટલા મિથ્યાત્વ ભાવ છે તેટલા વ્યવહાર (ભાવ છે) એમ કેવળી ભગવાન ફરમાવે છે. એ આ અપેક્ષાએ, હોં ! વ્યવહાર પોતાનો માને એ અપેક્ષાએ. વ્યવહાર આવે એને મિથ્યાત્વ ભાવ છે એમ નહિ. આહા..હા...! પણ વ્યવહારને ઉપાદેય તરીકે (માને), રાગ છે એ મારી ચીજ છે (એમ માને), એ રાગ વ્યવહાર આત્માની ચીજ છે એ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! આત્માની હોય તો આત્મામાંથી નીકળી ન જાય. નીકળી જાય એ (ચીજ) આત્માની નહિ. સિદ્ધ ભગવાનને રાગ રહેતો નથી, નીકળી જાય છે. માટે રાગ આત્માની ચીજ નથી. આહા..હા...!

'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વ ભાવ તે હી વ્યવહાર ભાવ કેવળી ઉકત્ હૈ, જિનકો મિથ્યાત્વ ગયો...' આહા..હા...! 'બનારસીદાસે' આમાંથી બનાવ્યું છે. 'જિનકો મિથ્યાત્વ ગયો, સમ્યગ્દર્શન ભયો તે નિયત લીન વ્યવહાર સો મુકત્ હૈ.' આ વાત છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં તેની લીનતા છે. વ્યવહાર છે પણ તેમાં તે હેયબુદ્ધિએ તેનાથી મુક્ત છે. આહા..હા...! આવી વાતું છે. અત્યારે 'બનારસીદાસ'ની મશ્કરી કરે છે. 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા ! અરે..રે...! એમ ન કહેવાય, પ્રભુ ! 'ટોડરમલ' જેવા 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના કરનારા, 'બનારસીદાસ' આ..હા...! એવું પોતાને ન બેસે એટલે એને ઉડાવ્યા. અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા, એમ કહ્યું. અર..ર..ર...! અરે..! ભાંગ હોય, બાપા ! તને ખબર નથી, ભાઈ !

'નિયત લીન...' ઈ ભાષા આવી એટલે એને વાંધા ઊઠ્યા. 'વ્યવહાર સો મુક્ત હૈ' વ્યવહાર આવે છે પણ અંદરમાં મુક્ત છે, એનો આશ્રય, આદર નથી. આ..હા...! 'નિર્વિકલ્પ નિરુપાધિ આતમસમાધિ સાધી' સમ્યગ્દૃષ્ટિ તો રાગને સાધતા નથી. પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ ચિદ્ઘન આનંદકંદ પ્રભુ ! તેનું જ અંદરમાં સાધન કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'નિર્વિકલ્પ નિરુપાધિ' ઉપાધિ વિના. રાગ વ્યવહાર છે એની ઉપાધિ વિનાનો ભગવાનઆત્મા અંદર છે. એને 'આતમ સમાધી સાધી, સુગમ મોખપંથનો ઢુકત હૈ' આહા..હા...! ગૃહસ્થાશ્રમમાં 'બનારસીદાસ' જેવા ભગવાનની વાણી છે તેમ ફરમાવે છે, કહે છે. આહા..હા...! તિર્યંચને સમ્યકૃદૃષ્ટિ હોય અને સિદ્ધને (સમ્યગ્દર્શન) હોય (એમાં) સમ્યગ્દર્શનમાં શું ફેર છે ? પશુને સમ્યગ્દર્શન છે. અઢી દ્વિપ બહાર અસંખ્ય તિર્યંચ પશુ છે. અસંખ્ય સમકિતી છે ! ત્યાં આત્મજ્ઞાની અનુભવી પાંચમા ગુણસ્થાનવાળા છે ! અઢી દ્વિપ બહાર તિર્યંચ (છે). આહા..હા...! 'ટોડરમલજી' કહે કે તિર્યંચનું સમકિત અને સિદ્ધના સમકિતમાં શું ફેર છે ? અંદર સ્થિરતા, સ્વરૂપની રમણતામાં ફેર છે. સમજાણું કાંઈ ? સમકિતીની વાણી અને વીતરાગની વાણીમાં કાંઈ ફેર (નથી), સત્‌ની શ્રદ્ધામાં ફેર નથી.

'સુગુન મોક્ષપંથ કો ઢુકત હૈ, તે હી જીવ પરમ દસા મેં સ્થિરરૂપ હોય કે...' આહા..હા...! છે ? તે જીવ – સમ્યગ્દષ્ટિ રાગને હેય માનીને અંદર સ્વરૂપમાં ઠરવા માગે છે. આ..હા...! જેટલો આનંદ સ્વરૂપમાં ઠરું એટલું મારું ચારિત્ર છે. આહા..હા...! ચરવું, રમવું, જમવું. સમ્યગ્દર્શનમાં આનંદનું જે ભાન થયું... આહા..હા...! એમાં અંદર આનંદમાં જેટલી સ્થિરતા થાય એનું નામ ચારિત્ર છે. આહા..હા...! પંચ મહાવ્રતના પરિણામ એ કંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે, આસ્રવ છે. અરે...! વાતની ખબર પણ નહિ ત્યાં શું થાય ? અનંતકાળ એમને એમ ગયો. આહા..હા...!

'ધર્મ મેં ઢુકે ન કર્મ સો રુકત હૈ' 'બનારસીદાસ' કહે છે કે સમકિતી તો પોતાના સ્વરૂપમાં અંદર ઢુકતે હૈં. 'ન કર્મ સો રુકતે હૈં' રાગમાં રોકાતો નથી, આવી જાય છે પણ અંદર જાય છે. આહા..હા...! સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા ! તેમાં ઢુકત હૈ. આહા..હા...! ધર્મીનું વલણ અને ઝુકાવ આનંદ ઉપર છે. રાગ આવે છે પણ ઝુકાવ અને આશ્રય છે નહિ. આહા..હા...! ભારે કામ, ભાઈ ! છે ? આ (કળશનો) ઈ શ્લોક છે, હોં ! આ આપણે ચાલે છે ઈ.

(અહીંયાં કહે છે), **'કેવો છે વ્યવહાર ?'** હવે મિથ્યાત્વ ભાવ અને વ્યવહાર એક કહ્યો એ આ અપેક્ષાએ. પોતાના માને ઈ અપેક્ષાએ. ત્યારે (કહે છે), **'કેવો છે વ્યવહાર ?'** છે ? **'अन्याश्रयः त्याजः'** આહા..હા..! કેમ કે વ્યવહાર છે એ અન્યનો આશ્રય છે, એમાં સ્વનો આશ્રય નથી. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ ! નિત્યાનંદ સહજાત્મ સ્વરૂપ પ્રભુ ! એનો આશ્રય લે તો ધર્મદશા થાય છે. વ્યવહાર પરઆશ્રયે છે. આહા..હા..!

'ભાવપાહુડ'માં ૮૩ ગાથામાં કીધું છે. 'ભાવપાહુડ' ! 'અષ્ટપાહુડ' છે ને ? 'કુંદકુંદાચાર્યદેવ'નું 'અષ્ટપાહુડ' ! પૂજા અને વ્રત એ જૈનધર્મ નહિ. એમ ૮૩ ગાથામાં લખ્યું છે. ધર્મ તો મોહ ને ક્ષોભરહિત આત્માના પરિણામને ધર્મ કહે છે. મિથ્યાત્વ અને રાગરહિત અંદરની દૃષ્ટિ અને સ્થિરતાને ભગવાન ધર્મ કહે છે. આહા..હા..! સાધારણ સમાજને વાત બેસે નહિ. એટલે ઉડાડી દીધી કે 'નહિ... એકાંત છે. વ્યવહારથી પણ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે, એ અનેકાંત છે.' એમ નથી. અંતરના આશ્રયે જ ધર્મ થાય છે, પરના આશ્રયે નહિ, તેનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અનેકાંતને એકાંતમાં ખતવી નાખ્યું અને એકાંતને અનેકાંતમાં (ખતવી નાખ્યું). વ્યવહારથી પણ કલ્યાણ થશે અને નિશ્ચયથી પણ થશે, બન્ને સાધન છે. અહીં તો ના પાડે છે. આહા..હા..!

**'अन्याश्रयः'** કહે છે કે વ્યવહાર અને મિથ્યાત્વ એક કેમ (કહ્યા) ? કેમ કે વ્યવહાર અન્યના આશ્રયે થાય છે. દયા, દાન, પૂજા, ભક્તિ એ તો અન્યના – પરના લક્ષે થાય છે, એ સ્વના લક્ષે (થતા) નથી. અને અન્ય આશ્રય હોવાથી તે ત્યાજ્ય છે. સ્વનો આશ્રય હોય તે ઉપાદેય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો બે લીટીમાં, ત્રણ લીટીમાં બધું સમાઈ ગયું ! આવું છે. ન બેસે એને એમ લાગે કે આ તો એકાંત છે, એકાંત છે, એમ કહે છે ને ? લોકો કહે છે. એકાંત તો એને કહીએ કે વ્યવહાર છે જ નહિ અને એકલો નિશ્ચય છે તો. વ્યવહાર વ્યવહારના સ્થાને છે પણ

તે ત્યાજ્ય છે. ધર્મીને વ્યવહાર આવે જ નહિ, એમ નહિ. પણ એ વ્યવહાર ત્યાજ્ય છે. કેમ ? **'अन्याश्रयः'** (છે માટે).

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો ભાવ (થાય છે) તેને આત્માનો આશ્રય છે અને વ્યવહારનો રાગ (થાય) એને અન્ય આશ્રય છે. આહા..હા...! કેટલી દીવા જેવી વાત છે ! ભાઈ ! આ બધું સમજવું પડશે, હોં ! બહારમાં ધૂળમાં કાંઈ નથી. હેરાન થઈને મરી જશે. આહા..હા...! એ પૈસા બે-પાંચ-દસ કરોડ મળ્યા, ધૂળ ! તો થઈ ગયા અમે શેઠિયા ! ધૂળેય નથી. આહા..હા...! શેઠ તો આ કહેવાય, પ્રભુ ! આનંદનો નાથ પુણ્યના રાગથી ભિન્ન છે તેને શ્રેષ્ઠ એવી આત્મા ચીજ (છે) એને અનુભવે અને માને તે શેઠ – શ્રેષ્ઠ કહેવાય, બાકી બધા ભિખારા અને રાંકા કહેવાય.

આ..હા...! ભાષા શું લીધી છે ? અન્યનો અર્થ વિપરીત લીધો. એટલે ? કે આત્મા જે આનંદસ્વરૂપ છે તેનો આશ્રય નથી અને એનાથી વિપરીત પર અન્ય છે એનો આશ્રય છે. એટલે અન્યનો અર્થ વિપરીત કર્યો. **'વિપરીતપણું તે જ છે અવલંબન જેનું,...'** આહા..હા...! એ પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રતના પરિણામમાં તો અન્યનું અવલંબન છે. કારણ કે એમાં લક્ષ (પર) ઉપર છે માટે તે વ્યવહાર ત્યાજ્ય છે અને અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ઉપાદેય છે અને એમાંથી નિર્મળ દશા પ્રગટ થાય તે પણ ઉપાદેય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** ઉપશમરસનો દરિયો આત્મા છે, અકષાય સ્વભાવની મૂર્તિ છે, વીતરાગ સ્વભાવની મૂર્તિ છે. એ કોઈ કાળે દયા–દાન આદિ રાગરૂપે થઈ શકે નહીં. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા કે મહા આનંદનો નાથ હું પોતે જ છું. અનાદિની એવી ને એવી જ્ઞાનપ્રકાશની મૂર્તિ તું છો. તું રાગરૂપે કદી થયો જ નથી. તું સદાય જ્ઞાન ઉપયોગરૂપે જ રહ્યો છે. ચૈતન્યપ્રકાશરૂપે જ તું સદાય રહ્યો છે. ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિરૂપે રહ્યો થકો તું કદી પણ રાગ અંધકારરૂપ થયો જ નથી. માટે સર્વ પ્રકારે એકવાર પ્રસન્ન થા, પ્રસન્ન થા. રાગના અનુભવમાં પડ્યો છે તે છોડીને ચૈતન્ય આનંદના અનુભવમાં આવી જા. તારા આત્મસ્વભાવને અવલોકવા માટે એકવાર સર્વ પ્રકારે પ્રસન્નતા પૂર્વક તારા વીર્યને ઉછાળ, તને આનંદનો લાભ થશે. ૬૬૫**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

# શ્રી નિયમસાર, ગાથા–૪૧, શ્લોક–૫૮-૫૯
## પ્રવચન નં. ૮, તા.૧૭-૦૯-૧૯૬૯
## [૫]

દસલક્ષણી પર્વનો ત્રીજો દિવસ છે. આર્જવધર્મ. આર્જવ.

**શ્રોતા :–** રોજ એક એક .. કરવાનો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક એક કરવાનું અહીં તો. કથન કરવાનું એક એક. કરવાનું તો એકસાથે (છે). આત્મામાં સમ્યગ્દર્શન પ્રગટ કરીને ચારિત્રનું આરાધન તો પ્રતિદિન કરવું. એ તો કથન દસ પ્રકારનું ક્રમસર છે. કહો, શેઠી ! એક દિવસમાં એક એક કરવાનું ને, એમ કહે છે. કરવાનો પ્રશ્ન ક્યાં છે ? અહીં તો આત્મા અનાદિ... આ દસ દિવસ પર્યુષણના છે. દસલક્ષણી પર્વ કહેવામાં આવે છે. આ બાર માસમાં ત્રણ વાર આવે છે. માહમાં, ચૈત્રમાં અને ભાદરવામાં. અહીંયાં આ ભાદરવામાં વિશેષ (પ્રકારે ઉજવે છે). આત્મા, મોક્ષનું કારણ તો ખરેખર ચારિત્ર છે. અને ચારિત્ર થયા પહેલાં એને સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટવું જોઈએ. સમ્યગ્દર્શન-જ્ઞાન થયા વિના ચારિત્ર હોતું નથી. ચારિત્ર વિના દસ પ્રકારનું આરાધન ખરેખર હોતું નથી. અહીંયાં ત્રીજો આર્જવનો દિવસ છે. સરળપણું.

શું કહે છે ? મનમાં જે વાત હોય એને જ વચન દ્વારા પ્રગટ કરવી. મનમાં કાંઈ હોય અને વચનમાં કાંઈ કહેવું એ તો માયા છે. મનમાં કાંઈક ... હોય અને વચનમાં કાંઈ બીજું બોલે. એને આચાર્ય આર્જવધર્મ કહે છે. મીઠી મીઠી વાત કરી બીજાને ઠગવા એને અધર્મ કહે છે, અનાર્જવધર્મ. આર્જવથી વિરુદ્ધ. એમાં આર્જવધર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. અહીં એ લીધું છે. આર્જવધર્મથી નિશ્ચય આર્જવધર્મ જે સરળતા છે એ તો મુક્તિનું કારણ છે. પણ વચ્ચે વિકલ્પ ઊઠે છે એનાથી પુણ્ય બંધાય તો સ્વર્ગનું કારણ બને છે. પાઠમાં એમ લીધું છે. અધર્મ નરકમાં લઈ જાય છે. ... આર્જવ શુભભાવવાળા હોય તો એ સ્વર્ગમાં જાય છે અને એનાથી વિરુદ્ધ હોય તો નરકમાં જાય છે. સમજાણું કાંઈ ? માટે આર્જવધર્મ પાલન કરનારા ભવ્યજીવોને કોઈની સાથે માયાથી વર્તવું ન જોઈએ. ...

આચાર્ય કહે છે, જો એકવાર પણ કોઈની સાથે માયાચાર થઈ જાય, તો એ માયાચારી ઘણી કઠિનતાથી ... અહિંસા, સત્ય મુનિઓના ગુણને ફીકા બનાવી દે છે. બીજા વિશ્વાસ પણ ન કરી શકે આ તો માયાચારી છે. એ ગુણ આદરણીય નથી રહેતા. માયારૂપી મકાનમાં નાના પ્રકારના

ક્રોધાદિ શત્રુ છુપાયેલા છે. માયાચારીને ક્રોધ પણ થાય છે, માન પણ હોય છે, લોભ પણ હોય છે એમ કહે છે. એ માયાચારથી ઉત્પન્ન થયેલા પાપી જીવ અનેક પ્રકારની દુર્ગતિ માર્ગમાં ભ્રમણ કરે છે. માટે ધર્માત્માએ માયાને પોતાની પાસે પણ ભટકવા ન દેવી જોઈએ. સરળ, આર્યપણું તો આમ સરળતા, હૃદયથી સરળતા. ચાર પ્રકારના નામકર્મ બંધાય છે ને ? એમાં એ આવે છે. અવક્રમન, અવક્રવચન, અવક્રકાયા. ચાર બોલ આવે છે કે નહિ ? ચાર પ્રકારે નામકર્મ બંધાય છે ને ? અવિસંવાદ... સમજાણું કાંઈ ? સરળપણાનું મન, સરળપણાની વાણી, એવો સરળપણાનો ભાવ, હોં ! અને કોઈની સાથે ઝઘડા આદિ ન કરવા એવો શુભભાવ હોય તો સ્વર્ગમાં જાય અને શુભથી ભિન્ન પોતાના આનંદસ્વરૂપની સરળતાની પરિણતિ હોય તો સાથે મુક્તિ પણ થાય છે. લ્યો ! એ બે ગાથા થઈ.

હવે ચાલતો અધિકાર. 'નિયમસાર'. ૪૧મી ગાથા ચાલે છે. અહીં આવ્યા, જુઓ ! ટીકામાં છેલ્લે.

**'પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** છે ? ચાર ભાવ આવરણ સહિત છે. શું અર્થ કર્યો હતો ખબર છે ? કાલે જ કર્યો હતો. ઠીક, 'પોપટભાઈ'ને પકડ્યા અત્યારે. લ્યો ! એ ખબર નથી કહે છે. શું કહે છે ? આત્મામાં જે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ ઉદયભાવ છે. એ ઉદયની પર્યાય છે અને જે સમ્યગ્દર્શન અને ચારિત્ર જે ઉપશમભાવે થાય છે એ પણ આત્માની એક નિર્મળ પર્યાય છે ઉપશમ પર્યાય. અને એક ક્ષયોપશમ પર્યાય થાય છે–જ્ઞાનની, દર્શનની, વીર્યની, શ્રદ્ધા આદિની પર્યાય ક્ષયોપશમ અવસ્થા હોય છે અને એક ક્ષાયિક અવસ્થા હોય છે—કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત વગેરે. તો એ **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી...'**

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવરણ સહિત. કઈ અપેક્ષાએ આવરણસંયુક્ત કહ્યું ?–કે રાગ, દ્વેષ, દયા, દાનભાવ તો આવરણવાળા છે, એ પોતે દુઃખરૂપ અને વિકાર છે. પણ ઉપશમ, ક્ષયોપશ અને ક્ષાયિક જે નિર્મળ પર્યાય છે એમાં કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા લઈને એને આવરણવાળા કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ? કાલે કહ્યું હતું.

પાંચ ભાવમાં ચાર ભાવ તો આશ્રય કરવા લાયક નથી. આહા..હા...! એ માટે આવરણસંયુક્ત કહ્યું છે. સમજાણું કાંઈ ? આત્માની પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ–ઉદયભાવ, એ આશ્રય કરવા લાયક નથી, ધર્મનું કારણ નથી. અને જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, વીતરાગી પર્યાય પ્રગટ થઈ હોય, ક્ષાયિક સમકિત, એ પણ આશ્રય કરવા લાયક નથી. કાલે ચાલ્યું હતું. સમજાણું કાંઈ ? 'પંડિતજી'! 'બાબુલાલજી'! જુઓ ! આ તો હિન્દી લીધું. કાલે ચાલ્યું હતું.

ચાર પૂર્વ નામ ઉપર કહેલા. દરેકનો વિસ્તાર કર્યો છે. ઉપશમના કેટલા ભેદ છે. સમજાણું કાંઈ ? આત્મા પરમસ્વભાવિક ભાવરૂપ ત્રિકાળી પરમપારિણામિકભાવસ્વરૂપ નિત્ય છે. વસ્તુ આત્માની

પર્યાયમાં જે ઉત્પાદ-વ્યય થાય છે, રાગનો, ક્ષાયિક સમકિતનો કે ક્ષયોપશ સમકિતનો કે ક્ષયોપશમ જ્ઞાનનો કે ક્ષયોપશમ ચારિત્રનો, એ જે આત્મામાં પર્યાય ઉત્પન્ન થાય છે એ ઉત્પાદ-વ્યયવાળી છે. ઉત્પાદ-વ્યયવાળી છે તો એ વ્યવહાર છે, એ વ્યવહાર છે. એ વ્યવહાર આદરણીય નથી. શેઠ ! આહા..હા...! સમજાણું કાંઈ ? પાંચ ભાવમાં એક પરમપારિણામિક ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સહજાનંદ સ્વભાવનો દરિયો પૂર્ણ સ્વરૂપ ધ્રુવ, કૂટસ્થ, નિષ્ક્રિય, જેમાં રાગની ક્રિયા તો નથી પણ મોક્ષની અને મોક્ષના માર્ગની ક્રિયા પણ જેમાં નથી, એવો જે ધ્રુવ આત્મા પરમસ્વભાવભાવ એ આશ્રય કરવા લાયક છે. ધર્મીને એ ભાવ આશ્રય કરવા લાયક છે, આશ્રય કરવાલાયક છે. ધ્રુવ.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ... છે જ નહિ. આશ્રય કરે છે, શુભનો આશ્રય કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? શુભનો આશ્રય કરે તો મિથ્યાદૃષ્ટિ છે. અને શુદ્ધ પ્રગટ્યો હોય અને એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઊઠે છે. એ પુણ્યબંધનું કારણ છે.

**શ્રોતા :–** ... ભલા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલા-બલા કોઈ છે જ નહિ. ભલો એક આત્મા સ્વભાવ ત્રિકાળી (છે). સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! 'નિયમસાર'નો અધિકાર છે. 'નિયમસાર'નો અર્થ મોક્ષનો માર્ગ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એ પર્યાય છે, એ મોક્ષમાર્ગની પર્યાય છે, એ સંવર-નિર્જરાની વિકારરહિત વીતરાગી પર્યાય છે. એ પણ અહીંયાં કહે છે કે આશ્રય કરવા લાયક નથી. દાક્તર ! સાંભળ્યું પણ ન હોય, આ શું હશે. જય નારાયણ. ભગવાનની ભક્તિ કરો. એનાથી ધૂળેય નહિ થાય. સાંભળને હવે. લાખ કરોડ ભક્તિ કરે એ તો રાગ છે. રાગનો આશ્રય તો નથી પણ સમ્યગ્દૃષ્ટિને તો પૂર્ણ પરમસ્વભાવ ધ્રુવ નિત્યાનંદ એનો આશ્રય છે. કેમકે એનો આશ્રય કરવાથી નિર્મળ વીતરાગી પર્યાય નવી પ્રગટે છે. સમજાણું કાંઈ ?

**'પૂર્વોક્ત ચાર ભાવો...'** ભાવ શબ્દે પર્યાય. વિકારી પર્યાય, ઉપશમ પર્યાય, ક્ષયોપશમ પર્યાય કે ક્ષાયિક પર્યાય. ચાર ભાવ એટલે ચાર પર્યાય **'આવરણસંયુક્ત હોવાથી...'** કેમકે એમાં કર્મના અભાવની નિમિત્તતા આવે છે. એ અપેક્ષાએ એને આવરણસહિત કહેવામાં આવે છે. એ **'મુક્તિનું કારણ નથી.'** આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત મુક્તિનું કારણ નથી. એનો પ્રેમ-રાગ લાગ્યો એ મુક્તિનું કારણ નથી. પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ધર્મની દશા પ્રગટે એ પણ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ ? વીતરાગ સ્વભાવ, ભાઈ ! અલૌકિક છે. લોકોને મળ્યું નથી. બહારમાં કડાકૂટમાં જિંદગી ગાળે છે. 'શોભાલાલજી'! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હજી આવશે ને. હજી આવ્યું નથી. હવે આવશે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય નહિ. એ તો ત્રિકાળી ગુણ છે. એ હજી આવશે. કાલે કહ્યું હતું, કે ચાર પર્યાય, ભાવ એટલે પર્યાય, ચાર પર્યાય આવરણસયુંક્ત છે. કેમકે એમાં કર્મના નિમિત્તની (અપેક્ષા આવે છે). રાગ, દયા, દાન, ભક્તિમાં નિમિત્તની અપેક્ષા છે અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા છે. અપેક્ષિત ભાવ છે તેથી એ ચારને આવરણસંયુક્ત કહ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અલૌકિક માર્ગ છે, ભાઈ ! દુનિયાને સાંભળવા ન મળે એટલે એકાંત છે, એકાંત છે. ... અરે..! ભગવાન ! સાંભળ તો ખરો, પ્રભુ ! ત્રણલોકના નાથ ચિદાનંદ અનંત સિદ્ધ જેના પેટમાં, ગર્ભમાં પડ્યા છે, એવું ધ્રુવ પરમાત્મ સ્વરૂપ તારું છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેવળજ્ઞાન છે એ પણ સાપેક્ષ છે. જ્ઞાનાવરણીનો નિમિત્તરૂપે અભાવ થયો એને પણ આવરણસહિત કહેવામાં આવે છે. કેવળજ્ઞાનની પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં કહ્યું ? એ નિરપેક્ષ કઈ અપેક્ષાએ ? સ્વભાવની અપેક્ષાએ પ્રગટ્યો છે એ અપેક્ષાએ નિરપેક્ષ છે અને નિમિત્તની અપેક્ષાએ લ્યો તો સાપેક્ષ છે. કેવળજ્ઞાન એ નિરપેક્ષ એમ કહ્યું હતું ને ? ૧૪મી ગાથા. એ તો નિરપેક્ષનો અર્થ જેને હવે આવરણનો વર્તમાન નિમિત્તનો બિલકુલ અંશ રહ્યો નથી એ અપેક્ષાએ નિરપેક્ષ છે. પણ નિમિત્તનો અભાવ થયો એ અપેક્ષાએ સાપેક્ષ છે. આહા..હા...! ભારે, ભાઈ ! 'પોપટભાઈ'! આ બધું ધ્યાન રાખવું પડશે. આ કાલે બપોરનું પૂછ્યું તો આવડ્યું નહિ. પૈસાનું કેટલું યાદ રહે છે ? 'થાણા'માં આટલા નાખ્યા છે, ઓલામાં આ નાખ્યા છે, 'અમદાવાદ'માં આ નાખ્યા છે. એય..! 'ચીમનભાઈ'! આ તમારા વેવાઈને... આહા..હા...!

ભગવાન ! આ દેહ, વાણી, મનની ક્રિયા તો પર જડ છે એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઊઠે એ રાગ–શુભરાગ છે, એ પણ આશ્રય કરવા લાયક નથી અને એ ધર્મ નથી. હવે આત્મા અંદર ધ્રુવ ચિદાનંદ ભગવાન, પરમસ્વભાવભાવ, નિત્યાનંદ, નિષ્ક્રિય, વર્તમાન પર્યાયથી દૂર (વર્તે છે). આહા..! ચાહે તો ક્ષાયિકસમકિતની પર્યાય હો, ક્ષાયિક ચારિત્રની પર્યાય હો, એક સમયની પર્યાયથી ધ્રુવ તત્ત્વ દૂર છે. કેમકે એક પર્યાયમાં ધ્રુવતત્ત્વ આવતું નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! શેઠ ! આ સમજવું પડશે, હોં ! અધ્ધર અધ્ધર નહિ ચાલે. આહા..હા...!

પર શરીર, વાણી, કર્મથી તો ભગવાન દૂર છે પણ દયા, દાન, વ્રતના પરિણામથી દૂર પ્રભુ છે, પણ એની ઉત્પાદ-વ્યયની ધર્મની વીતરાગી પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિક સમકિતની પર્યાય,

એક સમયની અવસ્થાથી પ્રભુ દૂર છે. ધ્રુવ તત્ત્વ ભગવાન પર્યાયમાં આવતો નથી.

**શ્રોતા** :- તાદાત્મ્ય સંબંધ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તાદાત્મ્ય સંબંધ નથી. નિત્ય સાથે તાદાત્મ્ય સંબંધ હો તો પર્યાય નિત્ય થઈ જાય અને કાં દ્રવ્ય ક્ષણિક થઈ જાય. શું કહે છે ? સાંભળો. એ ભાઈએ એ રીતે પ્રશ્ન મૂક્યો. એક સમયની પર્યાય સાથે ત્રિકાળી ધ્રુવ જો તાદાત્મ્ય હોય તો કાં પર્યાય નિત્ય થઈ જાય અને કાં નિત્ય ક્ષણિક થઈ જાય. એમ છે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! અલખના ઘર ઓળખવા એ અલૌકિક વાત છે, ભાઈ ! એ સાધારણની વાત નથી. આહા..હા...! 'અલખને કેમ કરી ઓળખવો.' ભજન આવે છે. 'ફકીરે કાઢ્યો ફતવો.' આ બધા ફતવા કાઢે, વ્યવહાર વિના થાય નહિ, ઢીકણા વિના થાય નહિ-ફતવા બધા ફકીર જેવા છે. એય..! ભગવાન ! ફતવો સમજો છો ? ફતવાને શું કહે છે ? ફતવો. ખોટો, ખોટો. ફતવાનો અર્થ ખોટો. આહા..હા...! જુઓ તો ખરા.

ભગવાનઆત્મા એની પર્યાયમાં, અવસ્થામાં આ ચાર પ્રકારની અવસ્થા થાય છે. એક સમયની અવસ્થા. ચાહે તો રાગ હોય, ચાહે તો ક્ષાયિક સમકિત હો, ચાહે તો કેવળજ્ઞાન હોય, (બધી) એક સમયની અવસ્થા છે. એક સમયની પર્યાયની અપેક્ષા, એને આશ્રય કરવા લાયક નથી. એ અપેક્ષાએ એને નિમિત્તનો, કર્મનો અભાવ નિર્મળ પર્યાયમાં જોઈને અપેક્ષા આવી તો કહે છે કે ચારે પર્યાય આવરણવાળી છે. નિરાવરણ પ્રભુ ધ્રુવ ત્રિકાળી નિરાવરણ વસ્તુ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'પૂર્વોક્ત ચાર ભાવો...'** ભાવ એટલે પર્યાય એટલે અવસ્થા. પર્યાયદૃષ્ટિવંતને કહે છે કે પર્યાય ઉપર જેનું લક્ષ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. તેને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકસમકિત હોતું નથી. આહા..હા...! કહે છે કે **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી...'** આવરણસહિત એટલે નિમિત્તની અપેક્ષાવાળા અને અભાવવાળા **'મુક્તિનું કારણ નથી.'** હવે મુક્તિનું કારણ કોણ છે ? **'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ત્રિકાળી ભગવાન ધ્રુવ, જિનબિંબ, અવિનાશી. પર્યાય તો વિનાશીક છે. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હો, ચાહે તો ક્ષાયિકસમકિતની પર્યાય હો એ વિનાશીક છે. એક સમયની પર્યાય વિનાશીક છે. આહા..હા...!

**'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ત્રણે કાળ ધ્રુવ ભગવાન કે જેમાં કોઈ આવરણ નથી, કોઈ અપેક્ષા નથી એવું ધ્રુવ જેનું સ્વરૂપ છે. **'એવા નિરંજન...'** જેમાં અંજન નથી, મેલ નથી. **'નિજ પરમ પંચમભાવ...'** જુઓ ! નિજ પરમ પંચમભાવ. એ ચાર ભાવ પણ છે. પણ આ તો ત્રિકાળી ધ્રુવ નિજ પરમ પંચમભાવ. **'(-પારિણામિકભાવની) ભાવનાથી...'** એવા પંચમભાવની ભાવનાથી. ભાવના શબ્દે ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતાથી. પર્યાય તો પાછી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે, પણ ધ્રુવમાં એકાગ્રતા છે, પર્યાયમાં એકાગ્રતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

બહારનું જ્યાં સંભાળવા જાય ત્યાં અંદરનું ખોવાય જાય છે. બહારનું યાદ કરવા જાય ત્યાં

અંદરનું ખોવાય જાય છે એની ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્યાં તો આમ આમ કરું પર્યાય આમ કરું, પર્યાયથી સુધારું, બહારને આમ સુધારું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. પર્યાયની સંભાળ કરવા ગયો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '...'! આ તો અલૌકિક વાત છે. આવી વાત તો કોઈ વખતે નીકળે ત્યારે સાંભળવા મળે, કાંઈ હરવખતે (ન આવે). પાઠ શાસ્ત્રનો હોય તો કહેવાય.

ભગવાનઆત્મા, જુઓ ! આત્મા, જેને નિશ્ચય આત્મા કહે છે નિશ્ચય આત્મા, એ તો પર્યાયથી ભિન્ન જે ધ્રુવ છે એ નિશ્ચય આત્મા છે. પર્યાયના આત્માને વ્યવહારઆત્મા કહે છે. એ વ્યવહાર અભૂતાર્થ. એ વ્યવહાર સત્ય આત્મા નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! 'અમરચંદભાઈ'! ભગવાન ! કહે છે, પર્યાયમાત્ર વ્યવહારનો વિષય છે. દ્રવ્ય એ નિશ્ચયનો વિષય છે. આહા..હા...! એ પર્યાયમાં રહીને આ ધ્રુવ છે એમ માને તો પર્યાયમાં ધ્રુવને દૂર રાખ્યો છે. પણ પર્યાય ધ્રુવમાં પેસતા, અંદર પેસતા ધ્રુવમાં એકાકાર થાય છે એને પંચમભાવની ભાવના કહેવામાં આવે છે. આહા..હા...! 'વસંતકુમારજી'! એને રસ છે કે નહિ ? એને રસ છે. પ્રશ્ન કરતાં હતા. સમજાણું કાંઈ ? અરે..! ભગવાન ! કહે છે, ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું એ સંતો કહે છે. એ શાસ્ત્રમાં ભાષા દ્વારા વાત આવી ગઈ. ઓ..હો..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... નહિ. પર્યાય દ્રવ્યમાં જાય, એકાકાર થાય. તો આ પર્યાય અહીં લઈ જાય એ પણ ખોટી વાત છે. ઝીણી વાત છે, ભાઈ ! એ તો ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ, તો એ પર્યાય અંદરમાં પેઠી એમ કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ ! ચાલતી પર્યાય સાથે, વર્તમાન ચાલતી એ પર્યાયને અંદર વાળું એ પણ પર્યાયદૃષ્ટિ થઈ ગઈ. કેમ વળે ? એ ચાલતી પર્યાય તો છે. હવે જ્યારે બીજા સમયે અંદરમાં વાળવી છે એ પર્યાય તો છે નહિ. પંડિતજી ! અહીંયાં તો અલૌકિક વાત છે. રાગની તો વાત જ નથી. દાય, દાન, ભક્તિના વિકલ્પથી લાભ થાય એ વાત તો ત્રણ કાળમાં નથી. પણ ચાલતી પર્યાયમાં આ પર્યાય હું અંદર વાળું. શું વાળે ? એ તો ઉત્પન્ન થઈ છે અને જે પર્યાય ઉત્પન્ન નથી થઈ એને વાળવી એ શું છે ? એનો અર્થ એ છે કે ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મામાં દૃષ્ટિ જતાં એ પર્યાય નવી ઉત્પન્ન થઈ અને દ્રવ્યનું અવલંબન લીધું. સમજાણું કાંઈ ? ધ્યાન રાખે તો સમજાય એવું છે, નથી સમજાય એમ નથી. સાદિ ભાષામાં ભાવ આવે છે. કઠણ વાતો નથી. આહા..હા...! શું ગંભીર તત્ત્વ !

કહે છે કે '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' જેનું ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ ભગવાન ધ્રુવ. '**એવા નિરંજન નિજ પરમ પંચમભાવ...**' ભગવાનનો પંચમભાવ ભગવાન પાસે રહ્યો. સિદ્ધના દ્રવ્યનો પંચમભાવ સિદ્ધ પાસે રહ્યો. અમારે શું કામનો ? અહીં તો કહે છે કે અમારી પર્યાય પણ અમારે કામની નથી. આહા..હા...! કેમ કે પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. નવી પર્યાય, વીતરાગી

પર્યાય ઉત્પન્ન થવાની ખાણ તો ધ્રુવ છે. ધ્રુવ ભગવાનની ભાવના, પંચમભાવની ભાવના. છે ને ? પંડિતજી! જુઓ ! પરમપારિણામિક સ્વભાવ ધ્રુવ, ચૈતન્ય દ્રવ્ય, ધ્રુવ, એ પંચમપારિણામિકભાવની ભાવનાથી, એની એકાગ્રતાથી, એની એકાગ્રતાથી પંચમગતિમાં, મોક્ષગતિમાં **'મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...'** કહો, સમજાણું કાંઈ ? કહો, 'ભીખાભાઈ'! 'હીરાભાઈ'એ રાખ્યા છે કે નહિ જોડે ? આહા..હા...!

ભગવાનઆત્મા ત્રિકાળી ધ્રુવબિંબ. કાચ હોય છે ને ? અરીસો-અરીસો. અરિસાનો દાખલો આવે છે. ભાઈએ તો બહુ આપ્યો છે, 'ન્યાલભાઈ'એ. આ અરીસો છે ને અરીસો ? અરીસાને શું કહે છે ? શીશા, દળ. ઉપરની પર્યાયમાં બધી અવસ્થા થાય છે. એ પર્યાય સિવાયનું આખું દળ છે એમાં તો એ પર્યાય-બર્યાય છે નહિ. અરીસાનું દળ છે, જે ધ્રુવ દળ છે એમાં તો આ વર્તમાન પર્યાય અરીસાની અંદર નથી. જે અરિસામાં આ લાલ, પીળા આદિ દેખાય છે એ તો અરીસાની એક સમયની પર્યાય છે. એ પર્યાય અરીસાનું જે દળ છે, પિંડ છે, પૂર્ણ સ્કંધ છે એમાં પર્યાયનો અભાવ છે. એ આખો અરીસો એક પર્યાયમાં આવી જતો નથી. આહા..હા...! ભારે આકરું. શેઠ ! અને અરીસાની એક સમયની પર્યાય એના દળમાં પ્રવેશતી નથી. બે ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ ? એમ ભગવાનઆત્મા ધ્રુવ દળ, નિત્ય દળ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ, એ એક સમયની અવસ્થામાં આવતો નથી અને એક સમયની અવસ્થા ધ્રુવમાં પેસતી નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? કહો, 'પન્નાલાલજી'! આવી વાત છે. આ હિન્દીમાં આવ્યું. હિન્દીમાં પણ જે ભાવ હોય એ આવે ને. બીજો ક્યાંથી આવે ?

શરીર, વાણીની ક્રિયા જડની જડમાં છે, મનની મનમાં, વાણીની વાણીમાં, જડની જડમાં અને દયા, દાન, વ્રત, ભક્તિનો આદિનો વિકલ્પ ઊઠે એ રાગ આસ્રવતત્ત્વમાં છે; અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તત્ત્વ ઉત્પન્ન થાય તો એક સમયની પર્યાય તત્ત્વમાં છે, ધ્રુવ તત્ત્વમાં એ નથી. ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એમ છે કે નહિ ? નિર્ણય કરો. પહેલાં નિર્ણય તો કરો. સામાન્ય જે ધ્રુવ છે, એક સમયમાં જો આવી જાય તો એક સમયની અવસ્થા પૂરતો ધ્રુવ થઈ જાય અને એક સમયની વિશેષ અવસ્થા છે, વિશેષ અવસ્થા ચાહે તો ક્ષાયિક સમકિતની હો, કેવળજ્ઞાનની હો, એ એક સમયની અવસ્થા જો ધ્રુવમાં–સામાન્યમાં પેસી જાય તો એક સયમની અવસ્થા નિત્ય થઈ જાય. પર્યાય તો અનિત્ય છે. 'ધર્મચંદભાઈ'! ઝીણી વાત છે. કહો, શેઠ ! પૂછે તો આવડશે કે નહિ ? દાંત કાઢે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રયત્ન ક્યાં એટલો બધો કરે છે ? દરકાર કરે છે હજી ? એટલી બધી

દરકાર નથી. આહા..હા...!

ભગવાન અંદર ચિદ્‌ઘન છે, જ્ઞાનનું દળ છે, આનંદનું દળ છે, ધ્રુવ બિંબ છે, જેમાં અનંતા સિદ્ધની પર્યાયો જેના દળમાં અંદર પડી છે એવો ચિદ્‌ઘન ધ્રુવ પરમ સ્વભાવભાવ, એમાં ચાર પર્યાય નથી. એ ભાવ દૂર છે. આહા..હા...! આ તે કાંઈ વાત ! સર્વજ્ઞ વીતરાગ સિવાય આ માર્ગ બીજે ક્યાંય હોઈ શકે નહિ. ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. ઓહો..!

અહીં તો કહે છે, પંચમભાવની ભાવના. એમ કહ્યું ને ? પર્યાયમાં રહીને પર્યાયની ભાવના કરે તોપણ એ તો પર્યાયમાં ઊભો છે, ધ્રુવમાં નથી ઊભો. પર્યાયમાં દયા, દાન, વ્રત આદિનું લક્ષ કરે અને ત્યાં રહે તો એ તો પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ થઈ. એ પર્યાયમાં રમે છે, મિથ્યાત્વમાં રમે છે. સમજાણું કાંઈ ?

અહીંયાં તો ભગવાનઆત્મા નિજ પરમભાવ, પંચમભાવ. ભગવાનઆત્માનો નિજ નામ પોતાનો પરમભાવ, પંચમભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સ્વભાવભાવ, સદૃશ્યભાવ, સામાન્યભાવ. સમજાણું કાંઈ ? એવા દળની ભાવનાથી. એ ભાવના વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પંચમભાવની ભાવના છે. આહા..હા...! આ 'નિયમસાર' જોયું છે કે નહિ ? વાંચ્યું છે કે નહિ ? પંડિતજી ! નથી વાંચ્યું.

**શ્રોતા :–** અભિપ્રાયની ભૂલ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. પૂરી. હોય તો પૂરી અને ન હોય તો કાંઈ નહિ. સમજાણું કાંઈ ? નક્કી કરો નહિતર. પહેલાં વિકલ્પ સહિત પણ આવો નિર્ણય ન હોય એને નિર્વિકલ્પ દૃષ્ટિ કદી થતી નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! 'પ્રભુ ! તારી પાસે રે પ્રભુ નથી વેગળો.' એ પર્યાયમાં આવે નહિ એવો પ્રભુ તારો પડ્યો છે ને ભગવાન ! આહા..હા...! એ તો મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષની પર્યાયથી દૂર છે, વેગળો છે. આહા..હા...! જુઓ તો ખરા ભેદજ્ઞાન ! એવી ભાવનાથી, એવા પંચમભાવની ભાવનાથી. પંચમભાવ ત્રિકાળી છે. ભાવના એ વર્તમાન પર્યાય છે. પણ એ પંચમભાવની ભાવનાથી આમ ધ્રુવ તરફ દૃષ્ટિ કરતાં જે એકાગ્ર થયો એનું નામ ભાવના કહે છે. એ ભાવનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. પાઠ છે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અત્યારે ઠેકાણે નહિ પડે. રાત્રે પૂછજો. કહો, સમજાણું કાંઈ ? આ તો અલૌકિક માર્ગ છે. ઇ એમને એમ પકડાય જાય એમ નથી ન્યાં.

ભગવાન ધ્રુવ સ્વરૂપ છે, એની ભાવના. ભાવની ભાવના. ત્રિકાળ ધ્રુવની ભાવના, એની ભાવના. પર્યાયની નહિ, રાગની નહિ, નિમિત્તની નહિ, રાગ હજો, શુભરાગ હજો, આ થોડો છે તો વધજો– એ તો દૃષ્ટિ પર્યાયબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

**શ્રોતા :–** ત્રિકાળ ધ્રુવ સ્વભાવની ભાવના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ત્રિકાળ ધ્રુવ સ્વભાવની ભાવના, અંતરમાં એકાગ્રતા, ધ્રુવમાં એકાગ્રતા. એ એકાગ્રતા છે તો પર્યાય પણ એ ધ્રુવ સંબંધીમાં લીનતા. પર્યાયમાં પર્યાયની લીનતા નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! અરે..! માર્ગ તો જુઓ ! ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદથી ભર્યો છે, પ્રભુ ! કહે છે કે એની ઉપર નજર કરતાં એમાં એકાગ્ર થાય તે ભાવના. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ધ્રુવના લક્ષે, આશ્રયે જે દશા થઈ તેને અહીં ભાવના કહે છે. આ ભાવના એટલે કલ્પના એમ નહિ. એમાં એકાગ્રતા, લીનતા. ધ્રુવમાં લીન, ધ્રુવબિંબમાં દૃષ્ટિનો પ્રસાર, ધ્રુવમાં દૃષ્ટિનો પ્રસાર, ધ્રુવમાં દૃષ્ટિનો વિસ્તાર, દૃષ્ટિએ આખા ધ્રુવને કબ્જે કરી લીધો છે. એય..! 'ધર્મચંદજી'!

એવી '**ભાવનાથી પંચમગતિએ...**' જુઓ ! '**પંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...**' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન પણ ધ્રુવ પારિણામિકભાવના આશ્રયથી વર્તમાન સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે, સમ્યગ્ચારિત્ર થાય છે. આગળ વધતા શુક્લધ્યાન પણ ધ્રુવના આશ્રયે થાય છે. આગળ જતાં કેવળજ્ઞાન પણ ધ્રુવને આશ્રયે થાય છે અને પૂર્ણ સિદ્ધદશા પણ ધ્રુવના આશ્રયે થાય છે. વાત એવી છે. સમજાણું કાંઈ ? પંચમભાવની, '**પરમ પંચમભાવની...**' કેમ કે પર્યાયને પણ પારિણામિકભાવની પર્યાય કહેવામાં આવે છે. એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ છે એ કર્મના નિમિત્તની અપેક્ષાએ ઉદય, પણ પારિણામિકભાવની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય. એમ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ પરમ પારિણામિકભાવની અપેક્ષાએ પારિણામિક પર્યાય (કહેવાય) પણ એ પર્યાયથી ભિન્ન ત્રિકાળી પરમપારિણામિક. સમજાણું કાંઈ ? કહ્યું ને ? ડોક્ટરને ખ્યાલ ન રહ્યો. શું કહ્યું ? હમણા શું કહ્યું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કહ્યું જ નથી. ખ્યાલમાં લીધું જ નથી.

આત્મામાં જે પુણ્ય-પાપનો ભાવ થાય છે એને નિમિત્તની અપેક્ષાએ ઉદય કહો, પણ પારિણામિકભાવ પરમભાવ છે એ પર્યાયપણે પરિણમે છે તો એને પણ પારિણામિકભાવની પર્યાય (કહેવાય). પરમપારિણામિક ભિન્ન.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કાંઈ નહિ અત્યારે. એમ કરીને ખુલાસો કરી દીધો. એ તો પારિણામિક રાગાદિ વિકલ્પ જે દયા, દાન, કામ, ક્રોધના મિથ્યાત્વ પરિણામ છે એ પણ પારિણામિકભાવની પર્યાય છે. પર્યાય છે. પરમપરિણામિક એ ધ્રુવ. આહા..હા...! એ કહ્યું હતું. તમારું ધ્યાન નહોતું. સમજાણું કાંઈ ? બાપુ ! માર્ગ તો એવો કોઈ અલૌકિક છે. લોકોને એમ ને એમ પોતાની કલ્પનાએ વાંચે, કલ્પનાએ બેસાડે અને કલ્પનાએ વીતરાગ માર્ગને ઉંધુ માને અને અમે વીતરાગ માર્ગ કહીએ છીએ એમ કહે.

અહીં તો કહે છે, પરમ પંચમભાવ કેમ કીધો ? પરમ પંચમભાવ, પરમ પંચમભાવ ધ્રુવ છે

અને એની પર્યાય રાગ–દયા, દાન, કામ, ક્રોધની પર્યાય એ પણ પારિણામિકભાવની એક સમયની પર્યાય છે. એને પારિણામિક ભાવ કહે છે. પરમ પારિણામિક નહિ.

**શ્રોતા :–** પારિણામિક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પારિણામિક છે. કહ્યું ને. અને અહીં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક–ચારે પર્યાયને અંતરની અપેક્ષાએ, નિજ તરફની અપેક્ષાએ એ ચારેયને પારિણામિકની પર્યાય કહે છે. કર્મની અપેક્ષાએ એને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહે છે. પણ એ પારિણામિકભાવની જે પર્યાય છે, એ પારિણામિકભાવ પર્યાય છે પણ ધ્રુવ છે એ પંચમપારિણામિક ત્રિકાળ ભાવ છે. આહા..હા...! શેઠ ! આ તો બધું બફમ થઈ જાય છે. ત્યાં દુકાને બેઠા હોય તો જાણે એમ લાગે ડાહ્યા મોટા.

આમાં યાદ ક્યાં રાખવાની વાત છે ? તત્ત્વની સીધી વાત છે. આહા..હા...! ત્રિકાળી ભગવાન જે ધ્રુવ છે એ પરમ પારિણામિકભાવ. અને એની ચાર પર્યાય છે એ પારિણામિકભાવની પર્યાય અંશ છે. પારિણામિક પણ અંશ છે. પણ એ પરમ પારિણામિક નથી. સમજાણું કાંઈ ? પરમ પારિણામિક ધ્રુવ ભગવાનઆત્મા નિત્યાંદન પર્યાયથી ભિન્ન, એની ભાવનાથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની એકાગ્રતાથી નહિ. એ ધ્રુવની એકાગ્રતાથી **'પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે)...'** મોક્ષ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! સમયગ્દર્શનની પર્યાય એ પણ પંચમભાવની એકાગ્રતાથી થાય છે. આહા..હા...! આ તો ઓલા કહે છે ને ? ત્રણ કરણથી શુદ્ધભાવથી થાય છે. હવે ત્રણ કરણ ગયા એની પર્યાય. સાંભળને. ભારે તકરાર કરે. વિદ્વાનો મોટા. બાપુ ! એ વિદ્વાન ન કહેવાય. અહીં કહેશે. જુઓ ! હમણા આવશે. આહા..હા...!

ભગવાનઆત્મા હું જે છું એ તો પર્યાયથી ભિન્ન છું. મારામાં પર્યાય પરિણમો પણ હું પરિણમન પર્યાયમાં આવતો નથી. પરિણમન કરવું એ તો પર્યાયનો ધર્મ છે, મારો ધર્મ નથી. આહા..હા...!

**'પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...'** એક જ માર્ગ છે એમ કહે છે. ત્રણ કાળનો એક માર્ગ છે. વળી કોઈ પંચમકાળને માટે બીજો માર્ગ અને મહાવિદેહનો બીજો માર્ગ અને ભરતનો બીજો માર્ગ એમ છે નહિ. ભૂતકાળનો બીજો માર્ગ, ભવિષ્યકાળનો બીજો માર્ગ, કઠણ પંચમકાળમાં બીજો માર્ગ (એમ છે નહિ).

એ માટે તો ખુલાસા કર્યા છે. આહા..હા...! ભાઈ ! સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર જે નિર્મળ પર્યાય, જે નિયમસાર છે. નિશ્ચયમોક્ષમાર્ગ, હોં ! વ્યવહાર મોક્ષમાર્ગ માર્ગ છે જ નહિ. વિકલ્પ મોક્ષમાર્ગ છે જ નહિ. નિશ્ચય મોક્ષમાર્ગ કે જો સમ્યગ્દર્શન, જ્ઞાન, નિર્મળ ચારિત્રની વીતરાગી પર્યાય, એ પંચમભાવ ધ્રુવના આશ્રયે એમાં એકાગ્રતાથી ઉત્પન્ન થાય છે. અને એ પંચમભાવના આશ્રયે અહીંયા આત્માને કેવળજ્ઞાન અને મુક્તિ થાય છે. **'(ભવિષ્ય કાળે) જશે...'** ભવિષ્ય અનંત કાળ છે એમાં પણ આ ધ્રુવ સ્વભાવની એકાગ્રતાથી મોક્ષ જશે. વીતરાગમાં બીજો કોઈ માર્ગ છે નહિ. **'અને (ભૂત**

**કાળે) જતાં.**' જતાં હતા. ગયા કાળમાં પણ ધ્રુવ પંચમભાવ, એની એકાગ્રતાથી ભૂતકાળમાં અનંત મોક્ષ ગયા, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથ કા પંથ.' આ એક પરમારથનો પંથ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મહાસિદ્ધાંતની છે.

'**[હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :]**' એ તો ટીકા થઈ. હવે શ્લોક.

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः ।**
**संचिपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः ।।५८ ।।**

'**(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપે) પાંચ આચારો...**' પાંચ આચાર, આચાર પર્યાય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર, તપ અને વીર્ય–પાંચ વીતરાગી પર્યાય, વીતરાગી દશા, નિર્વિકલ્પ દશા. એ '**પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' મુનિ કહે છે ને ? મુનિની વાત મુખ્ય લેવી છે ને ? '**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' મુનિને તો એક વસ્ત્રનો ટુકડાનો પણ પરિગ્રહ હોતો નથી. વસ્ત્રનો એક ટુકડો હોય અને મુનિપણું માને તો એ મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :–** વ્યવહાર પંચાચાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર પંચાચાર પણ નહિ, એ તો વિકલ્પ છે. અહીં તો નિશ્ચય પંચાચારની વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' આનાથી સહિત અને આનાથી રહિત. અસ્તિ-નાસ્તિ કર્યું. '**એવા વિદ્વાનો...**' એવા વિદ્વાનો. એને વિદ્વાન કહે છે અને એને જ્ઞાની કહે છે. બાકી શાસ્ત્રના ભણતર ભણ્યા અને ઉંધા મારે એ વિદ્વાન છે નહિ. છે એમાં ? જુઓ ! '**એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' પૂજનીય પંચમગતિ—મુક્તિને '**પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.**' સ્મરણ શબ્દે પંચમભાવમાં એકાગ્ર થાય છે. સ્મરણ કરે છે એટલે આમ સ્મરણ નહિ. પંચમભાવને યાદ કરીને એકાગ્ર થાય છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ !

આત્માના પુરુષાર્થની અંદર વિકાર રહિત, નિર્વિકારની રચના થવી એ વીર્યાચાર છે. વીતરાગી પર્યાયની રચના થવી એ વીર્યાચારનું કામ છે. વ્યવહાર આદિ વિકલ્પ છે એ વ્યવહાર જ નહિ. એ બંધનું કારણ છે. એ આત્માના સ્વભાવનું કારણ છે જ નહિ. આહા..હા...! ...

'**વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' પંચમભાવને. પંચમભાવ એટલે પંચમ ત્રિકાળી

ભાવ, એનું સ્મરણ નામ એકાગ્રતા કરે છે તો એની મુક્તિ થાય છે, મુક્તિ થાય છે. પંચમભાવની એકાગ્રતાથી મુક્તિ થાય છે. એમ કહ્યું ને ? ધ્યાન રાખો. આ તો અલૌકિક વાત છે, ભાઈ ! આ તો કેવળજ્ઞાનીની સભા છે. આ તો બધી કેવળજ્ઞાનીની વાત છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! બીજો શ્લોક.

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः।।५९।।**

**'સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...'** આહા..હા...!

**શ્રોતા** :– બધાય શુભભાવ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ વ્યવહાર સમકિત, વ્યવહાર ચારિત્ર, વ્યવહાર જ્ઞાન એ બધું રાગ ભોગીઓના ભોગનું મૂળ છે. આહા..હા...!

**શ્રોતા** :– મુનિની વાત ચાલે છે ને બીજાને વાંધો નહિ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– જ્ઞાનીની, સમકિતીની અહીં વાત ચાલે છે. જે કાંઈ શુભભાવ છે એ ભોગીઓના ભોગનું મૂળ છે, આત્માના ભોગનું એ મૂળ છે નહિ. સમજાણું ? શુભભાવ **'ભોગીઓના ભોગનું મૂળ છે;...'** ધર્મીના અનુભવના ભોગનારને એ શુભભાવ હોતા નથી. છે તો પોતાનો છે એનાથી લાભ માનતા નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! 'સોનગઢ'ના નામે પછી લોકો કહે ને કે ભાઈ ! આ ભગવાન કહે છે કે 'સોનગઢ' કહે છે ? આમાં કોણ કહે છે સાંભળ તો ખરો. એય..!

**શ્રોતા** :– બીજા અર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બીજો અર્થ શું છે એમાંથી કાઢે ને. ઊલટો...

**શ્રોતા** :– ભોગીઓના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– **'ભોગીઓના ભોગનું મૂળ છે;...'**

**શ્રોતા** :– **'समस्तं'**

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– **'समस्तं'** શુભ ગમે તે પ્રકારનું હોય. ચાહે મહાવ્રતના પરિણામ હોય, સમજાણું કાંઈ ? અઠ્યાવીશ મૂળગુણના હો, છ આવશ્યકના હો, ભગવાનની ભક્તિનો હો, શાસ્ત્રના વાંચનનો શુભભાવ હો, ભગવાનના નામ સ્મરણનો ભાવ હો, એ બધું **'ભોગીઓના ભોગનું મૂળ છે;...'** ધર્મીનું એ મૂળ નથી. આહા..હા...! ભારે કામ, ભાઈ !

**શ્રોતા :–** ...માળા જપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જપે ... જપે. આ હું પંચમભાવ છું, પંચમભાવ છું, એમ વિકલ્પ કરે તો એમાં શું આવ્યું ? એ તો આમાં કહેશે કે એ તો વિકલ્પ છે. આહા..હા...! ધ્રુવ આત્મા છે, શુદ્ધ છે, અબદ્ધ છે, નિર્મળ છે, ધ્રુવ છે–એ તો વિકલ્પ છે. એ બધું ભોગીઓના ભોગનું મૂળ વિકલ્પ છે. ત્રિકાળ ધ્રુવ ભગવાનઆત્મા, એમાં દૃષ્ટિ લગાડી એકાકાર થવું એ મોક્ષનું મૂળ છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! અશુભભાવમાં હતો ત્યારે ત્યાં વળગ્યો હતો, ચોંટ્યો હતો. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના શુભભાવમાં આવ્યો ત્યાં ચોંટ્યો. એ તો એકની એક દશા છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'સઘળુંય સુકૃત...'** સઘળુંય સુકૃત. કોઈપણ શુભભાવ. ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, નામસ્મરણનો. ણમો અરિહંતાણં. પંચ પરમેષ્ઠીની યાદગીરી ૐ... ૐ... ૐ... (કરે) એ વિકલ્પ. એ **'ભોગીઓના ભોગનું મૂળ છે;...'** 'શોભાલાલજી'! સ્પષ્ટ કર્યું. છે એને સ્પષ્ટ કર્યું. એમાં છે કે નહિ ? આ પુસ્તક એને માટે સામું રાખ્યું છે. એ માટે રાખ્યું છે.

**શ્રોતા :–** નિશ્ચયની વાત છે કે વ્યવહારની વાત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારની વાત એટલે વ્યવહાર એટલે જૂઠો. જૂઠાની વાત આમાં નથી. નિશ્ચય એટલે યથાર્થ સત્ય. આ સત્યની વાત છે. વાસ્તવમાં એ જ વસ્તુની માન્યતા અને જાણવા લાયક એ જ છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. ચાહે તો પાંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, ભગવાનની ભક્તિ આખો દિ' ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામમાં પછી મરામ થઈ જાય અંદર. સમજાણું કાંઈ ?

**'સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...'** એટલે ધર્માત્મા. પરમતત્ત્વ ભગવાનઆત્મા. પરમતત્ત્વ. પર્યાય અપરમતત્ત્વ.

**શ્રોતા :–** પરમતત્ત્વ કોણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરમતત્ત્વ ધ્રુવ. પંચમભાવ પરમતત્ત્વ. ત્રિકાળી પંચમભાવ એ પરમતત્ત્વ. સંવર, નિર્જરા, મોક્ષ પણ પરમ તત્ત્વ નહિ, એ અપરમતત્ત્વ છે. પર્યાય છે.

ગુણ અને ભાવ એક જ છે. દ્રવ્ય અને ગુણ બે એક છે. આ અભેદ છે. દ્રવ્ય કોને કહેવું ? ગુણના પિંડને દ્રવ્ય કહે. ગુણ અને દ્રવ્ય ભિન્ન છે.

એ ભેદમાં અંદર બીજો ભેદ ક્યાં છે ? જે ગુણનો પિંડ છે એ દ્રવ્ય છે. દ્રવ્યનો અર્થ શું ? દ્રવ્ય કોઈ બીજી ચીજ છે ? અને બીજી ચીજ કોઈ ગુણ છે ? અનંત ગુણનો ધ્રુવનો પિંડ એને દ્રવ્ય કહે છે. એકરૂપ કહેવું હોય તો દ્રવ્ય અને અનંતરૂપ ગુણ કહેવું હોય તો ગુણ. પણ આ ગુણ છે અને આ ગુણી છે એવો ભેદ પાડે તો પણ વિકલ્પ છે. એના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. અભેદની દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. બાકી કોઈ ત્રણ કાળ, ત્રણ લોકમાં

બીજું કોઈ કારણ છે નહિ. સમજાણું કાંઈ ?

**'પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા...'** વિચિક્ષણ, નિષ્ણાંત, પૂર્ણ. નથી કહેતા કે આમાં નિષ્ણાંત છે. ફલાણી વાતમાં નિષ્ણાંત છે, નિપૂણ છે. નિષ્ણાંત છે, પરિપૂર્ણ છે. એમ ભગવાનઆત્મા પંચમભાવ, એને જાણવામાં જે નિષ્ણાંત છે. **'મુનીશ્વર...'** એવા મનવાળા **'ભવથી વિમુક્ત થવા અર્થે...'** ચાર ગતિના ભવથી મુક્તિના હેતુ અર્થે **'તે સઘળાય શુભ કર્મને છોડો...'** પાઠમાં આવ્યું ને ? **'त्यजतु'** **'भवविमुक्त्यै त्यजतु'** દૃષ્ટિમાંથી છોડો. દૃષ્ટિના વિષયમાંથી છોડો. પુણ્ય-પાપ, પુણ્યાદિના પરિણામ દૃષ્ટિનો વિષય નથી. એના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

**'સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને...'** ઓહો..હો...! ત્રિકાળી ભગવાનઆત્મા અને એને કારણરૂપ ભજો. એની નિર્મળપર્યાયને ભજો. **'ઉભય સમયસાર...'** ઉભય એટલે ત્રિકાળી ધ્રુવ સમયસાર. એની નિર્મળ એકાગ્રતા થઈ એ કારણ સમયસાર અને પૂર્ણ કેવળજ્ઞાન થયું એ કાર્યસમયસાર. ધ્રુવ એ પરમકારણસમયસાર છે. ભારે વાત, ભાઈ !

સમયસાર ત્રણ. એમાં અહીં બે કીધા. ત્રિકાળી ધ્રુવને સમયસાર કહ્યું અને મોક્ષ પામવાના કારણરૂપ જે નિયમ સમયસાર, આત્માની જે વીતરાગી પર્યાય એ કારણ સમયસાર. પર્યાયરૂપ. ધ્રુવ ત્રિકાળી સમયસાર અને કાર્યરૂપ કાર્યસમયસાર સિદ્ધપદ. પણ અહીં બેને ભજો. ધ્રુવ અને પર્યાયને ભજો. ભજો એટલે દ્રવ્યમાં એકાગ્ર થાવ.

પ્રગટ થાય છે પણ એ દ્રવ્યનો આશ્રય કરીને. ધ્રુવ સમયસાર છે, એની એકાગ્રતા થવાથી મોક્ષમાર્ગની પર્યાય, વીતરાગી પર્યાય, વીતરાગી સમકિત એ કારણ સમયસાર છે. એને ભજો. **'એમાં શો દોષ છે ?'** એમ કહ્યું, જુઓ ! **'कोऽत्र दोषो मुनीशः'** અરે..! આ છોડવું અને આમાં ભજવું. એમાં શું દોષ છે એમ કહે છે. શુભ પરિણામ છોડવા. છોડીને શું કરવું ? પણ છોડીને અંદર એકાગ્ર થવું એમ કહે છે. સમજાય છે કાંઈ ? ભગવાન પાસે જાય તો ભગવાન એમ કહે, મારું સામું જોવું છોડી દે, તારી સામું–સન્મુખ જો.

**શ્રોતા :–** ભારી ફટકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફટકો લાગે. ફટકાર એ કે તું અમારી સામે નહિ જો, તારી પાસે પૂર્ણ છે એ બાજુ જો. ધ્રુવ તરફ દૃષ્ટિ દે. તને લાભ થશે. બાકી અમારી સન્મુખ થવાથી પણ લાભ થશે નહિ. આહા..હા...! એ તો વીતરાગ કહે, હોં ! બીજા તો એમ કહે, અમને ભજો, અમને દ્યો આહાર-પાણી અને લાડવા તમારું કલ્યાણ થઈ જશે. એય..! અહીં તો કહે છે કે ભાવલિંગી મુનિને આહાર-પાણી દે તો એ વિકલ્પથી પુણ્ય બંધાય. સંવર, નિર્જરા જરીયે ન થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? શ્વેતાંબરમાં 'ભગવતી'માં તો એ લેખ છે. ... સાધુને નિર્દોષ આહાર-પાણી આપે તો પરિત સંસાર કરે. આવો મૂળ પાઠ છે. મૂળ લખાણ જ આખા તત્ત્વથી વિરુદ્ધના છે પણ હવે શું થાય ?

ત્રણ સૂત્ર. એમાં મોટા વાંધા ઊઠ્યા છે. એક સૂત્ર એવું છે કે મુનિને નિર્દોષ પાણી આપે અને સદોષ થોડું હોય તો ઘણી નિર્જરા અને થોડું પાપ. આ શ્વેતાંબરે લઈ લીધું. કરો સાધુ માટે. એમાં થોડું પાપ લાગશે પણ નિર્જરા ઘણી છે. ધૂડમાં પણ નથી. ભગવતીમાં ત્રણ સૂત્ર છે. એક સૂત્રમાં તથારૂપના સાધુને નિર્દોષ આહાર-પાણી દેતા એકાંતે નિર્જરા થશે. કિંચિત્ પાપ .. એ ભગવતી સૂત્રમાં છે. અને અસંતીને દેવાથી .... એ તેરાપંથીએ પકડ્યું. અરે..રે..!

અહીં તો કહે છે કે તથારૂપના તીર્થંકર ત્રણ લોકના નાથ હો. ગૃહસ્થાશ્રમમાં હોં પહેલાં. એને ભીક્ષા દે તો શુભરાગ થશે. સંસાર પરિત-ફરિત પરદ્રવ્યને આશ્રયે થશે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો ૪૧ ગાથા થઈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❃

*** જ્ઞાયકભાવ તો જ્ઞાયક છે. દ્રવ્યસ્વભાવ તો કાયમ જ્ઞાયક જ છે, તે કદી શુભાશુભ ભાવરૂપે થયો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે પણ દ્રવ્યદૃષ્ટિથી જોતાં અશુદ્ધતા ગૌણ છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવથી જોતાં અશુદ્ધતા તેનામાં નથી; તેથી પર્યાયની અશુદ્ધતા ગૌણ થઈ જાય છે. દ્રવ્ય ગતો ત્રિકાળી શુદ્ધ છે જ, પણ દ્રવ્યદૃષ્ટિમાં પણ અશુદ્ધતા નથી. અહીં અશુદ્ધ પર્યાયની વાત છે. શુદ્ધ પર્યાય દ્રવ્યમાં નથી તેમ અહીં નથી કહેવું, કારણ કે દ્રવ્યનો આશ્રય કરનાર શુદ્ધ પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિ તે પણ શુદ્ધ પર્યાય છે. ૪૨૫.**

❃ ❃ ❃

*** ભગવાન કહે છે કે પ્રભુ ! તું જ્ઞાનસ્વરૂપ છો ને ! તો તું પરની કોઈ ક્રિયા કરે કે પરની કોઈ ક્રિયા ભોગવે એવું તારું સ્વરૂપ જ નથી; તું તો જ્ઞેયોનો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાનસ્વરૂપ જ છો. પરની, દેહની, કુટુંબની ક્રિયાને પોતે કરે છે એમ જે માને છે, દયા-દાનાદિ ભાવોને પોતે કરે છે તેમ જે માને છે તથા સ્ત્રી-પુત્રાદિને કે રાગને પોતે વેદે છે એમ જે માને છે, તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, માન્યો નથી. જે જીવ પરની દયા પાળું છું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે, કારણ કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞેયને પર તરીકે જાણવાવાળો છે તેના બદલે જ્ઞેયોનો પોતે કર્તા-ભોક્તા બને છે–તેમ માને છે, તે મિથ્યાત્વ છે. ૪૨૬.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા–૬
## પ્રવચન નં. ૩૦, તા. ૦૫-૧૨-૧૯૭૧
## [૬]

'સમયસાર' છઠ્ઠી ગાથા ચાલે છે. આખા 'સમયસાર'ની અહીંથી શરૂઆત થાય છે. છઠ્ઠી ગાથા. આચાર્ય મહારાજ કહે છે કે જે આ આત્મા છે, આત્મા–જ્ઞાયકભાવ–જાણનસ્વભાવવાળો આત્મા, એ આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી અર્થાત્ એમાં ચૌદ ગુણસ્થાનની દશા–ભેદ એમાં નથી. એ તો જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવભાવ એવો ને એવો અનાદિથી છે. એ શુભ-અશુભભાવ એ પોતાની પર્યાયના ... કારણ નથી પણ એ શુભાશુભભાવ કર્મબંધનનું કારણ છે. સમજાય છે કાંઈ ? શુભ અને અશુભભાવ–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, અશુભભાવ–આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે એ બધા ભાવ કર્મની ઉત્પત્તિમાં નિમિત્ત છે. એ રૂપે આત્મા થયો જ નથી. જે ભાવથી કર્મબંધન થાય છે એ ભાવરૂપ તો આત્મા થતો જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. અંદર ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પિંડ પ્રભુ, એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ રૂપે થયો જ નથી, થતો નથી. તેથી એ ત્રિકાળી જ્ઞાયકભાવ એ જ આત્મા છે અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની પહેલી દશા. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, અહીં તો આપણે ત્રીજા, ચોથા પદનો અધિકાર ચાલે છે. ભગવાનઆત્મા જ્ઞાયકભાવ એ શુભ-અશુભભાવરૂપ નથી થતો તેથી એ પ્રમત્ત-અપ્રમત્ત નથી. એવા જ્ઞાયકભાવમાં પુણ્ય-પાપના ભાવનો નિષેધ આવે છે. સમજાણું કાંઈ ? પુણ્ય-પાપના બે ભાવ, જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં એમાં શુભ-અશુભભાવ આવતા નથી. એ સિદ્ધ થાય છે. હવે અહીંયા ચોથા પદનો અધિકાર ચાલે છે. જાણ્યું કે એ આત્મા છે, એ જ્ઞાયકભાવ છે. તો જાણવાથી એનું જ્ઞાયક નામ પડ્યું. જ્ઞાયક નામ પડ્યું તો એને પર ચીજ જણાય છે. એમ જણાયો. તો કહે છે કે એ શું છે ? એ કહે છે. જુઓ ! છે ને ?

**'કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** શું કહે છે ? પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જે જ્ઞેય નામ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભાવ જે વ્યવહાર છે, એને જાણવારૂપ જ્ઞાન પોતાની પર્યાયમાં, અસ્તિત્વમાં પરિણમ્યું છે. દ્રવ્ય તો શુભાશુભભાવરૂપે પરિણમ્યું નથી પણ પર્યાય પણ શુભાશુભભાવરૂપે પરિણમતી નથી એમ કહે છે. પણ શુભાશુભભાવ જે થયો છે એ પ્રકારે જ્ઞેયાકારરૂપ

જ્ઞાનની પરિણતિ પોતાથી થાય છે. આહા..હા...! સમાજણું કાંઈ ? જેમ ત્રિકાળી જ્ઞાયકભાવ શુભાશુભભાવરૂપે થયો નથી, એમ વર્તમાન દશા જ્ઞાનની પરિણતિ જે સ્વ-પરપ્રકાશકની દશા થાય છે... સમજાણું કાંઈ ? એ પુણ્ય-પાપના ભાવ એ રૂપે પણ પર્યાય પરિણમતી નથી. સમજાણું કાંઈ ? વાત તો ઝીણી છે. આત્મદર્શન, જૈનદર્શન કહો કે આત્મદર્શન કહો, એ સૂક્ષ્મ છે.

કહે છે કે ભગવાન તારી ચીજ જે છે એ તો જ્ઞાયકસ્વરૂપે, જ્ઞાનસ્વરૂપે બિરાજમાન ધ્રુવ છે. એ ચીજ શરીર અને જડરૂપ તો નથી થતી પણ એ ચીજ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવરૂપે પણ નથી થતી. એ તો નથી થતી પણ એવી દૃષ્ટિ કરનારને એવો જ્ઞાયકભાવ... એવી દૃષ્ટિ કરનારને.. શુભ-અશુભભાવનો તો નિષેધ થઈ ગયો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થતો નથી તો દૃષ્ટિવંત પણ શુભાશુભભાવરૂપે જ્ઞાયક નથી થયો એવી દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ ? હવે એ ઉપરાંત પર્યાયની વાત ચાલે છે. 'ચંદુભાઈ' !

પર્યાયમાં જ્ઞાનની દૃષ્ટિ થઈ તો જ્ઞાયકભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે–એવી દૃષ્ટિ થતાં જે જ્ઞાનનું પરિણમનરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભાવ જે થયો, એમાં શુભ-અશુભભાવ ભિન્ન રહી ગયા. એ શુભ-અશુભભાવને જાણનારી પર્યાય છે પણ એ પર્યાય શુભાશુભભાવરૂપે થાય છે એમ નથી. સમજાય છે કાંઈ ? પર્યાય શુભાશુભરૂપે થઈ નથી પણ શુભાશુભભાવનું જ્ઞાન કરે છે એ જ્ઞાનનો સ્વભાવ છે; પણ એ શુભાશુભભાવ છે તો અહીં જ્ઞાનાકારની પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એય..! 'સુંદરલાલજી'! સમજાય છે કાંઈ ? આ સમજવું પડશે. બહારની ધૂડમાં કાંઈ નથી.

ચૈતન્યબિંબ પ્રભુ, એનું ભાન થયું, એને પકડીને પર્યાય થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન જે ધર્મની પ્રથમ દશા (થઈ), તો એની દશામાં જે જ્ઞાન પરિણમ્યું, એ જ્ઞાનની પર્યાય... ધર્મીને ધર્મીની દૃષ્ટિમાં તો દ્રવ્ય આવ્યું છે. સમજાણું કાંઈ ? એ દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું, તો જ્ઞાયકભાવ જેમ શુભાશુભભાવરૂપે થયો નથી તો દૃષ્ટિવંત પણ શુભાશુભરૂપે પર્યાયમાં થતો નથી. '...ભાઈ' ! આહા..હા...!

એનું અસ્તિત્વ, હોવાપણું. જ્ઞાયકભાવનું ભાન થયું... ... જ્ઞાન થયું. પરનું લક્ષ છોડીને પોતાનો ચૈતન્ય ભગવાન, એની ઉપાસના કરતાં જે પર્યાય પ્રગટ થઈ... ઉપાસના કરતાં આ દ્રવ્ય શુદ્ધ છે એ તો ઠીક, એ તો જ્ઞાયકમાં ગયું, હવે એ પર્યાયમાં શુભરાગ થયો, એને જ્ઞાનની પર્યાય જાણે છે. જેવો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ આવ્યો, જેવા આવ્યા એને જ્ઞાનાકાર–જેવું જ્ઞેય છે એમ જ્ઞાનાકાર પરિણમે છે; પણ એ જ્ઞેય છે તેથી જ્ઞાનાકારની પરિણતિ પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! જીવ અધિકાર છે ને. અસ્તિત્વ સિદ્ધ કરે છે.

જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકરૂપે.. જ્ઞેયાકાર અવસ્થામાં અર્થાત્ ... કહો, સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ અમારી ગુજરાતી ભાષા છે. સમજ મેં આતા હૈ ? એ હિન્દી ભાષા છે. કહે છે, સૂક્ષ્મ વાત છે, ભાઈ ! .. ... .. અને આ તો .. વાળા છે. તો ભાષા .. ભાવ .. નહિ. તો કહે

છે કે ... ! ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એ ચૈતન્યસ્વભાવ એ વસ્તુ, એ પુણ્ય-પાપ અચેતન જ્ઞાનનો અંશ જેમાં નથી, એ શુભ-અશુભભાવમાં જ્ઞાનનો અંશ નથી, નિશ્ચયથી એ તો અચેતન જડ છે. તો ચૈતન્યસ્વભાવ એ જડરૂપે કેમ થાય ? એવું જ્ઞાન શુભાશુભરૂપે થયું નહિ. પણ એને જાણનાર, એને જાણનાર, એ સમયમાં જે જાણનારી પર્યાય થઈ, એમાં જે રાગાદિ જણાય છે એને જાણે છે અને જ્ઞેયાકારરૂપ જ્ઞાન થયું, તો એ જ્ઞેય છે તો જ્ઞાન થયું એમ નથી. કહો, સમજાણું કાંઈ ? આ ગાથા તો .. જુઓને ! 'રતિભાઈ'ને બધા 'અમદાવાદ'થી આવ્યા છે ને. એ લોકોને બધાને કહ્યું હોં ! કે આ 'ચંદુભાઈ' બોલે, 'રતિભાઈ' બોલે, 'રતિભાઈ' બોલે અને 'બાબુભાઈ' બોલે. બધા ... છે કીધું. કોઈ કોઈ ને ક્યાંય .. એવા નથી. એય..! 'ચંદુભાઈ'!

**શ્રોતા :–** સાચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાચી વાત છે ? પણ આમાં સાચી વાત ક્યાં છે ? એય..! 'અમદાવાદ'વાળા !

એમ ભગવાનઆત્મા આહા..હા...! આવું જેને સમજવું છે એને આવા સાધારણ .. માન, અપમાનના સ્વાદ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? આવો ભગવાનઆત્મા તીર્થંકરદેવે કહ્યો એ આત્મા, હોં ! આગળ આવશે ને આગળ. સર્વજ્ઞે કહેલું આત્માનું પૂરું રૂપ હોય એને જાણવું. આવે છે ને આગળ ? શ્રદ્ધા. એટલે એકલી આત્માની શ્રદ્ધા એમ નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એમ નહિ. સર્વજ્ઞે કહ્યું એ. છે ને આમાં ? કઈ ગાથામાં છે ? બીજા એમ કહે આમ માનીએ તો એમ નહિ. સર્વજ્ઞે કહ્યું એ. એમાં ફેરફાર .. ... કઈ ગાથામાં ? ૨૨ ગાથા. એમાં ક્યાં આવે છે ? ૨૩ ગાથા ? ૨૪. આ તો હિન્દી આવ્યું ને એટલે આમાં ભૂલી ગયા. આત્મા ચૈતન્ય છે. માત્ર એટલું અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા સમ્યગ્દર્શન છે કે નહિ ? આ તો હિન્દી છે એટલે પાના ફરી જાય... કહે છે કે જો એટલી શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો બધાને સમ્યક્ સિદ્ધ થશે. આહા..હા...! ઓલા કહે છે ને, બધા સમ્યગ્દૃષ્ટિ છે. એટલે સર્વજ્ઞની વાણીમાં, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા, એની વાણીમાં આત્માનું સ્વરૂપ કહ્યું છે એવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમકિત થાય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા જ્ઞાયક કહ્યો છે. એકલો જ્ઞાયકભાવ. પરિપૂર્ણ પાછો અનંત ગુણનો પિંડ. અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પિંડ એવો આત્મા. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? એક ગુણ નહિ પણ અનંત ગુણ એમાં છે અને અસંખ્ય પ્રદેશી ભગવાનઆત્મા છે, એમ સર્વજ્ઞે જોયું છે. એવો ત્રિકાળી જ્ઞાયકભાવ, એના ઉપર દૃષ્ટિ કરતાં, દૃષ્ટિ દ્રવ્યમાં પ્રસરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એનું નામ ધર્મ કહેવામાં આવે છે અને જે જ્ઞાન થયું એ જ્ઞાન વ્યવહારને જાણે છે, તો વ્યવહાર જેવો છે એવું જ્ઞાનાકાર જ્ઞાન થયું, તો વ્યવહારથી થયું અથવા વ્યવહારની

અસ્તિ છે તો જ્ઞાનાકાર થયો એમ છે નહિ. દ્રવ્ય પણ પોતે સ્વતંત્ર છે અને પર્યાય પણ પોતાથી સ્વતંત્ર છે. સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ ?

કહે છે, **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** અર્થાત્ જે રાગાદિ, દયા, દાનનો વિકલ્પ જે છે એનું જ્ઞાન કર્યું, દ્રવ્યનું જ્ઞાન કર્યું. દ્રવ્યનું જ્ઞાન તો કર્યું પણ જ્ઞાનની પર્યાયમાં રાગનું જ્ઞાન થયું. તો કહે છે કે **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** એને પણ જ્ઞાયકપણે જણાયો છે. હું જાણનારો છું એમ જણાયું છે. હું રાગને જાણનાર છું એમ નહિ. સમજાણું કાંઈ ? માર્ગ ઘણો ઝીણો છે. લોકોને મળ્યો નહિ એટલે લોકોને એવું લાગે (કે માર્ગ નવો કાઢ્યો છે). **'સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...'** શું કહે છે ? **'જ્ઞેયાકારની અવસ્થામાં...'** છે તો જ્ઞાનની અવસ્થા. પુણ્ય-પાપના ભાવ, જ્ઞાનાકાર થયો એ જ્ઞેયાકાર થયો ને ? તો જ્ઞેયાકારની અવસ્થામાં પણ જ્ઞાનની અવસ્થા, એ અવસ્થામાં પણ જ્ઞાયકરૂપે જણાયો. એ તો હું જાણનારો છું એમ જણાયું. હું રાગરૂપ છું અને રાગથી જાણનારો છું એમ થયું નહિ. 'ચંદુભાઈ'! એય..! 'કલ્યાણભાઈ' ! આવો માર્ગ છે.

કહે છે કે વ્યવહારના વિકલ્પ જે ઊઠે, એને પણ જાણવું એમ નથી. એ તો છે એવું જ જ્ઞાનની પર્યાયનું પરિણમન પોતાના અસ્તિત્વથી પોતામાં પોતાને કારણે થાય છે. હવે આવી ચીજને જેને માનવી, કબુલવી એને માન-અપમાનનો સવાલ રહેતો નથી. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! 'છોટાભાઈ'! એ આવે ત્યારે વાત આવે ને ? આહા..હા...!

કહે છે કે એ જ્ઞેયાકારની અવસ્થામાં પણ છે તો અવસ્થા પોતાની જ્ઞાનાકારની. સમજાણું કાંઈ ? પોતાની જ્ઞાનપર્યાયમાં જ્ઞેય–દ્રવ્યનું તો જ્ઞાન થયું પણ એ રાગ થયો તેનું પણ જ્ઞાન થયું. તો કહે છે, જ્ઞેયાકારની દશામાં જ્ઞાયકરૂપે જણાયો. હું જાણનાર એમ પ્રસિદ્ધ થયું છે. હું રાગરૂપ છું અને રાગને જાણનાર છું એમ પ્રસિદ્ધ થયું છે ? હું જાણનાર છું એમ પ્રસિદ્ધ થયું છે. સમજાણું કાંઈ ?

**'સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** દીવો. દીવો કહે છે ને ? હિન્દીમાં શું કહે છે ? દીપક. હિન્દીમાં પાઠ છે. **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે–'** શું કહે છે ? દીવાની જેમ આત્માને કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી અર્થાત્ આત્મા જ્ઞાયક એ કર્તા છે અને રાગની પર્યાય જે પોતામાં જણાઈ એ પોતાનું કર્મ છે, એ પોતાનું કાર્ય છે. ઓલો રાગ પોતાનું કાર્ય છે અને રાગ છે તો જ્ઞાનની પર્યાય થઈ એ એનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ ? રાગ તો પૃથક્ છે. અન્યત્વ કર્તાકર્મ છે.

જ્ઞાયક ભગવાનઆત્મા જણાયો, એ જ સમયે પર્યાયમાં રાગ પણ જણાયો, એ તો જ્ઞાયકપણે પ્રસિદ્ધ પર્યાય થઈ છે, રાગપણે અને રાગને કારણે પ્રસિદ્ધ થઈ છે એમ છે નહિ. ભારે ઝીણું, ભાઈ ! હવે આમાં નવરાશ મળે નહિ. શાસ્ત્ર વાંચો, ભણો અને એ જ્ઞાન થઈ ગયું. એ તો કહે છે કે શાસ્ત્રને ભણવા કાળે પણ... આહા..હા...! એ જ્ઞાનની પર્યાય શાસ્ત્ર જેવું સામે છે–જ્ઞેય એ પ્રકારે અહીંયાં વિકલ્પ ઊઠ્યો, એને આકારે અહીં જ્ઞાન પરિણમ્યું. ત્યારે એ જ્ઞાનનું પરિણમન એ

શાસ્ત્ર છે તેમ થયું, એમ છે નહિ. આવું શાસ્ત્ર છે માટે જ્ઞાનની પર્યાય થઈ, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ છે નહિ. સત્‌નું એવું સ્વરૂપ નથી. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! જૈનદર્શન એટલે વસ્તુદર્શન, વિશ્વદર્શન, આત્મદર્શન.

કહે છે કે **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું...'** કર્તા ભિન્ન અને કર્મ ભિન્ન એમ હોતું નથી. શું કહ્યું ? **'પોતે જાણનારો માટે પોતે કર્તા...'** જ્ઞાનની પર્યાયમાં રાગને અને પોતાને જાણનાર પોતે છે. તો રાગને જાણવામાં પોતે... આહા..હા...! ગજબ વાત છે ને! શાસ્ત્રથી જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્ર જાણવામાં આવ્યું, આવું જ્ઞેય છે એવી જ્ઞાયકની પર્યાય પોતાથી થઈ, તો શાસ્ત્રથી થઈ, શાસ્ત્રની અસ્તિ છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ નથી પણ એ વખતે પણ જ્ઞાયકની પ્રસિદ્ધિ છે. મેં જાણ્યું એમ પર્યાયની પ્રસિદ્ધિ છે જાણનારની પર્યાયની પ્રસિદ્ધિ છે, જ્ઞેયની–શાસ્ત્રની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ ?

કહે છે, **'પોતે કર્તા...'** આહા..હા...! જુદી જ ટીકા છે. દિગંબર સંતો જૈન વસ્તુની સ્થિતિનું અસ્તિવ ધર્મ ધુરંધર તરીકે ટકાવી રાખ્યું છે. આવી ચીજ બીજે ક્યાંય છે નહિ. એવી ચીજ બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ ? ઓહો..હો...! કહે છે કે ભગવાનઆત્મા તો જ્ઞાયક છે જ પણ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ જ્ઞાયકનું ભાન થયું તો એ પર્યાયમાં પોતે તો જણાયો જ પણ સાથે વ્યવહારરત્નત્રયનો રાગાદિ થયા કે શરીરની ક્રિયા થઈ કે શાસ્ત્રના શબ્દો કાનમાં પડ્યા તો એ જ્ઞેયાકારે જ્ઞાનની અવસ્થા પોતાથી થઈ છે, કોઈ શબ્દથી કે રાગથી જ્ઞાનની પર્યાય થઈ છે એમ છે નહિ. ત્યાં જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ છે, ત્યાં શાસ્ત્રની અને રાગની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ ? ભારે ઝીણું, ભાઈ ! જન્મ-મરણના આરા ... રસ્તો તો આ છે. સત્‌થી અસત્ ટળે. કાંઈ અસત્‌થી અસત્ ટળે નહિ. ટળે નહિ સમજો છો ? ... અસત્‌થી અસત્‌નો નાશ ન થાય. ઓહો..હો...!

ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ, એમાં શુભાશુભ નથી તો શુભાશુભનું પરિણમન જ્ઞાયકભાવથી થતું નથી. એ સત્ ત્રિકાળ છે. હવે પર્યાય પણ સત્ છે. સ્વને અને રાગને જાણવાની પર્યાય થઈ, તો પણ કહે છે કે જાણવાની જે પર્યાય થઈ એ જાણવાની પર્યાય જ્ઞાયકપણાને પ્રસિદ્ધ કરે છે. આ શાસ્ત્ર આવું છે અને રાગ આવો છે એમ પ્રસિદ્ધ કરે છે, એમ નથી. આહા..હા...! નિમિત્તની પ્રસિદ્ધિ કરે છે એમ નહિ, એમ કહે છે. આહા..હા...! નૈમિત્તિક જે પોતાની પર્યાય જ્ઞાનાકારરૂપ થઈ એની પ્રસિદ્ધિ છે. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ ? એય...! 'જયંતીભાઈ'! .... નહિતર તો એ ... આહા..હા...! આવું છે ભગવાન !

ચૈતન્ય અસ્તિ એટલે હોવાપણે પ્રભુ ! એનું જ્યાં ભાન થયું તો એની પર્યાયના હોવાપણાનું અસ્તિત્વ, એ શાસ્ત્રને સાંભળવાથી થયું કે રાગથી થયું એમ છે નહિ. અને બીજી વાત. એ પોતાનો આત્મા જ્ઞાયક હોવાથી કર્તા છે. કેમ કે કર્તા સ્વયં સ્વતંત્ર પરિણમે એને કર્તા કહીએ. તો આત્મા કર્તા થઈને રાગ અને નિમિત્ત રૂપે અપેક્ષા કરીને પરિણમન કરે એમ છે નહિ. સમજાણું કાંઈ ?

શાસ્ત્રનું નિમિત્ત છે અને રાગ છે તો એની અપેક્ષાથી જ્ઞાનની પર્યાય થાય છે અને આ નિમિત્ત કોણ એવી પ્રસિદ્ધિ થાય છે, એમ નથી. સમજાણું કાંઈ ? એકલા લોજિક ન્યાયથી સિદ્ધ કરે છે. માણસને અભ્યાસ ન મળે. બહારની પ્રવૃત્તિમાં જ્યાં-ત્યાં રોકાય ગયા. આ જાત્રા કરી, પૂજા કરી, દયા પાળી, વ્રત કર્યા, તપ કર્યા એ થઈ ગયો ધર્મ. ધૂડમાં પણ ધર્મ નથી. સમજાણું કાંઈ ? એ સમયે જે રાગ થયો, તો જ્ઞાયકનું જ્યાં ભાન થયું તો જ્ઞાયકની વર્તમાન પર્યાયમાં એ રાગ સંબંધી પોતાનું જ્ઞાનાકારરૂપ પરિણમન થયું એની પ્રસિદ્ધિ છે, રાગની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ ? એય...! '...'! માર્ગ તો આવો છે. ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્મા, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. આ માર્ગ છે. બાળક માનો, વૃદ્ધ માનો, સ્ત્રી માનો, પુરુષ માનો, દેવ માને, નારકી માને (પણ) માર્ગ આ છે.

કહે છે કે **'પોતે જાણનારો...'** છે. એ રાગને પણ પરની અપેક્ષા વિના પોતે જાણનારો છે. **'માટે પોતે કર્તા...'** એ જાણવાની પર્યાય પોતાથી થઈ એનો કર્તા જ્ઞાયક છે. એનો કર્તા એ શાસ્ત્ર અને રાગ છે એ કર્તા અને જ્ઞાનની સ્વ-પરપ્રકાશક પર્યાય એનું કર્મ, એનું કાર્ય એમ છે નહિ. સમજાણું કાંઈ ? **'પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો...'** એ શું કહ્યું ? એ રાગને અને નિમિત્તને નહિ. એ સમયે પણ સ્વ-પરપ્રકાશક જે પોતાની પર્યાય છે એને જાણી. રાગ વ્યવહારને જાણ્યો અને પરને જાણ્યું એમ પણ નથી. આહા..હા...! સદ્‌ભુત ઉપચાર પ્રમાણનો વિષય જે છે ને એને ઉડાવે છે. સદ્‌ભુત નહિ. સદ્‌ભુત પોતામાં છે. પણ પરને જાણે છે એમ નથી. એ તો પોતાને જાણ્યો, પોતાને જાણ્યો. આહા..હા...! એ જ્ઞાનની પર્યાય પોતાથી થઈ અને જેવા રાગાદિ વ્યવહાર છે એ પ્રકારે જ્ઞાનની પર્યાયનું પરિણમન પોતાની દશામાં થયું એ **'પોતે જ કર્મ'** છે. પોતાને જાણ્યો એ. એ પર્યાયને જાણી એ કર્મ છે. કર્મ અર્થાત્ કાર્ય. સમજાણું કાંઈ ?

ફરીથી, ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી અસ્તિ અવિનાશી ધ્રુવ, એનું જ્ઞાન થયું, એ તરફનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયમાં સ્વને પણ જાણ્યો અને એ પર્યાયમાં વ્યવહારનું પણ જ્ઞાન થયું. એ વ્યવહારનું જ્ઞાન નથી એમ કહે છે. એ તો પોતાની પર્યાયનું જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ ? 'શશીભાઈ'! આવી વાત છે. **'પોતાને જાણ્યો...'** વ્યવહારને નહિ, નિમિત્તને નહિ, એ સંબંધીની પર્યાય ... થઈ એ પોતાથી થઈ છે. જ્ઞાયકને પણ જાણ્યો અને પોતાની જ્ઞાનની પર્યાયને પણ જાણી. પોતાને જાણ્યો, રાગ જણાયો એમ છે નહિ. આહા..હા...! ધીરજની વાતું છે, ભાઈ ! ચૈતન્યમૂર્તિ ઊંડો પાતાળ કૂવો છે. એના ઉપર દૃષ્ટિ પડતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન થયા, એ જ ધર્મની શરૂઆત થઈ, એ વિના ધર્મ થતો નથી. આહા..હા...! ત્યારે કહે, આ વ્યવહાર ધર્મ છે ને ? નિશ્ચયવાળાને (એ વ્યવહારધર્મ છે). એકલા અજ્ઞાનીને તો વ્યવહાર છે નહિ. કેમ કે નય પ્રગટ્યા વિના વ્યવહાર કોને કહેવો ? સમજાણું કાંઈ ? નિશ્ચય સ્વભાવ શું છે એ જણાયા વગર વ્યવહારનય કોને કહેવો ? પણ અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત પરિણામ જે વ્યવહાર થાય છે એ જણાય છે એમ પણ

નથી. એ સમયે પોતાની જ્ઞાનની પર્યાય પ્રસિદ્ધ થઈ છે. કહો, સમજાણું કાંઈ ? એય..! 'હરિભાઈ'! આ બધું સમજવું પડશે, હોં ! ઓલા પૈસા-ફૈસા ને ... ધૂડમાં પણ નથી.

અરે..રે..! રાગને જાણવો એ પણ પાલવતું નથી. પાલવતુંનો અર્થ શું ? ... રાગને જાણે છે ને ? તો કહે છે, ના. પોતાની પર્યાયને જાણે છે. એય...! આગળ બોલમાં આવ્યું ને ? અરે..! ભગવાન ! ... એય..! આહા..હા...!

ભગવાનઆત્મા કહે છે કે પોતાનું જ્ઞાયકસ્વરૂપ ભગવાન અસ્તિ, સત્તા મહાપ્રભુ, પૂર્ણ જેનું રૂપ, એની દૃષ્ટિ થઈ અને એને જ્ઞેય બનાવ્યો તો પર્યાયમાં સ્વ-પરપ્રકાશની પર્યાય ઉત્પન્ન થઈ. એકલી સ્વપ્રકાશકની ઉત્પન્ન નથી થઈ. કેમ કે જ્ઞાનનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે, તો જ્યારે જ્ઞાયક જણાયો ત્યારે રાગ પણ જણાયો એમ પણ કહેવું નહિ, એમ કહે છે. આહા..હા...! એ સમયે પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતાને, દ્રવ્યને અને પોતાની પર્યાયને જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ ? એય..! પંડિતજી ! ઊંચી ગાથા છે ને ! જૈનદર્શનનો પ્રાણ છે. એ ૧૧મી ગાથામાં આવશે. એટલો ખુલાસો લીધો. ...

સમાજને ન બેસે માટે સમાજને .. રાખવા, ઉંધા અર્થ કરવા એ કાંઈ યથાર્થ છે ? સમાજની તુલના યથાર્થથી રહેતી હોય તો રહો, અયથાર્થથી સમાજની ... રાખવા જઈશ તો તારું અયથાર્થ થઈ જશે. સમાજ કેમ અનુકૂળ રહે ? અને બધા સમાજની કેમ પ્રસિદ્ધિ થાય ? કે આવો માર્ગ છે એને રુચે એવી અહીં વાત નથી.

વૈદ્ય. જેને રોગ થયો, તો વૈદ્ય એમ નથી બંધાયો કે તને દવા ... '...ભાઈ'! એ તારો રોગ મટે એવી દવા દે. .... બતાવે ? ... શું કહેવાય એ ? ... ચીજ છે. કડવું. બહુ કડવું. ...એને બતાવે કે તને સારુ લાગે–ઠીક લાગે એવી દવા બતાવું. એમ છે ? તારો રોગ મટે એવું બતાવું. કડવી લાગે તો પણ એ કડવીથી ... તૂટશે. મીઠાથી મરી જઈશ. સમજાણું કાંઈ ? એ આવે છે ને ? એને બહુ તાવ આવ્યો હતો. તો બધા ડાહ્યા માણસ બોલે. ગૃહસ્થ માણસ હતા એટલે કે ... કોઈ કહે આમ કરો... કોઈ એમ કહે લીમડાનું પાણી આપો, કોઈ કહે કરિયાતુ આપો, કોઈ આમ કહે, કોઈ આમ કહે. એક વળી કણબીનો ડોસો નીકળ્યો, એ કહે, એને સાકરનો શીરો આપો. તો માંદો માણસ કહે એને ભાવે. ... બીજો કહે, તારા મરણની વાત કરે છે. સાત ડિગ્રીના તાવમાં શીરો ખાઈશ તો મરી જઈશ. તને મીઠો લાગે ... સારી લાગે છે. મરી જઈશ. આ કહે કડવું મટે. પણ કડવામાં ... તોડવાનું બતાવે છે. ... બધા કડુ કરિયાતું... આ શું કહે છે ? એ કહે કે મરી જવાનો, સાંભળને હવે. મીઠું તને લાગે છે પણ.

એમ અજ્ઞાનીઓએ વ્યવહારની ક્રિયા કરતાં ધર્મ થાય, નિમિત્તથી તારા કાર્ય થાય. એ વાત એને સારી લાગી, આ તાવમાં પડેલા શીરો ખાનારની જેમ. એને કહ્યું કે નિમિત્તથી જ્ઞાન થાય નહિ અને રાગથી જ્ઞાન થાય નહિ અને તે જ્ઞાનનો પર્યાય સ્વને જાણતા પરને જાણવારૂપે સ્વતઃ પરિણમે

છે. આહા..હા...! આ તો લોપ થઈ ગયું. આ તો કડવી દવા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, **'પોતે જાણનારો...'** હવે એનો અર્થ આવ્યો. **'માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો...'** પોતાની જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનનું જે પરિણમન થયું, એનો કર્તા તો આત્મા છે. શું એનો કર્તા ઓલો રાગ અને વ્યવહાર છે ? અને કર્તાની વ્યાખ્યા ? સ્વંત્રપણે પરિણમનનો કર્તા થાય છે. કોઈની અપેક્ષાએ કોઈ કર્તા હોતો નથી. એ વ્યવહાર છે માટે જાણ્યું એવી અપેક્ષા જાણવાની પર્યાયમાં કર્તાને હોતી નથી. સમજાણું કાંઈ ? ભારે, ભાઈ ! આવું ભારે ઝીણું ! ઓલા કહે વ્રત કરો, અપવાસ કરો, એય..! 'ચીમનભાઈ'! ભક્તિ કરો દેરાસરની. બે, પાંચ, દસ લાખનું એક દેરાસર બનાવી દો. કલ્યાણ થશે. ધૂડેય નહિ થાય, સાંભળને હવે. દેરાસર કોણ બનાવે ? કોણ બનાવે ? એ તો જડની પર્યાય છે. એને બીજો કોઈ બનાવે ? પૈસા દીધા માટે બન્યું ?

એ માને કે મેં આ પૈસા દીધા. પૈસા મેં દીધા એ માન્યતા જ મિથ્યાત્વ છે. શું કહે છે, સમજાણું કાંઈ ? પૈસા અજીવ છે, એ મારા હતા, એ મેં દીધા. ... મૂઢ છે. એય..! '...ભાઈ'! આવી વાત, ભાઈ ! ... એવી ચીજ છે. ન્યાયથી બેસી શકે એવી ચીજ છે. સર્વજ્ઞએ સત્યનો આવો ઢંઢેરો પિટ્યો, તો એવો તું સ્વયં છો. સમજાણું કાંઈ ?

કહે છે, **'પોતે કર્તા અને પોતાને જાણ્યો...'** વ્યવહારને નહિ, નિમિત્તને નહિ. ઓહો..હો...! તે સમયની જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો. એ પર્યાય પોતાની છે. એ પર્યાય પરની નથી. પરને જાણ્યું નથી, પોતાની પર્યાયને જાણી છે. આહા..હા...! કહો, 'ભીખાભાઈ'! આવી વાત છે. ... બરાબર ... એમ કહે. આહા..હા...! વાહ ! ગજબ કામ કર્યું છે ને ! જેની સામે જેવો રાગ આવ્યો અને જેવો દેવ-ગુરુ-શાસ્ત્ર... મળ્યા એવું જ જ્ઞાન થયું. એવું જ જ્ઞાન થયું તો નિમિત્તના કોઈ દોકડા ખરા કે નહિ ? નિમિત્તનો કાંઈ ભાગ છે કે નથી એમાં ? પ્રભાવ. આહા..હા...! પ્રભાવ કોનો પડ્યો ? નિમિત્તની પર્યાયનો પ્રભાવ પડ્યો કે પોતાના પર્યાયનો પ્રભાવ પોતામાં થયો ? આહા..હા...! અહીંયાં તો ઉપાદાન-નિમિત્ત અને નિશ્ચય-વ્યવહાર બધાનું સ્પષ્ટીકરણ થાય છે. સમજાણું કાંઈ ?

એમ કેમ પર્યાય થઈ ? એવું જ્ઞાન કેમ થયું ? આમ કેમ થયું શું ? એના સ્વ-પરપ્રકાશકની પર્યાયના સ્વકાળ એવો છે. સમજાણું કાંઈ ? હવે આવા વિચાર અને મંથનમાં રોકાય એને ઠેકાણે બીજામાં રોકાઈ જાય એને આ કે દિ' સમજમાં આવે ? સમજાણું કાંઈ ? સાધારણ માટે બીજામાં રોકાઈ જાય (એમાં) વખત ચાલ્યો જાય. આહા..હા...!

**'પોતે જ...'** એમ શબ્દ પડ્યો છે, જુઓ ! એ એકાંત થઈ જાય છે. એકાંત જ છે. સ્વદ્રવ્યના આશ્રયે પોતાના આત્માનું જ્ઞાન થયું, ત્યારે એ જ્ઞાનની પર્યાય રાગને જાણે છે એવી પર્યાય પોતાથી પરિણમી છે અને પોતાને જાણે છે. સમજાણું કાંઈ ? એ પોતાનું કાર્ય છે. પોતાનું જ કર્મ છે. 'જ' કહેતા તો એકાંત થઈ જશે. થોડો રાગાદિનો વ્યવહાર છે તો એના જ્ઞાનની પર્યાય થઈ એમ બિલકુલ નથી. એકાંત કહે છે કે પોતાની પર્યાય પોતાથી થઈ છે. ... હોય છે ને ? એ તો વ્યવહારનું

કથન છે. બે કહેતા જ વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ ? આહા..હા...!

પોતાના આત્માનું સમ્યગ્દર્શન ત્રિકાળી દ્રવ્યનું થયું, એ સમયે જે જ્ઞાનની પર્યાય પોતાથી થઈ, દ્રવ્યના આશ્રયે થઈ એ પર્યાયમાં રાગ અને વ્યવહાર જાણવામાં આવ્યો ? તો કહે છે, ના. એ તો પોતાની પર્યાય જણાણી છે. સમજાણું કાંઈ ? અને એ તો પોતાની પર્યાય સ્વયં પોતાનું કાર્ય છે. સ્વયં પોતાનું એ સમયનું કાર્ય છે. એના કાર્યમાં કોઈની અપેક્ષા છે નહિ. (જો હોય તો) સ્વયંસિદ્ધ કર્મ અને કર્તા સિદ્ધ થતા નથી. અને કર્તા અને કર્મ અનન્ય હોય છે, એક હોય છે. કર્તા બીજો અને કર્મ ભિન્ન હોય એવી ચીજ છે નહિ. સમજાણું કાંઈ ? પોતાના જ્ઞાનની પર્યાયમાં કર્તા પોતે અને કર્મ એનું રાગાદિ એનું કાર્ય એમ પણ નથી. અને રાગ કર્તા–નિમિત્ત કર્તા અને એ જ્ઞાનની પર્યાય એનું કર્મ નામ કાર્ય એમ પણ નથી. કેમ 'શાંતિભાઈ' ? આવો માર્ગ છે. આહા..હા...!

એક પણ વાત યથાર્થપણે સત્ય છે એમ સમજે, તો **'एगं जाणहि सव्वहि जाणहिं'**. બધાનો ખુલાસો એમાં આવી જાય છે. આહા..હા...! બહુ ... ઓહો..હો...! કેટલા ખુલાસા ! ગજબ ! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' એવા કામ કર્યું છે. દિગંબર સંત વનવાસી ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' સંવત્ ૪૯મા, બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા. પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. શ્રી 'સીમંધર' ભગવાન તીર્થંકરદેવ, પાંચસો ધનુષ ઊંચા, કરોડ પૂર્વ આયુની સ્થિતિ અત્યારે બિરાજે છે. બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. આ હું ભગવાન પાસે જઈને માલ લાવ્યો છું. પિતા પરદેશમાં જાય ને ? પાંચ-છ દિ' જાય. (બાળક કહે), બાપા ! મારા માટે શું લાવ્યા ? મારા માટે શું લાવ્યા છો ? બેટા ! તારા માટે ... લાવ્યો છું.

એમ એ ભગવાન પાસે ગયા અને આવ્યા. ભગવાને આમ કહ્યું એવો માલ હું લાવ્યો છું, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા...! એ માલ હું 'સમયસાર' પેટે ભેટણા આપું છું. આવે છે. આહા..હા...! કહો, '...ભાઈ'! આ બધું એક દિ'માં સમજાય એવું નથી. અહીં કોક દિ' બે-ચાર દિ' રહી જાય અને પછી બહારમાં ... એના માપ હોય ? ... કર્યું છે ? કે આટલા કલાક ... જાય એવું ? કર્યું છે એમાં ? કે આટલા રૂપિયા થાય પછી .. આવવું ? .. મુદત નથી કે બહાર ગયા માટે આટલા .. આટલા પૈસા થાય પછી ઘરે આવવું છે. એમ આત્માને સમજવા માટે કેટલો કાળ જોઈએ ? કે કાળની મુદત ન નખાય. અંતરમુહૂર્તે પણ સમજાય અને છ મહિને પણ સમજાય. આવે છે ને છ મહિનાનું ? આવે છે ને ? છ મહિને તો જરૂર સમજાય. ધારાવાહી સમજવામાં લે તો.

કહે છે, '**(જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક...)**' શું કહે છે ? દીવો છે ને દીવો ? એ ઘટપટાદિને પ્રકાશે છે તો પ્રકાશની અવસ્થા દીવામાં છે. એ દીવો જ છે. એ કાંઈ ઘટપટની અવસ્થા નથી. શું કહ્યું સમજાણું ? દીવો છે. અહીં ઘડિયાળ દેખાય. એ દેખાવાની અવસ્થામાં પણ પ્રકાશ પોતાનો છે, એ આનો પ્રકાશ નથી અને એને લઈને પ્રકાશ નથી. પોતાના

અસ્તિત્વમાં દીવાનો પ્રકાશ પોતાના અસ્તિત્વમાં છે.

**'દીપક ઘટપાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...'** દીપક પ્રકાશિત થાય .. છે ? ... પ્રકાશ .. થઈ જાય છે ? એમ આત્મા રાગને પ્રકાશે, શરીરને પ્રકાશે એટલે રાગરૂપ થઈ જાય છે ? એ તો પોતાની પર્યાયરૂપ રહીને પ્રકાશે છે. જ્ઞાનના પ્રકાશમાં રહીને પ્રકાશે છે. ભારે ઝીણું આવ્યું. '...ભાઈ'! તમારા 'કલકત્તા'માં તો આવું કાંઈ મળે એવું નથી. બધા હેરાન થવાના રસ્તા છે. આ પૈસા આવ્યા, ધૂડ આવી, આબરૂ વધી, લાખ ખર્ચ્યા, બે લાખ ખર્ચ્યા. મરી ગયો એમ ને એમ કરીને. તારી .. એમાં તું શું લાવ્યો છો ? તારી મુડીમાંથી કેટલું બહાર લાવ્યો ? આ કહે છે કે પોતાનું જ્ઞાન ભગવાનઆત્મા, એનો આશ્રય કરવાથી જે જ્ઞાનમુડી બહાર આવી, એ પોતાથી આવી છે. રાગનું જ્ઞાન થયું તો રાગથી મુડી બહાર આવી છે, એમ છે નહિ. ભગવાન કર્તા, ઘટપટ કર્તા અને દીપકનો પ્રકાશ એનું કાર્ય (એમ નથી). ઘટપટ .. ઘટપટાદિ એ કર્તા, રચનાર અને પ્રકાશની પર્યાયને રચનાર છે ? પ્રકાશની પર્યાયનો રચનાર તો દીવો છે, એ ઘટપટ નથી.

**'પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.)'** લ્યો. જ્ઞાયક ભગવાનઆત્મા વ્યવહાર અને નિમિત્તને પ્રકાશે તો પણ આત્મા છે. પોતાને પ્રકાશે તો પણ આત્મા છે. કોઈ બહારથી આવતું નથી અને બહારની ચીજ રૂપ થઈ જતો નથી. આહા..હા...! એક કલાકમાં કેટલું યાદ રહે ? યાદ રાખવાનું ક્યાં છે ? અહીં તો અસ્તિત્વ આવું છે એટલી વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો ભગવાનનો વીતરાગતા ધર્મ મહાદુર્લભ છે, મહાસ્વતંત્ર છે. વસ્તુની સિદ્ધિની પ્રસિદ્ધિ કરી છે. પરને જાણવામાં પોતાની પર્યાયની પ્રસિદ્ધિ છે. એ કાંઈ .. નિમિત્તને પ્રસિદ્ધ કરે છે એમ ન આવ્યું. નિમિત્ત સંબંધી પોતાનું જ્ઞાન, પોતાના જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે. હવે એને જે સ્વ-પરનું જ્ઞાન થયું એ પોતાના જ્ઞાનની પ્રસિદ્ધિ છે, પરની પ્રસિદ્ધિ નથી. .. સ્વતંત્રતા. આવી સ્વતંત્રતા .. એ 'સોનગઢ'વાળા સ્વતંત્ર પર્યાયને .. કહે છે. 'સોનગઢ'વાળા કે આ ભગવાન કહે છે ? આહા..હા...! વસ્તુનું સ્વરૂપ જ આ છે. 'સોનગઢ'વાળા બધું સ્વતંત્ર કહે છે એમ છે નહિ. કર્મ છે તો વિકાર થાય છે. વિકાર છે તો શુભભાવ થાય છે તો ... શુભભાવ થાય છે. કર્મ છે તો શુભભાવ થાય છે. શુભભાવ થાય છે તો શુદ્ધભાવ થાય છે-ત્રણે વાત ખોટી છે. આહા..હા...! '...ભાઈ'! આ તો સમજાય એવું છે, હોં ! ન સમજાય એવી વાત નથી. કેમ ? '...ભાઈ'! આમાં પક્ષની વાત ક્યાં છે ? આ તો વસ્તુની સ્થિતિ છે. આત્મધર્મ. આતમધર્મ. ..ધર્મ સ્વભાવ જ્ઞાયકભાવ. એ જ્ઞાયકભાવને પર્યાયમાં જાણવો એ પર્યાયનો ધર્મ છે. એ જ્ઞાનનો ધર્મ. અને પર્યાયમાં સ્વ-પરપ્રકાશક જ્ઞાનપર્યાય થઈ, એ પોતાની પર્યાયની પોતાની પ્રસિદ્ધિ છે. કેવળજ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન થયું એ પૂર્ણ જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ છે, લોકાલોકની પ્રસિદ્ધિ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'તેમ જ્ઞાયકનું સમજવું.'** અર્થાત્ જ્ઞાયક ભગવાનઆત્મા પોતાને અને પરને જાણવું થયું એ

સ્વયં પોતાની પર્યાયન કર્તા છે અને એ જ્ઞાનની પર્યાય થઈ એ પોતાનું કાર્ય છે. કર્તા, કર્મ અનન્ય નામ એકમાં ભેગા અભેદ હોય છે. .... .. સમજાણું કાંઈ ? આત્મા, પોતાની જ્ઞાનસંપદા અને પૂર્ણ સંપદા. એવી દૃષ્ટિ થઈ એ દૃષ્ટિના કાળમાં પણ પોતાના અને પરના જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ થયું, એ અસ્તિત્વ એનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. રાગ અને નિમિત્ત એ જ્ઞાનની પર્યાયનો કર્તા છે અને પર્યાય કાર્ય છે, વસ્તુની સ્થિતિમાં એવું ત્રણકાળમાં નથી. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? લ્યો ! આ ત્રણ-ચાર લીટીમાં એક કલાક થઈ. '...ભાઈ'! આવો ધર્મ છે. ભારે કામ, ભાઈ ! ... પરની દયા પાળવી, જાવ ધર્મ થઈ ગયો. ભગવાનની ભક્તિ કરવી. એમાં કાંઈ સમજવાનું છે ? આહા..હા...!

જાણનસ્વભાવ .. કોઈ આવ્યું નહિ. રાગ અને પર .. એ બે આવ્યા. જાણન આત્મા શું છે એનું અસ્તિત્વ તો આવ્યું નહિ. એના અસ્તિત્વની પ્રસિદ્ધિ શું ? સમજાણું કાંઈ ? એક ગાથામાં તો નિમિત્ત-ઉપાદાન, ... અને ક્રમબદ્ધ પણ એ જ સમયે એ જ્ઞાનની પર્યાય પોતાથી અને ... પરિણમનનું કાર્ય પોતાથી છે. પોતાનું કર્મ છે અને પોતાનો આત્મા કર્તા છે. દીવાની જેમ. એ વિશેષ ભાવાર્થમાં....

(**શ્રોતા** :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** પરની મમતાના ભાવ પણ હજુ જેને પડ્યા છે અને નિર્વિકલ્પ થવા જાય ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. હજી તો નીતિ આદિના પરિણામ પણ નથી અને નિર્વિકલ્પ થવા જાય તો ઇ નિર્વિકલ્પ નહીં થઈ શકે. આ વાત મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહી છે. લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણા ન હોય અને એને ધર્મ થઈ જાય ઇ ત્રણકાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભા છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.**

**એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારી પોતાના ઘરની મીણબત્તી કરે, પોતાના ઘરના માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો પહેલા નીતિમય જીવ હોય.) ૫૨૫.**

— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## શ્રી સમયસાર, ગાથા-૭
## પ્રવચન નં. ૧૫, તા. ૨૨-૦૭-૧૯૬૧
## [૭]

'સમયસાર'ની ૭મી ગાથા ચાલે છે. શિષ્યે પ્રશ્ન કર્યો છે. ભગવાન ! આ આત્માનો શુદ્ધ સ્વભાવ અથવા આત્મા શુદ્ધ છે એ શું છે ? અને એ કેમ જણાય ? અને એને જાણ્યે આત્માની પ્રાપ્તિ થાય. એવો શિષ્યનો અંતરમાં બંધથી મુક્ત થવાનો અને શુદ્ધને જાણવાનો અભિપ્રાય છે. એને આ કાળ કે ફલાણું કે એ જોવાનું નથી કે મને કાળ આવ્યો છે કે નહિ મોક્ષને સમજવાનો, શુદ્ધાત્માને સમજવાનો ? એના હ્રદયમાં એ વાત નથી. એ તો એમ કહે છે કે પ્રભુ ! આ આત્મા શુદ્ધ જે જાણવો જોઈએ એ શું છે અને જેને જાણ્યે આત્માને શાંતિ (થાય) ? એક જ સીધો પ્રશ્ન છે. કહો, સમજાણું ? એણે એમ પણ નથી કહ્યું કે આ અમને જાણવામાં આ કર્મ-બર્મ અમારા મોળા પડ્યા હશે કે નહિ ? અને અમારી કાળલબ્ધિ પાકી હશે કે નહિ ? સમજાય છે કાંઈ ? એવો પ્રશ્ન નથી.

એનો પ્રશ્ન તો આત્મા શુદ્ધ સ્વરૂપ છે, એ કઈ રીતે છે અને જેને જાણ્યે અમને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય ? એક જ પ્રશ્ન છે. કોઈ વચમાં આડખીલ, કર્મની કે કાળની કે અમે આ ભવિષ્યમાં કોઈ એવું આયુષ્ય અમારું નરક આદિનું બંધાઈ ગયું હોય તો અમને આ ન સમજાય એવો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ ? એને તો આ આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ શું ? એના ઉત્તરમાં કહ્યું. આત્માને... એ વાત કહે છે, જુઓ ! ટીકાકાર. એ છઠ્ઠીને સંધી કરીને.

**'આ જ્ઞાયક આત્માને...'** જાણનાર.. જાણનાર.. સ્વભાવ જ્ઞાયકભાવ એને **'બંધપર્યાયના નિમિત્તથી...'** કર્મના સંબંધના સંગમાં ઉત્પન્ન થયેલી અશુદ્ધપણાની દશા એ **'તો દૂર રહો,...'** હવે કહે છે. ત્યાં સિદ્ધિ થઈ પહેલી કે અશુદ્ધપણું આત્મામાં નથી. પ્રમાદ અને અપ્રમત્તભાવ, ભેદભાવ, પર્યાયના અંશનો ભેદભાવ એ શુદ્ધ સ્વરૂપમાં નથી, એવી અંતર એકરૂપ શક્તિનું સત્ત્વ, એના ઉપર દૃષ્ટિ આપતાં શુદ્ધતાનો અંશ હાથમાં આવે, એને દૃષ્ટિમાં આ આખો આત્મા દ્રવ્ય શુદ્ધ છે એમ એને બેસે છે.

અહીં કહે છે કે એ વાત હવે અમે દૂર રાખીએ છીએ. આ... આ જ્ઞાયક આત્માને બંધ પર્યાયના નિમિત્તથી–કર્મના બંધની અવસ્થાના સંગથી અશુદ્ધપણું જે ભેદ આવે છે એ તો દૂર રહો પણ શુદ્ધ જેને કહીએ છીએ, પણ એને દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ વિદ્યમાન નથી, એ શુદ્ધ સ્વભાવ છે એમાં

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એવા ત્રણ ગુણભેદ જેમાં હયાતી ધરાવતા નથી. સમજાય છે કાંઈ ?

એને એટલે **'જ્ઞાયક આત્માને...'** દર્શન, જ્ઞાન અને ચારિત્ર. અને એ પણ એકરૂપ શુદ્ધાત્મામાં એ ત્રણનો ભેદ હયાતી, વિદ્યમાન, મોજૂદગી ધરાવતો જ નથી. 'વજુભાઈ' ! બહુ ઝીણું, ભાઈ ! જુઓ ! આ સમ્યગ્દર્શનનો વિષય. પ્રથમ ધર્મની દશા, નિર્વિકલ્પ દશા– શ્રદ્ધા, એના વિષયમાં એકરૂપ ચૈતન્ય છે, એમાં ગુણો અનંત હોવા છતાં એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેદ, અસાધરણ ધર્મની વ્યાખ્યા લીધી છે, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ પણ વસ્તુમાં ભેદ નથી. સમજાય છે કાંઈ ? ત્યાં એની દૃષ્ટિ (છે).

**'ચારિત્ર પણ વિદ્યમાન...'** હયાતી, મોજૂદગી ધરાવતા નથી. એકરૂપ શુદ્ધ વસ્તુ, જેને શુદ્ધ કહીએ, એવો જે જ્ઞાયક એકરૂપ આત્મા, જે અંતર્મુખ દૃષ્ટિનો વિષય જે શુદ્ધ જ્ઞાયક, એમાં ત્રણ ગુણો જે અસાધારણ છે, જેના વડે પરથી જુદો એને પાડીને ઓળખી શકાય છે, એવા ગુણોના ભેદો પણ ભગવાન જ્ઞાયક આત્મા અભેદ સ્વરૂપ છે એની અંતર દૃષ્ટિ આપતાં એ ભેદ અંતરમાં દેખાતો નથી. એટલે કે ભેદ છે નહિ, દેખાતો નથી એટલે ભેદ છે નહિ. સમજાય છે કાંઈ ?

**'કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં...'** અનંત એમાં ધર્મ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, સ્વચ્છત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવા અનંતા ધર્મો ધારી રાખેલો એક ધર્મી, એક વસ્તુ, એક પદાર્થ એમાં જે નિષ્ણાંત નથી. હવે કહે છે કે એના ગુણભેદ બતાવવાનું કારણ શું ? વસ્તુમાં નથી. વસ્તુ એકરૂપ છે. દૃષ્ટિ સમ્યક્, એનો વિષય એકરૂપ ચૈતન્ય સામાન્ય ધ્રુવ, અસ્તિરૂપ, પૂર્ણરૂપ, એકરૂપ, એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમ્યગ્દર્શનના વિષયમાં ભેદ નથી. ત્યારે કહે છે કે પણ ભેદ પાડીને સમજાવ્યું છે ને ? કેમકે અનંત ધર્મોવાળા, અનંત સ્વભાવવાળા, અનંત ગુણ આદિ ધર્મનો ધરનાર એક ધર્મી, એક આત્મા એકરૂપ છે, એમાં જેની બુદ્ધિ નિષ્ણાંત નામ નિપુણ નામ જાણપણાવાળી થઈ નથી **'એવા નિકટવર્તી શિષ્યજનને,...'** ભેદ પાડવાનો આશય કે જે કાંઈ અભેદ એકરૂપ ચૈતન્યમૂર્તિ છે, શુદ્ધ સ્વભાવ એકરૂપ ભાવ જ્ઞાયક પરમાત્મા પરમ પારિણામિક સ્વભાવરૂપ ભાવ, એવું જેને ખ્યાલમાં નથી, એની શ્રદ્ધામાં નથી, એની રુચિમાં નથી, એમાં તરફ એનું લક્ષ ગયું નથી માટે તેને **'એવા નિકટવર્તી શિષ્યજનને,...'** નિકટવર્તીના બે પ્રકાર છે. જે ગુરુ પાસે ક્ષેત્રથી નિકટ આવ્યો છે અને અંતરમાં પણ હવે ભાવમાં નિકટવર્તી ધર્મ સમજવાને લાયક થયો છે. સમજાણું કાંઈ ? એને આ ભેદ પાડીને સમજાવે છે એટલો પ્રસંગ છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એક સમયમાં સત્... સત્... સત્... દ્રવ્ય પ્રગટ સત્ છે. પ્રગટ સત્ છે. એ તો પર્યાય વ્યક્ત પ્રગટ અને એ અવ્યક્ત (જે કહ્યું) એ તો બાહ્યના પરિણમનની અપેક્ષાએ છે. વસ્તુ જે છે, એક સમયની અસ્તિ પૂર્ણ શુદ્ધ એ વ્યક્ત પ્રગટ જ છે. છે અસ્તિ એટલે પછી એને વળી અપ્રગટ છે એમ કેમ કહેવું ? સમજાણું કાંઈ ? પણ એવી છે એકરૂપ વસ્તુ અસ્તિ, સામાન્ય, ધ્રુવ, પ્રગટ એવો હોવા છતાં એનું જેને જ્ઞાન નથી, એનો જેને બોધ નથી. એવા જે નિષ્ણાંત નામ

નિપુણ નથી, એના જ્ઞાનમાં આત્માનું અંતર એકરૂપ શું છે ? એની જેને નિષ્ણાંત વિચિક્ષણતા, વિજ્ઞાનતા જેને પ્રગટ થઈ નથી. **'એવા નિકટવર્તી....'** નિષ્ણાંત નથી **'એવા નિકટવર્તી...'** પૂછે છે ને કે શુદ્ધ આત્મા કોણ છે ? એટલો નિકટ થઈ ગયો છે, ક્ષેત્રમાં નજીકમાં આવ્યો છે ત્યાં એને સમજાવે છે. ત્યાં સમજાવવા જતા નથી. સમજાણું કાંઈ ? લ્યો ! પુસ્તક મોકલજો અને રેકોર્ડિંગ મોકલજો, સાંભળશું. એમ નથી એમ કહે છે. આ જુઓ ! શું કહે છે આ ?

બે વાત છે. એક તો સાંભળેલું નથી એવો શિષ્ય છે. સાંભળેલું નથી, સાંભળ્યું નથી તે. વસ્તુ, એક સમ્યગ્દર્શનનો વિષય ચૈતન્યપ્રભુ અભેદ, એ તેં સાંભળ્યો નથી. અગિયાર અંગ ભણ્યો અને નવ પૂર્વ ભણ્યો. (તો કહે છે), ના. સાંભળ્યું નથી. એને સંભળાવશું. એક વાત. બીજી કે એ પોતે ત્યાં નિકટમાં સાંભળવા આવ્યો છે. સમજાણું કાંઈ ? જુઓ ! આ દેશનાલબ્ધિ સિદ્ધ કરે છે. જ્ઞાની એને સમજાવે છે, અજ્ઞાની નહિ. જે નજીકમાં આવ્યો છે. આવે પણ નજીક છે. ઓહો..! અંતરભાવમાં કંઈ આડખીલ નથી કે આ આમ પ્રગટશે કે નહિ ?

જેને શુદ્ધ સ્વભાવ હજી રુચિમાં ઓછો છે, પણ શું છે ? એવું ભાન નથી. એથી એને બીજો પ્રશ્ન જ ત્યાં નથી. કેમ થશે ? ક્યાં થશે ? આ કહેશે ને મને નિમિત્તથી થશે કહેનાર અને મારા ઉપાદાનમાં શુદ્ધમાં જાગશે કે નહિ ? પ્રશ્ન જ નથી. એ તો પાંચમી ગાથામાં કહી ગયા નહિ ? દેખાડું તો પ્રમાણ કરજે. એની સંધી છે આ. આત્માને મારા નિજ વૈભવથી સ્વભાવની એકતા અને રાગની પૃથકતા, એવો જે અનેકાંત વસ્તુ શુદ્ધ પ્રભુ આત્મા ! એને હું દેખાડું અને દેખાડું તો પ્રમાણ જ કરજે. વાત બીજી કરીશ નહિ. એવું કહેનાર છે ઓલો એવો સાંભળનાર છે, એમ અહીં બે વાત છે. 'મગનભાઈ'! અરે..રે..! ભારે વાત ! મોટા તો મોટી જ વાત કરતા હશે ને. એમ વસ્તુની સ્થિતિ આમ છે. આમ ...

સ્વભાવ શું છે એવી જાણવાની જેને ધગશ છે, બીજી વાત નથી. બીજું અંદરમાં રોગ અટકવું કોઈ ચીજ નથી. શું છે આ ? પ્રભુ ! અમે સાંભળ્યું નથી. આપ સંભળાવો. અને અમે નિકટ... અહીં પોતે આચાર્ય કહે છે. શિષ્ય કાંઈ એમ કહે કે હું નિકટવર્તી છું ? 'કુંદકુંદાચાર્ય'માં આવ્યું હતું કે નહિ ? અમારા ઉપર ગુરુએ મહેરબાની કરી છે. એમ કહે કે અમે પાત્ર હતા એટલે અમારી ઉપર કૃપા કરી ? આમથી કેમ કહે છે ? અહીં આચાર્ય પોતે કહે છે કે એ કેવો શિષ્ય છે કે જે એવા નિકટવર્તી, નજીક ક્ષેત્રમાં બેઠો એણે ભાવમાં એકદમ સત્ય સમજવાની જેને ધગશ અને અભિલાષા છે. બીજી વાત નથી. પુણ્ય શું છે અને પાપ શું છે અને સ્વર્ગ શું છે ? એ કાંઈ પૂછતો નથી. બધું કાઢી નાખીને એક જ વાત પૂછે છે. સમજાણું ? અને આ અમને પૂર્વના પુણ્યના બધા શરીરાદિ સાધનો મળ્યા, માટે અમને હવે સાધન થાશે, એમ ખરું કે નહિ ? એમ પણ પૂછતો નથી. સમજાણું કાંઈ ?

આ ચૈતન્યદળ, જ્ઞાયકભાવ, એકરૂપ સ્વભાવ એ શું છે ? એમાં કહ્યું કે એમાં પ્રમત્ત-અપ્રમત્તના

ભેદ નથી. એ તો એકકોર વાત રહી. વસ્તુના એક સમયમાં જે એમાં ધર્મો ઘણા છે. ઓલા તો ભેદવાળી દશા હતી. પ્રમાદ, અપ્રમાદ આમ હતી. કાળભેદે ભેદભાવ હતો. સમજાય છે કાંઈ ? ભાઈ ! કાળભેદે ભેદ પ્રમત્ત-અપ્રમત્ત હતો. હવે આમ ભાવભેદે ભેદ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

કહે છે, જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણાના પ્રકાર ભેદ પડે, (એ) દૂર રહો. ભગવાનઆત્મા એકરૂપ સ્વભાવ છે એમાં ભાવે દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત ગુણો ભાવ વર્તમાન વિદ્યમાન છે. છે, ભેદ અંદર છે. પણ અભેદની દૃષ્ટિમાં એ ભેદ નથી. સમજાણું કાંઈ ?

આ તો 'સમયસાર' એટલે ? સર્વજ્ઞની સર્વોત્કૃષ્ટ ધ્વનિનો સાર. માખણ એકલું નિતાર્યું છે. એકલું માખણ. કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ. સાંભળ એ કહેતા નથી. પૂછે એને કહે છે. પછી કહે છે કે પ્રમાણ કરજે. સમજાય પણ .. ચોખ્ખો થઈને આવજે. બીજી વાત રાખીશ નહિ. હમણા આ નહિ થાય અને આ પાંચમા આરા છે, અમે પૂર્વે બહુ કર્મ બાંધ્યા હશે એટલે આવા હલકા કાળમાં જન્મ્યા, અમને સારા જોગ નહિ અને અમે ઘણો કાળ ખોટામાં ગાળ્યા, એ વાત નહિ. સમજાણું કાંઈ ? એય..! 'દેવાનુપ્રિયા'! આ શું કહે છે ? જુઓ ! લાલાપેથા નથી કરતા. એ હમણા ન થાય, હમણા પકડાય નહિ તો ? એવું નથી. શિષ્ય એમ અહીં કહે છે. શું કીધું ? આ તમારા પ્રશ્નના (જવાબ છે). એ તો બધું ત્યાંથી લાવે ને.

આત્મા વસ્તુ છે, પદાર્થ છે, પવિત્ર ચીજ છે. એની તને જિજ્ઞાસા છે કે નથી ? અને જિજ્ઞાસા નથી તો પછી એનો અર્થ એ કે મારે ધર્મ સમજવો નથી. મારે આત્માના સમીપમાં જાવું, મારે તો રાગના સમીપમાં પડ્યો તે ને તે કરવું છે. તો પ્રશ્ન જ ક્યાં છે એના માટે ? એ નિકટવર્તી શિષ્ય છે જ નહિ. સમજાય છે કાંઈ ? અમારે તો રાગ કરવો, પુણ્ય કરવું, આ કરવું, તે કરવું, ફલાણું કરવું. કારણ કે અહીં પહોંચી શકાતું નથી. પહોંચી શકાતું નથી તો પછી ધર્મ સાંભળવા આવ્યો શું કરવા ? તને ધર્મની જિજ્ઞાસા છે કે વિકારની જિજ્ઞાસા છે કે સંયોગની જિજ્ઞાસા છે ? પહેલાં બેનું પૃથક્કરણ નક્કી કર. ક્યાં ગયા 'આનંદભાઈ' ? નથી આવ્યા ? સમજાણું કાંઈ ? નથી આવ્યા લાગતા.

શું કીધું ? એ એમ કહે, મહારાજ ! તમે મોટી મોટી વાત કરો તમે. મને પકડાય નહિ. એમ પકડાય નહિ એમ કરીને પૂછે છે ? વસ્તુ છે આ. પ્રભુ ચૈતન્યજ્યોત શું છે ? ગુરુ કહે છે, હું કહું છું, સાંભળ ! અને સાંભળીને પ્રમાણ કરજે. એમાં એમ નથી કે આ વળી અનંત સંસારી જીવ હશે તો ? ... હશે તો ? એને ભગવાને આમ દીઠો (હશે તો ?). અરે..! સાંભળ તો ખરો.

પ્રભુ ! આ ચૈતન્ય પ્રભુ તે શુદ્ધ કોણ ? ભાઈ ! એનામાં વર્તમાન દશા અને પછીની દશા અને એવા દશાઓના ભેદ પડે એ વસ્તુ નહિ. એ વસ્તુમાં નથી. એ તો નથી પણ ચૈતન્યસત્તા એક સમયનો ભાવનો પૂર્ણ પિંડ એક, એમાં એકસાથે રહેલા અનંતા ગુણો, એમાં આ ગુણ અને આ ગુણ અને આ ગુણ અને આ ગુણી–એવો ભાવભેદ પણ વસ્તુની દૃષ્ટિમાં શુદ્ધમાં નથી. સમજાણું

કાંઈ ? ત્યારે કહે, આ સમજાવ્યું શી રીતે ? અભેદ તો એકદમ સમજાવ્યું જાય નહિ. અને ઓલો હજી પૂછે છે. એટલે પૂછે છે ત્યારે એની રુચિ અંદરમાં ગઈ નથી, અભેદ ઉપર દૃષ્ટિ પહોંચી નથી. એટલે કે એક ધર્મીને એ સમજતો નથી.

એને, જે નિષ્ણાંત નથી એને **'એવા નિકટવર્તી શિષ્યજનને,...'** એકદમ વીર્યની સ્ફુરણા ચૈતન્ય તરફ વળવાની લાયકાત થઈ ગઈ છે એને. અને તે સાંભળવામાં તે નજીકપણે (આવ્યો છે). એમેય નથી કે મહારાજ ! જરી ઉતાવળા બોલોને, મને સમજાતું નથી. એમેય નથી. એય..! અને હું કાને જરી કાચો છું, હોં ! એ તો એક ધ્વનિ એનો છે. અને મને સમજાય એવું કહેજો, હોં ! મને સમજાય એવું કહેજો એમ ઉપદેશ દેવા માટે નથી આવ્યો. સમજાણું કાંઈ ? મને સમજાય એવું કહેજો. એય..! 'દેવાનુપ્રિયા'! આ તો વાત છે ને ? કેટલી વાત છે, જુઓ !

આ તો એકલા અમૃતના સૂત્ર 'અમૃતચંદ્રાચાર્ય'ના છે. સમજાણું કાંઈ ? ગણધરના રચેલા સૂત્રોની તો શું વાતું કરવી ! ઓ..હો..! ચાર જ્ઞાન, ચૌદ પૂર્વ અંતર્મુહૂર્તમાં રચે અને ઉત્પન્ન કરે છે. અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કરે અને રચે. એના સૂત્રોની ગંભીરતાની શું વાત કરવી ! આ 'અમૃતચંદ્રાચાર્ય' પંચમઆરાના નવસો વર્ષ પહેલાંના સંત ! પણ જાણે ગણધરના કામ તીર્થંકરના પેટમાં પેસીને વાત કરી છે. ગણધર જેમ કરે એમ 'કુંદકુંદાચાર્ય'ના પેટમાં પેસીને વાત કરી છે. સમજાય છે કાંઈ ?

કહે છે, અરે..! એક ધર્મીપણે જેને જ્ઞાન થયું નથી. અનંત ધર્મો એટલે ભાવો એટલે વર્તમાન શક્તિઓ છે એમાં. એવી અનંત શક્તિઓ ભાવરૂપનો ધરનાર એક ધર્મી, એવું એક ધર્મીપણું જેના લક્ષમાં આવ્યું નથી. **'એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા...'** આ સારમાં સાર ઉપદેશની પ્રણાલિકાની છેલ્લી હદ.

ધર્મી આ ભગવાનઆત્મા એક સમયમાં આખું પૂર્ણ તત્ત્વ શું છે ? એવા **'ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે,...'** કહો, સમજાણું કાંઈ ? **'કેટલાક ધર્મો વડે,...'** કેટલાક એટલે અસાધારણ. નીચે અર્થમાં એ કરશે. પણ એનો અર્થ એ છે. કારણ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર કર્યું છે ને ? એની ના પાડી છે એટલે એનાથી સમજાવ્યું એ અસાધારણ ગુણો છે. અસ્તિત્વ ને વસ્તુત્વ ને એ નહિ. આ આત્મા. દર્શન તે આત્મા, જ્ઞાન તે આત્મા, ચારિત્ર તે આત્મા. આ ...માં બીજું લેશે. આત્મા એને પરિણમે તે આત્મા. અહીં તો કહે છે કે ભેદ પાડીને કહેવું, નથી જેને અભેદની દૃષ્ટિ થઈ, એકને ઓળખ્યો નથી એને અનેક એના અનંતા ગુણો ને ભાવ ભરેલા છે એમાંથી એને મૂળ મૂળ જે અસાધારણ ધર્મો દ્વારા ગુરુ શિષ્યને કહે છે. સમજાણું કાંઈ ?

**'ધર્મીને ઓળખાવનારા કેટલાક...'** એટલે કે એ. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ખાસ આત્માને વિષે મુખ્ય છે. એવા **'ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો—'** ઉપદેશ કરતા આચાર્યોનો **'જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે.'** જોકે ભાવ–દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ભાવ અને ભાવ ધરનાર આત્મા, બેનું જુદાપણું નથી, બેનું સ્વભાવથી એકપણું છે સ્વભાવથી અભેદ છે. એ સ્વભાવ અને આ સ્વભાવવાન,

એવો કાંઈ અંદર ભેદ નથી. એ તો કથનના નામમાં બે (ભેદ થાય છે), વસ્તુમાં ભેદ છે નહિ.

ભગવાનઆત્મા શુદ્ધ એક સમયનો, પ્રભુ ! ધર્મી એટલે દ્રવ્ય, ધર્મી એટલે શુદ્ધાત્મા. એવા ધર્મીના કેટલાક ધર્મો વડે, એટલે કે તેમાં રહેલા ખાસ ખાસ ગુણો વડે **'ઉપદેશ કરતા આચાર્યોનો– જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તોપણ...'** તોપણ **'નામથી ભેદ ઉપજાવી—'** જુઓ ! નામ, સંજ્ઞા, ભેદ, નામ એટલે વ્યવહાર. વ્યવહારથી ભેદ ઉપજાવી. આ લાકડી સુખડની છે. એમાં સુગંધ, સુંવાળપ, તોલ એકસાથે એમાં છે. પણ આમ કહે છે કે જે સમજતો નથી આ સુખડ એકરૂપ છે. એને સમજાવવા કહે છે કે જુઓ ! આ સુગંધ તે સુખડ. આ સુગંધ જુદી પડતી નથી. વસ્તુ તો એકરૂપ છે. પણ જેને એકરૂપે વસ્તુ શું છે, એને સમજાવવા માટે એમાં રહેલા ખાસ ખાસ અસાધારણ ગુણોને લક્ષમાં લઈ અને શિષ્યને કહે છે.

**'અભેદ છે તોપણ નામથી ભેદ ઉપજાવી–વ્યવહારમાત્રથી જ એવો...'** ઘણું આમ. વ્યવહારમાત્રથી બીજો શું ઉપાય ? એને નથી એકરૂપ આત્મા દૃષ્ટિમાં આવ્યો, એને આ રીતે સમજાવ્યા સિવાય બીજી કોઈ રીત, ઉપાય છે નહિ. એટલે **'વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને...'** એટલે આત્માને, જ્ઞાનીને એટલે આત્માને **'દર્શન છે...'** વ્યવહારથી, નામમાત્રથી. આત્મામાં સમ્યગ્દર્શન છે. વસ્તુ તો એકરૂપ છે, એકસાથે અવિનાભાવ ગુણોથી વણાયેલી છે. પણ એને કહેવું શું ? આત્મા-આત્મા કરે તો એ સમજે નહિ. અને એમાં ગ્રહેલા ગુણો જુદાં તો પડતા નથી. પણ પાડ્યા વિના સમજે નહિ. એટલે જુદાં પડતા નથી અને પાડવા એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

આ 'સમયસાર'ની પારાયણ માંડી છે. સમજાણું ? ઓલા અન્યમતિમાં સાત દિ'ની પારાયણ નથી કહેતા ? પારાયણ. સાત દિ' કરે અને પછી થઈ રહ્યું, લ્યો. સાત દિ' થાય એનો મોક્ષ થાય છે. એ ... એટલી વાર સાંભળે એને. કેમ માસ્તર ? કેટલી વાર ? એને ખબર નથી. કેટલી વાર પારાયણ સાંભળે એનો મોક્ષ થાય છે એમ કહે છે. અહીં તો એકવાર સાંભળે એનો મોક્ષ થાય. સમજાણું કાંઈ ? 'વજુભાઈ'! સાંભળ્યું છે કે નહિ ? આ ઓલું પારાયણનું સાંભળ્યું છે કે નહિ ? બ્રાહ્મણ ગાય. સાત દિ' રહેવું ... બે કલાક, ત્રણ કલાક. બદામનું દૂધ પીતો જાય. મોક્ષ થાય. ધૂડમાં પણ મોક્ષ ન થાય, સાંભળને. હજી મોક્ષ કોનો છે ? કોણ છે ? ક્યાંથી થાય ? એવી ચીજની ખબર ન મળે હવે રાગડા તાણીને, ... મોક્ષ થતા હશે ?

અહીં તો કહે છે કે આખરમાં આખરની વાત છેલ્લી, ધર્મી એવા દ્રવ્યને સમજાવવા ધર્મીની જિજ્ઞાસાવાળો એ જીવને આચાર્યો, ઉપદેશકર્તા આચાર્ય એમ સંભળાવે છે. ધ્યાનમાં છે અને આત્મામાં છે એની તો અહીં વાત છે નહિ. એટલે શિષ્ય નિકટવર્તી જિજ્ઞાસુ આવો છે એમ લીધો અને ઉપદેશ કરનાર આચાર્ય બેની સંધી કરી. સમજાણું કાંઈ ? અહીં કેવળીની વાત નથી લીધી. કેવળી આમ કહે છે, ભાઈ ! અહીં તો પંચમઆરાની રીતની શૈલીએ વાત કરી છે. આહા..હા...! વાત જ પોતાની ભૂમિકાથી વાત કરે છે. સમજાણું કાંઈ ? કેવળી આમ કહે. આચાર્યો અત્યારે આ કાળે છે એની

અહીં વાત માંડીએ છીએ. સમજાણું કાંઈ ? એ તે પણ આચાર્યમાં... સમજાણું કાંઈ ? ઉપદેશ કરતા આચાર્યો. નિર્વિકલ્પ ધ્યાનમાં બેઠા ત્યારે તો કાંઈ છે નહિ. પૂછ્યું એનું લક્ષ છે, એને કાળ જ એવો ઉપદેશનો વર્તે છે. એને સ્વકાળમાં રાગ જ એવો વિકલ્પ ઊઠે છે. એની વાણીનો યોગ જ ઉપેદશમાં એવો છે.

એવા આચાર્યો, ઉપદેશ કરતા આચાર્યો (કહે છે), જોકે વસ્તુમાં અને વસ્તુના ભાવ, એના ગુણમાં કાંઈ ભેદ નથી, પ્રદેશભેદ નથી. વસ્તુના બે કટકા–ટુકડા (નથી). આ ભાવ અહીં અને ભાવનો ધરનાર અહીં એમ પણ એમાં જુદાઈ નથી. પણ વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે. જ્ઞાનીને, ધર્મીને દર્શન છે. ધર્મીને દર્શન છે. આત્મા તે દર્શન છે. એમ દર્શન તે આત્મા છે એમ લક્ષ અભેદમાં કરાવવું છે. જ્ઞાનીને જ્ઞાન છે. જુઓને ! આમાં પણ કેટલાક તર્ક કરે છે. આવી વાત ! અરે..! ભગવાન ! એ વાતના ઉપદેશની પદ્ધતિ એના શ્રોતાની રીત, બાપુ ! સાંભળ્યા વિના તું એમ ને એમ કુતર્ક કરીને કહે, આવું આચાર્ય (કહે) ? જૈનમાં આવા આચાર્યો હોય ? જ્ઞાનીને જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. ત્યારે શું એને જડ છે ? અરે..! સાંભળને પ્રભુ !

એ ધર્મનો કરનાર જીવ ધર્મી એકરૂપે કોણ છે એની દૃષ્ટિ થયા વિના એને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થાય નહિ. ક્યાંથી લાવ્યો આ ? આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે. પર્યાયમાં થયું તો થયું એને એનાથી એને ઓળખાવવું છે ? નથી થયું એને ઓળખાવે છે. આ આત્મા એકરૂપ છે. એમાં વ્યવહારમાત્રથી, કથનમાત્રથી, સંજ્ઞાના ભેદથી વસ્તુ અને ગુણના સંજ્ઞાભેદમાં ભેદ પડ્યો. એથી એવા નામમાત્રથી જ્ઞાનીને જ્ઞાન છે, આત્માને દર્શન છે, આત્માને ચારિત્ર છે. એમ વ્યવહારથી ધર્મીને સમજાવવા, દ્રવ્યને સમજાવવા, વસ્તુ પરમભાવ જ્ઞાયકભાવને લક્ષમાં અંતર વાળવા આવા ઉપદેશના ભેદના ભાવનો ભેદ પાડીને, ભાવ ધરનાર ભગવાનને સમજાવ્યો છે. 'કેવળચંદજી'! બધી વાત બહારમાં. આ મૂળ ચીજ વિના બધું સમજવા જેવું છે.

હજી ધર્મ, સમ્યગ્દર્શન ધર્મ એ આત્મા આખા આત્માને આમ ધારે કે આખો આત્મા આવો છે. કહે છે કે એવા દર્શનગુણને પણ, શ્રદ્ધાગુણને ભેદ પાડીને એને કહેવો વ્યવહાર છે. સમજાણું કાંઈ ? આવો આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, કહે છે કે એ પણ એક વ્યવહાર થયો, હોં ! એ પણ એક ભેદ થયો, ભાવમાં ભેદ થયો. અને ભેદ ઉપર જો લક્ષ રહે તો દૃષ્ટિ અભેદમાં ન જાય. સમજાણું કાંઈ ? પરની, નિમિત્તની રુચિમાં રહે અને રાગની રુચિમાં રહે અને ધર્મ થાય, સમ્યક્ ત્રણ કાળ, ત્રણ લોકમાં ન થાય. પણ અહીં તો કહે છે, કે જે એની નિકટવર્તી શિષ્યને ભેદથી સમજાવ્યું છે એ સમજનારો ભેદ ઉપર જ જો લક્ષ રાખે, એ હેતુ તો ધર્મી દ્રવ્યને સમજાવવાનો છે. ભેદ લક્ષ દ્વારા આ આત્મા છે એમ અભેદ ઉપર જો જાય, તો તે શુદ્ધાત્માને પકડે અને અનુભવ કરી શકે. ભેદ સમજાવવા માટે છે. એના ખ્યાલમાં પણ ભેદ (રહેવો ન જોઈએ). બીજો કોઈ ઉપાય નથી એને. જ્યાં દૃષ્ટિનું તીર મારવું છે એ અભેદ ચૈતન્યમૂર્તિ છે. એને સમજાવવા આ વાત કરી.

પણ જો ન્યાં ને ન્યાં એ ચોંટ્યો કે આ દર્શન છે તે આત્મા, જ્ઞાન છે તે આત્મા, ચારિત્ર તે આત્મા છે. તો કહે છે એ વિકલ્પ છે. એ તો એક પુણ્યબંધનું કારણ, વિકલ્પની ઉત્પત્તિ ચેતના સંગને સંગે છે. સમજાણું કાંઈ ? એ તો ચિત્તના સંગમાં ભેદનો વિકલ્પ ઊઠ્યો છે. એનો હેતુ તો અંદરમાંથી જઈ અને આમાંથી ખસે, ત્યારે શુદ્ધાત્મા અભેદ એવી દૃષ્ટિનો વિષય પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ ? 'ચંદ્રસેનજી'! ભાઈ ! અહીં તો તકરાર (કરે). અરે..! પ્રભુ ! શાંત થા.

હવે આ કાળ મનુષ્યદેહ આવ્યા અને પાંચ-પચાસ વર્ષમાં આંખ મીંચાઈ જશે. ક્યાંય કોઈ સામું પણ નહિ જોવે. આવા સગા હતા, આ સંબંધીઓ હતા, આમાં આબરૂ મેળવી હતી. આ અમને માનતા એ શું ખોટા હશે ? જાજા માનતા હતા તે અમે ખોટા હશું ? એક જણો એમ કહેતો હતો. થોડા માને એ નહિ જાજા માનતા હોય એની વાત સાચી. હવે એકેય ન માનતો હોય, સાંભળને. કીડીના નગરા ઘણા હોય છે. એથી કાંઈ માણસની સંખ્યામાં કીડીઓ આવતી હશે ?

વસ્તુ ભગવાનઆત્મા ચૈતન્યદ્રવ્ય જે છે, એ સમજી શક્યો નથી. એને આચાર્યની, ઉપદેશકર્તાની પદ્ધતિમાં આવા આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એમ કહ્યું છે. **'પરંતુ...'** કહીને પાછી વાત કરે છે, **'પરમાર્થથી જોવામાં આવે...'** ખરેખરે વસ્તુથી જોવામાં આવે **'અનંત પર્યાયોને...'** પર્યાય એટલે ભેદ. બધા દ્રવ્યોને **'એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** બધા ભેદ-બેદ એક વસ્તુમાં કાંઈ ભેદ છે નહિ. પી ગયું અંદર. પીવામાં પાણી (કરતાં) મોઢું મોટું (હોય). (એમ) આ બધા અનંતા ગુણો પીને એક દ્રવ્ય બેઠું છે. એવડો પ્રભુ ચૈતન્ય એક સમયનો દ્રવ્ય, વસ્તુ કે જે દૃષ્ટિ પડતાં એને અંતરમાં શુદ્ધ અને આનંદની પરિણતિ થાય, એવો જે આત્મા એ **'અનંતપર્યાયોને...'** એટલે ભેદોને **'એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** એ તો ગુણી ગુણનો ભેદ પણ અનુપચાર સદ્‌ભૂત વ્યવહારનય છે. અને પર્યાય અને પર્યાયવાનનો ભેદ પણ અનુપચાર સદ્‌ભૂત વ્યવહારનય છે. એમાં વળી એક આ છે અને એક આ છે એમ નથી, સમજાણું કાંઈ ? લખ્યું છે ને ઓલાએ ? ફલાણાની પર્યાય આમ. એ તો અહીં તો સમજાવવું છે ને ? પર્યાયમાં લક્ષ આવીને સમજે છે ને એ તો ? ગુણમાં ક્યાં લક્ષ (કરવાનું કાર્ય થાય છે). ગુણ તો ધ્રુવ પડ્યા છે. આ દર્શન છે, આ જ્ઞાન છે, આ જ્ઞાન છે, આ ચારિત્ર નામ શાંતિનો ધરનાર છે. એમ લક્ષ થતાં ભેદ પાડ્યો છે એ તો વિકલ્પ ઊઠ્યો છે, પણ વસ્તુ છે એ તો બધા ભેદને પીને બેઠી છે.

**'એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** જુઓ ! આ દૃષ્ટિ. એક વસ્તુ એકરૂપ છે. ચૈતન્ય જ્ઞાયકભાવ, એ ઉપર દૃષ્ટિમાં ભેદ હોતો નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ એ અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતા નથી કે હું દર્શન છું, હું જ્ઞાન છું, હું ચારિત્ર છું અને હું આનંદ છું. એવો એક સમયનું એકરૂપ દ્રવ્ય જે અનંતા ભાવ ભેદને પી ગયું છે. એવો અભેદ ચૈતન્ય એકરૂપ સ્વભાવી ધર્મી, એમાં નજર કરતાં એ અનંત (ગુણભેદને) પી ગયું એવું એકરૂપ છે એ તો. ભાઈ ! જુઓ ! આ સમ્યગ્દર્શનનો આધાર. સમજાણું ? અને એ સમ્યગ્દર્શન વિના જ્ઞાન સાચા હોય નહિ અને ચારિત્ર અને વ્રત-તપ સાચા

હોય નહિ. ખોટા કલ્પેલા સર્વજ્ઞના આજ્ઞા બહારના બાળતપ અને બાળવ્રત હોય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને એટલે ? એ કાંઈ એમ માને ? એય..! 'દેવાનુપ્રિયા'! એ કહે છે એ વાત સાચી. એમ કહે છે, બધાએ માની જ લેવું, એમાં તો વ્રત, તપ જ કરવા. એમ ને ? કાંઈક હશે વળી. હળવે હળવે બોલશે. આમાં ઉતરે છે, હોં ! વાત સાચી છે, હોં ! આમાં. કાંઈ બોલશો તો આમાં ઉતરી જશે. કહો, સમજાણું કાંઈ ? શું માને ? એમ માની લે. ખોળ ખાતો હોય અને હું ગોળ ખાવ છું એમ માને લે તો ખોળ ગોળ થઈ જતો હશે ? અમને ભગવાનની, દેવ-ગુરુની આસ્થા છે. એ આસ્થા નહિ.

અહીં તો નવ તત્ત્વના વિચારનો વિકલ્પ-ભેદ એ આસ્થા નહિ. આ દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદવાળો છું એવા ભેદની આસ્થા એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ ? અહીં તો કહે છે કે એ ત્રણનો છેલ્લો સાર આ બતાવ્યા વિના બીજો કોઈ (ઉપાય) રહ્યો નહિ. તેથી એ અનંત ધર્મોને, પર્યાયોને, ભાવોને **'એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** એકરૂપ વસ્તુ, એકરૂપ છે. કિંચિત્ એકમેક મળી ગયેલા આસ્વાદરૂપ. એટલે કે અનંતા ગુણોનો એકરૂપ સ્વાદ દ્રવ્યનો છે. પણ છતાં દરેક ગુણનો સ્વાદ અંદર ભિન્ન ભિન્ન છે. સમજાય છે ? જ્ઞાનનો સ્વાદ, દર્શનનો સ્વાદ-વેદન, ચારિત્રનો સ્વાદ, આનંદનો સ્વાદ દરેકને ભિન્ન છે. પણ કિંચિત્ એકમેક મળી ગયેલા. ગુણો કાંઈ બધા એક થયા નથી. પણ દ્રવ્યની અપેક્ષાએ એક થયા છે. સમજાણું કાંઈ ?

**'એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ,...'** વસ્તુ એક સમયમાં પૂર્ણ અભેદ. **'એકસ્વભાવી તત્ત્વ—અનુભવનારને...'** એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર. એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર આત્માને એમ લ્યો. એવા આત્માને **'દર્શન પણ નથી,...'** કહો, સમજાણું કાંઈ ? એક સ્વભાવ. ભેદના લક્ષથી અભેદમાં જઈને એકરૂપ ચૈતન્યનો અનુભવ કરતાં તે પુરુષને એટલે આત્મદ્રવ્યને, એ દૃષ્ટિવંતને, એ દૃષ્ટિના ધ્યેયવાળા આત્મામાં અને દૃષ્ટિવંતને એ **'દર્શન પણ નથી...'** ખ્યાલમાં ગુણભેદ નથી, ભાવમાં જ્ઞાનભેદ જુદો રહેતો નથી અને એના આશ્રયમાં ચારિત્રભેદનો પણ જુદો ભાવ રહેતો નથી. કહો, સમજાણું કાંઈ આમાં ? શું કહેવાય છે આ ?

આ ધર્મ કેમ થાય ? કેવા ધર્મીને આશ્રયે (થાય), એની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? ધર્મી એવો જે એક સમયમાં અનંતા ભાવનો ધરનાર, એને કાળભેદની અશુદ્ધતા તો કહે છે કે અમે સંભારતા નથી. એ તો પહેલેથી કાઢી નાખ્યું. પણ એના દળમાં એક સાથે બધા અનંતા ભાવ-ગુણ ભર્યા છે, વર્તમાન મોજૂદ છે, મોજૂદ છે. તે દૃષ્ટિના વિષયની અપેક્ષાએ મોજૂદ નથી. સમજાણું કાંઈ ? વર્તમાન મોજૂદ છે. ઓલા તો હજી શુદ્ધ, અપ્રમત્ત અને પ્રમત્ત એ તો પછી આવે ત્યારે અને ભેદ પડે ત્યારે. આવે ને જાય, આવે ને જાય. પ્રમત્ત. એ તો નહિ, કહે છે. આ તો એક ભગવાનઆત્મા સત્તા સ્થળના ધામમાં, અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં, એકરૂપે એ ક્ષેત્ર પણ છે ખરેખર તો.

અને એમાં અનંતા ગુણોનો ભાવ ભરેલો છે. પણ જ્યાં દૃષ્ટિ અભેદ ઉપર જતાં, ધર્મી જીવની દૃષ્ટિમાં દર્શન જુદું નથી, જ્ઞાન જુદું નથી, ચારિત્ર જુદું નથી. એ એક દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણું. નહિ ? 'જયચંદભાઈ'! હવે આવી વાત કરે તો ઓલા કહે, આ નિશ્ચયની વાતું કરે છે. અરે...! પ્રભુ ! પણ નિશ્ચય એટલે સાચું. તારે સાચું થાવું છે ? સતિયા થાવું છે કે તારે અસતિયા રહેવું છે ? સતિયા આપણામાં. પેલી કહે સતિ થાઉં, ઓલો કહે સતિયો થાઉં. તારે સાચો સતિયો થાવું છે કે નહિ ?

એક સમયનો પ્રભુ, પરમબ્રહ્મ આત્મા એકરૂપ, એની દૃષ્ટિ થતાં, એ ધર્મીને દૃષ્ટિમાં દર્શન-જ્ઞાન ને ચારિત્રનો ભેદ પણ લક્ષમાં રહેતો નથી. ત્યારે તે દર્શનનો વિષય અખંડ એની દૃષ્ટિમાં પડ્યો હોય છે. સમજાણું કાંઈ ? જુઓ ! 'લાલજીભાઈ'! ભારે ધર્મની વાત. ઓલું તો આટલા લાખ દઈ દઈએ, જો ધર્મ થાતો હોય ને. ઓલા પણ કહી દે પાંચમા આરામાં ધર્મ એવો થાય, ચોથા આરામાં ધર્મ બીજા હોય અને પાંચમાના બીજા હોય, લ્યો ! તારામાં તાકાત ન હોય અને શક્તિ ન હોય તો બીજી રીતે પણ થાય. ધર્મ તો થાતો હશે નહિ સોંઘો ? ઓલા રયણસારમાં બીજો કીધો શ્રાવકનો ધર્મ. 'પ્રવચનસાર'માં કહ્યું છે. નહોતું આવ્યું ? એનો શુભભાવ એ ધર્મ છે અને એનાથી મોક્ષ થાય, 'પ્રવચનસાર'માં શ્રાવકને માટે એમ કહ્યું. અરે..! પ્રભુ ! પણ પહેલી દૃષ્ટિ તો સંભાળ, પછીની વાત એ શું છે એ ? એ તો શુભભાવ આવ્યો. હોય છે. દૃષ્ટિ થઈને ચારિત્ર થયું હોય તે કાંઈ પૂર્ણ યથાખ્યાત થયા વિના રાગનો શુભભાવ, ભક્તિ આદિનો આવ્યા વિના રહે છે ? એનાથી મુક્તિ થાય એમ વ્યવહાર કહે. ન થાય એને થાય એમ કહે એનું નામ વ્યવહાર. એનાથી થાતું નથી પણ એનો અભાવ કર્યે થાય છે. વ્યવહાર કહે કે એનાથી થાય. આ કથન વ્યવહારનયના. સમજાય છે ? એ વાત તો ક્યાંય રહી ગઈ કહે છે હવે.

ભગવાનઆત્મામાં આમ એકરૂપ ચીજ છે એ એકાગ્રતામાં એક લીધા વિના એકાગ્રતા થાય નહિ. ગુણભેદ લક્ષમાં રહે ત્યાં સુધી દ્રવ્ય ઉપર દૃષ્ટિ અને એકાગ્રતા થાય નહિ. અહીં સુધી વાત છે. સમજાણું કાંઈ ? એવા આત્માને **'દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.'** સમજાણું ? ભગવાનઆત્મા જ્ઞાયકભાવ, એકરૂપભાવ, શુદ્ધરૂપ એકભાવ, એની દૃષ્ટિ થતાં એક જ અભેદ છે. બીજું કાંઈ ભેદ-બેદ છે નહિ. વસ્તુમાં ગુણભેદ છે છતાં અભેદ ઉપર એકાકાર થયા વિના તે ભેદને ભાવતો નથી ત્યારે અભેદ થાય છે અને એ વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ ?

ભાવે કીધું ને ? એ દૃષ્ટિમાં એકરૂપતા થઈ ગઈ એ જ ભાવે. વસ્તુના સામાન્યમાં એકરૂપતા થઈ ગઈ એ શુદ્ધનો અનુભવ થયો, તો આખું આ દ્રવ્ય શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યું. કહો, સમજાણું આમાં કાંઈ ? એ તો **'એક શુદ્ધ જ્ઞાયક જ છે.'** આત્મા તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. ધર્મી તો દૃષ્ટિના વિષયમાં એકરૂપ જ્ઞાયક જ છે. ધર્મી કહો કે આત્મા કહો. સમજાય છે ? આ સદ્ભૂત

ઉપચાર ગુણ ગુણીભેદને ઉડાવી દીધો. દૃષ્ટિમાં ત્રણને ઉડાવ્યું છે. આ જ્ઞાન તે આત્મા છે. કહે નહિ. છેલ્લામાં છેલ્લું એ લક્ષ કરવા માટે સાધન છે ને ?–ના. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ તરીકે અનંત ભાવનો ભાવવાન એકરૂપ, એની દૃષ્ટિ થતાં ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને, જ્ઞાનીને આત્મામાં એ ભેદ દેખાતો નથી. એ તો **'એક શુદ્ધ જ્ઞાયક જ છે.'** જ્ઞાયક જ છે. લ્યો. એમ કહો ને જ્ઞાયક પણ છે અને ભેદ પણ છે. એ જ્ઞાયક જ છે અને ભેદ નથી. 'જ' નાખ્યો અહીં. ઓલા કહે ના ના ના, એમ થાય તો આમ થશે. વસ્તુમાં એકરૂપતામાં જ્ઞાયક જ છે, ભેદ નથી એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. વ્યવહારથી ભેદ છે એમ જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ ?

કેટલી વાત મૂકી છે ! એ એમ દલીલ કરતો હશે કે આ મને મોંઘુ પડે છે. આ અમને સમજવું મોંઘુ પડે, હોં ! તો તું સમજવા આવ્યો છો, તારે સમજવું છે ? એ મોંઘુ પડે તો પછી એનો અર્થ એ કે તારે સમજવું નથી. આ ચીજ મોંઘી બહુ, હોં ! અમે લઈ શકીએ નહિ. અમારી પાસે મૂડી નથી. તો શું લેવા આવ્યો તું ? અમારી પાસે એટલી મૂડી નથી, હોં ! આટલું બધું ન લઈ શકાય. તો હીરાની દુકાને લેવા શું આવ્યો ? ખબર નથી ? હીરાની દુકાને તો પચાસ હજારનો હીરો મળે. ત્યાં કાંઈ બે લીંબોળીમાં હીરા મળતા હશે ? કહો, 'વજુભાઈ'! પાંચ લીબોળી દઈને પચીસ લાખનો હીરો મળતો હશે ત્યાં ? એટલી અક્કલ નથી તને ? આ દુકાને હીરો છે. એમ ભગવાન ચૈતન્ય હીરો, ચમકતું તેજ વ્યક્તપણે પ્રગટ નિત્ય ઉદ્યોત પ્રકાશમાન તત્ત્વ પડ્યું છે. એની જેને પ્રગટતા લક્ષમાં, દૃષ્ટિમાં લેવી છે, એને આ પ્રશ્ન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

ભાઈ ! મહારાજ ક્રમબદ્ધ કહેતા હતા ને ? એ ક્રમબદ્ધ કહેતા હતા એ ક્રમમાં આવે ત્યારે આ સમજાય ને. તને કોની રુચિ છે ? શેની રુચિ છે તને ? સ્વભાવની રુચિ માટે તું જિજ્ઞાસા કરે છો ? કે આ કાળે આમ થાશે અને આ લાવે આમ થશે. એમ જ તે માંડી છે. 'મગનભાઈ'! ઘણા એ (કહે છે). 'વીરજીભાઈ' કહેતા હતા ને ? જાણે આમ કરે. અરે..! પ્રભુ ! તું શું કરે છે ? એ વાત કેમ, શા માટે આવી અને કેમ કહી છે ? એ તો વસ્તુમાં દૃષ્ટિ આપતાં કર્તાપણું ઊડી જાય છે એની શૈલી સિદ્ધ કરવા એ વાત કરી છે. એનો એ અર્થ થયો.

ભગવાનઆત્મા આ રાગને કરું કે નિમિત્તને મેળવું કે આ કરું, એવો વિકલ્પ કરું એવું કર્તાપણાની બુદ્ધિ એ મિથ્યાભ્રાંતિ અને ભ્રમ છે. એ તોડવા એ અવસ્થા આમ જ છે ને. એનો ધરનાર દ્રવ્ય તો આ છે ને. એ દ્રવ્યમાં ગુણભેદ પણ નથી. રાગનું કરવું નથી પણ ગુણભેદનું કર્તૃત્વ પણ જે વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ? એવી ચીજ વસ્તુ એકરૂપ અંતર દૃષ્ટિ આપતાં ધર્મીના લક્ષમાં ગુણભેદ પણ રહેતો નથી. આ અંદર ગુણ હોવા છતાં તેના ભેદ ઉપર જેનો આશ્રય નથી. એકલો ચૈતન્ય ચૈતન્ય ચમત્કાર હીરો, એના ઉપર મીટ માંડતા ધર્મીને દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતાં નથી. સમજાણું કાંઈ ? ભારે ચીજ, ભાઈ !

**'ભાવાર્થ :— આ શુદ્ધ આત્માને...'** વિદ્યમાન ભગવાનઆત્મા જે છે, વસ્તુ છે... વસ્તુ છે... ... એવા **'આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે...'** નિમિત્તથી આવે છે એટલે ? એ વાંધા પાછા. એ તો એમાં પણ આવ્યું હતું કે બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું છે. એ તો નિમિત્તથી સંગ કર્યો એથી અશુદ્ધપણું આવ્યું છે. એ છે માટે અશુદ્ધપણું આવ્યું છે એમ નથી. આમ સ્વભાવ ઉપરની સત્તાનો આશ્રય અને અવલંબન નથી (અને) આમ લક્ષ છે. તેથી એના નિમિત્તના લક્ષમાં અશુદ્ધપણાની ઉત્પત્તિ તો છે, છે **'એ વાત તો દૂર જ રહો,...'** એ વાતને છદ્દીમાં કાઢી નાખી. સમજાણું કાંઈ ?

**'એ વાત તો દૂર જ રહો,...'** એ દૂર જ રહો. વળી એમ પાછું. પાઠમાં છે ને ? દૂર રહો, દૂર રહો. ઓ..હો..! આમાં અશુદ્ધપણું છે, પુણ્ય-પાપના ભાવ દૂર રહો. એવા ... હટ જાઓ. અશુદ્ધપણું મારામાં છે નહિ. **'પણ તેને...'** હવે 'પણ તેને' એટલે શું ? આ તો નથી પણ તેને બીજું પણ નથી એમ કહેવું છે ને ? **'દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી...'** ભગવાન એકરૂપ ચૈતન્યના દળ જોતાં ભેદ-બેદ દેખાતા નથી. સોની દાગીનાને જોવે એમાં એ કારીગરી ઉપર એની નજર ન હોય. એકરૂપ દાગીનો શું છે ? સોનું કેવું છે એના ઉપર એની નજર હોય છે. કારણ કે કારીગરી તો એને આવડે છે. એની શું કિંમત હોય ? કારીગરીના રૂપિયા આપે એમ હશે એને ? કારીગરી ધોઈ નાખ. તારી કારીગરીના પૈસા-બૈસા ધોઈ નાખ. સોનું કેટલું છે અને કેવું છે ? એ ઉપર એની નજર હોય છે. એમાં લાખ-બાખ હોય એ પણ નહિ. લાખ નહિ અને કારીગરી પણ નહિ. એમ ભગવાનઆત્મામાં અશુદ્ધપણાની લાખ, એની કિંમત નહિ. એમ આ આત્મા એનાથી નહિ તોળાય. સમજાણું કાંઈ ?

હવે, આ જરી જ્ઞાન ને દર્શન ને એમાં ભાવ ભેદ પડ્યા છે. એ ભેદની કાંઈ કિંમત છે ? કહે ના. એ કિંમત પણ છે નહિ. તેને **'દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે.'** વસ્તુ છે તે અનંતધર્મરૂપ અનંત ધર્મસ્વભાવ, એકસ્વભાવી છે. એક વસ્તુ છે. વસ્તુ એક છે. કાંઈ ગુણ અનંત છે માટે વસ્તુ અનંત છે એમ છે નહિ. એવી એક ઉપર દૃષ્ટિ દેવી એ જ વસ્તુનું સ્વરૂપ છે. અને એ જૈનધર્મ અને વીતરાગમાર્ગની દૃષ્ટિ ઉત્પન્ન કરવાનું આ જ અવલંબન છે, બીજું કોઈ અવલંબન છે નહિ. એ તો પછી એકાંત થઈ જશે, ભાઈ ! એ તો સાંભળને, વ્યવહાર હોય, રાગ હોય, ભગવાનની મૂર્તિ નિમિત્ત કહેવાય. એ બધું. ઓલા તો કહે, ભગવાનની મૂર્તિથી સમકિત પામ્યા છે. આ 'ધવલ' શાસ્ત્રમાં રહ્યું. નિકાચિત ને નિધત કર્મ તોડી નાખ્યા. ભગવાનના મૂર્તિના દર્શને. અરે..! આ મૂર્તિના દર્શને, સાંભળને. એ તો નિમિત્તથી વાત કરી છે. સમજાય છે કાંઈ ? 'ધવલ'માં પાઠ છે, હોં ! નિદ્ધત અને નિકાચિત. જેમ સિંહ હાથીના કુંભસ્થળને મારીને જેમ તોડી નાખે, એમ ભગવાનના દર્શન કરતાં મિથ્યાત્વને તોડીને ભૂક્કા ઉડાવી મૂકે. ગોતો હવે પછી એકલા ભગવાનને. અરે..! એ ભગવાન નહિ. એ ભગવાન તો નિમિત્તરૂપ

છે. એ ભગવાનને જેણે ઓળખ્યા છે, આ ભગવાન મારો એકરૂપ છે, એવી દૃષ્ટિવંતને ભગવાનના દર્શનથી મિથ્યાત્વનો નાશ થાય એમ ઉપચારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું ? એ દાખલા શાસ્ત્રમાં લખાણ ઘણા આવે છે. આ પ્રકારના નયોનું કથન છે.

**'પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે,...'** લ્યો ! **'વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે. પરંતુ વ્યવહારી...'** નામ સમજવાનો કામી. હજી નિશ્ચયની દૃષ્ટિ થઈ નથી. એવા **'વ્યવહારી જન ધર્મોને જ સમજે છે,...'** ધર્મો એટલે એના ગુણો. **'ધર્મીને નથી જાણતા;...'** એકરૂપ ચૈતન્યદ્રવ્ય ઉપર એની નજર પડી નથી. અનંત કાળથી એના ઉપર નજર પડી નથી. **'તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને...'** એમ. મેળવ્યું એટલું. 'જયચંદપંડિતે'. કેટલાક જે ધર્મો હતા એમાં અસાધારણ ધર્મો લીધા. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ... બીજામાં તો નથી પણ એના બીજા ગુણો કરતાં આ ખાસ ઊંચા મુખ્ય ગુણો લીધા.

**'ધર્મીને નથી જાણતા; તેથી...'** અનંત ધર્મરૂપી એકધર્મી વસ્તુ છે. પદાર્થ. એને નથી જાણતા તેથી વ્યવહારી જન ધર્મોને સમજે છે. ધર્મીને નથી જાણતા. **'તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ...'** ઉપદેશમાં લઈ. વ્યવહારના કથન એવા આવે ને ? વાણીમાં લઈ. તો વાણીમાં લઈ શકતો હશે ? એનો એવો વિકલ્પ ઊઠ્યો છે કે આને ભેદથી સમજાવવું. બસ એટલી વાત. એટલે ઉપદેશમાં લઈ એમ કહેવામાં આવ્યું છે. **'અભેદરૂપ વસ્તુમાં...'** અભેદ ચૈતન્યપ્રભુમાં **'ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી...'** અભેદરૂપ વસ્તુમાં પણ. છે તો અભેદ. છતાં એમાં પણ ધર્મો એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર (એવા) **'અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદ...'** નામરૂપ ભેદ, હોં ! વસ્તુમાં તો ભેદ છે નહિ.

**'નામરૂપ ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.'** વ્યવહારથી, નામથી, સંજ્ઞાથી, કથનથી, ભેદથી કથન કર્યું. ધર્મીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. **'આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે...'** વસ્તુ તરીકે તો એકરૂપ અભેદ છે. છતાં અભેદમાં ભેદ આમ કરવામાં આવે છે. આમ એટલે આ કારણે. ઓલો સમજ્યો નથી, સમજાવવું છે. એકરૂપ સમજ્યો નથી. એ કારણે આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે. **'તેથી તે વ્યવહાર છે.'** તેને વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર એટલે ઉપચાર છે. વાસ્તવિકતા નથી.

**'પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને...'** અનંત ગુણોને, ભેદોને એક અભેદ દ્રવ્ય **'અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.'** એવી અભેદ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી, એ દૃષ્ટિ કરાવવા, ભેદને સમજાવવામાં આવ્યા છે, ભેદ ઉપર ઊભો રાખવા નહિ. ત્યારે એને અભેદ દૃષ્ટિમાં આવે ત્યારે એ શુદ્ધ જ્ઞાયકભાવ છે એમ ખ્યાલમાં આવે છે અને એ સમજે ત્યારે એને ધર્મ થાય.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

✲

## શ્રી નિયમસાર, ગાથા–૧૧૦, શ્લોક–૧૫૬-૧૫૯
## પ્રવચન નં. ૪૦૯, તા. ૧૨-૦૪-૧૯૫૫
## [૮]

આ 'નિયમસાર' પરમ આલોચના અધિકાર. ૧૦૯ મી ગાથાના કળશો છે.

આલોચનાનું સ્વરૂપ કહેતાં, આ ભગવાનઆત્મા એક સમયમાં એક ચિદ્દ્ઘન છે. દૃષ્ટિપૂર્વક સ્થિરતા દ્વારા પરમ પારિણામિકની સમતા ભાવે સ્થાપીને તેને સંવર, તેને નિર્જરા અને એને આલોચના કહે છે. કહો, સમજાણું કાંઈ ? એક સમયમાં પૂર્ણ પરમાત્મા કારણશુદ્ધ ભગવાન, એની મહિમાને અંતર જ્ઞાન.. અંતરમાં જોવું એને 'કુંદકુંદાચાર્યદેવ' સંવર અને આલોચના કહે છે. એટલે પછી ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે કે 'કુંદકુંદાચાર્યે' આમ કહ્યું છે. પછી વચમાં જે પુણ્યના વિકલ્પ આવે, ... અને આલોચના કરવા વગેરે... એ તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' એનો ઉપહાસ કરે છે. એરે..! આ વ્યવહાર શું હશે તે આ ? જાણે મશ્કરી, ઠેકડી, હાંસી (કરી છે). વ્યવહાર આચરણમાં વિકલ્પની 'કુંદકુંદાચાર્યે' મશ્કરીમાં તિરસ્કાર કર્યો છે. સમજાણું ? કેમકે વ્યવહાર આલોચના એ આલોચના જ નથી.

ભગવાન પૂર્ણનંદ, પૂર્ણ.. શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને શરીર, વાણી, મનનું લક્ષ છોડી, પુણ્ય-પાપની વૃત્તિની રુચિ છોડી અને એની અસ્થિરતા છોડીને સ્વરૂપમાં સ્થિરતાના પરિણામ વડે જોવે એ જ આલોચના, એ જ સંવર અને એ જ મોક્ષનો માર્ગ છે. આ વ્યવહાર-ફ્યવહારનો તો 'કુંદકુંદાચાર્ય' કહે છે કે એની મશ્કરી, ઠેકડી કરી  છે. હવે તું ક્યાં આલોચનામાં ... સ્વરૂપ તો આનું કહેવાય. એમ કહે છે. આલોચના તો આને અંતરને દેખે એને કહેવાય. એમાં વળી વચ્ચે શુભ વિકલ્પ ઊઠ્યો એને આલોચના, એને પડિક્કમણા, એને પચખાણ, એને આ શું આવ્યું ? એ માત્ર કથન કર્યું છે, એ વસ્તુ છે નહિ. એમ 'પદ્મપ્રભમલધારીદેવે' 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકમાંથી એ મર્મ અને હાર્દ કાઢીને કહ્યું છે. એ પોતે તો કહ્યા છે ને ? એનો પ્રશ્ન જ ક્યાં છે ? સમજાણું કાંઈ ? 'વ્યવહાર-ફ્યવહારની મશ્કરી ઉડાવી. આવે છે, આવે છે તો શું ?

એક સમયમાં ચિદ્દ્ઘન પરમાત્મા, અનંત આનંદનો પિંડ, આખો દરિયો, નિધિ પડ્યો છે. એવા ધ્રુવસ્વભાવની સન્મુખ થઈને સ્થિર થવું એ જ આલોચના, સંવર અને મોક્ષનો માર્ગ છે. વ્યવહારની તો મશ્કરી કરી છે. કહો, સમજાણું કાંઈ ? 'કુંદકુંદાચાર્યે' મશ્કરી કરી છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે

કે વ્યવહાર-ફ્યવહાર આલોચના શા ? એનો અર્થ ? સ્વભાવ સન્મુખ થવું.... અરે..! આ આલોચના કેવી ? ... આલોચના કોણ કહે છે ? એ સ્વરૂપમાં છે નહિ. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જ વ્યવહારની મશ્કરી કરે છે. લ્યો ! સમજાણું કાંઈ ? 'ભીખાભાઈ' !

**શ્રોતા :–** ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વીતરાગને, કેવળીને હોય છે ? મુનિને જરી વિકલ્પ ઊઠે એની મશ્કરી કરે કે હવે તું આ વચમાં આવ્યું એ વસ્તુ છે તું ? આ ચૈતન્યસત્તા સન્મુખની દૃષ્ટિ થઈને ઠરે એ જ વસ્તુ છે, એ જ મોક્ષનો માર્ગ છે, એ જ સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર છે, એ પ્રતિક્રમણ, પચખાણ અને આલોચના છે. બાકી વચ્ચે રાગ અને વ્યવહારના લાકડા ખોસ્યા, કહે છે કે એ વ્યવહાર-ફ્યવહારનો અમે આદર કરતાં નથી. છે જાણીએ છીએ પણ એનો તિરસ્કાર કરીએ છે કે આ વસ્તુનું સ્વરૂપ નથી. કહો, સમજાણું ? 'વાડીભાઈ'! જુઓ તો ખરા. કહ્યું ને ? આ પદ્ય નામ ઓલો ૧૦૯ શ્લોક લેવો. અજ્ઞાની આદર કરે છે તો સંસારમાં રઝળે છે. જ્ઞાની આદર નથી કરતાં. ચૈતન્ય શુદ્ધ આનંદકંદની અંતર રુચિમાં આદર કરે છે તો સંસારનો નાશ થઈ જાય છે. કાંઈ વ્યવહારથી નાશ થતો નથી. કહો, સમજાણું કાંઈ ?

આમ આ પદ વડે ૧૦૯ શ્લોકના ન્યાયે પરમ જિનયોગીશ્વર 'કુંદકુંદાચાર્યે' ખરેખર વ્યવહાર આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે. પાઠમાં .. ખરું ને ? **'आलोयणमिदि जाणह'** એમ કહ્યું હતું ને ? આ જ આલોચના છે, આ **જ** આલોચના છે. **'जो पस्सदि अप्पाणं'** ભગવાનઆત્માને અંતર સ્વભાવજ્ઞાન દ્વારા જોવે **'समभावे संठवित्तु परिणामं आलोयणमिदि जाणह'** એને જ આલોચના જાણ. **'परमजिणंस्स उवएसं'** ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રનો આ ઉપદેશ 'કુંદકુંદાચાર્ય' કહે છે. એટલે 'કુંદકુંદાચાર્ય' વ્યવહારની મશ્કરી ઉડાવે છે. તું વળી આલોચના-ફાલોચના ક્યાંથી કહી ? તને કાંઈ કહ્યું નથી. પણ હવે તારી .... ... લાકડાને ઘોડો કહે છે કે નહિ ? લાકડી હાથમાં રાખે અને પછી ઘોડો કહે. એ ઘોડો છે ? લાકડી છે.

**શ્રોતા :–** બાળક કહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાળક કહે છે. એ જાણે છે કે ઘોડો નથી. વીંછી કરડે તો ઘોડા ઉપર બેસીને કાંઈ બહાર જવાય નહિ. સમજાય છે ?

**'આમ આ પદ વડે પરમ જિનયોગીશ્વરે...'** એટલે 'કુંદકુંદાચાર્ય', એણે **'ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.'** એક આલોચના .. વ્યવહાર કહો. જેટલા પ્રકારના વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર, વ્યવહાર ધર્મ એટલે .. વિકલ્પ, વ્યવહાર આલોચના, વ્યવહાર પડિક્કમણું, વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર ભક્તિ બધાની મશ્કરી ઉડાવી દીધી છે. વ્યવહાર-ફ્યવહાર વસ્તુ નથી. રાગ દેખીને તને ધર્મ કહી દેવો ? રાગ દેખીને તને આલોચના કહી દેવી ? રાગ દેખીને તને પડિક્કમણું અને પચખાણ કહેવા ? વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. એમ

'પદ્મપ્રભમલધારિદેવ' ૧૦૯ શ્લોક 'કુંદકુંદાચાર્યે' જે કહ્યો કે ભગવાન 'કુંદકુંદાચાર્ય' વ્યવહારની ઠેકડી ઉડાવે છે. તારા વ્યવહાર-ફ્યવહારને અમે ધર્મ કહેતા નથી અને એ ધર્મનું કારણ પણ નથી. સમજાણું કાંઈ ? હવે શ્લોક ૧૫૬.

**जयत्यनद्यचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं**
**विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।**
**नयानयनिकायदूरमपि योगिनां गोचरं**
**सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।**

'પદ્મપ્રભમલધારિદેવ'નો શ્લોક છે. ભગવાનઆત્મા કેવો છે ? એક સમયમાં સહજ તત્ત્વ કારણ ભગવાન ધ્રુવ સ્વભાવ, જેને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને શુક્લધ્યાન અને કેવળજ્ઞાન થાય છે. એવો જે ભગવાન એક સમયમાં શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ! **'જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે,...'** ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના તરફના વલણનો ભાવ જ એમાં નથી. અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન, એમાં ઇન્દ્રિયો તરફનું વલણ અને ઇન્દ્રિયો એના સ્વરૂપમાં નથી. **'સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી...'** વિકલ્પો, પાંચ ઇન્દ્રિયથી **'વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં...'** મન લીધું. મનમાં શ્રુતજ્ઞાનના વિકલ્પો ઊઠે. પાંચ ઇન્દ્રિય લીધી અને મન લીધું. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા આ પાંચ ઇન્દ્રિયોથી તો પાર છે, પણ મન છે મન, એ શ્રુતજ્ઞાનનો જે વિકલ્પ અને ભેદ પડે, શ્રુતજ્ઞાન અંદર આત્મા સ્વભાવ સન્મુખ થઈને સમ્યક્ થયું, એમાં રાગથી ભેદ પડે, મનના સંબંધે, એવા **'જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં...'** જે મનના સંબંધ... વ્યવહારે બદ્ધ છું, સ્વભાવે શુદ્ધ છું, પર્યાયે અશુદ્ધ છું એવો જે શ્રુતનયજ્ઞાનમાં નયનો વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર ઊઠે, એનાથી આત્મા દૂર છે. એ આત્મામાં છે નહિ. નય પણ નથી અને અનય પણ નથી. નય પણ નથી અને કુનય પણ નથી. નિશ્ચય અને વ્યવહારનયના વિકલ્પો એ મારા નથી અને કુનય તો એમાં છે જ નહિ. શું કીધું સમજાણું કાંઈ ?

એક સમયનું સહજ તત્ત્વ પરમાત્મા જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, જેને લઈને સમ્યગ્દર્શન પ્રગટે, એવી સમ્યગ્દર્શનની પર્યાય, એનું ધ્યેય જે સહજ ભગવાનઆત્મા ધ્રુવ, નિશ્ચય અને વ્યવહારનયના વિકલ્પો એનાથી પર છે. પરનય, કુનય. આ શરીર મારું, વાણી મારી, કર્મ મારા એ નથી એને કહેવી એવી જે કુનયો, એના સમૂહથી દૂર છે.

**'છતાં યોગીઓને ગોચર છે,...'** છતાં સમ્યગ્જ્ઞાન ગમ્ય આત્મા પોતાના જ્ઞાનને ગમ્ય છે. નય ને કુનયથી દૂર છે, ઇન્દ્રિયથી દૂર છે. પણ સમ્યક્ ચૈતન્યજ્ઞાનના પર્યાયથી ગમ્ય આત્મા છે. **'યોગીઓ...'**

નામ સ્વરૂપ પવિત્ર છે એમાં અંતરમાં જોડાણ કરનારને ધર્મીજીવને તે આત્મા ગમ્ય છે, જ્ઞાનવેદન ગમ્ય છે. **'જે સદા શિવમય છે,...'** કેવો છે ભગવાન ? સદાય કલ્યાણમૂર્તિ છે. શિવ-શિવ. અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યમૂર્તિ સ્વભાવ. ધ્રુવ, હોં ! અહીં તો કારણપરમાત્મા ધ્રુવ છે ને ? શિવમય–કલ્યાણની મૂર્તિ છે કે જેને આશ્રયે કલ્યાણ થાય છે. કલ્યાણની મૂર્તિ આત્મા એને આશ્રયે કલ્યાણ થાય છે. વ્યવહાર-ફ્યવહાર કલ્યાણની મૂર્તિ નથી કે એને આશ્રયે થાય.

**'ઉત્કૃષ્ટ છે...'** જે ભગવાન પરમાત્મા કારણ શુદ્ધ ચૈતન્ય શિવમય પ્રભુ સર્વથી ઉત્કૃષ્ટ છે. પરમાત્મા સિદ્ધ થાય એ પણ ઉત્કૃષ્ટ કારણપરમાત્માથી થાય છે. કહો, સમજાણું કાંઈ ? અને એનાથી પણ આ ઉત્કૃષ્ટ છે. કેમકે સિદ્ધપણાની પર્યાય પણ કારણ પરમાત્મામાંથી સિદ્ધ ને સમયે સમયે પ્રગટ્યા કરે છે. એવો ભગવાન સચ્ચિદાનંદ ત્રિકાળ સત્ અને જ્ઞાન ને આનંદની મૂર્તિ સર્વથી ઉત્કૃષ્ટ છે.

**'અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે,...'** વચન અગોચર. ઓલાને ગોચર તો આને દૂર છે. **'અજ્ઞાનીઓને પરમ દૂર છે,..'** રાગ અને પુણ્ય ને વ્યવહારથી ધર્મ માનનાર, એક સમયની પર્યાય આશ્રયે ધર્મ થશે એમ માનનાર, નિમિત્તના લક્ષે કલ્યાણ થશે એમ માનનાર એવા અજ્ઞાનીઓને તે ચૈતન્ય પરમ દૂર છે. કહો, સમજાય છે કાંઈ ? 'મોહનભાઈ'! જુઓ ! આને ગમ્ય છે ને આને (ગમ્ય નથી). પહેલું સમજવું તો પડશે કે નહિ કે કેમ છે વસ્તુ ? સમયે સમયે પરિણામ ધારા અને ચૈતન્ય ત્રિકાળ ધ્રુવ છે. એમ બે વાત બરાબર પકડવી જોઈએ. સમય સમયના પરિણામ તે કાળે અને ત્રિકાળ સ્વરૂપ છે, એવા સ્વભાવને આશ્રયે ધર્મ થાય છે. બાકી ધર્મ થતો નથી. કહો, સમજાણું કાંઈ ? એ કહે છે.

**'અજ્ઞાનીઓને...'** આત્મામાં અનાદિના લાકડા ખોસ્યા છે કે આ રાગ હોય તો થાય, પુણ્ય હોય તો થાય, વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્ત આવું હોય તો થાય, આવો ખોરાક હોય તો થાય, પાણી હોય તો થાય. ધૂડમાં પણ ન થાય. હવે સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ ? એ અજ્ઞાની જેણે નિમિત્તથી અને વિકલ્પોથી અને પુણ્ય-પાપના ભાવને ભેદથી અથવા ભેદપણાથી આત્મા અભેદપણાને પ્રાપ્ત થાય, એવા અજ્ઞાનીના અજ્ઞાનભાવથી પરમ દૂર છે. સહજ તત્ત્વથી પરમ દૂર છે.

**'એવું આ અનઘ...'** **'અનઘ = નિર્દોષ; મળરહિત; શુદ્ધ.'** **'ચૈતન્યમય સહજતત્ત્વ...'** જુઓ ! આવ્યું. સહજતત્ત્વ એટલે કારણપરમાત્મા, દ્રવ્ય, ચેતન. કેવું છે ? ચૈતન્યમય. ચૈતન્યમય એના ચૈતન્યનો સ્વભાવ ગુણમય છે. સહજતત્ત્વ ચૈતન્યમય. વળી સહજતત્ત્વ ને ચૈતન્યમય ? ચૈતન્ય છે તે ગુણ છે, તત્ત્વ છે તે ગુણી છે. એ ગુણ-ગુણી એકમેક ત્રિકાળ પડ્યા છે.

**'અનઘ = નિર્દોષ; મળરહિત; શુદ્ધ.'** **'ચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત છે.'** અત્યંત ત્રિકાળ એવું ને એવું કારણ ભગવાન પડ્યું છે. એના અવલંબે સમ્યક્, એને અવલંબે ચારિત્ર અને એને અવલંબે મોક્ષ થાય છે. માટે એ તત્ત્વના આલોચનામાં વખાણ કર્યા છે.

શ્લોક-૧૫૭.

शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं
बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।
तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं
भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।

અહો..! ... કેવો છે ભગવાનઆત્મા ? એ સમ્યગ્દર્શનમાં વિષય એટલે સમ્યગ્દર્શનનું ધ્યેય. **'નિજ સુખરૂપી સુધાના...'** પોતાનો આનંદ જે ત્રિકાળી એવા આનંદરૂપી જે અમૃત, એના **'સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને...'** એ તો આનંદમય છે. અતીન્દ્રિય આનંદનો પિંડ પડ્યો છે. ધ્રુવ-ધ્રુવ. ચૈતન્ય નિત્ય ભગવાન સદૃશ્ય સ્વભાવી ભગવાન, એકરૂપ ચૈતન્ય નિજ આનંદના અમૃતના સાગરમાં ડૂબતો એટલે અમૃતના સાગરસ્વરૂપ. ડૂબતો એટલે આનંદમય. પાણીમાં જેમ માણસ ડૂબી જાય તો પાણી જ દેખાય. સમજાય છે ? એમ એકાકાર. એમ આત્મા આનંદમય છે. આનંદના સાગરમાં આત્મા ડૂબી ગયો છે. ડૂબી એટલે આત્મા આનંદમય એકાકાર છે. ત્રિકાળ સચ્ચિદાનંદ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ છે.

**'આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય...'** લ્યો, એવા શુદ્ધાત્માને જાણીને. આવા શુદ્ધાત્માને સમ્યગ્દૃષ્ટિ જાણીને **'ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** કોણ ? ભવ્ય–લાયક પ્રાણી. એક વાત. અને **'પરમ ગુરુ દ્વારા...'** આ મિથ્યાદૃષ્ટિ હશે પરમ ગુરુ દ્વારા ? ... વાંચ્યું કે નહિ ? બધે ગપે ગપ માર્યા છે. **'ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા...'** સમ્યગ્જ્ઞાની ધર્માત્મા ગુરુ દ્વારા. એટલે નિમિત્ત કોણ છે એમ બતાવે છે. સમ્યક્ ધર્મ ચૈતન્યને પામવામાં સમ્યક્ જ્ઞાની જ એને પ્રથમ નિમિત્ત હોય છે. એને પહેલી દેશના જ્ઞાનીથી જ્ઞાનપણાનું જ્ઞાન નિમિત્તપણે એને થાય છે. એ **'પરમ ગુરુ દ્વારા...'** ભવ્ય જીવે. આવું આનંદમય અતીન્દ્રિય આનંદનો પૂંજ, વ્યવહારના વિકલ્પો એ બધા દુઃખરૂપ છે. પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતનો ભાવ બધા દુઃખમય છે. એ દુઃખમયને લઈને આત્મા આનંદમય થાય એમ ત્રણ કાળમાં બનતું નથી.

એમ કહે છે કે **'આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ..'** જાણીને. જુઓ ! ભવ્ય લીધો, અભવ્ય તો જાણે નહિ. **'પરમ ગુરુ દ્વારા...'** એટલે ભવ્યને પણ પાછું નિમિત્ત જ્ઞાનીનું. વળી સ્વભાવ કે શાશ્વત સુખ છે. કીધું ને પહેલું ? આનંદમાં પડેલો સ્વભાવ છે. એ **'દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** અંતર આનંદમય છે એવું ભવ્યજીવ જાણીને પરમગુરુ નિમિત્ત અને શાશ્વત સિદ્ધની જે પર્યાય છે, એવા શાશ્વત સુખને પામે છે. આનંદમય ત્રિકાળ છે એ નિત્ય. એમાંથી પ્રગટ પર્યાય થાય તે શાશ્વત સુખની દશાને પામે છે.

**'તેથી ભેદના અભાવની દૃષ્ટિએ...'** લ્યો ! ભેદના અભાવની દૃષ્ટિ. શું કહ્યું ? ભારે વાત ને પણ. એક સમયનો ભગવાન, એની પર્યાય છે ને આ ગુણ છે ને આ દ્રવ્ય છે એવો ભેદનો જ એમાં અભાવ છે. સમજાણું કાંઈ ? **'ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...'** એમાં ભેદ જ નથી. આ વળી ચૈતન્ય સ્વભાવ અને આ આત્મા એ ગુણ-ગુણીનો ભેદ જ નથી. એવા **'ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...'** સિદ્ધિથી ઉત્પન્ન થતા સુખ વડે શુદ્ધ છે. **'એવા કોઈ (અદ્‌ભુત) સહજ તત્ત્વને હું..'** એ તો ત્રિકાળ એવો જ છે એમ કહે છે.

**'ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્‌ભુત) સહજ તત્ત્વને હું પણ સદા અતિ અપૂર્વ રીતે અત્યંત ભાવું છું.'** કહો, સમજાણું કાંઈ ? એવો સ્વભાવિક સહજાનંદ પરમાત્મા હું, એને પણ સદા બીજાઓ સિદ્ધિપણાને એ રીતે પામ્યા અને હું પણ સદા **'સદા અતિઅપૂર્વ રીતે...'** જુઓ ! એ સદા. **'સદા અતિઅપૂર્વ રીતે...'** અપૂર્વ એટલે નિશ્ચયને મુખ્ય કરીને, સ્વભાવને મુખ્ય કરીને **'અતિઅપૂર્વ રીતે...'** અનંત કાળમાં નહિ ભાવના કરેલી એ રીતે અત્યંત. એક તો **'સદા અતિઅપૂર્વ રીતે અત્યંત...'** આટલા શબ્દો વાપર્યા છે. સમ્યગ્દૃષ્ટિને એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય જે દૃષ્ટિમાં લીધો, એની મુખ્યતા કોઈ સમયે ટળતી નથી. પણ અપૂર્વ રીતે, અનંત કાળમાં કોઈ આ રીતે પકડી નથી એ રીતે. **'અત્યંત ભાવું છું.'** મુનિ છે ને ? સ્વભાવમાં એકદમ એકાગ્ર થાઉં છું અને એ એકાગ્રતાની આલોચના દ્વારા જ મને મુક્તિ થશે. બીજી મુક્તિની કોઈ રીત કે ઉપાય નથી. એ ૧૫૭ થયો.

૧૫૮ શ્લોક.

**निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं**
**निर्मोहरूपमनघं परभावमुक्तम्।**
**संभावयाम्यहमिदं प्रणमामि नित्यं**
**निर्वाणयोषिदतनूद्भवसंमदाय।।१५८।।**

**'સર્વ સંગથી નિર્મુક્ત,...'** આ અંતર તત્ત્વ તો સર્વ સંગથી-સંસારની પર્યાયથી પણ મુક્ત છે. સંસાર એટલે એક સમયની પર્યાય, હોં ! બાયડી-છોકરા એ સંસાર નહિ. ઓલો ઉદયભાવ. એક સમયનો ઉદયભાવ... ત્રિકાળ ભગવાન સમ્યગ્દર્શનનો વિષય છે. ઓહો..હો...! સંસારમાં ઘણા જાતા નથી ? છોકરો હોય તો પરણિતાને... જાણે 'થાળ ભર્યો રે ... મોતી.' એમાં તો એક પણ મોતી ન હોય. પણ .. વખાણ આવે એમ નથી, હોં ! આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. જેને જેની રુચિ એને ખુબ મલાવે. ઓલી ખોટા મનાવા, આ તો સાચી ચીજ છે.

કહે છે કે **'સર્વ સંગથી નિર્મુક્ત,...'** ભગવાનઆત્મા રાગનો વિકલ્પ તીર્થંકરપણાના ગોત્રનું કારણ

રાગ, એનાથી મુક્ત છે, સ્વરૂપમાં કાંઈ છે નહિ. એવો ચૈતન્ય ભગવાન જ સમ્યગ્દર્શનનું કારણ છે, બીજું કોઈ કારણ-ફારણ નથી. **'નિર્મોહરૂપ,...'** જેમાં જરીએ મોહ નથી. રાગાદિ પર તરફનું સાવધાન થવું એ સ્વરૂપમાં છે નહિ. **'અનઘ...'** સદાય નિર્દોષ છે, પુણ્ય-પાપના પરિણામરહિત છે. એમાં પુણ્ય અને પાપ બેય સ્વરૂપમાં નથી. **'અને પરભાવથી મુક્ત...'** વિભાવ નામના સ્વભાવની કોઈ પણ વિકારી દશા, એનાથી ત્રિકાળ મુક્ત **'એવા આ પરમાત્મતત્ત્વને...'** લ્યો ! **'એવા આ પરમાત્મતત્ત્વને...'** એક સમયમાં મારો ભગવાન તેને **'હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા...'** શું કરવા નમું છું ? શું કરવા એવા સ્વભાવ સન્મુખ ઢળ્યો છું ? મુક્તિરૂપી સ્ત્રી, પરમાનંદરૂપી પર્યાયરૂપી મુક્તિ, એ **'સ્ત્રીથી થતા અનંગ સુખ...'** અનંગ-અતીન્દ્રિય સુખ. અનંગ. અંગનું સુખ તે જડનું, અનંગનું સુખ તે ચૈતન્યનું. કહો, સમજાણું કાંઈ ? આ ઇન્દ્રિયો અને જડના અંગનો સ્પર્શ કરીને માનવી કલ્પના એ જડ સુખ, દુઃખ છે.

મારા **'પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી...'** મારી પરિણતિ, વીતરાગ શુદ્ધ અવસ્થારૂપી મુક્તિ, એ **'સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખને માટે નિત્ય સંભાવું છું (સમ્યક્પણે ભાવું છું)...'** હંમેશા, નિત્ય સંભાવું છું. એ ખાતા હશે કે દિ' અને પીતા હશે કે દિ' ? આ લખવા ટાણે વિકલ્પ ઊઠે છે કે નહિ ?–ના. કોણ કહે છે ? અમે તો સ્વભાવ સન્મુખમાં જ પડ્યા છીએ. એક સમયમાત્ર પણ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય પરમાત્મતત્ત્વથી એક સમય ખસતું નથી. કહો, સમજાણું કાંઈ ? શેઠી ! શું કહે છે ? **'નિત્ય સંભાવું છું...'** આ લખવા વખતે તો વિકલ્પ આવ્યો છે. ગૌણ કરી દીધો. નહિ, એ નહિ. અમે તો આ. એ છે અલ્પ તે નહિ. પૂર્ણ સ્વભાવ પ્રગટપણે પણ છે. એવા સ્વભાવને નિત્ય સમ્યક્પણે ભાવું છું **'અને પ્રણમું છું.'** અને તેમાં જ મારો પ્ર–વિશેષ .. થાય એને નમસ્કાર કરું છું. સ્વભાવ ચિદાનંદને. આ આનું નામ આલોચના, આનું નામ સંવર, આનું નામ પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન છે. 'ભીખાભાઈ'! કેટલા પડિક્કમણા પ્રત્યાખ્યાન જુઓ ! માણસે કેટલાય પડિક્કમણા કર્યા અને કેટલીય સામાયિક કરી. અરે..! એકેય સામાયિક નથી. સાંભળ તો ખરો. એક સામાયિક થાય અને મુક્તિ થયા વિના રહે એમ બને નહિ. આ **'(–સમ્યક્પણે ભાવું છું)...'** એટલે કે એકાગ્ર થાવ છું **'અને પ્રણમું છું.'**

૧૫૯ મો શ્લોક.

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तमार्गमपि नौम्यविभेदमुक्तम्।।१५९।।**

શું કહે છે ? **'નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને...'** નિજભાવ નામ સ્વભાવભાવ

ચૈતન્ય સ્વભાવભાવ. એવા પોતાના ત્રિકાળી પરમાનંદભાવથી ભિન્ન, એવા સકળ વિભાવ પુણ્ય વિકલ્પ વ્યવહાર રત્નત્રયના ભાવને છોડીને **'એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.'** એક નિર્મળ જ્ઞાનમાત્ર સર્વજ્ઞ સ્વરૂપ એવો ભગવાન, એની હું અંતરમાં ભાવના કરું છું. **'સંસારસાગરને તરી જવા માટે,...'** સંસાર ઉદયભાવ, વિકારભાવ એવા સાગરને વિકારના, ઉદયના વિકલ્પોના અનેક પ્રકારને **'તરી જવા માટે, અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને...'** આ નિર્વાણ છે ને ? આજે 'નિયમસાર' છે ને ? ... અભેદ માર્ગ કહ્યો.

**'અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદ રહિત કહ્યો છે એવા)...'** સમજાણું ? જુઓ ! ઓલું છે ને ? **'आलोयणमिदि जाणह परमजिणंस्स उवएसं'** એમાંથી કાઢ્યું છે. ભગવાને તો મોક્ષનો માર્ગ અભેદ એક જ કહ્યો છે. અભેદ પૂર્ણ પરમાત્મા તરફની અભેદ શ્રદ્ધા, અભેદનું જ્ઞાન અને અભેદમાં સ્થિરતા એ એક જ મોક્ષમાર્ગ છે. વચમાં જે વિકલ્પો ઊઠે એને ભગવાન મોક્ષમાર્ગ કહેતા નથી. સમજાણું કાંઈ ? આ વ્યવહારરત્નત્રયને મોક્ષમાર્ગ કહેતા નથી, એમ કહે છે. શેઠી ! **'અભેદ કહેલા...'** એ એમાંથી કાઢ્યું છે ને ? **'आलोयणमिदि जाणह परमजिणंस्स उवएसं'** એને અભેદને જ આલોચના કીધી છે. ભેદ પડે એને આલોચના કીધી નથી. માટે મોક્ષનો માર્ગ તો ભગવાને અભેદ કહ્યો છે. એક ચૈતન્યસત્તાના સ્વરૂપ તરફની રુચિ, પ્રતીત, રમણતા, ... એમાં એકપણું થવું એ જ એક મોક્ષનો માર્ગ છે. વચમાં ભૂમિકા પ્રમાણે વ્રત, તપના વિકલ્પો આવે એ કાંઈ મોક્ષમાર્ગ નથી.

**'અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.'** બે લીધું. ત્રિકાળને ભાવું છું અને આવા મુક્તિમાર્ગને પણ હું નિત્ય નમું છું. મારો અભેદ સ્વભાવ ચૈતન્ય છે. જુઓ ! એક મોક્ષમાર્ગ અભેદ મોક્ષમાર્ગ, વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચયમોક્ષમાર્ગ. એ બે કથનમાત્ર છે. વસ્તુ એમ છે નહિ. એક જ અભેદ માર્ગ ચૈતન્યસત્તાને અવલંબીને જે સ્થિરતા શ્રદ્ધાપૂર્વક કરવી, એ એક જ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ ? 'રાજેન્દ્રકુમારજી'! સાંભળવા મળે છે એટલા ભાગ્યશાળી છે કે નહિ ? ... કહો, સમજાય છે કાંઈ ?

**'અભેદ કહેલા મુક્તિના માર્ગને...'** ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રે મોક્ષનો માર્ગ અભેદ એક જ કહ્યો છે. આદરવા યોગ્ય એક જ છે અને એ જ માર્ગ છે. બાકી કથનમાત્ર વિકલ્પ આવે, એને આલોચના કહેવું એ તો કથનમાત્ર છે. એ પોતે કાઢ્યું છે. એવા **'મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.'** અંતર વલણ કરીને એમાં સ્વભાવ સન્મુખ થઈને, વલણ કરીને પરિણમવું એને અહીંયાં નમન કહેવામાં આવે છે. વાત જરી સમજવામાં ન આવે. એય..! '...ભાઈ'! જુઓ આ મોક્ષનો માર્ગ. આ લીલોતરીની દયા પાળી મોક્ષનો માર્ગ કઈ રીતે હોય ? બીજાને આહાર દેવો, ન ખાધું, આ ન પીધું. હવે જડની પર્યાય આત્મામાં ક્યાં ગરી ગઈ હતી ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ખાય શકે છે કે ખાવું-પીવું (આવે) ? ખાય કોણ અને પીવે કોણ ? એ તો જડની પર્યાયને કારણે જડનો કાળ પરિણમે. આત્મા એને જાણનારો છે એ કરનારો-ફરનારો નથી. અરે..! તેના તરફનો વિકલ્પ ઊઠે એ પણ સ્વરૂપમાં નથી. સ્વરૂપમાં ત્રિકાળમાં તો નથી પણ અભેદ માર્ગમાં એ વાત નથી, કહો, સમજાણું ? એક સમયમાં ભગવાનનો આશ્રય ... માર્ગ છે ... પણ અભેદ મુક્તિનો માર્ગ છે તેને હું નમન કરું છું. ૧૦૯ ગાથા થઈ. લ્યો ! ૧૧૦મી ગાથા.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं।।११०।।**

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં;**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

**શ્લોકાર્થ–અન્વયાર્થ :–** '**કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ...**' એટલે ત્રિકાળી પરિણામિક ભાવ. સમજાણું કાંઈ ? જુઓ ! એ પરિણામમાંથી ત્રિકાળી પરિણામ .. છે. એકરૂપ પરમસ્વભાવ પારિણામિકભાવ એ '**કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ તેને આલુંછન કહેલ છે.**'

'**આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.**' પરમભાવ, ચૈતન્ય સ્વભાવ, પરમપારિણામિક. .. કહ્યું છે ને ? પરિણમે એટલે પારિણામિક આવે છે ને ? 'પંચાસ્તિકાય'માં ... છે. એ પરિણામને પારિણામિક. પરિણામ એટલે ત્રિકાળી પારિણામિકભાવ. ત્રિકાળ પરમપારિણામિકભાવ, તેનું આમાં કથન અને તેને આશ્રયે આલોચના, સંવર (થાય). જુઓ ! મોક્ષમાર્ગમાં આલોચનામાં આ ચાર ગાથા એટલી ઊંચી નાખી કે જે વર્તમાનનો મૂળ સ્વભાવ છે. વર્તમાન ધર્મની પર્યાયનો મૂળ સ્વભાવ છે અને સ્વભાવની મૂળમાંથી આ બધા ધર્મોની દશા પ્રગટે છે. માટે આલોચનામાં આ જાતના ચાર બોલ ભગવાને કહ્યા છે એ વાતનું વર્ણન કર્યું છે.

'**ભવ્યને...**' ભવ્ય–લાયકજીવને '**પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ છે.**' કહો, સમજાણું ? કેમકે એને પ્રગટ થવાને લાયક છે માટે ભવ્યને.. અભવ્યનો સ્વભાવ તો એવો જ છે, પણ પ્રગટ થવાને વ્યવહારમાં લાયક નથી. પારિણામિક ચૈતન્યકંદ ભગવાન સ્વભાવભાવ, ત્રિકાળભાવ એવો જે '**સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે. તે પંચમ ભાવ...**' લ્યો ! તે '**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ...**' એકરૂપ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ, એ પંચમભાવ. ભાવ પાંચ પ્રકારના છે ને ? ઉદય આદિ ચાર વિભાવ સ્વભાવને અગોચર છે. ઓહો..! શું કહે છે ? પંચમ એકરૂપ ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવભાવ વ્યવહારરત્નત્રય જે ઉદયભાવ છે, એનાથી અગમ્ય છે. એનાથી પમાય એવો નથી. વળી અહીં ચારને વિભાવ કહ્યા પાછા. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ

ચાર વિભાવ સ્વભાવ છે એટલે કે વિશેષ પર્યાયરૂપ છે.

ઉદયભાવ એ વિકાર પર્યાયરૂપ છે, ઉપશમ છે તે નિર્વિકારી પર્યાયરૂપ છે, સમ્યગ્દર્શન... ક્ષયોપશમ છે તે જ્ઞાન-દર્શન-ચારિત્રને આનંદાદિ અથવા વીર્ય આદિની કંઈક વિકાર અને કંઈક અવિકારની અવસ્થારૂપ છે, ક્ષાયિક પૂર્ણ નિર્વિકારરૂપ અવસ્થા છે, પણ છે એ અવસ્થા.

અહીં કહે છે કે ભાવના વિશેષ ભાવરૂપ છે. એથી વિશેષને આશ્રયે સ્વભાવભાવ ગમ્ય થતો નથી માટે ચાર વિભાવ સ્વભાવને અગમ્ય છે. ઓહો..! ટીકા ક્લિષ્ટ કરી, ઓલા ભાઈ કહે છે. અહીં તો કહે છે, પરમસ્વભાવભાવ એ આ રાગ છે માટે વ્યવહાર વિકલ્પ માટે હું એને પામી શકું–હરામ છે, વસ્તુમાં એમ નથી. પર્યાય ઉપશમ થઈ માટે હવે મને ક્ષાયિક થશે, ઉપશમને આશ્રયે ક્ષાયિક થશે–હરામ છે. ક્ષયોપશમ જ્ઞાન થયું એને આશ્રયે ક્ષાયિક થશે. ક્ષાયિક આદિ પર્યાય થઈ અને ભવિષ્યમાં થશે એ થઈને આશ્રયે અને અસત્ય વાતને આશ્રયે મને કેવળજ્ઞાન થશે એ વાત છે નહિ. 'મોહનભાઈ'! ભાઈ ! આ તો નિવૃત્તિ લઈને સમજવા માગે તો બધું સમજાય એવું છે, હોં ! સંસારનું કરવું કે આ કરવું ? કહો, સમજાણું કાંઈ ?

કેવો છે ભગવાન પરમસ્વભાવ ? ભગવાન પરમસ્વભાવ. પરમપારિણામિકભાવ એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા, એ પર્યાયમાં પર્યાયને આશ્રયે આત્માને લાભ થતો નથી. આ જે ચાર વિભાવ સ્વભાવને અગમ્ય છે. કહો, શેઠી ! સમકિતને અગમ્ય છે એમ કીધું. વળી માથે કીધું કે ગમ્ય છે, પાછું આગળ કહેશે કે ગમ્ય છે. સમજાણું ? સમકિતને અગમ્ય છે એમ કહેવાનો આશય કે સમ્યગ્દર્શનને તો ગમ્ય છે, પણ એ પર્યાયને આશ્રયે કરીને .. પરમપારિણામિક પ્રગટ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ? એમ ક્ષાયિકની પર્યાય ... ક્ષયોપશમભાવ, એમાંથી ક્ષાયિક પર્યાય પ્રગટ થાય એમ નથી. એ તો ત્રિકાળ સ્વભાવના આશ્રયે થાય છે. માટે ઉપશમ, ક્ષયોપશમ અને ઔદયિકભાવથી અગમ્ય છે. અને ક્ષાયિકભાવ ચારિત્રનો તો સાધકને હોતો નથી. અને જેને હોય એનું લક્ષ કરવા જાય તો પોતાને લાભ થતો નથી. સમજાણું કાંઈ ?

ઉદય, ઉપશમ, ક્ષયોપશ અને ક્ષાયિક. ચાર પર્યાય છે અને પંચમભાવ ત્રિકાળ એ ગુણ છે. તે સ્વભાવ ત્રિકાળ છે, નિત્ય છે અને ચાર છે તે પર્યાયો છે. પર્યાયને આશ્રયે પરમપારિણામિકભાવ પ્રગટ થતો નથી. એમ કહેવા માટે ચાર વિભાવસ્વભાવને અગોચર છે એમ કીધું. ક્ષાયિકભાવને પણ વિભાવ કીધો. 'વાડીભાઈ'! વિશેષ પર્યાય છે એ. પરમપારિણામિક તો ત્રિકાળ સામાન્ય સ્વભાવ છે. સામાન્ય સ્વભાવ છે. એક સમયનો સામાન્ય ગુણ સદશ્ય ધ્રુવ, એ ... પર્યાય પ્રગટવાનું કારણ છે. આ ચાર પર્યાયો પણ વિશેષભાવ છે એ સ્વભાવ પ્રગટવાનું કારણ નથી. શેઠી ! શેઠી મુંઝાય છે. આવા વૃદ્ધ માણસને...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચારિત્ર વિભાવસ્વભાવ કહીને કાઢી નાખ્યો. કઈ અપેક્ષાએ કાઢ્યો ખબર

છે ? વિભાવસ્વભાવ વિશેષ પર્યાય છે ઇ. ક્ષાયિકભાવ પણ વર્તમાન વિશેષ દશા છે, કાંઈ સામાન્ય ત્રિકાળ સ્વભાવ નથી; અને ત્રિકાળ સ્વભાવના અવલંબ વિના કોઈનું ત્રણ કાળમાં કલ્યાણ થાય એમ નથી. માટે એ કહે છે. સર્વજ્ઞ ભગવાનનું લક્ષ કરવા જાય ક્ષાયિક પર્યાયનું તો વિકલ્પ ઊઠે છે. સમજાણું કાંઈ ? ઓહો...! 'ભીખાભાઈ' !

એક જ કારણ દ્રવ્ય. ઉદયાદિ ચાર વિભાવ સ્વભાવને અગોચર છે. એને 'તત્ત્વાર્થસૂત્ર'ના બીજા અધ્યાયમાં પાંચ ભાવને જીવના સ્વતત્ત્વ કહ્યા છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અને પારિણામિક. પાંચેય જીવના સ્વતત્ત્વ છે. પણ ચાર પર્યાયરૂપ તત્ત્વ અને પારિણામિક ગુણરૂપ જીવતત્ત્વ એમ કહીને આ .. પણ અહીં કહે છે કે મોક્ષનો માર્ગ, એ ચાર પર્યાય–અવસ્થા છે એને આશ્રયે વધતો નથી, ઉત્પન્ન થતો નથી, ટકતો નથી. સમજાણું કાંઈ ? આ આલોચના–આ આલુંછન, આ સંવરના અધિકારમાં.. આ ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ અને વર્તમાનનું આલુંછન આવે છે ને ? પડિકમણામાં આવે છે ને ? એ શું પણ છે ? ઘડિયા છે ? એક સમયની ચૈતન્યસત્તા ભગવાન પરમાત્મા પડ્યો છે, એને જ આશ્રયે સંવર થાય છે. સંવર થયો એને આશ્રયે સંવર થતો નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... આ શેની વાત કરે છે ? એ અવસ્થા શી રીતે કરશે ? સ્વભાવની શ્રદ્ધા, એ સિવાય બીજી શ્રદ્ધાથી થાય એવું નથી. જીવ દયા કરે, વ્રત પાળે એ ક્રિયા અવસ્થામાં આવે એમ છે નહિ. આની તો વાત ચાલે છે કે ભાઈ ! એ અવસ્થામાં આવે. ક્યારે પણ આવે ? પરમસ્વભાવભાવની શ્રદ્ધા કરે તો આવે. બાકી કાંઈ ક્રિયાકાંડ કરે, વ્રત, તપ, દયા, દાન કરે, તપ કરે, ખાવા-પીવાની ક્રિયામાં જાળવણી કરે, એ અવસ્થામાં આવે એ ત્રણકાળમાં બને એવું નથી. એ તો ઉદયના રાગની ક્રિયા છે. એમાં ક્યાં આત્મા હતો અને ધર્મ હતો ? સમજાય છે કાંઈ ? એમ કહે છે, અવસ્થા થાય ત્યારે થાય. આપણે શું કરવું ? આ શેની વાત ચાલે છે ? એ ચૈતન્યસ્વભાવ એક સમયમાં પૂર્ણ છે તેની શ્રદ્ધા કર અને વ્યવહાર–વર્તમાન પર્યાયને આશ્રયે ધર્મ નથી એવી પ્રતીત કર. કહો, સમજાણું કાંઈ ?

'**તે પંચમભાવ...**' ત્રિકાળ સ્વભાવ. આ ગાથા કોને સંભળાવે છે ? શિષ્યને જાણવા કહે છે. માથે આવી ગયું ને ? સમજાય છે ને ? આ ..આલોચન કરેલ છે. ... કહ્યું હતું. કહેલ છે એમ આવ્યું ને ? કહેલ છે પણ કોના માટે કહેલ છે ? સ્વભાવ સમજવા માગે છે અને ધર્મ થવા માગે છે એને એમ કહેલ છે કે તારે જો સંવર કરવો હોય, ધર્મ કરવો હોય, મુનિપણું પ્રગટ કરવું હોય તો એ પરમ પંચમભાવના અવલંબને થવાનું, બાકી ત્રણકાળમાં કોઈ કારણે થવાનું નથી. કહો, સમજાણું કાંઈ ? આ બીજા લાકડા લઈને બેઠો છે ને. હળવે હળવે કષાય મંદ કરશું તો થાશે. આહાર-પાણી ચોખ્ખા ખાશું તો થાશે, ઘી ને પાણી સારા પીશું તો થાશે. ઘી ને પાણી પીધે આત્મા ..

હશે કહો, સમજાણું કાંઈ ? એય..! શેઠી ! ... આકુળતાનો પાર ન મળે. આ કરું... આ કરું... આ લઉં... આ લઉં... આ લઉં... એ તો જ્ઞાન સ્વભાવનું અવલંબન થયું, પછી સહજ એ પ્રકારની ભુમિકાનો વિકલ્પ હોય, પૂર્વના પુણ્યને યોગે એવો જ નિમિત્તનો યોગ હોય. આ તો આકુળતાનો પાર નહિ. હવે આમ કરું... હવે આમ કરું.. કહો, સમજાણું કાંઈ ?

**'ચાર વિભાવસ્વભાવોને અગોચર છે. તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ...'** સમજાણું ? ઉદીરણા બધું. ઉદીરણા એ તો ઉપશમભાવ, ઉપશમ એટલે ઉદીરણા. **'ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** ક્ષયને પણ વિકાર કહ્યો પાછો. એક તો વિભાવસ્વભાવ કહ્યો. ચૈતન્યસત્તાની દૃષ્ટિ કર, ... કર, રુચિ કર. બાકી બધું સમજવા જેવું છે. બાકી ધર્મના સાધન-ફાધન કોઈ છે નહિ. એ કર ત્યારે નિમિત્તને અને વિકલ્પને વ્યવહાર આરોપ આવે, નહિતર વ્યવહાર આરોપ પણ આવતો નથી.

**'પંચમભાવ...'** ભગવાનઆત્મા કર્મના ઉદય રહિત, ઉદીરણા રહિત, ક્ષય રહિત કે કર્મની ઉદિરણા કરે, એનો પુરુષાર્થ કરીને આમ કરે એમ કાંઈ નથી, કહે છે. પરમપારિણામિકભાવ એકલી સત્તા પડી છે. **'ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો...'** વિકાર નામ વિશેષ કાર્ય. મલિન ભાવ એમ ન લેવું. વિવિધ પ્રકારના એવા વિ-કાર્ય, એ વિનાનો પરમપારિણામિકભાવ ત્રિકાળ કહ્યો છે. **'આ કારણથી આ એકને પરમપણું છે,...'** આ કારણથી આ એકને પરમપણું છે. એકને એટલે પંચમભાવ. પંચમભાવ તે સ્વભાવભાવ. ચાર ભાવ તે વિભાવભાવ. પંચમભાવ તે અવિકારીભાવ એટલે વિવિધ પ્રકારના કાર્ય વિનાનો ભાવ અને આ ચાર ભાવ તે વિવિધ પ્રકારના કાર્યવાળો ભાવ. હવે **'આ કારણથી આ એકને પરમપણું છે,...'** પંચમભાવ, એક સ્વભાવભાવ (એને પરમપણું છે).

**'બાકીના ચાર વિભોવેને અપરમપણું છે.'** રાગ, પુણ્ય-પાપના પરિણામ તો અપરમ છે, ઉપશમભાવ પણ અપરમ છે, ક્ષયોપશમ, ક્ષાયિક પણ અપરમ છે. ત્રણ ત્રણ .. કરી. એક કોર સ્વભાવભાવ, ત્યારે એક કોર ચાર વિભાવભાવ પર્યાય, એક કોર પંચમભાવ વિવિધ વિકાર વિનાનો. વિકાર એટલે કાર્ય વિનાનો, તો ચાર ભાવ પર્યાયના કાર્યવાળો, એક કોર પંચમભાવ પરમપણું છે, ત્યારે ચાર ભાવને અપરમપણું છે. કહો, સમજાણું કાંઈ ? જુઓ ! આનું નામ ભેદજ્ઞાન છે. 'મોહનભાઈ'! સમજાય છે કે નહિ ? બહુ ઝીણું. ભાઈઓ ભેગા થાય ત્યારે આમાંથી કાંઈ વાત નીકળે.? પંચમ ભાવની ને પરમપારિણામિકની. ભાઈ ! હવે આ શું કરવું ? આ .. લઈને બેઠા છે, હવે આપણે શું કરવું ? એમાં પૈસા કાઢીને કાંઈક દાનમાં નાખવા એવો વિચાર તો કોઈકવાર આવતો હશે. ભાઈ આ લઈ જાય છે એ કરતા નાખ ને કાંઈક. બાકી તો બધા કેમ રાખવા અને કેમ વહેંચવા ? આ વહેંચણી કરે છે, જુઓ ! સમજાણું કાંઈ ? શેઠી !

એક સમયમાં ભગવાનઆત્મા પંચમભાવ સ્વભાવભાવ એક વાત. એ સમ્યગ્દર્શનનો આશ્રય, ચાર ભાવ વિભાવભાવ એ સમ્યગ્દર્શનનો આશ્રય નહિ. પંચમભાવ વિવિધ પ્રકારના કાર્ય વિનાનો

ભાવ, એ તો પર્યાય વિનાનો છે. ત્રિકાળ દ્રવ્ય છે. આ કાર્યની પર્યાય, હોં ! એ ધ્રુવ પર્યાય તો અંદર પડી છે. ધ્રુવ પર્યાય સહિતનો પરમપારિણામિક ભાવ. દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ, અને પર્યાય ધ્રુવ ત્રિકાળ એને અહીં પંચમભાવ કહેવામાં આવે છે. ધ્રુવ કારણપર્યાય તે આખો પંચમભાવ નથી. પણ પંચમભાવ આખો કહે ત્યાં એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી જાય છે. કહો, સમજાણું કાંઈ ? એ પંચમભાવ નહિ. ... પારિણામિકભાવ અંશ પર્યાય.

એક પરિણામિકભાવના ત્રણ અંશ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય સામાન્ય શક્તિનો પિંડ, ગુણ શક્તિરૂપ, એની પર્યાય વિશેષ ધ્રુવ. એ ત્રણ થઈને પરમપારિણામિક ભાવ છે. એ પરમ પારિણામિકભાવ ત્રણ થઈને સ્વભાવ અને ઉદયાદિ ચાર ભાવ થઈને વિભાવ. એ ત્રણ થઈને પરમ પારિણામિકભાવ ઉત્પાદ-વ્યયના કાર્ય વિનાનો અને ચાર ભાવ તે વિવિધ કાર્યવાળો. એ પરમ પારિણામિકભાવ તે એક પરમપણું, ઓલા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને અને ચાર વિભાવ તે અપરમપણું એને કાંઈ ઉત્કૃષ્ટતા છે નહિ. જુઓ ! આવા સ્વભાવ તરફની દૃષ્ટિ અને રુચિ કરવી. પહેલું એને સાંભળવું, એનો નિર્ણય કરવો અને સ્વભાવસન્મુખ થવું. આ હેતુ માટે આ કહેવામાં આવે છે. એ સિવાય આ કરશું તો આમ થાશે, આ કરશું તો આમ થાશે, એ બધા રણમાં પોક મૂકવા જેવી વાતું છે. '...ભાઈ'! આ આમ કરશું તો આમ થાશે, પછી આમ કરશું તો આમ થાશે, આટલા વ્રત પાળશું, આટલી તપસ્યા કરશું, આટલા અપવાસ કરશું, આટલા કષાયને મંદ કરશું. કહે છે કે બધી વાતું ભલે હો, પણ સ્વભાવને પામવાનો તો આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ક્રિયા કાઢી નાખી નથી. એ સાબિત થાય છે કે વીતરાગી પર્યાય જે ક્રિયા થાય એનો આશ્રય લેવા જેવો નથી. એટલે અસ્તિ સ્થપાય છે, પણ એનો આશ્રય લેવા જેવો નથી. શેઠી ! આ આશ્રય તો પોતાના ત્રિકાળનો આશ્રય લેવા જેવો છે. અને વિકારની ક્રિયા છે પણ એ વિભાવ વિકાર છે. એનો આશ્રય લેવો અને એનાથી શાંતો-બાંતો મળે એવું નથી. એમ સ્થપાય છે. આ છે તે દોષવાળું છે અને આ છે તે લાભદાયક છે. લાભદાયક કોણ અને લાભદાયક કોણ નહિ એ બેની અસ્તિતા સાબિત થાય છે. કહો, સમજાણું કાંઈ ?

**'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** હવે કહે છે... કર્મની ત્રણ રીતે ઓળખાણ આપી. સ્વભાવ, વિભાવ, વિવિધ કાર્ય વિનાનો, વિવિધ કાર્યવાળો આ ચાર ભાવ. અને પરમભાવ, ... હવે **'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના...'** આઠેય કર્મના ઝેરરૂપી વૃક્ષો. જુઓ ! એમાં તો તીર્થંકરગોત્ર પણ આવતું હશે કે નહિ ? તીર્થંકરગોત્ર વિષવૃક્ષ હશે કે નહિ ? કે અમૃતનું જડ વૃક્ષ હશે ? ૧૪૮ પ્રકૃતિ તો ઝેરના ઝાડ છે. માટી, ધૂડ છે. **'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં...'** મૂળ... એને કહે છે. મૂળિયું રહે તો ફરીને ઉગે. ખેતરમાં

... થય છે ને ? ...ઊંડી ન ખોદે તો વળી પાછુ છ મહીને-બાર મહીને ઊગે. આ તો **'સમસ્ત કર્મરૂપી...'** ઝેરના વૃક્ષો. અમૃતનો કુંડ ભગવાન છે. આત્મા અતીન્દ્રિય અમૃતનો પિંડ છે. એની દૃષ્ટિએ, એની દૃષ્ટિના આશ્રય કરવા યોગ્ય પરમ પારિણામિકભાવને આશ્રયે **'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખીડે નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** લ્યો ! એવો આ પરમભાવ. પહેલી સમજણ તો કરે. એના જ્ઞાનમાં આ રીતે જ્ઞેય થવા લાયક છે એમ તો જાણે અને બીજું જ્ઞેય કરે એમાં કાંઈ લાભ છે નહિ.

**'ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે...'** શું કહે છે ? કે આ પરમભાવ એક સમયમાં ભગવાન પૂર્ણ આનંદ અમૃતનો કંદ, વિવિધ પર્યાયના કાર્ય વિનાનો પરમભાવ, સ્વભાવભાવ અને ઉત્કૃષ્ટ, એ **'ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધા...'** આત્મા ત્રિકાળ નિરાવરણ છે. એવો નિજ ભગવાન, તેના સ્વરૂપની શ્રદ્ધા જેને નથી, એવા સ્વરૂપની શ્રદ્ધા કરતો નથી અને પુણ્ય અને વ્યવહારથી ધર્મ થાય એવી શ્રદ્ધા કરે છે. નિમિત્ત આવા સારા હોય તો લાભ થાશે. એવી મિથ્યાદૃષ્ટિ, એવા સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ, **'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે...'** પહેલું સ્વરૂપની શ્રદ્ધા પ્રતિપક્ષ છે માટે તીવ્ર કર્મ મિથ્યાત્વનો ઉદય કીધો છે. ઊંધી શ્રદ્ધા કરી એટલે કર્મનો ઉદય કીધો છે. ન કરે તો કર્મનો ઉદય એની મેળે ખરી જાય. પહેલી વાત કરી ને, ભાઈ !

**'નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ...'** ... છે વિપરીત શ્રદ્ધા એવો **'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને,...'** મોંઘી દૃષ્ટિવાળાને પુણ્ય-પાપ ને નિમિત્ત ને વ્યવહાર ને વિકલ્પ અને આ હોય તો, આ હોય તો લાભ થશે. એવા કુ-ભુંડી દૃષ્ટિવાળાને **'સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં,...'** પરમભાવ છે તો ખરો, પણ એને નથી. કેમકે અંતરમાં મહાત્મ્ય આવ્યું નથી એટલે એને છે નહિ. છે છતાં નથી. સમજાણું કાંઈ ? કારણ કે છતાંપણું એ રાગને, પુણ્યને, વિકલ્પને અને એક સમયની પર્યાયને મહાત્મ્ય આપે છે. એક સમયનો અવસ્થા ... વિકલ્પ, નિમિત્ત એક સમયની અસ્તિતા એને મહાત્મ્ય આવે છે એટલે એને સ્વભાવનું મહાત્મ્ય છે નહિ. એની પર્યાયમાં આવો પરમ પારિણામિકભાવ છે એ વાત બેસતી નથી માટે નથી. છે તો ખરો. કાંઈ વયો જાતો નથી. કહો, સમજાણું કાંઈ ? ઓહો..હો...!

**'સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે...'** એટલે એમાં મિથ્યાત્વકર્મનો ઉદય અને એમાં પરમપારિણામિક તરફ જોડાતો પરમસ્વભાવભાવ છે તેનું મહાત્મ્ય કરતો નથી. અને મહાત્મ્ય બધું એક સમયનો ઉઘાડ, આટલું આમ થયું, આટલું જ્ઞાન થયું, આ તો રાગ ઘટ્યો, આ તો પુણ્ય કર્યા એનું મહાત્મ્ય કરે એવો કુદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ એને સદા નિશ્ચયથી વિદ્યમાનપણું પારિણામિકભાવ છે, છતાં વિદ્યમાન છે. છતાં એની દૃષ્ટિમાં આવતો નથી માટે એને માટે તો નથી.

એને માટે નથી. સમજાણું કાંઈ ?

એક સમયની સત્તા પૂર્ણ શુદ્ધ છે એ તરફની શ્રદ્ધાના વલણ વિના, એની શ્રદ્ધાનું જોર વર્તમાન ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય કે રાગ કે સંયોગ અનુકૂળ એની હયાતીની કબુલે છે. એવી કુદૃષ્ટિવંતને પરમપારિણામિકભાવ જે કહ્યો, તે હયાતી ધરાવતો હોવા છતાં એને માટે હયાતી નથી. એને માટે તો વર્તમાન અવસ્થા રાગ ને નિમિત્ત જ હયાતી ધરાવે છે. બાકી બધું એને ફોક લાગે છે. કહો, સમજાણું કાંઈ ? શેઠી ! ગાથા તો ઘણી સારી છે.

વિપરીત શ્રદ્ધા, વિકલ્પની શ્રદ્ધા, રાગની શ્રદ્ધા અને નિમિત્તના અનુકૂળતાની શ્રદ્ધા અને સન્મુખ વર્તમાન પર્યાય ઉપર જેની બુદ્ધિ અને સ્વભાવભાવ પર્યાય કાર્ય છે, રાગમાં વિકારી ઉદયભાવ છે, નિમિત્ત પર છે એની સત્તાની હોંશ, એની સત્તાની હોંશ, એની સત્તાનો ઉલ્લાસ, એની સત્તાનો મહિમા અને મહાત્મ્ય (આવે છે), પણ પરમસ્વભાવભાવનું મહાત્મ્ય આવતું નથી. તેને વિદ્યમાન હયાતી ધરાવતો છતાં એ પરમભાવ અવિદ્યમાન જ છે. છતી મૂડીએ અમૂડીવાળો દરિદ્ર છે. કહો, સમજાણું કાંઈ ? પૈસા તો ઘરમાં છે પણ મારો બાપ વાપરવા દેતા નથી. એટલે અમે તો ભાઈ છતી મૂડીએ કંગાળ છીએ. નથી કહેતા ? કહો, સમજાણું ? એમ ઇ કહે. આ તો કહે છે, એ કહેતો નથી, અમે કહીએ છીએ. તારી મૂડીનો તને પત્તો નથી અને ભીખારાવેડાનો તને પત્તો છે. જ્યાં હોય ત્યાં કે અરે..! ... કર્યા, રાગ મંદ કરીને ક્ષયોપશમ જ્ઞાન કર્યું. ઓહો..હો...! હવે અગિયાર અંગ અને નવપૂર્વનું .. અનંતવાર કર્યું. એમાં દાળિયા શું થયા ? સમજાણું કાંઈ ? અને રાગની મંદતા કરી કરીને કષ્ટ સહન કરીને, બાપુ ! કષાય પાતળો પાડ્યો છે અને કોમળ પ્રકૃતિ અમે કરી છે. પહેલી પ્રકૃતિ ... પહેલા નહોતી. અમને બોલાવે તો ફુંફાડા મારીએ, એમ કેટલાક કહે. હવે અમારી પ્રકૃતિ સુંવાળી છે. શું કર્યું પણ ? ધૂડ કર્યું સુવાળી થઈ એમાં ? શું કર્યું તેં ? એની સત્તા, એનું મહાત્મ્ય, એનો ઉત્સાહ, એનો પ્રમોદ એને આવે છે. પણ સ્વભાવ એક સમયમાં પૂર્ણ સત્તા ચૈતન્ય પરમભાવ પડ્યો છે. એનું મહાત્મ્ય અને રુચિ–ઉત્સાહ આવતો નથી. માટે છતો છતાં એને માટે તો અછતો છે. (**શ્રોતા** :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** જે જે થવાનું હશે એ થશે એટલે એનો અર્થ એ થયો કે એનું ધ્યાન રાખવાનું નથી પણ 'તારું તું ધ્યાન રાખ.' જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા કર. પ૨૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી કળશટીકા, કળશ-૧૪૦
## પ્રવચન નં. ૧૪૪, તા. ૦૯-૧૧-૧૯૭૭
## [૯]

'કળશટીકા' નિર્જરા અધિકાર. ૧૪૦ કળશ ફરીને.

**'एषः आत्मा सकलं ज्ञानं एकताम् नयति'** '(**एषः आत्मा**)' આ પ્રત્યક્ષ આત્મા એમ સિદ્ધ કરવું છે. આ આત્મા. જ્ઞાનની પર્યાયમાં આ આત્મા પ્રત્યક્ષ. '(**एषः आत्मा**)' '**વસ્તુરૂપ વિદ્યમાન...**' '**एषः**' નો અર્થ કર્યો. વિદ્યમાન છે. વસ્તુ છે એ વિદ્યમાન છે કહો કે છે કહો. એવો જે આત્મા '**ચેતનદ્રવ્ય, જેટલા પર્યાયરૂપ પરિણમ્યું છે...**' હવે અહીં પર્યાયને સિદ્ધ કરવી છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા જેટલી વર્તમાન પર્યાયમાં પર્યાયરૂપ પરિણમ્યું છે તે '**જ્ઞાન—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન...**' કેવળજ્ઞાન પર્યાય. છદ્મસ્થને કેવળજ્ઞાન નથી પણ પરોક્ષ રીતે કેવળજ્ઞાન આવું હોય એવો એને ભાવ હોય છે. તો કહે છે કે '**ઇત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે....**' ભેદરૂપ થયો એ તો. ભેદરૂપે પરિણમ્યો. પાંચ પ્રકાર પડ્યા ને ?

'**જ્ઞાન–તેને નિર્વિકલ્પરૂપ અનુભવે છે.**' આગળ કહેશે. પર્યાયો છે ખરી, એ પછી કહેશે. '**अच्छा अच्छा**'માં. પણ અનુભવ, નિર્વિકલ્પનો અનુભવ હોય છે. વસ્તુની પર્યાય જ્ઞાનરૂપે પાંચ પર્યાય છે, પણ એ ભેદરૂપ છે તો એને આશ્રયે વિચાર કરતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. તેથી એકરૂપ વસ્તુ જે ત્રિકાળ, એનો આશ્રય લેતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. ભેદ વિનાની ચીજ જે અભેદ ચીજ છે, એનો અનુભવ. અનુભવ છે પર્યાય, પણ એનો અનુભવ થાય છે એમ કહેવામાં આવે છે. છે તો વસ્તુ ત્રિકાળ અભેદ. એની પર્યાયમાં એ આવતી નથી. પણ ભાષા એમ લેવાય કે ત્રિકાળી અભેદ વસ્તુ છે એને અનુભવે છે. એટલે કે એની સન્મુખતામાં એની પર્યાય થાય છે, માટે એને અનુભવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આવો માર્ગ ઝીણો.

'**ભાવાર્થ આમ છે કે—જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે,...**' અગ્નિ તો ઉષ્ણતામાત્ર જ છે. એને ભેદથી કહેવું. '**તેથી દાહ્યવસ્તુને બાળતો થકો...**' એ અગ્નિ બળવાલાયક વસ્તુને બાળતો થકો '**દાહ્યના આકારે પરિણમે છે;...**' અગ્નિ. અડાયા છાણા હોય. અડાયા છાણા સમજ્યા ? સાધારણ છાણા હોય અને સુકાઈ જાય, તો અગ્નિ એ આકારે થાય. છાણા આમ હોય બીજા, તો એ છાણાને આકારે અગ્નિ થાય, લાકડાને આકારે અગ્નિ થાય. એ '**આકારે પરિણમે છે; તેથી લોકોને એવી**

**બુદ્ધિ ઉપજે છે કે કાષ્ઠનો અગ્નિ,...'** એ જાણે લાકડાના આકારે અગ્નિ થઈ એટલે લાકડાની અગ્નિ છે એમ લોકોને થાય છે. **'છાણાનો અગ્નિ, તૃણનો અગ્નિ;...'** તણા. **'પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે,...'** એ કાંઈ અગ્નિ એની નથી. એ આકારે થઈ છે એ જ્ઞાનનો આકાર છે, કાંઈ જ્ઞેયનો આકાર નથી. લાકાડાનો આકાર અગ્નિમાં નથી.

**'અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે, એકરૂપ છે,...'** ઉષ્ણસ્વરૂપ. **'કાષ્ઠ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી;...'** એ ત્રણ કાંઈ અગ્નિનું સ્વરૂપ નથી. આહા..હા...! **'તેવી રીતે જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે,...'** ભગવાનઆત્મામાં **'જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે, સમસ્ત જ્ઞેયવસ્તુને જાણવાનો સ્વભાવ છે તેથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે; તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે...'** જ્ઞેયાકાર પરિણમે છે તેથી જ્ઞાનીજીવને એવી બુદ્ધિ ઊપજે છે કે **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન–એવા ભેદવિકલ્પ બધાં જૂઠા છે;...'** કઈ અપેક્ષાએ ? કે પર્યાયના ભેદ છે એ વસ્તુ નથી. વસ્તુ તો ત્રિકાળી અભેદ છે. એટલે એનું નામ જ્ઞેયાકારે જે જ્ઞાન થયું એ રીતે જ્ઞાની એને જૂઠું માને છે. આહા..હા...! જેમ લાકડાના આકારે અગ્નિ થઈ એમ નથી. એમ જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ નથી. જ્ઞાન તો પોતાના આકારે જ થયું છે. આહા..હા...!

**'જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ–એવા વિકલ્પ ઊપજ્યા છે,..'** ભેદ. **'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** હવે અહીં જરી છે–ઝીણું અહીં છે. જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવા લાયક વસ્તુ. બાપુ ! પ્રભુનો માર્ગ સૂક્ષ્મ છે. પ્રભુ એટલે આત્મા. આહા..હા...! જ્ઞેયવસ્તુ અનેક પ્રકારે છે. જ્ઞાનમાં જાણવાલાયક ચીજ અનેક પ્રકારે જ્ઞેય છે. હવે આ સિદ્ધાંત અહીં છે.

**'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** આ સિદ્ધાંત છે અહીં. **'જેવા જ્ઞેયનો...'** જેવા જ્ઞેયનો **'જ્ઞાયક થાય છે...'** જ્ઞેય જ્ઞાનમાં જણાવાલાયક અનંત અનેક છે. હવે **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...'** મતિનું નામ મતિજ્ઞાન પડ્યું કેમ કે એને યોગ્ય જે જ્ઞેયાકારે જ્ઞાન થયું એથી એનું નામ મતિજ્ઞાન પડ્યું. શ્રુતમાં પરોક્ષરૂપે બધાં જ્ઞેયોના આકારે જ્ઞાન થયું તેથી એનું નામ શ્રુતજ્ઞાન પડ્યું. અવધિ–એને યોગ્ય મર્યાદિત જે પદાર્થ છે તેને આકારે જાણવું થયું, તેથી અવધિ નામ પડ્યું. મનને જાણનારા (જ્ઞાનને) કારણે મનઃપર્યયજ્ઞાન પડ્યું અને કેવળજ્ઞાન ત્રણ કાળના, ત્રણ લોકના જ્ઞેયને જાણે માટે (કેવળજ્ઞાન નામ પડ્યું). એ **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થયો...'** એમ કીધું. કેવળજ્ઞાન પણ **'જેવો જ્ઞેયનો જ્ઞાયક થયો...'** આહા..હા...! **'તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;...'** આ આને જાણે માટે મતિ, આને જાણે માટે શ્રુત, આને જાણે માટે અવધિ, આને જાણે માટે મનઃપર્યય, આને જાણે માટે કેવળ એ નામ માત્ર જૂઠા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો જ્ઞાનની પર્યાય માત્ર છે. આને જાણે માટે અને આને જાણે માટે જે પાંચ ભેદ પડ્યા, એ ભેદ જૂઠા છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાંચ કઈ રીતે ? એ પાંચ છે એનો ભિન્ન ભિન્ન જ્ઞેય જાણવાનો જ્ઞાયક છે એ અપેક્ષાએ તે જૂઠા છે એમ કીધું. પર્યાય તરીકે છે. પર્યાય તરીકે એનું નામ... એ કહેશે જુઓ ! '**વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...**' છે ?

**શ્રોતા** :- જ્ઞાનમાત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, જ્ઞાનમાત્ર છે ને ? પર્યાય પણ જ્ઞાન છે ને ? જ્ઞેયાકાર છે એમ નથી.

**શ્રોતા** :- જ્ઞાનમાત્ર છે એટલે ભેદ વગરનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ભલે ને, એ નહિ. અહીં તો એમ કહેવું છે કે જ્ઞેયાકારે જે નામ પડ્યા એ જૂઠા છે. જ્ઞાનમાત્ર કહેવું તે જ્ઞાનમાત્ર એટલે ? ભલે પર્યાય છે પણ એ જ્ઞાનમાત્ર છે. જ્ઞેયાકારને કારણે જે ભેદ પડ્યો એ એમાં નથી. ઝીણી વાત છે.

'**નામ ધરવું બધું જૂઠું છે;....**' એમ કીધું છે. મતિ આદિ શ્રુતની જ્ઞાનપણાની પર્યાય છે એ જ્ઞાનમાત્ર પર્યાય છે, અત્યારે ત્રિકાળીની વાત નથી. સમજાય છે કાંઈ ? એ '**જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;...**' જુઓ ! જ્ઞાનમાત્ર છે ત્યાં હ્સ્વઈ મૂકી છે ને ? શું કહેવાય એ ? અલ્પવિરામ. કારણ કે ત્યાં એનું પૂરું થાતું નથી. અહીંયાં ત્રિકાળી જ્ઞાન છે એ વાત સિદ્ધ નથી કરવી. અહીંયા તો જ્ઞાનની વર્તમાન પર્યાયમાં... આવી વાત તો સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. જ્ઞાનની પર્યાયમાં જેવા જ્ઞેયને જાણતા જ્ઞાયક થાય છે, જેવા જ્ઞેયને જાણતા જ્ઞાયક થાય છે એવું જે એમાં નામ પડે છે એ જૂઠું છે. બાકી જ્ઞાન પર્યાયમાત્ર છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પર્યામાત્ર એ બરાબર છે. આહા..હા...! ઝીણી વાત છે, બાપુ ! ટીકાકારે કેટલી ગંભીર ટીકા કરી છે ! અહીંથી લેવું, જુઓ ! '**જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' નાના પ્રકારે કીધું ને ? ત્રીજી લીટી. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' જ્ઞેયનો જ્ઞાયક થાય છે એ વાત લેવી છે. જેવા જ્ઞેયનો જ્ઞાયક છે પર્યાયમાં.

**શ્રોતા** :- જ્ઞેયનો જ્ઞાયક છે કે પોતાનો જ્ઞાયક છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કહે છે. પર્યાયમાં જ્ઞેયનો જ્ઞાયક છે '**તેવું જ નામ પામે છે,...**' એ જૂઠા છે એમ કહે છે. સમજાણું કાંઈ ? કાલે તો ઘણું કહ્યું હતું. એ જ્ઞેયનો જ્ઞાયક છે એવા નામભેદ છે તે જૂઠા છે. આહા..હા...!

**શ્રોતા** :- શાસ્ત્રમાં બધાં ભેદ આવે છે એ બધાં જૂઠા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ભેદ આ પ્રકારે જૂઠા છે. પર્યાય પર્યાય તરીકે બરાબર છે. પણ પર્યાયના પાંચ ભેદમાં જેવું જ્ઞેય છે તેને જાણવું, એ રીતે જ્ઞાનનું નામ પડે એ જૂઠું છે એમ કહે છે. 'લાલચંદભાઈ' ! આહા..હા...! ઝીણી વાત છે, બાપુ !

અહીં પછીના કળશમાં તો સિદ્ધ કરશે. '**अच्छाच्छाः स्वयमुच्छलन्ति**' એ જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે જાણવા માટે ઉછળે છે એમ નથી. એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ છે કે જ્ઞાનની પર્યાય

સ્વયં ઉછળે છે અને તે જ્ઞાનની અનેકતા છે. વસ્તુ તરીકે એક છે અને પર્યાય તરીકે, પરિણમન તરીકે અનેક છે. અનેકનો આશ્રય કરવા લાયક છે કે નહિ એ પ્રશ્ન નથી. પણ પર્યાય અનેક છે.

**શ્રોતા :–** કાંઈ ખીલે બંધાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખીલે બંધાય છે આ રીતે. એ કઈ અપેક્ષાએ ? એક ત્રિકાળની અપેક્ષાએ એક છે. એ હમણા કહેશે. જુઓ ! દ્રવ્યાર્થિક નયથી એક છે અને પર્યાયાર્થિક નયથી અનેક છે. પછીના શ્લોકમાં છે. છે–અસ્તિ સિદ્ધ કરવું છે અહીંયાં. પર્યાય નથી નથી જ એમ ૧૧મા કહ્યું હતું. આહા..હા...! ૧૧મી ગાથામાં એમ કહ્યું હતું, ઝીણી વાત છે, પ્રભુ !

આજ તો ધનતેરસનો દિવસ છે. ધન એટલે લક્ષ્મી, હોં ! અહીં ભગવાનની લક્ષ્મી આવશે. ભગ-ભગ. ભગ નામ લક્ષ્મી, વાન નામ લક્ષ્મીવાળો પ્રભુ છે. પણ કેવી લક્ષ્મી ? જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો આ પ્રભુ છે.

અહીંયાં તો બે વાત સિદ્ધ કરી છે કે ત્રિકાળી સત્તા પણ છે અને વર્તમાન તે જેવા જ્ઞેયોને જાણવાના નામ પડે છે, એ જૂઠા. પણ જેવું જ્ઞાન પરિણમે છે એ અનેકપણું થવું એ યથાર્થ છે. જ્ઞાનનું પર્યાયમાં અનેકપણું થવું યથાર્થ છે. અનેકપણામાં જ્ઞેયની જાણવાની અપેક્ષાએ જે નામ પડ્યા હતા એ જૂઠા છે. આહા..હા...! વાત ઝીણી છે, બાપુ ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'સમયસાર'ની ૧૧મી ગાથામાં તો એમ કહ્યું હતું કે પર્યાય અભૂતાર્થ છે, પર્યાય છે જ નહિ. તેથી જ ઓલા એમ કહે છે ને ? એક હતા 'નાથુલાલ', 'નાથુલાલ પ્રેમી'. 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. પર્યાય નથી કીધી ખરી ને ? પણ એમ નથી. ત્યાં નથી કીધી છે એ ગૌણ કરીને, પર્યાયને ગૌણ કરીને, પેટામાં રાખીને, વ્યવહાર ગણીને નથી એમ કહ્યું છે અને ત્રિકાળીને મુખ્ય ગણીને, નિશ્ચય ગણીને એ જ સત્ય છે તેમ કહ્યું છે. આહા..હા...! એ અહીં હવે સિદ્ધ કરે છે કે એક સ્વરૂપે છે આત્મા છતાં પર્યાયપણે અનેકપણે છે. પણ એ પર્યાયમાં જે નામ જેવા જ્ઞેયને જાણવાના જ્ઞાનના નામ પડે છે એ જૂઠા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે. વાણિયાને વેપાર ને ધંધા આડે નવરાશ ન મળે. એમાં આવી વાતું હવે.

**શ્રોતા :–** દાખલો આપી સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ લાકડાની અગ્નિનો દાખલો કીધો ને ! આપ્યો ને ! ધ્યાન ક્યાં હતું ? અગ્નિનો દાખલો આપ્યો નહિ ? અગ્નિ લાકડાકારે અગ્નિ, છાણાકારે અગ્નિ એમ કહેવું એ વ્યવહાર છે. એમ નથી. અગ્નિ અગ્નિને આકારે થઈ છે. દાખલો તો પહેલાં આવી ગયો. ધ્યાન નથી. સમજાણું કાંઈ ? છાણાની અગ્નિ, લાકડાની અગ્નિ, પાંદડાની અગ્નિ, તરણાની અગ્નિ એ વાત જૂઠી છે, પણ અગ્નિ અગ્નિરૂપે થઈ છે એ વાત બરાબર છે, એ પર્યાય અગ્નિરૂપે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પહેલાં દાખલો આપીને (સમજાવ્યું). તરણાની અગ્નિ, લાકડાની અગ્નિ, અડાયાની અગ્નિ,

છાણાની અગ્નિ એમ કહેવું એ જૂઠું છે. પણ અગ્નિ ઉષ્ણતામય છે. અહીં તો અત્યારે પર્યાયની વાત છે, હોં ! ઉષ્ણતામય છે. બસ, ઉષ્ણતામય છે એટલું. આના આકારે અને આના આકારે માટે એમ નહિ. ઉષ્ણતામાત્ર છે. એમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાનમાં, પર્યાયમાં હોં ! અહીં તો અત્યારે. એમ છે ને ન્યાં તો ?

**'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** એ શબ્દમાં જોર છે. ત્રીજી લીટી. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે....'** જેમ જેવા લાકડાના આકારે અગ્નિ થાય છે. એમ **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...'** જેમ અગ્નિને લાકડાની અગ્નિ, છાણાની અગ્નિ, અડાયાની અગ્નિ નામ (મળે છે). **'વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** આ પર્યાયની વાત છે. એમ અગ્નિને વસ્તુ વિચારતા ઉષ્ણતામાત્ર છે. એમ ભગવાનઆત્માની પર્યાયમાં જ્ઞાનનો વિચાર કરતાં એ જ્ઞાનમાત્ર છે. આહા..હા...! આવું છે.

**શ્રોતા :–** વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં એ ત્રિકાળ સ્વરૂપનો કે પર્યાયનો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, પર્યાયનો કીધું ને. બે-ત્રણ વાર કહી ગયા. જેમ ઓલા અગ્નિ ઉષ્ણતામાત્ર છે એ પણ પર્યાયમાં. એનો ભેદ આના આકારે છે, આના આકારે છે એ જૂઠું છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

જુઓ ! **'તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** પર્યાય, હોં ! **'નામ ધરવું બધું જૂઠું છે;...'** શું કીધું એ ? એને એમ કહેવું કે આ મતિજ્ઞાન આને જાણે, શ્રુતજ્ઞાન આને જાણે, અવધિ આને જાણે એવું કહેવું જૂઠું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ગજબ શૈલી છે ! જ્ઞેયને સિદ્ધ કરે છે, જ્ઞેયને જાણવું સિદ્ધ કરે છે, પણ જેવું જ્ઞેયને જાણે છે તે જ્ઞાન જ્ઞેય તરફનું છે એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આવું ઝીણું છે. માણસને ક્યાં ફૂરસદ છે. આહા..હા...! આવો ભગવાન..!

ત્રિકાળી સ્વરૂપ છે એ તો ધ્રુવ છે. હવે તો અહીં એના પરિણમનના બે પ્રકારના વિચાર કર્યા છે. જે જ્ઞાનનું પરિણમન, જેવા જ્ઞેયને જાણે એવું જ્ઞાયક નામ પડે એને, એ જ્ઞેયને આકારે નામ પડે એ વાત જૂઠી છે. સમજાણું કાંઈ ? આહા..હા...! **'નામ ધરવું બધું જૂઠું છે;...'** નામ ધરવું બધું જૂઠું છે. **'–આવો અનુભવ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે;...'** આહા..હા...! પર્યાયની વાત, હોં ! આહા..હા...! શાંતિથી, જરી ધીરજથી વિચાર કરે. બાપુ ! આ તો અપૂર્વ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવના મુખમાંથી દિવ્યધ્વનિ નીકળી એનો આ બધો સાર છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. એક તો જ્ઞેય સિદ્ધ કરે છે, જ્ઞેય નથી એમ નહિ. એક બાજુ પર્યાયમાં જ્ઞેય આકાર જેવા જ્ઞેયને જાણીને નામ પડે છે. બે વાત. છતાં એ નામ જૂઠું છે અને જ્ઞાન પર્યાયમાત્ર છે એ ત્રણ વાત. આમાં કાંઈ પૈસા-બૈસામાં તો હાથ આવે એવું નથી. આહા..હા...!

અહીં તો પરમાત્માને પર્યાય સિદ્ધ કરવી છે, પણ એ પર્યાયના નામમાં ભેદ પડ્યા કે આને

આટલું જાણે માટે મતિ અને આને જાણે માટે શ્રુત, મર્યાદિત પદાર્થને જાણે માટે અવધિ, મનના ભાવને જાણે માટે મનઃપર્યય, ત્રણ કાળને જાણે માટે કેવળ, એ નામ ધરવા જૂઠા છે. ખરેખર તો પરને જાણતું જ નથી. પરને શું જાણે ? પરવસ્તુનો સ્પર્શ નથી, એકબીજામાં અભાવ છે, પોતામાં રહીને પરસંબંધી અને પોતા સંબંધીનું જ્ઞાન પોતામાં ઉછળે છે. આહા..હા...! એ જ્ઞેયને લઈને ઉછળે છે એમ નહિ. સમજાણું કાંઈ ? અને જ્ઞેયના નામે અહીં નામ પડ્યું છે એ પણ નહિ, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સામે પુસ્તક છે કે નહિ ?

**'આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...'** અહીં પર્યાયની વાત છે. સમજાણું કાંઈ ? જેવું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે, એથી તે જ્ઞાનની પર્યાયના જ્ઞેયાકારના પરિણમનને કારણે નામભેદ પડ્યા તે જૂઠા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાય એટલું સમજવું, બાપુ ! આ તો વીતરાગનો ગહન માર્ગ છે. આહા..હા...! અનંત જ્ઞેયોને પણ સિદ્ધ કરે છે. છે ને ? માથે આવ્યું ને ? **'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** એમ પહેલાં આવ્યું ને ? પહેલું એ સિદ્ધ તો કર્યું. કારણ કે જ્ઞેયવસ્તુ નાના એટલે અનેક પ્રકારે છે. એટલે જ્ઞેય અનેક પ્રકારે છે એ વાત સિદ્ધ કરી. પેલા વેદાંતને જ્ઞેયો છે જ નહિ, એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એક વાત.

હવે **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** આ પાછી બીજી વાત. જ્ઞેય અનેક પ્રકારે છે એટલે અનંત પ્રકારે છે. હવે **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે. સમજાણું કાંઈ ? સમજવું તો પડશે કે નહિ ? ભાઈ ! આ. આકરું પડે તો પણ. અમને ન સમજાય એમ કરીને કાંઈ કાઢી નખાય ? આહા..હા...! અરે..! આવે ટાણે નહિ સમજે તો ભાઈ ! કે દિ' સમજશે ? અહીં તો પર્યાયમાં જ્ઞેયો અનેક છે એમ સિદ્ધ કરી અને જેવું એ જ્ઞેયનું અહીં જ્ઞાન થાય છે, એવું એ જ્ઞાનની પર્યાયનું નામ પડે છે એ નામ પાડવા જૂઠા છે, કહે છે. આહા..હા...!

**શ્રોતા** :– તો સાચા નામ ક્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સાચા નામ જ્ઞાનપર્યાય, જ્ઞાનની પર્યાય, બસ. 'દાસ'! આવું છે.

**'નામ ધરવું બધું જૂઠું છે;...'** એમ કહ્યું ને ? પર્યાયમાત્ર તો સાચી છે, પણ એને જેવા જ્ઞેય જાણે તેવું નામ પાડ્યું છે એ ખોટું છે.

**શ્રોતા** :– મતિ, શ્રુત જે નામ પડ્યા એ ખોટા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ નામ પડ્યા એમ નહિ, માત્ર જ્ઞાનપર્યાય. આહા..હા...!

'તત્ત્વાર્થસૂત્ર'માં તો પરોક્ષની વાત લીધી છે. મન અને ઇન્દ્રિય દ્વારા જાણે તે મતિજ્ઞાન. ત્યાં પ્રત્યક્ષની વાત ગૌણ રાખી છે. સમજાણું ? નહિતર ખરેખર મતિ તો પોતાને–સ્વને જાણે છે. મતિજ્ઞાન તો પોતે સ્વને જાણે છે. એ તો ૧૭-૧૮મી ગાથામાં કહ્યું ને કે જ્ઞાનનો પર્યાય, એનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. ભલે અલ્પજ્ઞાન હો, અજ્ઞાન હો, પણ એ પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. માટે તે જ્ઞાનની પર્યાયમાં આબાળ-ગોપાળને, બાળકથી માંડી વૃદ્ધોને જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ સ્વ-

પરપ્રકાશક હોવાથી જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જ જણાય છે. આહા..હા...!

**શ્રોતા :–** ... કે આત્મા જણાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા જણાય છે. આત્મા પર્યાયમાં આવતો નથી, પણ પર્યાયમાં આખો આત્મા જણાય છે. કેમ કે એ પર્યાયનું સ્વ-પરપ્રકાશકપણું સ્વરૂપ છે. આહા..હા...! આવું ઝીણું છે. ઓલા તો કહે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. લ્યો ! એવું હતું કે નહિ ? ઓલા કહે દેરાસર જાવ, જાત્રા કરો, ભક્તિ કરો. આ દિગંબરમાં લુગડા છોડો, આ કરો. અરે..! પ્રભુ ! પણ સાંભળ તો ખરો. તારો નાથ અંદર શું છે ? અને એની પર્યાયની સ્વતંત્રતા તે તે કાળે ઉત્પન્ન થવાની સ્વતંત્ર પર્યાયની જાત કેવી છે ? તે જ્ઞાનની પર્યાયને જેવા જ્ઞેય છે તેવું જાણવું થાય, તેથી તે જ્ઞેયને નામે એના નામ પડે, પણ એ નામ જૂઠા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એના કારણે નામ પડે તો સાચું નામ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાચું નામ જ્ઞાનપર્યાય. સાચું નામ જ્ઞાનપર્યાય, બસ. નામ નિક્ષેપે કહીએ તો એ કહેવાય. આત્માને નામ નિક્ષેપે કહીએ તો આત્મા કહેવાય, બાકી આત્મા વસ્તુમાં એ શબ્દ ક્યાં છે ? સમજાણું કાંઈ ? વીતરાગનો માર્ગ અચિંત્ય અને અલૌકિક છે, જેના ફળ પણ અચિંત્ય અને અલૌકિક છે ને ! આહા..હા...!

અસંખ્ય સમયનું સાધકપણું, ભવિષ્યનો સાદિ–અનંતકાળ ભૂતથી અનંતગુણો, તેના આનંદની પ્રાપ્તિ થાય એ ઉપાય કેવો હોય ? બાપુ ! આહા..હા...! શું કીધું ઇ ? શું કીધું ઇ ? સ્વરૂપને સાધવા માટે પૂર્ણ થવામાં અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ તે કેવળજ્ઞાન પામવામાં અસંખ્ય સમય જ હોય. ભલે સાત-આઠ ભવ કરે તો પણ એ અસંખ્ય સમયમાં આવી જાય છે. આહા..હા...! ત્યારે તેના એક એક સમયનું ફળ, 'અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' આહા..હા...! જેના ફળ તરીકે... અને ભવિષ્યકાળ અનંતગુણો છે ને ! દરેકને માટે ભવિષ્યકાળ કેટલો છે ? ત્યારે જેણે આત્માને અંદર સ્વરૂપમાં અનુભવ કરીને સાધન કર્યું, એના અનુભવના સમયો તો અસંખ્ય સમય જ છે. આહા..હા...! અને તેના ફળ તરીકે અનંત અનંત કાળ, જેને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો ભોગવટો, બાપુ ! એ શું ચીજ છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** સમજાણું એમ કહેવું કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કહે છે, સમજાણું... પણ હળવે હળવે તો કહેવાય છે, બાપા ! આહા..હા...! ચૈતન્યસાગર ઉછળે છે ને, કહે છે. '**अच्छाच्छा:**' કહેશે. પછીનો કળશ છે ને ? '**अच्छाच्छा: स्वयमुच्छलन्ति**' અંદરથી નિર્મળની નિર્મળ ધારા ઉછળે છે. આહા..હા...!

**શ્રોતા :–** સાધકને નિર્મળ પછી વધારે નિર્મળ... વધારે નિર્મળ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો પૂર્ણ નિર્મળ અને સાધકને એક પછી એક નિર્મળધારા... નિર્જરા

અધિકાર છે ને ? સંવર છે એ શુદ્ધિની ઉત્પત્તિ કરી છે અને નિર્જરા છે એ શુદ્ધિની વૃદ્ધિ કરી છે અને મોક્ષ છે એ શુદ્ધિની પૂર્ણતા છે. આહા..હા...! અને નિર્જરાના પ્રકાર પણ ત્રણ છે. એક કર્મનું ગળવું, એ તો સ્વતંત્ર એનો સ્વભાવ; અશુદ્ધતાનું જવું, એ પર્યાયમાંથી અને શુદ્ધતાનું વધવું– એ ત્રણને નિર્જરા કહેવાય છે. આહા..હા...! આ તો એક પકડે. કર્મનું ખરી જવું એ નિર્જરા. કઈ અપેક્ષાએ ? બાપુ ! કર્મ તો જડ છે. એનું ખરવું, ન ખરવું એ તો.. કર્મની અકર્મરૂપ પર્યાય થવી એ તો એનો સ્વભાવ છે. એ કાંઈ આણે શુદ્ધતા પ્રગટ કરી માટે તેના અકર્મપણે થઈ એમ નથી. પણ જ્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને જ્યાં આત્મા સ્વભાવના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ (થઈ), સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા છે. એમાં પહેલું આવી ગયું છે કે આ સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા છે. અજ્ઞાનીને કર્મ ખરે છે એને નિર્જરા કહેવાતી નથી. આહા..હા...! એટલે ? સંવર એટલે કે સમ્યગ્દર્શનરૂપી જે સંવર... આહા..હા...! એના પૂર્વક જે પૂર્વના કર્મો ખરે અને અશુદ્ધતા ગળે અને શુદ્ધતા વધે, એને અહીં નિર્જરા કહેવામાં આવે છે. તો એ તો પર્યાય છે. નિર્જરા તો શુદ્ધ પર્યાય છે.

એ જ પર્યાયને અહીં કહે છે કે એની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં જેવા જ્ઞેયો જાણે તેવું નામ જ્ઞાનનું પડે. છતાં તે નામ જૂઠા છે. એ તો જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... બસ. 'લાલચંદભાઈ'! સમજાણું કાંઈ ? સમજાય એવું, બાપુ ! ન પકડાય (એવું નથી). પરમાત્મા ભગવત્ સ્વરૂપ બિરાજે છે. આહા..હા...! એ પ્રભુ તો ભગવત્ સ્વરૂપ જ છે. દરેકનો (આત્મા). અરે..! અભવીનો પણ. આહા..હા...! સમજાણું કાંઈ ?

એકવાર કહ્યું નહોતું ? (સંવત) ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં ચર્ચા થઈ હતી. ૧૯૮૨ની સાલમાં એ ચર્ચા થઈ હતી. આ શું કહેવાય ? 'મોહનલાલજી' 'લીંબડી'વાળા એમ કહે અભવીને મોહનીયની પ્રકૃતિની ૨૬ સત્તા હોય, ભવીને ૨૮ હોય. એવું એક 'મોહનમાળા' પુસ્તક છપાવ્યું છે. મને મોકલ્યું હતું, ૧૯૮૦ની સાલમાં. ૫૩ વર્ષ થયા. કીધું, એ વાત જૂઠી છે. ભવિ હો કે અભવિ બધાને ૨૬ જ પ્રકૃતિ સત્તામાં હોય છે. ૨૮ તો જ્યારે સમકિત પામે પછી ૨૮ થાય. એક વાત ખોટી. બીજી વાત, એ કહે, અભવિને ત્રણ આવરણ હોય, પાંચ ન હોય. મતિ, શ્રુત અને અવધિ–ત્રણ આવરણ હોય; મનઃપર્યય, કેવળજ્ઞાન એ બે આવરણ એને હોય નહિ. કેમ કે એને બે થતા નથી. એ ૧૯૮૫ની સાલમાં વાત થઈ. પછી જરી ગડબડ કરવા માંડ્યા. પણ 'મણિલાલજી' જોડે હતા. સાંભળો સાંભળો 'કાનજીસ્વામી' કહે છે એ સાંભળો. દુનિયામાં એમની છાપ છે. એ કહેશે એ માનશે. આપણે ૫૦ વર્ષની દીક્ષા લઈને બેઠા છીએ પણ આપણી છાપ બહાર નથી. એ કહેશે આ વાત બહાર પાડશે કે આ લોકો આમ કહે છે અને ના પાડે છે.

મેં કીધું, બાપુ ! અભવિને પણ પાંચ આવરણ છે. પાંચેય છે. મતિજ્ઞાન, શ્રુત, અવધિ, મનઃપર્યય.. પ્રગટ ન થાય માટે એ આવરણ નથી એમ નથી. કેમ ?–કે અભવિના સ્વભાવમાં પણ સર્વજ્ઞ સ્વભાવ છે, શક્તિ તો એની સર્વજ્ઞ સ્વભાવ છે. આહા..હા...! એની પર્યાયમાં અલ્પતાનું પરિણમન અને

કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિનું નિમિત્ત. એ પર્યાય અભવિ પલટાવી શકતો નથી, એની લાયકાત નથી. બાકી તો સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ આત્મા આખો છે. આહા..હા...! દરેક સમયે સર્વજ્ઞ સ્વભાવી અનાદિ-અનંત પ્રભુ પડ્યો છે. એને સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય તો પણ એનો સર્વજ્ઞ સ્વભાવ જ છે. આહા..હા...!

અરે..! પ્રભુ ! તું કોણ છો ? બાપુ ! તને ખબર નથી. એ અહીં નીચે કહેશે. એ તો ચૈતન્યરત્નાકર છે. ૧૪૧ કળશમાં કહેશે. ચૈતન્યરત્નાકર છે, પ્રભુ ! તને ખબર નથી. એમાં ચૈતન્યરૂપી મણિઓ અનંતી ભરી છે. આહા..હા...! તારા બહારના પૈસા તો અબજ, બે અબજ, ખર્વ, નિખર્વ .. એવું બધું આવતું. અમારા વખતમાં. સો અબજનો ખર્વ અને સો ખર્વનો નિર્ખવ એવું આવતું. અત્યારે હવે અબજ સુધી ચાલે છે. પણ એ બધી ધૂડું છે. આહા..હા...!

આ તો અનંત... અનંત... અનંત ચૈતન્ય રત્નાકરનો સાગર નાથ અંદર બિરાજે છે. બાપુ ! તને ખબર નથી. એ ચૈતન્યરત્નાકરના ભાન થયા, ત્યારે જે જ્ઞાનની પર્યાયના પ્રકાર પ્રગટ્યા, એ જ્ઞાન જે જ્ઞેયને જાણવાથી જ્ઞાનનું નામ પડ્યું, એ વાત નહિ. પરને લઈને નામ પડ્યું એ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા... આહા..હા...! એનો પંથ છે. એનો તારો સ્વભાવ છે. આહા..હા...!

અહીં કહે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં નામ જૂઠા છે. નામ જૂઠા, હોં ! જ્ઞાનપર્યાય છે એ બરાબર છે. મન ને ઇન્દ્રિયથી જાણે તે મતિ, એકલા મનથી જાણે તે શ્રુત. શાસ્ત્રમાં તો એવું આવે ને ? મર્યાદિત ચીજને જાણે તે અવધિ, આ મારા મનના ભાવને જાણે તે મનઃપર્યય, ત્રણ કાળના ભાવને જાણે માટે કેવળ. એ નામ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ... સાચા નામ ક્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાચા નામ પર્યાય, બસ. જ્ઞાનપર્યાય. જ્ઞાનગુણની છે માટે જ્ઞાનપર્યાય, બસ. આહા..હા...! એમાં ઘણા ભેદ છે. એકાંતથી એમ માનતા હોય કે કોઈ જ્ઞેય જ નથી અને જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે એ છે. પણ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? પણ જ્ઞાન જ્ઞાનરૂપે થાય છે, બસ. એને નામ આપવા કે આને જાણે માટે મતિ અને આને જાણે માટે શ્રુત એવા નામ નહિ. આહા..હા...! ઠાઠડીને નનામી કહે છે ને ? એમ આ ત્રણ લોકનો નાથ, એની પર્યાયને કોઈ નામ ન આપવા. આહા..હા...! એ જાગતી જ્યોત નનામી છે.

**શ્રોતા :–** નામ તો આપ્યું, જાગતી જ્યોત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જાગતી જ્યોત તો સ્વભાવની વ્યાખ્યા કરી. એ તો એના સ્વભાવને બતાવ્યો. સમજાણું કાંઈ ? 'બહેને' નથી લખ્યું ? કહ્યું હતું ને ? વચનામૃતમાં. 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થશે.' આહા..હા...! એક શબ્દ તો. સિદ્ધાંતની વાત છે. પણ સાદિ-સાદિ ગુજરાતી, ચાર ચોપડીનો ભણેલો બાળક સમજે એવી ભાષા. અમારે 'ધર્મચંદ' માસ્તર એમ કહે છે, ચાર ચોપડીનો ભણ્યો સમજે. આવી ભાષા ! 'જાગતો જીવ ઊભો છે ને ?' એટલે શું ?

એકલો જ્ઞાયકભાવ ટકતું તત્ત્વ ધ્રુવ તરીકે છે ને ? આહા..હા...! સિદ્ધાંતની ભાષા સિદ્ધાંત પ્રમાણે હોય, પણ સાધરણ માણસને સમજવાની ચાલતી શૈલી, આવી સાદી ભાષા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જાગતો-જાગતો જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જીવ ઊભો એટલે ધ્રુવ છે ને ? એ ક્યાં જાય ? એ પર્યાયમાં જાય ? રાગમાં જાય ? ક્યાં જાય ? આહા..હા...! સમજાણું કાંઈ ? આવું છે. આવો ઉપદેશ છે. કઈ જાતનો ઉપદેશ ! નાથ ! તારા મારગડા જુદા. આહા..હા...! તારી પર્યાયને જ્ઞેયને જાણવાથી નામ પાડવા એ કહે છે કે શોભતું નથી. અર..ર..! સમજાણું કાંઈ ? જ્ઞેયને જાણવાથી તારા જ્ઞાનની પર્યાયના નામ પાડવા એ પણ શોભતું નથી.

**શ્રોતા :–** ... તો આત્મા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે, પણ એમાં નામ ક્યાં પડ્યું ? જ્ઞેયને જાણવાથી જ્ઞાયક એ ક્યાં આવ્યું ? અહીં તો જ્ઞેયને જાણવાથી જ્ઞાયક એમ શબ્દ આવ્યો છે ને ? એ સ્વજ્ઞેયની વાત નથી.

અહીં તો **'જ્ઞેય વસ્તુ નાના પ્રકારે છે;...'** એની વાત છે. અંદર શબ્દ જુઓને. બહુ સરસ ટીકા છે. બીજી લીટી. **'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** ત્યાં આત્મા નથી લીધો. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...'** આહા..હા...! 'રાજમલ' ટીકા અને એમાંથી બનાવ્યું 'સમયસાર નાટક'. અરે..રે..! એને એમ કહે કે 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા. પ્રભુ ! તને ન શોભે. પ્રભુ ! આમ કહેવું, હોં ! આહા..હા...! તું પણ ભગવાન છો, બાપુ ! તારી ભૂલ ન જોઈએ. આહા..હા...! આવો આત્મા !

કહે છે, અનેક પ્રકારના પરજ્ઞેયો છે, એને એવા જ્ઞેયને જાણવાથી જ્ઞાયક નામ પડે છે કે આનું જ્ઞાન ને આનું જ્ઞાન, એ જૂઠું છે. **'આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...'** આહા..હા...! હવે ... 'રાજમલ' ગૃહસ્થ એ ટીકા કરે. એય..! 'પ્રવિણભાઈ'! એને સમજવા માટે (ધીરજ જોઈએ). આહા..હા...! ભગવાન ! આત્મા ગૃહસ્થ ક્યાં છે ? અને એ ગૃહસ્થ છે. ગૃહ-સ્થ છે. ગૃહ નામ પોતાના ઘરમાં રહેલો આત્મા. એ ઓલામાં લેખ છે. ભાઈએ વાંચ્યું કે નહિ ? 'અધ્યાત્મ પંચસંગ્રહ'. હમણા 'ચંદુભાઈ' લઈ ગયા હતા. 'અધ્યાત્મ પંચસંગ્રહ', તરંગણી નહિ. 'પંચ અધ્યાત્મસંગ્રહ'. ભાઈ 'દિપચંદજી'નું છે. 'અધ્યાત્મ તરંગણિ' તો સંસ્કૃત છે. 'અધ્યાત્મ તરંગી' તો સંસ્કૃત કળશની ટીકા છે, એ નહિ. આ તો 'દીપચંદજી'નું 'પંચ અધ્યાત્મસંગ્રહ' છે. પછી અહીંયાં એક પુસ્તક વધારે હતું એ 'ચંદુભાઈ' 'રાજકોટ' વાંચવા લઈ ગયા હતા, પાછા આપી ગયા. એમાં એક લખ્યું છે કે ભાઈ ! ગૃહસ્થ એટલે શું ? કે આત્મા ગૃહ નામ નિજઘરમાં સ્થિર રહે તે ઘર. આહા..હા...! આ ગૃહસ્થ માણસ છે અને આ પૈસાવાળો છે એ ધૂડનો અહીં નહિ. નિજઘર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ? આહા..હા...! એના ધ્રુવ સ્વભાવમાં સ્થ રહે. અંદરમાં ટકે એનું નામ ગૃહસ્થ ધર્માત્મા કહેવામાં આવે છે. વાતે વાતે ફેર છે. આહા..હા...! ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન બિરાજે છે ને !

આહા..હા...!

'**किल**' '**નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા ?**' હવે કહે છે '**કેવો છે અનુભવશીલ આત્મા ?**' અનુભવશીલ આત્મા. દ્રવ્ય આત્મા એકલું નહિ. '**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्** (**एक**)' એટલે નિર્વિકલ્પ એક. '**એવું ચેતનદ્રવ્ય, તેમાં અત્યન્ત મગ્નપણું,...**' એ પર્યાય. અત્યંત નિર્ભર, નિભર. '**તેનાથી થયું છે અનાકુળલક્ષણ સૌખ્ય,...**' '**महास्वाद**' આહા..હા...! ભગવાનઆત્મા પૂર્ણ અભેદસ્વરૂપને '**મહાસ્વાદતો થકો.**' આહા..હા...! અનાદિનો જે એને કર્મચેતના અને કર્મફળચેતનાનો સ્વાદ હતો... આહા..હા...! હવે એને જ્ઞાનચેતનાનો સ્વાદ આવ્યો. સમજાણું કાંઈ ? એ મહાસ્વાદને, છે ? મહાસ્વાદની વ્યાખ્યા કરી–અનાકુળ લક્ષણ સુખ. મૂળ અનાકુળ લક્ષણ સુખ એ જ મહાસ્વાદ છે. આહા..હા...! આત્મા અભેદના અનુભવમાં પડતા તે પર્યાયમાં અનાકુળ લક્ષણ સુખ, એનો જેને સ્વાદ છે. મહાસ્વાદની વ્યાખ્યા જ આ કરી. અજાણ્યા નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે ? આ શું હશે આ ? બાપુ ! માર્ગ પ્રભુનો આવો છે, ભાઈ ! આહા..હા...! મહાસ્વાદને '**समासादयन्**' '**આસ્વાદતો થકો.**' આહા..હા...! પૂર્ણાનંદના નાથને, પ્રભુ અંદર બિરાજે ભગવાન તેને આસ્વાદતો, અનાકુળ લક્ષણ સુખના સ્વાદ લેતો. આહા..હા...! એટલે જ્ઞાનચેતના પ્રગટ કરતો. એ જ્ઞાનચેતનામાં અનાકુળ આનંદનો સ્વાદ છે. પુણ્ય-પાપના કર્મચેતનામાં આકુળતા દુઃખનો સ્વાદ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**द्वन्द्वमयं स्वादं विधातुम् असहः** (**द्वन्द्वमयं**)' '**કર્મના સંયોગથી થયેલ છે વિકલ્પરૂપ, આકુળતારૂપ સ્વાદ અર્થાત્ અજ્ઞાનીજન સુખ કરીને માને છે પરંતુ દુઃખરૂપ છે એવું જે ઇન્દ્રિયવિષયજનિત સુખ, તેને અંગીકાર કરવાને અસમર્થ છે.**' એ આકુળતાના સ્વાદ લેવાને ધર્મી અસમર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ ? નિર્વિકલ્પ ચૈતન્યનના મહાસ્વાદને સ્વાદતો, એ વિકલ્પના આકુળતાના સ્વાદને લેવાને અયોગ્ય થયો થકો. આહા..હા...! 'રતિભાઈ'! આ પૈસાના સ્વાદ કેવા હશે ?

**શ્રોતા :–** એ 'મલૂકચંદભાઈ'ના દીકરાને પૂછો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'મલૂકચંદભાઈ' કહેતા હતા, એનો છોકરો. 'અમદાવાદ'માં કે બાપાએ ક્યાં પૈસાનો રસ ચાખ્યો છે ? બાપા પાસે 'છોટાભાઈ' પાસે ૩૦-૩૫-૪૦ હજાર હતા. આની પાસે પાંચ કરોડ રૂપિયા. આની પાસે ક્યાં હતા ! 'અમદાવાદ'માં કહેતો હતો. એ બેઠા હતા ને કીધું. એમ કે બાપાએ પૈસાનો સ્વાદ ક્યાં ચાખ્યો છે ? પાંચ કરોડ. એની પાસે લાખ પણ નહોતા, 'નારણશેઠ' પાસે. ૩૫-૪૦ હજાર કહેતા હતા. અને ઓલા પાસે ૮૦ હજાર કહેતા હતા. 'કસ્તુરભાઈ' પાસે ૮૦ હજાર કહેવાતા. આ છે ને 'ધીરૂભાઈ'ના બાપ, પૈસાવાળા. 'નારણશેઠ' એકવાર પૈસા લેવા બહાર ઉઘરાણીએ ગયા. સાદા કપડા. એમાં ડાકુ આવ્યા. એને ખબર પડી. ડાકુને ખબર પડી. ડાકુ એટલે ચોર કે 'નારણશેઠ' નીકળ્યા. ૩૫-૪૦ હજાર તે દિ' એટલે ? વાણિયાને (ત્યાં) 'નાગ્નેશ'માં ઉઘરાણી કરવા ગયા હશે. બે-ચાર હજાર હોય. એમાં ખબર પડી એટલે શેઠ ઘોડે ચાલ્યા આવ્યા

હતા. લુગડા સાધારણ. એમાં ઓલા ચોર આવ્યા એટલે આ તો વાણિયા હોશિયાર માણસ. એય..! બાપુ ! છેટે રહેજો.. છેટે રહેજો... ત્યારે ઓલા સમજ્યા કે આ તો કોઈ ભંગ્યો લાગે છે. આ ‘મલૂકચંદભાઈ’ના બાપના બાપ. કારણ કે બે-ત્રણ હજાર ઉઘરાણીના લાવ્યા છે. આ લઈ જશે. ભાષા તો કાંઈક બીજી હતી. એય...! ભાઈ ! એવું કાંઈક. એ ભાઈ ! છેટે રહેજો. ઓલા નજીક આવવા માંડ્યા. ઘોડા ઉપર બેઠા અને પૈસા તો હશે એની પાસે. ઓલા કહે, ઓ..હો..હો..! જાવ ગમે તે હોય. ઘર ભેગા થઈ ગયા. આહા..હા...!

એ.. રાગથી છેટે રહેજો પ્રભુ ! અમને અભડાવશો નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! એ પુણ્ય અને પાપના ભાવથી (છેટા રહેજો), અમે ચૈતન્યનના ઘોડે ચડ્યા છીએ... આહા..હા...! એને રાગથી અભડાવશો નહિ. તમે અમને અડશો નહિ, હોં ! એ નરનો નારાયણ થવાનો આ ઉપાય છે. કહો, ‘ગુલાબચંદભાઈ’! આહા..હા...!

આકુળતારૂપ છે. છે ને ? **‘અંગીકાર કરવાને અસમર્થ છે.’** હવે છેલ્લે સરવાળો આપ્યો. **‘વિષય-કષાયને દુ:ખરૂપ જાણે છે.’** લ્યો ! ‘પ્રેમચંદભાઈ’! જ્ઞાની **‘વિષય-કષાયને દુ:ખરૂપ જાણે છે.’** ‘પ્રેમચંદભાઈ’ને કહ્યું. આ તમારે ‘દિલ્હી’માં વાંધા ઊઠ્યા એ. ‘દીપચંદજી’ શેઠિયાને આ વાંધા હતા ને. જ્ઞાનીને દુ:ખ હોય નહિ. ‘સોગાની’ કહે, જ્ઞાનીને શુભભાવ ભઠ્ઠી લાગે. ભડક્યા ન્યાંથી. શલ્ય ગરી ગયા અને બીજાને ઘણા શલ્ય ખોસી ગયા. આહા..હા...! અત્યારે હજી ‘જ્ઞાનચંદજી’ કહે, અમને એ વાત બેસતી નથી, જ્ઞાનીને દુ:ખ હોય એ બેસતું નથી. આ લોકો ગયા હશે. અરે..! બાપુ ! વિષય-કષાયનો ભાવ જ્ઞાનીને હોય છે પણ એને દુ:ખ લાગે છે. વીતરાગ જ્યાં સુધી ન હોય (ત્યાં સુધી એ ભાવ હોય છે). મિથ્યાદૃષ્ટિ જરીએ આનંદ નથી, પૂર્ણ દુ:ખ છે; કેવળીને જરીએ દુ:ખ નથી, પૂર્ણ આનંદ છે; સાધકને થોડો આનંદ અને થોડું દુ:ખ છે. આહા..હા...! આવું છે, બાપુ ! તેથી તો ૪૭ નયમાં કીધું છે કે જ્ઞાનથી જોઈએ તો જેટલો રાગ છે તેનો કર્તા છે. કરવા લાયક છે એમ નહિ પણ પરિણમે માટે કર્તા અને ભોગવે માટે ભોક્તા, ભોગવે છે. મુનિ પણ રાગને ભોગવે પણ દુ:ખ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં કહે છે **‘વિષય-કષાયને દુ:ખરૂપ જાણે છે.’** ત્યારે છે એને જાણે છે કે નથી એને જાણે ? આહા..હા...! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો રાગ–અશુભ ને શુભરાગ આવે, પણ તે દુ:ખરૂપ છે. મારા આનંદની સાથે એનો મેળ કરતાં એને વેદનમાં દુ:ખ દેખાય છે. આનંદના વેદનની અપેક્ષાએ. જેને આનંદનું વેદન નથી એને દુ:ખનો ખ્યાલ પણ ક્યાં (હોય) ? એને તો એ દુ:ખ એ બધું સુખ જ છે. આહા..હા...!

**‘કેવો છે ? પોતાના દ્રવ્યસંબંધી આત્માનું શુદ્ધસ્વરૂપ,...’** ‘વસ્તુવૃત્તિ’ કીધું ને ? **‘તેની સાથે તદ્રૂપ પરિણમતો થકો.’** લ્યો ! ધર્મી તો આનંદના નાથની સાથે પરિણમતો થકો. આહા..હા...! **‘ચેતનદ્રવ્ય તેના આસ્વાદના મહિમા વડે...’** આત્માના આનંદના સ્વાદની મહિમા વડે ગમ્ય છે. ગોચર અટલે

ગમ્ય છે. આનંદની મહિમા વડે ચૈતન્ય ગમ્ય છે. આહા..હા...! છે ? **'જ્ઞાનપર્યાય દ્વારા નાના પ્રકારો, તેમને મટાડતો થકો.'** એ વાત વધારે થઈ હતી, પણ અત્યારે વખત થઈ ગયો છે. **'भ्रश्यत्'** અને **'भृशम्'** બે શબ્દો આવ્યા આપણે. ૨૩૧મા **'भृशम्'** આવ્યો છે, અહીં **'भ्रश्यत्'** આવ્યો છે. બપોરે ૨૩૧ અધિકાર આવ્યો હતો. એ **'भ्रश्यत्'** નો અર્થ અહીં મટાડતો છે અને ત્યાં **'भृशम्'** અર્થ ત્યાં અનુભવ નિરંતર કરતો થકો. શબ્દ **'भ्रश्यत्'** અને **'भृशम्'** શબ્દ પડ્યા છે. ૨૩૧ કળશમાં છે **'भृशम्'**. આ ૧૪૦ના કળશમાં છે **'भ्रश्यत्'** સમજાણું કાંઈ ? એ વાત ઘણી થઈ ગઈ છે. **'નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો અનુભવ કરતો થકો.'** લ્યો ! એ શ્લોક પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

*** માત્ર સંસાર અશરણ ને અનિત્ય છે તેમ માને પણ અંદર ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદ ને પૂરણ શાંતિથી ભરેલો છે તેમ દૃષ્ટિ કરતો નથી તેને ચૈતન્યની સમીપતા થતી નથી. ખરેખર તો ચૈતન્યની મહિમા પૂર્વક વિભાવોનો મહિમા છૂટી જાય છે. અતીન્દ્રિય આનદના સ્વાદ આગળ શુભાશુભ રાગથી વિરક્ત થઈ જાય છે. ચૈતન્યની સમીપતા ને શુભાશુભ રાગથી વિરક્ત થઈ જાય છે. ચૈતન્યની સમીપતા ને શુભાશુભ રાગની વિરક્તી બન્ને એક સાથતે થાય છે. ૫૬૬.**

❊

*** જડ-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય તથા તેના વિષયોથી ભિન્ન એક અખંડ જ્ઞાયકને અનુભવવો તેનું નામ પરમાત્માની નિશ્ચયસ્તુતિ છે. અરિહંત પરમાત્માના શરીર દિવ્યવાણી આદિ પુણ્યપ્રકૃતિનું ચિંતવન કે ગુણગાન કરવાથી અરિહંતદેવની નિશ્ચયસ્તુતિ થતી નથી. પરંતુ જેવો નિજ પરમાત્મા છે તેનો તેવો વાસ્તવિક સ્વીકાર કરવો તેનું નામ ઇન્દ્રિયોનું જીતવું છે, તે જ પરમાત્માની સાચી સ્તુતિ છે. ૫૬૭.**

❊

*** રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની સન્મુખતાથી ખસીને અંદર જ્ઞાયક સન્મુખ ઢળે એટલે બસ ! પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો. પહેલાં પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દૃષ્ટિ થયો. આ તો અંદરથી આવેલી વસ્તુ છે. દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે. ૫૬૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા–૭૫
## પ્રવચન નં. ૧૦૨, તા. ૧૩-૧૦-૧૯૬૧
## [૧૦]

આ કળશમાં એમ કહ્યું, **'પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, જગતનો સાક્ષી (જ્ઞાતાદષ્ટા), પુરાણ પુરુષ (આત્મા) અહીંથી હવે પ્રકાશમાન થાય છે.'** આત્મા પોતાના સ્વસંવેદન જ્ઞાનથી પ્રકાશમાન થતા આત્મપ્રસિદ્ધિ થઈ. આત્મખ્યાતિ ટીકા છે ને ? આત્મા પ્રસિદ્ધ થયો. હું રાગ, દ્વેષ, વિકલ્પ, નિમિત્ત અને ગુણ-ગુણીના ભેદ સર્વથી રહિત, એકલો હું જ્ઞાયકમૂર્તિ ચેતન અભેદસ્વરૂપ છું, એવી અંતરમાં અનુભવમાં દૃષ્ટિ થઈ તો અહીંથી જ્ઞાતાદષ્ટા કેવો છે એની વાત ચાલે છે. ૭૫મી ગાથામાં.

**'હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો...'** જ્ઞાનસ્વરૂપ અથવા જ્ઞાની થયો. એ રાગરૂપ માનતો હતો, નિમિત્તરૂપ નિમિત્તમાં અસ્તિત્વ માનતો હતો અથવા નિમિત્તનું કાર્ય માનતો હતો. રાગનું કાર્ય માનતો હતો, ભેદનું કાર્ય માનતો હતો તો એ જ્ઞાનસ્વરૂપ નહોતો થયો અર્થાત્ જ્ઞાની નહોતો થયો. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રકાશમૂર્તિ પ્રભુ (છું), એવું જ્ઞાન થતાં **'જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય ?'** શિષ્ય કહે છે, પ્રભુ ! એનું કોઈ લક્ષણ છે ? ચિહ્ન એવું કોઈ સામે આવે એવો કોઈ એનો ભાવ છે ? **'તેનું ચિહ્ન (લક્ષણ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–'** એવી જિજ્ઞાસા છે. તેથી ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્ય' એને ઉત્તર આપે છે.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

હવે તેની ટીકા. એમાં કેટલું ભર્યું છે એની ટીકા–સ્પષ્ટીકરણ, વિસ્તાર કરે છે. **'નિશ્ચયથી...'** નામ ખરેખર, ખરેખર. હિન્દીમાં ખરેખર કહે ને ? વાસ્તવિકપણે. વાસ્તવિકપણે **'મોહ,...'** જે પરપદાર્થ તરફની સાવધાની. પરપદાર્થ તરફની સાવધાનીનો ભાવ એ મોહ છે. અથવા પર રાગાદિ પ્રત્યેની એકતાબુદ્ધિ એવો મિથ્યાત્વભાવ, એ **'અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...'** છે, આત્માનું

નહિ. અહીં તો જ્ઞાની લેવા છે ને ? માટે મિથ્યાત્વના પરિણામ તો છે નહિ. ફક્ત પરપદાર્થ તરફની સાવધાની જરી હોય. સાવધાન તો આવે ને ? એવો ભાવ, એ અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ છે. એમ '**રાગ,...**' પ્રીતિરૂપ રાગ '**એ અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ...**' છે. એમ જ્ઞાની જાણે છે એમ કહેશે. એમ '**દ્વેષ,...**' અણગમો, અરુચિ જરી, અસ્થિરતાનો ભાગ એ અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ છે. અને '**સુખ, દુઃખ...**' ની કલ્પના, સુખ-દુઃખની કલ્પના, હરખ-શોકની કલ્પના અથવા અરતિ આદિની કલ્પના. '**આદિરૂપે...**' એ આદિમાં જડના કર્મરૂપ પરિણામ પણ લેવા. આ બધા વિકારી પરિણામ છે. '**આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' છે. તે આત્મા એને જાણનાર છે. એ કાર્ય કરનારો નથી, એમ કહેશે. હજી તો વિસ્તાર કરશે ને. એક વાત.

બીજી વાત. આ '**આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ,...**' શબ્દ-વાણી, ધ્વનિ. '**બંધ,...**' પુદ્‌ગલકર્મનો બંધ. '**સંસ્થાન,...**' આકૃતિ. '**સ્થૂળતા,...**' તૈજસ શરીર આદિની સ્થૂળતા અથવા સ્થૂળતા આ બાહ્ય પદાર્થની. અને '**સૂક્ષ્મતા...**' વાણી, નોકર્મ આદિ બાહ્ય પદાર્થની. '**આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ,...**' પહેલાં કર્મના પરિણામ લીધા. જડકર્મ અને રાગ-દ્વેષ, મોહ, સુખ, દુઃખની કલ્પના બધા કર્મના પરિણામ છે. અને સ્થૂળ વર્ણ, ગંધ, રસ, શબ્દ, બંધ, આ વાણી નીકળે છે એ બધા નોકર્મના પરિણામ છે. '**તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.**'

' **પરમાર્થે,...**'ખરેખર '**જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી...**' ખરેખર વાસ્તવિક રીતે ઘડા વ્યાપ્ય નામ કર્મ નામ કાર્ય છે અને માટી એની વ્યાપક નામ કરનારી છે. વાસ્તવિક રીતે '**ઘડા અને માટીને જ વ્યાપ્ય...**' નામ કર્મ અને વ્યાપક નામ કર્તા. એવા ભાવનો '**સદ્‌ભાવ હોવાથી...**' ઘડારૂપી કાર્યને કરનારી માટી અને માટીનું કર્મ ઘડો. લ્યો ! દૃષ્ટાંતમાં પણ જરી... કુંભાર કર્તા અને માટી ઘડો કાર્ય. આ દૃષ્ટાંતમાં પણ એનો નકાર કર્યો. આ તો દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો આત્મામાં સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ ?

કહે છે કે '**પરમાર્થે, જેમ ઘડા...**'નું કાર્ય વ્યાપ્યરૂપ છે અને માટીને કરનારી માટી તે વ્યાપક છે. એવો સદ્‌ભાવ બે વચ્ચે '**સદ્‌ભાવ હોવાથી...**' માટી કર્તા છે અને ઘડા એ માટીનું વ્યાપ્ય, કર્મ નામ કાર્ય નામ પર્યાય છે. ત્યાં વાંધા (કાઢે). શું ઘડો વ્યવહારથી કરે છે કે નહિ ? ભગવાન ! વ્યવહારથી કરે છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ ? માટી પોતાના કાળમાં પોતાની પર્યાયના પરિણમનમાં પ્રવર્તનારી, એ માટી જ ઘડાને કરનારી છે અને ઘડારૂપ વ્યાપ્ય તે જ સમયે એ વ્યાપકનું વ્યાપ્ય નામ કર્તાનું કાર્ય છે, કુંભારનું નહિ.

'**તેમ...**' આ તો દૃષ્ટાંત છે. હજી આ તો દૃષ્ટાંત દીધું. તેવી જ રીતે '**તેમ પુદ્‌ગલપરિણામને...**' અર્થાત્ દયા, દાન, વ્રત, તપ, જપનો વિકલ્પ, અશુભભાવનો વિકલ્પ, જડકર્મના પરિણામ, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શના પરિણામ એ બધા પુદ્‌ગલપરિણામમાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ ?

દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે છે એ, અશુભભાવ થાય છે એ, જડકર્મનું પરિણમન થાય છે એ અને શબ્દ સ્થુળ વાણી આદિ ઉત્પન્ન થાય છે એ બધા એક સમૂહરૂપ પુદ્ગલના પરિણામ છે. સમજાણું કાંઈ ? એવા પુદ્ગલ પરિણામ અર્થાત્ રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપના વિકલ્પ, વિકલ્પ અર્થાત્ પુદ્ગલ પરિણામને અને **'પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.'** એ પુદ્ગલ એમાં પ્રવર્તનાર વ્યાપક થઈને અને પુણ્ય-પાપના ભાવ એનું વ્યાપ્ય થનાર એનું કાર્ય છે. પુદ્ગલનું કાર્ય છે. અહીંયા સ્વભાવદૃષ્ટિ જ્ઞાનીની વાત કરવી છે ને ? સમજાણું કાંઈ ? આહા..હા...!

લગાવી દે, જુઓ ! ભાઈ ! એણે કર્મથી વિકાર થયો છે, કર્મથી વ્યાપ્ય થયો છે. એ તો પહેલી તો સ્વચતુષ્ટયની સિદ્ધિ કર્યા પછીની વાત છે. સ્વચતુષ્ટય પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો સ્વકાળ, પોતાનો ભાવ પોતાથી છે અને પરથી નથી. એટલું સિદ્ધ કર્યા પછીની અહીં વાત છે. એમાં જે વિકારના પરિણામ ઉત્પન્ન થાય છે એ પુદ્ગલ એનો કરનાર અને વિકાર, દયા, દાન, ભક્તિ, વ્રત, સુખ, દુઃખની કલ્પના એ પુદ્ગલનું વ્યાપ્ય છે, પુદ્ગલનું કાર્ય છે, પુદ્ગલના પરિણામ છે, પુદ્ગલની અવસ્થા છે, પુદ્ગલની દશા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેમ કે જ્ઞાનીને સ્વભાવની દૃષ્ટિ થઈ છે. તો વિકાર એનું વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક એમ થઈ શકે જ નહિ. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સ્વભાવ વ્યાપક અને એની નિર્મળ નિર્વિકારી, નિર્વિકલ્પ, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ને આનંદના પરિણામ એનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા વસ્તુ સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ, આનંદસ્વરૂપ એવા સ્વભાવની દૃષ્ટિ થઈ, તો એ સ્વભાવ વ્યાપક થઈને વિકારી પર્યાય એનું વ્યાપ્ય, એમ થઈ શકે નહિ. સમજાણું કાંઈ ? એના વિકારી પરિણામ નિમિત્ત છે, એમ પોતાના જ્ઞાતાદૃષ્ટાના પરિણામ વ્યાપ્ય છે. સમજાણું કાંઈ ?

ભગવાન ! એ જ ચીજ એવી છે ને. પ્રભુ ! ચૈતન્યમૂર્તિ છે, તે જ્ઞાનસ્વરૂપ છે. તે કૃત્રિમ રાગ સાથે તદાત્મ્ય સંબંધ તો છે નહિ. દયા, દાન, શુભાશુભભાવ સાથે ભગવાન આત્મા જેવો ત્રિકાળ છે એવો તાદાત્મ્ય સંબંધ તો જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, સ્વભાવ, નિરૂપાધિ સ્વભાવ સાથે તાદાત્મ્ય સંબંધ છે. એ વિકારની કૃત્રિમ પર્યાય ઉત્પન્ન થઈ કે કર્મ પરિણામ કે સ્થુળ પરિણામ શબ્દ આદિ, એનાથી તાદાત્મ્ય સંબંધ ભગવાનઆત્માને તો છે નહિ. સમજાણું કાંઈ ? કહે છે કે એ પુદ્ગલ પરિણામ–દયા, દાન, વ્રત, મહાવ્રતનો વિકલ્પ, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ પુદ્ગલ પરિણામ છે. એ **'પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...'** એ તો કર્મ પુદ્ગલ છે અથવા ભાષામાં જે ભાષાવર્ગણા પુદ્ગલ છે, એનું એ વ્યાપ્ય છે અને એમાં વ્યાપક પ્રવર્તનાર તો પુદ્ગલ છે. આત્માભગવાન એમાં પ્રવર્તે એવી વસ્તુ નથી.

પ્રભુ ! તારી સંપદા એવી છે. તારી ચીજ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યમૂર્તિ આત્મા, સ્વભાવની

વિધિમાં એકલી શુદ્ધતા, આનંદ અને જ્ઞાનની મહાન સામર્થ્યતા, સર્વજ્ઞતા પડી છે. સ્વભાવમાં સર્વજ્ઞતા પડી છે. એવી જ્યાં આશ્રય દૃષ્ટિ થઈ તો કહે છે કે સર્વજ્ઞ સ્વભાવનો આશ્રય થયો તો સર્વજ્ઞમાંથી તો જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદની વ્યાપ્ય અવસ્થા જ્ઞાનીનું કાર્ય છે અને એમાં પ્રવર્તનારા જ્ઞાની વ્યાપક નામ કર્તા છે. સમજાણું કાંઈ ?

**'પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.'** એ જડકર્મ અથવા પુદ્‌ગલ ભાવ એનાથી ઉત્પન્ન થતી પર્યાય, રાગ-દ્વેષની, દયા-દાનની, કરૂણા, કોમળતાની પર્યાય ઉત્પન્ન થઈ એ તો પુદ્‌ગલ પરિણામ છે. એનો કર્તા તો પુદ્‌ગલ છે. ભગવાન નથી, ભગવાનઆત્મા નથી. ભગવાનઆત્મા એટલે બીજા ભગવાન નહિ. આ ભગવાનઆત્મા–પોતાનો મહિમાવંત સ્વભાવ. ભગવાન શબ્દે મહિમાવંત. જેની ચૈતન્યશક્તિ સ્વભાવની મહિમા અપાર છે. એવા સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાની થયો, તો કહે છે કે વિકારની વ્યાપ્ય અવસ્થા કર્મ અને ભાષાની પર્યાય અવસ્થા, ભાષાવર્ગણા, પુદ્‌ગલ સાથે તાદાત્મ્ય સંબંધ છે. એ પુદ્‌ગલ કર્તા અને વાણી એનું વ્યાપ્ય. પુદ્‌ગલ કર્તા અને રાગ એનો વ્યાપ્ય. અમે ભાષા બોલીએ છીએ, અમે ભાષા નહિ બોલીએ, અમે મૌન રહીશું. અરે...! પ્રભુ ! તારામાં ભાષા જ નથી એ તો શબ્દવર્ગણા (છે). આત્માથી તો ભાષા નથી થતી પણ આહારવર્ગણાથી બનેલું ઔદારિક શરીર એમાંથી પણ ભાષા નથી થતી. આ તો આહારવર્ગણાથી બન્યું છે. આત્માથી નથી થતી, આત્માની ઇચ્છા–અસ્થિરતા થઈ એનાથી નથી થતી, આત્માની વિચિક્ષણતાથી ભાષા નથી થતી અને આત્માથી .... આહારવર્ગણાથી બનેલું આ ધૂડ-માટીનું શરીર એનાથી ભાષાવર્ગણા–ભાષા પર્યાય નથી થતી. એ તો ભાષાવર્ગણામાં ભાષા પર્યાય થાય છે.

વસ્તુ જ જુદી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહારક શરીરની પર્યાય, આહારક વર્ગણાની. અને એ ભાષાવર્ગણા તો પુણ્યવર્ગણા પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલ વ્યાપક થઈને ભાષા પર્યાયની વ્યાપ્ય કર્તા થઈને કર્મ તો એનું છે. ભગવાનઆત્માનું તો એ કાર્ય છે નહિ. સમજાણું કાંઈ ?

આત્માનું જ્ઞાન પણ રાગનું કારણ નથી. એ રાગને કરનાર કારણ તો પુદ્‌ગલ છે. એ ભાષાની પર્યાયનો કર્તા આત્મા અને તે એનું કાર્ય છે નહિ, વસ્તુમાં નથી. અજ્ઞાની અનાદિથી માને છે. સમજાણું કાંઈ ? આત્મા તો (કર્તા) ન કહ્યો, (પરંતુ) આ શરીર નહિ, વાણી નહિ, આ ... નહિ. એ આહારક વર્ગણાની પર્યાય છે. ભાષાવર્ગણામાંથી ભાષાની પર્યાય ઉત્પન્ન થાય છે. એ ભાષાવર્ગણા જડ, બાહ્ય નોકર્મ છે. આ નોકર્મના પુદ્‌ગલ પરિણામ ભાષાની પર્યાય એ વ્યાપ્ય અને એની વ્યાપક તો ભાષાવર્ગણા છે, આત્મા વ્યાપક નથી, આત્માની ઇચ્છા વ્યાપક નથી. ઇચ્છામાં આત્મા વ્યાપક નથી, ઇચ્છામાં વ્યાપક તો પુદ્‌ગલ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ લોકો કહે છે કે અમારો વ્યવહાર. વસ્તુ આ છે, વસ્તુ સ્થિતિ એવી છે. એનો ખ્યાલ કરે, દૃષ્ટિ કરે, રુચિ કરે તો વસ્તુ એવી છે. એમાં ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજી કોઈ ચીજ છે અને બીજા પ્રકારથી છે એમ ત્રણ

કાળમાં નથી. ભગવાન પાસે હો કે ઇન્દ્ર પાસે હો કે સ્વર્ગમાં હો કે નરકમાં હો. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ (છે) એવું ભાન, ભાસ, અનુભવ શ્રદ્ધા-જ્ઞાન થયા તો કહે છે કે ભાષાની પર્યાય અને દયા, દાન, વ્રત, ભક્તિ, જેને લોકો વ્યવહાર કહે છે, એ વ્યવહારની વ્યાપ્ય અવસ્થા કાર્ય તો પુદ્‌ગલનું વ્યવહારનું કાર્ય છે. ઓહો..! આ કહે છે કે વ્યવહાર અમારે હોય તો નિશ્ચય હોય. જડ હોય તો ચૈતન્ય હોય. એવી વાત થઈ. સમજાણું કાંઈ ? જડ હોય તો ચૈતન્યની પર્યાય હોય. ભગવાન ! એ ક્યાંથી આવ્યું ? પુદ્‌ગલ છે તો રાગ છે, પુદ્‌ગલ છે તો વ્યવહાર છે, પુદ્‌ગલ છે તો જેને વ્યવહારનયનો વિષય વ્યવહાર રત્નત્રય કહ્યું, એ પુદ્‌ગલ છે તો છે, દ્રવ્યસ્વભાવ છે તો છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન ! તારા સ્વભાવની મહિમા એવી છે. એ સ્વભાવની દૃષ્ટિ કે રુચિ થઈ, ખલાસ થઈ ગયું. મુક્ત થઈ ગયો. પર્યાયમાં મુક્તિ એ અલ્પ કાળમાં થઈ જશે. સમજાણું કાંઈ ? મુક્ત થયો, મુક્ત. બંધ નથી કહ્યું. અબંધસ્વરૂપી ભગવાન ! એના અબંધ પરિણામનો કર્તા-હર્તા છે. અબંધ સ્વભાવી ભગવાનઆત્મા. અબંધ પરિણામ. અબંધ પરિણામનો અર્થ મોક્ષમાર્ગના પરિણામ. નિશ્ચય મોક્ષમાર્ગ, હોં ! એ પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક. વ્યવહાર મોક્ષમાર્ગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ ત્રણ કાળમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે કે વ્યવહાર મોક્ષમાર્ગ જેને કહે છે, એ પુદ્‌ગલ પરિણામ છે અને એના પુદ્‌ગલ પરિણામ વ્યાપક છે. પ્રભુ ! શાંતિથી સમજવાની ચીજ છે. એ કોઈ ઝઘડાની કે વાદ વિવાદની ચીજ નથી. વસ્તુમાં કોઈ વાદવિવાદ નથી. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એ 'બનારસીદાસ'નું (વાક્ય છે). સમજાણું કાંઈ ? 'સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' ભગવાન ! તારામાં વ્યવહાર જેને કહે છે, વ્યવહારનયનો વિષય, અહીંયાં એ વ્યવહારનયનો વિષય–ભેદ, રાગ, નિમિત્ત બધાને અહીં પુદ્‌ગલના પરિણામમાં ગણવામાં આવ્યા છે અને એનું પુદ્‌ગલની સાથે વ્યાપકપણું છે અર્થાત્ એ પર્યાય અથવા ભાવ વ્યાપ્ય નામ કાર્ય છે અને પુદ્‌ગલ એનું વ્યાપક નામ કરનાર છે. ભગવાન ! તારી ચીજ તો જો. જ્ઞાનથી ભરી, આનંદથી ભરી છે એમાં ક્યાં વિકારની પર્યાયનું વ્યાપ્યપણું આવે ? સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. ૭૫ થી ૭૯ ગાથા કર્તા-કર્મનો કસ છે. કસ એટલે સમજો છો ને ? નિચોડ. ઓ..હો..! બધો સાર.

ભાઈ ! પ્રભુ ! એ વસ્તુ જ એવી છે. આચાર્ય તો આત્માને ભગવાન તરીકે બોલાવે છે. ભગવાનઆત્મા ! ૭૨મી ગાથામાં આવી ગયું ને ? '**असुचित्तं च विवपीयभावं च। दुक्खस्स कारणं...**' ભગવાનઆત્મા ! આહા..હા...! અરે...! તને.. નાનું બાળક સુવે ને ? સુવડાવતી વખતે એની માતા 'મારો દીકરો ડાહ્યો' એમ ગાય છે ને ? અમારે ત્યાં તો ગાય છે. એ નાનું બાળક બપોરે સૂવે છે ને ? તો એની માતા જુલાવે છે. તો જુલા કરતાં કરતાં 'મારો દીકરો ડાહ્યો છે.' ડાહ્યાને તમારી ભાષામાં શું કહે છે ? શાણો છે. એમ કહે તો સૂઈ જાય છે. એને મીઠાશ લાગે છે. જુઓ !

સમજાણું કાંઈ ? મારા દીકરો ડાહ્યો, એ મોસાળમાં જાય છે, ગુંજામાં ખારેક ને ટોપરા લાવે છે. એમ અમારે બહુ કહે. ખારેક અને ટોપરા હોય છે ને ? આ બાઈયું કોઈક બોલતી હોય એ સાંભળ્યું હોય. આપણને ક્યાં ખબર છે ? સમજાણું કાંઈ ?

અહીં મારે બીજો સિદ્ધાંત કહેવો છે કે અહો...! એને ડાહ્યાપણું એટલું મીઠું લાગે છે કે ઊંઘવામાં ડાહ્યો કહે તો સૂઈ જાય છે. અહીં ડાહ્યો કહે તો જાગી જાય એવી વાત અહીંયા કરે છે. તું ભગવાન છો ને ! પેલામાં ડાહ્યો કહે છે, અહીં તું ભગવાન છો એમ કહે છે. આ જાગૃત થવાની વાત છે, ઓલી સુવાની વાત છે. એ સંસાર છે, આ મોક્ષમાર્ગ છે. ઉલટી-સુલટી વાત છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા છે ને, પ્રભુ ! આ માટી તો માંસ, હાડકા, ચામડા એ તો જડ છે. પ્રત્યક્ષ ભાસે છે અને એમાં રાગાદિ ઉત્પન્ન થાય છે એ પણ જડનું કાર્ય છે. તારા દ્રવ્યનું કારણ, એ નિંદનીક ભાવ દ્રવ્યનું કાર્ય હોય ? જે વસ્તુ ખસી જાય, જે નિંદનીય છે, જે દુઃખરૂપ પરિણામ છે, શુભ હો કે અશુભ હો, બન્ને દુઃખરૂપ છે. એ કાર્ય તારું, ભગવાનઆત્માનું એ કાર્ય હોય ? તો કહે છે, આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' એ ટીકા કરતાં કરતાં આમ આનંદથી ઉછળી જાય છે. જુઓ ! પ્રભુ ! તારી પ્રભુતામાં આ પામરતાનું કાર્ય પ્રભુતાનું થઈ શકે નહિ. એ પામરતાનું કાર્ય જે દયા, દાન, વ્રત એ પામરતા છે, એ પુદ્ગલ પરિણામ છે, એનું વ્યાપક પુદ્ગલ છે, એનું પુદ્ગલ પરિણામ એ એનું વ્યાપ્ય છે. ભગવાન પ્રભુનું એ વ્યાપ્ય થાય અને ભગવાનઆત્મા એમાં વ્યાપક થઈને પ્રવૃત્ત રહે, પ્રભુ ! એમ નથી. સમજાણું કાંઈ ?

કહે છે કે **'જેમ...'** એ દૃષ્ટાંત કહ્યું હતું ને ? કોનું ? માટી અને ઘડાનું. માટી વ્યાપક છે અને ઘડો એનું વ્યાપ્ય છે. એમ પુદ્ગલ પરિણામ વ્યાપ્ય છે, રાગ-દ્વેષ આદિ વ્યવહાર અને પુદ્ગલ એનું વ્યાપક છે એ **'સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.'** પુદ્ગલની સાથે એનું કર્તાકાર્યપણું, અવસ્થા-અવસ્થાયીપણું, પર્યાય-પર્યાયવાનપણું એની સાથે છે. ભગવાન ! તારી પર્યાય અને પર્યાયવાનપણું એમ ન હોઈ શકે, હોં ! તું તો પરમાત્મસ્વરૂપ ભગવાન છો ને. તો જ્યારે ભગવાનઆત્માની તારી દૃષ્ટિ થઈ તો ત્યારા વ્યાપ્યમાં તો નિર્મળ પ્રવાહ જ વહે છે. નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય વહે છે એ તારું વ્યાપ્ય અને એમાં તું વ્યાપક રહેનાર. ભગવાન ! આ વિકારી નિંદનીક પરિણામ એ જ દુઃખદાયક સંસારનું મૂળ છે. એ સંસારનું મૂળ તારી ચીજમાં હોઈ શકે નહિ. એ સંસારના મૂળ પરિણામ એ વ્યાપ્ય અને ઉદયભાવ વ્યાપ્ય. દરેક ઉદયભાવ જેટલા લીધા ને ? ૨૧ બોલ આદિ. ૨૧ તો સામાન્ય લીધા છે, ઉપલક્ષણથી બીજા પણ છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે એ બધા ઉદયભાવ-ચાર ગતિ, અસિદ્ધપણું આદિ બધા જે ભાવ છે એ પુદ્ગલના પરિણામ છે. ઓ..હો..! વ્યાપ્ય પુદ્ગલની દશાનું. પુદ્ગલની દશારૂપ વ્યાપ્ય છે અને પુદ્ગલ એનું વ્યાપક નામ પ્રવર્તનાર વિસ્તાર થઈને પુદ્ગલનો વિસ્તાર થયો છે. ભગવાનનો આવો વિસ્તાર ન હોય. સમજાણું કાંઈ ? જેમ કૂતરીના બચ્ચા ઘણા હોય છે ને ? એ કૂતરીનો પરિવાર છે. એમ

વિકારી પરિણામ અને ભાષાપર્યાય બધો પુદ્ગલનો વિસ્તાર છે. ઓ..હો..! પુદ્ગલની પ્રજા છે. ભગવાન ! તારું વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ ? એ પ્રજા છે, હોં ! પ્રજા–વિકારી પ્રજા પર્યાય. વિકારી પ્રજા એ જુલમગાર છે, એ તારી જાત નથી, પ્રભુ ! અને એનો વ્યાપક તું નથી. એ તારી ચીજ નથી.

સર્વજ્ઞે પોકાર કર્યો છે. સંતો ચારિત્રમાં રમણતા કરીને કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! જેમ માટી વ્યાપક વિસ્તાર પામતી, માટીનો વિકાસ થતાં થતાં તે કાળે ઘડો બને છે. એનો કર્તા માટી છે અને વ્યાપ્ય (ઘડો) છે. એમ પુદ્ગલ વિસ્તાર પામીને, પુદ્ગલનો વિકાસ થઈને એ વિકારી પર્યાય અવસ્થા એનું પરિણામ કાર્ય છે અને પુદ્ગલ એનું (કર્તા) છે.

'**પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' છે. જુઓ ! હવે જરી ઓલી કર્તાની વ્યાખ્યા કરવાની છે ને ? 'કર્તા, સ્વતંત્રપણે કરે સો કર્તા.' કર્તા, સ્વતંત્રપણે કરે સો કર્તા. એનો સિદ્ધાંત છે ને ? તો કહે છે, કે પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે.. શું ? એ વિકારી પરિણામને કરનાર પુદ્ગલ સ્વતંત્રપણે કરે છે. આત્માની કાંઈ સહાયતા લઈને કરે છે એમ નથી. સમજાણું કાંઈ ? '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' કઈ દૃષ્ટિએ કથન છે એ ન સમજે તો 'સયમસાર'માં એ કહે છે કે અમે 'સમયસાર' ત્રણ વાર વાંચ્યું. તો અમે કહીએ છીએ કે વિકાર કર્મથી થાય એકાંત જાવ. એક પંડિતે એવું નક્કી કર્યું. અહીં આવ્યા હતા. પછી ત્રણ વાર 'સમયસાર' જોયું. જોઈને કહ્યું કે અમે તો નક્કી કર્યું કે વિકાર કર્મથી થાય છે, 'સમયસાર'માં છે. એટલે કોઈ કહે કે અમારે ઉપાદાનથી થાય છે. નહિ એ તો કર્મથી થાય છે. ભાઈ ! એ ચીજ બીજી, આ કહે છે એ બીજી વાત છે. વિકારના પરિણામ તો પર્યાયદૃષ્ટિમાં, પ્રમાણજ્ઞાનમાં  દ્રવ્યપણાનું જ્ઞાન થયું અને પર્યાયજ્ઞાનમાં એનું જ પરિણમન છે. એનો જ ધર્મ છે. ૪૭ નયમાં આવ્યું ને ! કર્તા ધર્મ પર્યાયમાં પોતાનો ધર્મ છે. એમ સમ્યગ્જ્ઞાન જુએ છે. બસ, એટલું. પણ એ ધર્મનું લક્ષ કરીને લક્ષ તો દ્રવ્ય વસ્તુ ઉપર દેવાનું છે. એ વસ્તુની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ વિકારનો વ્યાપ્ય નથી. આ દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. ઓલું જ્ઞાનની પ્રધાનતાથી એનો ધર્મ છે એમ જાણે છે. પરિણમન કરે સો કર્તા. એ પરિણમન એમાં છે તો એનો ધર્મ એક અંશ ... તે જ વખતે એક અકર્તા ધર્મ પણ છે. કર્તાધર્મની સાથે અકર્તાધર્મ પણ સાથે રહે છે. આગળ-પાછળ નહિ, કાળ-ભેદ નથી. અને બે ધર્મ છે. જ્ઞાયક ચિદાનંદ અભેદ સ્વભાવ છે, એના ઉપર દૃષ્ટિ કરવી, એનું એ પરિણામ ફળ છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' છે. વ્યવહારમાં જે રત્નત્રયવ્યવહાર કહેવામાં આવે છે, જે બંધનું કારણ છે એ સ્વતંત્ર પુદ્ગલ થઈને એ કરે છે. તારું વ્યવહારરત્નત્રયનું કાર્ય, રાગનું કાર્ય પણ તારું નથી. સ્વતંત્રપણે કરે છે એમ અહીંયા સ્વભાવની દૃષ્ટિમાં વિભાવનું વ્યાપ્ય પુદ્ગલ છે એમ કહેવામાં આવ્યું છે. સ્વાભાવની દૃષ્ટિ કરાવવામાં અને સ્વભાવનું કાર્ય કરાવવામાં વિભાવનું કાર્ય પુદ્ગલનું છે. એ (મિથ્યા) દૃષ્ટિ હટાવવા માટે કહે છે. આહા..હા...! કર્તા સ્વતંત્રપણે પોતાની પર્યાય રચે છે. આ જ્ઞાનભાવ રાગને રાખે છે ? સ્વભાવમાં તાકાત હોય, સ્વભાવમાં તાકાત

હોય તો આત્મા કદી સંસારથી છૂટશે જ નહિ. નિર્દોષ નિર્વિકારી આનંદનો કર્તા થઈને કદી મુક્તિ થશે નહિ. કેમ કે દ્રવ્ય અને દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે. દ્રવ્ય અને દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે. જો વિકારનો કરનાર એ વિકારમાં પ્રસરનાર હોય તો વિકારનો કર્તા થતાં વિકાર કદી છૂટશે નહિ. સમજાય છે કાંઈ ?

કહે છે કે એ **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર...'** સ્વતંત્ર. પુદ્ગલે સ્વાધીનતા રાખી છે. આહા..હા...! એ અપેક્ષા સ્વભાવની સ્વતંત્રતાની પ્રસિદ્ધિ થઈ. સ્વભાવની સ્વતંત્રતાનો કર્તા થઈને પ્રસિદ્ધિ થઈ, ત્યાં વિકારની પરતંત્રતા એ પુદ્ગલ જ કર્તા છે, તારું કાર્ય નથી એમ કહી દીધું છે. જ્ઞાનનો પરજ્ઞેયરૂપ ભાવ છે. જ્ઞાનમાં તને પરજ્ઞેયરૂપ ભાવ છે, એ સ્વજ્ઞેયરૂપ ભાવ નથી. સમજાણું કાંઈ ? ઓ..હો..! ક્યાં માટી આ જડ,. ક્યાં ભાષા જડ અને ક્યાં પરિણામ વિકાર અચતેન અજાગૃતભાવ, અજાૃતભાવ વ્યવહાર. એ અજાગૃતભાવનો જાગૃતભાવ વ્યાપ્ય નથી, એ જાગૃતનું વ્યાપ્ય નથી. જાગૃતમાં પ્રવર્તનાર અજાગૃત વ્યાપ્યમાં નથી. એ અજાગૃત અચેતન વિકારી શુભભાવ, વ્યવહાર અજાગૃતભાવ, અજ્ઞાનભાવ, અજ્ઞાન કહેતાં જ્ઞાનનો અંશ એમાં નથી. એટલો અજ્ઞાનનો અર્થ છે. અચેતન છે. તો એનું વ્યાપ્ય તો પુદ્ગલ છે, પુદ્ગલ એનો વ્યાપક છે.

**'સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** એમ કહ્યું, જુઓ ! આહા..હા...! પ્રભુ ! દૃષ્ટિમાંથી પર્યાય હટી ગઈ અને સ્વભાવદૃષ્ટિ થઈ, તો પર્યાયના આશ્રયે જે વિકલ્પનું કાર્ય એ પુદ્ગલનું જ કાર્ય છે, તારું છે જ નહિ. સમજાણું કાંઈ ? **'હોવાથી...'** આવા કારણથી. **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** એ કારણે **'પુદ્ગલપરિણામનો કર્તા છે...'** પુદ્ગલપરિણામનો કર્તા છે. કોણ ? પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વિસ્તાર પામે છે માટે. પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વિસ્તાર પામે છે. ભગવાનઆત્મામાં વિસ્તાર પામવાનો ગુણ તો અનંતજ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, શાંતિનો વિસ્તાર પામવાનો છે. એમાં વિકારનો વિસ્તાર પામવાનો ગુણ પડ્યો છે ? સમજાણું કાંઈ ? અરે...! તારી શ્રદ્ધા તો દૃઢ કર. એકવાર એવી દૃઢતા દૃઢતા અંદર લાવ કે ત્રણ કાળમાં રાગનું કાર્ય મારું નથી. હું તો જ્ઞાતાદૃષ્ટા છું. પછી સ્વભાવની અનુભવદૃષ્ટિ થશે, નહિતર થશે નહિ. સમજાણું કાંઈ ? આ મારું કાર્ય અને મારું કર્તવ્ય, એ પહેલાં મારે કરવું પડે. કરવું પડે. અને પહેલાં હોય તો પછી નિશ્ચય પ્રાપ્ત થાય છે. ભગવાન શું કહે છે ? પહેલા જડ અને અંધારું હોય, પછી ચૈતન્ય અને પ્રકાશ પ્રગટે એવી ઇ ભુલ છે. સમજાણું કાંઈ ? 'અજીતપ્રસાદજી'! 'દિલ્હી'થી આવ્યા ને ? 'અજીતપ્રસાદ'. આ પ્રસાદની વાત ચાલે છે.

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** છે. કારણ લીધું. **'હોવાથી પુદ્ગલપરિણામનો...'** વ્યવહારરત્નત્રયના રાગનો, રાગ-દ્વેષ આદિ પરિણામનો એ સ્વતંત્ર વ્યાપક હોવાથી એ કારણે પુદ્ગલદ્રવ્ય એનો કર્તા છે. માટે પુદ્ગલપરિણામનો પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે. ભાઈ ! આ તો અધ્યાત્મદૃષ્ટિનો વિષય છે.

'સમયસાર' એટલે ? અત્યારે ચૌદ પૂર્વ અને બાર અંગનું રહસ્યમાં રહસ્ય 'સમયસાર' છે.

અને એના શ્લોક અને ટીકા ભરતક્ષેત્રમાં બીજી નથી. આહા..હા...! આખા કેવળજ્ઞાનની ચીજ શું છે અને કેવળજ્ઞાન કેમ પમાય એ ખડું કરી દીધું છે. સમજાણું કાંઈ ?

કહે છે, પહેલાં તો માટી અને ઘડાનું દૃષ્ટાંત આપ્યું. માટી વ્યાપક, ઘડો વ્યાપ્ય. એ રીતે પુદ્‌ગલપરિણામ વ્યાપ્ય, પુદ્‌ગલદ્રવ્ય વ્યાપક. એ કર્તાકર્મ સંબંધ (થયો). કેમ ?–કે **'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો...'** રાગનો પુદ્‌ગલ કર્તા છે એમ અમે સિદ્ધ કરીએ છીએ. ઓહો..હો...! સમજાણું કાંઈ ? **'અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.'** જુઓ ! પહેલાં એમ કહ્યું કે **'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...'** સ્વતંત્ર છે. પુદ્‌ગલ પરિણામ પરિણમતા પરિણમતા વિકારનો અંશ એમાં આવે છે. ભગવાન પરિણમતા પરિણમતા વિકારનો અંશ ઉત્પન્ન થાય એમ કદી થતું નથી. ભગવાનઆત્મા પરિણમે અને ઉદયભાવ થાય એમ બને નહિ. એ ઉદયભાવનો ભાવ એ પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલ એનો કર્તા **'પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં...'** હવે એ રાગ છે ને ? વિકાર છે ને ? પુણ્ય છે ને ? દયા, દાન, ભાવ. એ **'પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...'** એ વ્યાપક વડે એટલે કર્મ સ્વતંત્ર વ્યાપક વડે **'સ્વયં વ્યપાતું હોવાથી...'** એ પર્યાય સ્વયં વ્યાપકથી વ્યાપ્ત થાય છે. દયા, દાન, વ્રતાદિના પરિણામ એ વ્યાપક જે પુદ્‌ગલ, એનાથી સ્વયં વ્યાપે છે. પુદ્‌ગલ સાથેની વ્યાપ્ય દશા સ્વયં વ્યાપે છે.

પહેલાં તો દૃષ્ટાંત આપીને એટલું કહ્યું. એમાં સિદ્ધાંત સિદ્ધ કર્યો કે કર્તા-કર્મ તો ભાઈ ! એ પુદ્‌ગલ પરિણામ અને પુદ્‌ગલની સાથે છે. કેમ ?–કે પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. માટે એ પુદ્‌ગલપરિણામનો એ કર્તા છે. પુદ્‌ગલ સ્વતંત્ર કર્તા છે માટે, સ્વતંત્ર વ્યાપક છે માટે. માટે કહે છે ને ? ઇસલિયે. અને પુદ્‌ગલ પરિણામ જે વિકારી પરિણામ વ્યવહારરત્નત્રયના રાગાદિ આવ્યા, ઉદયભાવ આવ્યો, ભાષાપર્યાય તો જડ ... પણ પુદ્‌ગલ જે રાગાદિ, વ્યવહાર, પંચમહાવ્રતના પરિણામ **'તે વ્યાપક વડે...'** તે વ્યાપક વડે એટલે ? એ પુદ્‌ગલદ્રવ્ય જે સ્વતંત્ર વ્યાપક છે એ **'વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** એ વિકારી પરિણામ સ્વયં વ્યપાતું હોવાથી. એ કારણે **'કર્મ છે.'** એ વિકારી પરિણામ પુદ્‌ગલનું સ્તવયં વ્યાપ્ય હોવાથી એ પુદ્‌ગલનું જ કર્મ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

સ્વતંત્રતા. અહીંયા સ્વભાવ દ્રવ્યનો સ્વતંત્ર કર્તા પ્રવર્તનારા પર્યાય નિર્મળ વ્યાપક થઈને એ નિર્મળ પર્યાય સ્વયં કર્તા વ્યાપકની વ્યાપ્ય છે. વિકારી પરિણામ સ્વયં વ્યાપક દ્રવ્ય સ્વતંત્ર એની વ્યાપ્ય અવસ્થા છે. સમજાય છે કાંઈ ? સમજાય છે કે નહિ, ભાઈ ? ક્યાં ગયા ? એ તો સંસારમાં બધું ચાલે છે. આ સમજવાની ચીજ છે. બાકી તો બધા આવે છે ને જાય છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા ઓહો..હો...! ટીકા... કેટલી રીતે યુક્તિથી, ન્યાયથી એને સિદ્ધ કરવા... મુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે. ત્રણ કષાયનો નાશ (થયો છે), વીતરાગ પરિણતિ (પ્રગટી છે), સંજ્વલનનો જરીક (રાગ બાકી છે). ટીકામાં વિકલ્પ નિમિત્ત કહ્યો. સમજાણું કાંઈ ? પરમાણુની પર્યાય

તો એ સમયે એવી પરિણમવાની ક્રિયામાં એ ભાષાની પર્યાય જે છે એ પરિણામનો વ્યાપક તો પુદ્ગલ છે. 'અમૃતચંદ્રાચાર્ય'નો વિકલ્પ છે એ વ્યાપક નથી અને 'અમૃતચંદ્રાચાર્ય'ના આત્માનો એ વિકલ્પ વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

પ્રભુ ! તારું હૃદય મોટું છે, હોં ! તું મોટો ભગવાન થવાની તૈયારી તારામાં છે. એટલી તો તાકાત છે. ભગવાન પરમેશ્વર જેને તું સ્મરણ કરે છે, અરિહંત... અરિહંત... અરિહંત... સિદ્ધ... સિદ્ધ... એ અરિહંત અને સિદ્ધપણું તારા પેટમાં પડ્યું છે. શક્તિમાં પડ્યું છે, ધ્રુવમાં પડ્યું છે, ભાવમાં પડ્યું છે. એવા ભાવનો ભાવવાન ભગવાન, પોતાની ભાવના કરે છે તો એમાં નિર્મળ પર્યાયમાં સ્વતંત્ર આત્મા વ્યાપક થઈને, સ્વતંત્ર (વ્યાપક) થઈને અને નિર્વિકારી પર્યાય, એનું સ્વયં વ્યાપ્ય થઈને પરિણમન કરે છે. સમજાણું કાંઈ ? એ રાગ છે, વ્યવહાર છે તો નિર્વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય-વ્યાપ્તી થઈ (એમ નથી). વ્યાપક એવો દ્રવ્ય સ્વભાવ દ્રવ્ય, એ સ્વતંત્ર થઈને વ્યાપક થાય છે અને એની નિર્વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય થાય છે. સ્વયં થાય છે એનો અર્થ શું ?–કે એ રાગ છે તો નિર્વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય થઈ એમ નથી. તો સ્વયં વ્યાપ્ય થઈ એમ કહેવાય નહિ. વ્યવહાર વ્યવહારમાં રહ્યો. સ્વયં વ્યાપ્ય નિર્વિકારી પર્યાય, વ્યાપક આત્મા થઈને... જેમ અહીં પુદ્ગલ કહ્યું ને તેમ એ આત્મા છે.

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...'** આત્મા સ્વતંત્ર વ્યાપક હોવાથી નિર્મળ પરિણામનો કર્તા છે અને એ નિર્મળ પરિણામ એ **'વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** નિર્મળ પરિણામ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ ? **'તેથી પુદ્ગલદ્રવ્ય વડે...'** જુઓ ! ભાષા હજી વધારે સ્પષ્ટ કરે છે. **'તેથી પુદ્ગલદ્રવ્ય વડે...'** અહીં બે જ દ્રવ્ય લીધા, બસ. એક ભગવાન દ્રવ્ય અને એક પુદ્ગલદ્રવ્ય. એ **'પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને...'** પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને પ્રવર્તનારા વ્યાપક થઈને **'કર્મપણે કરવામાં આવતું...'** એ વિકારી પરિણામ કાર્યપણે કરવામાં આવતો વ્યવહાર વિકાર જે છે, એ **'પુદ્ગલદ્રવય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મ-નોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** છે. પુદ્ગલ પરિણામ છે.

**'તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** હવે અભાવ લે છે. જુઓ ! **'કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** રાગ, વિકાર, પુણ્ય, પાપ, શુભભાવ, કરુણા, કોમળતા, સેવાનો, અનુકંપાનો બધો રાગ. આહા..હા...! દુનિયા તો કહે, આહા..હા...! ભાઈ ! કોમળતા બહુ, હોં ! કોમળતા બહુ, સેવાભાવ બહુ. અહીં કહે છે કે સેવાભાવ તો પુદ્ગલનું વ્યાપ્ય છે. પામર છે ને ? પોતાની સેવા માગે છે અને બીજાની સેવા કરવામાં ધર્મ માને છે. પોતે પામર છે ને પામર ? કોઈ અમને મદદ કરે, મદદ કરે. બધાને મદદ કરે તો એને લાભ થશે. એને લાભ થશે તો મને પણ લાભ થશે. આહા..હા...! 'ભીખાભાઈ'! ભિખારી છે ને ભિખારી !

કાલે ભક્તિમાં નહોતું આવ્યું ! શેઠ ! ભિખારી આવ્યો છે. આપ ... આવ્યો હતો. શું શબ્દ હતા. '... ભિખારી આયા હૈ.' હે ભગવાન ! આપની પાસે .. ભિખારી આવ્યો છે. દેખવાલાયક હું ભિખારી છું. મારા નિર્મળ પરિણામને કરનાર હું ભગવાન, એવો હું ભિખારી છું. સમજાણું કાંઈ ? એ પૂજામાં (–ભક્તિમાં) આવ્યું હતું. બપોરે. સમજાણું કાંઈ ? અરે..! પ્રભુ ! હું તો એટલી માગણી કરું છું. મારા પ્રભુ પરમાત્મા સ્વભાવ પાસે, હું એવો દઢ ભિખારી છું કે અલૌકિક ભિખારી છું. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણામનો ભૂખ્યો હું, મારા પરિણામ મારા સ્વભાવમાંથી આવે એવો હું ભિખારી છું. સમજાણું કાંઈ ? એ ભગવાનની ભક્તિ કરતી વખતે શુભભાવ પરિણામ છે એ પુણ્યબંધનું કારણ છે. એને કહે છે કે પુદ્ગલનું વ્યાપ્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વસ્તુ એવી છે.

**'તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું...'** કર્મપણે કરવામાં આવતું કોના ? પુદ્ગલદ્રવ્ય વડે પુદ્ગલથી કર્મપણે કરવામાં આવતો વ્યવહાર. **'જે સમસ્ત કર્મ-નોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** છે. બસ, એટલી વાત છે. **'તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** જેમ આત્મા અને પુદ્ગલ પરિણામ, જેમ ઘટ અને કુંભાર. ઘટ જે વ્યાપ્ય છે, કુંભાર વ્યાપક છે એમ છે જ નહિ. **'ઘટ અને કુંભારની જેમ...'** વ્યાપ્ય નામ ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એનો અભાવ છે. ઘટ વ્યાપ્ય, કર્મ–કાર્ય, દશા, પર્યાય, પરિણામ અને પરિણામી કુંભાર, વ્યાપક કુંભાર એનો અભાવ છે. સમજાણું કાંઈ ?

**'તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને...'** જુઓ ! એ વિકારી પરિણામ, વ્યવહારરત્નત્રયના પરિણામ એ પુદ્ગલના પરિણામ અને આત્મા. બેયને કર્તા-કર્મનો અભાવ છે. સમજાણું કાંઈ ? એ કહે છે, જુઓ ! **'તેને જે આત્મા,...'** એટલી વાત. **'પુદ્ગલપરિણામને...'** એટલે વિકારી પરિણામ વ્યવહારરત્નત્રયને... ઉત્કૃષ્ટરૂપથી અહીં વાત લે છે. એ પુદ્ગલપરિણામ જે વિકારી પરિણામ છે એને અને આત્માને **'ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારમાં વ્યાપ્યવ્યાપકનો અભાવ છે, એમ વિકારી વ્યવહારરત્નત્રયના પરિણામ અને આત્મામાં વ્યાપ્ય–વ્યાપકનો અભાવ છે. સમજાણું કાંઈ ? જુઓ ! આ જ્ઞાનીનું લક્ષણ બતાવે છે. આહા..હા...!

શિષ્યે પૂછ્યું છે ને ? જ્ઞાની કેમ જણાય ? ભગવાન ! જો, એ વાત કહે છે એમ ઓળખી લે, તારા અને બીજાના આત્માને. સમજાણું કાંઈ ? ... એય...! 'દેવાનુપ્રિયા'! આ સમજાય છે કે નહિ ? શું છે હવે ? પહેલાં વ્યવહાર કરવો કે નિશ્ચય કરવો ? પહેલાં વ્યવહાર થોડો થોડો હોય તો નિશ્ચયને મદદ મળે ને ? એમ કે નય છે એ ઇન્દ્રજાળ છે. વ્યવહારનયનું કથન આવ્યું એ ઇન્દ્રજાળમાં ફસાણો છે. ઇન્દ્રજાળમાં નથી ફસાણો, એની ભ્રમણાથી ફસાણો છે. જો નયથી ફસાણો હોય તો એમાંથી કોઈ નીકળે નહિ. એની ભ્રમણાથી ફસાણો છે. નિશ્ચયનયનું, વ્યવહારનયનું કથન છે માટે ફસાણો છે એમ નથી.

એ કહે છે કે બે કથન આવ્યા ને ? વ્યવહારનયથી આત્મા કર્તા છે અને વ્યવહારરત્નત્રય એમાં છે. એમ આવ્યું તો ભ્રમણા થાય છે એમ કહે છે. એ ખોટું છે. બે નયના કથન આવ્યા તો ભ્રમણા ઉત્પન્ન થઈ એ વાત છે જ નહિ. એની દૃષ્ટિમાં ભ્રમણા છે તો એને ભ્રમણા દેખાય છે. સમજાણું કાંઈ ? વ્યવહારનયના કથન આવે છે ને ? માટે કહે છે. વ્યવહાર સાધક છે, વ્યવહાર કારણ છે, હસ્તાવલંબ છે, એમ શાસ્ત્રમાં આવે છે ને ? તો એ નયની જાળ થઈ એમ કહે છે. અહીં કહે છે, જાળ નહિ. એ સમજનારની સમજવાની ભૂલ છે. એ વાત જે કહેવામાં આવી છે એ યથાર્થ વાચ્ય સમજવા માટે વાત કહે છે. સમજે નહિ તો ગમે ત્યાંથી ભૂલ કાઢે. એમાં શું છે ? ભગવાન પાસે પણ ભૂલ કાઢે. એ બધું શાસ્ત્રમાં આવે છે ને ? કોણ ઓલું ? સર્વજ્ઞને આ ભગવાન સર્વજ્ઞને... મશ્કરી. મશ્કરી. સાધુ આવે ને ? ઇતિહાસમાં આવે છે. સમવસરણમાં જઈને ગણધરપદ ન મળ્યું. બહાર નીકળીને કહે, એ સર્વજ્ઞ નથી. સ્વતંત્ર છે. ત્યાં સમવસરણમાં તો ન થઈ શકે. બહાર નીકળીને કહ્યું. સર્વજ્ઞ હોય તો હું તો આટલો આટલો ભણેલો પહેલેથી મહાન છું. મને કેમ ગણધરપદ ન મળ્યું ? ગણધરપદ શું પોતાથી મળે છે ? એ તો સ્વભાવિક વસ્તુ છે એમાંથી આવે છે. સમજાણું કાંઈ ? સર્વજ્ઞને ઉડાવી દીધા. લ્યો ! ભગવાનનું સમવસરણ ... એ સર્વજ્ઞ નથી. એ કોઈ ભગવાન ભ્રમણાનું કારણ હતા ? ભ્રમણા તો એણે ઉત્પન્ન કરી છે. એમ નયના કથન શાસ્ત્રમાં નિશ્ચય-વ્યવહાર, ઉપચાર-અનુપચાર કથન આવે, એ કથન ભ્રમણાનું કારણ નથી. બેમાં મેળ કરવાની દૃષ્ટિ નથી માટે એને ભ્રમણાનું કારણ થાય છે. તો એની દૃષ્ટિમાં ભૂલ છે. સમજાય છે કાંઈ ? શું કહે છે ?

જેમ ઘટ અને કુંભારમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે તેમ આત્મા અને પુદ્‌ગલપરિણામમાં વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. **'અસિદ્ધિ હોવાથી,...'** જુઓ ! આત્મા પુદ્‌ગલ પરિણામને, વિકારી પરિણામ, પર્યાય અને આત્મા **'ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભાર બેમાં કર્તાકર્મનો અભાવ છે, વ્યાપ્યવ્યાપકનો અભાવ છે એ કારણે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી. જેમ ઘટનો કર્તા કુંભાર નથી અને કુંભાર ઘટનું વ્યાપ્ય નામ કર્મ, કુંભારનું એ કર્મ નથી. એમ ભગવાનઆત્મા અને પુદ્‌ગલ રાગ વ્યવહારરત્નત્રયના પરિણામ, આત્મા એનો કરનાર વ્યાપક અને એ પુદ્‌ગલપરિણામ રાગાદિ વ્યાપ્ય, એના કર્તાકર્મપણાનો અભાવ છે, એમ વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. એમ કદી હોતું નથી. સમજાણું કાંઈ ? એક પણ વાત બરાબર લક્ષમાં, રુચિમાં લે તો એને વિવેક થઈ જાય. સમજાણું કાંઈ ? લક્ષમાં તો એણે લેવાનું છે ને ? કે કોઈ દઈ શકે છે ?

કહે છે કે **'આત્મા, પુદ્‌ગલપરિણામને...'** પુદ્‌ગલપરિણામ કોને કહ્યા ? એ પહેલાં શબ્દ લીધા એ. રાગ-દ્વેષ, સુખ-દુઃખ, કલ્પના એ બધા. નોકર્મ, વાણી, દશા એવી ચાલે છે, જુઓ ! કે આત્મા છે તો શરીર ચાલે છે ને ? આત્મા છે તો શરીર ચાલે છે ને ? હું આત્મા છું. પ્રેરણા કરે છે તો શરીર આમ ચાલે. જુઓ ! કહે છે કે મૂંઢ છો. એ પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને અને આ

પર્યાય સ્વયં વ્યાપ્ય થઈને વ્યાપક સાથે મળે છે. આત્મા એની પર્યાય ચલાવે છે અને આત્મા વ્યાપક અને આ વ્યાપ્ય છે એમ ત્રણ કાળમાં નથી.

ઘટ અને કુંભારની વચ્ચે વ્યાપ્યવ્યપાકનો અભાવ છે અર્થાત્ કર્તાકર્મનો અભાવ છે. એમ પુદ્ગલપરિણામ એવો રાગ અને શરીરથી પર્યાય અને ભાષાની પર્યાય અને આત્મા, બે વચ્ચે વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી કર્તા-કર્મની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ ? 'કિશોરચંદજી'! શું કહે છે સમજાય છે ? પુદ્ગલ પરિણામ એટલે એકલી જડપર્યાય ન લેવી. બધા ઉદયભાવથી લઈને.. એક કોર ગામ અને એક કોર રામ. એક કોર ભગવાનઆત્મા જ્ઞાયકપણાથી સ્વતંત્ર વ્યાપક થઈને પોતાની જ્ઞાતાદૃષ્ટાની નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય થાય, એ પર્યાય સ્વયં વ્યાપ્ય થાય છે, આત્મા સ્વયં વ્યાપક થઈને કર્તા થઈને કરે છે. એમ આત્મા અને વિકારી પરિણામ, પુદ્ગલના જે પરિણામ એ આત્માનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક, ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એ જેમ નથી, એમ વિકારી પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. એવી કદી સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ ?

**'આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને...'** કોની પેઠે ? **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** શું (કહ્યું) ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ વ્યાપ્ય અને આત્મા વ્યાપક, આત્મા કર્તા અને એ વ્યાપ્ય નામ કર્મ, તેની અસિદ્ધિ છે. સમજાણું કાંઈ ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, નવ તત્ત્વનો ભેદની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ અને પંચ મહાવ્રતનો વિકલ્પ, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ. કહે છે કે જેમ ઘટ અને કુંભારની વચ્ચે વ્યાપ્યવ્યાપક અર્થાત્ કર્મ-કર્તા નથી, એમ વિકારી પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ કર્તા-કર્મની સિદ્ધિ કદી થતી નથી. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ ? એક એક વાત બે-ત્રણ વાર તો ચાલે છે. આમને આમ છોડી નથી દેતા. શું કહે છે ? જુઓ !

**'પરમાર્થે કરતો નથી,...'** પરમાર્થથી વિકાર પરિણામ વ્યવહારરત્નત્રય વ્યાપ્ય અને આત્મા વ્યાપક, આત્મા કર્તા અને વિકારી વ્યવહારત્નત્રય પર્યાયનું કાર્ય છે જ નહિ. વસ્તુની પરમાર્થ દૃષ્ટિમાં એ વાત સિદ્ધ થતી નથી. એનાથી ઊલટું સિદ્ધ થાય છે કે વિકારી પરિણામ જે છે એ વ્યાપ્ય જે પુદ્ગલનું છે એ પોતાનું જ્ઞાન કરે છે, એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત પડે છે એવું પોતાનું જ્ઞાન વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. પણ એ નિમિત્ત પડે છે માટે વ્યાપ્ય થઈ જાય જ્ઞાનમાં એ વિકાર વ્યવહારરત્નત્રય નિમિત્ત પડે છે તો વ્યવહારરત્નત્રય આત્માનું વ્યાપ્ય થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ ?

આ તો 'અમૃતચંદ્રાચાર્ય'નો અમૃતનો ખજાનો છે. ટીકા આત્મખ્યાતિ. આત્મપ્રસિદ્ધિમાં વિકાર પરિણામની પ્રસિદ્ધિ આત્મા કરે એ આત્માની પ્રસિદ્ધિ છે ? વિકાર પરિણામ–વ્યવહારરત્નત્રય આત્મા કરે એ આત્માની પ્રસિદ્ધિ છે ?–નહિ. એ વ્યવહારરત્નત્રયની પ્રસિદ્ધિ પુદ્ગલનું વ્યાપ્ય છે, એ પુદ્ગલની પ્રસિદ્ધિ કરે છે. એ પુદ્ગલની પ્રસિદ્ધિ-જાહેરાત કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'પરમાર્થે કરતો નથી,...'** ત્યારે છે શું ? **'પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** જુઓ !

એટલો જરી જ્ઞેયજ્ઞાયક સંબંધ લીધો. કર્તા-કર્મ નહિ, વ્યાપ્યવ્યાપક નહિ એટલે જ્ઞેય-જ્ઞાયક છે. **'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...'** અર્થાત્ જે વિકારી પરિણામ થયા. છે એનું જ્ઞાન નહિ, જ્ઞાન તો પોતાનું છે. અહીં તો જરી એનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક પોતામાં થાય છે, સ્વ-પરપ્રકાશક પોતામાં પોતાના કારણે થાય છે, એમાં એ પુદ્‌ગલ પરિણામ વ્યવહારરત્નત્રયનો રાગ, શુભભાવ એ પુદ્‌ગલ પરિણામ, એનું જ્ઞાન. જ્ઞાન તો પોતાનું છે, પણ પોતાના સ્વ-પરપ્રકાશક સંબંધી જ્ઞાનમાં એ જરી નિમિત્ત પડે છે, કાર્ય તો પોતામાં પોતાથી થાય છે. તો વ્યવહારરત્નત્રય જ્ઞાનમાં નિમિત્ત થયો, વ્યવહારરત્નત્રય નિશ્ચયમાં કારણ થયું એમ નથી. પોતાના નિશ્ચયમાં કારણ થયું એમ નથી. પણ પોતાનું જ્ઞાન થયું એમાં એ ચીજ છે એમ ઉપાદાનથી સ્વ-પરપ્રકાશકનું વ્યાપ્ય થઈને વ્યાપક આત્મા પોતાના જ્ઞાનનું કાર્ય કરે છે તો વ્યવહારરત્નત્રય નિમિત્ત છે. કોનામાં ?–એ જ્ઞાન થયું એમાં. જ્ઞેય તરીકે નિમિત્ત થયું. જ્ઞેય-જ્ઞાયકનો નિમિત્તનિમિત્ત સંબંધ છે ને–એ વાત સિદ્ધ કરે છે. બીજી વાત આત્મામાં સિદ્ધ થતી નથી.

**'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતાં એવા પોતાના આત્માને જાણે છે,...'** પાછું જુઓ ! શું લીધું ઇ ? કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, એ સંબંધી પોતાનું જ્ઞાન. પોતાના જ્ઞાતા તરફનું પરિણમ વ્યાપ્ય થયું એ પોતાનું જ્ઞાન. એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત થયું, તો કહે છે કે પોતાના આત્માને જાણે છે. ઓલા પરને જાણવું એ તો વ્યવહાર થયો. એ આત્મા પોતાના જ્ઞાનને જાણે છે, પોતાના જ્ઞાનને જાણે છે. ભલે જ્ઞાનમાં એ નિમિત્ત થાય. પણ પરને જાણે છે એ તો ઉપચાર છે. એ નહિ. **'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કર્તા એવા...'** આત્માનું કાર્ય છે કે એને જાણવું, પોતાને જાણવું એમ પોતાના આત્માને જાણે છે. હવે વિશેષ વાત કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા–એ બન્ને એકસાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવી નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ. ૪૧૫.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર કળશટીકા, શ્લોક–૨૭૧
## પ્રવચન નં. ૪૬૩, તા.૨૯-૦૯-૧૯૭૭
## [૧૧]

કળશટીકા. ૨૭૧ કળશ. પહેલું મૂકી દીધું પણ એમાં બધો ખુલાસો આવી ગયો.

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

**'ભાવાર્થ આમ છે કે...'** પહેલેથી ભાવાર્થ લીધો. એ તો પહેલાં શું કહેવું છે એને જરી સ્પષ્ટ કરવા માટે. **'જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે,...'** આ વાત ઉપાડી. એમ કે પરદ્રવ્ય જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે એવી ભ્રાંતિ ચાલે છે. કહે છે. પરજ્ઞેય છે એ તો વ્યવહાર જ્ઞેય છે. નિશ્ચયમાં તો પોતાના જ્ઞાનની પર્યાયમાં જે છ દ્રવ્યનું જ્ઞાન થાય, એ પોતાનું જ્ઞેય અને પોતાનું જ્ઞાન અને પોતે જ્ઞાતા છે. આહા..હા...! જેમ પહેલાં કહ્યું કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ જ છે. દ્રવ્ય પણ એ જ છે, ક્ષેત્ર પણ એ જ છે, કાળ પણ એ જ છે. દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન એમ નથી. આહા..હા...!

વસ્તુ દ્રવ્ય જે અનંત ગુણનો ભંડાર દ્રવ્ય, એ દ્રવ્ય એક અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, એ જ ત્રિકાળ અને એ જ ભાવ છે. જેમ કેરીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (છે). વર્ણ કહો તો એ, ગંધ કહો તો પણ એ, રસ કહો તો પણ એ અને સ્પર્શ કહો તો એ. કેરીમાં વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ જુદા છે એમ નથી. કેરી–આમ. આહા..હા...! એમ આત્મા દ્રવ્ય એટલે અનંત ગુણનો પિંડ પ્રભુ દ્રવ્ય, એ જ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એ દ્રવ્ય એ જ ક્ષેત્ર છે અને જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે એ જ દ્રવ્ય છે; અને જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે એ જ ત્રિકાળ કાળ છે અને એ જ ત્રિકાળ ભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ચાર પ્રકારનો ભેદ પણ કાઢી નાખ્યો. દૃષ્ટિનો વિષય તો દ્રવ્ય સ્વભાવ, ક્ષેત્ર સ્વભાવ, કાળ, ભાવ એ એકરૂપ સ્વભાવ છે. દૃષ્ટિના વિષયમાં ચાર ભેદ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

દ્રવ્ય છે એ જ પંચમ પારિણામિક ભાવ છે, ક્ષેત્ર છે એ પંચમ પારિણામિકભાવ છે, ત્રિકાળ

વસ્તુ એ પરમ પારિણામિકભાવ છે અને અનંત ભાવ એ પણ પારિણામિકભાવ છે. આહા..હા...! એ ચાર એક જ ચીજ છે. ચાર ભિન્ન-ભિન્ન છે એમ નથી. સમ્યગ્દર્શનનો વિષય... આહા..હા...! એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસ્વરૂપે અભેદ-અખંડ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા...! આકરી વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ? એ સમ્યગ્દર્શનના વિષયમાં નિમિત્ત તો નથી, રાગ તો નથી, પણ એક સમયની પર્યાય સિદ્ધ આદિ કેવળજ્ઞાન એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા...!

હવે અહીંયાં તો જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા. જ્ઞાન–જાણનાર, જ્ઞેય–જણાય છે, જ્ઞાતા–બધા ગુણનો પિંડ. આહા..હા...! એ કહે છે, જુઓ ! **'જ્ઞેય-જ્ઞાયકના સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક,...'** આહા..હા...! અને **'પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે;...'** આહા..હા...! છ દ્રવ્ય. એમાં અનંત કેવળીઓ આવ્યા, અનંત સિદ્ધ આવ્યા, અનંત નિગોદના જીવ આવ્યા. આહા..હા...! આત્મા જ્ઞાયક છે અને પંચ પરમેષ્ઠી છ દ્રવ્યમાં આવ્યા તો એ જ્ઞેય છે, એમ નથી. આહા..હા...! જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહાર સંબંધ પણ છોડાવે છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! જાણક સ્વભાવ એવો ભગવાનઆત્મા, એ જ્ઞાયક. જ્ઞાયક–જાણનાર અને છ દ્રવ્યમાં અનંત કેવળી આવ્યા, સિદ્ધો આવ્યા, એ જ્ઞાનમાં જ્ઞેય છે એમ છે નહિ. આહા..હા...! એ કહે છે, જુઓ !

**'જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને...'** એક પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ કર્મ આદિ. આહા..હા...! અહીં તો આત્મા જ્ઞાયક છે અને વ્યવહાર રત્નત્રયનો રાગ ઉત્પન્ન થયો એ જ્ઞેય છે એમ પણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ જ્ઞાયક આત્મા અને એ જ્ઞેય છે, એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! બારમી ગાથામાં કહ્યું કે જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો એ તો પોતાની પર્યાયને જાણે છે. રાગને, વ્યવહારને પોતાની પર્યાયમાં જાણે તો પર્યાય પોતે જ્ઞેય છે. રાગ જ્ઞેય તો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા...! બહુ ઝીણું.

છ દ્રવ્યોમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદવાળો ભાવ, પંચ મહાવ્રતના પરિણામ–એ રાગ, એ પોતાનો સ્વભાવ તો નથી પણ એ પોતાનું જ્ઞેય પણ નથી. આહા..હા...! ગજબ વાત છે. ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...! **'પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી,...'** એમ નથી. 'ચંદુભાઈ'! આહા..હા...! શરીરમાં રોગ આવ્યો, તો આત્મા જ્ઞાયક છે અને રોગ જ્ઞેય છે એમ પણ નથી.

**શ્રોતા :–** અજીબ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ વાત છે. કદી ત્યાં સાંભળ્યું છે ? તમાકુ ને બીડીમાં આ ક્યાંય છે નહિ. અહીં તો કહે છે, તમાકુ ને બીડી અને સ્ત્રી, કુટુંબ અને પરિવાર એ જ્ઞાયકનું જ્ઞેય છે એમ છે નહિ. આહા..હા...! ગજબ વાત કરી ને ! પોતાનું તો નહિ. જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી અને વ્યવહાર રત્નત્રયનો રાગ એ છ દ્રવ્યમાં આવે છે. તો છ

દ્રવ્ય છે એ જ્ઞેય છે, જાણવા લાયક છે, પ્રમેય છે અને આત્મા પ્રમાણ કરનાર છે એમ પણ નથી. આહા..હા...! આવી વાત છે.

**શ્રોતા :–** મીઠી મધુરી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ આવી છે, બાપુ ! અહીં તો પરથી સંકેલવાની વાત છે. આહા..હા...! આકરું કામ એને, ભાઈ ! અનંત કાળમાં અભેદને જાણ્યો નહિ એણે. આહા..હા...!

અહીં કહે છે કે **'પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ...'** અનંત કેવળીઓ, પંચ પરમેષ્ઠી, જ્ઞાનમાં જ્ઞેય છે એમ નથી. 'મીઠાલાલજી'! આહા..હા...! અરે...! કેમ કે આત્મા જે છ દ્રવ્યનું અને પંચ પરમેષ્ઠીનું જ્ઞાન કરે છે એ તો જ્ઞાનની પર્યાય એને કારણે થઈ નથી. એ જ્ઞેયને કારણે નથી થઈ. એ તો પોતાથી થઈ છે. પોતાના જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞેય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે–'** **'अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि'** આહા..હા...! **'હું अयं જે કોઈ ज्ञानमात्रः भावः अस्मि ચેતનાસર્વસ્વ...'** જાણન, દેખન-ચેતના સર્વસ્વ. એવું વસ્તુનું સ્વરૂપ. **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** આહા..હા...! **'सः ज्ञेयः न एव'** **'તે હું જ્ઞેયરૂપ છું,...'** ચેતના સર્વસ્વ અને હું. એ છ દ્રવ્યનું જ્ઞેયપણું એ પણ મને નહિ. હું તો ચેતના સર્વસ્વ જે પોતાની પર્યાય છે, એ મારું જ્ઞેય છે. બાકી વાતું ભારે. છેલ્લા શ્લોકોમાં તો એકદમ... જ્ઞાનની પર્યાય જ્ઞાયક આત્મા છે. પણ એ જ્ઞેય તો છે કે નહિ ? છ દ્રવ્ય, કેવળજ્ઞાન જ્ઞેય છે કે નહિ ?

**શ્રોતા :–** વ્યવહારથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહારથી એનો અર્થ શું ? (એમ) છે નહિ. ભગવાન લોકાલોકને જાણે છે એમ નથી, એમ કહે છે. તો શું એ લોકાલોકને નથી જાણતા ? પોતાની જ્ઞાનપર્યાયમાં પોતામાં લોકાલોકનું જ્ઞાન પોતાને કારણે થયું એ પર્યાય પોતાનું જ્ઞેય છે, લોકાલોક જ્ઞેય નથી. આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! આહા..હા...! આ તો ધીરાના કામ છે, ભાઈ ! આ કાંઈ એકદમ... આહા..હા...!

**'सः ज्ञेयः न एव'** **'તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી ?'** **'ज्ञेयानमात्रः'** **'પોતાના જીવથી ભિન્ન...'** આહા..હા...! ભગવાન ચેતનસ્વરૂપથી ભિન્ન **'છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** હું નહિ. આહા..હા...! છ દ્રવ્યના જાણપણામાત્ર હું નથી. હું તો મારી જ્ઞાનની પર્યાયને જ્ઞેય બનાવીને જાણનારો છું. આવી ઝીણી વાતું. હવે માણસને વ્યવહારથી થાય, દયા, દાન અને વ્રત, ભક્તિથી નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગયું પણ વ્યવહાર જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એ પણ દૂર થઈ ગયું. આહા..હા...!

**શ્રોતા :–** ઘણું સૂક્ષ્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સૂક્ષ્મ છે. બાલ કી ખાલ કહે છે ને ભાઈ ! .. શું કહે છે ? એવી

વાત છે. માર્ગ એવો છે. આહા..હા...!

**શ્રોતા :–** આપ જ સમજાવી શકો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ઓલા બીડીના પ્રેમમાં એના નામાને કેમ કાઢી શકો છો ? શેઠ ! એનું નામુ કાઢી શકો છો ને ? ... આની પાસે એટલા છે.. આની પાસે એટલા છે. ટેવાઈ ગયા ને. આહા..હા...!

અહીંયાં તો કહે છે, એ લઈ-દઈ શકતા તો નથી, પણ એને જાણે છે એમ પણ નથી એમ કહે છે. શેઠ ! તમાકુ, બમાકુ, 'કાનપુર' જઈને પૈસા લે એમ તો નહિ, અહીં એમ કહે છે. દાખલો ઘરના શેઠિયાનો આપીએ ને. પણ એ પૈસા આવ્યા, ૫૦ હજાર, લાખ, બે લાખ–એ જ્ઞેય અને હું જ્ઞાયક એમ પણ નથી. આહા..હા...! કેમકે જ્ઞેયને જાણવાની પર્યાય મારી, હું જ્ઞેય અને હું જ્ઞાન છું. આહા..હા...! હું ચૈતન્યસર્વસ્વ છું. એમાં પરનું જ્ઞેયપણું આવતું જ નથી, કહે છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! તત્ત્વદૃષ્ટિ સૂક્ષ્મ છે, ભાઈ ! આહા..હા...! એણે અનંત કાળમાં પરનો, પર્યાયનો, રાગનો અભ્યાસ કર્યો. આહા..હા...! જન્મ-મરણથી રહિત થવાની ચીજ કોઈ અલૌકિક છે. આહા..હા...! અને તે પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. પણ પુરુષાર્થ કેવો ? આહા..હા...!

આ શાસ્ત્ર છે, એ મારું જ્ઞાન છે અને આ જ્ઞેય છે, એમ નથી; અને મારા જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રનું જે જ્ઞાન છે એવું જ્ઞાન થયું એ એને કારણે નથી થયું. એ જ્ઞેયને કારણે નથી થયું. પોતાની પર્યાયમાં પોતાના જ્ઞેયના કારણે જ્ઞાન થયું છે. આહા..હા...! આવો માર્ગ છે. પરની સાથે શું સંબંધ છે ? એમ કહે છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નહિ. આહા..હા...! જ્ઞેય-જ્ઞાયક સંબંધ કહેવામાં આવે છે ને ? ... આવે. આહા..હા...! નિશ્ચયમાં તો એ છ દ્રવ્યનું જે જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થયું છે, એ છ દ્રવ્યની હયાતીને કારણે આ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થયું એમ નથી. મારી પર્યાયમાં એટલી હયાતીની તાકાત છે કે પરની હયાતી છે તો હું છ દ્રવ્યની પર્યાયનું જ્ઞાન કરું એમ છે નથી. આહા..હા...! આવી વાત હવે.

કહે છે, **'सः ज्ञेयः न एव'** એ જ્ઞેય-જ્ઞાનમાત્ર, પરનું જ્ઞાનમાત્ર જ્ઞેય એ હું નહિ. પરનું જ્ઞાનમાત્ર જ્ઞેય એ હું નહિ. આહા..હા...! 'કળશટીકા' તો ઘરમાં પડ્યું હશે ને ? ઘરે પુસ્તક તો છે કે નહિ ? પડ્યું હશે. નાના શેઠ વાંચે.. આવી વાત છે, ભગવાન ! આહા..હા...! આ તો ભગવાનની વાત છે ને ? 'ભગવાનદાસ' ! આહા..હા...! ગજબ વાત. દિગંબર સંતો સિવાય આ પદ્ધતિ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ ? આ વસ્તુની સ્થિતિ. ભગવાન ! એ છ દ્રવ્ય છે, એનું જ્ઞાન થયું એ જ્ઞેય, તો એ જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે થઈ છે ? એ તો પોતાની પર્યાય થઈ. પોતાની પર્યાય એ જ પોતાનું જ્ઞેય છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ છે, ભાઈ ! આહા..હા...!

વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ ૧૨મી ગાથામાં કહ્યું હતું. એનો અર્થ એ કે એ પ્રકારની જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એ વ્યવહારનો રાગ છે એનું અહીંયા જ્ઞાન પોતાની પર્યાયમાં

એવી સ્વ-પરપ્રકાશકની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એ પોતાની પર્યાય જ પોતાનું જ્ઞેય છે. વ્યવહાર પણ જ્ઞેય નથી. આહા..હા...! આવી વાતું છે. આ તો ધીરાના કામ છે, બાપુ ! આ કોઈ ઉતાવળીયા થઈને...

**શ્રોતા** :– ઉતાવળે આંબા ન પાકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, ઉતાવળે આંબા ન પાકે. આંબો વાવ્યા પછી થોડી ધીરજ જોઈએ. આહા..હા...! આંબાને શું કહે છે ? કેરી-કેરી. કેરીનું બીજ વાવે અને તરત ફળ આવે ? એના માટે થોડી ધીરજ જોઈએ. એમ ભગવાનઆત્મા... આહા..હા...!

તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે, તો એ જ્ઞેય છે તો અહીં જ્ઞાન થયું એમ નથી. પોતાની પર્યાય જ એટલી પ્રગટી છે કે પોતાનું જ્ઞાન અને પોતાનું જ્ઞેય પર્યાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.**' નથી. એમ કહ્યું. શું કહ્યું એ ? '**પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.**' નહિ. એના જાણપણામાત્ર હું નથી. આહા..હા...! પોતાની પર્યાયને જાણપણામાત્ર હું છું. સર્વસ્વ તો મારામાં છે. આહા..હા...! અરે..!

'**ભાવાર્થ આમ છે કે–હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય–**' હું જાણનારો અને સર્વજ્ઞ પરમેશ્વર એ મારા જ્ઞાનમાં જ્ઞેય. પરમેશ્વર મારો છે એમ તો નહિ... આહા..હા...! પંચ પરમેષ્ઠી મારા છે એમ તો નહિ પણ પંચ પરમેષ્ઠી મારામાં જ્ઞેય છે એમ પણ નથી. આહા..હા...! એ પંચ પરમેષ્ઠીનું જે અહીં જ્ઞાન થયું, એ એનું નથી થયું, પોતાની પર્યાયના સામર્થ્યથી થયું છે. એ પોતાની પર્યાય પોતામાં જ્ઞેય છે. આહા..હા...! આવું કામ છે. દૃષ્ટિને સંકેલી લીધી. આહા..હા...! પોતામાં જ્ઞેય-જ્ઞાન અને જ્ઞાતા એ ત્રણ ભેદ પણ કાઢી નાખશે. અહીં તો હજી... સમજાણું કાંઈ ? પર જ્ઞેય અને હું જ્ઞાયક એવો ભેદ તો કાઢી નાખે છે. પછી પર્યાય જ્ઞેય છે, હું જ્ઞાન છું, હું જ્ઞાતા છું એવા ત્રણ ભેદ પણ એમાં નથી. જ્ઞાતા તે જ્ઞાતા છે અને જ્ઞાતા તે જ્ઞાન છે અને જ્ઞાન તે જ્ઞેય છે. આહા..હા...! આવી ચીજ ! સંતો એ માર્ગ સહેલો કરી દીધો. આહા..હા...! અલ્પ ભાષામાં માર્ગ ઘણો સરળ કરી દીધો છે. આહા..હા...! ઇ 'અનુભવ પ્રકાશ'માં આવે છે.

'**ભાવાર્થ આમ છે કે–હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો...**' સમસ્ત નામ મારા સિવાય બધા પર. '**છ દ્રવ્યો મારાં જ્ઞેય—**' છે. આહા..હા...! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પરમાણુથી માંડીને સ્કંધ, કર્મ. કર્મ મારું જ્ઞેય છે અને હું જ્ઞાયક છું... આહા..હા...! કર્મ મારામાં તો નથી, મારા તો નથી પણ કર્મ જ્ઞેય છે અને હું જ્ઞાયક છું એમ પણ નથી. આહા..હા...! અહીં પોકાર કરે છે કર્મથી આમ થાય.. કર્મથી આમ થાય. અરે..! સાંભળ તો ખરા, નાથ ! તારા જ્ઞાનની સામર્થ્યતા એટલી છે કે પરની અપેક્ષા એમાં છે નહિ. આહા..હા...! '**એમ તો નથી. તો કેમ છે ? આમ છે–**'

**'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** આહા..હા...! વસ્તુમાત્ર જ્ઞેય. **'જાણપણારૂપ શક્તિ,...'** મારી જાણપણારૂપ શક્તિ અને **'જણાવાયોગ્ય શક્તિ,...'** એ મારી. જાણપણારૂપ શક્તિ મારી અને જણાવાયોગ્ય શક્તિ પણ મારી. આહા..હા...! આવો માર્ગ છે. એની મેળે તો આ સમજાય એવું નથી. 'પોપટભાઈ'!

**શ્રોતા :–** સમયસર આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવી ગયા. 'પોપટભાઈ' કહે. ઓલા પૈસામાં રોકાઈ ગયા હતા ને ! આહા..હા...!

અહીં તો પ્રભુ તો કહે છે કે લક્ષ્મી જ્ઞેય છે. તારી તો લક્ષ્મી તારી નથી. એ તો જગતની જડ ચીજ છે, પણ એ જ્ઞેય છે અને તું જ્ઞાયક છે એમ પણ નથી. ત્યારે (શું છે ?) કે તારી જ્ઞાનની પર્યાય જ્ઞેય અને તું તારું જ્ઞાન અને તું તારો જ્ઞાતા. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો ! **'જાણપણારૂપ શક્તિ,...'** મારી. **'જણાવાયોગ્ય શક્તિ,...'** મારી. હું પર્યાયના જ્ઞાનને જ્ઞેય બનાવું છું. મારી પર્યાય જ્ઞેય, હું જ્ઞાન. એ એક એક શક્તિ થઈ. બે. હવે જ્ઞાતા. **'જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન...'** જાણનશક્તિ એક, જ્ઞેય શક્તિ–પ્રમેય શક્તિ એક અંદર. આહા..હા...! કેમકે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રમેય શક્તિનું વ્યાપકપણું છે. તો એ જ્ઞેયપર્યાય છે એ પણ હું અને જ્ઞાન પણ હું અને અનંત શક્તિ સંપન્ન જ્ઞાતા પણ હું. આવી એક એક શક્તિ. શું કહ્યું ? બહુ સરસ વાત છે. આહા..હા...!

ભાઈ ! તારે પર સામું જોવાનું નથી. આહા..હા...! અને પરને... આહા..હા...! એ વીતરાગની વાણી ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજે અને એ તારું જ્ઞેય અને તું જ્ઞાયક (એમ નથી). આહા..હા...! એનાથી તો તારી જ્ઞાન પર્યાય છે નહિ પણ એને જાણે છે એમ પણ નથી. સમજાણું કાંઈ ? એ સંબંધી પોતાની જે જ્ઞાનપર્યાયમાં જ્ઞાન થયું એ જ્ઞેયને આત્મા જાણે છે. એ જ્ઞેય પણ પોતામાં, જ્ઞાન પણ પોતાનું અને અનંત શક્તિ સંપન્ન જ્ઞાતા પણ પોતે. અરે..! એને ક્યાં જાવું ? બહારમાં ભટકે. 'ભટકત દ્વારા દ્વાર લોકન કે..' આવે છે ને ? 'જાંજરી' બોલ્યો હતો તે દિ'. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશા ધારી.' કૂતરો જ્યારે દસ વાગ્યાનું ટાણુ હોય પછી જાળી હોય ને જાળી ? કુતરા જાળી બંધ હોય. ત્યાં રોટલા ખાતા હોય તો કુતરાને ગંધ આવે. કુતરા જાળી બંધ હોય ને ? ત્યાં ઊભો રહે. ઓલી રોટલીની ગંધ આવેને. હમણા મને આપશે. એને દાળ-ભાત-શાકની ગંધ આવે ને ? આહા..હા...! એમ જ્યાં હોય ત્યાં ભિખારી માગ્યા કરે છે તું. મારા જ્ઞાનની પર્યાય અહીંથી થાય... અહીંથી થાય... અહીંથી થાય... આહા..હા...!

'આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.' આત્માના આનંદનો સુધારસ પીને, પ્રભુ ! આહા..હા...! એ જ્ઞેય તું, જ્ઞાન પણ તું અને જ્ઞાતા પણ તું. જ્ઞાન જાણવાની એક શક્તિ, જ્ઞેય જણાવાની એક શક્તિ અને જ્ઞાતા અનંત શક્તિપણે બિરાજમાન. આહા..હા...! હવે અહીં તો કહે

છે કે મારા ગુરુ અને મારા ભગવાન અને મારા દેવ, મારું મંદિર.

**શ્રોતા** :– ચેતના સર્વસ્વ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હું તો ચેતના સર્વસ્વ છું. આહા..હા...!

ચેતના સર્વસ્વ હું છું. સર્વસ્વ હું છું. એ જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. આહા..હા...! આવો માર્ગ સમજાય નહિ એટલે પછી લોકોને વ્યવહાર ક્રિયાકાંડમાં દોરી દીધા અને એનાથી કલ્યાણ થશે એવી પ્રરૂપણા શરૂ થઈ ગઈ. અર..ર..! એ તો મિથ્યાત્વની પ્રરૂપણા છે. મિથ્યાત્વના પોષણની પ્રરૂપણા છે. કેટલાક કહે છે ને એ કેમ ખબર પડે કે આ ભાવલિંગી છે કે દ્રવ્યલિંગી છે ? પણ પ્રરૂપણા ચોખ્ખી છે નહીં. એનાથી ખબર નથી પડતી કે આ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એ તો સ્થૂળ વાત છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં છે. એને અહીં ધર્મનું કારણ બનાવે છે. એનાથી ધર્મ થાય. એથી તો પ્રરૂપણા કથન છે. હવે એ મિથ્યાત્વ (છે). એમાં સૂક્ષ્મ શું છે ? સમજાણું કાંઈ ? આકરું લાગે, ભાઈ !

એ કહ્યું નહોતું ? કાલે કહ્યું હતું કે આજે સવારમાં કહ્યું હતું. ભાઈ ! વ્યવહારનો નિષેધ કરે છે એ તારો નિષેધ નથી. તું એમાં છો જ નહિ તો પછી નિષેધ શેનો ? તું આત્મા છે ને, ભગવાન ! જ્ઞેય-જ્ઞાતા અને જ્ઞાન તરીકે તું આત્મા છો. તો તારો એમાં અનાદર ક્યાં આવ્યો ? એમાં તો સ્વનો આદર થયો. આહા..હા...! સમજાણું કાંઈ ? વ્યવહારનો નિષેધ એ પોતાની પર્યાયમાં વ્યવહાર જ્ઞાન છે, એ વ્યવહાર જ્ઞેય અને આ જ્ઞાન એમ પણ પછી નથી. તારું સ્વરૂપ એવું નથી. આહા..હા...! તું એવો છો નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગ આવે, હોય એ બીજી વાત છે. હોય તો છ દ્રવ્ય પણ છે. અનંત અનાદિથી છે. અને તે સત્‌રૂપે છે, અસત્‌રૂપે નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. એ તો પોતાની અપેક્ષાએ મિથ્યા પણ એની અપેક્ષાએ છ દ્રવ્ય અનાદિથી પડ્યા છે. આહા..હા...!

એક એક દ્રવ્યમાં અનંત ગુણ, એક એક પરમાણુમાં અનંત ગુણ. આહા..હા...! એ જ્ઞાનમાં જ્ઞેય કહેવું, એ કહે છે કે અમને ખટકે છે. એ નહિ. આહા..હા...! તો એ જ્ઞાનમાં વ્યવહાર પોતાનો માનવો એ તો ક્યાંય રહી ગયું. ભગવાન ! માર્ગ પણ તારા હિતકારીની વાત છે, પ્રભુ ! આહા..હા...! પોતાને સૂઝ પડે એવી ચીજ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કોઈને પૂછવું ન પડે. આહા..હા...!

**'જાણવારૂપ શક્તિ,...' 'જણાવાયોગ્ય શક્તિ, જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર,– એવા ત્રણ ભેદ મદ્વસ્તુમાત્રઃ મારું સ્વરૂપમાત્ર છે...'** એ ત્રણે મારું સ્વરૂપ છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું–એ ત્રણ સ્વરૂપ હું છું. પરજ્ઞેય હું છું એમ તો છે નહિ. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ પણ શુભભાવ છે. શુભભાવ જ્ઞેય અને આત્મા જ્ઞાયક એમ પણ નથી. આહા..હા...! પ્રભુ ! તારી વાત તો જો. બલિહારી છે ને ! વીતરાગ... વીતરાગ... વીતરાગ...

**શ્રોતા :–** દેવ-ગુરુ-શાસ્ત્ર તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો કહ્યું કે બાહ્ય નિમિત્ત જ્ઞેય પણ નથી. તને લાભ કરે એમ તો નથી, એ તારી ચીજ તો નથી. સર્વજ્ઞો, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સિદ્ધો, અનંત આચાર્યો, ઉપાધ્યાય, સાધુ. એમાં આવે છે ને ? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહા..હા...! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આહા..હા...! ભવિષ્યમાં અરિહંત અને સિદ્ધ થશે એ પણ અત્યારે વંદનમાં આવી ગયા. સમજાણું કાંઈ ? વ્યક્તિગત નહિ પણ સમુહમાં આવી ગયા. ણમો લોએ સવ્વ આઈરિયાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. એ ત્રિકાળવર્તી પણ પંચપરમેષ્ઠી જ્ઞેય છે અને તું જ્ઞાયક છો; તારા કોઈ પંચપરમેષ્ઠી નથી પણ એ જ્ઞેય અને તું જ્ઞાયક છે એમ પણ નથી. આહા..હા...! આકરું કામ છે.

એ સંબંધી તને જ્ઞાન થયું એ તારી પર્યાય તને જ્ઞેય થઈ. આહા..હા...! કેમકે પ્રમેય નામનો ગુણ તારામાં છે અને તારું જ્ઞાન એનું પ્રમાણ કરીને પ્રમેયને જાણે છે, પરપ્રમેયને જાણે છે એમ અહીં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પરિણમ્યપારિણામકત્વશક્તિ આવી ગઈ. પરિણમ્યપારિણામકત્વ. પરનું જ્ઞેય થવું અને પોતામાં પ્રમાણ થવું એવી શક્તિ છે. પણ એ જ્ઞેય થવું એ વ્યવહારથી કહ્યું. આહા..હા...! શક્તિમાં એમ આવ્યું. આહા..હા...! પરિણમ્યપારિણામકત્વશક્તિ. પ્રમાણ–પોતાનું જ્ઞાનસ્વરૂપ પોતામાં પ્રમાણ થવું અને પરના જ્ઞાનમાં પ્રમેય થવું એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા...! શક્તિ છે પણ એ વ્યવહાર છે. આહા..હા...! તારું પ્રમેય પરના જ્ઞાનમાં થાય એમ પણ નથી અને પરનું પ્રમેય તારા જ્ઞાનમાં આવે એમ પણ નથી. આહા..હા...! આટલી ધીરજથી અંદર જાવું.

**'એવા જ્ઞેયરૂપ છું.'** કેવા જ્ઞેયરૂપ છું ?–કે જ્ઞાનશક્તિ હું, જ્ઞેયશક્તિ હું, જ્ઞાતાશક્તિ અનંત ગુણની શક્તિ હું, એવો હું જ્ઞેયરૂપ છું, પરજ્ઞેયરૂપ છું એમ નથી. આહા..હા...! ગજબ વાત કરે છે ને ? વીતરાગ સિવાય કેવળી પરમાત્મા, સંતો સિવાય આ વાત કોણ કરે ? આહા..હા...! જગતને ઠીક પડે, ન પડે, સમાજ સમતોલ રહે ન રહે, વસ્તુસ્થિતિ આ છે. આહા..હા...! ભાઈ ! તારી જ્ઞાનયપર્યાય તને જ્ઞેયરૂપ છે, પરજ્ઞેય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે...'** ત્રણ ભેદ તો મારું વસ્તુસ્વરૂપ જ આવું છે એમ કહે છે. ત્રણપણે એક જ વસ્તુ હું છું. ત્રણપણે વસ્તુ તો હું એક જ છું. આહા..હા...! જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા ત્રણ પણ વસ્તુમાત્ર તો હું એક જ છું. આહા..હા...! બહુ સૂક્ષ્મ ! અરે...! ક્યાં એને નવરાશ ક્યાં છે ? નવરાશ નથી. એક તો ધંધા આડે નવરાશ નથી. પછી વ્યવહારની ક્રિયાકાંડ આડે નવરાશ નથી. આહા..હા...! પરમાં પોતાની માન-પ્રતિષ્ઠા વધે એમાં દરકાર કરી. આહા..હા...! એને આ જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન વસ્તુમાત્ર હું છું. જ્ઞેય હું, જ્ઞાન હું અને જ્ઞાયક પણ હું. મારે પર સાથે

કાંઈ સંબંધ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ એણે નિર્ણય કરવો પડશે, ભગવાન ! આહા..હા...! ભલે પહેલાં વિકલ્પથી નિર્ણય કરે પણ નિર્ણય એવો કરે–હું જ્ઞેય, જાણવાલાયક પણ હું, જાણવાલાયક પણ હું અને જાણનાર પણ હું અને અનંત શક્તિનો પિંડ જ્ઞાતા પણ હું. ત્રણ વસ્તુમાત્ર છું. વસ્તુમાત્ર એક છે. એ ત્રણ મળીને વસ્તુ એક છે. આહા..હા...! છેલ્લા શ્લોક છે ને ? એકદમ અભેદ વર્ણન છે. આહા..હા...! આખા શાસ્ત્રનો સાર 'સમયસાર'નો નિચોડ છે, નિચોડ. આહા..હા...! નિચોડ છે.

જાણવાની શક્તિ તારી છે કે જ્ઞેયની છે ? જે અનંત જ્ઞેયો છે એ જ્ઞેયને જાણવાની શક્તિ તારી છે કે એની છે ? જાણવાની શક્તિ મારી છે તો એમાં પરજ્ઞેય ક્યાં આવ્યું ? એ તો પોતાના જ્ઞાનની શક્તિમાં પરજ્ઞેયનું જ્ઞાન પોતાને કારણે પોતાનું જ્ઞેય થઈને આવ્યું. હવે પોતાનું જ્ઞાન એ જ્ઞેયને જાણે છે. આહા..હા...! અને જ્ઞાતા પણ હું, અનંત શક્તિનો પિંડ પણ હું. ત્રણ થઈને વસ્તુ તો એક છે. એમ કહે છે. ભાષામાં એમ છે ને ? આહા..હા...!

**'ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે...'** મારું સ્વરૂપમાત્ર એ છે. આહા..હા...! વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કાંઈ આ બનાવ્યું નથી. ભગવાને તો જાણ્યું એવું વાણી દ્વારા કહ્યું. આહા..હા...! ભગવાન પણ કહે છે તું મારી સામું ન જો. અને હું તારું જ્ઞેય છું એ પણ પર છે. આહા..હા...! હું તારા જ્ઞાનમાં જાણવાલાયક છું એમ પણ નથી. આહા..હા...! તારા જ્ઞાનમાં હું તારો છું એમ તો નથી, પણ તારા જ્ઞાનમાં હું જ્ઞેય છું એમ પણ નથી, તારા જ્ઞાનમાં એમ નથી. આહા..હા...! તારા જ્ઞાનમાં તો જ્ઞાનની પર્યાય જ્ઞેયપણે પરિણમે છે એ જ્ઞેય છે, એ સમયનું જ્ઞાન તે જ્ઞેયને જાણે છે અને એવી અનંત શક્તિનો પિંડ જ્ઞાતા (છે). એ જ જ્ઞેય, એ જ જ્ઞાન, એ જ જ્ઞાતા છે. આહા..હા...! હદ કરી નાખી છે.

અહીં તો હજી બહારથી આ મારા.. આ મારા... એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે તો દિગંબર જૈન નહિ, એમ પંડિતો પોકારે છે. 'ઇન્દોર'માં પોકાર છે. અહીંનો વિરોધ કરવા માટે. ભગવાન ! અહીંનો વિરોધ ન હોય. આ તો આત્મા છે, પ્રભુ ! એનો વિરોધ, ભાઈ ! તને ખબર નથી, બાપુ ! તને નુકસાન થાય છે, ભાઈ ! એવા પરિણામનું ફળ આકરું છે, નાથ ! તને સહેવું પડશે, ભાઈ ! કોઈ પણ દુઃખી થાય એ કાંઈ ઠીક છે ? આહા..હા...! પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર નહિ. અહીં તો કહે છે કે **પરને જાણનાર માને એ દિગંબર નહિ.** એય..! આહા..હા...! આવો તો પ્રભુ ! તારો માર્ગ છે, બાપા ! તું ભગવંતસ્વરૂપ છો, પ્રભુ ! તારી શક્તિમાં બીજાની જરૂર નથી. તને જાણવામાં, પરને જાણવામાં પરની જરૂર નથી. તને જાણવા માટે તને તારી શક્તિની જરૂર છે. આહા..હા...!

હવે આમાં વિષય અને કષાયનો રસ ક્યાં રહ્યો ? વિષય અને કષાયનો ભાવ એ પરજ્ઞેય તરીકે છે. એ જ્ઞેય અને આત્મા જ્ઞાન એમ પણ નથી. આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા છે ને ? એ વિષય કષાયનું પરિણામ થયા એનું જ્ઞેય થયું અને જ્ઞાન આત્મા. જ્ઞાનમાં એ વિષય

કષાયના પરિણામ છે જ નહિ, જ્ઞાનના તો છે જ નહિ. આહા..હા...! પણ એ પરિણામ જ્ઞેય અને આત્મ જ્ઞાન એમ પણ નથી. આહા..હા...! એક એક શ્લોકમાં એક એક પદની શું ગંભીરતા ! આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે-હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** જુઓ ! હું મારા સ્વરૂપને વેદ્યવેદક-જાણવાલાયક અને જાણનાર. એને હું જાણું છું. આહા..હા...! જાણવાલાયક અને જાણનાર એ હું છું. આહા..હા...! **'વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...'** આહા..હા...! એ કારણે મારું નામ જ્ઞાન. જ્ઞેયને જાણું છું તેથી હું જ્ઞાન. આહા..હા...! **'હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** જુઓ ! જ્ઞેય બનાવ્યું. **'હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** મારા દ્વારા હું જણાવાયોગ્ય છું, પર દ્વારા જણાવાયોગ્ય છું એમ નથી. આહા..હા...! શાસ્ત્રથી તો જ્ઞાન થતું નથી, પણ શાસ્ત્ર જ્ઞેય અને આત્મા જ્ઞાયક એમ પણ નથી. આહા..હા...! જબરી વાત છે. છતાં શાસ્ત્ર વાંચવું, અભ્યાસ કરવો એ આવે. સ્વલક્ષે આવે. આહા..હા...! છતાં એ શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્ર જ્ઞેય અને આત્માનું જ્ઞાન એમ પણ નથી. આહા..હા...!

જે જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાન નહોતું, એવી વાણી સાંભળીને એ જ્ઞાન થયું. જુઓ ! તો કહે એમ છે નહિ. એ જ્ઞાનની પર્યાય તારું જ્ઞેય છે એમાંથી જ્ઞાન થયું છે. જ્ઞેયમાંથી જ્ઞાન આવ્યું નથી. આવું ઝીણું એટલે માણસને આકરું પડે. પણ પ્રભુ ! માર્ગ તો આ છે. અરે..! જન્મ-મરણના ઉદ્ધારનો પંથ તો આ છે. એમાં કોની સામું જોવાનું છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! મારો દીકરો, મારી બાયડી, મારા પૈસા, મારા મકાન... આહા..હા...! પ્રભુ ! એ તો વસ્તુમાં નથી પણ એ જ્ઞેય છે એમ પણ વસ્તુમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવી ચીજ છે. પછી લોકો કાઢી નાખે એમ કરીને. એ તો નિશ્ચયની વાત, નિશ્ચય છે. નિશ્ચય એટલે સત્ય. પરમ સત્યનું સ્વરૂપ તે આ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** પર દ્વારા જણાવાયોગ્ય એમ નથી. આહા..હા...! મારા દ્રવ્ય-ગુણ-પર્યાય મારા વડે જણાવાયોગ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'તેથી મારું નામ જ્ઞેય,...'** લ્યો ! મારું નામ જ્ઞેય, પરજ્ઞેય નહિ. નવા માણસને એવું આકરું લાગે કે આ શું છે ? વીતરાગનો માર્ગ છે ? બાપુ ! માર્ગ તો એ છે, ભાઈ ! એમાં પરનો કાંઈ અવકાશ નથી.

**શ્રોતા :-** છતાં એકનું એક જ કર્યા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકનું એક કર્યા કરે. આહા..હા...! અને એ સ્થાપન કર્યા કરે પાછું. આહા..હા...! ભાઈ ! સત્ય તો આ છે. સત્યનું સ્થાપન આ છે. સમજાણું કાંઈ ?

હું જાણવાલાયક છું તો હું જ્ઞેય અને જાણનાર છું તો હું જ્ઞાન છું. આહા..હા...! છે ? **'એવી બે શક્તિઓથી માંડીને...'** એવી બે શક્તિઓથી માંડીને **'અનંત શક્તિરૂપ છું...'** એવી બે શક્તિ તો છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું. એ બે શક્તિ તો છે. **'એવી બે શક્તિઓથી માંડીને અનંત**

**શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;...'** છે. આહા..હા...! **'બે શક્તિઓથી માંડીને...'** જ્ઞાનશક્તિ અને જ્ઞેયશક્તિ એ પણ હું અને બે શક્તિથી માંડીને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું. આહા..હા...! જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. ત્રણે વસ્તુ એક છે. આહા..હા...!

**'–એવા નામ ભેદ છે,...'** શું કહે છે ? પોતાને જાણવાલાયક જ્ઞેય છું, જાણનાર જ્ઞાન છું, અનંત શક્તિરૂપ જ્ઞાતા છું, એમ ત્રણ નામભેદ છે. એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'–એવા નામ ભેદ છે, વસ્તુભેદ નથી.'** જ્ઞેય કોઈ જુદી ચીજ છે (એમ નથી). પોતાનું જ્ઞેય પોતાનું. જ્ઞાન જુદી ચીજ છે, જ્ઞાતા જુદો (એમ નથી). એ.. એનું એ જ્ઞેય, એનું એ જ્ઞાન અને એનો એ જ્ઞાતા. આહા..હા...! સમજાણું કાંઈ ? વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ટા આ છે. આહા..હા...! કોઈની નિંદા કરે પણ નિંદા તો શબ્દ છે અને તારી ઘણી પ્રશંસા કરે કે તું આવો મોટો તો એ પ્રશંસા તો જડની પર્યાય છે. એ તારી પ્રશંસા તો નહિ પણ તારું એ જ્ઞેય નથી. આહા..હા...! એ પ્રશંસા જ્ઞેય અને જ્ઞાયક એમ પણ નથી. તો મારી પ્રશંસા કરે છે અને મારી નિંદા કરે છે, એમ છે જ નહિ. સમજાણું કાંઈ ? **'–એવા નામ ભેદ છે, વસ્તુભેદ નથી.'**

**'કેવો છું ?' 'ज्ञानज्ञेयकल्लोलवल्गन्' 'જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે,...'** પોતે જ્ઞેયરૂપ, પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા. આહા..હા...! **'એવો જે વચનભેદ તેનાથી...'** વચનભેદથી **'ભેદને પામું છું.'** આહા..હા...! પોતે જ્ઞેય, પોતે જ્ઞાતા અને પોતે જ્ઞાતા એ વચનભેદથી ત્રણ ભેદ છે. આહા..હા...! વસ્તુ તો છે ઇ છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. ત્રણે એક વસ્તુ છે. એમાં ત્રણ વસ્તુ નથી. આહા..હા...! પર વસ્તુ તો નથી પણ વસ્તુમાં આ ત્રણ ભેદ પણ નથી. આહા..હા...! આવો માર્ગ ! 'શાંતિભાઈ'! આટલા વર્ષમાં કોઈ દિ' સાંભળ્યું નથી. આ માર્ગ એવો છે. આહા..હા...! ગજબ વાત છે. આહા..હા...!

'સમયસાર'માં આ વાત અલૌકિક વાત, અલૌકિક !! લોકોત્તર. આહા..હા...! કહ્યું કે પર જ્ઞેય અને હું જ્ઞાયક એમ તો નથી, પર મારું અને હું એનો એમ તો નથી પણ પર જ્ઞેય અને હું જ્ઞાયક એમ પણ નથી. અને હું જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા છું એમ ત્રણ ભેદ પણ નથી. આહા..હા...! હું જ્ઞેય છું અને આ જ્ઞાન છે અને જ્ઞાતા છે એવો ભેદ પડે તો એ વિકલ્પ છે. આહા..હા...! ગજબ વાત છે. બહારની વાત. જય નારાયણ... જય નારાયણ... વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. તો કહે, પ્રમાણ છે. આહા..હા...! એય..! 'પોપટભાઈ'! એ શેઠિયા પણ એમ કરતાં હતા. અંદર ભાન ન મળે તો શું કરે ? આની તો ખબર નથી. આહા..હા...!

અહીંયાં તો કહે છે, હું જ્ઞેય, હું જ્ઞાન, હું જ્ઞાતા એ વચનભેદ છે. આહા..હા...! પર જ્ઞેય અને હું જ્ઞાયક એ તો વસ્તુમાં જ નથી. એ વસ્તુમાં નથી. પણ વસ્તુમાં ત્રણ ભેદ છે એ નામ ભેદ છે. આહા..હા...! દૃષ્ટિના વિષયમાં ત્રણ ભેદ પણ નથી. હું જ્ઞેય, હું જ્ઞાન, હું જ્ઞાતા એ ત્રણ નથી. આહા..હા...! જબ્બર વસ્તુ છે. લોકોને લાગે, હોં ! ખ્યાલ ન હોય ને તેથી એને લાગે. આહા..હા...!

એ પોતાને ખ્યાલમાં નથી આવતું એનો વિરોધ કરે છે. આ વસ્તુની સ્થિતિ છે એવી જણાતી નથી. એને પોતાની ધારણાથી બીજી રીતે બીજો કહે તો વિરોધ કરે છે. વિરોધ કરે. પ્રભુ ! એ વિરોધ તારો છે, નાથ ! આહા..હા...! બીજાનો કોણ વિરોધ કરે ? બીજી ચીજમાં ક્યાં તારો વિરોધ જાય છે તો તું વિરોધ કરે. પ્રભુ ! આ તારી ચીજ છે ને ? કે તું જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન (છો).

**'જીવ જ્ઞેયરૂપ છે,...'** જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞાન છે. એ કલ્લોલ–વચનભેદ છે, એ તો કલ્લોલ છે. આહા..હા...! એ તો વચનના કલ્લોલ ભેદ છે, વસ્તુમાં નથી. **'તેનાથી ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે–વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** આહા..હા...! ગજબ વાત છે. એ જ્ઞેય હું, જ્ઞાન હું, જ્ઞાતા હું, એ વચનભેદ છે. વ્યવહારના કથનમાત્ર છે. આહા..હા...! વસ્તુ તો વસ્તુ છે. લ્યો ! એ શ્લોક પૂરો થયો. (**શ્રોતા** :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❃

* આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટી જીભથી કોટી વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દ્યે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૫૯૫.

— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## શ્રી સમયસાર, શ્લોક–૨૭૧
## પ્રવચન નં. ૫૭૫, તા. ૧૩-૦૧-૧૯૭૧
## [૧૨]

૨૭૧ કળશ, એનો ભાવાર્થ છે. છે ? શું આ કહે છે ? અહીં તો પરજ્ઞેયને ઉડાવે છે. આત્મા **'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી...'** એ જાણવાની ક્રિયા પોતામાં થાય છે. જગતના જે જ્ઞેયો છે, એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં પરિણમે છે. એટલે જ્ઞાનસ્વરૂપ જ છે, એ જ્ઞેયસ્વરૂપ નથી. જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે, એ છ દ્રવ્ય જણાતા નથી. ખરેખર છ દ્રવ્ય સંબંધીનું પોતાનું જે જ્ઞાન, એ જ્ઞાનમાં છ દ્રવ્યો પોતામાં પોતાને કારણે જણાય, એ તો આવી ગયું, એ ખરેખર એનું જ્ઞેય છે. પોતાના જ્ઞાનનું એ જ્ઞેય છે. જ્ઞાનનું આ જ્ઞેય છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? ન સમજાણું ? પંડિતજી ! સમજાણું કે નહિ ? ન આવ્યું ?

**શ્રોતા :–** પરદ્રવ્ય જણાય છે તેથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ્ઞેય નથી, એ જ્ઞેય નથી. એ નહિ, એ જ્ઞેય જ નથી. એ જ્ઞેય સંબંધી પોતાની જ્ઞાનની પર્યાય જાણવારૂપે પરિણમે છે એ પોતે પોતાની પર્યાયમાં અસ્તિત્વ એ જ્ઞાનની પર્યાયનું છે, એ એનું જ્ઞેય છે. ઓલું જ્ઞેય નહિ. સમજાય છે કાંઈ ?

**'જ્ઞાનમાત્ર ભાવ...'** એ તો જાણન સ્વભાવ છે આત્મા તો. કહે છે કે એ છ દ્રવ્યને પણ જાણવાપણે જાણનક્રિયા પોતાની પોતામાં પોતાની પર્યાયમાં થાય છે. એ ખરેખર તો પોતાનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ ? છેલ્લા કળશો છે ને એટલે એકદમ (અંતરની વાત લીધી છે). અંદર પોતે જ છ દ્રવ્યને જાણવાની જ્ઞાનની જે પર્યાય, એ તો પોતાની છે. એમાં છ દ્રવ્યનું જ્ઞાન, એ છ દ્રવ્યનું કહેવું એ તો વ્યવહાર છે. એ તો જ્ઞાન જ પોતાનું છે.

**શ્રોતા :–** જ્ઞાનના તરંગ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાના કલ્લોલો છે. વાંચીને આવ્યા હશે. શબ્દ આવે છે. કલ્લોલ છે ને ! આહાહા..!

**શ્રોતા :–** ચોથી લીટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ચોથી. કહે છે... કહો, સમજાય છે કે નહિ ?

**શ્રોતા :–** હા, જી! પોતે જ જ્ઞેય અને પરસંબંધીનું જે જ્ઞાન છે એ તો વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર છે. 'સુમનભાઈ' કહે માળો આવો છોકરો, આવું લક્ષ! મોટા પ્રોફેસર છે અને પ્રોફેસરની ઓફિસ. ઓફિસ જ કહેવાય ને ? ઓફિસ કહેવાય ? કોણ જાણે શું તમારી ભાષા હશે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ મોટો ... એ ઓફિસું છે, ... કોનો કહે છે ઓફિસર.

આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાનમાં પરિણમન થાય એ તો પોતાના અસ્તિત્વમાં પોતાથી પોતાનું એ જ્ઞેય છે, એનું જ્ઞાન નથી. એ જ્ઞેય અને આ જ્ઞાન એમ નથી. સમજાણું કાંઈ ? જાણન-ક્રિયારૂપ ભાવ એ તો જ્ઞાનસ્વરૂપ છે, એ કાંઈ પરજ્ઞેય સ્વરૂપ નથી. '**વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.**' હવે જુઓ ખુલાસો કરે છે. કેમ કે '**બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...**' રાગાદિ કે છ દ્રવ્યો, એ પોતાના જ્ઞાન, દ્રવ્ય, જ્ઞાનગુણ અને જ્ઞાનની પર્યાય, એનાથી છ દ્રવ્યો એ તો જ્ઞેય છે એ તો જુદાં છે. એ જુદાનું અહીં જ્ઞાન એમ હોય નહિ. પોતાનું જ્ઞાન છે એ. પંડિતજી!

**શ્રોતા :–** સૂક્ષ્મ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સૂક્ષ્મ વાત છે, લ્યો. પંડિતજી આવા સંસ્કૃતના પ્રોફેસર.

આહાહા..! વિષય એવો છે. પોતાના અસ્તિત્વમાં પોતે જ્ઞાનમાત્ર સ્વભાવ છે. હવે જ્ઞાનમાત્ર જે જ્ઞાનની પરિણતિપણે પરિણમે એ તો પોતાની ક્રિયા છે. એ જ્ઞેયપણે પરિણમે છે ? જ્ઞેય તો જુદા છે. સમજાણું કાંઈ ?

'**બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી;...**' રાગનું જ્ઞાન થયું, એમાં કાંઈ રાગ જ્ઞાનની પર્યાયમાં પેસતો-આવતો નથી. લોકાલોકનું જ્ઞાન થયું એમાં લોકાલોક કાંઈ જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. એ તો પોતાના જ્ઞાનનું પરિણમનનું અસ્તિત્વ છે, એવડો એનો સ્વભાવ છે, એ તો સ્વજ્ઞેય છે. આહાહા..! આવો વીતરાગનો માર્ગ. વસ્તુનો સ્વભાવ જ એવો છે. વીતરાગે કહ્યું છે એ તો જેમ છે એમ કહ્યું છે ને ? આહાહા..!

કહે છે કે તારા જ્ઞાનમાં.. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તારો ભાવ, જ્ઞાનભાવી આત્મા, જ્ઞાનભાવી આત્મા, જ્ઞ-સ્વભાવી આત્મા (છે), તો એ જ્ઞાનમાં પરિણમન જાણનક્રિયા થાય, એ તો પોતાની ક્રિયા છે, એ કાંઈ જ્ઞેય જણાય છે એની એ ક્રિયા નથી, તેમ જ્ઞેય જણાય છે એમાં એમ પણ નથી; એ તો જ્ઞેય સંબંધીનું પોતાનું જાણનક્રિયારૂપ પરિણમન થયું, એ જ ખરેખર તો પોતાનું જ્ઞેય અને પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા છે. સમજાણું કાંઈ ? આહાહા..!

'**જ્ઞાનમાં પેસતા નથી; જ્ઞેયોના આકારની ઝળક...**' સમજાવવું છે ને ? આકાર એ ક્યાં આકારમાં આવે છે. પણ જેવા જ્ઞેયો છે એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાને કારણે પરિણમે છે, એ જ્ઞેયને કારણે નહિ. એને ઓલા જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન છે ને એથી એને જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવે એમ કહેવામાં આવ્યું છે. ભારે ઝીણું, ભાઈ! આ તો દયા, વ્રત અને ભક્તિના પરિણામથી

ધર્મ થાય ત્યાં અટક્યા છે. આ તો ઘણું સૂક્ષ્મ છે. છેલ્લા કળશો છે ને.

ભગવાન તું ચૈતન્યભાવવાળો છો ને ? કે જ્ઞેયભાવવાળો છો ? આત્મા ચૈતન્યભાવવાળો છે ને ? કે જ્ઞેયસ્વભાવવાળો છે ? આહા..! તો જ્ઞાનસ્વભાવવાળો એ જ્ઞાનરૂપે પરિણમે, એ જ્ઞેયરૂપે કેમ પરિણમે ? એ જ્ઞેયરૂપે કેમ થાય ? આહાહા..! સમજાણું કાંઈ ? હા, એના જ્ઞાનના ભાવમાં, પરિણમનમાં એ જ્ઞેયો જેવા છે તે જ પ્રકારનું જ્ઞાન પોતાને કારણે, જ્ઞાનભાવી આત્મા હોવાથી, જ્ઞાનનું પરિણમન જ્ઞાનરૂપે થાય. સમજાણું કાંઈ ?

શરીરમાં રોગ આવ્યો અને જ્ઞાનમા જણાય, એમ નથી. અહીં તો (એમ) કહે છે. એ રોગ અને શરીરની અવસ્થા પરજ્ઞેય તરીકે છે. એ જ્ઞાન જે વસ્તુ આત્મા છે, એની અસ્તિત્વની પર્યાયમાં એ જ્ઞેય આવતા નથી. એ રોગ અને જીર્ણ શરીર દેખાય એ જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. જ્ઞાનની પર્યાય તે સંબંધીને જાણવાનું પોતાનું જ્ઞાન, પોતા સંબંધી જાણવાનું જ્ઞાન તે સંબંધી જણાય. એવું સ્વ-પરપ્રકાશક જ્ઞાનભાવે જાણનક્રિયારૂપે જ્ઞાન પરિણમે છે, એ કાંઈ જ્ઞેયરૂપે પરિણમે છે અને જ્ઞેય અહીંયાં આવી જાય છે, જ્ઞેયમાં જ્ઞાન જાય છે કે જ્ઞાનમાં જ્ઞેય આવે છે, એમ નથી. કહો, 'વજુભાઈ'! કેટલું ભેદજ્ઞાન કરાવ્યું આ. આહાહા..!

તારો ભાવ, સ્વભાવ જ્ઞાન આત્મા છે, એ તો જ્ઞાનસ્વરૂપ છે. હવે જ્ઞાનસ્વરૂપ અને જગત લોકાલોક જ્ઞેય, રાગાદિ બધું; એ સંબંધીની ઝળક એટલે કે જેવું એ છે, તેવું અહીંયાં જ્ઞાન પોતાને કારણે, પોતાના સ્વભાવને કારણે જાણનક્રિયારૂપ થાય, એ ખરેખર તો પોતાનું જ્ઞેય છે. ઓલા જ્ઞેય એના છે નહિ. આહાહા..! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળ્યો નથી. બહારમાં અથડાયને મરીને જિંદગી જાય. આહાહા..! કેટલો ધીરો થા.

તારા જ્ઞાનમાં પર જણાય એમ નહિ. પરને જાણે એમ નહિ એમ કહે છે. પરને કરે તો નહિ, પરથી આમાં થાય તો નહિ, પણ પર જણાય એમ પણ નહિ અને પર જ્ઞાનની પર્યાયમાં આવે એમ નહિ. વસ્તુ દ્રવ્ય જ્ઞાયકભાવ, એ પોતે જ્ઞાનની પર્યાયપણે જાણનક્રિયારૂપે, સ્વભાવની ક્રિયારૂપે તે થાય, તો એ તો પોતાની ક્રિયા છે, સ્વ-પરપ્રકાશકની ક્રિયા છે. એમાં એ જણાય એમ કહેવું એ તો વ્યવહાર છે, એ જણાતું નથી, પોતાની જાણનક્રિયા જ જણાય છે. 'સુમનભાઈ'! આ તો લોજિકથી આવે છે. સમજાણું કાંઈ ? આહાહા..! આવો માર્ગ ભારે, ભાઈ!

અરે..! ભગવાન તું એવડો છો. તું એવડો છો અને એમ જ છો. બીજી રીતે માન તો તારા સ્વરૂપનો ઘાત થાય છે. આહાહા..! તારું સ્વરૂપ એવડું છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે મારા જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય એમ નથી. મારી જ્ઞાનની પર્યાયને હું જાણું છું. આહાહા..! લોકાલોકને જાણવું કહેવું એ અસદ્ભૂત વ્યવહાર ઉપચાર છે, જૂઠો વ્યવહાર છે. આ સાચો વ્યવહાર છે એટલે કે જેટલા જ્ઞેયો લોકાલોકમાં છે, તેને પોતાના જાણવાના ભાવવાળું તત્ત્વ હોવાથી તેને અને પોતાને જાણવાની ક્રિયારૂપે, પોતામાં પોતાને કારણે એવું અસ્તિત્વ પરિણમે છે. એ ખરેખર તો જ્ઞાનનું જ્ઞેય

છે. જ્ઞાનનું પરજ્ઞેય છે એ તો વ્યવહાર છે. એમ છે નહિ. આહાહા..! 'મગનભાઈ'! આવી વાત છે. શું થાય ?

કહે છે, **'બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** હવે જ્ઞાન પરિણમ્યું તો છે. તો એ જ્ઞાનમાં એ જ્ઞેય તો આવતા નથી. ત્યારે શું થયું ? કહે છે, જ્ઞાન પરિણમ્યું તો છે. છ દ્રવ્ય અને લોકાલોક છે એ પ્રમાણે પોતાનો જ્ઞાન પર્યાય થયો તો છે, પણ થયો છે તો શેમાં થયો છે ? પોતામાં અને પોતાથી થયો છે. એ જ્ઞેયો છે માટે થયો છે એમ નથી. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયોના આકાર...'** એટલે વિશેષતાઓ. જેટલા પરજ્ઞેયો છે એના દ્રવ્ય-ગુણ-પર્યાય, એ બધા વિશેષો, એનું જ્ઞાનમાં **'ઝળક...'** એટલે એ સંબંધીનું જ્ઞાન પોતામાં પરિણમે છે. એ **'જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે...'** એ જ્ઞેયાકાર દેખાય છે. **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** જ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? નદીના પ્રવાહમાં રાત્રીના ભાગમાં... 'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત આપ્યું છે. નદીનું પાણી સ્વચ્છ સ્વચ્છ આમ નિર્મળ પ્રવાહ (છે). આવો.. આવો.. કોઈ દિ' વ્યાખ્યાન સાંભળ્યું છે ? કોઈ દિ' અહીંનું વ્યાખ્યાન સાંભળ્યું છે ? પહેલી જ વાર ? સાંભળો.

આ આત્મા જે છે, વસ્તુ છે અસ્તિ-સત્તા (છે) તો એ જ્ઞાનભાવવાળો આત્મા છે. જ્ઞાન સ્વભાવવાળો, જાણનસ્વભાવ. જેમ સાકર છે તો મીઠાશ અને સફેદ સ્વભાવવાળી સાકર છે. એમ આ ભગવાનઆત્મા વસ્તુ છે તો એનો જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વરૂપે એ છે. એ જ્ઞાનસ્વરૂપમાં.. બહુ ઝીણી વાત છે આજની. ભાવાર્થ છે, ભાઈ! ૨૭૧ કળશનો ભાવાર્થ. છે ને ? પહેલેથી લઈએ.

**'જ્ઞાનમાત્ર ભાવ...'** આ તો કાંઈ અજાણ્યાને એની મેળાએ સૂઝે એવું નથી. જ્ઞાનમાત્ર ભાવ. આ વસ્તુ અંદર છે ને ? જગતના જ્ઞેયો જે, જગતના જણાવાલાયક પદાર્થ છે, એનો આ જાણનાર છે, એમ કહેવું એ પણ વ્યવહાર છે, કહે છે. વ્યવહાર એટલે કે વાસ્તવિક્તા નથી. આ આત્મા જ્ઞાનભાવ જાણનક્રિયારૂપ જ્ઞાનસ્વરૂપ. એ તો એમાં જાણવાની ક્રિયા (થાય છે). કેમ કે એનો સ્વભાવ જ્ઞાનગુણ શક્તિ સત્ત્વ છે. આત્મા તત્ત્વ છે એનું જ્ઞાન સત્ત્વ છે. સત્ત્વ એટલે ભાવ છે. એ ભાવનું વર્તમાન પરિણમન જાણવારૂપે થાય. આત્મા વસ્તુ છે એનો જ્ઞાનગુણ સ્વભાવ છે. જ્ઞ-સ્વભાવી ભગવાન. આત્મા, હોં! આત્માને ભગવાન કહીએ છીએ. એ જાણન સ્વભાવનું વર્તમાન થવું, જાણવારૂપે થવું થાય. જાણનક્રિયારૂપ જ્ઞાનસ્વરૂપ છે. બહુ ઝીણું છે.

**'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** શું કહે છે ? પોતે જ પોતાના જ્ઞાનથી પોતે પોતાને જાણે એવો એનો સ્વભાવ છે. ચૈતન્યદર્પણ છે, આ ચૈતન્યદર્પણ વસ્તુ છે. એ પોતે પોતાના જ્ઞેયને કરીને પોતે પોતાને જાણે છે. જુઓ! **'પોતે નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** એટલે ? જ્ઞાન પણ પોતાનો ભાવ અને જણાવાયોગ્ય પર્યાય અને દ્રવ્ય-ગુણ એ પણ જ્ઞેય પોતામાં પોતાની. આહાહા..! તત્ત્વ વસ્તુ એવી છે. **'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે,...'** ભગવાનઆત્મા જ્ઞાનભાવી વસ્તુ, જ્ઞાનસ્વભાવી વસ્તુ, એમાં શરીર, વાણી, મન અરે..! રાગ-દ્વેષ વિકલ્પ અને આ જગત–એ બધું જ્ઞાનસ્વરૂપી

ભગવાનઆત્માથી, એના અસ્તિત્વથી આ અસ્તિત્વ તદ્દન જુદાં છે. એ **'બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** જ્ઞાનભાવ સ્વભાવ છે, એનાથી આ જ્ઞેયો શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પ રાગભાવ એ બધા જ્ઞાનસ્વભાવમાં આવતા નથી. એ જ્ઞેયો બધા જ્ઞાનસ્વભાવથી અલગ રહે છે.

ઘટનો જાણનાર ઘટરૂપે થતો નથી. તેમ ઘટનો જાણનાર ઘટને જાણે છે એમ નથી. એ ઘટ સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધીનું જ્ઞાન એવા જ્ઞાનરૂપે થતાં એ પોતે જ્ઞેય છે. જ્ઞાનનું પોતે જ્ઞેય છે અને જ્ઞાન પોતાનો ગુણ છે. ભારે ભાઈ! આવું તત્ત્વ. આહાહા..! કોઈ દિ' એને અભ્યાસ જ ન મળે. જગતના અભ્યાસ કરી કરીને (રખડી રહ્યો છે). સુમનભાઈને ઓળખો છો ને ? રામજીભાઈના (દીકરા). એણે ત્યાં મોટો અભ્યાસ કર્યો છે. 'અમેરિકા'માં. 'રામજીભાઈ' કહે કુચે મરવા ગયો છે. એનો દીકરો છે. પગાર સારો મહિનાના આઠ-આઠ હજાર. લોકોને પ્યાલા ફાટી જાય ને. ધૂળેય નથી, કહે છે. સાંભળને હવે. આટલી ઉંમરમાં, ૪૫-૪૬ વર્ષની ઉંમર અને આવો પગાર, આઠ હજાર. બાર મહિને લાખ રૂપિયા. ઓ..હો..! શું છે પણ ? એ તો જડ છે, પર છે. એ વસ્તુ છે જે પૈસા, લક્ષ્મી, આબરૂ એ તો પરવસ્તુ જ્ઞેય છે, પરવસ્તુ છે.

એ સંબંધીનું જ્ઞાન પોતાનું અને પોતા સંબંધીનું જ્ઞાન પોતાનું તે રૂપે આત્મા જ્ઞાનની પર્યાયની ક્રિયારૂપે થાય છે. એ જણાય છે એની ક્રિયારૂપે જ્ઞાન થતું નથી. કેમ કે જ્ઞાનની દશાથી એ ચીજો ભિન્ન છે. એ ભિન્ન ચીજરૂપે જ્ઞાન થતું નથી અને ભિન્ન ચીજ જ્ઞાનની દશામાં આવતી નથી. લોજિકથી તો વાત ચાલે છે પણ આ બધો વિષય જ ન મળે. .... જગતથી આખી વાત જ જુદી. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન એ આ લોજિકથી અને ન્યાયથી તો વાત કરે છે કે તારું અસ્તિત્વ છે કે નહિ ? છે કે નહિ ? છે તો શું છે ? તું છો કોણ ? જ્ઞાનભાવ છો. એ જ્ઞાનસ્વભાવી જાણન... જાણન.. જાણન... જાણન... જાણન... જાણન એનો સ્વભાવ છે. જાણવું એવો સ્વભાવ એમાં આ પર જે વસ્તુ છે, એ જાણવાના સ્વભાવના અસ્તિત્વમાં આવતી નથી અને એનું જાણવું અહીં થાય છે એ એનું જાણવું નથી પણ જાણવાની પોતાની દશા છે એને એ જાણે છે. ન્યાયથી–લોજિક તો આવે છે, પણ પકડવું તો એને પડે કે નહિ ? કોઈ આ પકડાવી દે એવું છે ? પંડિતજી! લ્યો, આ તો સંસ્કૃતના મોટા પ્રોફેસર છે. 'જયપુર'. કહો, સમજાણું આમાં ? આહાહા..!

**'જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક...'** જેમ દર્પણ છે દર્પણ, એમાં સામે કેરી, કોલસા, લાકડા, સોનું, વીંછી (દેખાય), એ તો અરીસાથી જુદી ચીજ છે ને ? અરીસાથી જુદી ચીજ છે ને ? એ અરીસામાં ઝળક દેખાય છે ત્યાં કેરીને, કોલસા છે ? અગ્નિ અને પાણી ત્યાં છે ? અગ્નિ અને પાણી હોય એ અરીસામાં દેખાય. એ અગ્નિ અને પાણીનું અસ્તિત્વ અહીં છે ? અરીસાની સ્વચ્છતાની અવસ્થાનું અસ્તિત્વ છે એ. કારણ કે જો અગ્નિ અને પાણી અરીસામાં હોય તો હાથ અડાડ્યે ઊનું થવું જોઈએ. અગ્નિ ઊની એટલે અહીં ઊનું થવું જોઈએ, પણ એમ તો છે નહિ. એ અરીસાની સ્વચ્છતાના સ્વરૂપમાં પોતાપણે પોતે અરીસો સ્વચ્છપણે પરિણમ્યો છે એમાં અગ્નિ

અને પાણી સંબંધીની સ્વચ્છતાનું પરિણમન પોતાને કારણે થયું છે, એ ચીજને કારણે નહિ. આ જરી દૃષ્ટાંત હોય તો માંડ પકડાય એવું છે. આ તો મોં માથા વિનાની વાતું. કહો, સમજાણું ?

એ અરીસામાં અગ્નિને... અરીસો સ્વચ્છ (છે). આ અગ્નિ અને પાણી છે. બરફ ને અગ્નિ છે. અગ્નિ આમ આમ થાય છે, બરફ ઓગળતો જાય છે. એમાં એ દેખાય. ન્યાં બરફ અને અગ્નિ છે ? બરફ અને અગ્નિનું અસ્તિત્વ હોવાપણું તો એમાં છે, અરીસામાં નથી. અરીસામાં તો એની પોતાના અસ્તિત્વની જે સ્વચ્છ દશા થઈ, એ એનામાં છે. એ અગ્નિ અને પાણી સંબંધીની સ્વચ્છતા એ અરીસાની પોતાની અરીસારૂપે ક્રિયા, પરિણમન (થયું એ) જડની પર્યાય છે, એની નહિ. સમજાણું કાંઈ ?

એમ આ ચૈતન્ય અરીસો. ભગવાનઆત્મા દેહ-દેવળથી ભિન્ન જ્ઞાનની મૂર્તિ. એ કહે છે કે **'જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે....'** જ્ઞાનમાં જે સામા જ્ઞેયો છે, તે જ પ્રકારની વિશેષતારૂપે પોતાની જ્ઞાનની દશા થતાં જાણે કે પરજ્ઞેય રૂપે થયું એમ એને દેખાય છે. અગ્નિની જ્વાળા આમ થાય એટલે બરફ ઓગળે એટલે ત્યાં જાણે હોય છે ? એ તો અરીસાની સ્વચ્છતાનું રૂપ છે. એમ ચૈતન્ય અરીસો ભગવાનઆત્મા, એનામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર, વાણી, મન આ જડ પરવસ્તુ, એ જ્ઞેયો સંબંધીનું પોતાનું જ્ઞાન, એમાં થતાં જાણે જ્ઞેયને આકારે થયું એમ લાગે છે, પણ એ જ્ઞેય આકારનું નથી, જ્ઞાન આકારનું સ્વરૂપ છે. આવું તત્ત્વ જાણ્યા વિના એને સમ્યગ્જ્ઞાન થાય નહિ અને કોઈ દિ' ધર્મ થાય નહિ. પૂજા, ભક્તિ અને વ્રત કરી કરીને મરી જાય, સુકાઈ જાય. સમજાણું કાંઈ ? શેઠ! આ બધા અપવાસ કરે, પૂજા, ભક્તિ, જાત્રા દોડો-દોડો. મરી જાય છે પણ તું કોણ છો એને જાણ્યા વિના ન્યાં ક્યાં તું હતો ? સમજાણું કાંઈ ?

કહે છે કે **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** જેમ અરીસાની સ્વચ્છતા જ એ અગ્નિ અને પાણીના રૂપને જાણે, સ્વચ્છપણે થતો અરીસો, એ અરીસાની દશા છે. એમ આ જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવાની (થાય એ) જ્ઞાનની કલ્લોલ છે. એ જ્ઞેયની કલ્લોલ નહિ, જ્ઞેયના તરંગ નહિ, જ્ઞેયની દશા નહિ. આહાહા..! સમજાણું કાંઈ ? ભારે ભાઈ માર્ગ ધર્મનો આવો! એણે કોઈ દિ' સામું જ ક્યાં જોયું છે કે હું કોણ છું ? મારામાં શું છે અને મારું સત્ત્વ, સત્, હું એક સત્ છું. છે. છે તો આદિ-અંત વિનાની ચીજ છે. છે એની શરૂઆત ન હોય, છે એની ઉત્પત્તિ ન હોય, છે એનો નાશ ન હોય. તો છે તો એ વસ્તુ શું છે ? જેનો સ્વભાવ, સ્વ-ભાવ. ... પોતાનો ભાવ. એ તો જ્ઞાન જાણવું. .... એ જાણવાની ક્રિયા થતાં, વર્તમાન જાણનક્રિયા થતાં એ પરવસ્તુ જે જ્ઞેય છે એની જાણનક્રિયા નથી. જ્ઞેયો છે એ અહીં આવતા નથી, આ પોતે જ્ઞેયપણે પરિણમતો નથી, થતો નથી.પોતાના જ્ઞાનની અવસ્થારૂપે થાય છે તે પોતાનું જ્ઞેય અને પોતાનું જ્ઞાન છે.

તમારે ત્યાં ભણવામાં ન આવ્યું હોય. એમ. એમાં આ કાંઈ આવ્યું હોય ? 'વજુભાઈ'! અત્યારે ધર્મના નામમાં આવતું નથી. ધર્મના નામે કાં તો સાધુ થઈને મુંડાવ–સાધુ થઈ જાવ, ભક્તિ કરો, પૂજા કરો, તપસ્યા કરો, અપવાસ કરો. એકલી ધમાલ. તું કોણ છો એ જાણ્યા વિના બધા થોથા

છે તારા. સમજાણું કાંઈ ? ધર્મ કરનારો કોણ અને કેમ છે ? એના અસ્તિત્વના મહાત્મ્ય વિના એની ધર્મની ક્રિયા કોઈ દિ' થઈ શકે નહિ. સમજાણું કાંઈ ? શું કીધું એ ?

જેમ અરીસામાં અગ્નિ ને પાણી જેવું દેખાય છે એ તો અરીસાની દશા છે, અરીસાના અસ્તિત્વની દશા છે. એ કાંઈ બીજી ચીજ સામે છે એની દશા નથી. એમ આ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં જ્ઞેયો જે જણાય એમ કહેવું, એ તો કહે છે કે જ્ઞાનની પર્યાયના તરંગ છે, એ જ્ઞેયોના તરંગ નથી. સમજાણું કાંઈ ? આવું ઝીણું છે આ. બહારમાં ગાડા હાંક્યા બિચારાને રોકીને રહ્યા. તત્ત્વની ખબર ન મળે આ વસ્તુ શું ? હું કોણ છું ? કેમ છું ? મારી ક્રિયા શું હોય ? આ જડની ક્રિયા તો એની નહિ, કારણ કે હોવાપણે એનું અસ્તિત્વ ભિન્ન છે. પણ પુણ્ય-પાપના વિકલ્પનું અસ્તિત્વ પણ ભિન્ન છે, એ પણ આત્માની ક્રિયા નથી. આત્માથી તો એ શુભ-અશુભરાગ, દેહાદિની ક્રિયા એના અસ્તિત્વમાં છે, એ અસ્તિત્વ સંબંધીનું પોતાના જ્ઞાનના અસ્તિત્વનું પરિણમન થતાં, પોતે તે તરંગરૂપે પરિણમે છે એ પોતાની અવસ્થા છે, પરને જાણે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ ? આવો વસ્તુનો સ્વભાવ છે. સ્વ એટલે એવો પોતાનો ભાવ છે. એવા સ્વભાવની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. એ મરી જાય તો પણ થાય નહિ. સુકાઈ જાય ને! સમજાણું કાંઈ ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત છે. છે સત્ ચિદાનંદ–ચિદ અને આનંદ. જ્ઞાન અને આનંદ એનું રૂપ છે. આહાહા..! આનંદરૂપ શું ક્યાંથી લાવવું ? ભાઈ! પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવ થાય છે કે નહિ ? એ તો મેલું અસ્તિત્વ છે, એ વિકારી અસ્તિત્વ છે. તારું સ્વરૂપ તો એને જાણવામાં, એને જાણવામાં રોકાય એવું પણ તારું સ્વરૂપ નથી. કરવામાં રોકાય એ તો એનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! ભારે કામ! કેમ લાગે છે ? 'કાંતિભાઈ'! આહાહા..! આવું ત્યાં તમારે પ્લેનમાં આવતું હશે ? અહીં ... 'કાંતિભાઈ'ને માસિક પંદરસોનો પગાર હતો. છોડી દીધી. નોકરી છોડી દીધી. નોકરી કરવી જ નથી હવે. મફતનો હેરાન થઈને મરી ગયો. 'મુંબઈ' પ્લેનમાં હતી, નહિ ? પંદરસોનો પગાર. નાની ઉંમર છે, બાળ બ્રહ્મચારી છે. છોડી દીધી. પંદરસોનો પગાર. સરકારી નોકરી. પાછી છોડ્યા પછી ચાર મહિનાના છ હજાર રૂપિયા આવ્યા. સરકારીની.... એ તો બધું ધૂળધાણી છે.

**શ્રોતા** :– એમાં કાંઈ લાભ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નહિ ? આ તમારે 'સુમનભાઈ'ને આમ હશે ?

**શ્રોતા** :– એ વળી કે દિ' મારો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પણ તમે એટલું બધું પહેલાં ક્યાં કરતાં હતા ? આ દસ-દસ હજાર રૂપિયાની પેદાશ કરે.

**શ્રોતા** :– એનાથી વધારે કમાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કારણ કે તમારા હતા અને દસ હજાર હતા ને પાંચસો દેતા. હવે એ

વખતે દર મહિને હજાર પેદા કરતાં..

**શ્રોતા :–** પણ એ એટલું કામ કરે છે એને તો એક કલાકના એટલા કમાતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાચી વાત છે. આહાહા..! અત્યારે પૈસાની કિંમત ઘટી ગઈ છે. અત્યારના પચ્ચીસ લાખ અને પહેલાંના એક લાખ. બધા માલના ભાવ વધ્યા અને પૈસાના ઘટ્યા. અરે..! જગતના ભાવ પણ એ એના, એ આત્માના નહિ. 'ચંદુભાઈ'! રાત્રે એક વાર પૂછ્યું હતું કે સોનાનો ભાવ શું છે ? તો બધા ગડબડ કરવા માંડ્યા. કોઈક કહે, .. આનો, કોઈ કહે સોનાનો ... એ સોનાનો બસો ભાવ એ તમને પૂછવું હતું ? અહીં વેપાર કરવો છે અમારે ? સોનું એક ચીજ છે, જડ પદાર્થ છે. એનો ભાવ એટલે એમાં રહેલી શક્તિ. રંગ, ગંધ, રસ, સ્પર્શ, શક્તિ એ એનો ભાવ છે. આ તમે કલ્પ્યો પચ્ચીસનું તોલું અને બસ્સોનું તોલું એ તો તમારો કલ્પેલો ભાવ છે. એનો ભાવ ક્યાં છે એ ? સમજાણું કાંઈ ? સોનુ પદાર્થ છે, વસ્તુ છે, એ ભાવવાન છે. તો એનો ભાવ શું ? રંગ, ગંધ, રસ, સ્પર્શ, ચીકાશ આદિ એનો ભાવ છે કે જે ભાવ ભાવવાનથી જુદો હોય નહિ.

એમ આત્માનો ભાવ શું ? આવ્યું ને માથે ? જુઓ! **'જ્ઞાનમાત્ર ભાવ...'** પહેલી લીટીમાં આવ્યું. આત્માનો ભાવ શું ?–કે જ્ઞાન એનો ભાવ છે. આહાહા..! એ જ્ઞાનસ્વભાવ પોતે જે પરને જાણવા તરીકે પરિણમે છે, એ પરિણમન એટલે એ આત્માની દશા છે; પરની નહિ, જ્ઞેયની નહિ, પરિણમનમાં જ્ઞાન થવાના કલ્લોલ જ્ઞેયને કારણે ઊઠ્યા છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ ? આવું વસ્તુનું સ્વરૂપ છે એ દૃષ્ટિમાં નહિ લે ત્યાં સુધી એને પાપનો–મિથ્યાત્વનો ભાવ ટળશે નહિ અને ધર્મ થશે નહિ.

**શ્રોતા :–** ધર્મ ન થાય તો કાંઈ નહિ, સુખ તો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં સુખ છે ? ક્યાં સુખ હતું ? બહાર લટકે છે ? સચ્ચિદાનંદ સ્વરૂપ તો પોતે છે. સુખ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલા ભાવવાળો તો પોતે છે. આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ છે. સત્ ચિદ્ આનંદ. પોતાનો ભાવ ચિદ્ અને જ્ઞાન અને આનંદ પોતાનો ભાવ છે. એ ભાવ પોતામાં છે, પરને લઈને છે નહિ. પૈસાને લઈને, બાયડીને લઈને, આબરૂને લઈને, આ ધૂળ અને શરીર સારા રૂપાળાને લઈને જીવને સુખ છે–મૂઢ જીવે અજ્ઞાનપણે પાખંડ બુદ્ધિમાં માનેલું છે, પાપદૃષ્ટિમાં એ માનેલું છે.

**શ્રોતા :–** મિથ્યાત્વના મોટા પાપની દૃષ્ટિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ ? ઓળખો છો ને ? બાર વર્ષનો છે. ઝપટમાં આવ્યો છે. સમજાણું કાંઈ ?

કહે છે... આહાહા..! અહીં તો જુઓ! અહીં તો જ્ઞાનની વાત ચાલે છે ને ? એમ આત્મા પોતાનો ભાવ તો આનંદ છે. એ જ્યારે આનંદરૂપે થાય છે એ તો દશા પોતાની છે. એ કાંઈ બાયડી, સ્ત્રી, કુટુંબ એને લઈને અહીં આનંદ આવ્યો છે એમ નથી. તેમ એ ચીજોનું અહીં અડવું

નથી અને આ ચીજ ત્યાં અડતી નથી. એકબીજામાં અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળી આ આંગળીપણે છે, આ આંગળી આ આંગળીપણે નથી. એમ બે અસ્તિ અને નાસ્તિ ન હોય તો એનું હોવાપણું ટકી શકે નહિ. સમજાય છે કાંઈ ?

એમ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું અસ્તિ તત્ત્વ, હયાતીવાળું તત્ત્વ છે. એ રાગ અને પુણ્ય અને પરના પદાર્થથી અભાવ સ્વભાવે સ્વરૂપ છે. આહાહા..! ભારે આકરું કામ, ભાઈ! આવી ધર્મની ક્રિયા હશે! કદી સાંભળી ન હોય. દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા. એય..! એને તો એ પણ ન હોય. એ તો જુવાન છે ને ? ... કર્યા છે ને ? ડૉક્ટરને ખબર છે. આહાહા..!

ત્યાં અમારે 'પાલેજ'માં સાધુ આવતા ને. નાની ઉંમર એટલે સાંભળવા જઈએ. ધર્મમાં સ્થાનકવાસી ખરા ને. અમારા પિતાજીનો ધર્મ એ. એમાં ઓલા રાત્રે ગાય. 'ભુદરજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવમાં.' પણ એમાં તત્ત્વ શું ? એવું ગાય. રાજી રાજી થાય. નાની ઉંમર હતી. ૧૭-૧૮ વર્ષની ઉંમર હતી. 'ઓધવજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવમાં. કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ભૂખના વેઠ્યા ભડકા રે..' આવું સાંભળ્યું હતું. એય..! ડૉક્ટર. ત્યાં ભૂખના વેઠ્યા ભડકા. મહારાજ છે એ તો સારી વાત કહેતા. પણ એમાં ધર્મ શું આવ્યો ? સમજાણું કાંઈ ? આહાહા..!

ભગવાન! અહીં તો આત્માને ભગવાન કહે છે, હોં! ભગ્ + વાન છે એ. ભગ્ એટલે જ્ઞાન અને આનંદરૂપી લક્ષ્મી એનું વાન એટલે એનું સ્વરૂપ છે. ભગ્ + વાન. ભગ્ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. એવી લક્ષ્મીવાળો ભગવાનઆત્મા છે. કહે છે, એને જ્ઞાનમાં આ શરીર જણાણું ?- ના. શરીરની હયાતી શરીરમાં છે. એ જ્ઞાનતત્ત્વની હયાતીમાં શરીરની હયાતી નથી. ત્યારે જ્ઞાનતત્ત્વ એવો જે ભાવ, એ જ્યારે શરીરને જાણવાપણે પરિણમ્યો એમ કહેવું એ એમ નથી. એ તો પોતાના જ્ઞાનભાવવાળું તત્ત્વ છે. જાણવારૂપે અને આનંદરૂપે થાય, એ એની દશા અને એ એનું જ્ઞેય અને એ એને જાણનારો. આહાહા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** આ તો ઘરમાંને ઘરમાં છે પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘરમાં જ હોય ને ! પરમાં ક્યાં હતું ! લોકો નથી કહેતા 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો.' જગતમાં આ બધું એવું થઈ ગયું છે. પોતે કોણ એની ખબર ન મળે અને બીજા બધાની માંડી. ... જમીન અને માટી. પણ તું ભરેલો કોણ છો ? તું કોણ છો ? તારે શું કરવું અને શું કરી રહ્યો છો ? એની ખબરું ન મળે. બેભાન-પાગલ.

એક ફેરી કહ્યું હતું, ભાઈ! આ બધા આત્મા પોતાનો સ્વભાવ છે એને ભૂલીને આ પરનો કર્તા માને છે એ પાગલ જેવા છે. ત્યારે આ કહે, જેવા નહિ, ઉપમા નહિ, પાગલ જ છે. પાગલ જેવા કીધાને ? જેવા એ તો ઉપમા થઈ કે આના જેવા. પણ આના જેવા એટલે બીજો. પાગલ જ છે. આહાહા..! આવા ગાંડા જ હશે બધા ? 'સુમનભાઈ'! ઓ..હો..! બાપુ તો મોટા બેરિસ્ટર

હતા. બેરિસ્ટર સામે આવ્યો હોય તો જરી વિચાર કરવો પડે. જુઓ હમણા કહેતા. ઓલા 'મંગળભાઈ' કહેતા. 'મંગળ' વકીલ છે ને ? 'મંગળભાઈ' વકીલ નહોતા આવ્યા ? એ કહેતા હતા, 'રામજીભાઈ' જ્યાં સામે કોર્ટમાં આવે, જજને પણ વિચાર કરવો પડે. 'રામજીભાઈ' છે. એ શું દલીલ કરશે ? 'મંગળભાઈ' કહેતા હતા. ત્યાં 'અમદાવાદ' ગયા હતા ને અમે. એ કહેતા હતા. એ અહીં બે દિ' રહી ગયા. એ બિચારા કાંઈ ભાન ન મળે. વકીલ થઈને બેઠાને ઓલા પૂર્વના પુણ્યને લઈને ગાડું જરી ચાલતું હોય. બસ્સો-પાંચસો, હજાર પેદા કરતાં હોય અને રોટલા ખાતા હોય. અરે..! એય...! ભગવાન તારી લક્ષ્મીનો, આનંદનો, જ્ઞાનનો ભંડાર તો તારી પાસે પ્રભુ છે. તને તારા નિધાનની ખબર નથી. પરના નિધાન જોવા ગયો પણ તારું નિધાન શું છે એની તને ખબર નથી.

કહે છે, **'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'** આહાહા..! કારણ કે જે ચીજ પર શરીર, વાણી, મન આ બધા પર છે એ આમાં પોતાના હોવાપણામાં તો આવતા નથી. આવા પોતાના હોવાપણામાં તો જાણવાની ક્રિયા–જાણનક્રિયા (થાય છે). દયાના ભાવ થયા, એની જાણવાની ક્રિયા એ આત્મામાં છે. દયાના પરિણામ આત્મામાં આવતા નથી. સમજાણું કાંઈ ? અરે..! આવો તે કેવો ધર્મ હશે! વિધવાને આપો લુવા, ભૂખ્યાને આહાર આપવો, તરસ્યાને પાણી દેવા, નાગાને લુગડા દેવા, માંદાની સેવા કરવી. ધૂળેય નથી કરતો, સાંભળને હવે. એ મને કહે ડૉક્ટર ને એ ડૉક્ટર દાંત કાઢે. ડૉક્ટર પણ પોતે મરી જાય ને. 'ભાવનગર'માં તમારે નહોતા ? 'હેમંતકુમાર'. અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. એ પણ બિચારા હોસ્પિટલમાં ઓપરેશન કરતાં કરતાં ઉડી ગયા. એકવાર દાંત માટે બોલાવ્યા હતા. આવ્યા હતા. અને બીજા એક સર્જન હતા. ... ગયા હતા ને. તેનો દિકરો મરી ગયો હતો તે દિ' ગયા હતા. તરત જ ખબર પડી ગઈ કે મહારાજ આવે છે. એટલે પછી આવ્યા હતા. કે શું છે આમાં ? કાંઈ લાગતું નથી કીધું. તમારી ભાષામાં શું કહેવાય ? સિરીયસ નહિ. આ ઉપચાર કરીએ છીએ એની શું ભાષા ? ટ્રીટમેન્ટ.

આ 'હીરાભાઈ'નો દીકરો હતો. બહુ જુવાન માંદો. 'ચુનીભાઈ'નો દીકરો. બિચારો વીસ વર્ષનો જુવાન હતો. એ ઓલો ફટફટીયું છે ને એમાંથી ઉડીને ઓલું થઈ ગયું. પછી ડોક્ટર આવ્યા. ડોક્ટરે કહ્યું, મારા ઘરે પગલા કરો. ત્યાં 'કલોલ'માં બંગલો છે ને. નરમ માણસ છે, અહીં આવી ગયા છે. પણ ડોક્ટર કોના ? એના શરીરમાં થાય તો કાંઈ કરી શકે છે ? એં.... એં... થઈ જાય છે, લ્યો. આ ડોક્ટર, નહિ ? 'જામનગર'ના ડોક્ટર. શું કહેવાય ? 'પ્રાણજીવન' ડોક્ટર. અઢી હજારનો પગાર. ડોક્ટર છે ને ? જ્યારે એને કાંઈક કરડ્યું તો મોઢું આમ ફાટી ગયું હતું. હું નહિ કરી શકું... હું નહિ કરી શકું.. બીજા તમે કરો. કારણ કે એને દેખાવ જ ઉડી ગયો કે આમાં કાંઈ થાતું નથી લાગતું. 'પ્રાણજીવન' ડૉક્ટર. સોલેરીયમ છે ને.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બધા ઘણા છે. (સંવત) ૧૯૭૭મા 'ભાવનગર'માં એક ડૉક્ટર

હતો ને ? કેવો ? .. કીધું ભાઈ મને કાંઈ વિચાર નથી લાગતો. ... ૧૯૭૭ની સાલની વાત છે. એ તો પરમાણુ જડની અવસ્થા છે, ભાઈ! એ કરવાનું તારાથી ન થાય, ભાઈ! અરે..! એનું જ્ઞાન પણ તારું નહિ. એ સંબંધીનું જ્ઞાન થાય, તારું તારા અસ્તિત્વમાં જાણવાનું થાય એ ક્રિયા તારી છે. આહાહા..! એ જડની ક્રિયા તારી નહિ, તારાથી થઈ નથી. પણ એ વખતે રાગ થયો એ ક્રિયા તારી નહિ, તારાથી થઈ નથી પણ રાગનું જ્ઞાન થયું એ રાગથી થયું નથી, તારાથી થયું છે. આહાહા..! બહુ આકરું કામ, 'શશીભાઈ'! આટલું બધું ... ને જાવું છે ક્યાં ? મોટા મેરુ ઉપાડવા જાય. ભાઈ! તારા ઘરની ચીજ જ આવી છે. તને તારા સત્યની ખબર નથી.

કહે છે **'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** સરવાળો લઈ લીધો. **'આ રીતે...'** જે રીત કીધી તે રીતે. જે જણાવા યોગ્ય પદાર્થ તે પરમાં રહ્યા, જાણનારો જાણવામાં રહ્યો, એ જાણનાર પોતે જ્ઞાનરૂપે થાય, એને પોતે જાણે છે, એ જણાવાયોગ્ય ચીજ આત્માને છે. પર જણાવાયોગ્ય છે એ બધો વ્યવહાર છે. આહાહા..! **'જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** લ્યો ઠીક. જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. આખું જ્ઞેય છે. પરિણમનથી વાત કરવી છે. બાકી તો આત્મા વસ્તુ, એનો જ્ઞાનભાવ અને એનું પરિણમન એટલે વર્તમાન દશા-અવસ્થા એ જ જ્ઞેય છે. આહાહા..! આ જ્ઞેય અને જ્ઞાન ને શું માંડી છે ? એ માંડી છે તારા ઘરમાં શું થાય છે એની. સમજાણું કાંઈ ? આહાહા..!

**'જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** આ પાના-ફાનામાં એની મેળાએ બધું સમજાય એવું નથી, હોં! ડોક્ટર! એકવાર 'ગોંડલ'માં નહોતું થયું આપણે વ્યાખ્યાનમાં ? જોષી. દિવાન હતા. વ્યાખ્યાનમાં આવે. ઓ..હો..! આમાં બધું લખ્યું હશે ? છે એમાં પણ તમને કાંતતા નહિ આવડે. પુસ્તક લઈ જજો. પુસ્તક લઈ ગયા હતા. 'કેશવલાલ' પ્રોફેસર છે ને ? 'ગોંડલ'ના છે પ્રોફેસર. 'કેશવલાલભાઈ'! આ મહારાજ વાંચે એ પુસ્તક આપજો અને લઈ આવજો આપણે ઘરે. 'ભગવતી સૂત્ર' હતું. સમ્યક્‌નો અધિકાર ચાલતો હતો. (સંવત) ૧૯૮૮ની સાલની વાત છે. ૧૯૮૮. (પુસ્તક) લઈ ગયા. મહારાજ! આમાં કાંઈ સમજાતું નથી. તમે બોલો છો ને...

**શ્રોતા** :– હતા એ સાધારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દરબારની કૃપા. બાકી બુદ્ધિ એવી નહોતી. ... વ્યાખ્યાનમાં આવે. સમજ્યા વિનાના હોય ઘણાય તો. આહાહા..!

કહે છે, પોતે જ્ઞાનભાવવાળો આત્મા, એ જ્ઞાનરૂપે થાય તે તેનું જ્ઞેય એટલે જણાવાયોગ્ય ચીજ છે. પર ચીજ જણાવાયોગ્ય છે. કરવાયોગ્ય તો નથી, એની ક્રિયા નથી, રાગની ક્રિયા એની નથી, શરીરની ક્રિયા એની નથી. એનું અસ્તિત્વ જુદું. પણ એ અસ્તિત્વનું અહીં જ્ઞાન થાય, એ અસ્તિત્વને લઈને જ્ઞાન થાય એમ નહિ. પોતાના જ્ઞાનના અસ્તિત્વને લઈને એનું જ્ઞાન થાય છે. અરે..! ભાઈ! આવું તે હશે ? વીતરાગનો માર્ગ આવો હશે ? કોઈ દિ' સાંભળ્યું હતું ? 'કલકત્તે' બલકત્તે સાંભળ્યું

નહોતું ?

**‘વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.’** લ્યો. જાણનાર પોતે પોતાને જાણે, જણાય પણ એ જાણવાની ક્રિયા પોતાનું જ્ઞેય અને જ્ઞાતા જાણનારો અને જ્ઞાન જાણે અને જ્ઞેય પોતે. ત્રણે એક જ ચીજ છે. જાણનારો જ્ઞાતા આત્મા, એનો જ્ઞાનભાવ એ જ્ઞાન અને એનું પરિણમન થવું, અવસ્થા થવી, પરના વિષયને જાણવા સંબંધી પોતાની દશા થવી, એ પોતે જ્ઞેય, પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા. પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! આવું હશે આ ?

**શ્રોતા :–** છે જ ને. પછી એમાં શંકા કેવી ? શંકા વગરની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં ? એ સમજ્યા છો એમાં નહિ, આમાં સમજાય છે કે નહિ ? એમ કહે છે. આહાહા..! અરે..! કોઈ દિ’ આત્મા શું છે ? શું ગુણ છે ? શું દશા છે ? શું થાય છે ? એના કોઈ દિ’ પત્તા લીધા નહિ. એમ ને એમ અનાદિથી ઉંધે કાંધ થઈને રખડે છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના આચરણ. ચોરાશીના અવતારના ઘોદા ખાઈને અનંતવાર મરી ગયો. સમજાણું કાંઈ ?

આ ભગવાનઆત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે કહ્યો એ લોજિક-યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. કહે છે, **‘પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.’** લ્યો. એ જ્ઞાનમાત્ર ભાવ જ જાણનારો છે એમ કહે છે. જણાય તે પણ પોતાની દશા, જાણનારો પણ પોતે અને જ્ઞાન પણ પોતાનું. એ ત્રણે એકરૂપ છે. પોતાના હોવાપણામાં જાણનારો પોતે, જ્ઞાન વડે જાણે એમ કહેવું એ પણ નહિ, એ તો જ્ઞાન પોતે સ્વરૂપ જ છે અને જ્ઞાનની પરિણતિને જાણે એ પણ પોતાનું જ્ઞેય છે એમ ભેદ પાડવો એમ નહિ. એ પોતે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એકરૂપે વસ્તુ છે. એવી અંતરમાં દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. બાકી બધા થોથે થોથા છે. સમજાય છે કાંઈ ? બધા સાધુ થઈને મૂંડીને મરી જાય. મુંડાવીને માથા ફોડે, ઉના પાણી પીવે... એ બધા રણમાં પોક મૂકવા જેવી વાત છે. એમાં કાંઈ આત્માનો ધર્મ છે નહિ. સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને ? બધું ક્યાં સમજાય છે ? બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય એને. પણ શું કહેવા માગે છે ? કઈ અપેક્ષાથી, ક્યા પ્રકારનું એવું કાંઈ લક્ષ થાય છે ? એનું નામ કાંઈ સમજાય છે. એ ... મધ્યમાં. વાક્યનો વિસામો હોય છે ને ? અમુક બોલ્યા પછી કોઈને એમ કહે કે તમને સમજાય છે ? એ વાક્યનો વિસામો છે. સમજાણું કાંઈ ? જુઓ! સમજાણું કાંઈ આવ્યું. આહાહા..!

**‘આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા–એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.’** અહીં સામાન્ય અને વિશેષ બે ભેગી લઈ લીધી. ભાઈ! જ્ઞાનપ્રધાન છે ને ? પ્રમાણજ્ઞાન. વસ્તુ ત્રિકાળી સત્, એની શક્તિ ત્રિકાળી સત્ અને એની દશા થતાં વર્તમાન હાલત-દશા થાય એ ત્રણે થઈને આત્મા કહેવામાં આવે છે. એ આત્મામાં પુણ્ય અને પાપ ન આવે, એમાં શરીર-

વાણીની ક્રિયા ન આવે અને પુણ્ય-પાપ અને શરીરની ક્રિયાનું જ્ઞાન પણ એને લઈને ન આવે. આહાહા..! કહો, સમજાણું કાંઈ ?

એવી **'એ ત્રણે ભાવોયુક્ત...'** જુઓ! ત્રણેને ભાવ કહી દીધા પાછા. જ્ઞાતા જાણનારો, જ્ઞાન જાણે અને જણાય પોતાનું જ્ઞેય. આહાહા..! આવું તત્ત્વ. એવો ભગવાનઆત્મા ત્રણ ભાવસહિત, ત્રણ ભાવયુક્ત. ક્યા ત્રણ ? જાણનારો આત્મા, જણાય તે જ્ઞાન અને જણાય તે જ્ઞેય. જાણનારો આત્મા, જાણે તે જ્ઞાન, જણાય તે જ્ઞેય. પોતે ને પોતે. આહાહા..! એમ જ્યારે અંતરમાં દૃષ્ટિ મૂકે ત્યારે તેને જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના ત્રણ ભેદ પોતાના છે એ પણ રહેતા નથી. સમજાણું કાંઈ ? પરના તો રહેતા નથી પણ પોતાના ત્રણ પ્રકાર પણ રહેતા નથી.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, એની દૃષ્ટિ થતાં પોતાના હોવાપણાના પ્રતીતમાં એને જ્ઞાન અને આનંદની દશા પ્રગટ થાય. એને ધર્મ અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું...'** જુઓ! આવો કીધો એવો. જ્ઞાતા પણ હું, જ્ઞાન પણ હું અને જણાવ પણ હું. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** આત્માને આનંદના જ્ઞાનના સ્વભાવને અનુભવે છે એ આ રીતે અનુભવે છે અને એ અનુભવ થવો એ ધર્મ છે. સમજાણું કાંઈ ? બહુ સરસ વાત હતી. કળશનો ભાવાર્થ ભર્યો છે. જુઓને! પંડિતે ભર્યો છે. આહાહા..!

**'એમ અનુભવ કરનાર પુરુષ...'** પુરુષ એટલે આત્મા. વળી સ્ત્રીનો આત્મા જુદો એમ નહિ. આત્મા એટલે ? આત્મા તો આત્મા જ છે. શરીર જુદું. હાડકાને ફેરે કાંઈ આત્મા સ્ત્રી થઈ જતી નથી. પુરુષના આકારે કાંઈ આત્મા થયો નથી. આ તો જડ છે. ચૈતન્ય જ્ઞાનભાવવાળો આત્મા, શરીરના આકાર-ઇન્દ્રિય પુરુષના કે નપુંસકના એ આકારે થયો નથી. અજ્ઞાનીએ જડના આકારમાં આવીને માન્યું છે કે હું પુરુષ છું અને સ્ત્રી છું. સમજાણું કાંઈ ? સોનાની લગડી, એને ગમે તેવા ચામડાના, કપડાના નવા, તાજા ટુકડા ઉપર વીંટાળે, તો સોનાની લગડી વીંટાળેલા વસ્ત્ર જેવી થઈ જાય ? એમ ભગવાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એ આ ચામડાને .. છે. પુરુષના, સ્ત્રી, નપુંસકના, ઢોરના, દેવના. એ વીંટાળરૂપે થતો નથી, થયો નથી, થશે નહિ. અરે..રે..! ભારે વાત! પંડિતજી!

એમ આત્માનો અનુભવ કરનાર. અનુ એટલે અનુસરીને. આવો આત્મા એને અનુસરીને ભવવું. અનાદિથી તો પુણ્ય-પાપ અને રાગ-દ્વેષને અનુસરીને વિકારરૂપે થાય છે એ દુઃખ અને રખડવાનો સંસાર છે. આવો **'અનુભવ કરનાર પુરુષ...'** આવો અનુભવે છે કે જાણનાર પણ હું, જ્ઞાનપણ હું અને જ્ઞેય એટલે જણાવાયોગ્ય ચીજ પણ હું જ છું. એમ ત્રણના અભેદની દૃષ્ટિ થતાં, એને અનુભવ નામ આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને સમકિત અને એને ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... **(શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ.)

✲

## શ્રી સમયસાર, ગાથા-૬
## પ્રવચન નં. ૫૧૨, તા.૨૭-૦૯-૧૯૭૩
## [૧૩]

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર. કેવો જીવ માનવાથી સમ્યગ્દર્શન થાય છે ? જીવ-અજીવ અધિકાર છે ને ? જીવ કોને કહીએ કે જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય ? એ અધિકાર છે. સૂક્ષ્મ અધિકાર છે. કહ્યું કે ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકભાવ ભાવસ્વભાવરૂપ, ત્રિકાળ જો જ્ઞાયકભાવ સ્વભાવરૂપ, એમાં જે વર્તમાન પુણ્ય અને પાપના ભાવ પર્યાયમાં–અવસ્થામાં પ્રવર્તમાન છે. છતાં જ્ઞાયકભાવ એ રૂપે થયો નથી. સમજાણું કાંઈ ? એથી સમ્યગ્દર્શન પામવામાં અવકાશ છે એમ કહે છે. જે જ્ઞાયકભાવ છે, સ્વભાવભાવ છે એ વર્તમાન વર્તતા પ્રવર્તમાન પુણ્ય અને પાપ, એ રૂપે થયો જ નથી. એ તો અચેતન છે. ચૈતન્યરસ સ્વભાવ એ અચેતનપણે કેમ થાય ? આહા..હા...! એ કારણે ધર્મ પ્રાપ્ત કરવા પરની અપેક્ષા નથી. કેમ કે પુણ્ય-પાપરૂપે દ્રવ્ય થયું જ નથી. સમજાણું કાંઈ ?

એ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. છતાં એ શુદ્ધનું ભાન થાય એને માટે એ શુદ્ધ છે. કર્મનું લક્ષ છોડીને પોતાનો ચૈતન્ય જ્ઞાયકભાવ સ્વભાવભાવ ઉપર લક્ષ આપતાં પોતાની પર્યાયમાં દ્રવ્યનું સેવન થાય છે. સેવન નામ આરાધન થાય છે. જ્ઞાયકભાવનું આરાધન થાય છે. અનાદિથી પર્યાયનું આરાધન છે. સમજાણું કાંઈ ? એક સમયની પર્યાયમાં ઊભો રહીને એણે શાસ્ત્રનું જ્ઞાન કર્યું, દયા, વ્રત આદિ કર્યા પણ એ પર્યાયમાં ઊભા રહીને કર્યું. જે પર્યાયમાં તે ઊભો છે પણ એ પર્યાય દ્રવ્યમાં છે જ નહિ. જેમાં તું ઊભો છો એ ચીજ જ અંદરમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ અંદરમાં નથી તો અંદર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં શુદ્ધ સ્વરૂપની આરાધનદશા થાય છે. આહા..હા...! ત્રિકાળી શુદ્ધ વસ્તુનો, પરનું લક્ષ છોડીને સ્વના આશ્રયે જાય છે તો પર્યાયમાં ત્રિકાળી શુદ્ધની ઉપાસના, સેવના, આરાધના થાય છે. એ આરાધના કરનારને એ ચીજ શુદ્ધ છે. 'રતિભાઈ'! આહા..હા...! આવી વાતું છે.

જે શુદ્ધ અસ્તિપણે છે. છે એનું અસ્તિપણું જ્યારે પર્યાયમાં ભાસે છે ત્યારે એ ચીજ શુદ્ધ છે એમ દૃષ્ટિમાં આવે છે. ભારે વાતું ! આહા..હા...! વસ્તુ એવી છે. એક સમયની જે અવસ્થા છે, પ્રમત્તદશા છઠ્ઠા ગુણસ્થાનની પહેલેથી છઠ્ઠે અને સાતમેથી ચૌદ (ગુણસ્થાન) બધી પર્યાય ભેદ છે, અંશ છે અને ત્રિકાળી અંશમાં એનો પ્રવેશ નથી. સમજાણું કાંઈ ? એ ત્રિકાળી જ્ઞાયકભાવ,

ધ્રુવભાવ, નિત્ય સ્વભાવભાવ એ પુણ્યના પરિણામરૂપ કેમ થાય ? આહા..હા...! ચાહે તો અરિહંતની ભક્તિ હો કે ચાહે તો પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ હો એ રૂપે વસ્તુ થઈ નથી, એ તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? તો એ પર્યાયની રુચિ છોડીને... અહીં પરનું લક્ષ છોડીને એમ અહીં કહ્યું. પણ એનો અર્થ એ કે પરનું લક્ષ છોડે તો દ્રવ્યનું લક્ષ થાય છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. મૂળ ચીજ છે ને.

એ દ્રવ્યભાવ, ધ્રુવભાવ, શુદ્ધ અખંડ પ્રભુત્વ ભાવ, એની સેવનાથી, પ્રભુની સેવના કરવાથી, ઉપાસના આવ્યું ને ? આહા..હા...! **'અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી.' 'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** કેમ કે અન્યભાવરૂપ પરિણમતો નથી તો પ્રમત્ત-અપ્રમત્ત દશા કહેવામાં આવે છે એ એમાં નથી. 'ભગવાનજીભાઈ'! બહુ ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...! મહાપ્રભુ જેની મહાત્મ્યનો પાર નથી. વસ્તુ સત્ અને સત્ત્વ એવી ચીજ નિત્યાનંદ પ્રભુ ! એ શુભાશુભભાવપણે થઈ નથી, તો શુભાશુભપણે થઈ નથી તો પર્યાયમાં પ્રમત્ત-અપ્રમત્તપણું એને નથી. પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઓહો..હો...! ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શનમાં ત્રિકાળનો આશ્રય છે અને સમ્યગ્દર્શનમાં જે શુદ્ધ પર્યાયનું વેદન થયું, એનાથી આખો આત્મા શુદ્ધ છે એવું એના લક્ષમાં, દ્રવ્યદૃષ્ટિમાં આવ્યું. આહા..હા...! પહેલાં તો હજી એને સમજવું કઠણ પડે. આહા..હા...! એ સમજ્યા પછી અંદરમાં દૃષ્ટિ કરવી. આવી સમજણ પહેલાં હોવી જોઈએ. વિકલ્પમાં પણ એવો નિર્ણય થવો જોઈએ. રાગમિશ્રિત વિચારમાં પણ આવો નિર્ણય થવો જોઈએ. જો કે એ યથાર્થ નિર્ણય નથી પણ પહેલાં એ નિર્ણય આવ્યા વિના રહેતો નથી. આહા..હા...! બીજું જાણપણું ઓછું–વધું હોય એની સાથે કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ ? એ તો સીધો ત્રિકાળી જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લેતા જ અનુભવમાં આત્માની પર્યાયમાં શાંતિ અને આનંદની શુદ્ધતાનું વેદન સાથે 'આ શુદ્ધ છે' એવો ભાસ થાય છે. સમજાણું કાંઈ ? લ્યો ! 'નેમિચંદભાઈ'! આ તમારી છઠ્ઠી ગાથા ચાલે છે. આહા..હા...!

**'તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** રાગાદિ ભાવ અથવા અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યનો ભાવ, એનું લક્ષ છોડે છે તો સીધી દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ ? અનાદિથી પર્યાયમાં અન્ય દ્રવ્યનું જે લક્ષ છે એ લક્ષ છૂટતાં જ... રાગથી લક્ષ છોડવું પડતું નથી. એ અંદર લક્ષ છોડે અને અંદરમાં ગયો તો રાગનું લક્ષ પણ છૂટી ગયું. સમજાણું કાંઈ ? **'ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.'** ત્યાં સુધી તો આવ્યું હતું. સમજાણું કાંઈ ? વીતરાગ માર્ગ. ભગવાન પોતે સ્વરૂપે વીતરાગી છે. એનો માર્ગ તો વીતરાગ .. તો વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય છે. કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. તો અહીં કહે છે કે વ્યવહારથી નિશ્ચય થતો જ નથી. નિશ્ચયની પર્યાય તો ત્રિકાળના આશ્રયે થાય છે. એમાં કોઈ પરનો, નિમિત્તનો, રાગનો સહારો નથી. આહા..હા...! '...લાલે' લખ્યું છે કે પ્રશસ્ત રાગ તે ધર્મ નહિ. ...માં આવ્યું.

અરહંતભક્તિ પણ અગ્નિ છે. અહીં રહી ગયા ને ? આહા..હા...!

અહીં તો કહે છે કે રાગ પરલક્ષીભાવ, ચાહે હો, પણ એ ભાવપણે ભગવાનઆત્મા થયો જ નથી. તો એ પરનું લક્ષ, નિમિત્તનું અથવા ઉદયનું અથવા પરદ્રવ્યના ભાવનું લક્ષ છોડવાથી સ્વ ઉપર લક્ષ જતાં જ પર્યાયમાં વસ્તુ સ્વભાવ જ્ઞાયકભાવ છે, એની સેવના અને આરાધના થઈ, એમાં આનંદનો સ્વાદ આવે છે. એનાથી સિદ્ધ થયું કે આખો આત્મા આનંદ છે. શુદ્ધ પર્યાયની સાથે આનંદ આવ્યો તો આખો આત્મા શુદ્ધ છે અને આખો આત્મા આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! દુઃખી થાય ઘણા પ્રાણી. આહા..હા...! ભાઈ કહે છે ને ... એને ખબરેય નથી. ... 'પોપટભાઈ'નો દીકરો આવ્યો છે. ભાઈ ગુજરી ગયા ને આ ? ... ખબર નથી. એને પૂછ્યું તારા બાપુ ક્યાં ગયા ? .. એ ગયા. મારા બાપુ 'ગોવા' ગયા છે.

**શ્રોતા :–** છોકરાઓને ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છોકરાને ખબર હતી.. એને જવાબ શું દેવો ? એની મા માંદા હતા ને ? એને લાવ્યા હતા ને ? ... જરી .. ઊઠે. છોકરાને કહે, તારા બાપા ક્યાં ? મારા બાપ 'ગોવા' ગયા. એને એમ કેમ કહીએ કે મરી ગયા. આહા..હા...! ભાઈ એમ કહેતા. ... આવ્યા હતા ને ? 'પોપટભાઈ'ના દીકરા. એની બહેનના દીકરા. આહા..હા...! જુઓ ! આ સંસાર. રોગમાં ગ્રસ્ત, એમાં ... આહા..હા...! એના ધણી આવા અબજોપતિ. પછી ત્યાં લઈ ગયા. 'ગોવા' લઈ ગયા. પ્લેનમાં લઈ ગયા. મોટું ધામધુમથી કરે. મોટો ગૃહસ્થ ખરો ને. ત્યાં ... બાળશે. મડદાને બાળશે. 'મુંબઈ'થી ત્યાં લઈ ગયા. અરે..રે..! એ તો ક્યાંય ગયો આત્મા. આહા..હા...! કોઈ શરણ ન મળે. લક્ષ્મી શરણ નહિ, આબરૂ એ શરણ નહિ, રાગ અંદર હોય એ પણ શરણ નથી. આહા..હા...! અરે..! ભગવાનનું સ્મરણ હો એ પણ શુભરાગ છે, એ પણ શરણ નથી. આહા..હા...! શરણ તો ભગવાન ચિદાનંદ પ્રભુ ધ્રુવ નિત્ય સ્વભાવ, ત્યાં પર્યાયની ડોર બાંધીને... આહા..હા...! જે ભાન થયું, એમાં આવો શુદ્ધ આત્મા છે એવો જ્ઞાનીને ભાસ થાય છે. અજ્ઞાનીને તો શુદ્ધ શું ચીજ છે એની ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ વસ્તુ છે. લાખ બીજા દાન કરે, ભક્તિ કરે, પૂજા કરે પણ અહીં ગયા વિના એને ધર્મ નથી. આહા..હા...! એવી ચીજ છે. દુનિયાને બેસે, ન બેસે, વિરોધ કરે, નિંદા કરે. સમજાણું કાંઈ ? ... ત્યાં કાગળ આવ્યો હતો. ... શું થાય ? આહા..હા...! માણસે જ્યાં પોતાનો પક્ષ બાંધ્યો છે, એમાંથી છૂટવું (કઠણ પડે). આહા..હા...! એમાં સંપ્રદાયની દૃષ્ટિ થઈ અને એમાંથી છૂટવું (એ તો અતિ કઠણ છે). આહા..હા...! અહીં તો કહે છે કે પર્યાયબુદ્ધિ થઈ એનાથી છૂટવું મુશ્કેલ છે. આહા..હા...!

અંતર સ્વભાવ ભગવાનઆત્મા પહેલાં સમજણ અને શ્રદ્ધામાં તો એ .. લે. આહા..હા...! પછી અંતરમાં પ્રયોગ કરવાથી, દ્રવ્ય સ્વભાવ પકડવાથી આ દ્રવ્ય શુદ્ધ છે એવું ભાન થતાં, પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણ સ્થિરતા થાય છે. એનું નામ ધર્મની શરૂઆત કહે છે. સમજાણું

કાંઈ ? હવે વિશેષ વાત. એ જ્ઞાયક આવ્યું ને ? જ્ઞાયક છે ને એ ? તો એનો ધ્વનિ એવો થયો કે એ જાણનાર છે. રાગને જાણનાર, પરને જાણનાર એવો ધ્વનિ એમાં થયો. આત્મા જાણનાર છે ને ? જ્ઞાયક છે.

**'વળી દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના) આકારે...'** બળવાયોગ્ય લાકડી, છાણા. છાણા કહે છે ? ગોબર. સળગે છે ને ? અગ્નિ એ આકારે થાય છે. પણ એ અગ્નિનો આકાર છે, એ છાણાનો આકાર નથી. શું કહ્યું સમજાણું કાંઈ ? **'દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના)...'** લાકડા, છાણા, અડાયા. અડાયાને શું કહે છે ? અડાયાને શું કહે છે, સમજો છે ? એ સુકાઈ ગયેલા ગોબર. જંગલમાં પડ્યા હોય ને સુકાઈ ગયેલા એ અડાયા. અહીં બનાવે એને છાણા કહે છે. ઘાસ નાખીને. અગ્નિ એ આકારે થાય છે.

**'વળી દાહ્યના (બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** બાળનાર, સળગાવનાર પદાર્થને અગ્નિ કહે છે. **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** એ લાકડાને આકારે અગ્નિ થઈ છે એ અવસ્થા તો અગ્નિની છે એ અશુદ્ધતા નથી. એના આકારે જે થઈ, આકાર તો અગ્નિની દશા છે, એ કોઈ બળવાયોગ્ય પદાર્થની અવસ્થા નથી. સમજાણું કાંઈ ? બળવાયોગ્ય પદાર્થ જે છે, એ રૂપે અગ્નિ થઈ, એ અગ્નિ થઈ એનો અર્થ શું ? અગ્નિ તો પોતાની પર્યાયરૂપે થઈ છે. જ્ઞેયાકારથી જ્ઞેયના આકારના કારણે અગ્નિ એ રૂપે થઈ છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? (બળવા યોગ્ય પદાર્થને) **'આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે...'** બળવાયોગ્ય પદાર્થના આકારે થઈ છે માટે અશુદ્ધ છે એમ નથી. એ તો અગ્નિ પોતાની પર્યાયને આકારે થઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જે પ્રકારનો રાગ હો, શરીરાદિ જ્ઞેય હો. એ જ્ઞાનમાં એ આકાર પ્રમાણે જ્ઞાનની પર્યાયમાં ખ્યાલ આવે છે, પણ એ જ્ઞેયનો આકાર નથી, એ તો અગ્નિનો આકાર છે, અગ્નિની પોતાની સ્વયંની અવસ્થા જ એ છે. પરને કારણે અશુદ્ધ નથી. સમજાણું કાંઈ ? ભારે સૂક્ષ્મ છે. આ ચોથો બોલનો ઉત્તર છે. **'णादो जो सो दु सो चेव।।'** ઇ. ત્રણ બોલના ઉત્તર આવી ગયા. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'** એ આવી ગયું. હવે **'णादो जो सो दु सो चेव।।'** એનું દૃષ્ટાંત 'અમતૃચંદ્રાચાર્ય' દે છે. ભગવાન ! જેમ અગ્નિ છે અગ્નિ. અગ્નિ કહે ને ? એ બળવાયોગ્ય પદાર્થના આકારે થાય છે. એ આકાર પરને કારણે થયો માટે અશુદ્ધ છે એમ નથી. એ તો અગ્નિની નિજ અવસ્થા જ એવી થઈ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** શું કહે છે ? રાગાદિ, શરીરાદિ જણાય છે, તો એ જ્ઞેયાકારથી જ્ઞાનપર્યાય થઈ, એ જ્ઞેયાકાર એમાં આવ્યા નથી. આહા..હા...! એ તો જ્ઞાયકની અવસ્થા એ રૂપે થઈ છે પોતાની અવસ્થા એ આકારે થઈ છે. ભારે ભાઈ ! જેટલા પ્રકારના રાગ છે, વ્યવહારે જાણેલો પ્રયોજવાન છે ને ? તો જેટલા પ્રકારના દયા, દાન, વ્રત આદિનો

વિકલ્પ ઊઠ્યા, તો જ્ઞાન એ જ્ઞેયાકારે પરિણમે છે, પણ જ્ઞેયાકાર જ્ઞેયના આકારને કારણે નથી. એ પોતાના જ્ઞાનના આકારે .. જ્ઞાનની થઈ છે. સમજાણું કાંઈ ?

અરિસામાં બીજી ચીજ દેખાય છે તો એ આકારે અરિસાની પર્યાય થઈ પણ એ તો અરિસાની પર્યાય થઈ છે, પરને આકારના કારણે થઈ છે એમ તો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અરિસો છે ને ? શીશા કહે છે ને ? તો અરિસામાં સામે અગ્નિ અને કોલસો દેખાય તો એ આકારે અરિસો થયો. આકાર થયો એ એની અશુદ્ધતા નથી. એ તો પોતાની અરિસાની અવસ્થારૂપ અરિસો થયો છે. સમજાણું કાંઈ ? આવું હવે સમજવું... એય..! 'રાયચંદ્ર'! આ બધું સમજ્યા વિના દુ:ખનો નિવેડો નથી, હોં ! અનાદિથી દુ:ખમાં ગરી ગયો. આહા..હા...! પાછું આવું ઝીણું. 'નેમિચંદભાઈ' માંગી કે આ અમને સંભળાવજો. જરી ઝીણું પડે એવું છે. ... આહા..હા...!

ભગવાન ! તું તો જ્ઞાયક છો ને ? જ્ઞાયકનું ભાન થયું, તો એ ભાનમાં જેવું જ્ઞેય છે એ તો સ્વનું ભાન થયું અને જેવો અંદર રાગાદિ વિકલ્પ ઊઠે છે એ પ્રકારે એ આકારે જ્ઞાન પરિણમે છે, પણ એ આકાર જ્ઞેયનો-પરનો નથી. પોતાની પરપ્રકાશક શક્તિ પોતામાં છે એ કારણે એ રૂપે જ્ઞાયકભાવ પરિણમ્યો છે. પંડિતજી ! આહા..હા...! એય..! '...ભાઈ' !... જ્ઞાનની પોતાની અવસ્થા છે, એ કાંઈ જ્ઞેયની અવસ્થા નથી, એ રાગની અવસ્થા નથી. જ્ઞાનમાં રાગ જણાયો અને રાગના આકારરૂપ થયું એ રાગની અવસ્થા નથી, એ તો જ્ઞાયકની પર્યાયની અવસ્થા છે. આહા..હા...! કહો, '..ભાઈ'! આવું ક્યાં હતું ક્યાંય ? ... હતું. ઓલા ... કહે. બહારના થોથા સાંભળીને ચાલ્યા ગયા.

જૈનદર્શન એટલે કે વસ્તુના દર્શન અર્થાત્ વસ્તુનું સ્વરૂપ. આહા..હા...! કહે છે, કે. ત્રણ પદનો અર્થ તો કહ્યો. પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી ? એ જ્ઞાયકભાવ છે એની પર્યાયમાં શુભાશુભભાવ થાય, પ્રવર્તમાન હો, વર્તતો હોય, એમ હોવા છતાં પણ ત્રિકાળી વસ્તુ એ રૂપે થઈ નથી. એ કારણે એ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહેવામાં આવે છે. લોજિકથી ન્યાયથી તો સમજાય એવું છે. ન સમજાય એવી કોઈ ચીજ નથી. આહા..હા...!

હવે કહે છે કે પણ એ જાણનાર છે એમ તમે કહ્યું ને ? જ્ઞાયક કહ્યો ને ? જાણનાર કહ્યો ને ? તો જાણવામાં પરનું જ્ઞાન થયું. સ્વનું પણ જ્ઞાન થયું અને પરનું જ્ઞાન પણ થયું. તો પરનું જ્ઞાન થયું એટલી એમાં અશુદ્ધતા આવી કે નહિ ? તમે દ્રવ્યને તો ભલે શુદ્ધ કહ્યું. પર્યાયમાં પરને આકારે થઈ એટલી અશુદ્ધતા છે કે નહિ ?–કે નહિ. સમજાણું કાંઈ ? એ પરના આકારે થઈ એમ કહેવામાં આવે છે. એ તો પોતાની જ્ઞાનની પર્યાયનો આકાર છે. પરનો આકારે છે જ નહિ. સમજાણું કાંઈ ? કહો, 'અતુલભાઈ'! સમજાય છે આ ? તમારે એને રસ છે ને રસ ? તમારા છોકરામાં એને એક રસ છે. બધા સમજવા જેવા.... આહા..હા...! એક તો થયો.

ભગવાન ! તારી ચીજની વાત ચાલે છે ને, નાથ ! આહા..હા...! તારી ચીજ તો જ્ઞાયકભાવસ્વરૂપ છે ને. આ માટી, પુણ્ય-પાપ ભાવ તો બધા ભિન્ન છે. હવે કહે છે... આ તો જૈનદર્શનનો મર્મ

છે. વસ્તુનો મર્મ છે. તારી ચીજ તો પ્રભુ ! જ્ઞાયકભાવ છે, પારિણામિકભાવ ન કહ્યો. કેમકે પારિણામિકભાવ તો પરમાણુમાં પણ છે. પણ એનાથી આત્મા પરથી ભિન્ન છે એમ જણાતો નથી, જ્ઞાયકભાવથી જણાય છે. જાણનાર આત્મા જાણવું... જાણવું... જાણવું... જાણન તે આત્મા અને આત્મા તે જાણન. જાણન તે આત્મા અને આત્મા તે જાણન–એવી દૃષ્ટિ જ્ઞાયક ઉપર થતાં પર્યાયમાં દ્રવ્યની સેવના–આરાધના થઈ, તો એને વસ્તુ શુદ્ધ છે એમ કહેવામાં આવ્યું. એ શુદ્ધ છે એમ તો કહ્યું પણ પર્યાયમાં પરજ્ઞેયને જાણનાર છે એમ કહ્યું, તો પરને જાણનાર થયો એટલી અશુદ્ધતા થઈ કે નહિ ? સમજાણું કાંઈ ?–ના. એ પરના આકારે થઈ એમ વ્યવહારથી કહે છે. બાકી એ તો પોતાના જ્ઞાનની પર્યાયના આકારે થઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? છે ને ? પંડિતજી ! સંસ્કૃતમાં એમ છે. આહા..હા...!

પર્યાયને સિદ્ધ કરે છે, દ્રવ્યને પર્યાયમાં સિદ્ધ કર્યું. પણ આમાં પર્યાય પણ સ્વતંત્ર સિદ્ધ .. એ .. છે. ઓહો..હો...! સમજાણું કાંઈ ? વસ્તુ તો એક સમયમાં ત્રિકાળ શુદ્ધ છે એમ પર્યાયમાં ખ્યાલ આવ્યો. સમજાણું કાંઈ ? કાંઈ ધ્રુવમાં ખ્યાલ આવ્યો નથી. પર્યાયમાં ખ્યાલ આવ્યો. પણ હવે એ પર્યાયમાં પરનું જ્ઞાન થાય છે. કેમકે એ તો સ્વ-પરપ્રકાશક જ્ઞાયક .. જાણનાર. સ્વને જાણે, પરને જાણે એમ જાણનાર થયો. પર્યાયમાં, હોં ! આહા..હા...! તો પરને જાણવારૂપ જ્ઞાનની પર્યાય એ રૂપે જ થાય છે. એ રૂપે થઈ તો એટલી અશુદ્ધતા છે કે નહિ ? (કહે છે), એ રૂપે થઈ જ નથી, એ તો પોતાની જ્ઞાનપર્યાયરૂપે થઈ છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? '...ચંદજી'! આ કાંઈ 'સનાવદ'માં છે ? ... શું કરે ... આહા..હા...!

આવી ચીજ ! આહા..હા...! ત્રિલોકનાથે જગતને જાહેર કરી. પોતાની પૂર્ણ પર્યાય એ જગત પાસે જાહેર કરી. જાહેર કરે છે કે તારી ચીજ જ્ઞાયકભાવથી ભરી પડી છે, તો જાણનારો એ આત્મા છે, એમાં પર્યાયનો ભેદ અંદર નથી. તો હવે એ કહે છે કે જ્યારે પોતાની ચીજને જાણી એ તો પર્યાયમાં જણાઈ. એ પર્યાયમાં પોતાનું જ્ઞાન પણ છે અને એ પર્યાયમાં જ્ઞાયક છે તો એ સમયે પરપ્રકાશક જ્ઞાન થયું તો પરપ્રકાશરૂપ જ્ઞાનની અવસ્થા થઈ એટલી અશુદ્ધતા છે કે નહિ ?–એમ છે નહિ. પરને આકારે થઈ નથી. અગ્નિ, લાકડા, છાણા, પાંદડા. પાંદડા કહે ને ? પત્તા-પત્તા. એ પાંદડાના આકારે થઈ નથી. અગ્નિની પર્યાય એ આકારે થઈ છે. સમજાણું કાંઈ ? દેખાય એવું. જેવા પાંદડા હોય એવી અગ્નિ દેખાય, પણ એ પર્યાય અગ્નિની છે, એ કાંઈ લાકડાની અને છાણાની થઈ નથી. આહા..હા...!

એમ ચૈતન્યભગવાન, સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો જ્ઞાયક. પર્યાયમાં, હોં ! વસ્તુ તો ત્રિકાળ છે. એવી ત્રિકાળની જ્યાં દૃષ્ટિ થઈ તો સાથે જ્ઞાનની પર્યાયમાં સ્વ તો જણાયો પણ એ પર્યાયમાં રાગાદિ થાય છે એને પણ એ સમયે જાણે છે. તો રાગાદિનો આકાર, શરીર જોયું, લીમડો... એ જ્ઞાનની પર્યાયમાં ... ભાસ થયો અંદર. પણ એ તો જ્ઞાનની પર્યાયના આકારે થઈ. લીમડાના કારણે

થઈ નથી. લીમડાથી થઈ નથી. લીમડામાં થઈ નથી. 'અમરચંદભાઈ'! આહા..હા...! જુઓને ! પર્યાયની સ્વતંત્રતા અને છતાં પરની અપેક્ષા નહિ. પરની અપેક્ષાએ કહેવામાં આવ્યું કે જ્ઞાયક. પરને જાણે છે એવો ધ્વનિ વ્યવહારથી કહેવામાં આવ્યું. આહા..હા...! એક ગાથામાં તો કેટલું સમાવ્યું ! પછી એનો વિસ્તાર કરે છે. સમજાણું કાંઈ ?

અરે..! એટલું ભાન કરીને બાળક–કન્યા પણ સમ્યગ્દર્શન પામે છે. એમ ન સમજવું કે હું બાળક છું, હું સ્ત્રી છું. અરે..! ભગવાન ! તું સ્ત્રી–બાળક છો જ નહિ. તું તો એક પર્યાયરૂપમાં આવ્યો નથી તો તું પરરૂપ કઈ રીતે થયો ? સમજાણું કાંઈ ? તારું અસ્તિત્વ તો મહા જ્ઞાયકભાવથી ભર્યું છે. એમાં તું છો. પણ એને જાણવાની પર્યાયમાં પરનું જ્ઞાન થાય અને જેવી પરચીજ એવો અંદર આકાર થાય, તો એટલી અશુદ્ધતા છે કે નહિ ?–કે નહિ. એ તો પોતાની પર્યાયનો કાળ જ છે કે સ્વના આકારે થવું. સ્વ ને પરને આકારે થવું એ તો પોતાની પર્યાયનો ધર્મ છે. એમાં અશુદ્ધતા છે નહિ. આહા..હા...! હવે આવું ક્યાં વિચારવું ? આ .. પોષા, પડિક્કમણા કરે, જાત્રા, ભક્તિ કરે. કેમ 'માણેકલાલજી' ! જાત્રા ભક્તિ કરે. ચાલો, ભાઈ ! સમ્મેદશિખરની. એક વર્ષમાં બે વાર જઈ આવીએ. કારતક સુદ પૂનમ. આ લોકો ... ચૈત્રી પૂનમે જાય શેત્રુંજય. ખુશી ખુશી થઈ જાય. અરે..! ભગવાન ! શેત્રુંજય તો તારું સ્વરૂપ છે. રાગ અને અજ્ઞાનને જીતનારો શેત્રુંજય તો તું છો. આહા..હા...!

અહીં તો કહે છે કે એ સમયે જરી ભક્તિ આદિનો ભાવ થયો, એ ભાવ પણ પરથી નથી થયો. એક વાત. અને એ રાગનું જ્ઞાન થયું તો રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી; અને રાગનું જ્ઞાન થયું તો એ પરરૂપે થયો છે, એમ પણ નથી. આહા..હા...! 'તારાચંદભાઈ'! વીતરાગનો આવો માર્ગ છે. વાડામાં તો કાંઈ મળે એવું નથી. આહા..હા...! ધીરજથી, શાંતિથી સમજે તો સમજાય એવી ચીજ છે. આ કોઈ મોટી પંડિતાઈ ને વાદવિવાદની ચીજ નથી. આહા..હા...!

ભગવાન ! તું તો જ્ઞાયક છો ને ? પરમપારિણામિક સ્વભાવભાવમાં તો તું જ્ઞાયકભાવ છો. ઓ..હો..! જેમાં ચૌદ ગુણસ્થાનની પર્યાયનો પણ અભાવ છે, એવી અંતરમાં દૃષ્ટિ કરતાં શુદ્ધતાનું ભાન થાય છે. પછી કહે છે કે ગુણસ્થાન દીઠ રાગાદિ હો, અરે..! ગુણસ્થાનની પર્યાયનું જ્ઞાન થાય... આહા..હા...! સમજાણું કાંઈ ? તો એ ગુણસ્થાનને આકારે જ્ઞાન થયું છે એમ નથી. એ તો જ્ઞાનનો સ્વભાવ જ એ સમયમાં સ્વને–પરને જાણવારૂપ આકારે થયો એ તો પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

'**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' પરને જાણ્યું અને તેથી જ્ઞાયક જ્ઞેયાકાર થયો એમ નથી. સૂક્ષ્મ છે. 'શશીભાઈ'! આવી વાત છે. આહા..હા...! '**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' શું કહે છે, જુઓ ! એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ અવસ્થા તો પોતાની છે, એ જ્ઞાયકરૂપની અવસ્થા છે. આહા..હા...! '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે**

**જણાયો...**' એ તો પોતાની પર્યાયથી જણાયો છે. આહા..હા...! '**જ્ઞેયાકાર અવસ્થામાં...**' એ વાત કરી, જણાયું. પણ એ તો જ્ઞાયકપણે જણાયો છે. પોતાની પર્યાયમાં સ્વ-પરપ્રકાશકની પર્યાય જ્ઞાયકપણે જણાઈ છે. પરને આકારે થઈ એમ છે નહિ. આહા..હા...!

પર્યાયમાં ભિન્ન ભિન્ન જ્ઞેયોનું ભિન્ન ભિન્ન સમયે જ્ઞાન થાય છે. ભિન્ન ભિન્ન સમયમાં પરનો જેવો ભાવ છે એવું અહીં જ્ઞાન થયું તો એ પરના આકારથી નથી થયું અને પરને કારણે પણ નથી થયું, એ તો પોતાની જ્ઞાનની અવસ્થારૂપ એવું પરિણમન પોતાથી થયું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ વીતરાગમાર્ગની સ્વતંત્રતાની પરકાષ્ટાની ઘોષણા છે.

'**તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' એમ કે જ્ઞેયને જાણે એવો જ્ઞાયકભાવ તો પ્રસિદ્ધ છે. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો..**' આહા..હા...! એ જ્ઞેયાકારની અવસ્થામાં જ્ઞાન જ્ઞાનની પર્યાયરૂપે જણાઈ છે. જ્ઞાયકરૂપે જણાઈ. સમજાણું કાંઈ ? બહુ ઝીણું, બહુ ઝીણું. ઝીણો છે ને ભગવાન. એને પર્યાયમાં એ સમયનું જેવું જ્ઞેય, એવું જ જ્ઞાનનું પરિણમન (થયું), એ તો પોતાની અવસ્થા છે. એ આકાર પરને કારણે થયો અને પર છે માટે થયો એમ છે નહિ. એ તો જ્ઞાનની પર્યાય છે. સ્વ-પરપ્રકાશક પોતાની પર્યાયમાં પોતાની પર્યાયરૂપે થયો છે. સમજાણું કાંઈ ? હવે આવી વાત, ક્યાં સમજે આમાં ? જાવ ધર્મ કરો. પણ ક્યાંથી ધર્મ (થાય) ? ધર્મી કોણ છે અને ધર્મની પર્યાયમાં શું થાય છે એની ખબર વિના ધર્મ કેમ કરે ? જગતને ભારે આકરું લાગે. સમજાણું કાંઈ ? ભાવનો ખ્યાલ નથી કે ત્રિકાળી કોણ છે, વર્તમાન કોણ છે. આહા..હા...!

ચિદાનંદ ભગવાનઆત્મા, સચ્ચિદાનંદ પ્રભુ. કહે છે કે ચિદ્ નામ જ્ઞાયકભાવથી પ્રસિદ્ધ છે. તો જ્ઞાયકમાં પરનું જ્ઞાન પણ થાય છે. તો પરનું જ્ઞાન થયું એ પરથી અને પરને કારણે થયું છે ? પોતાની પર્યાયને કારણે જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ ? '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' રાગાદિની અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. પોતાની પર્યાય આમ થઈ એ પોતાથી જણાયું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કેટલી ટીકા ! ગજબ ટીકા છે આ. અનુભવ તો છે પણ ક્ષયોપશમ કેટલો જગતને જાહેર કરવાનો !

ભગવાનઆત્મા અંદર આનંદનું ધામ છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા...! અને એ તો જાણનાર છે, રાગ અને પરને કરનારો નથી. શરીર અને પરને કરે એ હરામ છે. પણ એ પરને જાણે છે એ પર્યાય પણ પર છે માટે જાણવાનું કાર્ય થયું એમ પણ નથી. સ્વ છે તો સ્વ-પરપ્રકાશમાં પોતાની પર્યાયથી જણાયું, એનું નામ જ્ઞાતા. '**णादो जो सो दु सो चेव।।**' જાણવામાં આવ્યો તે પોતે જ આત્મા છે, રાગાદિ નહિ. આહા..હા...! 'નેમિચંદભાઈ'ને ... હતું ને ? 'દિલ્હી'થી આવ્યા છે. ઘણે દૂરથી આવ્યા. ...માં તો નિષેધ થયો હતો. આ તો કાંઈ નિષેધ... આહા..હા...! .. શેઠ આવ્યા છે ને ? કહી ગયા. 'મુંબઈ'નું રાખજો, જયંતિનું. એમ કહી ગયા. 'ભગવાનદાસ'. અહીં

દસ દિવસ રહ્યા હતા. ... એમ કહ્યું. એય..! 'મુંબઈ'વાળા છે કે નહિ કોઈ ? લ્યો ! આ રહ્યા 'મુંબઈ'વાળા. ... 'નવનીતભાઈ' હતા અને બીજા કોણ હતા ? 'પોપટભાઈ'. માગણી આવી જાય બીજાની તો બધે હા પાડે. એ ઠીક છે. 'મુંબઈ'ની ના પાડે છે. .. લોકોની માગણી છે. ભાઈ કહી ગયા, હોં ! 'ભગવાનભાઈ' હમણા છેલ્લે આવ્યા હતા. 'મુંબઈ'માં 'મુંબઈ'નું રાખજો. એ વખતે આવ્યા હતા ને જોયું છે. બહુ માણસ. 'રામજીભાઈ' બધું નક્કી કરે ત્યારે ને. ચીઠ્ઠીમાં લખ્યું છે. સંભળાવશે ઇ. પછી સુધરાવજો એમાં શું કરવું. 'ચંદુભાઈ'એ લખ્યું છે. આપણને તો એવું લખતા-બખતા આવડે નહિ.

અહીં કહે છે... આહા..હા...! પ્રભુ ! તારી શક્તિ. જ્ઞાયકરૂપે પર્યાયમાં અવસ્થામાં ભાન થયું, પણ એ અવસ્થામાં જ્ઞાયક છે તો જાણનાર રહ્યો, તો એ પરને પણ જાણે એમ એમાં આવ્યું. આહા..હા...! પરને જાણે અને પર આકારરૂપે એ પર્યાય થાય છે એમ કહેવામાં આવે છે, તો એમ છે નહિ. એ જ્ઞેયાકારે થયો જ નથી. એ તો જ્ઞાનાકારપણે રહ્યો છે. સમજાણું કાંઈ ? 'રાજેન્દ્રજી'! આવી વાત છે. તમારા દવાખાન, ડોક્ટર-બોક્ટર બધા મીંડા મોટા છે. પાંચ હજાર પેદા કરે અને દસ હજાર પેદા કરે. ધૂડમાં ક્યાંય નથી.

ચૈતન્ય દીવડો સૂર્ય પ્રભુ ! આહા..હા...! એ જ્ઞાયકસ્વરૂપે ભગવાનઆત્મા, એ તરફના જુકાવથી એનું ભાન થતાં એ ભાનવાળાને એ ચીજ શુદ્ધ છે એવું ભાન થાય છે. એ ઉપરાંત પર્યાયમાં અશુદ્ધતા છે એમ જાણે છે. જાણનાર છે. તો જ્ઞેયાકારને જ્ઞેયને જાણે છે. વસ્તુ તો શુદ્ધ છે. પણ જ્ઞેયાકાર થયો એટલી અશુદ્ધતા તો પર્યાયામાં આવી કે નહિ ? સમજાણું કાંઈ ?–કે નથી આવી. એ તો પોતાની જ્ઞાનપર્યાયરૂપે... આહા..હા...! પોતાના જ્ઞાન સત્ત્વમાં સ્વ-પરપ્રકાશકની શક્તિ પોતાની છે. એ તો પોતાની શક્તિ પોતાના સ્વ-પરપ્રકાશકપણે પોતાના આકારે પરિણમે છે, પરના કારણે નહિ. આહા..હા...!

આ લોકો કહે છે ને ? લોકાલોકની ચર્ચા ઘણી થઈ હતી. (સંવત) ૧૯૮૩મા. 'વીરજીભાઈ' આવ્યા હતા. 'દામોદર' શેઠ સાથે બહુ ચર્ચા ચાલતી. આ લોકાલોક છે તો જ્ઞાન થાય છે. એ બિલકુલ ખોટી વાત છે. એ લોકોની વાત ચાલી હતી તો મારી પાસે આવ્યા કે આ આમ કહે છે. 'વીરજીભાઈ' દાંત કાઢીને વાત કરે. કીધું, એમ નથી. લોકાલોક છે એ તો એમાં રહ્યો. પોતાની સ્વ-પરપ્રકાશક સત્તા છે, તો એ કારણે પરને જાણે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. બાકી ખરેખર તો પોતાની પર્યાયને જ જાણે છે. કહો, સમજાણું કાંઈ ? એ ૧૯૮૩ની સાલની વાત છે. ૧૯૮૩ એટલે ૪૬ વર્ષ પહેલાંની વાત છે. બહુ ચર્ચા થઈ હતી. લોકાલોક છે માટે કેવળજ્ઞાન થાય છે ? છે તો બધાને થવું જોઈએ. સમજાણું કાંઈ ? એ ચીજ છે તો બધાને જ્ઞાન થવું જોઈએ.

પોતાના જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરપ્રકાશકનું સામર્થ્યથી પોતાથી લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાની પર્યાય થાય છે. એ પરની પર્યાય નથી અને પરથી પર્યાય નથી. સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ'!

આહા..હા...! 'કાંતિભાઈ'ને તમે ઓળખો છો ? બાળબ્રહ્મચારી છે. પંદરસો રૂપિયાનો માસિક પગાર હતો. પ્લેનમાં. છોડી દીધી, નોકરી છોડી દીધી. ૧૫૦૦ માસિક પગાર. હવે પાંચ-દસ હજાર, વીસ હજાર ચક્રવર્તીના પદ છોડી દે છે, એમાં શું છે ? છોડે છે શું એ તો છૂટી જ પડી છે. માન્યું હતું કે મારું છે. એ માન્યતાને બદલી નાખે કે હું તો મારી ચીજ છું. આહા..હા...!

પરને જાણવાની પર્યાય પરને કારણે થઈ છે અને પરના આકારે થઈ માટે અશુદ્ધતા છે એમ ત્રણકાળમાં નથી. દ્રવ્ય તો શુદ્ધ જ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ પર્યાયમાં જાણનાર એમ પ્રસિદ્ધ છે ને ? તો જાણનાર તો બધાને જાણે. જ્ઞેયને જાણે અને જેવું જ્ઞેય છે એવું પરિણમન ત્યાં થાય છે. એ જ્ઞેય છે તો પરિણમન થાય છે એમ છે નહિ. પોતાના જ્ઞાયકની અવસ્થામાં પોતાથી પરિણમન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ અંદર વાત બેસાડવી કઠણ છે, બાપુ ! સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ'! આહા..હા...!

ભગવાનઆત્મા જ્ઞાયકપણે તો શુદ્ધ છે એમ ભાન થયું, એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પરનું જ્ઞાન થાય છે અને પર જેવું છે એવું જ જ્ઞાન થાય છે. જેવી સામે ચીજ છે એવું જ અહીં જ્ઞાન થાય છે. એનું જ્ઞાન થયું તો એ પરને કારણે થયું એટલી તો અશુદ્ધતા છે કે નહિ ? બિલકુલ નહિ. પોતાને કારણે સ્વ-પરપ્રકાશકની પર્યાય પોતાથી જ્ઞાયક પર્યાયમાં પર્યાય જ એવી ઉત્પન્ન થાય છે. એ તો જ્ઞાયકની અવસ્થા છે, એ જ્ઞેયાકારની અવસ્થા નથી. વ્યવહાર જ્ઞેયની એ અવસ્થા છે જ નહિ. જ્ઞેયમાં નથી અને એ જ્ઞેયની અવસ્થા અહીંયા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** જાણનાર છે એ તો પ્રસિદ્ધ છે. તેથી પરને જાણે તો એટલી અશુદ્ધતા છે એમ નથી. **'કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે...'** એ તો જ્ઞાયકરૂપે જણાયો. પોતાની પર્યાય પોતાથી જાણે છે અને પોતાને જાણે છે એમાં પ્રસિદ્ધ છે, પરને જાણે એવું એમાં છે જ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? **'તે સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...'** જ્ઞેયાકારની અવસ્થામાં પણ જ્ઞાયક અવસ્થા છે અને સ્વને જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયક અવસ્થા છે. સમજાણું કાંઈ ? **'સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** દીવાનું દૃષ્ટાંત લીધું છે ને ?

**'કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...' 'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે—'** શું કહ્યું ? જુઓ ! **'પોતે જાણનારો માટે પોતે કર્તા...'** જ્ઞાનની પર્યાયમાં પોતે પર્યાયને જાણનાર છે માટે કર્તા. **'અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** પોતાને જાણ્યો છે, પરને નહિ. આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આ તો જૈનદર્શન વસ્તુના દર્શનની શરૂઆત અહીંથી થાય છે. આહા..હા...! આવું તો કાંઈ બહાર ચાલે નહિ. .. દયા કરો, ફલાણું કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. આહા..હા...! એ '...લાલે' લખ્યું છે કે પુણ્ય અને પાપમાં ફેર માને.. અરિહંતની ભક્તિ માટે લખ્યું છે. અરિહંતની ભક્તિમાં રાગની મંદતા અને અનંતાનુબંધી કષાયને લઈને પરિણામમાં

તીવ્ર પાપ–બેમાં જો ફેર માને એ ઘોર સંસારી મિથ્યાદૃષ્ટિ છે. 'પ્રવચનસાર'. પુણ્ય-પાપમાં વિશેષતા માને, એકરૂપ ચીજ છે એમ ન માને, એ ઘોર સંસારમાં ભ્રમણ કરનાર છે. બાપુ ! એ તો વિકાર છે, ભાઈ ! આહા..હા...! વ્યવહારથી ભલે ફેર હોય, નિશ્ચયથી તો ફેર છે નહિ. એમ કહે છે. બેની અપેક્ષા લેતાં રાગ મંદનો ફેર ભલે હો, પણ સ્વરૂપની અપેક્ષા લેતાં એ બધી વિકારી ચીજ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અને એમાં પુણ્ય-પાપની એક્તા ન માનવી અને એમાં કોઈ વિશેષતા માને, એ બે સામાન્ય છે એમ ન માને અને ફેર માને એ ઘોર સંસારમાં અનાદિથી રજળે છે, બાપુ ! આહા..હા...! કેમકે ત્યાં શુભભાવમાં એની પ્રીતિ પડી છે. આહા..હા...! એ રુચિ છોડ્યા વિના.. બેયની પ્રીતિ છોડવાની છે. બેયનું લક્ષ છોડવાનું છે ને ? પુણ્ય-પાપ બેયનું લક્ષ છોડવાનું છે. અને છેલ્લે જ્યારે લક્ષ છૂટે છે ત્યારે તો શુભભાવ જ હોય છે. એ શુભભાવ છે એનું લક્ષ છોડે છે ત્યારે તો દ્રવ્યમાં અંદર જાય છે. તો જેનું લક્ષ છોડવાનું છે એ ચીજ મદદગાર કેમ થાય ? સમજાણું કાંઈ ?

જે શુભભાવને સાધન કહ્યું પણ એ તો વ્યવહારનયથી કથન કર્યું છે, ઉપચારથી કથન છે. આહા..હા...! નયનું વ્યાખ્યાન બહુ સારું ચાલ્યું છે. .. લગાવી પછી ... કાર્યકારણ માનતા નથી. બધું કાર્ય એક છે. .. એમ માને છે. વ્યવહારનય એનો ભેદ માને છે. એમાં પણ કાર્યકારણ એક નથી. નૈગમનય માને છે તો એ તો ઉપચારથી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઉપરચારથી છે એનો અર્થ વ્યવહારથી છે.

**'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું...'** છે. ભિન્ન કર્તા અને ભિન્ન કાર્ય એમ હોતું નથી. આહા..હા...! ભગવાનઆત્મા જ જ્ઞાયકભાવ એ પર્યાયમાં કર્તા અને એ જ પર્યાય પોતાનું કર્મ નામ કાર્ય. સમજાણું કાંઈ ? જ્ઞાયકભાવમાં પર્યાયમાં જે પરનું જ્ઞાન થયું એ પોતાનું જ્ઞાન છે. એ પોતાનું જ્ઞાન કર્મ અને એ પર્યાય એની કર્તા, દ્રવ્યકર્તા તો આરોપથી કથન છે. સમજાણું કાંઈ ? ખરેખર તો એ પર્યાય કર્તા અને પર્યાય કર્મ એમ છે. સમજાણું કાંઈ ? ધીમે ધીમે તો વાત ચાલે છે, પણ થોડું મનન કરે તો ખ્યાલ આવે. ભાવ ખ્યાલમાં આવવો જોઈએ ને ? એમ ને એમ વાત કરે એમાં શું ?

**'પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** છે. જુઓ ! એ જ્ઞેયને જાણે છે એમ નહિ. સમજાણું કાંઈ ? જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન પોતાથી થયું છે. કર્તા આત્મા અને કર્મ પણ આત્મા એમ છે. આવી માથાકૂટ કરે. એય..! '...ચંદ્રજી'! આવો માર્ગ છે. આહા..હા...!

જેમાં ભવનો અંત આવે અને અંદરથી ધ્વનિ ઊઠે, હું તો અલ્પ કાળમાં મુક્તિ થવાને લાયક છું. હું રાગ થવાને લાયક નથી, સંસાર થવાને લાયક નથી. આહા..હા...! હું તો અલ્પ કાળમાં કેવળજ્ઞાન થવાની લાયકાતવાળો છું. એ પણ કેવળજ્ઞાન તો એની ધારાવાહીમાં આવશે જ. સમજાણું કાંઈ ? પરિણામનું પલટવું એ પણ સમ્યક્ પછી નથી. જે સમયે જે પર્યાય થવાની એ પણ સત્

છે. સ્વ-પરપ્રકાશકની પર્યાય સત્ છે, પોતાથી છે. એ સમયે જે થવાનું હોય તે થાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! પર્યાયમાં જ્ઞાતાદૃષ્ટા થયો. દ્રવ્ય તો જ્ઞાતાદૃષ્ટા છે એવી પ્રતીતિ થઈ તો પર્યાયમાં જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. રાગનો, વ્યવહારનો, નિમિત્તનો જ્ઞાતા થયો. એને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ સંબંધી પોતાની પર્યાય પોતાથી થઈ છે એને જાણે છે એ પરમાર્થ છે. આહા..હા...! અરે..રે..! એના ઘરની ... જ્યાં-ત્યાં પરથી થાય, આમ થાય છે. પરાધીન પરાધીન તત્ત્વને માને એ દુ:ખનો પંથ છે. આહા..હા...!

કહે છે કે જ્ઞેયાકાર કાળમાં જ્ઞાયકની અવસ્થા છે અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ છે, એ જ જ્ઞાયકની અવસ્થા છે. કર્તા-કર્મ કોઈ બીજું છે નહિ. દીવાના દૃષ્ટાંતથી એ વાત સિદ્ધ કરશે...

(**શ્રોતા** :– પ્રમાણ વચન ગુરુદેવ !)

* જ્ઞાનીને જે રાગદ્વેષ થતાં દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા-થતા ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ રાગના પરિણામમાં પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મી જીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા? જ્ઞાનીની અંતરદશા અદ્‌ભુત છે. ૬૩૫

* * *

* રાગાદિથી ભિન્ન સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણમય નિજ આત્માના ત્રિકાળી અખંડ ધ્રુવ સ્વરૂપનો ગુરુગમે અંતરમાં બરાબર નિર્ણય કરી, સૂક્ષ્મ ઉપયોગવાલો થઈ, જ્ઞાયકસ્વભાવમાં ઊંડું અવગાહન કર, દ્રવ્યસ્વભાવના પાતાળમાં પહોંચી જા. ત્યાં તને કોઈ અદ્‌ભુત અતીન્દ્રિય આત્માનુભૂતિ થશે. જ્યાં સુધી આત્મા યથાર્થપણે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે; આત્મા ખ્યાલમાં આવે તે ઉપયોગ સૂક્ષ્મ છે. અગિયાર અંગનો પાઠી હોય પણ અંદર આત્માનું યથાર્થ સ્વરૂપ સાનુભવપૂર્વક ખ્યાલમાં ન આવે તો તેનો પણ સ્થૂલ ઉપયોગ છે. સ્થૂલ એવા વ્રતાદિના મંદ કષાયમાં તે અટકી ગયો છે, સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવની તેને પ્રતીતિ થઈ નથી. ૬૩૬.

— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર

**શ્રી નિયમસાર, ગાથા–૧૫, શ્લોક-૨૬**
**પ્રવચન નં. ૨૭, તા. ૧૦-૦૩-૧૯૭૩**
**[૧૪]**

'નિયમસાર' જીવ અધિકાર ચાલે છે. આખું .. સ્વરૂપ શું છે એ ચાલે છે. એના પછી આદરણીય શું ... એ વાત. ૨૪ અને ૨૫ બે કળશ થઈ ગયા. ૨૬(મો કળશ.)

**क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।**

**'જીવતત્ત્વ ક્વચિત્ સદ્‌ગુણો...'** એ કેવળજ્ઞાનાદિ ગુણોથી પણ કોઈ વખતે બહાર પ્રગટ દેખાય છે.

**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।**

જીવ, આ વસ્તુ જીવ કહો કે આત્મા કહો. એ ક્વચિત્ સદ્‌ગુણે કેવળજ્ઞાનાદિ ગુણની પર્યાયથી બિરાજે છે. ક્વચિત્ છે ને ! સદાય નહિ. કોઈ વખતે કેવળજ્ઞાનાદિ ગુણસહિત એને સદ્‌ગુણ કહ્યા છે. નીચે (અર્થ) છે. **'દેખાવ દેવો, દેખાવું, ઝળકવું, આવિર્ભૂત થવું, પ્રગટ થવું.'** પર્યાય છે ને પર્યાય, ? કેવળજ્ઞાન પર્યાયની વાત છે. **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,....'** મતિ-શ્રુત જ્ઞાનાદિ અશુદ્ધ ગુણપર્યાય કહેવામાં આવે છે. અને **'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** સ્વભાવિક પર્યાય, વ્યંજનપર્યાય. જો કે આમાં અશુદ્ધ વ્યંજનપર્યાય જ ગણી છે. શુદ્ધ વ્યંજનપર્યાય સિદ્ધમાં ગણી નથી. પણ **'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** એવી વ્યંજન આદિ નિર્મળ શુદ્ધ પર્યાય કોઈ વખતે પ્રગટ સિદ્ધ આદિ થાય ત્યારે થાય છે. **'ક્વચિત્ અશુદ્ધ પર્યાયોસહિત...'** વ્યંજનપર્યાય. આકૃતિ, નારકી, મનુષ્ય, દેવ આદિ ગતિમાં એની પર્યાયની યોગ્યતા, જે આકાર છે, એ સહિત વિલસે છે.

**'આ બધાથી સહિત હોવા છતાં...'** આવી પર્યાયોમાં ગુણોનો ભેદ હોવા છતાં, **'પણ જે બધાથી રહિત છે...'** વસ્તુ જે ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ, સહજાનંદની મૂર્તિ આત્મા. એકલું ધ્રુવ સ્વરૂપ, આ

એની પર્યાયોના ભેદો (છે). પર્યાયના ભેદની વાત કરી. પણ એ રહિત એકલી ચીજ અંદર છે, એ તો **'બધાથી રહિત છે...'** આહા..હા...! ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ ! શુદ્ધ ચૈતન્યઘન, એક સમયની પર્યાયના પ્રકાર વિનાનો, એ પર્યાય સહિત હોવા છતાં વસ્તુ પોતે ત્રિકાળથી જોતાં પર્યાયથી રહિત છે.

**'એવા આ જીવતત્ત્વને...'** એવું આ અંદર નિત્ય ધ્રુવ, અનાદિ-અનંત વસ્તુ જે નિત્ય છે, એવું આ–પ્રત્યક્ષ **'એવા આ જીવતત્ત્વને હું...'** મુનિરાજ પોતે કહે છે. **'સકળ અર્થની સિદ્ધિને માટે...'** મોક્ષના પર્યાયની સિદ્ધિને માટે **'સદા નમું છું,...'** એવા ત્રિકાળી ધ્રુવમાં મારું નમન છે. આહા..હા...! નિત્યાનંદ પ્રભુ અંદર ચૈતન્ય આનંદથી બિરાજમાન પ્રભુ અનાદિ-અનંત, એવો આ આત્મા કહો કે જીવતત્ત્વ કહો, એને હું સદા નમું છું. મારું નમન, વલણ ત્યાં છે. પર્યાયને નમું એ નહિ, નમન ત્યાં છે. ધ્રુવ ઉપર મારું વલણ છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'ભાવું છું.'** એ **'સકળ અર્થની સિદ્ધિને માટે....'** મોક્ષની પૂર્ણ આનંદની પર્યાયને માટે એને હું ભાવું છું. ધ્રુવ સ્વરૂપ વસ્તુ, હું એની એકાગ્રતાથી ભાવના કરું છું. આ 'નિયમસાર'ની વાતું ઝીણી છે.

**શ્રોતા :–** ક્વચિત્ કઈ અપેક્ષાએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ વખતે થાય છે ને ? પર્યાય છે ને ? સદા તો ત્રિકાળ દ્રવ્ય છે. કેવળજ્ઞાનાદિ પર્યાય કોઈ વખતે થાય છે. સદા થાય છે કાંઈ ? અનાદિ છે ? મતિજ્ઞાન કોઈ વખતે, વ્યંજનપર્યાય કોઈ વખતે (થાય છે). સમજાણું કાંઈ ? આ તો હજી જીવતત્ત્વ કેવું છે–પર્યાયવાળું, ગુણવાળું અને દ્રવ્ય, એની વ્યાખ્યા છે. આવા પર્યાયો અંદર... એ બધી 'સમયસાર'ની શૈલી લીધી છે ને ? .... એ બધી શૈલી લીધી છે. આમ જુઓ તો આમ છે અને આ જુઓ તો આમ છે. ક્વચિત્ શબ્દ એટલે છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી જુદી છે. આહા..હા...!

આ દેહ તો માટી જડ છે, કાંઈ આત્મા નથી. એમ અંદર આઠ કર્મ રજકણ છે એ અજીવતત્ત્વ, એ કાંઈ આત્મા નથી. હવે એની દશામાં થતાં, કોઈ વખતે વિકારની પર્યાય અશુદ્ધ થાય, કોઈ વખતે કેવળજ્ઞાનની શુદ્ધ પર્યાય થાય, કોઈ વખતે મતિજ્ઞાનાદિના અશુદ્ધ ગુણો રૂપી પર્યાય થાય. તો શુદ્ધપર્યાય, વ્યંજનપર્યાય સંસારમાં કોઈ વખતે શુદ્ધ હોય કાં અશુદ્ધ હોય. પણ વસ્તુ તરીકે જોઈએ તો, એ બધી પર્યાયસહિત પ્રમાણમાં હોવા છતાં. વસ્તુ તરીકે, એ પર્યાયથી રહિત છે. એવા આત્માને માનવો, અનુભવો, શ્રદ્ધવો તેને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એમાં હોવા છતાં એનાથી રહિત માનવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યયામાં સહિત છે, વસ્તુમાં સહિત નથી. પ્રમાણજ્ઞાન કરવામાં દ્રવ્યસહિત પર્યાયનું જ્ઞાન કરતાં પર્યાયમાં ભેદો છે, નિશ્ચય વસ્તુ જોતાં એમાં એ છે નહિ. નિશ્ચય પર્યાયનો નિષેધ કરે છે. પ્રમાણ પર્યાયને ભેળવે છે અને નિશ્ચય છોડી દે છે. ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ,

ભૂતાર્થભાવ, સત્યાર્થભાવ એની નજર કરવાની છે, એના તરફ વળવાનું છે. એ વસ્તુ ધ્રુવ છે એની સન્મુખ થવાનું છે, પર્યાયથી વિમુખ થવાનું છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ?

પુણ્ય-પાપના વિકલ્પ અશુદ્ધમાં જાય, એનાથી તો રહિત થવાનું છે પણ એના ભેદ છે એનાથી પણ રહિત છે, કહે છે. એકરૂપ ચૈતન્યદળ શુદ્ધ આનંદઘન, એમાં નમન અને એની ભાવના કરવા જેવી છે. ભગવાન તીર્થંકરાદિને નમન એ તો શુભ વિકલ્પ છે. અને ભગવાન આમ ... ભેટા થજો ને દર્શન દેશો, એ તો બધા વિકલ્પની ભાવના છે. આ તો મારા પ્રયોજનને માટે, પ્રયોજન સકળ અર્થની સિદ્ધિ–પૂર્ણ આનંદની પર્યાયને પ્રગટ કરવાની સિદ્ધિ માટે, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપને નમુ છું, એની ભાવના ભાવું છું. એનું નામ મોક્ષનો માર્ગ–આ 'નિયમસાર'. સમજાણું કાંઈ ?

પોતે જ વસ્તુ છે ને ! વસ્તુ જગતમાં પોતે છે. પર છે કે નહિ, પોતાની અપેક્ષાએ પર છે જ નહિ. હું જ એક છું. બીજી ચીજ મારી અપેક્ષાએ તો કોઈ છે જ નહિ. ધ્રુવની અપેક્ષાએ તો પર્યાય જ નથી ત્યાં વળી પરવસ્તુ તો હોય જ ક્યાં ? આવી વાત છે. આહા..હા...! જગતમાં મારું જ સામ્રાજ્ય છે, હું જ એક છું. હું ધ્રુવ કેવો છું ?–કે પરવસ્તુ વિનાનો તો છું અને પરવસ્તુ મારી અપેક્ષાએ તો નથી. એમ, મારી ચીજ પર્યાય વિનાની છે અને પર્યાયની અપેક્ષાએ હું નથી. મારી અપેક્ષાએ તો પર્યાય પણ નથી. મારી અપેક્ષાએ ત્રિકાળ બીજી ચીજો છે કે નહિ (એ વાત તો દૂર રહી ગઈ). આવી વાત છે. ઝીણું છે 'ધીરુભાઈ'! આહા..હા...! થોડો અભ્યાસ જોઈએ. ઉપર ટપકે આ પકડાય એવું નથી. જગતમાં હું એક જ છું. કહો, 'રતિભાઈ'! કારણ કે મારી પર્યાયમાં એક સમયમાં છ દ્રવ્ય જણાય, એવી પર્યાય પણ પ્રમાણના વિષયની અપેક્ષાએ છે. પણ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ એ પર્યાય મારામાં નથી. તો એ પર્યાયનો વિષય જે છએ દ્રવ્યો, એ પણ મારામાં નથી. અને મારી અપેક્ષાએ પર્યાય નથી અને મારી અપેક્ષાએ બીજી ચીજો પણ નથી. આહા..હા...! આવું ઝીણું બહુ. દિગંબર એટલે જૈનધર્મ. દિગંબર તો નામ આપ્યું છે. જૈનધર્મ જ દિગંબર ધર્મ, દિગંબર ધર્મ એ જૈનધર્મ, વિશ્વધર્મ. આત્મધર્મ કહો, જૈનધર્મ કહો, વિશ્વધર્મ કહો. આ અપેક્ષાએ, હોં ! વિશ્વના બધા ધર્મ સરખા એમ નહિ. આહા..હા...! આવી વાત !

એક સમયનો મારો ભગવાન, કહે છે કે એ બધી એની પર્યાયના ભેદો બધા વર્તે કેવળજ્ઞાન, મતિજ્ઞાન એ ભલે હોય, પણ મારામાં નથી. આહા..હા...! મારી અપેક્ષાએ એ પર્યાયના ભેદો જ નથી. આહા..હા...! મારી અપેક્ષાએ તો અનંત વસ્તુઓ જ નથી. કહો, સમજાણું કાંઈ ? આવું સર્વસ્વ ધ્રુવ તત્ત્વ હું છું. એમાં મારું નમન, વલણ, પૂજન, ભક્તિ, એની ભાવનામાં હું છું. આવું માણસને ભારે ઝીણું (લાગે). લોકોને બહારથી ... આ અંતર શું છે, સાંભળતા (એમ થાય) શું વાત કહે છે આ ? કહે છે શું આ ? અનાદિનો અભ્યાસ નહિ અને એક સમયની પ્રગટ પર્યાયની રમતમાં અનાદિથી રમ્યો છે. એની સીમા આવી છે. સીમા એટલે ? એની મર્યાદા, એની એક સમયની પર્યાયમાં એ અનાદિથી રમ્યો છે. તેથી આમ બહાર ગયો નથી. એ પર્યાયમાં અંદર વસ્તુ છે એમાં આવ્યો

નથી.

વસ્તુ જે ભગવાનઆત્મા નિત્યાનંદ, એ જ ખરેખર આત્મા કહ્યો છે એને, એ જ ભૂતાર્થ અને એ જ સત્યાર્થ છે. એવા સત્યાર્થની અપેક્ષાએ, પર્યાયના ભેદો બધા અસત્ય છે. એની અપેક્ષાએ ભલે હોય. આહા..હા...! સમજાણું કાંઈ ? જગતમાં હું એક જ વસ્તુ જ્ઞાયક ધ્રુવ છું. બીજી ચીજ છે જ નહિ. મારી અપેક્ષાએ નથી તો પછી છે કે નહિ એનો પ્રશ્ન શું ? કહે છે. આહા..હા...! જ્યાં હોય ત્યાં મારી જ્ઞાનપર્યાય ભાસે છે. જગતને ભાસતા જગત ભાસતું નથી. પર્યાય ભાસે છે. એ પર્યાય મારા દ્રવ્યમાં નથી. આહા..હા...! જુઓ તો ખરા તત્ત્વ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મામાં બે અંશો. એક ધ્રુવ અંશ, એક વર્તમાન પરિણમન બદલવાનો અંશ. એ અંશમાં આ જગત આખું પોતામાં પોતાથી જણાય છે. આ છે માટે જણાય છે એમ નહિ. એવી જે પર્યાય જેમાં સ્વતંત્ર તે કાળે તેની શ્રુતજ્ઞાનની પર્યાય હોય તોપણ તેમાં છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી જ પર્યાય છે. એક અંશમાં છ દ્રવ્ય તો અનંતા કેવળીઓ પણ એક અંશમાં જ જણાય જાય છે, પણ એ અંશ જેટલો હું નહિ. આહા..હા...! એ અંશથી રહિત મારી ચીજ છે. શું કહે છે ? સમજાણું કાંઈ ? આ તો વીતરાગના માર્ગ છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા...!

વીતરાગનો દરબાર ભરાતો હશે. સમવસરણમાં કેવળીઓ બિરાજે (છે). એને કાંઈ સાંભળવું નથી. સભામાં કેવળીઓ પણ એના સ્થાનમાં આવે. ગણધરો, લોકના લાડા મોટા ઇન્દ્રો, આખા લોકના સ્વામી અર્ધ લોકના. આહા..હા...! એ વીતરાગના મુખે જ્યારે દિવ્યધ્વનિ છૂટતી હશે, એના સાંભળનારા કેટલા ! એને ભગવાને એમ કહ્યું, ભાઈ ! તારું જે ત્રિકાળી સ્વરૂપ છે ને એમાં તો અમે પણ નથી અને અમને જાણવાની તારી જે પર્યાય છે, એ એમાં નથી. 'ધીરૂભાઈ'! આવું ઝીણું છે આ. ઓલા ધંધા-ફંધામાં તો બધું સમજવા જેવું હોય છે. આહા..હા...!

એક વાર તું જો તો ખરો, સાંભળ તો ખરો, બાપુ ! તારી સમૃદ્ધિ. તારી સમૃદ્ધિની ઋદ્ધિ, તારી સંપદા... ઓહો..હો...! એક સમયમાં કેવળજ્ઞાન, એક સમયમાં મતિ-શ્રુતજ્ઞાન અને એનો બધો સ્વભાવ એટલો છે, ભલે મતિ-શ્રુત પરોક્ષ જાણે, કેવળ પ્રત્યક્ષ (જાણે), પણ જાણવાનું પ્રમાણ છે એ કાંઈ અસત્ય નથી. આહા..હા...! શ્રુતજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણે, કેવળજ્ઞાનની પર્યાય લોકાલોક જાણે. બેની શક્તિ તો એટલી છે. એવી પર્યાય કહે છે કે હો, પણ એ મારામાં નથી. પણ તું કોણ ? પર્યાય તારી નહિ ? જોયું ?

**'હું..'** આહા..હા...! આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત **'એવા આ જીવતત્ત્વને...'** જોયું ? કેવા તત્ત્વને ? આ પર્યાયો, અવસ્થાઓ હોવા છતાં, એવા જીવતત્ત્વને કે જેમાં એ નથી. આહા..હા...! ધર્મ અને એનો વીતરાગી ધર્મ... આહા..હા...! અડગ ધર્મ. કહે છે, **'એવા આ જીવતત્ત્વ...'** આ જીવતત્ત્વ કેવું ?–કે બધી પર્યાયો સહિત હોવા છતાં આ જીવતત્ત્વ, એ બધાથી રહિત આ જીવતત્ત્વ છે. એને જીવતત્ત્વ કહેવું. ભાષા દેખો. સમજાણું કાંઈ ? આહા..હા...!

મારો ભગવાન એવડો છે, કહે છે કે એ બધી પર્યાયો મારી દશામાં હો, પણ મારું તત્ત્વ જે છે– હું જીવતત્ત્વ, એમાં એ નથી. આહા..હા...! એને સમ્યગ્દર્શનનો વિષય કહે છે. 'પોપટભાઈ'! આ બધું ઝીણું છે. સમજાય એટલું સમજો. એમાં 'સમયસાર', 'નિયમસાર'.. ઓહો..હો...! કેવળજ્ઞાનની કેડાયતની વાણી છે બધી.

આખા લોકમાં જો હો તો હું એક જીવતત્ત્વ છું. એ બધી પર્યાય અને પર્યાયમાં જણાતા તત્ત્વો એ મારામાં નથી. આહા..હા...! **'એવા આ જીવતત્ત્વને...'** આ તત્ત્વને, મારા આ તત્ત્વને **'હું...'** આવા તત્ત્વને **'સકળ અર્થની...'** એટલે પૂર્ણ આનંદની પર્યાયની **'સિદ્ધિ માટે સદા નમું છું,...'**

**શ્રોતા :–** દ્રવ્ય કે પર્યાય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય.

**'હું સકળ અર્થની...'** એ પર્યાય એમ કહે છે. પર્યાય એમ કહે છે કે હું, હું આ છું. એ પર્યાય કહે છે કે હું આ છું. એને હું પર્યાય એને નમું છું. પણ હું આ છું. આહા..હા...! ભારે ઝીણું, ભાઈ! આ ઓલા ઇચ્છામિ પડિક્કમણા .., સામાયિક કરીને બેસે. આ થઈ ગઈ સામાયિક અને થઈ ગઈ પડિક્કમણા. ધૂડેય નથી ક્યાંય. આહા..હા...!

**'એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** એ પર્યાય એમ કહે છે કે આવું જીવતત્ત્વ છે એને હું **'નમુ છું,...'** ત્યાં મારું વલણ છે, ત્યાં મારો ઝોક છે, ત્યાં હું ઢળી ગયેલો છું, ત્યાં મારું વલણ ચૂકવાય છે. તમારે વલણ નથી ચૂકવાતા ? બીજને દિવસે. આ ચૈત્ર સુદ બીજનું વલણ છે એમ કહે છે. એનું વલણ. આ વલણ મારું અહીં ચૂકવાય છે, કહે છે. મારો ચૂકાદો અહીં થાય છે. સમજાણું કાંઈ ?

**'એવા આ જીવતત્ત્વને...'** ઓહો..હો...! ગજબ વાત કરી છે ! એક એક કળશે પણ અમૃત-કળશ ભર્યા છે. ભાઈ ! તારી ચીજની તને ખબર નથી. તું કેવડો, ક્યાં, કેમ છો ? સર્વજ્ઞની વાણીમાં પણ તારા પૂરા કથનો ન આવ્યા. સમજાણું કાંઈ ? એણે પણ ઇશારા કર્યા. 'કહ્યા શાસ્ત્ર સુખદાયી...' આવે છે ને ? 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી' 'શ્રીમદ્'માં છેલ્લે આવે છે. એ સર્વજ્ઞની વાણી પણ આ લક્ષ થવા માટે ત્રિકાળી શાસ્ત્ર કહ્યા. જે શાસ્ત્ર પણ જ્યાં... 'આનંદઘનજી'માં આવે છે. 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' માણસે પૂછ્યું, ક્યા મહારાજ ? એય... આમ રહ્યા. ઓલો તો બતાવીને વયો જાય છે. બતાવનાર પછી સાથે હોય ? એ વળી બે વાડ વળી વચ્ચે સિદ્ધપદનો રસ્તો નીકળે છે. એમાં સિદ્ધપદ છે ને ? એ ઓલીકોર જો .. ચાલ્યું જાય. હાથિયા થોરની એમાંથી રસ્તો નીકળે. ત્યાંથી ચાલ્યા જાવ સિદ્ધપદ ચાલ્યા જાવ.

**શ્રોતા :–** થોરવાળો રસ્તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને તો એ દિશા બતાવવાની છે. બીજે આડુઅવળુ આમ ન નીકળવું, આમ ન નીકળવું, એની વચ્ચેથી નીકળવું. સમજાણું કાંઈ ? આમ અડવું નહિ અને આમ પણ

અડવું નહિ. રાગને અડવું નહિ ને પર્યાયને અડવું નહિ. વચ્ચે અંદરથી ચાલ્યો જા. આહા..હા...!

અરે...! આવી વાત વીતરાગ સિવાય ક્યાં હોય ? ભાઈ ! એ પણ જૈન દિગંબર ધર્મ... આહા..હા...! સાંભળવા મળે નહિ એ બિચારા શું કરે ? જિંદગી ચાલી જાય છે. આહા..હા...! એ અવતાર નવો અવતાર નહિ થવા માટેનો અવતાર (મળ્યો છે), એમાં અવતાર વિનાની વાતું ન મળે. અરે..! જન્મ થયા એ હવે નહિ જન્મવા માટે છે. સમજાણું કાંઈ ? ભાઈમાં એક શબ્દ છે. 'સોગાની'માં. 'સંગ કરીએ છીએ તે અસંગ થવા માટે છે.' વિચાર છે તે અવિચાર થવા માટે વિચાર છે. એમ આ અવતાર છે એ અવતાર રહિત થવા માટેનો અવતાર છે. સમજાણું કાંઈ ? એમાં અવતાર રહિતની વાતું, જે પર્યાયથી અવતાર રહિત થાય, એ પર્યાય પણ દ્રવ્યમાં નથી કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સિદ્ધિને અર્થે કીધું ને ? સકળ અર્થની સિદ્ધિ એટલે મુક્તિ, જેમાં અવતાર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! ગણધર પણ એના મલાવા પૂરા કરી શક્યા નથી. સમજાણું કાંઈ ? ભગવાનની વાણીમાં પણ જે જણાયું, એનાથી અનંતમે ભાગે આવ્યું. ગણધરોએ વાણી સાંભળી એમાંથી ઘણા અનંતમા ભાગે એને પકડાણી. આહા..હા...! એણે શાસ્ત્રો રચ્યા એ તો .... ઓહો..હો...!

એવો અદ્‌ભૂતાત્ અદ્‌ભૂત જીવતત્ત્વ. 'સમયસાર'માં શબ્દ આવે છે ને ? પાછળ આવે છે. અદ્‌ભૂતાત અદ્‌ભૂતં ભગવાન આત્મતત્ત્વ ! ઓહો..હો...! એના ચમત્કાર અને એના આશ્રય અને એની વિસ્મયતાની શું વાતું ? એવા તત્ત્વને હું. હું જીવતત્ત્વ છું. પણ એ પર્યાય એમ જાણે છે. પર્યાય એમ જાણે છે કે આ જીવતત્ત્વ. એમાં આ હું પર્યાય નથી. આહા..હા...! કેટલાકને તો 'કબીર'ની વાણી જેવું લાગે. અટપટું બધું લાગે. વસ્તુ એવી જ છે, બાપુ ! આહા..હા...! જેના એક સમયની પકડમાં અનંત આનંદના સ્વાદ આવે અને જેના પૂર્ણમાં પૂર્ણ આનંદનો સ્વાદ આવી અને એમ ને એમ અનંત... અનંત... અનંત... અનંત... અનંત કાળની હદ નહિ, એમ ને એમ રહ્યા કરે. અરે..! એના ઉપાય તે કેવા હોય ? અને એ ઉપાયનું ધ્યેય કેવું હોય ? સમજાણું કાંઈ ? ઉપાય દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એનું ધ્યેય દ્રવ્ય. સમજાણું કાંઈ ? એ દુનિયાના ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના રાજ, થોથા જ્યાં જણાય, સડેલા મડદાં દેખાય. સમજાણું કાંઈ ? એવી જેની પર્યાય સર્વ સિદ્ધિ માટે... પણ એ પર્યાય પણ એમાં નથી. એ તો પહેલાં કહી ગયા ને ? પણ એ પ્રગટ થવા માટે હું આને નમું છું. સમજાણું કાંઈ ? થોડો અભ્યાસ હોય તો ભાઈ (સમજાય). આ તો કોલેજ છે. એકડીયાવાળો પાધરો અહીંયાં આવે તો એને લાગે... આહા..હા...!

**'સદા નમું છું,...'** અને સદા નમું છું. જોયું ? પર્યાયમાં નિરંતર મારું દ્રવ્ય તરફ વલણ છે. વસ્તુ તરફ નિરંતર મારું વલણ છે. આહા..હા...! તેની ભાવના સદા કર. મારી એકાગ્રતા સદાય એમાં જ રહે છે. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ? આવો તે ધર્મ શેનો હશે ? ઘણા કહે ભાઈ ! છકાયની દયા પાળો; ઓલા કહે ભગવાનની ભક્તિ, પૂજા, જાત્રા, મંદિર કરો; ઓલા કહે લુગડા છોડીને નાગા થાવ; આ વળી ચોથું ક્યાંથી કાઢ્યું ? એમાં આ છે. કેમ 'પ્રેમચંદભાઈ'!

આહા..હા...! આ દશા જ્યાં અંદર સ્વરૂપનું વલણ થઈ અને જ્યાં ચારિત્રની ઉગ્ર દશા થાય, ત્યારે એને વસ્ત્રરહિત નગ્ન દશા નાગો થઈ જાય છે. અંદરમાં લુખ્ખો થઈ જાય, બહારમાં વસ્ત્ર વિનાનો થઈ જાય. થઈ જાય, કરે નહિ. કરે કોણ ? આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો એ ૧૪મી ગાથા થઈ, હવે આ ૧૫મી ગાથા. 'ચંદુભાઈ'ની હાજરીમાં આ આવ્યું. શીઘ્રતાએ આવ્યું. આવ્યા મોડા પણ ત્રણ દિ' લઈને આવ્યા. કેમ હમણા નહોતું ... રવિવારે તો કીધું આવશે જ. ... એ પણ નહિ. ઘરે મહેમાન આવે ને. દેહ છોડવાનું ટાણું હોય અને મહેમાન આવે તો શું થાતું હશે ? કે તમે ભાઈ આવ્યા ત્યાં સુધી... આહા..હા...! એમ આત્માનો સ્વકાળ જ્યાં આવે ત્યાં કોઈની દરકાર છે નહિ.

૧૫મી ગાથા.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

એ વ્યંજનપર્યાયને વિભાવમાં વ્યંજનપર્યાય લીધી છે. શુદ્ધવ્યંજનપર્યાયની વાત આમાં લીધી નથી. વ્યંજનપર્યાય અશુદ્ધને જ આમાં લીધી. બાકી શુદ્ધની પર્યાય વ્યંજનશુદ્ધપર્યાય છે. પણ એ વાત લીધી નથી. એને અશુદ્ધપર્યાય નથી, બસ એટલું કહ્યું. વ્યંજન અશુદ્ધ નથી એટલું કહ્યું. શુદ્ધ વ્યંજનપર્યાય છે એમ ન કહ્યું. અર્થપર્યાયમાં કહ્યું. ષટ્‌ગુણહાનિવૃદ્ધિવાળું, સિદ્ધને પણ છે, પ્રત્યેક દ્રવ્યમાં છે, છએ દ્રવ્યમાં છે. આહા..હા...! નીચે.

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

લ્યો, ત્રણ અહીં મોઢા આગળ છે આજ. 'નવરંગભાઈ', 'રતિભાઈ' અને આ. 'રાજકોટ'ના અગ્રેસરો અહીં છે અત્યારે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અહીંના કહેવાય. આહા..હા...! એ સ્વાર્થને લઈને બોલે છે. અમારા 'રાજકોટ'નું કરે એ એના છે માટે કરે, એ માટે બોલે છે.

ઓહો..! આ કારણપર્યાયની વાત પણ દિગંબર મુનિ સિવાય ક્યાંય ૩૨-૪૫ (સૂત્રોમાં) ક્યાંય મળે નહિ. આમાં પણ આ એક ઠેકાણે સ્પષ્ટ વાત છે. એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ ?

**ટીકા :-** **'આ, સ્વભાવપર્યાયો...'** શુદ્ધ **'અને વિભાવપર્યાયો...'** અશુદ્ધ. એનું આ **'સંક્ષેપકથન છે.'** સંક્ષેપ કથન છે. થોડું કથન છે. વાસ્તવિકતાનો પાર ન મળે. **'ત્યાં સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે :...'** સ્વભાવિક અવસ્થા... આમ

પર્યાય છે ને ? એટલે પર્યાય ... થી ત્યાં કીધું છે ને ? **'બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** આ કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા કોઈ શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસીમાં નથી, દિગંબરમાં પણ આ સિવાય બીજે નથી. બીજે હશે તો આપણે કાઢી શકતા નથી. એટલે કે થોડો વિચાર કર્યો હતો. ૯૦મી ગાથામાં આવે છે ને ? કર્તા-કર્મની. 'ચૂડા'માં (સંવત) ૧૯૯૯ ની સાલ. એમાં છે. એમાં વિચાર કર્યો તો કે આમાંથી કાંઈ નીકળે છે.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એય...! 'છોટાભાઈ'! તમારા દરબારનું. દરબારમાં ઉતર્યા હતા ને ? તે દિ' વિચાર્યું હતું. (સંવત) ૧૯૯૯ની સાલની વાત છે. ૯૦મી ગાથામાં આવે છે ને ! 'સમયસાર' કેમ અહીં નથી મૂક્યું ? મૂળ 'સમયસાર' અહીં નથી આમાં. અહીં મૂકવું જોઈએ ને. અંદરથી કાંઈ ને કાંઈ યાદ આવે. આ છે પણ... ૯૦મી ગાથા છે ને ! 'ચંદુભાઈ'!

**एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।**

એમાંથી લીધું છે. **'तिविहो सुद्धो'** શુદ્ધ કીધું છે ને ? આમાં કાંઈ ઉપયોગ શુદ્ધ છે એમાં પર્યાય નીકળે છે કારણમાં ? **'णिरंजणो भावो'** છે ને ? ત્રિકાળની વાત છે. પાઠમાં પણ જરી એમ છે ને ? **'ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (–કારણેથી)–જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ,...'** જોયું ? **'ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન...'** છે ને ? વસ્તુ છે. ત્યાંથી એમ આવ્યું હતું. ઉપયોગને એમ લીધો છે કે ઉપયોગ શુદ્ધ છે, નિરંજન છે, અનાદિ-અનંત છે. **'વસ્તુના સર્વસ્વભૂત...'** અહીં જરી અટક્યું હતું. પર્યાયમાં સર્વસ્વભૂત ક્યાં આવ્યું. **'સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે...'** ઉપયોગ આમ ત્રિકાળ એક પ્રકારનો છે. અનાદિ ઉપયોગને લીધો. એ તો ત્યાં પણ ઉપયોગ લીધો હતો ને ? સંવરમાં. ઉપયોગમાં ઉપયોગ છે. ત્યાં તો શુદ્ધ પર્યાયને આધારે આત્મા જણાય છે એવું લીધું. આ તો ઉપયોગ અનાદિ-અનંત છે અને નિરંજન છે, શુદ્ધ છે. ઉપયોગ. પણ એ વસ્તુનો અંદર ..ભાવ. **'સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે...'** એમ છે ને ? સર્વસ્વ માત્ર ચૈતન્યમાત્ર એટલે સ્વભાવ લેવો. **'એક પ્રકારનો છે તોપણ—અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો...'** પર્યાયમાં અનેક થાય છે, વસ્તુથી આ પ્રમાણે છે. બધી ઝીણી વાત છે. કાલે બપોરે ઝીણી આવી હતી.

કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. સ્વભાવિક પર્યાયના બે ભેદ. વિભાવિક પર્યાયના પછી લેશે. કારણ કે આ 'નિયમસાર' છે એ મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છે. એથી એમાં આ પર્યાય નાખી. સમજાણું કાંઈ ? અને તે મુનિરાજ તો એમ કહે છે કે આની ટીકા અમે તે કોણ કરનાર ! ગણધરોથી અને પરંપરા આચાર્યોથી ચાલી આવતી ટીકા છે. છે ને પ્રથમ ? પહેલાં શરૂઆતના

કળશ, જુઓ ! **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** પાંચમો શ્લોક છે. **'અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ?'** આહા..હા...! એટલે આ કારણપર્યાયની આવી વ્યાખ્યા **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** આ વાત ટીકા છે. 'રતનચંદજી' માન્ય નથી રાખતા ને. કે નહિ, મુનિનું નહિ. અરે..! ભગવાન ! આ તો ગણધરોની..

**શ્રોતા :–** મુનિ હોય તો થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મુનિ શું સમકિત હોય તો પણ શું ? વસ્તુમાં ફેર ક્યાંય નથી. એ તો સ્થિરતામાં ફેર છે. દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય અને એનું જે જ્ઞાન અને શ્રદ્ધા સમ્યક્ તો સિદ્ધ જેવું છે. તિર્યંચને સિદ્ધ જેવું સમકિત છે. આહા..હા...! સમ્યક્ત્વમાં ઓછું, વત્તું એવો ક્રમ છે કાંઈ ? ચારિત્રમાં ક્રમ હોય. .... આ તો એકરૂપ જ વસ્તુ છે.

ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ, એમાં રહેલી એક કારણપર્યાય... આહા..હા...! ત્રિકાળી વસ્તુ તે કારણપરમાત્મા અને એની પર્યાયનો અંશ છે એ કારણપર્યાય, એ બધું મળીને એને જીવતત્ત્વ કહેવામાં આવે છે. જીવના અધિકારમાં આ વાત આવી ને ! આ જીવ અધિકાર છે ને ! એ પણ ગણધરોએ કરેલી ટીકા. આહા..હા...! જે સ્થાનમાં જોઈતું હોય ત્યાં આવ્યું હોય ને ! મોક્ષમાર્ગની પર્યાય. 'નિયમસાર' છે આ તો. અને તે આચાર્ય કહે છે કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. એમાં વસ્તુની વારંવાર એકાગ્રતા થાય છે. વારંવારનો અર્થ કે એમાં એકાગ્રતા છે જ ધારાવાહી. એની ભાવનાના ઘુંટણમાં આ મેં બનાવ્યું છે. આહા..હા...! બીજા 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'માં એવો શબ્દ નથી. નિજ ભાવના અર્થે, મારી ભાવના માટે. 'કુંદકુંદાચાર્ય' જેવા મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમોગણી, મંગલમ્ કુંદકુંદાર્યો–ત્રીજે નંબરે આવ્યા. એ કહે છે મારી ભાવના માટે મેં આ બનાવ્યું છે. આહા..હા...! 'નિયમસાર' પ્રાભૃત ત્રણમાં ન આવ્યું. પણ આ તો દેરાસર ઉપર કળશ ચઢાવે એવું આ છે. સમજાણું કાંઈ ? શરૂઆતમાં માણસને એકદમ નવું પડે. પણ હવે તો અહીંયાં ૩૮-૩૮ વર્ષ થઈ ગયા. અહીંના માણસોને વારંવાર સાંભળવાનું મળે એને કાંઈ બહુ ઓલું અઘરું ન પડે હવે. સમજાણું કાંઈ ?

એ કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. હવે કારણશુદ્ધપર્યાય એટલે શું ? **'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,...'** આદિ અને અંત વિનાના શુદ્ધનિશ્ચયથી. સ્વભાવિક શુદ્ધ નિશ્ચયથી પાછું. કેવળજ્ઞાન આદિ નિશ્ચય છે પણ સહજ શુદ્ધ નિશ્ચય નહિ. આ તો સહજ શુદ્ધ નિશ્ચય ત્રિકાળ. સમજાણું કાંઈ ? સહજ શુદ્ધ વસ્તુ નિશ્ચય કે જે અનાદિ-અનંત છે, અમૂર્ત છે. ભગવાનઆત્મા રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. સત્ત્વ છે, સત્ છે એનું સત્ત્વ આખી ચીજ. સત્ વસ્તુ છે, એનો સ્વભાવ સત્ત્વ આખું જે છે, એ બધા અમૂર્ત છે. દ્રવ્ય અને ગુણ બધા અમૂર્ત છે.

**'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** એ તો અતીન્દ્રિય સ્વભાવવાળો પદાર્થ છે. આહા..હા...! **'અને શુદ્ધ**

**એવાં...'** અતીન્દ્રિયસ્વભાવવાળાં. આ જ્ઞાન-દર્શન કહેશે ને ? **'અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન....'** શુદ્ધ એવું ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન, ધ્રુવ જ્ઞાન, નિત્ય જ્ઞાન. **'શુદ્ધ એવા સહજજ્ઞાન-...'** શુદ્ધ એવું **'સહજદર્શન...'** ત્રિકાળી. શુદ્ધ એવું **'સહજચારિત્ર...'** ત્રિકાળી. કહો, હવે ત્રિકાળી ચારિત્ર છે એમાંથી પ્રગટ પર્યાય થાય એ ચારિત્ર સિદ્ધમાં ન હોય ? સિદ્ધને ચારિત્ર નથી. એ મોટી ચર્ચા પંડિતોએ કરી. કૈલાસચંદજી કહે ન હોય, બીજા કહે હોય.

**શ્રોતા :–** એ તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો બીજી વાત છે. નામ જે પાડ્યા છે સામાયિક એ ન હોય. વસ્તુનું સ્વરૂપ ચારિત્ર ત્રિકાળ છે એમ ને એમ. એને આશ્રયે પ્રગટેલી પૂર્ણદશા સિદ્ધમાં પૂર્ણ ચારિત્ર છે. આહા..હા...! પંડિતોને એવું હોય છે ને, બોલાણું હોય ને, એમાંથી પાછું ફરવું ભારે કઠણ પડે. માન જાય...

**'સહજચારિત્ર-...'** ત્રિકાળ આત્મામાં. દ્રવ્ય પોતે સહજ ચારિત્ર ગુણવાળું છે ગુણસ્વરૂપ છે, ગુણવાળું પણ નહિ. **'સહજપરમવીતરાગસુખાત્મક...'** આહા..હા...! અનાદિ-અનંત, અમૂર્ત શુદ્ધ સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ એનો ગુણ છે. સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપ. વીતરાગ પરમસુખસ્વરૂપ. આ દુનિયાના કલ્પેલા ઇન્દ્રિયના સુખો, એ તો દુઃખરૂપ છે, રાગવાળા છે, ઝેર છે. ઇન્દ્રિયોના વિષયો એકલા ઝેર છે. આહા..હા...! કાળા નાગ મારી નાખે જેને એવા એ વિકાર ઝેર છે.

આ આત્મા જેમાં સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ એ બધું થઈને **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** લ્યો. મુખ્ય ચાર વસ્તુ લીધી. મુખ્ય ચાર લીધા. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ અહીં જુદો પાડ્યો. જોયું ? ચારિત્રને લેવા છતાં આનંદ જુદો પાડ્યો.

આત્મામાં અનાદિ-અનંત અમૂર્ત શુદ્ધ સ્વભાવિક વસ્તુ, ધ્રુવ ત્રિકાળ સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજવીતરાગ, પરમવીતરાગ પાછું. સ્વભાવિક આત્મામાં પરમવીતરાગસુખસ્વરૂપ અંદર ગુણ છે. આહા..હા...! **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ....'** શુદ્ધ-અંતઃતત્ત્વ અંતર ભાવસ્વરૂપ. આત્મામાં અંતઃતત્ત્વ ભાવસ્વરૂપ. એકરૂપ લઈ લીધું. ઓલા ચાર લીધા.

**'જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** એ કેવું અંતઃતત્ત્વસ્વરૂપ ?–કે જે સ્વભાવ અનંત ચતુષ્ટય. ચાર ત્રિકાળી સ્વભાવ અનંત ચાર, એનું સ્વરૂપ એવા નિત્યાનંદ ભગવાનમાં આવા ચાર સ્વભાવ તત્ત્વ પડ્યા એ સુખસ્વરૂપ છે. સ્વભાવિક અનંત ચતુષ્ટય છે. આહા..હા...! **'તેની સાથેની....'** એવા પંચમપારિણામિકભાવ, એવા સ્વભાવ અનંત ચતુષ્ટયનું સ્વરૂપ, એવો જે સ્વભાવભાવ, **'તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** આહા..હા...! જેનો પૂજ્યભાવ ત્રિકાળ, એની સાથે પૂજિત પંચમભાવની પરિણતિ. **'તેની સાથેની જે પૂજિત...'** પૂજવા યોગ્ય. **'(–તેની સાથે તન્મયપમે...)'** અનંત ચતુષ્ટયસ્વભાવમાં તન્મય રહેલી. **'(જે પૂજ્ય એવી પારિણામિકભાવની...)'** ત્રિકાળ જે પારિણામિકભાવ એની એ **'(પરિણતિ)...'** નામ ધ્રુવ પર્યાય. સમજાણું કાંઈ ? પંચમભાવ, એની ઉત્પાદ-વ્યય વિનાની

પરિણતિ. એમાં કેવળજ્ઞાનનું ઉત્પાદ ઉત્પન્ન થયું અને ચાર જ્ઞાનનો નાશ થવો એ ઉત્પાદ-વ્યયપણું એમાં નથી. સમજાણું કાંઈ ?

આ કેમ લીધું છે ? કેમ એમાં છે ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ–ચાર પદાર્થ અરૂપી છે ને ? ધર્માસ્તિ, આકાશને દ્રવ્યે પારિણામિકભાવે, ગુણ પારિણામિકભાવે, પર્યાય પારિણામિકભાવે, પણ એક પર્યાય ઉત્પાદ-વ્યયવાળી એકધારાવાહી. આકાશમાં અને ધર્માસ્તિમાં એ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય એકસરખી ધારાવાહી ઓછી-અધિક-વિકૃત એવા ભેદ વિનાની. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એવી ધારાવાહી ઉત્પાદ-વ્યયવાળી પર્યાય આત્મામાં તો નથી. કારણ કે સંસારનો ભાવ એ અશુદ્ધભાવ છે. મોક્ષનો માર્ગ એ કાંઈક શુદ્ધ ને કંઈક અશુદ્ધ, મોક્ષમાર્ગ સાદિ-અનંત પર્યાય શુદ્ધ. એટલે ઉત્પાદ-વ્યયમાં એકધારા ન રહી. ઓલામાં એકધારા છે. આમાં ઉત્પાદ-વ્યયવાળી એકધારા ન રહી. ત્યારે એમાં કારણપર્યાય જે ત્રિકાળ એકધારાવાહી છે. સમજાણું કાંઈ ? માર્ગ એવો ઝીણો છે ને. બહુ શાંતિથી, ધીરજથી સમજવા જેવો છે. આ કાંઈ વાર્તા નથી. આહા..હા...! છે તો ભગવાનની વાર્તા.

જ્યારે આકાશ નામનો પદાર્થ છે, જેનો અંત નથી તોપણ એમાં ઉત્પાદ-વ્યયવાળી પર્યાય તો અનાદિ-અનંત એકસરખી છે. આકાશ અહીં છે ને ? અહીં ઉત્પાદ-વ્યય અંદર છે અને ધ્રુવ પણ છે. આખા આકાશમાં ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય પર્યાય અનાદિ–અનંત છે, એકસરખી છે. આત્મદ્રવ્ય ભગવાન જેને જાણનારો, આ છે કે નહિ એને જાણનારો તો આત્મા છે. પાંચ જડના અસ્તિત્વને જાણ્યું કોણે ? જગતમાં આ છે એમ જાણ્યું કોણે ? એને તો ખબર પણ નથી. સમજાણું કાંઈ ? એવો જાણનારો ભગવાનઆત્મા, મહાપ્રભુ, એના ઉત્પાદ-વ્યયમાં એકસરખો પર્યાય કેમ નહિ ? સમજાણું કાંઈ ? ઉત્પાદ-વ્યયનો એકસરખો નહિ ત્યારે ધ્રુવની અંદર એકસરખી ઉત્પાદ-વ્યય વિનાની અનાદિ-અનંત કારણપર્યાય. સમજાણું કાંઈ ? ૧૯ ગાથામાં નાખ્યું છે. 'નિયમસાર'ની ૧૯મી ગાથાનું વ્યાખ્યાન છે ? ઘરે પુસ્તક હશે. ભૂલી ગયા લાગે છે. આ ૧૯મી ગાથાનું વ્યાખ્યાન આપ્યું છે. (સંવત) ૨૦૦૦ ની સાલનું ને ?

**'(–તેની સાથે તન્મયપણે રહેલી...)'** ઓહો..હો...! પંચમભાવ પરિણતિ જે ધ્રુવરૂપે કારણપર્યાય. ઉપજવું વિણસવા વિના સદૃશ્યરૂપે, જેવું ધ્રુવ સદૃશ્ય છે, એવી એની પર્યાયનો અંશ અનાદિ-અનંત સદૃશ્ય છે. એ ધ્રુવ અને કારણપર્યાય મળીને નિશ્ચયનો વિષય એક થાય છે, અને ઉત્પાદ-વ્યયનો વિષય તો વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ ? આ બધી ભાષા.. એવો માર્ગ છે. અરે..! જેના કેવળજ્ઞાનમાં અનંતા સિદ્ધો, કેવળીઓ જણાય એવી પર્યાય, એ પ્રગટેલી નવી પર્યાય પણ સાદિ-અનંત છે. સમજાણું ? પછી ભલે સદૃશ્ય રહે–પણ સાદિ-અનંત છે. ભગવાનઆત્મામાં...

દરિયાનો દાખલો આપ્યો હતો. છે ને ઓલું ... ? દરિયો છે એમાં પાણીનું દળ છે આમ. એની ઉપરની જે ધારા–સપાટી એકધારી. એ અંશ. એ ત્રિકાળી દળ પારિણાકિભાવ છે અને

એકધારાવાહી સરખી સપાટી એ કારણપર્યાય છે. જુઓ! સામે છે. એ ખૂણામાં બારી પાસે. પહેલાં તો આને ૧૯મી ગાથામાં નાખવું હતું. પણ મોટાને પૂછ્યું વર્ણીજીને ..... એને ન બેઠું. આને ન બેઠું તો બહારવાળાને શું બેઠે ? નહિતર પુસ્તકમાં નકશો... છે ને જુઓને બારી પાસે.

દરેક ગુણને કારણપર્યાયો છે એમ સિદ્ધ કરવું છે. વસ્તુ, વસ્તુનો ગુણ, એની કારણપર્યાયરૂપ ધ્રુવ, ત્રણ મળીને નિશ્ચયનયનો વિષય છે. સમજાણું કાંઈ ? ચાર અજીવ દ્રવ્યમાં પણ જ્યારે એકધારાવાહી પારિણામિકભાવની પરિણતિ છે, તો આત્મામાં પારિણામિકભાવની એકધારાવાહી પરિણતિ કઈ ? ઉત્પાદ-વ્યયવાળી તો એકાધારા છે નહિ. સંસાર માર્ગ, બંધ માર્ગ, મોક્ષમાર્ગ અને સિદ્ધ એ બધા ભંગ પડી ગયા. એથી વસ્તુની સ્થિતિમાં જ એક પારિણામિકભાવની પરિણતિરૂપ કારણપર્યાય જે ધ્રુવ છે એને કારણપર્યાય કહે છે. 'શીતલપ્રસાદે' એટલું લીધું જેના મનનથી કાર્ય થાય એ કારણપર્યાય. એટલું એણે લીધું. 'શીતલપ્રસાદે' અર્થ કર્યો છે ને ?

દરિયામાં આખુ દળ ભર્યું છે, એની ઉપરની સપાટી સરખી હોય ને આમ ? એના ઉપર ઓછા વત્તા એવા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ ચાર (પ્રગટે અને વિણસે). જોયું છે ને ? છે ને એ ? એ ઉપરના મોજા. એકસરખી લાઈન, એકસરખું દળ. એમ ચૈતન્ય અનંત ગુણનું દળ એકસરખું અને ઉપરની પર્યાય છે એ એકસરખી ધ્રુવ અને એના ઉપર જે ભાવ છે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ. બહુ ઝીણું આ તો. એ પંચમભાવની પરિણતિ, પરિણતિ છતાં ઉત્પાદ-વ્યય નહિ. એ પરિણતિ ઉપશમભાવે નહિ, ક્ષાયિકભાવે નહિ, ક્ષયોપશમભાવે નહિ, એ પારિણામિકભાવે છે. '**તે જ કારણશુદ્ધપર્યાય છે...**' એને કારણશુદ્ધપર્યાય છે એવો એનો અર્થ છે, લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** ગુરુ કહે છે કે ભાઈ ! ધીરો પડ. દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્‌પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતારૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે નયોના કથનનું પ્રયોજન છે. ૪૧૨.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા-૧૫
## પ્રવચન નં. ૨૮, તા. ૧૧-૦૩-૧૯૭૩
## [૧૫]

'નિયમસાર' જીવ અધિકાર. ૧૫મી ગાથા. ટીકા ફરીને લઈએ. કેટલાક નવા આવ્યા છે ને. તમારે તો .. થાય ને. ઝીણો અધિકાર છે.

**'ટીકા :– આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.'** આ ગાથામાં આત્મા જે વસ્તુ છે, એના ત્રિકાળી જ્ઞાન આદિ અવિનાશી અનંત ગુણો છે. તેથી વસ્તુ જેમ આત્મા અવિનાશી છે (તેમ તેના ગુણો પણ અવિનાશી છે). એકદમ ઝીણો વિષય છે. **'સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** ખુલાસો કરશે. કારણશુદ્ધપર્યાય એને કહીએ કે જે વસ્તુ છે ત્રિકાળ દ્રવ્ય અને ગુણ, એની વર્તમાનમાં ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવપર્યાય. સમુદ્રની સપાટી જેમ એક સરખી હોય. એમ ભગવાનઆત્મામાં એ દ્રવ્ય અને અનંત ગુણો એકરૂપ સદશ્ય ત્રિકાળ છે. .. વિષય છે. એનો પર્યાય ધ્રુવરૂપ પર્યાય. એમાં ઊપજવું, વિણસવું એવી પર્યાયનો એમાં અભાવ છે, પણ છે પર્યાય, ધ્રુવપર્યાય, કારણપર્યાય.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંતા. .. છે આ રીતે. એ વાત પછી ... પર્યાયની આવશે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી આત્મા અને એવા ત્રિકાળી ગુણો અને એની ધ્રુવપર્યાય– ત્રણ મળીને સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ ? દરિયાનું–સમુદ્રનું દળ હોય છે અને ઉપર સરખી સપાટી હોય છે. એમ આત્માના અનંત ગુણો એ એનું દળ અને એનું એકરૂપ તે દ્રવ્ય છે. તે દળની ઉપર પર્યાયનો અંશ કારણ કારણપર્યાય ત્રિકાળ. જે કારણપર્યાયના આશ્રયે કાર્યપર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? જેમ કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ–ચાર દ્રવ્યોનું અસ્તિત્વ, દ્રવ્ય અને ગુણે તો પારિણામિકભાવે એ છે, પણ એની ઉત્પાદ-વ્યયની ચાર દ્રવ્યની પર્યાય આમ સરખી એ પારિણામિકભાવે છે. આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ એ દ્રવ્યોની દ્રવ્ય-ગુણ વસ્તુ તો પારિણામિક સહજ સ્વભાવરૂપ છે, એમ એની ઉત્પાદ નવી અવસ્થા ઊપજે, જૂની જાય, એવો ઉત્પાદ-વ્યય પણ પારિણામિકભાવે એકરૂપ સદશ્ય કાયમ એકરૂપ છે. એમ આત્મામાં એકરૂપ

પર્યાય ઉત્પાદ-વ્યયની નથી. સમજાણું કાંઈ ? ઝીણું છે, ભાઈ ! કાલે આવી ગયું છે. પણ આ તો નવા આવ્યા છે ને. વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે.

આત્મા સર્વજ્ઞ સ્વભાવ વસ્તુ પોતે અને સર્વજ્ઞ ગુણ. એમાં એક ગુણની પણ વર્તમાન એક કારણપર્યાય એક-એક ગુણની (છે). એ બધા ગુણોનું એકરૂપ કારણપર્યાય ધ્રુવ છે. ચાર દ્રવ્યમાં જેમ ઉત્પાદ-વ્યયની એકસરખી પર્યાય છે, એવી આમાં પર્યાય પૂર્ણ થાય ત્યારે એકલી નિર્મળ પર્યાય (રહે). એ તો ભેદ પડી ગયા. આમાં એક ધારાવાહી પર્યાય ન આવી. ઝીણું છે, ભાઈ ! એય..! 'ધીરુભાઈ'! આ તો કોલેજ છે. થોડુઘણું શીખ્યો હોય પછી આ સમજવામાં આવે. એવો માર્ગ છે, ભાઈ ! ઝીણો બહુ. જેને કાંઈ અભ્યાસ જ નથી કે અંદર શું આત્મા.. આ દેહના રજકણોથી જુદી ચીજ. કર્મથી જુદી ચીજ, પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી જુદી ચીજ, પણ એના ગુણ અને કારણપર્યાયથી જુદી નહિ. સમજાણું કાંઈ ? એવી જે ત્રિકાળ શુદ્ધકારણપર્યાય. પર્યાયની ઉપરની સપાટી સરખી છે એમ વસ્તુની ઉપર વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... છે એ ધ્રુવ. પણ એ વર્તમાન પર્યાય તરીકે ધ્રુવ કારણ આમ ત્રિકાળ છે. એકસરખી. જેમ પારિણામિકભાવે આકાશ અને ધર્માસ્તિના ઉપજવા-વિણસવાની પર્યાય એકસરખી છે, આને એક સરખી નથી ત્યારે એને કારણપર્યાય એકસરખી છે. આવું ધર્મનું સ્વરૂપ છે. દયા પાળવાનું કહે, વ્રત પાળવાનું કહે, ભક્તિ કરવાનું કહે તો સમજાય.

**શ્રોતા** :– એ સરળ લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અજ્ઞાન સરળ લાગે. અનાદિ કર્યું છે ને ? આહા..હા...! આ તો એની જાતમાં ભગવાન પોતે આત્મા સાક્ષાત્ ભગવાન છે. વસ્તુ તરીકે તો સાક્ષાત્ ભગવાન છે, પર્યાય તરીકે ભગવાન સાક્ષાત્ એ કાર્યપરમાત્મા (કહેવાય). એવો જે આ ભગવાનઆત્મા, એની કારણશુદ્ધપર્યાય કોને કહેવી એ વ્યાખ્યા છે. સમજાય એટલું સમજવું, પકડાય એટલું પકડવું.

**'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** સહજ નામ સ્વભાવિક શુદ્ધ નિશ્ચય ત્રિકાળ. **'અનાદિ-અનંત,...'** આદિ નહિ, અંત નહિ એવું અનાદિ-અનંત. આ એમાં જે છે એનું વર્ણન છે. એના ઘરમાં એ છે એનું આ વર્ણન છે. હવે એના ઘરની એને ખબર ન મળે. પારકાની બધી વાતું. લોકો નથી કહેતા આપણે કે ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો. તમારામાં શું કહે છે ?

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, એ. કહેવત તો બધે સરખી જ હોય ને. એમ પોતે જાતે ચીજ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ, જેને આત્મા કહે છે એ કેવડો અને ક્યાં છે અને કેમ છે ? એની ખબરું વિના એને ધર્મ થાય નહિ. ધર્મ કરનારો આત્મા, હવે આત્મા કેવડો અને કેમ છે એની તો ખબર ન મળે. સમજાણું કાંઈ ? ધર્મ એ તો પર્યાય છે. પર્યાય કોનામાં થાય ? કોણ એને કરે ? શું એ ચીજ છે ? એની જેને ખબર નથી એને એની પર્યાયનું શું કાર્ય આવે ? સમજાણું

કાંઈ ?

કહે છે, ભગવાનઆત્મા વસ્તુ તરીકે અંદર **'સહજ શુદ્ધ નિશ્ચયથી...'** શુદ્ધ નિશ્ચય ત્રિકાળ. **'અનાદિ-અનંત...'** આદિ નહિ અને અંત નહિ. છે એ વસ્તુને શરૂઆત શી ? છે એ વસ્તુનો અંત શો ? છે વસ્તુ એ આદિ અને અંત વિનાની એ ચીજ છે. સમજાણું કાંઈ ? **'અમૂર્ત...'** છે. ભગવાનઆત્માના ગુણો (અમૂર્ત છે). આત્મા અમૂર્ત અને એના ગુણો પણ અમૂર્ત છે. આત્મા શક્તિવાન અને એમાં કાયમ રહેનાર શક્તિઓ અમૂર્ત છે. શક્તિવાનની સહજશક્તિ એને સહજજ્ઞાન કહે છે. ત્રિકાળ સ્વભાવિકજ્ઞાન, એમાં ઓછાવત્તાપણું કે પરિણમવું કે બદલવું એમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'સહજજ્ઞાન-સહજદર્શન-...'** ઉપયોગ. **'સહજચારિત્ર-'** સ્વભાવિક વીતરાગતા આત્મામાં ત્રિકાળ પડી છે. જે દર્શન સહજ કીધું તો એના આશ્રયથી દર્શનના ઉપયોગની પર્યાય પ્રગટ થાય છે. પ્રગટ થાય. એ પ્રગટ થાય એ તો ઉત્પાદ-વ્યય એટલે ઉપજે અને વિણસે. વિ-સદશ્ય. આ સહજ દર્શન એ સદશ્ય ત્રિકાળ છે. ભાષા પણ એવી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોને ? આ ત્રિકાળ ઉપયોગ છે. ગુણ ત્રિકાણ ઉપયોગ. વર્તમાન પર્યાય નહિ. ઉપયોગ ત્રિકાળ આવી ગયો છે ને ? પહેલાં આવી ગયું છે. સહજજ્ઞાન, સ્વભાવિકજ્ઞાન-ઉપયોગ એટલે શક્તિરૂપ ત્રિકાળ. વેપારરૂપ વર્તમાન નહિ.

**'સહજદર્શન-...'** સ્વભાવિક દૃષ્ટાપણું. સ્વભાવિક એટલે કે એ અનાદિ છે. સ્વભાવિક દર્શનઉપયોગરૂપી ગુણ–શક્તિ ત્રિકાળ છે. **'સહજચારિત્ર-...'** સહજ એટલે સાથે જ રહેલું. દ્રવ્યની સાથે રહેલું સ્વભાવિક ચારિત્ર. સ્વરૂપમાં વીતરાગતા એ તો ત્રિકાળી અંદરમાં પડ્યું છે. સમજાણું કાંઈ ? આ તો વિષય જ તદ્દન ઝીણો છે. બહારના પલાખા શીખ્યા હોય એને આ બધું આકરું પડે. '...ભાઈ'!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સમયમાં... સવારમાં કહ્યું હતું. સર્વ કાળ જાણે. એનો અર્થ શું થયો ? વર્તમાન ... અને કારણે ... જાણે એમ છે ? સર્વ કાળ એટલે આમ બધી પર્યાયો જે છ દ્રવ્યનો સ્વકાળ છે, એક સમયમાં વિદ્યમાન બધું છે એમ જાણે. સમજાણું કાંઈ ? એવી કાર્ય કેવળજ્ઞાનની પર્યાય, એનું કારણ જે અંદરમાં સહજજ્ઞાન સ્વભાવ છે તે છે. અને એની આ કારણપર્યાય પણ કાર્યજ્ઞાનનું કારણ છે. પલાંખા બહુ ઝીણા આકરા છે આ. એ કહે 'મુંબઈ'માં આવું નહિ આવે, .. એમ કહે છે. 'મુંબઈ'માં આવું ક્યાં માંડે ? આ તો અધિકાર આવ્યો છે તે..

**'સહજપરમવીતરાગસુખાત્મક...'** ભગવાનઆત્મામાં, આત્મા જેમ સ્વભાવિક વસ્તુ છે. આદિ-અંત વિનાની અકૃત્રિમ અવિનાશી, એવા એના સહજવીતરાગઆનંદ સુખરૂપ અકૃત્રિમ અવિનાશી સહજ સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ ? સ્વભાવિક પરમવીતરાગસુખ. આ ઇન્દ્રિયોના વિષયમાં

સુખની કલ્પના એ તો ઝેર છે. સમજાય છે કાંઈ ? આ પૈસામાં, આબરૂમાં, શરીરમાં... આહા..હા...! ભોગમાં, ખાવાપીવામાં જે મજા દેખાય છે એ તો ઝેર છે, દુઃખ છે, આકુળતા છે, અમૃત લુટાઈને એ આકુળતા ઉત્પન્ન થાય છે. આ તો સહજવીતરાગઆનંદ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ ? વસ્તુ જેમ ત્રિકાળી છે, એમ એનો સહજવીતરાગસુખસ્વરૂપ ગુણ પણ ત્રિકાળી છે. આહા..હા...! એમાંથી આનંદની દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? આનંદના અર્થીઓને, આનંદના અર્થીઓને સહજવીતરાગસુખાત્મક સ્વરૂપ, એમાંથી આનંદ ઉત્પન્ન થાય છે. આનંદના અર્થીઓને. જેને આનંદનું પ્રયોજન છે. સમજાણું કાંઈ ?

આવું સહજવીતરાગસુખસ્વરૂપ. આત્મક એટલે (સ્વરૂપ). સહજપરમવીતરાગ... આહા..હા...! એમાં તો વીતરાગતા થાય, આ તો પરમવીતરાગ એના ગુણ ત્રિકાળ છે. પરમવીતરાગસુખસ્વરૂપ એવું જે **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** એવું જે ચતુષ્ટયનું અંતઃતત્ત્વ, અંતઃભાવ, અંતર સ્વભાવસ્વરૂપ. આ ગ્રીક-લેટિન જેવું લાગે. તત્ત્વનો અભ્યાસ ન મળે, આ બહારના થોથા કરી કરીને મરી ગયો. 'રતિભાઈ'! વકીલોને પણ એમ હશે કે નહિ ? બધા બહારના અભ્યાસ. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની કોલેજમાં તો આ ચીજ છે. સમજાણું કાંઈ ?

સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટય...'** ત્રિકાળ સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ **'તેની સાથેની...'** તેની સાથે રહેલી. **'જે પૂજિત...'** પૂજવાયોગ્ય **'પંચમભાવપરિણતિ...'** ત્રિકાળી દ્રવ્ય અને ત્રિકાળી ગુણ એ પંચમભાવ છે. સહજ પંચમભાવ. ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ એ પર્યાયભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, એ નહિ. આ તો ત્રિકાળી પરમસ્વભાવભાવ સહજ વસ્તુ, બદલ્યા વિનાની કૂટસ્થ ચીજ, એવો જે પંચમ પારિણામિક ભગવાનઆત્માનો સ્વભાવ, એની પરિણતિ, એની અવસ્થા. પણ આ ઉત્પાદ વિનાની અવસ્થા (છે). આહા..હા...! પરિણતિ એટલે પંચમભાવ ત્રિકાળ સ્વભાવભાવ, એની સાથે વર્તમાનમાં પરિણતિ રહેલી, જે ઉપજવું, વિણસવું, બદલવું જેમાં નથી. ઝીણું છે, 'છોટાભાઈ'! ઝીણું છે આ. 'ગોંડલ'માં આવું માંડવા માટે સમજે કોણ ? જય ભગવાન...! ચાલો.

મૂળ તત્ત્વ વસ્તુ આખી સચ્ચિદાનંદ પ્રભુ ! આત્મા ચિત્ચમત્કાર ભગવાનઆત્મા છે, એની મહિમાની જગતને ખબર નથી. એની શું મહિમા છે, એ ચમત્કાર કેવો છે ? જગતના ચમત્કારની બહાર વાતું સાંભળીને વિસ્મયતા લાગે. અંતરની ચીજ અંદર ભગવાન આનંદનો નાથ પૂર્ણ સુખસ્વરૂપ પંચમભાવ... આહા..હા...! રાગાદિનો ઉદયભાવ એ પર્યાયભાવ છે. રાગાદિનો સમ્યગ્દર્શન આદિ ઉપશમભાવ થાય, એ પણ પર્યાય અવસ્થા વર્તમાન પ્રગટ ભાવ છે. ક્ષાયિક કેવળજ્ઞાનાદિ એ પણ પ્રગટ વર્તમાન કાર્ય પ્રગટ છે. ક્ષયોપશમ પણ પર્યાયરૂપ વર્તમાન પ્રગટ છે. આ નહિ. આ તો અપ્રગટ પર્યાયમાં નથી આવેલો. આ ચાર પર્યાયમાં. પણ કારણપર્યાયમાં રહેલો છે. આવું તે શું હશે ? આહા..હા...!

કેવળજ્ઞાની પરમાત્મા તેને 'ક' બોલતા અસંખ્ય સમય જાય. એની એક સમયમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ ભાસે છે. એ પર્યાયનું એવડું સામર્થ્ય છે. સમજાય છે કાંઈ ? એવડો જ એનો કાર્યભાવ, એને જ જ્ઞાન કહ્યું છે. 'પ્રવચનસાર'માં નથી આવતું, ભાઈ ! એને જ્ઞાન કહીએ. નહિતર જ્ઞાન શું ? દિવ્યજ્ઞાનને જ્ઞાન કહીએ એમ કહે છે. તેને જ્ઞાન શું (કહીએ) ? જ્ઞાન જ નથી એમ કીધું. દિવ્યજ્ઞાન જેનો જ્ઞાનસ્વભાવ કાર્યરૂપે... આહા..હા...! જેના 'અ' બોલતા અસંખ્ય સમય જાય, એનો એક સમયનો ભાગ, એક સમયમાં ત્રણ કાળના.. ત્રણ કાળના... જણાય જાય એવું તો તેનું કાર્યજ્ઞાન-કેવળજ્ઞાન છે. એ કેવળજ્ઞાનનું કારણ જે અંદર, પારિણામિકભાવની અંદર પરિણતિ ... નજીક ચાલી જાય. શક્તિ છે આમ ધ્રુવ. આ પણ ધ્રુવ પણ નજીક એમ. એને આશ્રયે કેવળજ્ઞાન થાય છે. કહો, 'જયંતિભાઈ'! આ તમારો રવિવાર આવ્યો છે. આહા..હા...! સમજાય એટલું સમજો, પકડાય એવું છે. ભાષા એવી કોઈ ઝીણી નથી, ભાવ ભલે ઝીણા હોય પણ ભાષામાં તો સાદિ વાત આવે છે. આહા..હા...!

તું છો કે નહિ ? છે તો ક્યારનો છે ? છે એને ઉત્પત્તિ હોય ? છે એનો નાશ હોય ? છે એ શક્તિથી ખાલી હોય ? શક્તિ કહો કે ગુણ કહો કે સ્વભાવ કહો. એવો જે ભગવાન **'અનંતચતુષ્ટયસ્વરૂપ તેની સાથેની...'** ચારને મુખ્ય કર્યા. **'પંચમભાવપરિણતિ...'** પંચમભાવની અવસ્થા. એવી અવસ્થા અને ઉત્પાદ-વ્યય નહિ. કહેવાય છે, ધ્રુવ ત્રિકાળની અવસ્થા છે, દ્રવ્ય નહિ. અવસ્થા એટલે અવસ્થ. નિશ્ચયથી રહેલું. અવસ્થ આવે છે ને ? દ્રવ્ય, ગુણને અવસ્થા કહે છે. અવસ્થ એટલે રહેલું. નિશ્ચયથી આમ રહેલું. આ પરિણતિ એની છે એ પણ નિશ્ચયથી રહેલી છે, પણ ધ્રુવ છે. સમજાણું કાંઈ ?

**'(-તેની સાથે તન્મયપણે રહેલી...'** એમ છે ને ? **'જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે...'** ભારે ઝીણું, ભાઈ ! આ ૧૫મી ગાથા સિવાય આવો અર્થ અને આવું સ્પષ્ટ બીજે ક્યાંય નથી. શ્વેતાંબરમાં કે અન્યમતમાં તો આ વાત છે જ નહિ. પણ દિગંબરમાં આ ઠેકાણા સિવાય બીજે ઠેકાણે નથી. ક્યાંક હશે પણ આપણે કાઢી શકતા નથી. કહો, સમજાણું કાંઈ ? આ ઠેકાણે સ્પષ્ટ છે. આહા..હા...!

તું કેવડો છો ? ક્યાં છો ? કેમ છો ? એની આ વાત છે. આહા..હા...! ઘરના નળિયા કેટલા (છે) એની ખબર હોય. બારી માટે કેટલા ઈંચના સરિયા લાવ્યા હતા, બહારની બારી માટે અને અંદરની બારી માટે, અંદરની બારી માટે પાતળા સરિયા, બહારના માટે ચોર વાળી ન દે. એ બધી એને ખબર હોય કે આટલા ઈંચના આમ છે, આ આમ છે. ધૂડ ધાણી. એના આ બાજુના અને આ બાજુના દાદરાના પગથિયા કેટલા હોય એની ખબર હોય. ઓલો જરીક નાનો દાદરો છે, આ મોટો છો, ઓલામાં ૧૪ પગથિયા છે, આમાં ૧૦ પગથિયા છે. એક દાદરો આમ વળેલો ૭ સાત છે અને પછી બે આમ છે અને પછી ૭ આમ વળેલા છે. ધૂડની બધી ખબરું છે. તારામાં તું

છો, તું કોણ છો, કેવો છે એની ખબર નથી. આહા..હા...! દરકાર નથી. શેઠિયાઓએ દરકાર કરી નથી ? વાત સાચી છે. હતી ક્યાં ? આહા..હા...! લ્યો. ....

**'તે જ કારણશુદ્ધપર્યાય છે એવો અર્થ છે.'** સ્વભાવપર્યાયના બે ભેદ : એક કારણસ્વભાવપર્યાય, એક કાર્યસ્વભાવપર્યાય. કારણસ્વભાવપર્યાયની આ વ્યાખ્યા છે. ભગવાનઆત્મા.. પણ એને ભગવાન કહેતા એને એમ થાય કે હાય...હાય... બાપુ ! પામર તો તેં માનેલી વાત છે, તેં માનીલી વાત છે, પામર નથી. પ્રભુ પૂર્ણ છો. આહા..હા...! દરેક શક્તિએ પ્રભુ ને સામર્થ્યવાળી શક્તિ છે. ત્યાં નથી આવતું ? આવે છે ને ? પ્રભુત્વ પૂર્ણ શક્તિને પ્રગટ કરી નથી માટે આમ છે. આવે છે. પ્રભુત્વશક્તિ. 'નિયમસાર'માં કળશમાં... મારી પ્રભુત્વશક્તિને પૂર્ણ પ્રગટ કરી નથી માટે અંદરમાં રાગાદિ દેખાય છે, અપૂર્ણ દશા છે. કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ ? કર્મ તો બીજું પરદ્રવ્ય છે. મારી પ્રભુતાશક્તિનું આશ્રયનું અવલંબન મારું થોડું છે, એથી અંદર પર્યાયમાં અપૂર્ણતા રહી ગઈ છે. પ્રભુત્વશક્તિનો પૂર્ણ આશ્રય કરીને પ્રગટ કરું છું–એમાં અપૂર્ણતા રહેતી નથી. ઓલા એ નાખે, કર્મને લઈને આ થાય... કર્મને લઈને આ થાય. મારી નાખ્યા. જૈનમાં કર્મ, બીજામાં ઈશ્વર પ્રધાન. ઈશ્વર કરે તે થાય. ઈશ્વર વિના પાંદડુ ફરે નહિ. આ કહે કે કર્મ વિના થાય નહિ. ઈશ્વર કર્મ થઈ ગયો. ઓલાનો ઈશ્વર ચૈતન્ય.

**શ્રોતા :–** બે એક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, ફેર આમાં. ઓલો ચેતન ઈશ્વર અને આને જડ ઈશ્વર. કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો આંક. એમ બોલે. પહેલી સ્તુતિ બોલે ને ? એ આ. પાંચ-દસ મિનિટ બોલે ને ?

**'તે જ કારણશુદ્ધપર્યાય છે...'** એમ જોર આપ્યું છે. એ ત્રિકાળી પરમપારિણામિકભાવ સહજ સ્વરૂપ આત્મા, તે અનંત ચતુષ્ટયસ્વરૂપ જે આત્મા, એની સાથે વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન રહેલી તે જ કારણશુદ્ધપર્યાય, તેને કારણપર્યાય કહેવાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું ઘરમાં (છે) અને ઘરની ખબર ન મળે અને સંતો વારસા મૂકી ગયા એ વારસા લેવાની ગરજ ન મળે. બાપ પાંચ-પચાસ હજાર, લાખ, બે લાખ મૂકી ગયો. મરી ગયા હશે તો તરત ... ઉપાડે ત્યાંથી. પછી મડદુ કાઢે બહાર. આહા..હા...! 'કુંદકુંદાચાર્ય' આદિ સંતો વારસો મૂકી ગયા છે. ભાઈ ! તારી ઋદ્ધિનો પાર નથી. જગતની ઋદ્ધિ ચક્રવર્તીની અને તીર્થંકરની ... આ તો ઋદ્ધિનો-સમૃદ્ધિનો દરિયો ભગવાન. અરૂપી મહાસાગર. ભગવાન અરૂપી મહાસાગર, અનંતા ગુણથી ડોલાયેલો, એની સાથેની ધ્રુવની વર્તમાન પર્યાય જેના અવલંબે જ્ઞાન, દર્શન, આનંદનું જે કાર્ય થાય, એ પરિણતિને કારણપર્યાય કહેવામાં આવે છે. **'એવો અર્થ છે.'** લ્યો એ છેલ્લી લીટી. 'અમૃતચંદ્રાચાર્ય'નું છે ને ? એવો એનો અર્થ છે. દરેક ચારિત્ર આનો અર્થ છે, ફલાણું આમ છે. સ્વરૂપે ચરવું ચારિત્ર છે. લ્યો, આ કારણપર્યાયની વ્યાખ્યા થઈ.

દરિયાનો દાખલો તે દિ' આપ્યો હતો. દરિયો જેમ છે, એ દરિયાની ઉપરની સરખી સપાટી એ કારણપર્યાય–આખો એ ગુણ અને દ્રવ્ય. અને ઉપર જે આમ રાગના, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકના મોજા આવે, એ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે. સમજાણું કાંઈ ? લ્યો આ તો તમારે ડબલ સંભાળાણું. આ નવાને વળી... આહા..હા...! ... છે. કેવળીઓના વારસા લેનારા એ છે. એ વારસો જગતને આપે છે, લેવું હોય એ લે. આહા..હા...! આ તો કહે, આ કરવું, તપ કરવું, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, એ બધું તો વિકલ્પ અને રાગ છે. અશુભથી બચવા એવો રાગ હોય, પણ એ વસ્તુ નહિ, ધર્મ નહિ, ધર્મનું કારણ નહિ. ધર્મનું કારણ તો આ ત્રિકાળી દ્રવ્ય, ગુણ અને આ કારણપર્યાય છે. સમજાણું કાંઈ ? **'એવો અર્થ છે.'** લ્યો. કારણસ્વભાવપર્યાયનું અસ્તિપણું કેમ છે, ક્યાં કઈ રીતે છે, એ રીતે વર્ણન કર્યું.

હવે, કાર્યશુદ્ધપર્યાય. હવે ઉત્પન્ન થયેલી નવી દશા, એને અહીં કાર્યશુદ્ધપર્યાય કહે છે. અરિહંત ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ જે પ્રગટ થાય છે ને એ બધું કાર્ય છે. કાર્ય એટલે પર્યાય પ્રગટી. કારણમાં પર્યાય પ્રગટેલી નહિ, ધ્રુવરૂપે છે પ્રગટ પર્યાયરૂપે નહિ. એ કાર્યપર્યાય કેવી છે ? **'સાદિ-...'** ઉત્પન્ન થાય છે. કારણ કે કેવળજ્ઞાન એ અનાદિની પર્યાય નથી. એ કારણપર્યાય તો અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ ? અને એના ગુણો પણ અનાદિ-અનંત છે અને ભગવાન પોતે આત્મા પણ અનાદિ-અનંત છે. આ જે છે એ તો સાદિ થાય છે. સાદિ એટલે આદિ. સાદિ એટલે ? આદિ સહિત. સ-આદિ આદિ સહિત. સાદિ એટલે ઓલી શાદી કરવી એ નહીં અહીંયાં. સ-આદિ. લગન થયા, અહીંયાં એમ નથી કહેવું. અહીં તો સ-આદિ. આદિ સહિત એમ. આહા..હા...! કેવળજ્ઞાન જે આનંદ સહિત પ્રગટ થાય એની આદિ છે. કેવળજ્ઞાનની પર્યાય કાંઈ અનાદિની નથી. સમજાણું કાંઈ ? ઉત્પન્ન થાય છે, ઉત્પાદ છે. ઉત્પાદ છે એટલે ત્યાં આનંદનો ઉત્પાદ છે. આહા..હા...!

એ સાદિ છે પણ અનંત કાળ રહે છે. ઉત્પન્ન થાય, પણ એવી ને એવી. એની એ એ ભલે નહિ પણ એવી ને એવી અનંત કાળ રહે છે. કેવળજ્ઞાનની પર્યાય એ બીજે સમયે એ ન હોય, પણ એવી હોય. એ નહિ પણ એવી હોય. આહા..હા...! એથી એને એમને એમ એવી રહે છે, માટે અનંત કાળ રહેશે એમ કહેવામાં આવે છે. એ સાદિ-અનંત છે. ભગવાનઆત્મા અનાદિ-અનંત છે, એના ગુણો અનાદિ-અનંત છે, ઓલી કારણપર્યાય અનાદિ-અનંત છે. આ કાર્યકેવળજ્ઞાન સાદિ અનંત છે. સમજાણું કાંઈ ?

**'સાદિ-અનંત...'** ઓલામાં અનાદિ-અનંત હતું. એને અમૂર્ત એમાં પણ કહ્યું હતું, આ પણ અમૂર્ત છે. એમાં સહજ શુદ્ધ નિશ્ચયથી કહ્યું હતું. આ નિશ્ચય નથી, આ વ્યવહાર છે. પર્યાય છે ને ? 'આતમરામ અવિનાશી.' એની પર્યાય વિનાશી, ગુણ અવિનાશી, વસ્તુ અવિનાશી. એ અવિનાશીના આશ્રયથી જે કેવળજ્ઞાન પ્રગટ થાય, એને કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. શુદ્ધ કાર્ય લેવું છે ને અહીંયાં ? ત્રિકાળ દ્રવ્ય, ગુણ, પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય, પણ એ હજી પૂર્ણ

નથી. એથી એને અશુદ્ધ કહેવામાં આવે છે. પૂર્ણ નથી એને અશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. અહીં તો પૂર્ણ શુદ્ધપર્યાયને કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે.

**'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** છે એ કેવળીના અતીન્દ્રિય સ્વભાવ. ઇન્દ્રિય અને વિકલ્પથી જણાય એવો નથી. અતીન્દ્રિય સ્વભાવવાળા, પણ છે શુદ્ધસદ્ભૂતવ્યવહાર એની પર્યાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'શુદ્ધ...'** એટલે પવિત્ર છે, **'સદ્ભૂત...'** એટલે હયાતી ધરાવે છે અને **'વ્યવહાર...'** એટલે એક અંશ છે માટે. ત્રિકાળી ભગવાનઆત્મા, એનો ત્રિકાળી ગુણ અને ત્રિકાળી કારણપર્યાય, એ તો નિશ્ચય છે અને એના આશ્રયથી નહોતી અને પ્રગટ થઈ, તેથી એને **'સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા...'** એ તો અતીન્દ્રિય સ્વભાવ તો ઓલાને કહ્યું હતું. પણ એને સહજ નિશ્ચય ત્રિકાળ કહ્યું. શુદ્ધસદ્ભૂતવ્યવહાર (કહ્યું). આહા..હા...! એ કાર્યકેવળજ્ઞાન શુદ્ધ છે. પવિત્ર માટે શુદ્ધ છે. હયાતી ધરાવે છે, અસ્તિ છે, એનામાં છે માટે સદ્ભૂત છે. રાગાદિ તો અસદ્ભૂત છે. આ સદ્ભૂત છે. અંશ છે માટે ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

**'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન, કેવળદર્શન-...'** આહા..હા...! **'કેવળસુખ-કેવળશક્તિ...'** વીર્ય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય. એને કેવળ-કેવળ શબ્દ વાપર્યો છે. **'કેવળજ્ઞાન-...'** એકલું જ્ઞાન. **'કેવળદર્શન-કેવળસુખ-...'** પર્યાયમાં, વર્તમાન અવસ્થામાં એકલો આનંદ. ભગવાનઆત્માને કેવળજ્ઞાનીને અનંત આનંદનો અનુભવ છે. સમજાણું કાંઈ ? એ કેવળીને શરીરમાં ક્ષુધા લાગે, દુઃખ થાય, તૃષા લાગે, રોગ થાય, દવા લે, એવું કેવળીને હોય નહિ. સમજાણું કાંઈ ? કેવળ એક આનંદસ્વરૂપ જ છે.

**'કેવળશક્તિ...'** એકલું વીર્ય. અનંતગુણની પર્યાયને રચવાનું એકલું વીર્ય, પૂર્ણ વીર્ય પ્રગટ થયું. વીર્ય એટલે બળ. આત્મબળ જેને કાર્યરૂપ પૂર્ણ પ્રગટ્યું. સમજાણું કાંઈ ? એ **'ફળરૂપ...'** અનંત ચતુષ્ટયની સાથે ફળ છે ને ? મોક્ષમાર્ગનું ફળ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ. આ 'નિયમસાર' છે ને ? એવો ત્રિકાળી ભગવાનઆત્મા, એના હોવાપણાનો અંતર્મુખ થઈને પ્રતીતિ, અનુભવ થઈને પ્રતીતિ, એવી ચીજનું ભાન થઈને પ્રતીતિ (થવી) એનું નામ સમ્યગ્દર્શન. એવા ત્રિકાળી અનંત ગુણ આદિ પર્યાય, એની સન્મુખ થઈને જ્ઞાનનું વેદન, સ્વસંવેદન, સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ, વેદન-જ્ઞાનનું (થાય) એનું નામ જ્ઞાન. અને એ સ્વરૂપમાં રમણતા, સ્થિરતા, જમવટ (થવી) એનું નામ ચારિત્ર છે. એવો જે મોક્ષમાર્ગ, એનું આ ફળ છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ, કેવળવીર્ય એ **'ફળરૂપ...'** ફળ્યું ફળ્યું. ફળ આવ્યું. **'અનંતચતુષ્ટય...'** એ અનંત ચતુષ્ટય ચાર છે ને ? એને કેવળ–કેવળ કહ્યું, એને અહીં અનંતચતુષ્ટય શબ્દ વાપર્યો. અનંત–કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય. એવી **'અનંતચતુષ્ટયની સાથેની...'** એટલે એની એકરૂપ પર્યાય. **'(–અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...'** પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ. ક્ષાયિકભાવ તો ચોથે, પાંચમે (ગુણસ્થાને) હોય છે. પણ

આ તો **'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...'** કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે. ત્રિકાળી દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય એ પારિણામિકભાવે છે. સમજાણું કાંઈ ?

**'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...'** છે આ પર્યાય. વર્તમાન પ્રગટ દશા. એની **'શુદ્ધપરિણતિ...'** એટલે એકરૂપ દશા. અનંત ચતુષ્ટયની પ્રગટ એકરૂપ દશા, **'તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** લ્યો, સમજાણું ? **'તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** અસ્તિ છે. ભગવાનઆત્મામાં દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય અસ્તિ છે, એના આશ્રયે પ્રગટેલી અનંત ચતુષ્ટયની સાથેની પર્યાય પણ અસ્તિ છે, હોવાપણે છે. નીચે ખુલાસો કર્યો છે.

**'સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત...'** યુક્ત એટલે સહિત. ત્રિકાળ સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકવીર્ય આદિ. એ અનંતચતુષ્ટયસહિત યુક્ત-સહિત **'કારણશુદ્ધપર્યાયમાંથી...'** જે કારણશુદ્ધદશા ત્રિકાળ, એમાંથી **'કેવળજ્ઞાદિ અનંતચતુષ્ટયયુક્ત...'** કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ અનંત ચતુષ્ટયપણાને **'અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.'** એ કેવળજ્ઞાન અને કેવળદર્શન ને અનંત સુખ ને અનંત વીર્ય, એ ત્રિકાળી સ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે અથવા એ કારણપર્યાયને આશ્રયે પ્રગટ થાય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનું એ છે. પ્રગટ થઈ એ તો પ્રગટ છે એમ બતાવ્યું. પણ એનો આશ્રય લીધો, એનો આશ્રય લીધો.

**શ્રોતા :-** પોતે પરિણમી એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણમી પણ આશ્રય લીધો ત્યારે પરિણમીને ? એ પરિણમી ક્યારે ? એના ઉપર-સન્મુખ દશા કરી ત્યારે. સન્મુખ કરી ... થયો, ત્યારે પર્યાય થઈ. એ સન્મુખ કર્યો એ જ પર્યાય થઈ.

**'એ કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.'** કારણશુદ્ધપર્યાયમાંથી. 'શીતલપ્રસાદે' મનન કહ્યું છે ને ? 'શીતલપ્રસાદ' કારણશુદ્ધપર્યાયનું મનન તે કાર્યશુદ્ધપર્યાયનું કારણ. **'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ...'** પૂજવાયોગ્ય જે **'પરમપારિણામિકભાવપરિણતિ...'** તે કારણશુદ્ધપર્યાય પૂજવા લાયક છે, કહે છે. આદર કરવા લાયક છે, શરણ લેવા લાયક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અનંત ગુણનું દળ એવું જે દ્રવ્ય, એની જે કારણપર્યાય ધ્રુવ ધ્રુવ, એ પૂજનીક છે. એની નજીકની પર્યાય, એનો આશ્રય કરતા કાર્ય પ્રગટ થાય છે. એ કારણપરમાત્માની સાથે આ કારણપર્યાય પણ હોય છે. ભારે, ભાઈ ! ભારે નથી, હોં ! છે તો હળવું. એવી ઝીણી વાત તો કેટલાકે સાંભળી પણ નહિ હોય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિત થઈને સાંભળી નહિ હોય ? આ સંસ્કૃતના પ્રોફેસર છે. 'જયપુર'.

નરમ નરમ છે. આહા..હા...! બાપુ ! આવી વાતું ક્યાં છે ? ભાઈ ! .... કરીને બેસી ગયા. ઓહો..! એક-એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ. ભાઈ ! તું કરી ચુક્યો છો, તને ખબર નથી. અને માતાના ઉદરમાં સવા નવ મહિના ઊંધે માથે. પગ ઉંચા, માથું નીચે. આહા..હા...! તું ભૂલી ગયો. એમાં ગરીબ ઘરે અવતાર, અને એક ... આવે, ખાવાને શેરા ન હોય... આહા..હા...! ખાટલો સુવાનો સરખો ન હોય જમીનમાં... હેઠે કરે. આહા..હા...! એમ ને એમ ઉભી થઈને એને જુઓ આ દશા. એવા અવતાર અનંત કર્યા, બાપુ ! મહાપ્રભુ બિરાજે એની સામું તેં જોયું નહિ. સમજાણું કાંઈ ?

વીતરાગની વાણી પણ જેના ... પડ્યા નહિ એવી જેની મહાત્મ્ય દશા ! એવું જેનું ત્રિકાળી સ્વરૂપ. અરે..! એવું બિરાજે છે. છતી શક્તિને પણ છતીપણે માની નહિ. આહા..હા...! અછતિને છતિ માનીને છતિને ભૂલી ગયો. બાકી ક્રિયાકાંડ કરવામાં તો બાકી રાખી નથી. એ પુણ્યના ભાવ અનંતવાર કર્યા. થોથા મળે અને રખડે. પુણ્ય બહુ હોય તો આ સ્વર્ગનો દેવ થાય. કાં તો આ ધૂડના ધણી આ પૈસાવાળા કહેવાય ને ? એય..! 'પોપટભાઈ'! કરોડોપતિ અને અબજોપતિ એ ધૂડના ધણી છે. એ ચૈતન્યના ધણી નહિ.

તું પરમાનંદને પાટલે કોઈ દિ' બેઠો નથી, ભાઈ ! રાગ ને પુણ્ય ને પાપને પાટલે બેસીને રખડીને મરી ગયો. ભગવાન પોકાર કરે છે. પ્રભુ ! તું આવડો છો અને એની સામું કેમ જોતો નથી ? સમજાણું કાંઈ ? ભગવાન કેવળજ્ઞાનીનો પોકાર છે. આહા..હા...! પ્રભુ ! તારી પૂર્ણ પ્રભુતા અંદર પડી છે ને. તારામાં શું ખામી છે ? શું વિપરીતતા છે ? પૂર્ણ અવિપરીતતાનું સ્વરૂપ છે. અરે..! તેં સાંભળ્યું નહિ, તેં ગણ્યું નહિ, તેં ગણકાર્યું નહિ. 'ધીરૂભાઈ'! અહીં તો આવી વાત છે. આહા..હા...!

કહે છે, **'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.'** કહો, સમજાણું કાંઈ ? ભગવાને ભગવાનને ભાળ્યો નહિ. ભગવાનઆત્માએ ભગવાનને ભાળ્યો નહિ. પામરતા, પુણ્ય, પાપના ફળ, એમાં રુચિ અને આ મારું. ... ઠીક હોય તે ... કહો, અને ઠીક નથી ત્યાં તારું રહેઠાણ આખું થઈ ગયું. આહા..હા...! આવે છે ને ? નિર્જરામાં. એ રહેવાના ધામ પ્રભુ ! તારા આ નહિ. એ નિર્જરા અધિકારમાં આવશે. પુણ્ય અને પાપના ભાવ એ બાપુ ! તારા રહેવાના સ્થાન નહિ. તારા રહેવાના સ્થાન તો અંદર મોટા પડ્યા છે. પૂર્ણ આનંદનો નાથ અંદર બિરાજે છે. એ તારે માટે રહેવાનું રહેઠાણ છે. રહેવાનું રહેઠાણ આ છે. સમજાણું કાંઈ ? અરે..! એવી વાતું ક્યાં છે ? એ વાત સાંભળીને અંદરમાં ઉલ્લાસ આવે. ઓહો..! આ વાત તો રહી ગઈ. જે હતી એ રહી ગઈ અને નહોતી એને કલ્પી માની. આહા..હા...!

કહે છે, આવા જે **'અનંતચતુષ્ટની સાથેની જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** જુઓ! સ્વભાવકાર્યપર્યાયના બે ભેદ વર્ણવ્યા. સ્વભાવકારણપર્યાય અને કાર્યપર્યાય એમ સ્વભાવપર્યાયના ભેદ વર્ણવ્યા. હવે વિભાવપર્યાયની વાત રહી ગઈ. સમજાણું ?

**'અથવા...'** હવે જરી કહે છે. આ કારણપર્યાય પણ શુદ્ધકારણપર્યાયમાં કહેવાય, **'પૂર્વ સૂત્રમાં**

**કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી,...'** સૂક્ષ્મ એટલે ઝીણું, ઋજુ એટલે વર્તમાન. વર્તમાન પર્યાયમાં **'છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો...'** છએ દ્રવ્યમાં એક સમયની પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિનું પરિણમન છે, એને પણ સ્વભાવપર્યાય કહેવામાં આવે છે. **'તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા...'** લ્યો. **'(અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે).'** એ અર્થપર્યાય છે. અશુદ્ધપર્યાયને વ્યંજનપર્યાયમાં નાખશે. આને શુદ્ધપર્યાય કહી. વ્યંજનપર્યાયને શુદ્ધની વ્યાખ્યામાં લીધી નથી. અશુદ્ધને વ્યંજનપર્યાય કહી. આત્માના પ્રદેશની આકૃતિ વિભાવ. ઝીણી વાત છે. પછી આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્‌ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંક્યું ! જુઓ તો ખા ! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો ! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વડે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે ! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા ! બહારમાં ચક્ર ફેંકાતા લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તે ક્રોધાદિ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ૪૧૬.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર,
## શ્લોક–૧૨૫, ગાથા–૧૮૧ થી ૧૮૩
## પ્રવચન નં. ૨૫૭, તા.૧૯-૦૬-૧૯૭૯
## [૧૬]

('સમયસાર', ૧૨૪ કળશનો) ભાવાર્થ, છેલ્લી બે લીટી છે ને ! **'આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને...'** ઓળખીને ટાળ્યો, એ વાત છે. એમાં કાંઈ વિશેષ બીજી વાત નથી. મિથ્યાત્વ આદિ આસ્રવ રંગભૂમિમાં આવ્યા હતા એને જ્ઞાને જોઈ લીધું. જ્ઞાને (જોયું કે) હું તો ચૈતન્ય છું, પૂર્ણ આનંદ છું એવા ભાવ દ્વારા એ આસ્રવને જીતી લીધો. આસ્રવનો નાશ કર્યો. આ છે, એમ. આખા આસ્રવ અધિકારનો, આસ્રવનો સ્વાંગ આવ્યો હતો. એમ. નાટકની પેઠે આમાં કહ્યું છે ને ! **'રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી...'** જે શુભ-અશુભ ભાવાદિ આસ્રવ છે, જે સ્વભાવથી ભિન્ન જાત છે. સ્વભાવ છે એ શુદ્ધ ચૈતન્ય છે, એમ જાણી અને એ સ્વાંગને જેણે દૂર કર્યો, સ્વરૂપમાં સ્થિર થઈ એ અસ્થિરતાનો નાશ કર્યો. **'તેથી તે બહાર નીકળી ગયો.'** તેથી આસ્રવ રંગભૂમિમાં આવ્યો હતો એ નીકળી ગયો.

હવે, એના ઓલાનું (–અર્થનો) કળશ.

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે શિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.**

હિન્દીમાં ટૂંકું કર્યું. **'યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ...'** એ દ્રવ્યત્વ છે. જડ, જડ પૂર્વના (બાંધેલા છે). **'દ્રવ્યત આગમ ગાયો,..'** પૂર્વના (કર્મ) સત્તામાં પડ્યા છે. **'રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ...'** એ ભાવાસ્રવ. ઓલા પૂર્વના પડ્યા (છે) ઈ જડ આસ્રવ (કહ્યા). એ કંઈ બંધનું કારણ નથી. રાગ અને વિરોધ એટલે દ્વેષ, વિમોહ એટલે મિથ્યાત્વ. એવો વિભાવ અજ્ઞાનમય. અજ્ઞાનમય જે ભાવ **'યહ ભાવ જતાયે;...'** એ ભાવાસ્રવ બતાવ્યા.

**'જે મુનિરાજ કરૈ ઇનિ પાલ...'** જે મુનિરાજ પોતાનું પાલન (એટલે કે) સ્વરૂપની સ્થિરતા કરે **'સુરિદ્ધિ સમાજ...'** (અર્થાત્) અતીન્દ્રિય આનંદની ઋદ્ધિરૂપી પોતાનો સમાજ. **'લયે શિવ થાયે,...'** એ અનંત આનંદ ને અનંત શાંતિને પામી મુક્તિને પામે. **'કાય નવાય..'** 'જયચંદજી' પંડિત પોતે

કહે છે. હિન્દી ટીકાકાર ! **'કાય નવાય...'** હું કાયાથી તેને નમું છું. **'ચિત્ત લાય...'** ચિત્તને સાથે રાખીને. એટલે ચિત્તથી પણ નમું છું, એમ. **'જય...'** એ આ 'જયચંદ્ર' ટીકાકાર. **'જય પાય...'** આમ જય મળે અને આસ્રવ ટળીને જય થાય અને એમ 'જય' પોતાનું નામ નાખ્યું. **'જય પાય લહૂં મન ભાયે.'** મનમાં ભાવના એ છે કે રાગથી રહિત થઈને હું શુદ્ધ થાઉં એવી મારી ભાવના છે.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.'**

હવે, પાંચમો સંવર (અધિકાર).

**મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.**

**'મોહ...'** એટલે મિથ્યાત્વ. **'રાગ..'** અને **'રુષ...'** (એટલે) દ્વેષ. **'દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;...'** જેણે નિશ્ચય સમિતિ ગુપ્તિ અને વ્રતનો વિકલ્પ હોય એ. એ પણ લેવાય. **'સંવરમય આત્મા કર્યો,...'** જેણે આત્માને રાગના વિકલ્પના આસ્રવથી રહિત કર્યો. **'નમું તેહ, મન ધારી.'** તેને હું નમસ્કાર કરું છું, મનથી નમસ્કાર કરું છું.

**'પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે સંવર પ્રવેશ કરે છે'**. અખાડાની, રંગભૂમિની વાત લેવી છે ને ! **'આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશ કરે છે'** :– સંવર આવે છે. આની ટીકા કરી છે ને ? 'કળશટીકા' ! ત્યાં બીજાની ટીકા કરતાં પહેલા ૐ નમઃ લીધું છે. 'સંવર અધિકાર' છે ને ! આ 'સંવર અધિકાર' પહેલાં કળશટીકાકારે ૐ નમઃ (લખ્યું છે). 'સંવર અધિકાર' અલૌકિક છે. જે અનંત કાળમાં કર્યો નથી. એથી બધી ટીકાઓ કરી પણ આ ટીકા કરતાં ૐ નમઃ નાખ્યું છે.

**'ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે'** :– લ્યો !

**आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-**
**न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।**
**व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-**
**ज्ज्योतिश्चिन्मयमुज्वलं निजरसप्राग्भारमुजृम्भते।।१२५।।**

**[आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्] 'અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી...'** આસ્રવ છે એનો વિરોધી સંવર છે. મિથ્યાત્વ, અવ્રત આદિ આસ્રવ, એનો વિરોધી સંવર છે. એ આસ્રવે **'પોતાના વિરોધી સંવરને જીતવાથી...'** સંવર થવા ન દીધો. આસ્રવના પ્રેમમાં સંવર થવા ન દીધો એમ કહે છે. આહા..હા...! **'સંવરને જીતવાથી એકાંત-ગર્વિત...'** થયો છે. કોણ ? આસ્રવ. મેં મોટા માંધાતાને પાડ્યા છે. સાધુ નામ ધરાવનારા, અગિયાર અંગના ભણનાર, પંચ

મહાવ્રતના પાળનાર એવાને પણ મેં પાડ્યા છે. આસ્રવ છે એમાં એને પ્રેમ છે. એ આસ્રવ છે. આહા..હા...! મારા પંજામાંથી કોઈને નીકળવા નથી દીધા. એવો અહંકાર આસ્રવને થયો. આહા..હા...!

**'એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...'** હવે સંવર(ની વાત કરે છે). આહા..હા...! સ્વનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી તેનો તિરસ્કાર કર્યો. **[प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] 'જેણે સદાય વિજય મેળવ્યો છે...'** ઓલાએ (–આસ્રવે) તો ફક્ત અનાદિકાળથી અમુક (સમય) સુધી વિજય (મેળવ્યો) હતો અને આણે (–સંવરે) તો સદાય વિજય મેળવ્યો છે. શું કહે છે એમ કહીને ? કે જેણે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આત્માનો અનુભવ કર્યો–શુદ્ધ ચૈતન્ય અને સંવર પ્રગટ કર્યો એનો હવે સદાય વિજય રહેવાનો. આહા..હા...! એ સંવર હવે આસ્રવ થવાનો નહિ, સંવરથી પડવાના નહિ, એમ કહે છે. આહા..હા...!

જેણે ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એમ જેણે અનુભવમાં લીધો એ સંવર (છે). એ સંવરે સદા.. આ..હા...! વિજય મેળવ્યો છે. આહા..હા...! એવા સંવરે આસ્રવ ઉપર સદાય વિજય મેળવ્યો છે એવો સંવર. જે સંવર એકવાર થયો એ ફરીવાર પડવાનો નહિ, એમ કહે છે. આહા..હા...! આચાર્યની ભાષા જુઓ ! **'સદા વિજય મેળવ્યો છે...'** એવો સંવર. કારણ કે આસ્રવ તો અમુક અનાદિ-સાંત હતો. આ તો સાદિ-અનંત સંવર પ્રગટ્યો એટલે સાદિ-અનંત સંવર રહેવાનો. આહા..હા...! સમકિત થયું એ સમકિત સાદિ-અનંત રહેવાનું. એવી વાત છે. શ્લોક ઊંચો છે આ !

**[प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] 'જેણે સદાય વિજય મેળવ્યો છે...'** એવો જે સંવર. **[सम्पादयत्] 'ઉત્પન્ન કરતી,...'** આહા..હા...! ચિન્ જ્યોતિની વાત કરવી છે ને ! ચિન્ જ્યોતિ – જ્ઞાનરૂપી જ્યોતિ એવો જે ભગવાનઆત્મા, એ ચિન્મય જ્યોતિ ઉત્પન્ન કરતી. સંવરને ઉત્પન્ન કરતાં ચૈતન્યજ્યોતિ ઉત્પન્ન થઈ. ઓલો જે આસ્રવ ઉત્પન્ન થતો એ અહીં ચૈતન્ય ઉત્પન્ન થયો. ચૈતન્ય ! સંવરે, ચૈતન્યસ્વરૂપ ત્રિકાળ, એના આશ્રયથી ચિન્મય ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ. આ..હા...! આવું છે.

**[पररूपतः व्यावृत्तं]** પુણ્ય અને પાપના વિકલ્પો, એનાથી સંવર દશા વ્યાવૃત્ત થઈ, દશા રહિત થઈ. આહા..હા...! આ સંવર ! આમ તો સંવર ઘણા લઈને બેસે છે. આસ્રવનો તમે કરાવો સંવર. એ સંવર નહિ. અંતરના અનંત આનંદના સ્વભાવનો ભેટો કરી અને તેમાં લીનતા થઈ, તેથી આસ્રવ ઉત્પન્ન થયો નહિ અને તે ન થયો તે હવે થવાનો નહિ. એવી રીતે સંવર સદાય રહે (એવો) વિજય મેળવ્યો. આ..હા...! અને તેથી ચૈતન્યજ્યોતિ પરરૂપથી નિવૃત્ત થઈ. ચૈતન્યજ્યોતિ – ભાષા એમ છે ને ? **'ઉત્પન્ન કરતી...'** એટલે શું (ઉત્પન્ન કરતી) ?–(કે) ચૈતન્યજ્યોતિ ઉત્પન્ન કરતી. આહા..હા...!

**'પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી),...'** પરદ્રવ્ય – શરીર, કર્મ વગેરે અને પરદ્રવ્યના નિમિત્તથી થતા વિકાર ભાવ એનાથી ચૈતન્યજ્યોતિ જુદી થઈ. આહા..હા...! આમાં પર્યાયની વાત છે, હોં ! ત્રિકાળી ચૈતન્ય છે એ તો (છે). આ તો ચૈતન્યજ્યોતિ

પર્યાયમાં પ્રગટ થઈ. સંવર પર્યાયની વાત છે ને ! સંવર એ પર્યાય છે. તો એ ચૈતન્યજ્યોતિ ત્રિકાળ જે છે તેનો આશ્રય લઈને પરથી રહિત થઈને સ્વથી સહિત થઈને ચૈતન્યજ્યોતિ પર્યાયમાં પ્રગટ થઈ. આહા..હા...!

**[सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्] 'પોતાના સમ્યક્ સ્વરૂપમાં...'** જે ચૈતન્યજ્યોતિ જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એ પોતાના નિશ્ચળ સ્થિર સ્વરૂપમાં **'પ્રકાશતી,...' 'પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...'** આહા..હા...! **'ચિન્મય, ઉજ્જવળ (–નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન)...'** એવી **[निज-रस-प्राग्भारम्]** (અર્થાત્) પોતાની શક્તિના જોરથી. **[प्राग्भारम्] '(પોતાના ચૈતન્યરસના) ભારવાળી...'** આ..હા..હા...! આસ્રવને તો ક્યાંય તોડી નાખ્યો, કહે છે. પોતાના ચૈતન્યસ્વરૂપના ભારવાળી દશા પ્રગટી છે. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એવી જે શુદ્ધ પરિણતિ અને **[निज-रस-प्राग्भारम्] 'નિજરસના (પોતાના ચૈતન્યરસના)...'** આહા..હા...! આસ્રવમાં તો દુઃખરસ હતો. આ નિજરસ, આનંદના રસથી ફેલાય છે. બે બોલ લીધા. ચૈતન્ય ચિન્ જ્યોતિ પ્રગટી પણ નિજરસ – આનંદસહિત પ્રગટી. ત્યાં ત્યાં જ્ઞાન ને આનંદ વધારે લે છે.

**'પોતાના સમ્યક્ સ્વરૂપમાં...' '(નિર્મળ, દેદીપ્યમાન) નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી...'** ચૈતન્યરસનો અતિશય – વિશેષતા થઈ. આહા..હા...! આસ્રવનો અભાવ કરી અને સ્વરૂપનો આશ્રય કર્યો ત્યારે આવી ચૈતન્યજ્યોતિ નિજરસ – આત્માના રસવાળી, આનંદના રસવાળી પ્રગટ થઈ. આવું છે. આ..હા...! **'જ્યોતિ પ્રગટ થાય છે,...'** લ્યો ! અહીં કહ્યું છે ને ઉત્પન્ન. ઉત્પન્ન કરતી, હતું ને ત્યાં ? એ ઉત્પન્ન કરતી (એટલે) આ ચૈતન્યજ્યોતિ. **'પ્રગટ થાય છે, ફેલાય છે.'** આ..હા..હા...! આ તો જ્ઞાનની માંગળિકતા કરી.

પોતાના ચૈતન્યસ્વરૂપથી ભરેલો, તેનો આશ્રય લઈને ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ એ નિત્ય પ્રકાશમાન રહેતી અને પોતાના નિજરસથી પ્રગટ થઈ. એનો પરરસ ટળી ગયો. આનંદના રસથી પ્રગટ થઈ. સંવર થાય તેને આનંદ આવે, એમ કહે છે. આહા..હા...! નિજરસના... આ..હા...! અતિયશયથી જ્યોતિ – ચૈતન્યજ્યોતિ પ્રગટ થાય છે, વિસ્તાર પામે છે. જ્ઞાન પોતે પર્યાયમાં વિસ્તાર... વિસ્તાર.. વિસ્તાર પામે છે, ફેલાય છે. જેમ કમળ ખીલે એમ ભગવાનઆત્મા આસ્રવથી રોકાયને સ્વરૂપ તરફ ઢળતા એ આત્મા પર્યાયમાં ખીલી નીકળે છે. જ્ઞાન, આનંદ, શ્રદ્ધા આદિ શાંતિ આદિથી ખીલી નીકળે છે. એને અહીં સંવર કહેવામાં આવે છે. લોકોમાં આમ થોડો હાથ જોડીને ઉભો રહે તો (કહે) સંવર થઈ ગયો ! આ 'જામનગર'માં આઠમ ને પાખીના અપવાસ કરે ને ઘણા સંવર કરે. જેમ પોષા કરે ને એવી રીતે સંવર કરે.

ભાવાર્થ :– **'અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે...'** (એટલે કે) સંવર **'એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે.'** આહા..હા...! નવમી ગ્રૈવેયક ગયા એવા દિગંબર સાધુ મિથ્યાદૃષ્ટિને પણ મેં વશ કર્યા છે. હજારો રાણી છોડી, ઘર, દુકાન, મકાન છોડી, ધંધા છોડીને ત્યાગી થયો

પણ છતાં આસ્રવ કહે છે કે એમાં મારી જીત થઈ છે. (કેમકે) રાગનો ભાવ છે એને જ એણે ધર્મ માન્યો. આહા..હા...! મહાવ્રતના પરિણામ આદિ છે એને પોતાનો ધર્મ માની (લીધો).

અહીં સંવર લે છે. **'તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** લ્યો ! **'તે આસ્રવનો તિરસ્કાર કરીને...'** તિરસ્કાર કરીને એટલે કે ફરીને હવે તું થઈશ નહિ. આહા..હા...! **'તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** આહા..હા...! શું આચાર્યની શૈલી ! ઓ..હો..હો...! કહે છે ને, **'હંમેશને માટે જય મેળવ્યો છે...'** આમાંથી હું હવે પડી જઈશ, સંવરથી પડી જઈશ હવે એ વસ્તુસ્વરૂપમાં એમ નથી. આહા..હા...! એક વાત છે ને, 'નયપરીહિણા'માં ? 'આસ્રવ (અધિકાર)'માં. બાકી આદરવાનું આ (છે). આહા..હા...! સંવર ઉત્પન્ન થયો એ હંમેશને માટે જય મેળવ્યો. આહા..હા...!

આનંદસાગર આત્મા ! પુણ્ય અને પાપના શુભ-અશુભ બધા રાગ મેલ, આસ્રવ, અશુચિ અને જડ, દુઃખરૂપ (છે). આ..હા...! તેનાથી ભિન્ન પડી, તેને તિરસ્કાર કરી અને પોતાના ચૈતન્યસ્વરૂપમાં લીન થયો એના નિજરસથી, આનંદના રસથી ચૈતન્યજ્યોતિ ફેલાય. આહા..હા...!

(લોકો) એમ કહેતા કે આ તો માળું કષ્ટ છે. મુનિપણું કે આ ધર્મ કષ્ટ(રૂપ) છે–એમ નથી. આનંદરસવાળું છે. ધર્મ છે એ આનંદના રસવાળો છે અને ઓલું તો આકરું પડે, પરિષહ સહન કરવામાં તો. આહા..હા...! નિજરસના ચૈતન્યપ્રકાશ પોતાના સ્વરૂપથી (અભિન્ન) **'અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે.'** આ..હા..હા...! ટીકાકારી ટીકા વખતે ઉમેદ છે, ઉમેદ અંદરથી ! આ..હા..હા...! અમે હવે અમારા તરફ ગયા એ હવે બહાર નહિ નીકળવાના. આ..હા..હા...! અમે અમારા ઘરમાં ગયા (એટલે) સદાય અમારો વિજય થયો. આસ્રવ ઉપર સદાયને માટે વિજય મેળવ્યો. આહા..હા...! એક આસ્રવ (અધિકારમાં) વળી 'નયપરીહિણા' જણાવ્યું હતું. કો'કને એવું થાય. શુદ્ધનયથી ભ્રષ્ટ થઈ જાય.

અહીં કહે છે કે આ તો જેવો અંદર ભગવાન પ્રગટ્યો છે, ચૈતન્યજ્યોત, જાગતી જ્યોત એવી ને એવી રહેવાની છે. આ..હા..હા...! એમ કહીને અપ્રતિહત સંવરદશા બતાવી છે. આ..હા..હા...!

**'ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :–'** ભેદવિજ્ઞાન ઉત્કૃષ્ટ ઉપાય છે. ગમે તેવો વિકલ્પ હોય એનાથી ભિન્ન પડવું અને સ્વરૂપમાં અભેદ થવું એ ઉપાય છે. એ વાત કરે છે, જુઓ !

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।

**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।**

હરિગીત.

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩**

**ટીકા :– 'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** આહા..હા...! ખરેખર ભગવાન એક આત્મસ્વરૂપ, તેની બીજી વસ્તુ નથી, બીજી તેની નથી. એકની બીજી નથી. આહા..હા...! એના પુણ્ય-પાપેય, એના નથી. આ..હા...! એક વસ્તુની બીજી વસ્તુ નથી. **'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આહા..હા...!

મુમુક્ષુ :– વિકારના પ્રદેશો જુદા છે.

ઉત્તર :– આમાં કહ્યું શું ? ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ(ની) પરિણતિ એ ઉપયોગમાં ઉપયોગ-આત્મા છે. શું કીધું ? ઉપયોગમાં ઉપયોગ છે. પહેલો ઉપયોગ છે એ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પરિણતિ. એ ઉપયોગમાં ઉપયોગ છે (એટલે કે) એમાં આત્મા છે. કારણ કે એ દ્વારા આત્મા જણાય છે. છે ને ?

ઉપયોગમાં ઉપયોગ છે. આ..હા...! પહેલો શબ્દ જ આકરો છે. આત્મા શેમાં છે ? કહે છે કે આત્મા શુભ-અશુભ ભાવરહિત શુદ્ધ ભાવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર, એવા ભાવમાં આત્મા છે. આત્મામાં આ ભાવ છે એમ નહિ લેતાં આ ભાવમાં આત્મા છે (એમ કહ્યું). કેમ ? એને આધાર બનાવ્યો, આધેય બનાવ્યો આત્માને. શું કીધું ઈ ? શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન પવિત્ર પરિણામ એને આધાર બનાવ્યો. એને આધારે જ આત્મા આધેય છે. આ ઝીણી વાત છે.

ઉપયોગમાં ઉપયોગ છે. પહેલો ઉપયોગમાં એટલે શુદ્ધ પરિણતિ. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ શુદ્ધ પરિણતિ તે ઉપયોગ. એ ઉપયોગમાં ઉપયોગ છે. એ ઉપયોગની પરિણતિમાં આત્મા છે. આમ જોઈએ તો દ્રવ્યને આધારે પર્યાય છે. અહીં તો કહે છે કે પર્યાયને આધારે દ્રવ્ય છે. કારણ કે પર્યાયથી જણાણો ને એટલે. સમજાય છે ? બીજી શૈલી કરતાં આ શૈલી જુદી લીધી.

ઉપયોગમાં આત્મા છે. ઉપયોગ એટલે શુદ્ધ ઉપયોગ. રાગ-દ્વેષ રહિત એવો જે શુદ્ધ ઉપયોગ, એ ઉપયોગમાં ઉપયોગ એટલે આત્મા દ્રવ્ય છે. કેમકે એ શુદ્ધ ઉપયોગ દ્વારા જણાય છે. જેનાથી જણાણો એને આધારે આત્મા છે એમ કીધું. થોડી ઝીણી વાત છે. આ ગાથા થોડી ઝીણી છે. આ..હા...! કેમકે પરિણતિ જે શુદ્ધ છે એ શુદ્ધમાં શુદ્ધ દ્રવ્ય છે એમ જણાય છે. અશુદ્ધથી જણાતો

નથી તેમ શુદ્ધમાં દ્રવ્ય છે એવું જાણ્યું કોણે ?–કે શુદ્ધ પરિણતિએ. એટલે શુદ્ધ પરિણતિમાં શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા...! ઉપયોગમાં ઉપયોગ છે. આ..હા...! હજી આગળ લેશે.

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** શું કહે છે ? આ આવ્યું આમાં. ઉપયોગ શુદ્ધ છે એમાં આત્મા છે. હવે, અહીં તો એ લેવું છે કે જે પુણ્ય અને પાપના ભાવ છે એના પ્રદેશો ભિન્ન છે. અસંખ્ય પ્રદેશમાં એ પર્યાય ઉત્પન્ન થાય એના ભેદ છે. વિકારી ભાવ ઉત્પન્ન થાય તે આત્માના અસંખ્ય પ્રદેશથી ભિન્ન પ્રદેશ છે. લ્યો, આવું ઝીણું છે. છે તો એ અસંખ્ય પ્રદેશ, પણ એનો જે છેલ્લો ભાગ છે એના એ પ્રદેશમાં છે. એથી અહીં કહ્યું કે **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** ભગવાનઆત્માની શુદ્ધ પરિણતિમાં જણાણો એ પ્રદેશ અને આસ્રવના પ્રદેશ બે તદ્દન ભિન્ન છે. છે તો એના અસંખ્ય પ્રદેશ. ઝીણી વાત છે, ભાઈ ! અહીં તો વિકાર (લીધું છે). નહિતર નિર્વિકારીમાં પણ પ્રદેશ ભિન્ન છે.

નિર્વિકારી પરિણતિ અને શુદ્ધ દ્રવ્ય, ઓલી પર્યાય છે માટે એટલો અંશ, પ્રદેશ ભિન્ન છે. પણ ઈ અહીં અત્યારે નથી કહેવું. એ 'ચિદ્‌વિલાસ'માં આવે છે. 'ચિદ્‌વિલાસ'માં ! 'ચિદ્‌વિલાસ' ! નિર્મળ પરિણતિના પ્રદેશ ભિન્ન છે અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ પરિણતિ પર્યાય છે અને દ્રવ્ય છે તે ધ્રુવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એનું જે ભાન થયું એ ભાનમાં આત્મા જણાણો માટે ભાનમાં આત્મા છે, આત્મામાં ભાન છે એમ નહિ. રાગથી-શુભથી તો જણાય નહિ. રાગથી ભિન્ન (છે). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ છે. એનાથી આત્મા જણાય નહિ અને એનાથી આત્માને લાભ થાય નહિ. એ અંદર જણાય (તો) આસ્રવરહિત શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, શાંતિ ને આનંદની જે પરિણતિ થાય એમાં આત્મા જણાણો. એમાં આત્મા છે. જેમાં જણાણો તેમાં તે છે. આ ઝીણું છે.

કેમકે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્મામાં નથી, બીજા આત્માને લઈને નથી. આહા..હા...! એક પરમાણુ બીજા પરમાણુને લઈને નથી. આહા..હા...! એમ આ આત્મા બીજા દ્રવ્યને લઈને નથી, કર્મને લઈને નથી. આહા..હા...! **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી. એ આત્માને અને કર્મને પણ કાંઈ સંબંધ નથી. કર્મ પરદ્રવ્ય છે, આ ચૈતન્ય સ્વદ્રવ્ય છે.

**'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** જોઈ ઓલી વસ્તુ કીધી ! કોને ? એ આસ્રવને પણ વસ્તુ કીધી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આસ્રવ, રાગ (છે) એને અહીં વસ્તુ કીધી. **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** કેમકે બન્નેના પ્રદેશો ભિન્ન છે. આ..હા..હા...! પહેલું એ સિદ્ધ કર્યું કે ચૈતન્યપ્રભુ એ આસ્રવ વસ્તુથી ભિન્ન છે. આસ્રવ વસ્તુ એ જીવની નહિ અને જીવ આસ્રવનો નહિ. આહા..હા...! **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આસ્રવો આત્માની વસ્તુ નથી, આત્માના પરમાણુ આદિ નથી,

આત્માના આ છોકરા, બાયડી, પૈસા, ધંધો એના નથી.

**શ્રોતા :–** નિશ્ચયે નથી, વ્યવહારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર એટલે ખોટું બોલવા માટે હોય. આહા..હા...!

અહીં તો આસ્રવમાં એ વસ્તુ નથી. વસ્તુ છે એ બીજી વસ્તુની નથી એટલે આસ્રવની નથી. મિથ્યાત્વ ને રાગ-દ્વેષના પરિણામ થાય તેની આ વસ્તુ નથી. આહા..હા...! તો બહારની વાત તો ક્યાં કરવી ? કહો, 'ચીમનભાઈ' શું કરવું આમાં ? કારખાનામાં જાવું ? આ..હા...! અહીં બે વસ્તુ લીધી. એક કોર આસ્રવ અને એક કોર આત્મા. બીજી ચીજ તો છે જ નહિ પણ એક વસ્તુ બીજી વસ્તુમાં નથી. એટલે આત્મા આસ્રવમાં નથી અને આસ્રવ આત્મામાં નથી. આહા..હા...!

આ ગંભીર શ્લોક છે. કારણ કે (એક વસ્તુને બીજી વસ્તુ સાથે) સંબંધ જ નથી. આહા..હા...! ભગવાનઆત્મા અને આસ્રવને કાંઈ સંબંધ જ નથી. આહા..હા...! ભિન્ન તત્ત્વ છે કે નહિ ? આત્મા અને આસ્રવ તો ભિન્ન તત્ત્વ છે ને ? નવ તત્ત્વમાં ભિન્ન છે કે નહિ ? તો આ નવ તત્ત્વમાં આવ્યું. આત્મા જ્ઞાયકતત્ત્વ છે, આસ્રવ મલિનતત્ત્વ છે, ભિન્ન તત્ત્વ છે. આહા..હા...! આવી વાત સાંભળે નહિ, સાંભળવા મળે નહિ પછી ગોટા વાળે. એક સમયનો સંવર એના જન્મ-મરણના અંત લાવે. આ..હા..હા...!

બે વાત થઈ કે એક વસ્તુને બીજી વસ્તુ (સાથે) સંબંધ નથી. આત્માને અને આસ્રવને સંબંધ નથી, આત્માને અને કર્મને સંબંધ નથી, આત્માને અને શરીરને સંબંધ નથી, આત્માને બહારના ધંધા, બાયડી, છોકરાની સાથે કાંઈ સંબંધ નથી, કહે છે.

**શ્રોતા :–** કોઈ રોટલા નહિ ઘડી દ્યે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ (ઘડે) ? એનો આત્મા છે એ બીજી ચીજનો નથી. એનો આત્મા છે – સ્ત્રીનો આત્મા છે એ પતિનો નહિ. પતિનો આત્મા છે એ પત્નીનો નહિ. આહા..હા...! એક વસ્તુને બીજી વસ્તુ (સાથે) સંબંધ નથી. આ..હા..હા...! આવું છે.

અહીં તો આગળ લઈ ગયા. એક વસ્તુ – આસ્રવ એ બીજી વસ્તુ છે, એમ કહે છે. આમ તો નવ તત્ત્વમાં તો સંવરતત્ત્વ જ ભિન્ન લીધું છે. અત્યારે એને શુદ્ધ સંવર છે તેમાં એ જણાય છે માટે તેને આધારે જણાણો માટે એનો આધાર – સંવરનો આધાર આત્માને છે. સંવરનો આધાર આત્માને છે ! કેમકે સંવર દ્વારા જણાણો. સમજાણું કાંઈ ? આહા..હા...!

બહુ ટૂંકું થોડામાં શરૂઆત કરી છે, ભારે કરી છે. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** નિશ્ચયથી એટલે ખરેખર એમ કીધું છે. પણ વ્યવહારે છે કે નહિ ? કોઈ એમ કહે. વ્યવહારે કહેવામાં આવે એ તો કથનમાત્ર છે કે ભાઈ ! આ મારું શરીર છે કે આ મારા કર્મ છે કે જીવને ત્રણ શરીર છે ને જીવને ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર છે. ઈ કથનમાત્ર કહેવામાં આવે છે. બાકી એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! એ તો વળી પ્રદેશ-ભિન્નવાળી ચીજો

તો નથી પણ આ આસ્રવ છે એ તો પોતાના પ્રદેશમાં છે, છતાં એ પ્રદેશ ભિન્ન છે અને આત્માના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ શુદ્ધ ધ્રુવના પ્રદેશ ભિન્ન છે અને જેટલા અંશમાંથી આસ્રવ ઉત્પન્ન થાય તે પ્રદેશ જુદા છે. આ..હા..હા...! એ વસ્તુ જુદી છે તો વસ્તુના પ્રદેશો પણ જુદા છે. અરે...! શું કીધું સમજાણું ?

આત્મા ભગવાન ચિદાનંદ સ્વરૂપ, એમાં પુણ્ય અને પાપના ભાવ બીજી વસ્તુ છે તો એને ને એને કાંઈ સંબંધ નથી. કાંઈ સંબંધ નથી એટલું નહિ પણ હવે (કહે છે) એના પ્રદેશ ભિન્ન છે. આહા..હા...! જે ક્ષેત્રમાં, જેટલામાં ધ્રુવપણું છે એટલામાં એ આસ્રવ નથી. એનાથી જરી ભિન્ન પ્રદેશ છેલ્લા અંશમાં આસ્રવ છે. એટલે એના પ્રદેશ અસંખ્ય માહ્યલો પ્રદેશ ભિન્ન છે. છે તો પોતાના અસંખ્ય (પ્રદેશ) જે છે ઈ. આહા..હા...!

**શ્રોતા :–** એક અપરિણમતા પ્રદેશ ને એક પરિણમતા પ્રદેશ છે ? ધ્રુવ અપલટતા પ્રદેશમાં બિરાજમાન અને આસ્રવ પલટતા પ્રદેશમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છેલ્લા અંશમાં (છે). છેલ્લો અંશ, અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ. એ પ્રદેશ એટલા ભિન્ન છે. આની કોર આખો ધ્રુવ આત્મા ભિન્ન છે. આહા..હા...!

**શ્રોતા :–** છેલ્લાનો મતલબ કે પરિણમતા પ્રદેશ, પલટતા પ્રદેશ લેવા ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પલટતા નહિ, પલટવાની અપેક્ષા નથી. અહીં તો ક્ષેત્રની અપેક્ષા (છે). ક્ષેત્ર જ ભિન્ન છે. એ ભાવ ભિન્ન છે તેથી તેનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા...! શરીર, વાણી એક કોર રાખો પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ ભાવ ભિન્ન છે તેથી વસ્તુ ભિન્ન છે એથી તેના પ્રદેશો ભિન્ન છે. આ..હા..હા...! પ્રદેશ તો અસંખ્યપ્રદેશ માહ્યલા જ છે. પણ એ ભિન્ન છે, આ ભિન્ન છે. ઝીણી વાત છે. આ..હા...! બહુ ઝીણી વાત છે. આહા..હા...!

'**કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે...**' આહા..હા...! ભગવાનઆત્માની સત્તા અને આસ્રવની સત્તા, બેય ભિન્ન હોવાથી બેયની એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્) બેયની એક સત્તા નથી. બેની બે સત્તા છે. આહા..હા...! બે-ત્રણ લીટીમાં તો (કેટલું ભરી દીધું છે) ! '**તેમને એક સત્તાની અનુપપત્તિ છે...**' આસ્રવભાવ–મલિનભાવ–અશુચિભાવ. ભગવાન નિર્મળ ને શુચિ – પવિત્રભાવ (છે). બેની સત્તા ભિન્ન ભિન્ન છે. આ..હા..હા...! બેનું હોવાપણું જુદું જુદું છે. આહા..હા...!

જેમ શરીર અને કર્મથી આત્મા જુદો (છે) અને આત્માથી આ જુદી ચીજ છે. એ તો પૃથક્ પ્રદેશ છે. આ શરીર, વાણી, કર્મના પૃથક્ પ્રદેશ છે અને આસ્રવના પૃથક્ પ્રદેશ નથી, એ માહ્યલા પ્રદેશનો છેલ્લો અંશ એ એનો પ્રદેશ છે. આ શરીર, વાણી, મન એના પ્રદેશ ભિન્ન છે, પૃથક્ પ્રદેશ છે. આત્માના પૃથક્ અને આના પૃથક્. આમાં (–આસ્રવમાં) પૃથક્ છે ખરા પણ એ અસંખ્ય માહ્યલા પૃથક્ છે. બીજા જુદા પ્રદેશ છે એમ નહિ. શું કહ્યું ?

અસંખ્ય પ્રદેશ છે એ માહ્યલા જેટલા અંશમાં જેટલા ક્ષેત્રમાંથી આસ્રવ થાય છે એને પ્રદેશ ભિન્ન ગણ્યા છે, એના પ્રદેશ જુદા ગણવામાં આવ્યા છે. ઝીણું બહુ ! અસંખ્ય પ્રદેશમાંથી એના પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. છે તો અસંખ્ય (પ્રદેશ), પણ જેટલા ક્ષેત્રમાંથી આસ્રવ ઉત્પન્ન થાય તે ક્ષેત્ર ભિન્ન, તેના પ્રદેશ ભિન્ન. જેમાં આત્મા નિર્મળાનંદ પડ્યો છે એના પ્રદેશ ભિન્ન, તે નિર્મળ ક્ષેત્ર છે.

**શ્રોતા** :– દૃષ્ટાંત દઈને સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દૃષ્ટાંત ! આ તો સાદી ભાષા છે, આ તો સાદી ભાષા (છે). જ્યાં આત્માની પર્યાયમાં આસ્રવ જે છે, એ અશુચિ અને મલિન છે. તેથી તે આત્માની ચીજથી ભિન્ન છે – એક વાત. અને ભિન્ન છે માટે તેના પ્રદેશ પણ ભિન્ન છે. કોઈ પણ ચીજ, આ ઘાસ ઉગે, જમીન છે એમાં પથ્થર આમ ઊંચો હોય. એમાં છેલ્લે ભાગે ઘાસ ઉગે. તો એ ઘાસ જેટલામાં ઉગે એટલા પ્રદેશ ભિન્ન છે અને એ સિવાય આખો પથરો મોટો ભિન્ન છે. આહા..હા...!

**શ્રોતા** :– આત્માના પૂરા પ્રદેશમાં આસ્રવતત્ત્વ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અસંખ્ય પ્રદેશમાંથી... અસંખ્ય પ્રદેશમાંથી જેટલા અંશમાંથી પુણ્ય-પાપ, આસ્રવ ઉત્પન્ન થાય તે પ્રદેશ અને આ પ્રદેશના – નિર્મળના પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યા છે. ઝીણી વાત છે, ભાઈ !

**શ્રોતા** :– એક એક પ્રદેશમાં ભિન્ન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દરેક પ્રદેશે પ્રદેશે ભિન્ન છે. અસંખ્ય પ્રદેશથી ભિન્ન છે એટલે એ તો દરેક પ્રદેશથી એ ભિન્ન જ છે. અસંખ્ય પ્રદેશમાં છેલ્લા અંશમાં આસ્રવ થાય છે અને આ અસંખ્ય પ્રદેશમાં આખો આત્મા છે. એટલે કોઈ પ્રદેશ આત્માનો – ધ્રુવનો જે છે એ આસ્રવોનો નથી. આસ્રવનો પ્રદેશ છે તે આનો નથી. આહા..હા...!

**શ્રોતા** :– આપ એમ કહેવા માગો કે ઉપરનો ભાગ અને અંદરનો ભાગ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઈ છે તો એની એ ચીજ, પણ જરી ઉપર છેલ્લી સ્થિતિ અને આમ અંદર.

**શ્રોતા** :– આત્મામાંથી નીકળી જાય છે માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નીકળી જાય છે માટે અથવા પ્રદેશ તો કાંઈ નીકળતા નથી. ભાવ નીકળી જાય છે એટલે નથી કીધું, ખ્યાલમાં છે. આસ્રવનો ભાવ નીકળી જાય છે પણ કાંઈ ઓલા પ્રદેશ નીકળી નથી જતા. પણ જ્યાં સુધી આસ્રવ છે ત્યાં સુધીના પ્રદેશ ભિન્ન છે એમ કહેવામાં આવે. આહા..હા...!

(અહીંયાં કહે છે) **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** આસ્રવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ (છે) એ આસ્રવ છે અને તે જેટલા અંશમાંથી ઉત્પન્ન થાય તેનું ક્ષેત્ર જુદું છે. તેથી

આત્મસત્તા અને આસ્રવની સત્તા બેય એક નથી. બેયની સત્તા બે જુદી જુદી છે. બેનું હોવાપણું બેપણે છે. આસ્રવનું હોવાપણું આત્માથી નહિ અને આત્માનું હોવાપણું આસ્રવથી નહિ. આહા..હા...! આવું છે.

**શ્રોતા :–** બે વચ્ચે અતદ્દ્ભાવ છે કે અત્યંત અભાવ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો અત્યંત અભાવ છે. વિકાર છે ને ! અત્યંત અભાવ છે. આ..હા..! વિકારને અત્યંત અભાવ કહ્યું ને ! આકરી વાત છે ભાઈ આ બધી. 'સંવર અધિકાર' આકરો છે. આ..હા...!

**શ્રોતા :–** આત્મામાંથી નીકળી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નીકળી જાય છે છતાં પ્રદેશ તો એના રહે છે. આસ્રવ નીકળી જાય પણ જે પ્રદેશ નિર્મળ છે ને એ રહે. અહીં તો જ્યાં સુધી આસ્રવ છે અને આત્મા છે ત્યાં સુધીની વાત છે. જ્યાં સુધી ભગવાન અહીં છે અને આસ્રવ છે ઈ વસ્તુ ભિન્ન છે. તો ભિન્ન છે તો પ્રદેશ ભિન્ન છે. પછી આસ્રવ નીકળી ગયા પછી ઓલા એના પ્રદેશ હતા એ બધા નિર્મળ થઈ ગયા. અરે.. અરે...! વાતું ભારે !

**શ્રોતા :–** જરી કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કઠણ પડે તેથી ધીમે ધીમે લઈએ (છીએ).

એ ભાવ આવે છે તે રીતે પકડો. જે આસ્રવ ભાવ છે એ આત્મવસ્તુથી એને બીજી વસ્તુ જ કહેવામાં આવી છે. પર્યાયને પણ વસ્તુ કહેવામાં આવી છે. અન્ય વસ્તુ (કહેવામાં આવી છે). ત્રિકાળની અપેક્ષાએ પર્યાયને અન્ય વસ્તુ (કહી છે). અમથી નિર્મળ પર્યાય (પણ). આ..હા...! 'ચિદ્દ્વિલાસ'માં ઘણો અધિકાર છે. નિર્મળ પર્યાય અન્ય વસ્તુ છે. આહા..હા...! ત્રિકાળીની અપેક્ષાએ એક સમયની અવસ્થા તે ભિન્ન છે. છતાં એ પર્યાય નિર્મળ છે અંદર અને વસ્તુ પણ નિર્મળ છે. આમાં (ચાલતા વિષયમાં) ફેર છે.

જેટલામાં ભગવાન શુદ્ધ ચૈતન્ય છે એ બધા નિર્મળ પ્રદેશો (છે) અને જે પ્રદેશના અંશમાં પુણ્ય-પાપ, મિથ્યાત્વ આદિ ઉત્પન્ન થયું એ વસ્તુ જુદી અને તે પ્રદેશ જુદા. જે પ્રદેશ જુદા તો એમ કોઈ કહે કે આસ્રવ ગયા પછી એ પ્રદેશ ક્યાં ગયા ?–કે આસ્રવ ગયા પછી પ્રદેશ નિર્મળ થઈ ગયા. પછી ઈ અનેરી વસ્તુ ન રહી. આહા..હા...! સમજાણું કાંઈ ? આસ્રવ છે ત્યાં સુધી અન્ય વસ્તુના પ્રદેશ ભિન્ન છે. આસ્રવનો નાશ થયો ત્યારે પછી એ આસ્રવના જે પ્રદેશ હતા એ તો અભિન્ન થઈ ગયા, નિર્મળ થઈ ગયા. પછી એ પ્રદેશ આસ્રવના હતા માટે ભિન્ન રહી ગયા, નિર્મળ પણ એમ નથી. એ..ઈ...!

**શ્રોતા :–** અગમનિગમની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અગમનિગમની વાત છે. આહા..હા...!

**'(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજ વસ્તુ નહિ હોવાથી...'** આહા..હા...! હવે ત્રીજો બોલ આવ્યો. **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આ..હા..હા...! આત્માને આધારે કર્મ રહે અને કર્મને આધારે આત્મા નથી. આ શરીર આત્માને આધારે રહે છે (એમ નથી). આ જીવતું શરીર છે ત્યાં સુધી આમ રહે, લ્યો ! જીવ નીકળી ગયા પછી ?

**શ્રોતા :–** પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પડી જાય !

અહીં કહે છે કે જીવને આધારે આ માથું રહ્યું નથી. આહા..હા...! કોઈને આધારે કોઈ દ્રવ્ય રહેતું નથી. અહીં તો આસ્રવને આધારે આત્મા નથી (એમ કહે છે). આ..હા..હા...! ઝીણી વાત છે. (કળશ) ટીકાકારે તેથી આ ૐ નમઃ કરીને ટીકા શરૂ કરી. બીજે ૐ નમઃ નથી લખ્યું. ૐ નમઃ નથી લખ્યું. ક્યાંક મેં મૂક્યું છે, હોં ! છે ? આ નહિ, ઓલું. નથી. એમાં છે. સંવર એટલે કે મોક્ષનો માર્ગ, આત્માની નિર્મળ પરિણતિ. તેનું મંગળિક કરતાં પહેલો ૐ નમઃ કર્યો. આહા..હા...!

પહેલી એ વાત થઈ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. આવી ગયું ? પછી એક વસ્તુના (અને) બીજી વસ્તુના પ્રદેશ ભિન્ન છે એમ કહ્યું. તેથી બેની સત્તા એક નથી. એમ કહ્યું. હવે કહે છે કે એકબીજાને આધાર-આધેય પણ નથી. આધાર-આધેય સંબંધ પણ નથી, એમ છે ને ? **'આધારાધેયસંબંધ પણ નથી...'** ઓલા બે તો કીધા, હવે આ ત્રીજું કહેવું છે. આહા..હા...! શરીરને આધારે આત્મા અને આત્માને આધારે શરીર. આત્મા જ્યારે નીકળીને સ્વર્ગમાં જાય ત્યારે કર્મને આધારે આત્મા ત્યાં જાય છે અને આત્માને આધારે કર્મ જાય છે એમ નથી. સૌનું કારણ સૌ. આહા..હા...! સ્વર્ગમાં જાય ત્યારે કર્મ તો સાથે છે ને ? પણ એ કર્મને આધારે આત્મા ચાલે છે અને આત્મા ગતિ કરે છે માટે આત્માને આધારે કર્મ સાથે આવે છે એમ નથી. આહા..હા...! આવી ચીજ છે. આચાર્યોએ ગજબ કામ કર્યાં છે ! સાદી ભાષામાં...

એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી, એમ. એક સાથે બીજીને, એકની સાથે એટલે બીજાની સાથે બીજીને આધાર-આધેયસંબંધ પણ નથી જ. **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** આહા..હા...! તેથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આધારાધેયસંબંધ છે. એટલે આત્માની નિર્મળ પરિણતિ તે આધાર છે, ભગવાન તે આધેય છે. એનાથી જણાય માટે તે આધેય છે. આહા..હા...! આસ્રવ આધેય છે અને આત્મા એને આધાર છે, એમ છે નહિ. ઓલા રાડ્યું પાડે છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય. જૂઠી વાત છે. રાગ – પુણ્ય-પાપના દયા, દાનનો આસ્રવ એ વસ્તુ જ ભિન્ન છે, તેના પ્રદેશ ભિન્ન છે, તેની સત્તા ભિન્ન છે. આહા..હા...! આવો માર્ગ છે.

હવે, ચોથું. **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'**

આહા..હા...! શું કહે છે ઈ ? ભગવાનઆત્મા નિર્મળ શુદ્ધ ચૈતન્ય, એની શુદ્ધ પરિણતિને આધાર-આધેય છે. (શુદ્ધ પરિણતિ) આધાર છે, એને આત્મા આધેય છે. બીજાના આધાર-આધેય સાથે સંબંધ કાંઈ નથી. જેની શુદ્ધ પરિણતિથી જણાય તેથી તેને આધાર કહ્યો અને આત્માને આધેય કહ્યો. આવું છે.

**'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** પોતાની સાથે આધાર છે. એટલે ? નિર્મળ પરિણતિ તે આધાર અને આત્મા તે આધેય એમ સંબંધ છે. સમજાય છે કાંઈ ? નિર્મળ મોક્ષનો માર્ગ તે આધાર, આત્મા તે આધેય. સંવર તે આધાર, આત્મા આધેય. કેમકે સંવરથી તે આત્મા જણાય છે, નિર્મળ પરિણતિથી તે આત્મા જણાય છે. એટલે સંવરની સત્તા અને આની સત્તા ત્યાં એક ગણી નાખી અને એને આધારઆધેય સંબંધ ગણ્યો. સંવર આધાર છે, વસ્તુ આધેય છે. વિશેષ કહેશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

*** આત્મામાં અનંતા ગુણો છે તે વીતરાગભાવે છે. અનંતા ગુણોમાં વીતરાગતા ભરી છે, રાગ ભર્યો નથી. તેથી આત્મા રાગનું કારણ નથી કે રાગનું કાર્ય પણ નથી. અનંત અનંત અનંત અનંત ગુણો છે એ બધા વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ ગુણોનો ધરનાર વીતરાગી ભગવાન આત્મા વીતરાગી પર્યાયનું કારણ છે પણ રાગની પર્યાયનું કારણ નથી, તેમ એ રાગની પર્યાય વીતરાગી પર્યાયનું કારણ નથી. જે રાગ ઉત્પન્ન થાય છે એ અદ્ધરથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધીન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નતી. ૬૪૫.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી સમયસાર, ગાથા–૧૮૧-૧૮૩**
**પ્રવચન નં. ૨૫૮, તા. ૨૦-૦૬-૧૯૭૯**
**[૧૭]**

('સમયસાર)' ૧૮૧થી ૧૮૩ ગાથા). **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એમાં આખો સિદ્ધાંત છે. એક ચીજની બીજી ચીજ નથી. એનો અર્થ એ થયો કે પુણ્ય અને પાપના વિકાર પણ એના – આત્માના નથી. **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** બીજી અનંત અન્ય (ચીજ) છે એ તો નથી. પણ અંદરમાં થતાં ક્રોધ, માન, પુણ્ય, દયા, દાનાદિના ભાવ એ પણ એક વસ્તુની – એ વસ્તુ આત્માની નથી, આત્મામાં એ નથી. આ..હા...! **'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્યાં ગયો ?

**શ્રોતા :–** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલે કાંઈ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ કાંઈ તો કહે, જાણવા માટે છે. એ નિમિત્ત એના રૂપે પરિણમે, નૈમિત્તિક પોતાની પર્યાયરૂપે પરિણમે. એકબીજાને કાંઈ સંબંધ છે નહિ.

**'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** છે ? આત્માના પ્રદેશ અને શરીર, વાણી, કર્મના પ્રદેશ તો જુદા છે પણ એમાં પુણ્ય-પાપના ભાવ થાય એનાય પ્રદેશ અહીં જુદા ગણવામાં આવ્યા છે. જુદા ગણવામાં આવ્યા છે. જુદા એટલે છે તો અસંખ્ય પ્રદેશ માહ્યલા પણ એનો અંશ જેમાં જેટલો વિકાર ઉત્પન્ન થાય તેટલા ક્ષેત્રને ભિન્ન પ્રદેશ ગણવામાં આવ્યા છે. સમજાય છે ? કેમકે બીજી બીજાની વસ્તુની નથી અથવા સંબંધ નથી. કેમ ?–કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી. આહા..હા...!

ઓલા 'કાંતિલાલે' લખ્યું છે, રત્નત્રયમાં એક ઓલામાં આવે છે ને ? પંચ પરમેષ્ઠીની સ્તુતિ-ભક્તિથી વિશુદ્ધ પરિણામ થાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' અને વિશુદ્ધથી પછી શુદ્ધ થાય છે એમ આવે છે. વિશુદ્ધિથી શુદ્ધ થાય છે. એવું ગોતીને નાખે. એ તો જરી નિમિત્તથી કથન કર્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. જ્યાં પંચ પરમેષ્ઠીની વાત કરી ને ત્યાં પંચ પરમેષ્ઠીની સ્તુતિ વિશુદ્ધ (છે). વિશુદ્ધ પણ એને એમ વિશુદ્ધ (એટલે) જાણે કે શુભને જ વિશુદ્ધ કહે છે, એમ. પણ વિશુદ્ધ તો શુદ્ધને પણ કહે છે, શુભને પણ કહે છે. આ ઠેકાણે ભલે વિશુદ્ધ શુભ છે. પણ બીજે ઠેકાણે શુદ્ધને પણ વિશુદ્ધ કહે છે અને શુભભાવને પણ વિશુદ્ધ કહે છે. અને શુભભાવ વિશુદ્ધ એ બંધનું કારણ છે.

અહીંયાં તો ઈ શુભભાવના પ્રદેશ જ જુદા (કહ્યા છે). ભાવ જુદો તો એનું ક્ષેત્ર – સ્થાન

પણ જુદું, એમ કહે છે. આહા..હા...! આત્માના શુભભાવ એના નહિ. એ વસ્તુ બીજી, એના પ્રદેશો જ બીજા છે. આના પ્રદેશો બીજા (છે). ભાવ બીજો એટલે વસ્તુ બીજી. દયા, દાનના પરિણામમાં આત્માની અપેક્ષાએ બીજી વસ્તુ (છે) અને એની અપેક્ષાએ.. કેમ ?–કે પ્રદેશ ભિન્ન છે. **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી. તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** તેમને બેને એક સત્તાની ઉત્પત્તિ નથી. રાગના પરિણામ, દયા, દાન આદિ દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધાના (પરિણામ) અને આત્મા એ બેની સત્તા એક નથી. આહા..હા...! બેયની સત્તા તો જુદી તદ્દન જુદી છે. આહા..હા...! આમ છે.

ઓલું છે એટલે એમાં નાખ્યું છે, આજે કાંઈક આવ્યું છે – રત્નત્રય. એક છાપું કાઢે છે ને ! ઈ આમાં છે ને – 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! એ ખબર છે, વિશુદ્ધિ (શબ્દ) બેય ઠેકાણે વપરાય છે. શુભમાંય વપરાય છે, શુદ્ધમાંય વપરાય છે. આ નાખ્યું છે. અરિહંતાદિની પ્રત્યે જે સ્તવનાદિરૂપ ભાવ થાય છે તે કષાયની મંદતાપૂર્વક હોય છે માટે તે વિશુદ્ધ પરિણામ છે. એને વિશુદ્ધ (કહ્યા છે). જુઓ ! આમાં છે. વિશુદ્ધ કહેવાય છે. તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે. નિમિત્તથી કહે (છે). વ્યવહાર સાધન ક્યાંક કહ્યું છે ને એ અપેક્ષાએ એમ કહ્યું. તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે. આટલું છે. અરે...!

એનું ક્ષેત્ર જુદું, પ્રદેશ જુદા, સત્તા જુદી. ક્યે ઠેકાણે કહ્યું હોય (એ સમજવું જોઈએ). એ તો વ્યવહાર સાધન-સાધ્ય (આવે છે). નિર્મળ પર્યાયનું ક્ષેત્ર જુદું છે. પણ અહીં અત્યારે એનું કામ નથી. અહીં તો મલિન પરિણામ જે શુભ છે, ક્રોધાદિ ક્રોધ કહેશે, સ્વભાવ પ્રત્યેથી વિરુદ્ધ ભાવ એવો જે ક્રોધ, માન, માયા, લોભ. ક્રોધ-માન એટલે દ્વેષ અને માયા-લોભ એટલે રાગ. એ રાગ અને દ્વેષની સત્તા જુદી છે, એના પ્રદેશ જુદા છે, એ આત્માની વસ્તુથી વસ્તુ જુદી છે. આ..હા...! આવી વાત છે.

**'(બન્નેની સત્તા જુદી જુદી છે);...'** આ..હા..હા...! ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વભાવ અને વ્યવહાર રત્નત્રયનો રાગ એ બેના પ્રદેશ જુદા અને સત્તા જુદી. આહા..હા...! જગતને બેસવું (કઠણ પડે). **'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** 'નથી જ' એમ કહ્યું છે. રાગ આધાર અને નિશ્ચય સ્વભાવ આધેય સમજાય, રાગને આધારે નિર્મળ (સ્વભાવ) સમજાય એમ નથી. આહા..હા...! નિર્મળ પર્યાય છે એમાં નાશવાન ઉપયોગ લીધો છે પણ એકલો શુદ્ધ ઉપયોગ છે એ સદાય ન રહી શકે એટલે એનું શુદ્ધ પરિણમન આધાર લીધું. નહિતર ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગમાં આત્મા છે. પણ એમ કહેવા જાય તો એકલો શુદ્ધ ઉપયોગ કેટલીક વાર નથી, પરિણમન શુદ્ધ છે અને ઉપયોગ રાગમાં જાય છે. એટલે એનું શુદ્ધ પરિણમન છે, આત્માનું શુદ્ધ પરિણમન છે તેમાં આત્મા છે. સમજાણું કાંઈ ? ઉપયોગનો અર્થ એવો થયો. જ્ઞાનસ્વરૂપ જાણનક્રિયા. એ જાણનક્રિયા ઉપયોગનો અર્થ કર્યો છે. આ..હા...! ઓલો તદ્દન શુદ્ધ ઉપયોગ કરે તો શુદ્ધ ઉપયોગ સદાય હોતો

નથી. આહા..હા...!

**'એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** સંબંધ પણ નથી, એમ કહ્યું. સત્તા તો જુદી છે પણ આધાર-આધેય સંબંધ પણ નથી, એમ. તેથી **'પણ નથી જ.'** એમ (કહ્યું). આ પણ નથી, એમ (કહેવું છે). ઓલું તો પ્રદેશ જુદા છે, સત્તા જુદી છે પણ આધાર-આધેય સંબંધ પણ નથી. રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ આધાર અને એને લઈને આત્મા જણાય એમ નથી. આહા..હા...! આવી વાત 'સંવર અધિકાર'માં ચોખ્ખી વાત મૂકી. **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...'** દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં આધાર – દઢપણે રહેવારૂપ 'જ'. એકાંત કીધું. **'આધારાધેયસંબંધ છે.'** એટલે કે દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં જ રહેવારૂપ આધાર છે.

**'માટે જ્ઞાન કે જે...'** જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે આત્મા. એ પોતાની **'જાણનક્રિયા...'** આમ ભાષા લીધી છે. ઓલો ઉપયોગ ન લેતા આ લીધું. જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની જે જાણવાની, શ્રદ્ધવાની, સ્થિરતાની, આનંદની ક્રિયા.

ટીકા. **'ખરેખર...'** એટલે નિશ્ચયથી **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એટલે ? એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. એટલે ? ચૈતન્યસ્વરૂપને અને દયા, દાન, વ્રત કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વ્યવહારનો રત્નત્રયનો રાગ, એ રાગને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહા..હા...! છે ? **'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** કાંઈ સંબંધ નથી. આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સંબંધ એટલે નિમિત્ત-નૈમિત્તિક થયો. એ તો કહે. એમાં કાંઈ એ વસ્તુ નથી. ખરેખર તો એ જ્ઞેય અને આ (જ્ઞાન) ઈ પણ વ્યવહાર છે. જ્ઞાન જ્ઞેયને જાણે ઈ વ્યવહાર છે, જ્ઞાન જ્ઞાનને જાણે એ નિશ્ચય છે. ઝીણી વાત, ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

અહીં તો પાઠ તો એવો છે, ઉપયોગમાં ઉપયોગમાં નથી એમ નથી કીધું, ઉપયોગમાં ઉપયોગ છે. ત્યારે અહીં ઉપયોગમાં ઉપયોગ છે એમ જો લેવા જઈએ તો શુદ્ધ ઉપયોગમાં આત્મા છે. તો એમ લેવા જઈએ તો શુદ્ધ ઉપયોગ તો સદાય હોતો નથી. એથી શુદ્ધ ઉપયોગમાં શુદ્ધ ઉપયોગ જે છે એનો અર્થ ઈ કરશે, પછી જાણનક્રિયા અર્થ કરશે, ઉપયોગ અર્થ નહિ કરે. કારણ કે ઉપયોગ છે એ શુદ્ધ ઉપયોગ સદાય રહેતો નથી. તો પછી એને આધારે જ હોય તો જાણનક્રિયા પરિણમન જે શુદ્ધ છે એનો આધાર નથી એમ થઈ જાય. છે ઈ. ઉપયોગ ભલે બહારમાં – રાગાદિમાં જાય છતાં આત્માની જાણનક્રિયા, પરિણમનક્રિયા, શુદ્ધ પરિણમનક્રિયા એ જ એટલો ઉપયોગ (છે). એમાં આત્મા છે. આહા..હા...! નથી રાગમાં, નથી અજીવમાં, નથી શરીરમાં, નથી ખરેખર તો શુદ્ધ ઉપયોગમાંય પણ ત્રિકાળ વસ્તુ નથી. જાણનક્રિયામાં ઈ વસ્તુ છે. આ..હા..હા...!

**શ્રોતા :–** જાણનક્રિયામાં નિષ્ક્રિય વસ્તુ કેમ કહેવાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણનક્રિયા એ નિર્મળ પરિણતિ છે એના દ્વારા જણાય છે. જાણનક્રિયાનો અર્થ ઈ કે સ્વભાવનું નિર્મળ પરિણમન છે એ દ્વારા જણાય છે. પરિણમન છે એ આધાર છે, આત્મા તે આધેય છે. આહા..હા...! એવી શૈલી લીધી છે.

**'(એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આ..હા..હા...! એ વ્યવહાર રત્નત્રયનો રાગ અને ભગવાનઆત્મા, બેના પ્રદેશો ભિન્ન છે. છે અસંખ્ય પ્રદેશ માહ્યલા પણ અસંખ્ય પ્રદેશમાં જે પ્રદેશના અંશમાં રાગ ઉત્પન્ન થાય તે રાગભાવ અને તેનું ક્ષેત્ર, ભાવ અને તેનું ક્ષેત્ર, આના ભાવ અને આ ક્ષેત્રથી ભિન્ન છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

**શ્રોતા :–** મનમાં કલ્પના કરવાની કે બેય જુદા છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાનસ્વરૂપ અહીં તો આખો આત્મા લેવો છે.

**શ્રોતા :–** કાલ્પનિક રીતે જુદા ન પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જુદા નહિ. આત્મા અને જ્ઞાન બેય એક જ અહીં તો લીધા. રાગ જુદો. જ્ઞાન શબ્દે અહીંયાં આત્મા છે. ઉપયોગ કીધો, ઉપયોગ કીધો ને ? ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ છે, ઈ ઉપયોગ છે તો આ. આત્મા ઉપયોગમાં એટલે જાણનક્રિયામાં ઉપયોગ છે એટલે આત્મા છે. આહા..હા...! થોડી ઝીણી વાત છે, ભઈ ! આહા..હા...!

કેમકે બેયના પ્રદેશ જુદા છે. બેને સંબંધ નથી, કેમ ? કારણ આપે છે કે બેયના પ્રદેશ જુદા છે. કારણ કે ભાવ જુદો છે તો ભાવનું ક્ષેત્ર પણ જુદું છે. ધ્રુવ અને ધ્રુવનું ક્ષેત્ર, ધ્રુવભાવ અને ક્ષેત્ર આનાથી જુદું છે અને આનાથી (–ક્રોધાદિથી) એ જુદું છે. અહીં તો વિકારમાં લીધું છે પણ નિર્વિકારી પરિણતિ થાય એનાય પ્રદેશ જુદા છે. કેમકે બે ભાવ થયા ને ! એક ધ્રુવભાવ છે અને એક પરિણતિ ભાવ છે. બે ભાવ થયા માટે બે ભાવના પ્રદેશ બેયના જુદા છે. શુદ્ધ પરિણતિના પ્રદેશ જુદા છે. અહીં તો અશુદ્ધ (પરિણતિની) વાત કરી છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું ઝીણું છે. ઓલા કહે દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો, લ્યો ! થઈ ગયો (ધર્મ) જાઓ ! હવે એ વાણિયાને આ સમજવું ! એકબીજાને સંબંધ નથી કારણ કે બન્નેના અંશો – ક્ષેત્ર, ભાવ ભિન્ન હોવાથી **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા અને રાગ, બેની એક સત્તાની અનુપપત્તિ છે. બેની એક સત્તા જ નથી, બેની સત્તા જુદી છે. આહા..હા...!

એ તો હમણાં કહ્યું, પેલા 'કાંતિલાલ ઈશ્વર' છે ને ? માસિક કાઢે છે ને એમાં નાખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલાં (આવે) છે કે ભગવાનની સ્તુતિથી વિશુદ્ધ પરિણામ થાય છે. પણ વિશુદ્ધ તો શુભનેય કહેવાય છે, શુદ્ધને (પણ કહેવાય છે). અહીં શુભને (વિશુદ્ધ) કહે છે. એનો અર્થ એમ નથી કે શુભ છે માટે એને વિશુદ્ધ (પરિણામ થાય છે). અપેક્ષાએ વિશુદ્ધ કીધા છે. પણ એ ઉપરાંત 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જરી પોતે એવું લીધું છે (કે) વિશુદ્ધિ છે એ શુદ્ધનું કારણ

છે. એમ લીધું છે. નિમિત્તથી કથન છે.

અહીં કહે છે, વિશુદ્ધિ જે શુભભાવ છે એ આત્મામાં નથી. બેની સત્તા જુદી છે. જુદી સત્તા જુદી સત્તાને શું કરે ? આહા..હા...! આવું છે. કઠણ વાત છે, કઠણ. **'એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...'** આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનો ભાવ, એને દ્રવ્ય ગણીએ તો એના પ્રદેશો પણ ભિન્ન છે. જેટલામાંથી ઈ ઊઠે છે એટલા અંશ – ક્ષેત્ર જુદું છે. એને પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લઈએ તો કાળ એનો એક સમય પૂરતો, ક્ષેત્ર એ પ્રદેશનો છેલ્લો અંશ, વસ્તુ પોતે ઈ, ભાવ એનો એ વિકારી. સમજાણું કાંઈ આમાં ?

જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ રાગના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા. આહા..હા...! અને ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એના પ્રદેશ જુદા. આહા..હા...! તેમને એક સત્તાની પ્રાપ્તિ છે જ નહિ. આહા..હા...! પણ ઓલું 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જરીક લખ્યું છે ને ! વિશુદ્ધિનું આઠમે પાને છે. સ્તવનથી એને વિશુદ્ધિ થાય છે. એને જાણે એમ કે શુભને વિશુદ્ધ કીધો ને ! એમ. પણ એ શુભનેય વિશુદ્ધ કીધો છે અને શુદ્ધનેય વિશુદ્ધ કીધો (છે), બેય છે. શાસ્ત્રમાં બેય શબ્દ છે. વિશુદ્ધિ એટલે ઓલા કષાયની તીવ્રતાની અપેક્ષાએ એને વિશુદ્ધિ કીધી છે, પણ છે તો રાગ, કષાય અને આત્માની સત્તા બે જુદી, બેના પ્રદેશ જુદા, બેના ભાવ જુદા. એ ઉપરાંત **'એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા...! રાગ આધાર અને નિર્મળ પરિણતિ આધેય એને આશ્રયે પ્રગટે એમ નથી. આહા..હા...! આધાર-આધેય સંબંધ પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ (આધાર અને આત્મા આધેય એમ નથી).

એક કોર 'કુંદકુંદાચાર્યદેવ' 'મોક્ષ પાહુડ'માં કહે કે **'परदव्वादो दुग्गई' ! 'परदव्वादो दुग्गई'** અને એક કોર એમ કહે કે એ વિશુદ્ધિ એ શુદ્ધતાનું કારણ (છે). શુભભાવ એ પરદ્રવ્યને લક્ષે (થાય છે). પણ એ દુર્ગતિ છે, ચૈતન્યગતિ નથી. આહા..હા...! ઝીણી વાત બહુ. ચર્ચાએ કાંઈ પાર ન પડે. ભાવ સમજવા માગે તો સમજાય એવી વાત છે.

**'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** શું (કહ્યું) ? સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે (અને) આ પણ નથી, એમ. તેથી 'પણ' (શબ્દ) લેવો પડ્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! રાગની ક્રિયા અને આત્માનો સ્વભાવ, બેને કાંઈ સંબંધ નથી, બેના પ્રદેશ ભિન્ન છે માટે, બેની સત્તા તેથી જુદી છે માટે અને તેથી એને બેયને આધાર-આધેય સંબંધ પણ નથી. આહા..હા...! આવો માર્ગ છે.

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે, ઈ ના પાડે છે. એની સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે અને બેને આધાર-આધેય સંબંધ પણ નથી. આહા..હા...! આવો માર્ગ છે. સંપ્રદાયથી તો આ (વાતનો) મેળ ખાવો મુશ્કેલ. કેટલા બોલો સ્પષ્ટ કર્યા છે ! આ..હા..હા...!

ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદાદિ અતીન્દ્રિય ગુણનું ધામ ! એ આધેય

છે અને એનો આધાર, જે એની પરિણતિથી જણાય છે માટે તેનો આધાર પરિણતિ છે. આ..હા...! શુદ્ધ પરિણતિથી આત્મા જણાય. એ હતો, છે ભલે હો. છે ભલે, પણ છેનું છેપણું એને ક્યારે આવે ? આહા..હા...! એ કારણપરમાત્મા છે ખરો પણ એ છે ક્યારે ?–કે પર્યાયમાં કાર્યપણું થાય એને એ કારણપરમાત્મા છે. એટલે બીજાને કારણપરમાત્મા છે એમ આવ્યું ક્યાં ? આહા..હા...! બધાને કારણપરમાત્મા છે ઈ તો બરાબર છે પણ કારણપરમાત્માનું જેને ભાન થયું નથી એને કારણપરમાત્માની શ્રદ્ધા ક્યાં છે ? આહા..હા...! તેથી ભાઈએ કહ્યું હતું ને ? 'ત્રિભુવન વારિયા'. એમ કે કારણપરમાત્મા તમે કહો છો તો કારણ હોય તો કાર્ય તો આવવું જોઈએ. પણ કારણપરમાત્મા છે, એનું અસ્તિત્વ છે એવું જેને પ્રતીતમાં આવ્યું એને છે કે ન હોય એને છે ? અને જેને પ્રતીતમાં આવ્યું એને સમકિતનું કાર્ય આવ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! એવું છે. ઝીણો માર્ગ બહુ.

એકબીજાની સાથે **'આધારાધેયસંબંધ પણ નથી જ.'** પાછો **'જ'** (લખીને) એકાંત કર્યું છે. કથંચિત્ આધાર-આધેય સંબંધ અને કથંચિત્ આધાર-આધેય સંબંધ નહિ, કથંચિત્ બેની સત્તા એક છે અને (કથંચિત્) બેની સત્તા જુદી છે, એમ નહિ. આહા..હા...! સમ્યક્ એકાંત નયનો વિષય સિદ્ધ કર્યો છે. આહા..હા...! **'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં...'** પોતાના સ્વરૂપમાં (કહ્યું છે). **'પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** આ તો પહેલાં સિદ્ધાંત કર્યા. હવે આત્મા ઉપર ઉતારે છે.

**'માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** આ..હા..હા...! સિદ્ધાંત અહીં છે. ઉપયોગમાં ઉપયોગ છે, ઈ અહીં. પહેલાં તો સિદ્ધાંત સિદ્ધ કર્યા. આહા..હા...! જે આત્મા, એની જે જાણનક્રિયા, જે પરિણમન દ્વારા આત્મા જણાણો... આહા..હા...! જે પરિણમન દ્વારા આત્મા જ્ઞેય જણાણો, જ્ઞેય થયો તે જાણનક્રિયાને આધારે તે જણાણો. આહા..હા...! કારણ કે તે કાર્ય થાય ત્યારે કારણ કહેવાય ને ? એમ અહીં કાર્ય જ્યારે જાણનક્રિયા થઈ તો એનાથી આત્મા જણાણો કે આ આત્મા (છે).

આમ દ્રવ્યને આશ્રયે ગુણ ને પર્યાય રહે છે. એ તો એક વસ્તુની સિદ્ધિ કરવી (છે). દ્રવ્યને આશ્રયે ગુણ ને પર્યાય છે. બસ ! 'દ્રવ્યાશ્રયા ગુણા' 'તત્ત્વાર્થ સૂત્ર'નું સૂત્ર છે. દ્રવ્યને આશ્રયે ગુણ (રહેલાં છે), એ 'તત્ત્વાર્થ સૂત્ર'નું (સૂત્ર છે). આહા..હા...! આમાંય – શ્વેતાંબરમાં ૨૮મા અધ્યયનમાં પણ છે. 'દ્રવ્યાશ્રયા ગુણો, એક દવ્વસિયા ગુણા' ત્યાં એ બીજી વાત છે.

અહીં કહે છે, એને આશ્રયે જે કીધું હતું એ તો વસ્તુ સિદ્ધ કરવા (કહ્યું હતું). પણ એકલી વસ્તુસ્થિતિ જેને ખ્યાલમાં, અનુભવમાં ન આવે એને શું ? કહે છે. આહા..હા....! જેને ખ્યાલમાં આવે, જ્ઞાનના પરિણમનમાં, શ્રદ્ધાના પરિણમનમાં, શાંતિના પરિણમનમાં એટલે સ્વરૂપાચરણ સ્થિરતા, વગેરે પરિણમનમાં ખ્યાલ આવે કે આ આત્મા છે માટે જાણનક્રિયા, એવું પોતાનું સ્વરૂપ. એ જાણનક્રિયા એનું સ્વરૂપ છે. રાગાદિ એનું સ્વરૂપ નથી. જાણવું.. જાણવું-દેખવું એવું પરિણમન એ તો એનું સ્વરૂપ છે.

એ **'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** આ..હા..હા...! એ પોતાના

સ્વરૂપમાં આત્મા – જ્ઞાન રહ્યું છે, એમ કહેવું છે ને ? જ્ઞાન પોતાના સ્વરૂપમાં રહ્યું છે. સ્વરૂપ એટલે ? જ્ઞાન એવો જે આત્મા. એને જાણનક્રિયારૂપી જે પોતાનું સ્વરૂપ તેમાં એ રહેલો છે, એટલે તેમાં તે જણાય છે. આવી વાત છે. સમજાય છે આમાં ?

**'જ્ઞાન...'** એટલે આત્મા **'કે જે જાણનક્રિયારૂપ...'** ઈ પોતાનું સ્વરૂપ છે. આ..હા..હા...! રાગાદિ એનું સ્વરૂપ નહોતું. જે જાણનક્રિયા, આત્મા જે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની જે વર્તમાન જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની (ક્રિયા) એ જાણનક્રિયામાં બધા ગુણોની પર્યાય આવી ગઈ. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** બે વસ્તુ જુદી પાડી. જ્ઞાન એટલે જ આધેય અને જાણનક્રિયા એ આધાર. એ જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં રહેલું છે. આહા..હા...! સમજાય છે ? પુસ્તક છે ને સામે ? આમાં લોઢામાં-બોઢામાં ક્યાંય ત્યાં હાથ આવે એવું નથી. પૈસા આવે, એ પણ એની પર્યાયનો કાળ (હોય તો આવે). આહા..હા...!

અહીં તો પહેલું એમ કીધું, 'પ્રવચનસાર'માં તો એમ આવી ગયું કે દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચી વળે છે. દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચે છે, પ્રાપ્ત કરે છે, પામે છે અને પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે અને પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. પછી વિકાર કે અવિકાર બેય, હોં ! ત્યાં નિર્વિકારી (પર્યાયની) વાત નથી. દ્રવ્ય જે છે એ પોતાની જે પરિણતિ છે કે પર્યાય છે, વિકારી કે અવિકારી, દ્રવ્ય છે એ પોતે મિથ્યાત્વને પામે છે એ પોતાની ક્રિયા પર્યાય છે. આવું છે. એ તો આપણે ઘણા બોલ ગયા. ૯૮ ને ૯૯. એને અવસરે થતો મિથ્યાત્વ ભાવ તેને દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પામે છે. એને દ્રવ્ય પામે છે. આહા..હા...! આ..હા..હા...! બીજી કોઈ ચીજ નથી પામતું એટલું ત્યાં સિદ્ધ કરવું છે.

અહીં બીજી વાત સિદ્ધ કરવી છે. આહા..હા...! અહીં તો વસ્તુ છે પણ એ વસ્તુનું જ્યાં અંદર ભાન કરે છે, એની સન્મુખ થાય છે ત્યારે જે જ્ઞાન ને શ્રદ્ધાનું પરિણમન થયું એના સ્વરૂપને આધારે એ ચીજ છે. કારણ કે એના સ્વરૂપને આધારે એ જણાણું છે. આટલું હવે યાદ ક્યારે રાખવું ? કહો, 'ત્રંબકભાઈ' ! એને 'મુંબઈ'નું સાંચવવું કે 'કાંપ'નું સાચવવું કે આ (સમજવું) ? શું કરવું ? 'ઉલ્લાસજી' ! આ જુદી જાતનો ઉલ્લાસ છે. આહા..હા..!

કહે છે, પ્રભુ ! એક વસ્તુની બીજી વસ્તુ નથી. એ રાગાદિ અને પર આદિની અપેક્ષા. બેયની સત્તા જુદી એ રાગાદિ અને પરની અપેક્ષા. બેયનો આધારાધેય નહિ એ રાગાદિ અને પરની અપેક્ષા. અહીંયાં આધાર-આધેય છે. આ..હા..હા...! એ વસ્તુ તો વસ્તુ છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે, એ 'છે'નું અહીંયાં પરિણમનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પરિણમન થયું એ પરિણમનને આધારે 'આ છે', આ છે અંશનું પરિણમન થયું એ અંશમાં 'આ અંશી આવડો પૂરો છે' એમ એને આધારે જણાણું માટે એને આધાર (કહ્યો), વસ્તુને આધેય (કહી). આહા..હા...! કહો, 'મીઠાલાલજી' ! આવી ચીજ છે. લોકોને આકરી પડે પણ શું થાય ?

એક બાજુ એમ કહે કે 'પ્રવચનસાર' એમ પોકારે (કે) દ્રવ્ય પર્યાયને પહોંચે, વિકારી કે અવિકારી, હોં ! ત્યાં તો દ્રવ્ય ને ગુણ ને પર્યાય સિદ્ધ કરવું છે, એટલું. અહીં તો સંવર સિદ્ધ કરવો છે. સંવર ક્યારે થાય ?–કે ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે તેનો આશ્રય લઈ અને શુદ્ધ પરિણમન જે થાય, ત્યારે એ પરિણમનમાં એ ચીજ જણાણી માટે એ પરિણમન તે આધાર છે, આત્મા તે આધેય છે. આહા..હા...! આટલું બધું ફેરવવું કેટલું ! સાફ છે, આમ ચોખ્ખી (વાત છે). આ..હા..હા...!

જેને રાગ અને કર્મનો સંબંધ જ નથી. નિમિત્ત-નૈમિત્તિક એ કોઈ સંબંધ નથી. જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ પણ વ્યવહાર છે. આહા..હા...! આહા..હા...! એમાં થતી શુદ્ધ પરિણતિ, શુદ્ધની દૃષ્ટિએ, લક્ષે (થતી એ) પરિણતિમાં એને જણાણો કે 'આ દ્રવ્ય છે'. પરિપૂર્ણ ભગવાન પરિપૂર્ણ વસ્તુ, ભલે એ પરિણતિમાં એ દ્રવ્ય આવ્યું નહિ પણ પરિણતિમાં એ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાન અને પ્રતીત થઈ ગઈ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આ બધું માથા ફરી જાય એવું છે. આહા..હા...!

**'જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ...'** જોયું ઈ ? એનું પરિણમન છે ને ઈ પોતાનું સ્વરૂપ છે. ચૈતન્ય ભગવાન ધ્રુવ છે એનું જે પરિણમન છે એ પોતાનું સ્વરૂપ છે. આહા..હા...! એક ઠેકાણે એમ કહે કે પર્યાયસ્વરૂપમાં દ્રવ્ય આવતું નથી અને દ્રવ્યસ્વરૂપમાં પર્યાય આવતી નથી. ઈ વાત તો એમ જ (છે). અહીં પણ એમ કીધું, પર્યાય સ્વરૂપ છે એમાં દ્રવ્ય જણાણું. દ્રવ્ય એમાં આવ્યું નથી પણ જેટલું, જેવડું દ્રવ્ય છે, જેટલા સામર્થ્યવાળું (છે), અનંત ગુણના પુરુષાર્થના, એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, જ્ઞાનમાં અનંત પુરુષાર્થનું રૂપ છે, અનંત આનંદનું રૂપ છે, અનંત અકર્તા, અકારણનું રૂપ છે. એવા એવા અનંતા ગુણનું જે સામર્થ્ય, એવું જે તત્ત્વ જે જાણનક્રિયાના ઉપયોગમાં (આવ્યું), જાણનક્રિયા લીધી. ઉપયોગમાં ઉપયોગ છે, એમાં ઉપયોગમાં (એટલે) એને અહીં જાણનક્રિયા લીધી. આહા..હા...! સમજાણું કાંઈ ? છે ને સામે ? પુસ્તક છે કે નહિ ?

**'જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે...'** આ..હા...! કેમ ? (કે) **'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** આહા..હા...! આત્મા ચૈતન્યસ્વરૂપ પૂર્ણ આનંદાદિ એનું જાણવું થયું, શ્રદ્ધવું થયું, ઠરવું થયું, અનંત ગુણાંશ શક્તિમાં જે હતા તે વ્યક્તરૂપે થયા, બધા અંશ (વ્યક્તરૂપે થયા) તે પરિણમનને આધારે જણાણું કે આ (આત્મા છે). આનંદને આધારે જણાણું કે પૂર્ણ આનંદ છે, જ્ઞાનની વ્યક્તતાનો અંશ પૂર્ણ જ્ઞાન(ને જણાવે છે), શાંતિના આશ્રયે પૂર્ણ શાંતિ (જણાણી), પુરુષાર્થને આશ્રયે પૂર્ણ (પુરુષાર્થ જણાણો)– એમ એ પ્રગટ જે પર્યાય (થઈ) એમાં જે અંશ આવ્યા, એ અંશો દ્વારા તે જણાણો છે માટે તેને – અંશને આધાર કહેવામાં આવે છે અને અંશીને આધેય કહેવામાં આવે છે. સમજાય છે ? આહા..હા...!

**'જાણનક્રિયારૂપ જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે જ્ઞાનમાં જ છે;...'** એ આત્મા ભગવાન ત્રિલોકનાથ એની જે જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની પર્યાય થઈ એ એનું સ્વરૂપ છે અને તેથી

એ જ્ઞાનની ક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા એ જ્ઞાનથી અભિન્ન છે, આત્માના સ્વભાવથી તે પર્યાય અભિન્ન છે. આહા..હા...! **'અભિન્ન હોવાને લીધે જ્ઞાનમાં જ છે;...'**

**શ્રોતા :–** પર્યાયમાં દ્રવ્ય આવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી પણ આ બાજુ સન્મુખ થઈ ગયું માટે અભિન્ન છે, એમ (કહેવું છે). બાકી પર્યાય પર્યાય છે અને દ્રવ્ય દ્રવ્ય છે. એ અત્યારે નથી લેવું. અભિન્નનો અર્થ અભેદ થઈ ગયો. રાગ છે ભિન્ન છે એવી રીતે આ અભિન્ન છે, એમ.

**શ્રોતા :–** દ્રવ્યને અને પર્યાયને અભિન્ન કહેવું એ કઈ નયનું કથન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે નિશ્ચયનયનું કથન છે. એવી વાત છે. આ તો ઓગણીસમી વખત વંચાય છે ને ! આમાં તાકડે તમે આવ્યા. 'રતિભાઈ' ન આવ્યા ? 'મુંબઈ' હશે, ઠીક ! આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાન અને આત્માના પ્રદેશ અભિન્ન હોવાથી અભિન્ન કહ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રદેશ તો ભિન્ન ઈ નહિ. વસ્તુ એની છે, એક જ સત્તા છે. એમાં સ્વરૂપમાં વસ્તુ રહેલી છે. સ્વરૂપ જે જાણનક્રિયા છે એમાં આ વસ્તુ રહેલી છે. માટે તે વસ્તુનું સ્વરૂપ છે, તે સ્વરૂપ હોવાને લીધે વસ્તુ અભિન્ન છે, એમ. પકડાય એટલું પકડો, બાપુ ! આ તો (ભંડાર છે).

**શ્રોતા :–** પર્યાયના પ્રદેશો ભિન્ન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે જુદા નથી (કહેવા). અત્યારે તો વિકારી પર્યાયના પ્રદેશો જુદા કહેવા છે પછી નિર્વિકારી પર્યાયના પ્રદેશો જુદા, અત્યારે નહિ. એ વાત તો કાલે થઈ ગઈ હતી, નહિ ? કે ભાઈ ! વિકારી પર્યાય મટી ગઈ પછી નિર્મળ પર્યાય ભળી ગઈ નિર્મળ સાથે. એટલે એ પર્યાય ભળી ગઈ નિર્મળ પણ છતાં એના પ્રદેશ તો, પર્યાયના અંશ જુદા છે. જે ત્રિકાળી પ્રદેશ છે અને એક સમયના પ્રદેશ છે એ જુદા છે. અત્યારે અહીં તો ફક્ત પરથી જુદું પાડવું છે. આહા..હા...! એવું છે.

**'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** એટલે જાણવાની જે પરિણતિની ક્રિયા છે તેનાથી જ્ઞાન એટલે આત્મા **'અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...'** એમ. એ આત્મા આત્મામાં જ છે. જે આત્માનું પરિણમન કીધું એને આત્મા કીધો, જાણનક્રિયાને આત્મા કીધો. એટલે આત્મા આત્મામાં છે. એ આત્મા પોતાના સ્વરૂપમાં છે. તે સ્વરૂપ જાણનક્રિયા એવું સ્વરૂપ છે. માટે આત્મા એમાં છે. સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ છે.

જાણનક્રિયા છે એ પર્યાય છે. એ પર્યાયને આધારે આત્મા છે. એ પર્યાયને આધારે જણાય છે માટે તે આધાર કીધો છે. આહા..હા...! જાણનક્રિયા એ ઉત્પન્ન ક્રિયા છે. ઉત્પાદ છે, ઉત્પન્ન છે. એ ઉત્પન્ન ક્રિયાને આધારે આત્મા જણાય છે. માટે તે આત્માનું એ સ્વરૂપ છે. માટે તે સ્વરૂપને આધારે તે આત્મા છે માટે સ્વરૂપ અને આત્મા, બે અભિન્ન છે. આ અપેક્ષા. આહા..હા...! કેટલા પડખાં આમાં (સમજવા) ? નવા માણસને (આકરું લાગે). બાપુ ! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે !

વીતરાગ સિવાય કોઈ ધર્મમાં, કોઈમાં આ સાચી વાત છે જ નહિ. બધાએ કલ્પિત કરેલ છે. શ્વેતાંબર ધર્મમાં આ વાત નથી ને ! આ..હા...! શું કહીએ પણ લોકોને આકરું પડે. શ્વેતાંબર ધર્મ અને સ્થાનકવાસી, એમાં જૈનપણાની શૈલી જ નથી. આહા..હા...! આ..હા..હા...!

કહે છે, રાગ અને આત્માની સત્તા બે ભિન્ન (છે) પણ રાગને જાણનારું અને પોતાને જાણનારું, એવી જે જાણવાની ક્રિયા, એવું જાણવાનું જે ઉત્પાદ પરિણમન, એને આધાર (કહેવાય છે) અને આત્મા આધેય (છે). આહા..હા...!

**શ્રોતા :–** સંવરની વાત તો કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંવરની વાત તો બહુ સાદી ભાષામાં તદ્દન સાદી ભાષામાં મર્મ ખોલ્યા છે. બાપુ ! સંવર એટલે શું ? આહા..હા...! આસ્રવરહિત સંવરની ઉત્પત્તિ છે. એ સંવરની ઉત્પત્તિ (થવી) એ જાણનક્રિયા છે. એ આત્માની જાણનશ્રદ્ધા એ ક્રિયા છે. એ ક્રિયા આત્માનું સ્વરૂપ છે અને આત્માનું સ્વરૂપ હોવાથી તેને આધારે આત્મા રહ્યો છે. આ..હા..હા...! એને જાણનારી ઉત્પન્ન પર્યાય જો ન હોય તો એ કોને આધારે જણાય ? એ..ઈ...! રાગ(ના) આધારે તો જણાતી નથી. તો પર્યાય જ ઉત્પન્ન ન હોય, પ્રગટ (ન હોય) તો આ ત્રિકાળ છે એને જાણ્યો કોણે ? આહા..હા...! મૂળમાં મોટો ફેર છે. આહા..હા...!

જાણનસ્વરૂપ જ એનું છે એમ કહે છે. એ રાગાદિ એનું સ્વરૂપ નહિ. તેથી તેની સત્તા ભિન્ન, પ્રદેશ ભિન્ન, આધાર-આધેય ભિન્ન. આહા..હા...! અને જાણનક્રિયા અને આત્મા, બેની સત્તા એક, બેમાં આધાર-આધેય એક, જાણન(ક્રિયા) આધાર અને વસ્તુ આધેય. બેને અંદર સંબંધ ખરો. એને આધારે રહે અને આધેય એમાં રહે એવો સંબંધ. આહા..હા...!

એ જાણન જે શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એટલે પરિણમન, શુદ્ધ ઉપયોગ પાઠમાં લીધો છે પણ અર્થમાં જાણનક્રિયા લીધી. કારણ છે કે ઓલો ઉપયોગ જે છે, શુદ્ધ ઉપયોગમાં જો આત્મા કહો તો શુદ્ધ ઉપયોગ સદાય રહેતો નથી, કોઈ વિકલ્પમાં રહે; પણ શુદ્ધનું પરિણમન સદાય રહે છે. 'ચંદુભાઈ' ! સમજાણું ? શુદ્ધનું પરિણમન. આ..હા...! પર્યાયની પ્રગટ દશા શુદ્ધની કાયમ રહે છે. ઉપયોગ કદાચ ન રહે. એથી આ શબ્દ વાપર્યો છે. આ..હા..હા...! ઉપયોગને 'જાણનક્રિયા' શબ્દ વાપર્યો છે. આહા..હા...! આ ટીકા કહેવાય, આવી ! આ..હા..હા...! સંતો દિગંબર મુનિઓ(એ) ગજબ કામ કર્યા છે ! આ..હા..હા...!

લોકોને અભ્યાસ નહિ (અને) પ્રવૃત્તિ આડે નિવૃત્તિ નહિ. આહા..હા...! પ્રવૃત્તિ પ્રવૃત્તિને ઘરે રહી. એની સત્તામાં એ પ્રવૃત્તિ છે નહિ. આહા..હા...! એની સત્તામાં તો શુદ્ધ પરિણમન છે. આહા..હા...! રાગ નથી તો પર શરીર, વાણી, મન ને ધંધાની ક્રિયા એ તો ક્યાં છે એમાં ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જાણનક્રિયાનું જ્ઞાનથી...'** જાણનક્રિયા એટલે પરિણમન – શુદ્ધ પરિણમન. એનું **'જ્ઞાનથી...'**

એટલે આત્માથી **'અભિન્નપણું હોવાને લીધે,...'** જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે જાણનક્રિયા **'જ્ઞાનમાં જ છે;...'** આહા..હા...! એનાથી જુદી નથી, એમ કહે છે. છે ? આ..હા...! **'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે...'** જાણનક્રિયા **'જ્ઞાનમાં જ છે;...'** આત્મામાં જ છે. ઈ નિર્મળ પર્યાય છે એ આત્મામાં જ છે, એમ કહે છે. એ આત્મા છે. આહા..હા...!

હવે, ઈ સિદ્ધ કરીને હવે વિરુદ્ધ સિદ્ધ કરે છે. એ અવિરુદ્ધ સિદ્ધ કર્યું, જાણનક્રિયા સ્વરૂપ પ્રતિષ્ઠિત એમાં આત્મા રહેલો છે. જાણનક્રિયા સ્વરૂપ, એને આધારે પ્રતિષ્ઠિત એટલે એને આધારે રહ્યો છે. કારણ કે એ આત્મા છે. જાણનક્રિયાનો સંવરભાવ એ આત્મા છે. આહા..હા...! એક કોર 'શુદ્ધભાવ અધિકાર' 'નિયમસાર'(માં એમ કહે કે) સંવર, નિર્જરા ને કેવળજ્ઞાન બહિર્તત્ત્વ છે. કઈ અપેક્ષા છે ? બધાય તત્ત્વો. સંવર, નિર્જરા ને બધું બહિર્તત્ત્વ છે. અંતઃતત્ત્વ તો એક ત્રિકાળી આનંદનો નાથ (છે). પણ એને જાણનારા વિના, છે એવું જાણ્યું કોણે ? એમ કહે છે. એને જ્ઞેય બનાવ્યા વિના, આ જ્ઞેય છે, એમ જાણ્યું કોણે ? આ..હા..હા...!

મહાપુરુષ કોઈ કરોડપતિ, અબજોપતિ મળવા આવ્યો પણ એની સામું જોયું નહિ અને છોકરા સાથે અડધો કલાક રમતમાં રહી ગયો તો ઓલો ઊઠીને ચાલ્યો ગયો. એટલે એને તો મળ્યો જ નથી. એમ આખી ચીજ પ્રભુ મહા આત્મા પડી છે, મહાત્મા – મહાપુરુષ એ સમીપમાં પડી છે પણ એની સામું જોયા વિના (ખબર કેમ પડે ?) આહા..હા...!

**શ્રોતા** :– ઈ ચાલ્યો નથી જાતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઈ તો ત્યાંને ત્યાં (છે પણ) એની દૃષ્ટિમાંથી ચાલ્યો ગયો છે ને ! ઈ ચાલ્યો ગયો. અનંતકાળથી ચાલ્યો ગયો. આહા..હા...! એની સત્તાનું અસ્તિત્વ જેવું અને જેટલું છે એટલું તેની સન્મુખ થઈને જાણ્યું નહિ તો એને તો એ સત્તા ચાલી ગઈ છે. આહા..હા...! આવું છે. અરે...! ધન્ય ભાગ્ય ! આ ચીજ ક્યાંથી કાને પડે ? આ કોઈ સંપ્રદાયની ચીજ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! વસ્તુના સ્વરૂપની આ બધી ટીકા છે. આહા..હા...! એ (કહીને) હવે વિરુદ્ધનું લે છે.

**'ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...'** આહા..હા...! ક્રોધાદિ છે એનું પરિણમન જે છે, એને આધારે એ ક્રોધ છે. **'ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયા...'** (એટલે) પરિણમન. આ..હા...! ક્રોધ વસ્તુ છે ઈ વસ્તુ ગણી અને પછી એનું પરિણમન ગણ્યું. એ પરિણમનને આધારે ક્રોધ છે. આહા..હા...! ઝીણું આવ્યું આજે પણ અધિકાર એવો છે ત્યાં (શું થાય ?) આહા..હા...!

ક્રોધ શબ્દે દ્વેષ અને આદિ શબ્દે રાગ. રાગમાં લોભ અને માયા આવે. એ લોભની ઇચ્છાની વૃત્તિ ઉત્પન્ન થઈ... આહા..હા...! એ ઇચ્છાની પરિણતિ, એ ક્રોધની ક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એ ઇચ્છાની પરિણતિ, જે ક્રોધ, માન, માયા, લોભ છે એની પરિણતિ છે, એને આધારે એ છે. એ પરિણતિને આધારે એ ક્રોધ છે, આત્માને આધારે નહિ. આહા..હા...!

ક્રોધાદિ છે ને ? ક્રોધ, માન, માયા, લોભ, વિષય-વાસના, રાગાદિ એ જે ક્રોધાદિ ક્રિયા, એનું પરિણમન, એ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એના સ્વરૂપ – પરિણમન સ્વરૂપ એનું છે. વિકારી ભાવનું પરિણમન એ એનું સ્વરૂપ છે. આહા..હા...! એ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એના સ્વરૂપને આધારે વિકાર છે, આત્માને આધારે નહિ, આત્માની પર્યાયને આધારે નહિ. આહા..હા...! બહુ ઝીણું !

**શ્રોતા :–** ક્રોધાદિનો આધાર મોહકર્મ ગણવામાં આવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ-ફર્મ અહીં નહિ. અહીં તો અંદરની વાત છે. કર્મ-ફર્મ, નોકર્મ તો બહાર રહ્યા. ઈ આવશે. આ મેળવ્યા પછી આવશે. આઠ કર્મ ને નોકર્મ પછી (આવશે). આઠે કર્મ આવશે. પણ આ તો પહેલાં અંદરનું નક્કી કરે પછી ઓલું (છે). એ તો બહારનું (તત્ત્વ છે), જુદા છે. પણ આ જુદા ભાસતા નથી માટે તેને જુદાપણું બતાવીને પછી કહે, આની પેઠે બધું લઈ લેવું. કર્મ, શરીર, ફલાણું-ઢીકણું... (બધું લઈ લેવું). આહા..હા...!

મૂળ પ્રાણ તો સાધારણ શરીર જુદું છે, કર્મ જુદું છે, એવી ધારણા તો ઘણીવાર થઈ ગઈ છે. અગિયાર અંગના જાણપણા (તો થઈ ગયા છે) પણ આ જુદું થયા વિના એ જુદા છે એવું યથાર્થપણું ન આવે. આહા..હા...! આમ તો અગિયાર અંગના જાણપણા નથી કર્યા ? શરીર જુદું છે, કર્મ જુદું છે. એટલું તો આવ્યું ને ? રાગ જુદો છે એવું પણ ખ્યાલમાં – ધારણામાં આવ્યું હતું પણ ભાવમાં નહોતું આવ્યું. આહા..હા...!

રાગરહિત સ્વભાવની દૃષ્ટિ કરીને જે પરિણમન થવું (જોઈએ) તે નહોતું. તેથી તેને કહે છે કે પરિણમનને આધારે તે જણાણો. અને ક્રોધ ને વિકાર છે એ પરિણતિને આધારે વિકાર છે, એ આત્માને આધારે વિકાર છે જ નહિ. વિશેષ કહેવાશે...

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ !)

❃

*** નિમિત્ત અને રાગ તો ક્યાંય રહ્યા પણ એક સમયની શુદ્ધ પર્યાય પણ અવિદ્યમાન-અસત્યાર્થ-અભૂતાર્થ હોવાથી જૂઠી છે. એકરૂપ ધ્રુવસ્વભાવ જ વિદ્યમાન છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે. એકરૂપ સ્વભાવમાં ગુણભેદ પર્યાયભેદ છે જ નહિ. તેથી તે જૂઠા છે. ૬૪૭.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી નિયમસાર, શ્લોક-૨૭૧, ગાથા-૧૫૯**
**પ્રવચન નં. ૧૮૪, તા. ૧૭-૦૭-૧૯૮૦**
**[૧૮]**

૨૭૧ કળશ.

मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं
नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।
चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं
लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय।।२७१।।

**'હેયરૂપ એવો જે કનક અને કામિની...'** કંચન અને કામીની હેયરૂપ છે. જે એને પ્રિયરૂપ લાગ્યા છે એને હેયરૂપ કરવું. ગુંચાઈ ગયો છે. અહીં કહે છે કે **'હેયરૂપ એવો જે કનક અને કામિની સંબધી મોહ...'** આહા..હા...! પર સંબંધી મોહ. પોતાનું ચૈતન્ય સ્વરૂપ, આનંદમૂર્તિ ભગવંત, એને છોડીને કંચન અને કામિનીના મોહમાં પડ્યો છે **'તેને છોડીને,...'** ભાષા તો બહુ સહેલી છે. **'તેને છોડીને,...'** પણ અંદરમાં એને છોડીને. આત્માનો પ્રેમ અને આનંદ અનુભવ થાય ત્યારે કંચન અને કામિનીનો મોહ છૂટશે. એક ચીજની મહિમા આવે તો બીજી ચીજની મહિમા છૂટી જાય છે. એક આત્માની મહિમા (આવે કે) ઓ..હો...! હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ એક ભગવાનઆત્મા પરમેશ્વર (છું). પર્યાયમાં પર ઉપર લક્ષ કરવાથી પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. તો પોતાના સ્વરૂપને જાણવા માટે પરનો પ્રેમ છોડવો. ઓહો...!

બે શબ્દ લીધા. એમાં આખી દુનિયા આવી ગઈ. આહા..હા...! કંચન અને કામિની. એટલે કે બાહ્યની લક્ષ્મી આદિ અને સ્ત્રી આદિ. એનો મોહને છોડીને. ભાષા તો એમ જ આવે ને ? બાકી તો છોડીને એ પણ વ્યવહાર છે. પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપ છે. એના રસ અને પ્રેમમાં મોહ છૂટી જાય છે. મોહ છોડવો પડતો નથી પણ ઉપદેશમાં તો એવી રીત આવે છે કે એને છોડ. અહીં લગની લગાવ અને એને છોડ. આહા..હા...!

અરે..! તારે જન્મ-મરણ, ભવભ્રમણ, પરિભ્રમણ છોડવું હોય તો, ગતિમાં-ભવભવમાં રઝળે છે. એ ભવભ્રમણને છોડવું હોય તો એ બાજુ પરિભ્રમણનું કારણ, લક્ષ્મી અને સ્ત્રી-બે એમાં બધું

આવી ગયું. આહા..હા...! એનો મોહ એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! જેમાં બિલકુલ લાભનું કારણ નથી, નુકસાનનું કારણ છે. એમાં પ્રેમબુદ્ધિ એ નુકસાનકારક મિથ્યાત્વ છે. આહા..હા...! સાધારણ વાત નથી. ભાષામાં તો કંચન અને કામિની લીધું છે. પણ આત્મા સિવાય કોઈપણ પર વસ્તુમાં વિશેષ, અધિક આશ્ચર્યકારી અને સુખબુદ્ધિ કરનારી કોઈ ચીજ હશે તો એનાથી પોતાની વસ્તુનો પત્તો નથી લાગતો. આ..હા...! આવું છે. એનો અર્થ કે આખો સંસારનો પ્રેમ છોડ. કંચન અને કામિની, એક કોર અકંચન અને નિર્દોષ આનંદ ભગવાન, એનો અનુભવ કરવાથી પરવસ્તુ જે છે, કંચન અને કામિની તો બે નામ આપ્યા છે, પણ બધી પર વસ્તુ પ્રત્યેનો મોહ છોડી દે. આહા..હા...!

**'હે ચિત્ત !'** પરનો મોહ છોડીને **'હે ચિત્ત !'** આહા..હા...! **'નિર્મળ સુખને અર્થે...'** નિર્મળ આનંદને અર્થે, નિર્મળ આનંદનું કારણ **'પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** પરમગુરુ એ જ સમજાવશે. બાકી સત્ય વાત પરમગુરુ વિના ક્યાંય છે નહિ. આહા..હા...! કાંઈક કાંઈક શલ્યના મિથ્યાત્વના લાકડા નાખશે. વીતરાગ ત્રિલોકનાથ, એના સાધુ અથવા એમની વાણી અથવા પરમગુરુ એક જ વાત કહે છે. પરમાનંદનો નાથ ચૈતન્યચમત્કાર, અનંત આનંદનો સાગર અંદર છે. પ્રભુ ! તું અનંત આનંદસ્વરૂપ છો ત્યાં પ્રીતિ લગાવ. જેમાં દુઃખ છે, સ્વભાવનો અનાદર છે એમાં દુઃખ છે એ પ્રીતિને છોડ. આહા..હા...! આ તો બાવો થાય ત્યારે છોડે, એમ કોઈ કહે. 'અમૃતલાલ' કહેતા હતા. 'અમૃતલાલ'. બાવો જ છે પણ. બાપુ ! ભાઈ ! તું એક જ ચીજ પોતે પરના સંબંધ વિનાની એક જ ચીજ તું અંદર છો, બે વાત છે જ નહિ. કર્મ ને રાગ એ તારી ચીજ નથી. આહા..હા...!

એ કહે છે, **'હે ચિત્ત ! નિર્મળ સુખને અર્થે...'** નિર્મળ કેમ લીધું ? કારણ કે ઇન્દ્રિયનું સુખ ઝેર છે, દુઃખ છે. આહા..હા...! પોતાના સિવાય પરમાં કોઈપણ પ્રત્યે શરીર, ઇન્દ્રિય, પૈસા, આબરૂમાં કંઈ પણ પ્રેમ કરતાં મિથ્યાત્વ અને દુઃખ થાય છે. તો **'નિર્મળ સુખને અર્થે...'** એ નિર્મળ સુખ તો આત્મામાં છે. **'નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા...'** સાચા પરમ સત–સંત દ્વારા. આહા..હા...! અને એ જ સત્ય કહેશે, એમ કહે છે. એક પરમગુરુ જ સત્ય કહેશે. બાકી ગડબડ-ગડબડ કહેશે. આહા..હા...! **'પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પર તરફનો મોહ છોડીને અર્થાત્ પર તરફની સાવધાની છોડીને પોતાની ચીજમાં સાવધાની કર. આહા..હા...! ભાષા તો સહેલી છે પણ... આહા..હા...! એ કામ કરવું (અપૂર્વ છે). આહા..હા...!

પોતાની ચીજમાં સાવધાની હોવાને લીધે, પોતા સિવાય પર ચીજની સાવધાનીનો મોહ છોડીને **'હે ચિત્ત !'** હે આત્મા ! પરમ **'નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને. એનો એ અર્થ થયો કે ગુરુ એને કહીએ કે જે આત્માની પ્રાપ્તિ કરાવે. કંઈ પણ વિકલ્પમાં, રાગમાં અટકાવવાની વાત (ન કરે). લોકોને એકાંત લાગે. બે સિદ્ધાંત બરાબર લક્ષમાં લે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી અને દરેક દ્રવ્યની ક્રમસર પર્યાય ક્રમબદ્ધ હોય છે. આહા..હા...! એ બે સિદ્ધાંત લક્ષમાં લે તો પર તરફની સાવધાની છૂટી જાય. આહા..હા...!

હું એનું કરું.. હું એને કરી દઉં.. પણ તું પરને સ્પર્શતો નથી. પરને સ્પર્શતો નથી તો તું પરનું શું કરી શકે ? આહા..હા...! શરીરને પણ અડતો નથી, એ તો જડ છે. એની જે સમયે, જે ક્ષણે, જે અવસ્થા થવાની છે તે થઈને જ રહેશે. તારી સાવધાનીથી એમાં કોઈ ફેરફાર થાય, ધ્યાન રાખવાથી શરીરની પર્યાય ઠીક રહે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા...! દવા-બવા કરે ને. એ બધી વાતું.

જે એક સમયની પર્યાય જડ અને ચેતનની થવાની છે એ થઈને જ રહેશે. બીજો એને કરે એમ ત્રણ કાળમાં બને નહિ. કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયરૂપી કામ વિના રહેતો નથી. પ્રત્યેક ચીજ નકામી રહેતી નથી. નકામીનો અર્થ ? પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના કોઈ વસ્તુ કદી રહેતી નથી. તો કોઈ ચીજ પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના રહે નહિ, તો તું પરનું શું કરીશ ? આહા..હા...! શરીરનું, વાણીનું, મનનું.. આહા..હા...! તું કોઈનું કાંઈ કરી શકતો નથી. આકરી વાત છે, ભાઈ ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. વીતરાગનો ધર્મ... આહા..હા...!

ત્રણ કાળમાં એક ચીજ બીજી ચીજને કદી અડતી નથી–એ સિદ્ધાંત જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી હું પરનું કરું છું, પરને લઉં છું, પરથી સુખ માનું છે. એક ચીજ બીજી ચીજને કદી ત્રણ કાળમાં અડતી નથી. એક ચીજ બીજી ચીજને કદી સ્પર્શે નહિ, પ્રવેશે નહિ. પરદ્રવ્યમાં પ્રવેશ કરીને એની પર્યાય બનાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા...! આખો દિ' કામ થાય એનાથી ? ન થાય. આહા..હા...! બોલવાનું કામ, ચાલવાનું કામ–એ કામ એ સમયે થનારી પર્યાય થઈને રહેશે. તારાથી એ થાય છે એમ છે નહિ. આહા..હા...!

**'હે ચિત્ત ! નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા...'** આહા..હા...! જૈનના ગુરુ એને કહીએ કે જેઓએ આત્માના આનંદની (દૃષ્ટિ કરી તેમાં) સ્થિર થવાનું કહે, એ જૈનના ગુરુ છે. બાકી કોઈપણ રાગની ક્રિયાથી તને લાભ થશે, વ્યવહારરત્નત્રય કરતાં કરતાં લાભ થશે (એમ કહે) એ જૈનના ગુરુ નહિ. આહા..હા...! તેથી આટલો શબ્દ વાપર્યો. **'પરમગુરુ દ્વારા...'** એટલે નિમિત્ત. ધર્મનો (ઉપદેશ સંભળાવવામાં) એનું નિમિત્ત છે, દેશનાલબ્ધિમાં. પ્રાપ્ત કરે છે પોતાથી પણ ત્યાં નિમિત્ત છે. એમણે કહ્યું કે આત્મા રાગથી રહિત નિર્મળાનંદ છે. તો એના શબ્દથી એ પ્રાપ્ત કરે એમ છે નહિ. અંતરમાં રાગથી ભિન્ન થઈને આનંદસ્વરૂપ ભગવાન, એનો સ્પર્શ કરીને અનુભવ કરે, એમાં તો ભગવાનની દેશના અને ભગવાન પણ કામ કરતાં નથી. પણ નિમિત્ત બતાવે છે. નિમિત્ત ગુરુ છે અને એ ઉપદેશ પણ એવો આપે છે. આહા..હા...!

**'પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** કેવો છે ધર્મ ? **'નિર્મળ સુખને અર્થે...'** એ આપ્યો ને ? નિર્મળ સુખને અર્થે. આત્માના સુખનું કારણ ધર્મગુરુ બતાવે છે. આત્માના સુખનું કારણ નિર્મળ સુખ, આત્માના આનંદનું કારણ એવો જે ધર્મ, એ ગુરુ બતાવે છે. એ દ્વારા સાંભળીને... ઓહો..હો...! **'તું અવ્યગ્રરૂપ...'** શાંત થઈ જા, વ્યગ્રતા છોડી દે. અસ્થિરતા, મોહની વ્યગ્રતા છોડી દે, અવ્યગ્ર થા. કેમ કે પરમ ગુરુએ કહ્યું કે નિર્મળ સુખની પ્રાપ્તિ પોતાના સ્વરૂપના આલંબને થાય છે. ગુરુનો

એ ઉપદેશ હતો. એ સિવાય બીજી કોઈ ચીજથી આત્માના અંતર આનંદની પ્રાપ્તિ થતી નથી. આહા..હા...! આ બધું કરવું ક્યારે ? મંદિર બનાવવા, પૂજા કરવી, શાંતિ પાઠ (કરવા), પંચ કલ્યાણક થાય છે ને ? એક વાર એ ચર્ચા ચાલી છે. ચર્ચા છે. પુસ્તકમાં ચાલી છે.

કોઈ કહે પ્રતિષ્ઠામાં પંચકલ્યાણક કરવું એ ક્યાંથી આવ્યું ? એમ કહે છે. ભગવાનની પ્રતિષ્ઠા કરવી એમાં પંચકલ્યાણક, એમાં મા-બાપ ને એના મા-બાપ થાય ને વળી આમ બને ને આમ બને. મોટી ચર્ચા ચાલી છે. લખાણ આવે છે. માણસોએ ઉપાધિ વધારી દીધી. આહા..હા...! પરનું કાંઈક જાણે કરીએ તો પરથી ઠીક થાય. પરથી ઠીક થાય, પરથી ઠીક થાય. પરમાં નહિ પણ પરથી. પરનું કાંઈક કરીએ.. આહા..હા...! ભગવાનના યજ્ઞ, હોમ કરે. એ પંચકલ્યાણક પૂરા થઈને નહિ ? પંચકલ્યાણક પૂરા થઈને હોમ કરે છે ને ? શાંતિ પાઠ, હોમ. આ શું હશે બધું ? ક્યાંથી આવું નીકળ્યું ? એ તો ચર્ચા ચાલી છે. વાત સાચી છે. પાછળથી બધાં ભેગા થઈને પછી તલને નાખીને હોમ યા હોમ.. યા હોમ... યા હોમ... ધુવાડા નીકળે. એ શાંતિ પાઠ. એમાં શાંતિ ક્યાં આવી પણ ? આહા..હા...!

**શ્રોતા :–** એ તો શાંતિનો પાઠ છે. શાંતિરૂપી કાર્ય નથી, શાંતિરૂપી પાઠ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાઠ છે, પણ પાઠમાં ભાષા છે. એમાં શાંતિ ક્યાં આવી ? પાઠમાં શું છે ? પાઠ બોલે એમાં શું થયું ? આહા..હા...! એ તો આ ભાઈ ગયો છે ને હમણા 'મોરબી', 'હરિલાલભાઈ' ગયો છે ને. ઓલું બધું તોફાન થયું હતું ને. તો એ કહે શાંતિ કરે છે. એને લઈને શાંતિ થઈ ? જગતની આ તે શું ભ્રમણા ?

**શ્રોતા :–** કામમાં રહે ત્યાં સુધી ધંધામાં ન જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન જાય, પણ એ તો શુભરાગ છે. એ રાગ સંસાર છે. એમાં નિર્મળ સુખની પ્રાપ્તિ ક્યાં આવી ?

અહીં તો આ શબ્દ છે ને ? '**નિર્મળ સુખને અર્થે...**' તો આત્માના આનંદના અર્થે. એ ગુરુનો ઉપદેશ છે. આહા..હા...! એ મોટી ચર્ચા ચાલી હતી કે આ શું ? પંચકલ્યાણક અને આ ઉપાધિ, પ્રતિષ્ઠા કરે એમાં આ બધું... બીજું લાંબુ ઘણું ચાલે છે. પણ પરંપરા ચાલી હોય એમાં... ક્યાંક વ્યવહારના લખાણ એવા હોય. આહા..હા...! અહીં કહે છે, ગુરુએ જે તેને કહ્યું, '**નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ (શાંતિસ્વરૂપી)...**' થા. શાંતિ. અંતરમાં શાંતિ છે. ભગવાનમાં અંતર શાંતિ છે. બહારની કોઈ ક્રિયા કરવાથી શાંતિ મળે, શાંતિનો હવન કરે અને શાંતિનું આમ કરે (તો શાંતિ થાય એમ છે નહિ). આહા..હા...! ભારે, ભાઈ ! શાંતિનો પાઠ કરે, હોમ ને યજ્ઞ કરે, કેટલાય તલને નાખે, મોટા ધુવાડા નીકળે.

**શ્રોતા :–** આપણે બંધ કરી દીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આપણને કાંઈ ખબર નથી. આપણે કાંઈ કીધું પણ નથી કે આ કર

અને આ ન કર. 'બાબુભાઈ' તીર્થ ફંડનું કરે છે એ પણ આપણે કહ્યું નથી. અહીં તો ઉપદેશ સિવાય કાંઈ વાત જ નથી. જે કરતાં હોય એ પોતે પોતાને... આહા..હા...!

અહીં તો એક જ વાત. આવશ્યકમાં છેલ્લે નાખી દીધી. આવશ્યક છે ને ? આવશ્યક તો આ એક જ છે કે પરમગુરુ તારા સ્વરૂપની નિર્મળ આનંદની પ્રાપ્તિ કરવાનો ઉપદેશ દે (છે). આહા..હા...! એનો સરવાળો આ થવો જોઈએ. લાખ વાતની વાત હો. નિર્મળ આનંદ સુખરૂપ... અરે..! કેમ બેસે ? એક અડદની દાળ સરખી ન હોય ત્યાં ખદબદાટ (કરે). કોણે આવી બગાડી ? આહા..હા...! અરે..રે..! પ્રભુ ! તારે ક્યાં જાવું છે ? એ બધું થાય... આહા..હા...!

અવ્યગ્રપણું અને એનું કારણ તારો આત્મા છે. નિર્મળ સુખનું કારણ તો અંદર તારો આત્મા છે, બાકી બધું દુઃખનું કારણ છે. આહા..હા...! એ હોમ ને ફ્રોમ ને બીજી શુભભાવની જે ક્રિયા, એ બધી દુઃખનું કારણ છે. 'બાબુભાઈ'! આવું બેસવું કઠણ પડે છે. પરંપરાએ ચાલતું હોય. પણ એને ખબર નથી, ભાઈ ! બહારની લાખ, કરોડ, અબજ ક્રિયા હો. અહીં તો એમ કહ્યું ને કંચનને છોડ. એ કંચનમાં બધું આવી ગયું. પોતા સિવાય કોઈપણ પદાર્થનો પ્રેમ છોડી દે કે એનાથી મને કાંઈક લાભ થશે, સ્ત્રીનો પ્રેમ છોડી દે કે એમાંથી કાંઈ પણ સુખ મળશે. આહા..હા...!

**'નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** આહા..હા...! શબ્દ તો બહુ થોડા છે પણ ગુલાંટ ખવરાવવી. નિર્મળ સુખનું કારણ બતાવ્યું. ધર્મ નિર્મળ સુખનું કારણ છે. ધર્મ નિર્મળ સુખ એટલે અતીન્દ્રિય આનંદનું કારણ છે. તો અતીન્દ્રિય આનંદ તો ભગવાનઆત્મા છે. અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે તો એમાંથી અતીન્દ્રિય આનંદ મળશે. આહા..હા...! છેલ્લે બહુ સરસ... કંચન અને કામિનીને હેયરૂપ જાણીને છોડી દે અને આ નિર્મળ સુખને અર્થે પરમગુરુના ધર્મને પ્રાપ્ત કર. એકને છોડ અને એકને પ્રાપ્ત કરી લે. આહા..હા...!

ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ, સર્વાંગ શાંતિ અને સર્વાંગ સુખનો સાગર પડ્યો છે, પ્રભુ ! એમાં જઈને નિર્મળ સુખની પ્રાપ્તિ કર. બાકી એ સિવાય કોઈપણ ચીજ, દેવ-ગુરુ-ધર્મથી પણ તને સુખ નહિ મળે. આહા..હા...! માણસ રાડ નાખે ને. દેવ-ગુરુ ભગવાનથી પણ તને ધર્મ નહિ થાય, ભગવાનની પ્રતિમા અને મંદિરથી પણ તને ધર્મ નહિ થાય. એ તો બધાં શુભભાવના નિમિત્ત છે. પુણ્ય શુભભાવ અશુભથી બચવા માટે એ ભાવ છે, પણ એ ધર્મ-બર્મ નથી. એનાથી જન્મ-મરણરહિત થવું (બની શકે નહિ). આહા..હા...! આટલી બધી ધર્મની શરતું ! ધર્મની આટલી શરતું ! 'દેવીલાલજી'! કેટલી શરત !

તારા સિવાય બધાંની વૃત્તિની છોડી દે. કેમ કે નિર્મળ સુખનું કારણ તારો આત્મા છે. આહા..હા...! આ શરત છે. એ સિવાય બધું દુઃખનું કારણ છે. તીર્થંકર સાક્ષાત્ ભગવાન હોય તો પણ એ દુઃખનું કારણ છે. કેમ કે એના ઉપર લક્ષ જશે તો રાગ થશે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો રાગ થશે અને રાગ છે એ તો દુઃખ છે. વીતરાગ ત્રિલોકના નાથ આ કહે છે. આહા..હા...! વાત કદી સાંભળી

નથી. આહા..હા...! ધંધા અને પાણી કરી કરીને... અરે..રે..! પાણી ફેરવી નાખ્યું. આહા..હા...!

આ શબ્દમાં કેટલું ગહનપણું છે ! પર તરફનો મોહ છોડી અને ગુરુનો ઉપદેશ અંતર આનંદની પ્રાપ્તિનો ઉપદેશ છે, બીજો કોઈ ઉપદેશ નથી. આહા..હા...! બધાં લખાણ અને બધાં વાંચનનું ફળ આ જ થવું જોઈએ. સ્વ તરફ લક્ષ કરીને આનંદ થવો એ વસ્તુ છે. આહા..હા...! ખુબ શાસ્ત્ર વાંચે તો અંદર આનંદ થાય એમ છે નહિ. આહા..હા...!

**'તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં...'** શાંતસ્વરૂપી પરમાત્મા. ભગવાન અંદર શાંતસ્વરૂપી પરમાત્મા બિરાજે છે. આહા..હા...! ગૃહસ્થાશ્રમમાં પણ આ કરવું ? મુનિ તો ઠીક ત્યાગ કરે, મુનિને ચારિત્ર છે. એ સ્વરૂપ ઉપરાંત સ્વરૂપમાં લીનતા છે; અને બાકી ધર્મની શરૂઆત એ આત્મદ્રવ્યનો આશ્રય છે. આહા..હા...! બાકી બધી વાતું છે. આહા..હા...! પોતાનું સ્વરૂપ નિર્મળ આનંદ પ્રાપ્ત થવી એ એક જ વાત ભગવાન ત્રણ લોકના નાથ અનંત તીર્થંકરોનું એ કહેવું છે. આહા..હા...! એ વાત પરમાત્મા સિવાય, અનંત તીર્થંકર સિવાય ક્યાંય છે નહિ. ક્યાંક ક્યાંક ગડબડ ગડબડ કરે. આમ કરી દે.. આમ કરી દે... અમને તું આપ, કાંઈક રાજી કર તો તને લાભ થશે. બધી ખોટી વાત છે. આહા..હા...! ત્રણ લોકના નાથ તીર્થંકરે પણ કેવળ ન લીધું હોય અને દીક્ષા લીધી હોય. ભીક્ષા માટે જાય અને આહાર આપે તો પુણ્ય થાય, સંસારનો નાશ ત્રણ કાળ ત્રણ લોકમાં થાય નહિ. તીર્થંકર જેવાને આહાર આપતા (સંસાર પરિત થાય નહિ). આ વાણી વીતરાગની છે, ભાઈ !

**શ્રોતા :–** શ્વેતાંબર શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યાં તો એના ઠેકાણા ક્યાં છે ? શ્વેતાંબર શાસ્ત્રમાં પાક ભર્યો છે–વિપાક. આખો વિપાક. ઘણી વાત કરી છે, ભાઈ ! બધી વાત કરી હતી. ઓલો કોણ ? ગાંધી નહિ ? 'ગોકળદાસ ગાંધી'. એની સાથે વાત કરી કે જુઓ ! આ દસ પ્રકાર. વિપાક આખું ૩૨ સૂત્રમાં. તદ્દન જૂઠું છે બધું. એમ જ્યાં મિથ્યાદૃષ્ટિ દેનાર, લેનાર સાધુ. એને આહાર-પાણી આપે તો એ પરિત સંસાર કરે. એવો પાઠ છે. વિપાકસૂત્રમાં પાઠ છે.

**શ્રોતા :–** દાખલા આપે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ને, પાઠ છે. બધી ખોટી વાત છે. આત્માના અવલંબન અને આશ્રય સિવાય ધર્મ ત્રણ કાળ, ત્રણ લોકમાં થતો નથી. પંચ પરમેષ્ઠીના આશ્રયે પણ ધર્મ થતો નથી. આહા..હા...! ભગવાનની વાણીને લાખ પૂજે તોપણ એનાથી ધર્મ થતો નથી. આહા..હા...!

અહીં ટૂંકામાં કહે છે. અવશ્ય કરવા લાયક હોય તો ગુરુ આ કહે છે. આહા..હા...! **'પરમાત્મામાં–કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે,...'** શું કહે છે ? ગુરુએ નિર્મળ આનંદનો ઉપદેશ આપ્યો. કેમ ? કે આત્મા નિત્ય આનંદવાળો છે, તેથી નિર્મળ આનંદનો ઉપદેશ આપ્યો. આહા..હા...! અતીન્દ્રિય નિત્ય આનંદનો નાથ આત્મા છે અને આત્મા સિવાય પરમાં બધામાં ઝેરના પ્યાલા છે. આહા..હા...!

પૈસાની મમતા, સ્ત્રીની મમતા, દીકરાની મમતા, સ્ત્રીનો વિષય-ભોગાદિ એ બધાં ઝેરના પ્યાલા છે. એ કાંઈ સ્ત્રીને ભોગવતો નથી, એના ઉપર લક્ષ કરીને રાગના ઝેરને ભોગવે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહા..હા...! આ વાત તો સાંભળી ન હોય. એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. પુરુષના શરીરના અવયવ સ્ત્રીના શરીરના અવયવને અડતા નથી. આહા..હા...!

એક જ વાત પરમાત્માની, બધી બાજુથી દૃષ્ટિ હટાવી લે, રુચિ હટાવી લે. એક નિર્મળાનંદનું કારણ આત્મા. કેમ આત્મા ? નિર્મળ સુખનો ઉપદેશ કેમ આપ્યો ? કે **'નિત્ય આનંદવાળો છે,...'** આત્મા નિત્ય આનંદવાળો છે. આહા..હા...! છે ? **'(પરમાત્મા) નિત્ય આનંદવાળો છે,...'** આહા..હા...! એક કળશે તો ગજબ કરે છે ને ! આમાં બહુ શાસ્ત્રની કાંઈ જરૂર નથી પડતી કે આટલા શાસ્ત્ર ભણે અને આટલા શાસ્ત્ર ભણે તો આમ થાય. આહા..હા...! આ ભણે તો આત્મા થાય. આહા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ, આત્મા નિત્ય આનંદવાળો છે. એ કારણે પરમગુરુએ નિર્મળ સુખનો ઉપદેશ આપ્યો. કેમ કે આત્મા **'નિત્ય આનંદવાળો છે.'** આહા..હા...!

કેમ બેસે ? કદી જોયું નથી, કદી સાંભળ્યું નથી, કદી સ્પર્શ કર્યો નહિ, કદી એના તરફની દરકાર કરી નથી. આ જગતની જંજાળ. બાળક રમતમાં ગયો. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપના દેખ કે રોયા.' વૃદ્ધપણું આવે પછી હાય...હાય... ... કર્યું શું પણ ત્યારે તે ? મુસલમાન બોલતા ઇ. રોજા હોય ને રોજા ? ત્યાં અમારે 'પાલેજ'માં તો દુકાન બહાર સુતા હોય ને ? તે રાત્રે નીકળે. ત્યારે ત્યાં સાંભળતા. 'બાળપણ ખેલમેં ખોયા...' બાળપણમાં ખેલમાં કાંઈ ખબર ન મળે બાળકને. એ તો આમથી આમ. 'જુવાની મેં સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપના દેખ કે રોયા.' ઘડપણમાં શરીર જીર્ણ થયું ત્યારે હાય... હાય... હવે આપણે કાંઈ કરી શકશું નહિ. ચાલવાનું પણ ઠેકાણું નહિ રહે. આપણે શું કામ કરશું ? બાપુ ! પરથી કાંઈ થાતું નથી. આહા..હા...! એ વૃદ્ધ હોય કે યુવાન હોય કે બાળક હોય. અહીં તો નિત્યાનંદ સ્વરૂપ ભગવાન છે. આહા..હા...!

**'નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે...'** આહા..હા...! ભગવાનઆત્મા જે ગુરુએ નિર્મળ સુખનો ઉપદેશ આપ્યો, એ નિર્મળ સુખ છે ક્યાં ? એમ કહે છે. ઉપદેશ આપ્યો પણ એ છે ક્યાં ? આહા..હા...! એ નિત્ય આનંદવાળો ભગવાનઆત્મા પરમાત્મા છે. આહા..હા...! બધાં આત્મા નિત્ય આનંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલા છે. **'નિત્ય આનંદવાળો છે, નિરુપમ...'** છે. **'નિરુપમ ગુણોથી અલંકૃત છે...'** જેને કોઈ ઊપમા નથી એવા ગુણથી અલંકૃત–શોભિત આત્મા છે. આહા..હા...! જેના ગુણની કોઈ ઉપમા આપી શકાય નહિ એવા ગુણોથી અલંકૃત છે. એનો ઉપદેશ ગુરુએ આપ્યો કે એ નિર્મળ સુખનું કારણ (છે). આહા..હા...!

**'અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે...'** છે ? આ જ્ઞાન નહિ. શાસ્ત્રજ્ઞાન અને ધારણા ભૂલી જાય. આ તો નિત્ય જ્ઞાનવાળો છે એનું જ્ઞાન છે. આહા..હા...! **'દિવ્ય જ્ઞાનવાળો છે...'** એ જ્ઞાન કદી ભૂલાતું નથી, ઓછું થતું નથી. આહા..હા...! છેલ્લો કળશ છે ને. આવશ્યક–અવશ્ય કરવા

લાયક હોય તો આ એક છે. બાકી બધી વ્યવહારની વાતું છે. વ્યવહાર આવે, હોય છે, પણ એ રાગ છે, એ દુઃખનું કારણ છે. આહા..હા...!

પરમાત્મા '**દિવ્ય જ્ઞાનવાળો છે તેમાં–શીઘ્ર પ્રવેશ કર.**' આહા..હા...! તો ક્રમબદ્ધ ક્યાં ગયું ? '**તેમાં–શીઘ્ર પ્રવેશ કર.**' એમ કહ્યું ને ? ભગવાન આનંદસ્વરૂપ છે એમાં શીઘ્ર પ્રવેશ કર. તો સમયે સમયે ક્રમબદ્ધ થાય છે ને ? તો એમાં જ એ આવ્યું. ક્રમબદ્ધનો નિર્ણય કરે છે ત્યારે અંદરમાં જાય છે ત્યારે નિર્ણય થાય છે. આહા..હા...! આકરી વાત છે, બાપુ ! આ તો વીતરાગ પરમેશ્વરના પેટની વાત છે. અત્યારે તો એટલી બધી ગડબડ ચાલે છે. ખબર છે. અહીં ૯૧ વર્ષ શરીરને થયા. સવા પીસ્તાલીસ તો અહીં થયા. આ જંગલમાં સવા પીસ્તાલીસ વર્ષ થયા. ૪૫ વર્ષે અહીં આવ્યા, સવા પીસ્તાલીસ અહીં થયા. ઘણા જોયા અને ઘણા બધાં.. આ એક જ માંડી. કાંઈકનું કાંઈક... કાંઈકનું કાંઈક.

એક જ સિદ્ધાંત નિર્મળ સુખનું કારણ નિત્યાનંદ પ્રભુ ! આહા..હા...! એ બાજુ વળીને આનંદનો અનુભવ કર. એ બધાં બાર અંગનો સાર છે. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથની દિવ્યધ્વનિનો સાર છે. આહા..હા...! કોઈ દિ' સાંભળ્યું ન હોય ને હવે કરવું શું ? બહારમાં આ કર્યું... આ કર્યું... આ કર્યું. આહા..હા...! લુગડા ધોળા બધાં સારા બનાવ્યા, પીળા દેખાય આમ જાણે સાધુ જેવું, પૂજા કરવા જાય. પૂજા કરવા જાય તો પીળા લુગડા પહેરે. એમાં શું થયું ? આહા..હા...! એક તારી ચીજ નિત્યાનંદ પ્રભુ અને ગુરુના ઉપદેશે નિર્મળ સુખ પ્રાપ્ત કરવાનું કહ્યું. બધો સાર એમાં આવી ગયો. તેમાં પ્રવેશ કર. તારો પ્રવેશ રાગમાં છે, પરમાં લક્ષ છે. પ્રવેશનો અર્થ પરમાં લક્ષ છે એ છોડી દે. સુખી થવા અંદર ભગવાનઆત્મા બિરાજે છે. આહા..હા...! એ તરફનું લક્ષ કરીને પ્રવેશ કર. એ આનંદમાં પ્રવેશ કર. રાગમાં પ્રવેશ કરવાથી દુઃખ થાય છે. આહા..હા...! બહુ સરસ શ્લોક છે. શ્લોક બહુ સારો છે. આ શ્લોક સાધારણ છે ? આહા..હા...! પોણો કલાક થયો. એક નાનો શ્લોક છે. ચાર લીટી છે. પ્રભુનો માર્ગ, બાપુ ! આહા..હા...! મુનિઓની ભાષા, મુનિઓના હૃદય... કેવળીના હૃદયની તો વાત જ શું કરવી ! પણ મુનિઓના હૃદય અલૌકિક છે. દિગંબર સંત... આહા..હા...! એનો એક જ કહેવાનો હેતુ છે, નિર્મળ આનંદનો નાથ નિત્યાનંદ છે તો મળશે એમ કહેશે.

પહેલાં કહ્યું હતું ને ? કે '**નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત...**' કર. કેમ ? કે આત્મા નિત્ય આનંદમય છે. આત્મા તો નિત્ય આનંદમય છે તો તને આનંદ મળશે જ. એ કોઈ ક્ષણિક ચીજ નથી. આહા..હા...! ભગવાન અંદર નિત્ય આનંદમય છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. તું ભગવાનને ભુલીને ભ્રમણામાં ભરમાયો છો. આહા..હા...! કાંઈ પૈસા દેખીને, શરીરને દેખીને, સ્ત્રી દેખીને, મકાન દેખીને, આબરૂ દેખીને ભગવાન ભરમાઈ ગયો. આહા..હા...! તારી ચીજ અંદર પડી છે, ભગવાન ! એની રુચિ અને દૃષ્ટિ તો કર. એ માર્ગ છે, એ સિવાય

કોઈ માર્ગ નથી. પછી એમાં સ્થિરતા કરવી એ ચારિત્ર છે. એ પણ એમાં સ્થિરતા કરવી જેમાં નિત્ય આનંદ ભર્યો છે. એમાં દૃષ્ટિ કરીને એમાં લીનતા કરવી... આહા..હા...! એ તારા સુખનું કારણ છે.

**'શીઘ્ર પ્રવેશ કર.'** આહા..હા...! છે ? શીઘ્ર ક્યાં આવ્યું ? **'नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।'** શીઘ્ર ક્યાં આવ્યું ? **'चेतः शीघ्रं'** શીઘ્રમાં શું કહેવું છે ? કે આ બાજુનું વલણ છે એ આ બાજુનું કર. થવાનું છે એ તો જે સમયે જે થવાનું છે એ જ થશે. પણ એવો નિર્ણય કરવામાં, જે સમયે જે પર્યાય થાય એનો નિર્ણય કરવામાં તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે. આહા..હા...! જ્યાં નિત્યાનંદ પ્રભુ પડ્યો છે. જે સમયે જે પર્યાય થવાની હશે તે થશે એ ક્રમબદ્ધ થશે, ફેરફાર નહિ થાય. એવો નિર્ણય કરતાં નિત્યાનંદ ઉપર તારી દૃષ્ટિ જશે. ત્યારે એનો સાચો નિર્ણય થશે. આહા..હા...! આ તો બહારનું તો બધું ઉડાડી દે છે. આ છોકરા થયા... ત્રણ ને બધાં કામ કરે છે હવે. આમ એક હતા એ કહે, ભાઈ ! હવે છોડો આપણે. આહા..હા...! છોકરા સારા, વળી ધર્મનો પ્રેમ બહુ. વચલો, પંકજ, એને પ્રેમ છે. એને લઈને એને શું ? આત્માને શું ? આહા..હા...! આ અધિકાર પૂરો થયો.

હવે બીજો અધિકાર. શુદ્ધોપયોગ અધિકાર. બારમો.

**'હવે, સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત...'** આહા..હા...! આ ધર્મ બતાવ્યો અને હવે ધર્મનું ફળ શું આવ્યું ? **'સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.'** આહા..હા...! શુદ્ધોપયોગ છે એ કર્મનો નાશ કરવાનું કારણ છે, બીજું કોઈ કારણ છે નહિ. આહા..હા...! હિંસા, જૂઠું, વિષય, ચોરી એ અશુભરાગ છે, અશુદ્ધોપયોગ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અશુદ્ધ ઉપયોગ છે. શુભ-અશુભ બેય અશુદ્ધ ઉપયોગ છે. બેય બંધનું કારણ છે. એનાથી રહિત અંદર ભગવાનનો શુદ્ધોપયોગ, શુદ્ધોપયોગ અધિકાર એ મોક્ષનું કારણ છે. આહા..હા...! આ તો સાંભળવાનું આવું મળે નહિ ને ? 'પોપટભાઈ'! 'પોપટભાઈ'ના સાળા અબજપતિ છે. એ તો ગુજરી ગયા છે. છોકરાઓ અબજપતિ છે. આહા..હા...! પણ ધર્મની વાત નહિ. આવે, વાત કરે, જય ભગવાન. આહા..હા...! ત્યાં 'મુંબઈ' છોકરો આવ્યો હતો. અબજ રૂપિયા. કેટલા ? બે અબજ ઉપર. આહા..હા...! ચાલિસ કરોડ. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા છે એના સાળા પાસે. એનો સાળો ગુજરી ગયો છે. સાળાના છોકરા છે. 'ગોવા-ગોવા'. 'ગોવા'માં આપણા દશાશ્રીમાળી વાણિયા છે. તેની પાસે બે અબજ ચાલીસ કરોડ–ધૂડ ધૂડ. આહા..હા...! પણ આ આત્મામાં નિત્યાનંદ અલંકૃત ગુણ અનંત ગુણ ભર્યા છે એટલા તો પૈસા છે નહિ. આહા..હા...!

અહીં એ કહે છે. **'સમસ્ત કર્મના પ્રલય...'** નામ નાશ. એના **'હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.'** આહા..હા...!

जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।
केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

ઓહો..હો...! '**ટીકા :– અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.**' કથંચિત્ સ્વ-પરપ્રકાશક કહ્યું છે, સર્વથા પરપ્રકાશક છે જ નહિ. આહા..હા...! સર્વથા તો નિજપ્રકાશક છે. અરે..રે...! આ વાત ક્યાં ? પરનો કર્તા તો નથી, પરને સ્પર્શતો નથી, પરનો સ્પર્શ તો નહિ, પર્યાય ક્રમબદ્ધ (છે એ) ફરતી તો નથી. આહા..હા...! અહીંયાં તો પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! આ છેલ્લે લઈ ગયા. પરનો સ્પર્શ તો નથી, પરના ક્રમબદ્ધમાં તારો અધિકાર નથી... આહા..હા...! પણ પરને જાણવું એ પણ વ્યવહારનયથી છે. આહા..હા...! ગજબ વાત છે. પ્રભુ ! તું તારામાં જા. તું તને જો એ નિશ્ચય વસ્તુ છે. પરને દેખે છે એમ કહેવું (પણ વ્યવહાર છે), કારણ કે પરમાં તન્મય થતો નથી. પરને જાણવામાં પરમાં તન્મય થતો નથી, તો તન્મય થયા વિના જાણે શું ? એ તો વ્યવહાર છે. (પર) સંબંધીનું જ્ઞાન પોતાનું છે. પોતાનું જ્ઞાન પોતામાં છે એમાં તન્મય છે. તો એમાં પોતાને જાણે છે. પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! ક્યાં લઈ ગયા ? દયા, દાન અને વ્યવહાર રત્નત્રયથી ધર્મ થતો નથી. પણ અહીં તો કહે છે, એને જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા...!

હવે નિવૃત્તિ આમાં મળે ક્યાં ? વેપાર અને ધંધા આડે આખો દિ' હોળી સળગતી હોય. આ લાવ્યા, આ દીધા, આ મૂક્યા, આ મૂક્યું, આ મૂક્યું... આહા..હા...! હોળી સળગતી હશે ત્યાં ? કષાયની અગ્નિ. 'રામજીભાઈ'! એને ખેતીનો ધંધો. કરોડપતિ છે, કરોડપતિ. ખેતીનો ધંધો. ખેતી-ખેતી. આહા..હા...! ધૂડના ધંધા છે. આહા..હા...!

આતમરામ પરને જાણે એમ કહેવું એ આતમરામને વ્યવહાર...! અર..ર..! પરનું કરવું અને પરસંબંધી પરસંગથી પોતામાં રાગાદિ થવા એ તો અધર્મ છે. આહા..હા...! ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ એ બધો રાગ–અધર્મ છે. આહા..હા...! શુભરાગ કહો કે અધર્મ કહો. એથી આગળ જઈને ભગવાન પરને જાણે છે, એ પણ વ્યવહાર છે. આહા..હા...! આવશ્યક. આ 'નિયમસાર' છે, નિયમ-નિયમ, નિશ્ચય નિયમ. જગતનો નિશ્ચય વ્યવસ્થાનો નિયમ શું છે ? એનું આ કથન છે. અંદર પાઠમાં નિયમ આવશે. આહા..હા...!

'**જ્ઞાનીને સ્વ–પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.**' '**पराश्रितो व्यवहारः**' જુઓ ! જેટલું પરને જાણવું એમ કહેવું એ પરાશ્રિત વ્યવહાર છે. આહા..હા...! ત્રણ લોકના નાથને જાણવું એ

કહેવું એ વ્યવહાર છે. **'पराश्रितो व्यवहार:'** આહા..હા...! હવે આટલી બધી ઉપાધિમાંથી નીકળવું, એમાં જુવાન શરીર હોય. એમાં પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા મળે. આહા..હા...! કાંઈ બીજે બહાર નજર પડે નહિ. અંદર ભગવાન બિરાજે છે. એની સામું જોવાનો તો વખત પણ મળે નહિ. આહા..હા...!

ત્રણ લોકનો નાથ નિત્યાનંદ સહજાનંદ પ્રભુ કહે છે કે પરને જાણવું એમ કહેવું એ પરાશ્રિત છે. આહા..હા...! ક્યાં લઈ ગયા ? **'पराश्रितो व्यवहार:' '(વ્યાવહાર પરાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી,...'** એવું ભગવાનના શાસ્ત્રનું વચન હોવાથી. **'વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે...'** શું કહ્યું ? આત્મગુણોનો ઘાત કરનારાં (એટલે) નિમિત્ત. કર્મ નિમિત્ત છે. **'ઘાતિકર્મોના નાશ વડે...'** જે પોતાના ગુણના નાશમાં નિમિત્ત છે એનો નાશ કરનારા **'સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન...'** આહા..હા...! એ **'વડે ત્રિલોકવર્તી...'** ત્રણ લોકમાં વર્તનારા, ત્રણ લોકમાં રહેનારા અને ત્રિકાળ રહેનારા. ત્રિલોકમાં રહેનારા અને ત્રિકાળ રહેનારા. આહા..હા...! **'સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને...'** સચરાચર-કોઈ ગતિ કરનારા, કોઈ સ્થિર (રહેનારા), એવા સર્વ **'દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણે છે...'** એક સમયમાં પરમાત્મા જાણે છે. આહા..હા...! દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે. દ્રવ્ય એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે-દેખે છે એ પણ વ્યવહાર છે. આહા..હા...! ત્રણ કાળ, ત્રણ લોકને જાણનાર પોતાનો આત્મા છે. આહા..હા...! એ જાણે છે અને દેખે છે. **'શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર...'**

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

*** જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ ! તેનો તું કર્તા કેમ થાય છે ? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો ઘથાય છે. ૪૩૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા-૪૮-૪૯, શ્લોક-૭૨
## પ્રવચન નં. ૧૬, તા.૨૫-૦૯-૧૯૬૯
## [૧૯]

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોક અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

શું કહે છે ?

**'ટીકા :– વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.'** કહે છે કે જે સિદ્ધ ભગવાને પૂર્ણ કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત કર્યા એ કાર્યસમયસાર છે અને ત્રિકાળી આત્મદ્રવ્ય એ કારણસમયસાર છે. સમજાણું કાંઈ ? તો સિદ્ધભગવાન લોકાગ્રે... જુઓ ! લોકાગ્રે શબ્દ પડ્યો છે ને ? **'लोयग्गे सिद्धा'** સિદ્ધ ભગવાન લોકના અગ્રે જે અનંત સિદ્ધ છે એને કાર્યસમયસાર કહેવામાં આવે છે. અને આ આત્મા દ્રવ્ય... પહેલાં બે મિનિટ વહેલાં આવવું જોઈએ. શેઠી ! બે મિનિટ વહેલાં આવવું જોઈએ. વચ્ચે ગડબડ થાય ને ? આ તો ધર્મકથા છે. સમજાણું કાંઈ ? આ ધર્મકથા છે એની શરૂઆત થાય તે પહેલાં આવવું જોઈએ. જેને આવવું હોય એને. ન આવવું હોય એને કાંઈ નહિ. કારણ કે આ કથા કાંઈ બીજી નથી. આ તો આત્માની કથા છે. એમાં 'નિયમસાર' છે. આ વાત અલૌકિક છે. સમજાણું કાંઈ ?

સિદ્ધ ભગવાન અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન આદિ પર્યાય સંપન્ન છે, એ કાર્ય સંપન્ન છે. પર્યાયમાં પૂર્ણતા એ કાર્ય સંપન્ન છે. સંપન્ન છે તેથી એને કાર્યસમયસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? જુઓ ! **'આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં...'** કારણસમયસાર નામ દ્રવ્ય. જે અહીં શુદ્ધભાવ અધિકાર છે એ. ત્રિકાળી દ્રવ્ય. એક સમયની પર્યાય લક્ષમાં ન લેતાં,.. કારણ કે કાર્યસમયસાર એ જ પર્યાય છે અને સંસાર પર્યાય છે એ પણ પર્યાયનયનો વિષય છે. અહીં તો કહે છે કે જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આ અનાદિ સંસારીનો આત્મા છે. જુઓ ! **'जीवा संसिदी णेया'** એની દૃષ્ટિમાં એને એ વાત અનાદિથી બેઠી નથી. એ વસ્તુ આવી છે અને અંતર્મુખ દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ ? જે અંતર વસ્તુ છે, એ કાર્યસમયસાર જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આ આત્મા છે.

**'કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.'** તફાવત જ નથી.

'સિદ્ધ સમાન સદા પદ મેરો.' સમજાણું કાંઈ ? જુઓ ! પાઠ છે. **'जीवा संसिदी णेया'**. જીવો પર્યાયમાં સંસારમાં રહેવા છતાં, નિગોદની પર્યાયમાં રહેવા છતાં દ્રવ્ય સ્વભાવ અખંડાનંદ અભેદ સમ્યગ્દર્શનનો જે વિષય છે, એ ચીજ તો સિદ્ધ જેવી જ આ ચીજ છે, એમાં કોઈ ફેર નથી. સમજાણું કાંઈ ? એ કથન છે.

**'જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે,...'** જુઓ ! અહીં લોકાગ્રમાં લીધું. ધર્માસ્તિકાયનો અભાવ (છે માટે આગળ જતા નથી એમ નહિ). લોકાગ્રે રહેનારી ચીજ. કાલે પ્રશ્ન ઊઠ્યો હતો ને કે ધર્માસ્તિકાય અભાવાત્. એ તો વ્યવહારનું કથન છે. લોકાગ્રે રહે છે એ પર્યાયનો, દ્રવ્યનો સ્વભાવ જ છે.

**'લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે...'** આ તો પાંચ શરીરનો પ્રપંચ છે. **'અભાવને લીધે 'અશરીરી' છે,...'** એમ આગળ બધા લઈ લેવા. **'તેવી જ રીતે...'** આગળ છેલ્લી લીટી છે. **'તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી)...'** અશરીરી છે એમ લેવું. છેલ્લો શબ્દ છે. જેમ લોકાગ્રે સિદ્ધ ભગવાન બિરાજે છે, એવા નિશ્ચયનયથી. **'(કોઈ નયથી)...'** નામ નિશ્ચયનય. એ નયથી આત્મા અશરીરી છે. અત્યારે અશરીરી છે. કેમ કે શરીરની તો એમાં નાસ્તિ છે. શરીર શરીરને કારણે ટકે છે, નભે છે, રહે છે, એ આત્માને કારણે છે નહિ. સમજાણું કાંઈ ? એવા આ સંસારી જીવો નિગોદથી માંડીને દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો કારણસમયસાર ભગવાન ત્રિકાળી વસ્તુ કાર્યસમયસાર સિદ્ધ ભગવાન જેવી છે. શેઠ ! શું કહ્યું ? જેવા સિદ્ધ છે એવો દ્રવ્ય સ્વભાવ આત્માનો અત્યારે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કરે ? એમાં દૃષ્ટિ કરવી. બીજું કરવાનું શું છે ? દ્રવ્ય સ્વભાવ આવો છે એમ અંતર્મુખ દૃષ્ટિ કરીને ઠરવું એ કરવાનું છે. બીજું કરવાનું શું છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આવો છે એવો અંતર દૃષ્ટિએ નિર્ણય કરવો અને આવો છે એમાં ઠરવું. બસ એ કરવાનું છે. બીજું શું કરવાનું ? અહીં મોક્ષમાર્ગની વાત ચાલે છે ને. દર્શન નિર્ણય કરવો અને ઠરવું એ ચારિત્ર. જ્ઞાન તો .... સમજાણું કાંઈ ?

એક બોલ થયો. **'असरीरा अविणासा'** છે ને ૪૮ ગાથામાં ? **'નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયો...'** આ મનુષ્યનું શરીર આદિ ગતિ. સમજાણું ? એ મનુષ્યનું, નારકીનું, દેવ આદિ ઢોર-પશુ એવા **'પર્યાયોના ત્યાગ-ગ્રહણના અભાવને લીધે...'** આત્મામાં ત્યાગ-ગ્રહણનો અભાવ છે. સિદ્ધમાં અભાવ છે. કોઈ ત્યાગ-ગ્રહણ છે ? એમ જ આત્મામાં છે. ચાર ગતિના શરીરાદિના ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી.

**શ્રોતા :–** એ તો પર્યાયમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, એ તો જડમાં છે. આત્મામાં ક્યાં છે ? જીવમાં છે જ

નહિ. એ તો બધી જડની દશા છે. ગતિ આદિ પરની અવસ્થા છે, આત્માની ક્યાં છે ? આહા..હા...! એમ આખો ગુલાંટ ખાઈને, પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી એનું નામ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ ?

**'ત્યાગ-ગ્રહણના અભાવને લીધે...'** એટલે શું ?–કે જન્મે ત્યારે ગ્રહણ છે, મરે ત્યારે છોડે છે એમ આત્મામાં છે જ નહિ. સિદ્ધમાં નથી તો આત્મામાં પણ નથી. એમ કહે છે.

**શ્રોતા :–** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે. ક્યારે શું ? આહા..હા...! કોઈનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. કોને છોડવું ? મૃત્યુકાળે સમાધિમરણ કરીને દેહ છોડવો. જન્મકાળે શરીરનો સંયોગ થાય છે. કોને ? જન્મ-મરણ આત્મામાં છે જ નહિ ને. આહા..હા...! સમજાણું કાંઈ ?

ખરેખર મનુષ્ય અને નારકી, મનુષ્ય, દેવાદિ **'પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...'** સિદ્ધ ભગવાન **''અવિનાશી' છે,...'** આ સિદ્ધ ભગવાનની વ્યાખ્યા ચાલે છે. એમ આત્મા પણ દ્રવ્યદૃષ્ટિએ એવો અવિનાશી જ છે. આત્મામાં ચાર ગતિનો ગ્રહણ-ત્યાગ, જન્મ-મરણનો ત્યાગ, આ જન્મ સંયોગ ગ્રહણ કર્યો, ત્યાગ કર્યો એમ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ ? **'અવિનાશી છે,...'** આ કારણે. પેલા નાશવાન કહ્યા ને ? આવે ને જાય, આવે ને જાય. ઉત્પાદ-વ્યય થાય એવી એ વસ્તુ નથી. વસ્તુ તો અવિનાશી સિદ્ધ ભગવાન છે. આવવાનું-જવાનું સિદ્ધમાં નથી. એમ ભગવાનઆત્મા ચાર ગતિનો સંયોગ હોય અન ગતિનો અભાવ થાય એવું વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ?

વળી **'પરમતત્ત્વમાં સ્થિત...'** આત્મામાં પરમ વસ્તુ, એમાં **'સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને...'** કારણશુદ્ધસ્વરૂપ નામ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ. પરમ તત્ત્વ જે ત્રિકાળી વસ્તુ, એમાં સ્થિત રહેનાર સ્વભાવિક દર્શન-જ્ઞાન અને આનંદ. દર્શન આદિ આનંદરૂપ કારણશુદ્ધસ્વરૂપ ત્રિકાળી દ્રવ્ય, તેને **'યુગપદ્ જાણવામાં સમર્થ...'** એક સમયમાં જાણવામાં સમર્થ **'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...'** સહજજ્ઞાનજ્યોતિ વડે **'જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામા આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે...'** સ્વરૂપવાળા હોવાને લીધે **'અતીન્દ્રિય છે,...'** કોણ ? સિદ્ધ ભગવાન. હળવે હળવે કહીએ છીએ ને, જુઓ !

**'પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપ...'** ત્રિકાળી. **'યુગપદ્ જાણવામાં સમર્થ...'** કોણ ? સિદ્ધ. **'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...'** પોતાની સ્વભાવિક જ્ઞાનજ્યોતિ વડે **'જેમાંથી સમસ્ત સંશયો દૂર...'** કરી નિઃસંશય પરિણમન થયું છે **'એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે.'** સિદ્ધ ભગવાન. એમ આત્મા પણ અતીન્દ્રિય જ છે. સમજાણું કાંઈ ? પરમતત્ત્વ નામ દ્રવ્યસ્વભાવ, વસ્તુ આનંદકંદ, સહજાનંદ, એમાં રહેલા સહજદર્શન, આનંદ એ ત્રિકાળી કારણશુદ્ધ સ્વરૂપ છે. એને એક સાથે જાણવામાં સમર્થ. કોણ ? સિદ્ધ. **'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...'** સિદ્ધને પર્યાયમાં. **'જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે,...'** એવી જ રીતે આત્મા પણ એવો જ છે.

**શ્રોતા :–** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે.

એ પર્યાય દ્વારા જાણે છે. ત્રિકાળ દ્રવ્યને જાણવાની શક્તિ દ્વારા જાણવાનો જ એનો સ્વભાવ છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ ? સિદ્ધ ભગવાન પર્યાય દ્વારા ત્રિકાળ **'પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ...'** સહજ જ્ઞાનજ્યોતિ વડે જાણે છે. તેથી એ સિદ્ધ ભગવાન અતીન્દ્રિય છે. એમ આ આત્મા પણ પોતાની અંતર દર્શન-જ્ઞાનની શક્તિ દ્વારા આત્મા ત્રિકાળ દ્રવ્યને જાણે એવા સામર્થ્યવાળો છે એ અપેક્ષાએ એને અતીન્દ્રિય કહે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ... સ્વભાવની શક્તિરૂપ છે અને પર્યાયમાં વ્યક્તિરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યક્તરૂપ છે તે જાણે છે. અહીં શક્તિરૂપ છે એવો જાણવાનો સ્વભાવ છે. આહા..હા...! આકરું કામ બહુ. વસ્તુ... વસ્તુ... વસ્તુ છે કારણસમયસાર ભગવાન કેવો છે એને કદી ખ્યાલમાં લીધો નથી. આ વ્રત લીધા ને દયા કરે. કાલે રાત્રે એક પ્રશ્ન ઊઠ્યો હતો ને ? આ પડિક્કમણા આદિ કરે છે, શુભભાવ છે. સમજ્યા ને ? અને વ્રતનો શુભભાવ છે. એ શુભભાવ નથી અને શુભભાવ કરવા જાય છે, કર્તૃત્વબુદ્ધિ થાય તો મિથ્યાત્વ પોષાય છે. મિથ્યાત્વનું પોષણ થાય છે. એમ વાત છે કે સમ્યગ્દર્શન વીના શુભભાવ હોય. સમજાણું કાંઈ ? વ્રતનો શુભભાવ ન હોય.

**શ્રોતા :–** એ ક્યા ગુણસ્થાને હોય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પંચમ ગુણસ્થાનમાં હોય છે. એટલે વ્રતનો શુભભાવ અને આ શુભભાવમાં ઘણો ફેર છે. એટલે કોઈ આ .. એમ કહે કે જેમ પંચમ ગુણસ્થાનવાળા શુભભાવ આવે છે અને કર્તૃત્વબુદ્ધિ થાય તો મિથ્યાદૃષ્ટિ છે. એમ અહીં શુભભાવ હોય પણ એ વ્રતનો શુભભાવ અહીં નથી. આ તો સ્વાધ્યાય, ભક્તિ આદિનો ભાવ છે. પણ એ શુભભાવ (વખતે પણ) લક્ષ તો અંદર હોવું જોઈએ. સ્વભાવ તરફ. તો શુભભાવ હો એને જાણનારા રહે છે. અને એની કર્તૃત્વબુદ્ધિ થાય તો તો મિથ્યાત્વ છે. પણ ત્યાં ચોથે ગુણસ્થાને કે મિથ્યાત્વમાં પેલા વ્રતનો શુભભાવ નથી હોતો. એટલો મોટો ફેર છે. સમજાણું કાંઈ ? વ્રતનો શુભભાવ એને સમ્યગ્દર્શન વિના અને મિથ્યાત્વ હોય એમાં હોતો નથી. સમ્યગ્દર્શન હોય તો પણ એ સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને વ્રતનો ભાવ નથી હોતો, પાંચમે હોય. જ્યારે સ્વરૂપમાં ઘણી દૃષ્ટિ અને શાંતિ પ્રગટ થઈ, ત્યારે વ્રતનો શુભભાવ આવ્યો. એ શુભભાવ ભિન્ન છે અને આ શુભભાવ ભિન્ન છે.

મિથ્યાદૃષ્ટિને પણ વ્રત વિનાના દયા, દાન આદિનો શુભભાવ આવે છે અને સમ્યગ્દૃષ્ટિને પણ વ્રત વિનાનો દયા, દાન, ભક્તિનો ભાવ આવે છે. પણ વ્રતના પરિણામ શુભ છે. એ સમ્યગ્દર્શન વિના અને સમ્યગ્દર્શન હોય તો પણ શુભભાવનું કર્તૃત્વ એને નથી. અહીં તો સમ્યગ્દર્શન નથી અને વ્રતના પરિણામ (કરીને) માને છે કે હું વ્રતી છું તો તો વ્રતના પરિણામની યોગ્યતાની એની

ભૂમિકા જ નથી. પંડિતજી ! અને એ શુભભાવનું કર્તૃત્વ (થાય છે). કારણ કે રાખવાનો તો પ્રયત્ન છે. દૃષ્ટિ તો સ્વરૂપમાં નથી, દૃષ્ટિનો અનુભવ તો થયો નથી અને એને વ્રતના પરિણામમાં રાખવાનો ભાવ થયા વિના (રહે નહીં) હું આમ રાખું, આમ રાખું. સમજાણું કાંઈ ? એ તો મિથ્યાદૃષ્ટિનું પોષણ છે. એ વાતમાં બહુ ફેર. આ એવું સ્વરૂપ છે.

**શ્રોતા** :– ન જાણે તો શું વાંધો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ન જાણે તો મિથ્યાત્વ પોષે છે. ન જાણે શું ? વાંધો કાંઈ નથી. અહીં વાંધો કેવો ? નરક અને નિગોદમાં જાય એવો વાંધો છે.

**શ્રોતા** :– શુભભાવ કરે અને નરક-નિગોદમાં જાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– શુભભાવવાળો નિગોદમાં જાય. એકાદ ભવ એ વખતે થોડા પુણ્ય બાંધે, પણ મિથ્યાત્વનું પોષણ કરે છે અને મિથ્યાત્વ તો નિગોદનું કારણ છે. સમજાણું કાંઈ ? વ્રત, તપ એવો જે વિકલ્પ એ તો પંચમ ગુણસ્થાને શરૂ થાય છે. સમ્યગ્દર્શન વગર નહિ. અને અહીં તો સમ્યગ્દર્શન વિના વ્રતાદિ લે છે, સમ્યગ્દર્શન વિના દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ આવે છે. સમજાણું કાંઈ ? તો એનાથી એને પુણ્યબંધ થાય છે. પણ એ મારું કર્તવ્ય છે એમ સ્વીકારે તો મિથ્યાત્વ સહિત પુણ્યબંધ થાય છે. ખરેખર તો મિથ્યાદૃષ્ટિને વ્રતના પરિણામ હોતા જ નથી. સમજાણું કાંઈ ? તેથી કહ્યું ને કે અજ્ઞાનીને તો બાળવ્રત અને બાળતપ છે.

**શ્રોતા** :– દૃષ્ટિ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દૃષ્ટિ જ .. હજી ચૈતન્ય નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટા છે એવો અનુભવ તો થયો નથી. સમ્યગ્દર્શનની ભૂમિકા તો પ્રગટી નથી.

**શ્રોતા** :– ચારે કષાય મોજૂદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ચારેય કષાય અને મોજૂદ અને મિથ્યા અભિપ્રાય મોજૂદ છે. આકરું કામ, ભાઈ ! સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનવાળાને શુભભાવ થાય છે. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, નામસ્મરણનો, જાત્રા કરું,. એને વ્રતનો ભાવ નથી હોતો. વ્રતનો ભાવ એને નથી. ત્યાં એની ભૂમિકા નથી. સમજાણું કાંઈ ? તો ત્યાં સહજ શુભભાવ થાય એને સમ્યગ્દૃષ્ટિ જાણે છે. સહજ હોય ત્યાં જાણે છે. અને પંચમ ગુણસ્થાનમાં પણ ભૂમિકાની નિર્મળતા ઘણી પ્રગટ થઈ અને શુભભાવ આવ્યો તો એને પણ સહજ આવ્યો એમ જાણે છે. હું ખેંચીને લાવું એમ હોતું નથી. અને અજ્ઞાનીને તો ખેંચીને વ્રત કરવા ને આમ કરવું ને આમ પાળવું એમ થાય છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે વિકલ્પ આદિ અને એનું કર્તૃત્વ આદિ વસ્તુમાં છે નહિ. સિદ્ધમાં જેમ નથી એવું આત્મામાં અત્યારે નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો જાણનાર-દેખનાર આત્મા છે. સિદ્ધ ભગવાન પર્યાયથી જાણે છે. આ દ્રવ્યનો સ્વભાવ એ પોતાના દ્રવ્યને જાણે-દેખે એવી શક્તિનો

સ્વભાવ એમાં પડ્યો છે. સિદ્ધ ભગવાન કાર્યપર્યાયરૂપ પરિણમ્યા છે અને આત્મદ્રવ્ય હજી કાર્યરૂપ પરિણમ્યું નથી પણ દ્રવ્ય છે. તો દ્રવ્યસ્વરૂપ જે કારણસમયસાર છે અને કાર્યસમયસાર બેમાં ફેર નથી. ભારે ગડબડ થઈ છે ને ? એટલે મૂળ વસ્તુ એને હાથ આવવી મુશ્કેલ પડે. અને પછી વ્રતાદિ માથે લઈ લીધા હોય અને વસ્તુ તો છે નહિ. હવે એના પાળવા માટે જે તડફડિયા અંદર મારે. નહિતર બહારમાં આબરુ જાય. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંતાનુબંધી ગયા વિના બીજા કયાંથી નીકળે ! આકરું કામ છે, ભાઈ ! આ તો નિર્માનપણે કામ કરવાનું છે. એ કોઈ બહારથી માની લે કે અમને આમ થયું અને આમ છે તો એ ચીજ છે નહિ. અહીં તો સહજાનંદજ્યોતિ અતીન્દ્રિય અવિનાશી, નિર્વિકલ્પ, રાગ અને મોક્ષની પર્યાયની ક્રિયા રહિત, એવા દ્રવ્યની દૃષ્ટિનો અનુભવ થયા વિના કારણસમયસારની સમ્યગ્દૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ ?

**'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...'** જુઓ ! આ તો કહે છે, ક્ષયોપશમ અને ઉદય એ બધા મળજનક વિભાવ છે. એમાં કર્મના નિમિત્તની અપેક્ષા છે ને ? વિભાવભાવ છે. એ સિદ્ધમાં નથી એમ આત્મામાં પણ નથી એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'મળજનક ક્ષાયોપશમિકાદિ...'** મળજનકનો અર્થ ક્ષયોપશમ તો સ્વભાવનો અંશ છે પણ એમાં કર્મનું નિમિત્ત પડ્યું છે ને ? ક્ષાયિક થયું નથી. ક્ષાયિક હોય તો પણ નિમિત્ત અપેક્ષાથી એને પણ વિભાવભાવ ગણવામાં આવ્યો છે. ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ. આહા..હા...! **'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...'** કેમકે ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે, એનો આશ્રય કરે તો રાગ મળ જ ઉત્પન્ન થાય. સિદ્ધમાં એ છે નહિ. **'ક્ષાયોપશમિકાદિ...'** ક્ષયોપશમ આદિ લેવું, ઉપશમ આદિ. **'વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે...'** એમ આ આત્મા પણ.. પાછળ શબ્દ છે.

**'તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો...'** એવા જ છે. શુદ્ધનયથી. પાઠમાં છે ને ? **'જીવા સંસિદી ણેયા'** **'જીવા સંસૃતૌ જ્ઞેયાઃ'** સંસારીજીવને પણ એ રીતે અંતરની દૃષ્ટિથી જાણવા. આહા..હા...! **'અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે...'** સિદ્ધમાં નથી આઠ કર્મ અને નથી દયા, દાનના વિકલ્પના ભાવકર્મ. એવો આત્મા **'અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે,...'** વિશુદ્ધાત્મા. જુઓ ! અહીં સિદ્ધને વિશુદ્ધાત્મા કહ્યા. કેવળજ્ઞાનને વિશુદ્ધ કહ્યા. કોઈ વખતે શુભભાવને વિશુદ્ધ કહે, કોઈ વખતે શુદ્ધ નિર્મળ પર્યાયને વિશુદ્ધ કહે. ઓછી શુદ્ધ પર્યાયને પણ.. સમજાણું કાંઈ ? વિશુદ્ધ કહે, શુદ્ધભાવને પણ વિશુદ્ધ કહે, કેવળજ્ઞાનને પણ વિશુદ્ધ કહે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**''વિશુદ્ધાત્મા' છે, તેવી જ રીતે સંસારમાં...'** જુઓ ! છે ? **'સંસારમાં પણ...'** આ સંસારી વિકારી પર્યાય ઉદયભાવના કાળે પણ **'આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી)...'** નામ નિશ્ચયનયના બળે **'શુદ્ધ છે.'** સમજાણું કાંઈ ? બધાને કહ્યું છે. અહીં વિશુદ્ધાત્મા માટે છે એમ નહિ.

આ પદ છે ને ? પહેલાં કહ્યું ને ? **'असरीरा अविणासा अणिंदिया णिम्मला'** એ કારણે.. સમજાણું કાંઈ ? લ્યો ! **'શુદ્ધ છે.'** ભગવાન ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... શુદ્ધકંદ, આનંદકંદ દળ છે. એ તો જેવો સિદ્ધની પર્યાયમાં (છે) એવો જ ભગવાન દ્રવ્ય સ્વભાવ તો વસ્તુ એવી છે. સમજાણું કાંઈ ? સ્તવનમાં આવે છે ને ? 'જૈસા વહાં વૈસા યહાં, ફેર નહિ' 'જૈસો શિવ.. તૈસો બ્રહ્મ યહાં વસે. તહાં વહાં ફેર નહિ.' વાત એને અંતરમાં અભિપ્રાયથી બેસવી જોઈએ. આમ કેમ હશે ? આમ કેમ હશે ? એ બધા મિથ્યાદૃષ્ટિ મહાવ્રત પાળે, વ્રતના વિકલ્પ છે એ બધા મિથ્યાત્વને જ પોષે છે. મહાપાપ જે અનંત સંસારનું કારણ છે એ જ પાપને પોષે છે. 'પોપટભાઈ'! આહા..હા...! એવું છે, ભાઈ ! શું થાય ?

પાછું ઓલાએ એમ કીધું છે, અભવી છે એ ભોગને માટે વ્રતાદિ પાળે છે એમ લખ્યું અને ભવિ અશરીરી થવા માટે વ્રત પાળે તેને મુક્તિ થાય. ગાથા છે ને ? ત્યાં તો દાખલો આપ્યો છે કે અભવિ વ્રતાદિ પાળે તો મુક્તિ થતી નથી. તો ભવીને પણ એમ છે. વાત તો એમ છે. એવો અર્થ કર્યો છે, લ્યો ! ભોગ છે ને ભોગ ? ભોગનિમિત્તમ્. ભોગ નિમિત્તમ. લખ્યું છે. બંધ અધિકારને ? કેટલામી ગાથા છે ? ભોગ-ભોગ. ગાથા છે ને ? **'सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि। धम्मं भोगणिमित्तं'** એની વ્યાખ્યા કરી. કેવી કરી ? કે જેમ ખેડુત અનાજને જમીન ઉપર નાખે છે. એ માટે નહિ કે એ બેકાર છે માટે નાખે છે. પરંતુ એટલા માટે નાખે છે કે એમ કરવાથી મને બમણુ થઈને વધારે ફળ આપશે. એ પ્રકારે અભવિ મુનિ પણ વર્તમાન ભોગોનો ત્યાગ કરે છે એ વૈરાગ્યથી નહિ પણ હું માનવ ઉચિત ભોગને છોડી દઈશ તો મને સ્વર્ગના ભોગ પ્રાપ્ત થશે એ માટે કરે છે.

એ તો નવમી ગ્રૈવેયકે ન જાય. અને શરીરના કાય ક્લેશાદિ તપ કરે છે. એ માટે કે જો હું શરીરને તપમાં લગાવીશ તો મને વૈક્રિયક આદિ ઋદ્ધિવાળું મળશે. એટલે નહિ કે હું અશરીરી બની જઈશ. કેમકે અશરીરી થવાની તો એને ખબર નથી. તેથી તેનું શ્રદ્ધાન આદિ નથી. ઠીક ! ભવિ જે કરે છે એ અશરીરી માટે કરે છે. પણ આમાં એનો અર્થ થઈ ગયો ને ? અશરીર, લ્યો ! ઠીક ! એ તો આવી ગયું ને ? એમાં જ આવી ગયું. ભવ્યજીવ સ્વયં અશરીરી થવા માટે એને ધારણ કરે છે. એ અહીં વાત જ ક્યાં છે ? અરે..! ભગવાન !

ત્યાં તો એમ કહે છે કે ભાઈ ! જુઓ ! જેટલા જિનવરે કહેલા વ્રત, તપ આદિ શુભભાવ અજ્ઞાની ભોગ માટે કરે છે એનો અર્થ (એમ કે) રાગનો અનુભવ વર્તમાનમાં છે અને અનુભવ માટે કરે છે. સ્વભાવનો અનુભવ નથી, રાગનો અનુભવ છે. એ રાગના અનુભવમાં રહ્યા કરે છે તો રાગના અનુભવ માટે કરે છે એમ કહ્યું. અરે..! ભગવાન ! એનાથી મને સ્વર્ગ મળે તો પાપ ઊપજે. તો નવમી ગ્રૈવેયકે જાય શેના ? એવા અર્થ કરે છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે વ્રત, તપ, ભક્તિ કે ચાહે તે શુભભાવ અભવિ કરે પણ અશરીરી ચૈતન્યદૃષ્ટિ

નથી, એ કારણે વ્યવહાર છે એ નિષેધ કરવા લાયક છે. એ આત્માને લાભદાયક નથી. ચાહે તો અભવિ કરે કે ભવિ કરે. એમ કહે છે. એ તો અભવીનું દૃષ્ટાંત દીધું છે. એ તો કહે, અભવિને માટે કહ્યું છે. ભવિ તો અશરીરી માટે કરે છે. અશરીરી માટે વ્યવહાર-વ્રત પાળે ? આહા..હા...! શું કરે છે ? આવા 'સમયસાર' છાપે, લોકોને ખબર ન મળે. સમજાણું કે નહિ ? આ તમને પણ ખબર ન મળે. પછી આવું વાંચે તો હા, હા થઈ જાય.

**શ્રોતા :–** નવમી ગ્રૈવેયક સુધી તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંત વાર ગયો, અનંત વાર ગયો. આહા..હા...! પણ વાત શું છે એ સાંભળી જ નથી. ત્યાં તો દૃષ્ટાંત આપ્યું છે. ભાઈ ! જિનવરે કહેલા વ્રત, તપ એ તો અભવિ પણ અનંત વાર પાળે છે. તો એનાથી તો સ્વર્ગ મળે, કોઈ મુક્તિ તો છે નહિ. તું પણ એમ કરે તો તને સ્વર્ગ મળે, મુક્તિ મળે નહિ. એમ કહ્યું છે. આહા..હા...!

અહીં તો કહે છે કે ભાઈ ! આત્મા અંદર તદ્દન શુદ્ધ ત્રિકાળી છે. એ વ્રતનો વિકલ્પ પણ નથી અને વ્રતના વિકલ્પનો ત્યાગ પણ એમાં નથી. આહા..હા...! એવો શુદ્ધ ભગવાનઆત્મા, એની અંતર દૃષ્ટિ કરવી, આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી ભૂમિકા છે. સમજાણું કાંઈ ?

**'[હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'**

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।**

મુનિ પણ કહે છે કે ઓહો..હો...! **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** જુઓ ! શું કહે છે ? **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** **'વિપરીત કલ્પના, ખોટી માન્યતા, અનિશ્ચય, શંકા, ભેદ.'** એ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયનો ભેદ, એ હું છું એમ મિથ્યાદૃષ્ટિને હોય છે. પર્યાયબુદ્ધિની વાત કરે છે ને. સમજાણું કાંઈ ? પર્યાયે શુદ્ધ અને સંસાર દશાએ અશુદ્ધ. એવો એક દ્રવ્યમાં ભેદ પાડે છે એ પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું નહિ, અમે ન સમજ્યા. ફરીથી કહીએ છીએ ને. એમાં લખ્યું છે ?

**'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** હંમેશા હોય છે એનો અર્થ કે અજ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય અને સ્વભાવ ઉપર નથી તો અજ્ઞાની વિકલ્પમાં અને પર્યાયમાં હું અશુદ્ધ છું અને પર્યાય શુદ્ધ થશે એવી પર્યાય ઉપર એની દૃષ્ટિ છે. તો પર્યાય ઉપર દૃષ્ટિને કારણે વિપરીત માન્યતા છે. વિપરીત માન્યતાને કારણે મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :–** દ્રવ્ય શુદ્ધ છે એમ ન આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય શુદ્ધ ન આવ્યું. પર્યાયમાં આ અશુદ્ધ છે, એ નીકળીને પર્યાયમાં શુદ્ધ થશે. દૃષ્ટિ પર્યાયમાં અને પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? ભારે નાખ્યું, જુઓ ! ઓલાને આકરું પડે એવું છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બીજી વાત છે. એની અહીં વાત નથી. અહીં તો દ્રવ્યદૃષ્ટિના વિષયમાં એ વાત નથી. સમજાય છે કાંઈ ? અહીં તો કહે છે કે પર્યાયના અંશ ઉપર આ અશુદ્ધ છે અને અંશ ટળશે તો (શુદ્ધતા પ્રગટ થશે) એમ એની દૃષ્ટિ અંશ ઉપર, પર્યાય ઉપર છે. સમજાણું કાંઈ ? આખું દ્રવ્ય જે ચિદાનંદ ચોસલું પડ્યું છે અખંડાનંદ, એનો અનાદર થઈ ગયો. એમ વાત છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અવગુણ જોવું-બોવું નથી. જોવે છે કોણ ? અવગુણ જોવે કોણ ? દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે અવગુણની પર્યાયનું જ્ઞાન કરે. એ વિના અવગુણ જોવે કોણ ? 'ચંદુભાઈ'! આ બધી જુદી જાત છે. ગયા કાળમાં બધા મીંડા મૂકવા પડશે. કહો, સમજાણું કાંઈ ? ઓલામાં આવે ખરું ને. 'અધમા અધમ અધિકો પતીત સકળ જગતમાં હું, એવો લક્ષ થયા વિના...' એ તો એની પર્યાયમાં આવો છું એવું જ્ઞાન કરાવે છે. સમજ્યા ? એમ કે .. હોય છે ત્યાં. આ શબ્દ જરી આકરો છે, જુઓ ! લોકો ઓલા .. **'शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि'** ? એનો અર્થ કે પર્યાયરૂપ જે અવસ્થા છે, દ્રવ્ય તો ત્રિકાળી આનંદકંદ ધ્રુવ છે, એની ઉપર તો એની દૃષ્ટિ જ નથી અને પર્યાયના અંશ ઉપર એનો ખદબદાટ છે. પર્યાયમાં ઊભો રહીને, અવસ્થામાં ઊભો રહીને આ અશુદ્ધ છે, પછી શુદ્ધ થશે. એમ પર્યાયમાં ઊભો રહીને આ વાત વિચારે છે, તો એ પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

બહુ જુઓને ! **'शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि'** આહા..હા...! એ તો આગળ આવશ્યકના અધિકારમાં કહેશે. સમજ્યા ? બહિરાત્માને આ વિચાર આ છે ને એક બીજો બોલ ? આવશ્યકમાં છે ને ? આલોચના ? આવશ્યક-આવશ્યકનો નથી એક ? આમાં ક્યાં છે ? શ્લોક છે ૧૫૦.

**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।**
**जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।।**

લ્યો ! આ તો હિન્દી છે ને એટલે વળી આવી ગયું. ૧૫૦મી ગાથા. ૧૫૦ છે ને ? જુઓ ! એનો અર્થ લ્યો. **'જે અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે તે બહિરાત્મા છે;...'** ભાષા જુઓ ! એનો અર્થ કે પર્યાયબુદ્ધિમાં વર્તે છે. સમજાણું કાંઈ ? **'તે બહિરાત્મા છે;...'** છે શબ્દ ? 'શોભાલાલજી'!

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો ઠીક. ઉપર શબ્દાર્થ છે. '**જે અંતર્બાહ્ય જલ્પ...**' અહીં તો 'કુંદકુંદાચાર્ય'નો મહાસિદ્ધાંત છે. અન્વયાર્થ–શબ્દાર્થ. એના ઉપર, તમે વાંચ્યું એની ઉપર. '**તે બહિરાત્મા છે;...**' 'કુંદકુંદાચાર્ય' કહે છે. પર્યાયના ભેદમાં પડ્યો છે. હજી તમારે એવો પ્રકાર નથી ચાલતો. પર્યાયના ભેદમાં પડ્યો છે. આખું દ્રવ્ય ચુકી જાય છે. એય..! 'વસંતજી'! આહા..હા...! આ 'કુંદકુંદાચાર્ય' કહે છે, જુઓ !

'**અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે,...**' એનો અર્થ કે વિકલ્પની પર્યાયમાં વર્તે છે. શુભાદિ વર્તમાન વિકલ્પ આવ્યો કે હું આવો છું, એવો છું એવા વિકલ્પમાં વર્તે છે. વિકલ્પમાં વર્તે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય સ્વભાવમાં વર્તે એ સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા...! ભારે કામ, ભાઈ ! આ 'નિયમસાર' તો 'સમયસાર' કરતાં કેટલીક વાતમાં ઝીણું છે. એટલે લોકોને જરી ઠીક વાંચ્યું નથી અને 'નિયમસાર' નીકળ્યું જ હમણા. ઓલા ભાઈ 'શીતલપ્રસાદ' નહિ ? હાથ આવ્યું. 'જયપુર'માં ને ? 'જયપુર'માં ચોમાસુ હતું. 'શીતલપ્રસાદ'. આ 'નિયમસાર' બહાર નહોતું. 'શ્રીમદ્' ના વખતમાં બહાર આવ્યું નહોતું. 'શ્રીમદ્'ને આ મળ્યું જ નથી. આ તો હમણા 'શીતલપ્રસાદ' ત્યાં રહ્યા હતા. એમાં બહાર આવ્યું. પછી એણે હિન્દી ટીકા થોડી બનાવી. પછી બહાર આવ્યું. હમણા જ આવ્યું. પહેલાં બંધ હતું.

**શ્રોતા** :– 'શીતલપ્રસાદ' ક્યારે થયા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ હમણા થયા. હમણા હતા ને.

આપણે છે અહીં. આ 'નિયમસાર' છે. 'શીતલપ્રસાદ'નું. 'શીતલપ્રસાદ' (સંવત) ૧૯૯૪ની સાલમાં અહીં આવ્યા હતા. ૧૫ દિવસ રહ્યા હતા. આપણે જે ઉઘાડ્યું ને ? સ્વાધ્યાય મંદિર. સ્વાધ્યાયમંદિરનું આ જે ઓલું કર્યું ને 'સમયસાર'ની પ્રતિષ્ઠા. એ એને હાથે કરી હતી. આપણને ક્યાં મંત્ર-બંત્ર એવા આવડતા હતા. એ અહીંયા હતા. ઉદઘાટન થયું અને પંદર દિવસ અહીંયાં હતા. 'શીતલપ્રસાદ' ૧૯૯૪મા આવ્યા. પછી ગુજરી ગયા. 'લખનઉ'માં રહેતા હતા ને ? ઉદ્‌ઘાટન કર્યું. મિત્રની સાથે રહેતા હતા. ૧૯૯૪ની સાલમાં અહીં પંદર દિવસ રહી ગયા. દૃષ્ટિની ખબર નહોતી, નિમિત્તની પ્રધાનતાથી અહીં કથન કરતા હતા. 'શીતલપ્રસાદે' કર્યું. સમજ્યા ? એ પહેલાં એના હાથમાં આવ્યું. 'જયપુર'ના ભંડારમાંથી. ચોમાસું કર્યું ત્યારે હાથ આવ્યું. પછી એણે હિન્દી બનાવ્યું. એ પુસ્તક છે અહીંયા, જૂનું. આ તો નવું બનાવ્યું. આ 'હિંમતભાઈ'એ મૂળ સંસ્કૃતને અડીને બનાવ્યું છે. આવું શુદ્ધ તો એમાં નથી. સમજાણું કાંઈ ? ઓહો..હો...!

**શ્રોતા** :– બહુ ગંભીર ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વાત ગંભીર છે, ભાઈ ! 'શીતલપ્રસાદે' એમાં લખ્યું છે કે 'સમયસાર' કરતાં પણ 'નિયમસાર' ઘણું સૂક્ષ્મ છે, એનાથી પણ અધિક છે. એવું એણે લખ્યું છે. આ વાંચે

તો સમજે નહિ. શું કહે છે ?

હવે પોતે 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે અંતર અને બાહ્ય જલ્પમાં વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. હવે આમાંથી કાઢવું શું ? વિકલ્પ નથી ? સમકિતીને નથી ? સાંભળ તો ખરો. સમકિતી જલ્પમાં વર્તતા નથી. સમકિતી જ્ઞાનમાં વર્તે છે. જલ્પનું જ્ઞાન કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગમાં વર્તે છે, વર્તનમાં પડ્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો આસ્રવમાં વર્તે છે. જે આત્મ સ્વભાવ નથી, એનાથી વિરુદ્ધભાવ, એમાં વર્તે તો 'કુંદકુંદાચાર્યે' ૧૫૦ ગાથામાં કહ્યું કે **'અંતર્બાહ્ય જલ્પમાં વર્તે તે,...'** મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે કોઈક ભડકે, અર..ર..ર..! બસ ! તો સમકિતીને, મુનિને વિકલ્પ હોય જ નહિ ? મુનિને અઠ્યાવીશ મૂળગુણ અને મહાવ્રતના વિકલ્પ હોય છે. અરે...! સાંભળ તો ખરો. તને ખબર નથી. એ વિકલ્પ છે એમાં જ્ઞાની વર્તતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આસ્રવમાં વર્તે તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ. મિથ્યાત્વ થયું. આહા..હા...! અહીં 'કુંદકુંદાચાર્ય' ૧૫૦ ગાથામાં પોકાર કરે છે. સમજાણું કાંઈ ? અને અહીં ટીકાનો કળશ છે.

**'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** અમારા પંડિતજીએ વિકલ્પનાનો અર્થ કર્યો ને ? **'વિપરીત કલ્પના;...'** વિપરીત કલ્પના અર્થ દ્રવ્યદૃષ્ટિ છોડીને પર્યાયબુદ્ધિમાં આવ્યો. પર્યાયમાં પોતાનું સર્વસ્વ માન્યું, એમ કહે છે. ભગવાન આનંદકંદ ધ્રુવ સ્વભાવનો અનાદર થયો. સમજાણું કાંઈ ? અરે..! એક સમયની પર્યાય, એમાં ઊભા રહેવું એ જ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એ પર્યાયબુદ્ધિ છે. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. સમજાણું કાંઈ ? એ આવે છે ને ? પર્યાયબુદ્ધિ નાહિ. 'બનારસીદાસ'માં છે. 'રિદ્ધિ-સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતર કી ... અજાતિ લક્ષપતિ હૈં, દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો. સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.' ચોથા ગુણસ્થાનની વાત કરે છે. ન ગૃહસ્થ છે, ન યતિ છે. નથી શ્રાવક, નથી સાધુ. ચોથાની વાત કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે કે અહો..! **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** વિપરીત માન્યતા એટલે કે અંશબુદ્ધિમાં રહીને અંશની કલ્પનામાં વર્તે **'તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** કેમ કે વસ્તુ દ્રવ્ય છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી તો પર્યાયમાં એવી કલ્પના કરે છે કે આ અશુદ્ધ છે, શુદ્ધ થશે. એ તો પર્યાયમાં ઊભો રહીને બધી વાત વિચારે છે, કરે છે, બોલે છે. એ તો પર્યાયબુદ્ધિ છે એ તો મિથ્યાબુદ્ધિ, અંશબુદ્ધિમાં આખા દ્રવ્યનો અભાવ કરે છે. ભારે કામ. સમજાણું કાંઈ ? **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે;...'** એમ ભાષા છે. કેમ ? ચાહે તો વ્રત, તપ, દયા, દાન, ભક્તિ કરે અને મૌન રહે અને બોલે તો એમાં રાગનો જ અંદર આશ્રય અને રાગ ઉપર જ એની બુદ્ધિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'હંમેશાં હોય છે;...'** એમ કીધું છે. જુઓ ! નિરંતર. સમ્યગ્દૃષ્ટિને નિરંતર વિકલ્પમાં વર્તના નથી. આહા..હા...! **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** ભેદબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, વિપરીત કલ્પના, વસ્તુથી વિપરીત પર્યાયબુદ્ધિની કલ્પના, **'તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** હંમેશા હોય છે. આહા..હા...! એક અંશમાં ઊભો રહીને બધું વિચારે છે. સમજાણું કાંઈ ? એક અંશમાં

ઊભો છે તો અંશબુદ્ધિ થશે, પર્યાયબુદ્ધિ થઈ. પરસમય થયો.

**'સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે)...'** જુઓ ! સામે નાખ્યું. ગુલાંટ ખાઈને. **'કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** કારણ દ્રવ્ય પણ શુદ્ધ છે અને કાર્ય ભગવાન સિદ્ધ પણ શુદ્ધ છે. એવી માન્યતામાં એની પર્યાયબુદ્ધિ થતી નથી. દ્રવ્યબુદ્ધિ હોય છે એમ કહે છે ને ? **'સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે)...'** કારણદ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છું. પર્યાય અશુદ્ધ અને પછી પર્યાય શુદ્ધ (થશે), એ તો પર્યાયદૃષ્ટિની વાત છે. દ્રવ્યમાં એમ છે નહિ. **'કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'**

**'આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** જુઓ ! અહો..! **'આ રીતે પરમાગમના...'** ભગવાનનું પરમાગમ, એનો જે અતુલ અર્થ, ઉપમા વિનાનો અર્થ. આહા..હા...! **'પરમાગમના અતુલ અર્થને...'** અતુલ અર્થના નિશ્ચયનો જે અર્થ છે એને અર્થ સમજે છે, એમ કહે છે. **'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ...'** સાર છે તો કારણદ્રવ્ય છે, બાકી રાગાદિ કે પર્યાય આદિ અસાર છે. આહા..હા...! જુઓ ! એ ગાથા આપણે આવી ગઈ. કળશમાં આવ્યું હતું. સર્વ તત્ત્વમાં સાર આત્મા છે. સંવર, નિર્જરા પર્યાય પણ નહિ. સમજાણું કાંઈ ? પહેલાં ૩૮મી ગાથામાં આવ્યું હતું ને ? કળશમાં આવ્યું હતું ને ? કળશમાં. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ૩૮ ગાથાનો પહેલો કળશ છે. ૫૪મો કળશ છે. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** સર્વ તત્ત્વમાં એક સાર. એક સાર એટલે દ્રવ્ય સાર. પુણ્ય-પાપ, વિકલ્પ અને સંવર, નિર્જરા, મોક્ષ સર્વ તત્ત્વમાં પણ એક દ્રવ્ય સાર. એક સાર અને પર્યાય આદિ અસાર-બેનો વિચાર કરવામાં સુંદર બુદ્ધિવાળા સમ્યગ્દૃષ્ટિ છે, એમ કહે છે, જુઓ !

**'આ રીતે પરમાગમના અતુલ અર્થને...'** પરમાગમમાં અતુલ ઉપમા વિનાના જે ન્યાય કહેવા છે, એવા **'અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...'** કારણતત્ત્વ, દ્રવ્યસ્વભાવ અને કાર્ય, બેય શુદ્ધ જ છે. બસ. એમાં વળી અશુદ્ધતા અહીં છે અને પછી શુદ્ધ થશે એમ દ્રવ્યમાં નથી. **'કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને...'** શાસ્ત્રના મહા અલૌકિક અર્થને **'સારાસારની વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને તો સાર ચીજ એક ધ્રુવ જ છે. સમ્યગ્દૃષ્ટિનો વિચાર અને સાર તો એક ધ્રુવતત્ત્વ જ છે. એય..!

**શ્રોતા :-** કાર્યશુદ્ધ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાર્યશુદ્ધ એ તો સિદ્ધની વાત કરી. કારણતત્ત્વ તો દ્રવ્ય લીધું. એ તો પહેલાં આવી ગયું. સમજાણું કાંઈ ? આ વાત તો સંપ્રદાયમાં ચાલે નહિ. સંપ્રદાયમાં તો વ્રત કરો, તપ કરો, દયા કરો, દાન કરો, આ છોડો... આ છોડો... છોડો બધું, મૂકો ધર્મ. આહા..હા...! શું કરે ? આહા..હા...! લુંટાણા છે, લુંટાઈ ગયા છે. જગત આખું વીતરાગમાર્ગથી વિરુદ્ધ જઈને લુંટાઈ

ગયું છે. વીતરાગ પરમાત્મા કહે છે એની એને ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો એમાં પણ આવ્યું ને ? સમસ્ત નષ્ટ થનાર ભાવથી દૂર છે. ઉત્પાદ-વ્યયથી પણ દૂર છે. એ આવ્યું હતું. **'સર્વ તત્ત્વમાં જે એક સાર છે...'** અને સમસ્ત નષ્ટ થનારા ભાવથી દૂર છે. રાગથી તો ભગવાન દૂર છે પણ એની પર્યાય ઉત્પાદ-વ્યયથી પણ દૂર છે. શું કહે છે સમજવું ... 'દેવીલાલજી' ! હજી તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયામાં પડ્યો હોય. તત્ મિચ્છામી દુક્કડમ... આખો આત્મા ઓસરાઈ ગયો. આત્મા કોને કહેવો એની ખબર ન મળે. આહા..હા...!

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ કેવા છે ? કે પરમાગમના ઉપમા વિનાના નિશ્ચયના અર્થ. **'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...'** સ્વયં જાણે છે. પરની અપેક્ષા રાખ્યા વિના. દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ શુદ્ધ છે એ હું છું. પર્યાય આવે, જાય, ઉત્પન્ન થાય એ પણ મારું ત્રિકાળી સ્વરૂપ નથી. આહા..હા...! મુનિ કહે છે, અહો...! **'તેને અમે વંદન કરીએ છીએ.'** આ તો મુનિ. પ્રમોદ આવે છે. આહા..હા...! ધન્ય ભાઈ ! તારા અવતાર, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ .. એટલે બહુ આદર કરે છે એમ. અહીં તો સમ્યગ્દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ને ? સમજાણું કાંઈ ? અહીં મુનિ જે સમ્યગ્દૃષ્ટિ છે એને .. અહીંયા એનો આદર કરે છે. અહો..! ધન્ય ભાગ્ય ! તારી દૃષ્ટિ અને તારું જ્ઞાન યથાર્થ છે. એય..! સમજાણું કાંઈ ? લ્યો ! ૪૮ ગાથા પૂરી થઈ. ૪૯.

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।**

ધ્યાન રાખજો. અંદર ટીકામાં ઉપાદેય શબ્દ આવશે. એ **'ववहारणयं पडुच्च भणिदा'** એનો અર્થ એ કર્યો છે. વ્યવહારનયથી જણાયા છે એનો અર્થ ત્યાં ઉપાદેય એટલે જ્ઞાન કરવાને માટે કહ્યા છે. સમજાણું કાંઈ ?

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

કોણ ? આ નરકગતિ, રાગ ને પર્યાય એ બધા. વ્યવહારનય, ઉદયભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ... એ ધર્મની પર્યાય અને આત્મા ભગવાને વ્યવહાનયે કહ્યું છે. છે ને ? **'ववहारणयं पडुच्च'** વ્યવહારનયના આશ્રયે કહ્યું. એ અર્થ એમાં ઉપાદેયમાં લીધું છે. ઉપાદેય નામ એ જાણવાલાયક છે. એ વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે અને સ્વભાવ ત્રિકાળી વસ્તુ આદરવાલાયક છે. સમજાણું કાંઈ ? ભવલીન એટલે સંસારી. **'संसिदी'** છે ને અંદર ? **'संसिदी'** એટલે ભવલીન. એ સિદ્ધસ્વભાવ.

સિદ્ધસ્વભાવ જેવા સર્વ આત્મા છે. વ્યવહારનયથી જ્ઞાન કરાવ્યું. ઉદયભાવ, ક્ષાયિકભાવ આદિ પર્યાયમાં છે વ્યવહારનયથી. ઓહો..હો...! સમજાણું કાંઈ ?

સાચો મોક્ષમાર્ગ જે ચિદાનંદ ભગવાનઆત્માના અંતર આશ્રયે પ્રગટ્યો એ પણ વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે એમ અહીં તો કહે છે. અસ્તિ છે ને ? અસ્તિ એટલે જાણવા લાયક છે. જાણવા માટે એને ઉપાદેય કહેવામાં આવે છે. કહ્યું ને ? એ ટીકામાં આવશે ઉપાદેયનો અર્થ. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે એ જ જાણવા લાયક અને આદરવા લાયક છે. પણ પર્યાયમાં જે ક્ષાયિકભાવ આદિ ઉદયભાવ છે એ જાણવાલાયક છે, એનું જ્ઞાન કરવાલાયક છે. એ અસ્તિ છે ને ? પર્યાયમાં રાગાદિ છે, નિર્મળ પર્યાય છે તો એટલું જ્ઞાન કરવું એ માટે ઉપાદેય કહેવામાં આવ્યું. જ્ઞાન કરવા માટે. સમજાણું કાંઈ ? આશ્રય કરવા લાયક અને આદરવા લાયક છે એમ નથી. એ પાઠ જ બોલે છે ને ? જુઓ ને ? **'ववहारणयं पडुच्च भणिदा'** વ્યવહારનયનો આશ્રય કહ્યો. કહ્યો નામ જાણવાલાયક છે. એમ એનો અર્થ લેવો. કથન તો વાચક છે. પણ વ્યવહારનયથી એ પર્યાય છે એને જાણવાલાયક છે. સમજાણું કાંઈ ? અરે..! ભારે વાત.

જુઓ ! **'ટીકા :- આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશ (-કથન) છે.'** જુઓ ! એ ઉપાદેયનો અર્થ ઓલો વ્યવહારનયને જાણવાનો અર્થ કર્યો છે. એનું બીજું પદ છે ને ? એ જાણવાલાયક છે. વ્યવહારનયનો વિષય નથી એમ નહિ. છે ? વેદાંત કહે છે કે એકલું દ્રવ્ય છે અને પર્યાય નથી, રાગ નથી એમ નથી. પર્યાય છે, શુભાદિ રાગ છે, ક્ષાયિક ભાવાદિ છે, ઉપશમ ભાવાદિ છે. છે એને જાણવું. એમ જ્ઞાનમાં ગ્રહણ કરવું એમ કહેવામાં આવ્યું. એ પણ ઓલામાં આવ્યું ને, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. નયને ગ્રહણ કરવાનું કહ્યું ને ? આ ઉપાદેય એટલે ગ્રહણ. ઉપાદેય એટલે ગ્રહણ. ગ્રહણ કરવાનું કહ્યું છે ને ? ગ્રહણ કરવાનો અર્થ જાણવા લાયક છે. સમજાણું કાંઈ ? એનો વિશેષ અર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

*** ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણકાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન-શ્રદ્ધા-આનંદનું કાર્ય કરે છે. ૪૨૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૫૦
## પ્રવચન નં. ૧૮, તા. ૨૭-૦૯-૧૯૬૯
## [૨૦]

૫૦ ગાથા, 'નિયમસાર'.

**'આ, હેય–ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** બહુ ઊંચી–સર્વોત્કૃષ્ટ ગાથા છે. સાર સાર (છે).

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहविमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

આ ગાથામાં હેય કોણ છે અને અંગીકાર કરવા લાયક ઉપાદેય કોણ છે ? એની ગાથા છે— મોક્ષમાર્ગના અધિકારની. **'ત્યાગ-ગ્રહણના સ્વરૂપ...'** હેયનો ત્યાગ અને ઉપાદેયનું ગ્રહણ. જે ૪૯ મી ગાથામાં વ્યવહારથી છે એમ જે કહ્યું હતું, એ કોઈ વિભાવગુણ પર્યાય છે, વ્યવહારથી છે, પર્યાય છે. એટલું, હોં ! આદરણીય-ફાદરણીયનો પ્રશ્ન નથી. હયાતી ધરાવે છે. સવારમાં આવ્યું હતું ને ? પરમાર્થથી નહિ. વ્યવહારથી પર્યાયમાં રાગ પર્યાય, ઉદય, ક્ષયોપશમ પર્યાય છે, બસ એટલું. સમજાણું ? વ્યવહારનયથી વિભાવગુણપર્યાય એટલે ચાર ભાવની પર્યાય–દયા, દાન આદિ વિકલ્પ, ઉપશમ સમકિત આદિ પર્યાય, ક્ષયોપશમ જ્ઞાનાદિ પર્યાય અને ક્ષાયિક સમકિત આદિ પર્યાય–એ ચાર. ચારેય વિભાવગુણપર્યાય છે. સમજાણું કાંઈ ?

**'વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...'** જાણવાલાયક છે એમ જાણવાલાયક જે કહ્યું હતું, **'પરંતુ શુદ્ધનિશ્ચયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.'** લ્યો !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના પાડી ને ? એમાં છે જ નહિ.

**શ્રોતા :–** નહિ, તું નહીં, હું... તું નહીં, હું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો એક ક્ષાયિક કેવળજ્ઞાન પણ પોતાનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ ? મિથ્યાત્વભાવ, શુભાશુભ રાગભાવ અને ઉપશમ સમકિત આદિ ભાવ, ક્ષાયિક સમકિત આદિ ભાવ કે ઉપશમ ચારિત્ર આદિ પર્યાય કે કેવળજ્ઞાનાદિ પર્યાય. જેટલા ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ બધી પર્યાય છે. તો પર્યાયથી એ જાણવાલાયક છે એમ વ્યવહારનયથી કહ્યું. છે, પર્યાય છે એટલું. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' અંતર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરનાર જ્ઞાનથી '**તેઓ હેય છે.**' ચારે પર્યાય હેય છે. ઓહો..હો...! હજી તો અહીં શુભરાગ હેય માનવામાં એને પરસેવો વળે છે. એય..! 'શોભાલાલજી'!

**શ્રોતા** :- પર્યાય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો ચારે પર્યાય. અહીં તો હજી શુભઉપયોગ હેય છે એ માનવું પણ કઠણ પડે છે. સાંભળે ત્યાં અરે..રે..! (થઈ જાય).

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' એક આત્મા શુદ્ધ દ્રવ્યસ્વભાવ, ત્રિકાળી ધ્રુવસ્વભાવ, ત્રિકાળી કારણપરમાત્મા, એ જ આદરણીય છે. એ સિવાય શુભભાવ કે ઉપશમ આદિ ભાવ કે ક્ષયોપશમ, ક્ષાયિક એ આદરણીય નથી. પાઠમાં એમ લીધું છે, '**परदव्वं परसहविमिदि हेयं**' અર્થમાં '**परदव्वं परसहविमिदि हेयं**' (લીધું છે). ટીકામાં '**हेयं परसहविमिदि 'परदव्वं**' એમ લીધું છે. ટીકામાં પહેલાં હેય લીધું છે. પછી પરસ્વભાવ અને પરદ્રવ્ય લેશે. પાઠમાં '**परदव्वं परसहविमिदि हेयं**' (છે). એ હેયને ટીકામાં પહેલો નાખ્યો. કેમ કે ઉપાદેય-હેય કરવું છે ને ? સમજાણું કાંઈ ? શાંતિથી સમજવાની બહુ અલૌકિક ગાથા છે.

વસ્તુ એક સમયમાં ધ્રુવ ચૈતન્યકંદ નિર્વિકલ્પ નિષ્ક્રિય. 'નિષ્ક્રિય' શબ્દે એમાં ક્ષાયિકભાવની પર્યાય નથી, ઉપશમની નથી, ક્ષયોપશમની નથી અને રાગની તો નથી એ તો સાધારણ વાત છે. સમજાણું કાંઈ ? એવો આત્મા ત્રિકાળી નિષ્ક્રિય ધ્રુવ, એ જ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય અને આદરણીય છે. એમાં છે ? જુઓ ! સમજાણું કાંઈ ? આહા..હા...!

'**વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' ૪૯ ગાથામાં. ઉપાદેય નામ જાણવાલાયક કહેવામાં આવી હતી. જાણવું એટલે ગ્રહણ કરવું એમ કહેવામાં આવ્યું હતું. પણ અહીંયા કહે છે કે વાસ્તવિક દૃષ્ટિએ ભગવાનઆત્મામાં બે અંશ છે. નય તો અંશને વિષય કરે છે ને ? નય આખાને વિષય નથી કરતી, દ્રવ્ય-પર્યાય બેનો વિષય કરે તો પ્રમાણજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? આખું પૂર્ણ દ્રવ્ય અને એક સમયની અવસ્થા, બેનું જ્ઞાન કરે એ તો પ્રમાણજ્ઞાન થયું. પણ નયમાં તો એક અંશનું જ્ઞાન છે. તો વ્યવહારનય છે એ વર્તમાન ચાર પર્યાય છે એમ જાણે છે. દ્રવ્યમાં વર્તમાન પર્યાયમાં ચાર પ્રકારની અવસ્થા છે, એવો વ્યવહારનય પ્રમાણનો અંશ છે, એ કારણે વ્યવહારનયનો અંશ હયાતી છે એમ જાણે છે. સમજાણું કાંઈ ?

પણ નિશ્ચયનય, એ પર્યાયના અંશ વિનાનો ત્રિકાળી દ્રવ્ય જે છે. એ '**શુદ્ધનિશ્ચયનયના બળે...**'

જુઓ ! **'વ્યવહારનયનાકથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...'** એ જ. **'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** અંદર સંસ્કૃતમાં છે. છે ને ? **'व्यवहारनयादेशादुपादेयत्वेनोक्ताः शुद्धनिश्चयनयबलेन हेया भवन्ति।'** એ તો અનાદિ સનાતન સત્ય છે. લોકોની સમજણમાં આવતું નથી અને એવું પકડીને.. અહીં તો કહે છે કે એક સમયના અંશમાં જ્યાં રોકાણો તો દ્રવ્યનો અનાદર થાય છે. રાગમાં તો નહિ, રાગ તો શુભભાવ બીજી ચીજ રહી, પણ ક્ષયોપશમજ્ઞાન જે રાગને જાણનારી જ્ઞાનની પર્યાય છે, એ અંશ છે, ત્યાં ઊભા રહ્યો તો દ્રવ્યનો અનાદર કર્યો. સમજાણું કાંઈ ? પર્યાયમાં રહીને દ્રવ્યને જોવું એમ હોઈ શકે નહિ, એમ કહે છે. પર્યાયથી દ્રવ્યમાં જોવું. પણ એ દ્રવ્ય ધ્રુવ છે એમાં પર્યાયને સ્થાપવી. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગમાં, નિમિત્તમાં રહીને દ્રવ્યની દૃષ્ટિ થતી નથી, દ્રવ્યની દૃષ્ટિ થતી નથી પણ એક સમયની પર્યાયમાં રહીને દ્રવ્યની દૃષ્ટિ થતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ !

**'શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચનયે)...'** બળ કહ્યું ને ? એના કારણે. **'તેઓ હેય છે.'** ચાર પ્રકારના ઉદયભાવ જે ૨૧ પ્રકારના... આદિ છે ને ? ક્ષાયિકના નવ પ્રકાર. પહેલાં આવી ગયું છે. ક્ષાયિકના નવ પ્રકાર, ઉપશમના સમકિત-દર્શન બે પ્રકાર, ક્ષયોપશમના કેટલા પ્રકાર ? ઉદયના ૨૧ અને ક્ષયોપશમના ૧૮. એ બધાં પ્રકાર ધર્મીને દૃષ્ટિમાં હેય છે. આહા..હા...!

**શ્રોતા :–** હેયનું જ્ઞાન કરાવ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કરે ? સમજાણું કાંઈ ?

એક પરમપારિણામિક ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, એ જ ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં આદરણીય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, એ તો .. શું બતાવ્યું ? બરાબર કહ્યું છે. ૪૯મી ગાથામાં કહ્યું હતું કે જાણવા લાયક છે એ અપેક્ષાએ ગ્રહણ કરવા લાયક છે. એ અપેક્ષાએ કહ્યું હતું. એ અહીંયા કહે છે કે એ ચારે પર્યાય હેય છે. એક દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી ધ્રુવ એ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે. આહા..હા...! શું થાય ? આખો માર્ગ જ ગુલાંટ ખાઈ ગયો. સંપ્રદાયમાં તો આખી ચીજ જ ઊંધી કરી નાખી છે. શાસ્ત્ર જોવે નહિ, શાસ્ત્ર વાંચે નહિ અને પોતાની દૃષ્ટિથી અંદર અર્થ કરે. પંડિતજી ! આ પંડિત લોકોને નવરાશ નથી. પોતાની દૃષ્ટિથી વાંચે. નવરાશ નહિ સમજ્યા ? ફુરસદ નથી. અને વાંચે તો પોતાની દૃષ્ટિએ. શું તત્ત્વ છે ?

અહીં તો કહે છે કે પહેલે ધડાકે સમ્યગ્દર્શનના કાળમાં, સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એ કાળમાં એકલો દ્રવ્ય જ્ઞાયકસ્વભાવ ધ્રુવ અખંડ, અક્રિય, નિષ્ક્રિય. ચાર પ્રકારની પર્યાય તો સક્રિય છે, પલટન ક્રિયા છે. સમજાણું કાંઈ ? એક સમયની અવસ્થા. કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે. સમજાણું કાંઈ ? ઉપશમ સમકિત ભલે અસંખ્ય સમય રહે, પણ એક સમયની અવસ્થા (છે), બીજા સમયે

બીજી, ત્રીજે સમયે ત્રીજી (હોય છે). તો કહે છે કે ભગવાનઆત્મા, જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે અર્થાત્ જેને આત્મદ્રવ્ય અંગીકાર કરવું છે... સમજાણું કાંઈ ? તો આત્મામાં જે વર્તમાન પર્યાય અંશ દેખાય છે એ બધા અંશો ચાર પ્રકારની પર્યાયો બધી હેય છે, આશ્રય કરવા લાયક નથી. આહા..હા...! કહો, 'ભીખાભાઈ'! આહા..હા...!

**શ્રોતા :–** બહુ આશ્ચર્યકારી વાત છે, સાહેબ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે આ દેહ અને દેહની ક્રિયા તો ક્યાંય જડમાં રહી ગઈ. આ દયા, દાન ને વ્રતના પરિણામ તો વિકારમાં ક્યાંય ભિન્ન રહી ગયા. આહા..હા...! શું કરે ? મહાસાગર ધ્રુવ પ્રભુ ! એક સમયમાં ચિદાનંદ, પરમાનંદ, અનંત સિદ્ધપર્યાય જેમાં અંતર પડી છે, એવો ભગવાન ધ્રુવસ્વરૂપ એક સમયના અંશથી રહિત, એ અંશમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં એ અંશ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? કહે છે કે જે ત્યાં ૪૯ ગાથામાં વિભાવગુણ (કહ્યા હતા), વિભાવ શબ્દે એ ચારેય, હોં ! નિમિત્તની અપેક્ષાનો અભાવ થઈને થાય છે તો કેવળજ્ઞાનને પણ એક ન્યાયે અહીંયા વિભાવપર્યાય કહી છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ગુણની પર્યાય છે ને ? એ ગુણ શબ્દે કહ્યું. ગુણપર્યાય. ગુણપર્યાય કહ્યું ને ? ગુણ નહિ, ગુણની પર્યાય. સમજાણું કાંઈ ? આહા..હા...! જ્ઞાનગુણની કેવળજ્ઞાન એક સમયની પર્યાય, જ્ઞાનગુણની ક્ષયોપશમ એક સમયની પર્યાય અને ચારિત્રગુણની એક સમયની વિરુદ્ધરૂપે શુભરાગ પર્યાય અને સમકિતરૂપી શ્રદ્ધા નામના ગુણની ક્ષાયિકસમકિત એક સમયની પર્યાય. એ ક્ષાયિક સમકિતની પર્યાય પણ હેય છે એમ અહીંયા કહે છે. આહા..હા...! કેમ કે પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** વિભાવ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્તની અપેક્ષા આવી ને ? વિશેષભાવ, સામાન્ય ભાવ નહિ, ત્રિકાળી સામાન્ય ભાવ નહિ. સમજાણું કાંઈ ?

પહેલા શબ્દાર્થ કરીએ, હોં ! ટીકા લેતા પહેલાં શબ્દાર્થ કરીએ. જુઓ ! અન્વયાર્થ છે ને

**અન્વયાર્થ :–** '**पूर्वोक्तसकलभावा:**' આ ઊંચી ગાથા છે ને ? પહેલાં અન્વયાર્થ લઈએ. '**પૂર્વોક્ત...**' પૂર્વે કહેલા એવા '**સર્વ ભાવો...**' ભાવ નામ પર્યાય. એ '**परस्वभावा:**' '**પરસ્વભાવ છે,...**' આત્મસ્વભાવ નથી. આહા..હા...! વાહ ! કેવળજ્ઞાનની પર્યાય પરસ્વભાવ, ક્ષાયિક સમકિતની પર્યાય પરસ્વભાવ છે, ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. આહા..હા...! 'પૂનમચંદજી'! ભારે વાત છે. દુનિયાને .. હિન્દુસ્તાનમાં તો ઝઘડા ચાલે. અહીં તો હવે બહુ પરિચય થયો ને. સાંભળનારા પણ હજી સમજતા નથી. સાંભળવા આવે એ ભડકે. હાય.. હાય.. હેં ! દયા, દાન, વ્રતના પરિણામનું કર્તૃત્વ મિથ્યાત્વ ? હવે સાંભળ તો ખરો. એ દયા, દાન પરિણામ કરવાલાયક છે એવી માન્યતા એ મિથ્યાત્વ છે,

વિકાર છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે જે **'પૂર્વોક્ત સર્વ...'** પર્યાય. ભાવ શબ્દે અહીં પર્યાય. કેટલી ? કે ઉદયભાવના જે બોલ છે, ક્ષયોપશમના બોલ છે, ઉપશમના અને ક્ષાયિકના. સર્વ પર્યાયો **'परस्वभावाः'** (છે). દ્રવ્યસ્વભાવ પોતાનો સ્વભાવ ને એ પરસ્વભાવ. પર્યાય જાણે પર છે એમ અહીં તો કહે છે. જુઓ તો ખરા. ઓહો..હો...! એ હું નથી. કેવળજ્ઞાનની પર્યાય હું નહિ. આહા..હા...! રાડ નાખે. પર્યાય વ્યવહારનયનો વિષય છે, એ મારો નથી. હું તો ધ્રુવ ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું એવી ધર્મીની દૃષ્ટિમાં ધ્રુવ ઉપાદેય છે. આહા..હા...! 'ભગવાનજીભાઈ'! આ તો અલૌકિક ગાથા આવી છે. આ વખતે પર્યુષણમાં બધાં અધિકાર સારા આવ્યા છે. સવારમાં 'સમયસાર' સંવર (અધિકાર), બપોરે 'નિયમસાર'. આહા..હા...!

કહે છે કે **'પૂર્વોક્ત...'** જે સર્વજ્ઞ પરમેશ્વરે દ્રવ્યની પર્યાયમાં કહ્યું હતું, એ સર્વ પર્યાય પરસ્વભાવ છે. એનો અર્થ કે સ્વસ્વભાવ નથી. આહા..હા...! પાઠમાં પહેલાં પરદ્રવ્ય છે, પછી પરસ્વભાવ લીધો. પણ અહીંયાં એમાં પહેલાં પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે, એમ લીધું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ટીકામાં પહેલાં હેય કહીને પછી પરસ્વભાવ અને પરદ્રવ્ય કહ્યું. પછી પરદ્રવ્ય લેશે.

**શ્રોતા :–** પરસ્વભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહેવું તો એક જ છે. પરસ્વભાવ છે એ વિશેષ પર્યાય થઈને ? વિશેષ અવસ્થા, સામાન્ય નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પરનો સ્વભાવ છે. એ દ્રવ્યના સ્વભાવ રહિત છે તો પરનો જ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? **'व्यवहारो अभुयत्थो'** વ્યવહાર તે અસત્યાર્થ છે. તો એ પર્યાય બધી અસત્યાર્થ છે. ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ છે. ૧૧મી ગાથામાં પણ એ જ કહ્યું છે. એ વાત છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વધારે બીજી રીતે વાત કરી છે. પર્યાયમાત્ર વ્યવહાર છે. શું ? પરિણામમાત્ર વ્યવહાર છે. ચાહે તો કેવળજ્ઞાન પરિણામ હો કે ચાહે તો ક્ષયોપશમ સમકિતના પરિણામ હો, પરિણામમાત્ર–પર્યાયમાત્ર વ્યવહાર છે.

**શ્રોતા :–** વ્યવહાર અસત્યાર્થ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર અસત્યાર્થ, હેય છે, આદરણીય નથી. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સમકિતીને લઈને. જેને સમકિત ગ્રહણ કરવું એને માટે. આ તો અત્યારે શું આવ્યું ? સમકિતની વાત ચાલે છે, મોક્ષમાર્ગની વાત ચાલે છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, પહેલાં ચોથું ગુણસ્થાન જેને પ્રગટ કરવું છે, આહા..હા...! એને સર્વ પર્યાય પરસ્વભાવ

છે. વાત તે પણ કાંઈ વાત છે ને ! દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પર્યાયસ્વભાવ પરસ્વભાવ ગણવામાં આવ્યો છે. નિશ્ચયસ્વભાવની અપેક્ષાએ પર્યાયસ્વભાવ વ્યવહારસ્વભાવ કહેવામાં આવે છે. તો વ્યવહારસ્વભાવ .. એને પરસ્વભાવ કહેવામાં આવ્યો છે. 'શોભાલાલજી'! કદી સાંભળ્યું નથી. એય..! ગડબડ બધી ગડબડ. ભગવાન પરમાત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, મહાસાગર અનંત પુરુષાર્થનો સાગર, અનંત જ્ઞાનનો સાગર, અનંત દર્શનનો સાગર. લ્યો આ સાગર આવ્યો તમારે. 'સાગર ઉછળ્યોને...' શું ? આવે છે ને કાંઈક ગાતા હતા ને. લહેરીઓ ચડી... શું કીધું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાય છે. સ્વસમયની એક સમયની પર્યાય છે એ પરસ્વભાવ છે. અહીં તો બહુ ઉત્કૃષ્ટ વાત છે. જરી સૂક્ષ્મ વાત છે. સ્વસમયની જે પર્યાય છે ને– કેવળજ્ઞાન, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ પર્યાય છે એ પરસમય છે અથવા પર્યાય એ પરભાવ છે, પરસ્વભાવ છે, પોતાનો નિજસ્વભાવ નથી. આહા..હા...! રાડ નાખી જાય. આ ગાથા તો બહુ સાર માખણ છે. એ તો ૧૧મી ગાથામાં કહ્યું એનું અહીંયા સ્પષ્ટીકરણ બીજી રીતે કહ્યું છે. સમજાણું કાંઈ ?

**'પરસ્વભાવો છે,...'** અર્થાત્ દ્રવ્યસ્વભાવ નથી. દ્રવ્યસ્વભાવ જે ધ્રુવસ્વભાવ એ આ ભાવ નથી. આહા..હા...! **'પરદ્રવ્ય છે,...'** જુઓ ! એ ચાર પ્રકારની પર્યાય પરદ્રવ્ય છે. આહા..હા...!

**શ્રોતા :–** અખંડમાં પરદ્રવ્ય કહી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અખંડમાં નહિ, પર્યાય છે એ પરદ્રવ્ય છે. અખંડ દ્રવ્ય તો એકરૂપ ધ્રુવ છે, એમાં ઇ નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ? સમજાણું કાંઈ ?

આત્મા ત્રિકાળી સ્વભાવભાવ જે છે એ સ્વ–પોતાનો ભાવ છે. પારિણામિકભાવ જે ત્રિકાળી ભાવ, ધ્રુવભાવ એ સ્વભાવ છે અને એક સમયની પર્યાયનો ભાવ પરભાવ છે. ત્યારે સ્વદ્રવ્ય જે છે, ત્રિકાળી જ્ઞાયક એને દ્રવ્ય કહ્યું તો પર્યાયને પરદ્રવ્ય કહ્યું. આ શરીર અને કર્મ તો ક્યાંય રહ્યા પરદ્રવ્ય. હવે સાંભળને. સમજાણું કાંઈ ? જડ-ચેતન બીજા આત્માથી ભિન્ન છે એને પરદ્રવ્ય કહો પણ પોતાની પર્યાય, પ્રમાણના વિષયમાં પોતાની પર્યાયને પરદ્રવ્ય કહી ? કહે હા. સ્વદ્રવ્યનું જ્ઞાન થાય તો પરદ્રવ્યનું પ્રમાણજ્ઞાન સાચું. પરદ્રવ્ય નામ પર્યાય. પંડિતજી ! જુઓ ! એમાં છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ તો પરદ્રવ્ય, અહીં તો ક્ષાયિક કેવળજ્ઞાન પરદ્રવ્ય, ક્ષાયિક સમકિત પરદ્રવ્ય. રાડ નાખી જાય છે ને ! કેમ કે આશ્રય કરવા લાયક નથી, ત્યાં ટકવા લાયક નથી. દૃષ્ટિ તો ધ્રુવ ઉપર દેવાની છે. ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ પ્રસરવાથી સમ્યગ્દર્શન થાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ?

**'પૂર્વોક્ત સર્વ...'** પર્યાય **'પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે;...'** તેથી હેય છે. કારણ બતાવ્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ? પરિણામમાત્ર હેય છે. રાગની તો ક્યાં વાત રહી અને

બાયડી-છોકરા હેય, એ તો હેય ક્યાં, એ તો જ્ઞેય છે, પર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ અલૌકિક છે. એ ચીજ કોઈ બીજે સ્થાને નથી. અને તે પણ એક દિગંબર સંપ્રદાયમાં જ છે, બીજે છે નહિ. સમજાણું કાંઈ ? એમાં પણ સમજતા નથી તો એ સંપ્રદાય પણ અન્ય જેવો થઈ ગયો. બીજા જેવો થઈ ગયો. 'બાબુલાલજી'! આહા..હા...!

**'पूर्वोक्तसकलभावाः'** શબ્દ પડ્યો છે ને ? જુઓ પાઠમાં. **'पुव्वुत्तसयलभावा'** પૂર્વે કહી તે સકળ પર્યાય. ૪૯ ગાથામાં બધી કહી હતી ને ? જુઓ ! એ **'एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा' 'सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी'** છતાં દ્રવ્યસ્વરૂપ તો સિદ્ધ સમાન જ બધાનું છે. અહીં હેય ઉપાદેયનું વ્યાખ્યાન કર્યું. પાઠમાં એમ લીધું કે **'पुव्वुत्तसयलभावा परदव्वं'** એ તો શબ્દની સંધિ કરવી છે ને ? **'परदव्वं परसहविमिदि हेयं'** એ પરદ્રવ્ય છે માટે પરભાવ છે માટે હેય છે. પણ એ સંધિમાં નથી આવતું, અહીં સ્વસ્વભાવ છે એ અપેક્ષાએ પર્યાય પરસ્વભાવ છે, એ અપેક્ષાએ પરદ્રવ્ય છે, એ અપેક્ષાએ પરદ્રવ્યને હેય કહેવામાં આવે છે. આહા..હા...! અહીં તો હજી શુભરાગને હેય માને ત્યાં તો પરસેવો ઉતરે. હાય... હાય... અર..ર..! શુભઉપયોગ ! 'પૂનમચંદજી'! .. ન હોય. દયા અને વ્રતના પરિણામ ! અરે..! સમકિતીને મુનિ છે એને મહાવ્રતના પરિણામ. મુનિને, સમકિતીને, હોં ! અજ્ઞાનીને છે ક્યાં. મહાવ્રત પરિણામ ! કે મહાવ્રત પરિણામ હેય, હેય ને હેય. પણ એ પોતાથી પોતામાં મહાવ્રતના પરિણામનું જ્ઞાન કર્યું, એ જ્ઞાનની પર્યાય પણ હેય છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** શ્રદ્ધામાં હેય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્રદ્ધામાં હેય, અહીં ચારિત્ર-ફારિત્ર ક્યાં હતું ? શ્રદ્ધામાં હેય છે ને ! અને રાગ આવે છે, રાગ છે તો શ્રદ્ધા-જ્ઞાનનું કામ શ્રદ્ધા-જ્ઞાન કરે છે કે નહિ ? રાગ આવ્યો અને એ વખતે શ્રદ્ધા-જ્ઞાન ... પડી છે ? શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે કે નહિ ? કે આ ઉપાદેય છે. એવી દૃષ્ટિ ત્યાં છે, અને આ આદરણીય નથી. એનું કામ તો શ્રદ્ધા-જ્ઞાન તો કરે જ છે. ભલે રાગ હો, શુભરાગ હો, અશુભ હો. એમાં શું છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આ તમે ચારિત્રની, શ્રદ્ધાની વાત કહી તેથી ચાલે છે. શ્રદ્ધા, દ્રવ્યસ્વભાવ ધ્રુવ એકલો નિજાનંદ પ્રભુ ધ્રુવ, એના જ્યાં શ્રદ્ધા-જ્ઞાન થયા પછી વિકલ્પ હો તો વિકલ્પના કાળમાં પણ શ્રદ્ધા-જ્ઞાન શ્રદ્ધા-જ્ઞાનનું કામ કરે છે કે નહિ ? કે શ્રદ્ધા-જ્ઞાન કૂટસ્થ પડ્યા છે ? સમજાણું કાંઈ ? જેમ આ દ્રવ્ય કૂટસ્થ છે, એમ શ્રદ્ધા-જ્ઞાન થયા, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું કે આ ધ્રુવ આદરણીય છે–એવું ભાન થયું, રાગ આવ્યો, અશુભરાગ આવ્યો, વિષય-વાસનાનો રાગ આવ્યો એ વખતે શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે કે મફતના પડ્યા છે ? શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે કે આ આદરણીય છે અને આદરણીય નથી. એવું શ્રદ્ધા-જ્ઞાન નિરંતર સમયે સમયે કામ કરે છે. આહા..હા...! શું થાય ? માણસને મૂળ રીત અને મૂળ માર્ગ જ જ્યાં ખ્યાલમાં આવ્યો નથી અને બહારથી માની લીધું છે.

કહે છે કે **'પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે,...'** પહેલાં પરસ્વભાવ લીધું. તેથી

તે પરદ્રવ્ય છે. **'તેથી હેય છે;...'** અર્થાત્ ત્યાં લક્ષ દેવા લાયક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? જુઓ ! ભગવાન સર્વજ્ઞે કહેલું તત્ત્વ. પહેલી સમ્યગ્દૃષ્ટિ દશામાં જ ચોથે ગુણસ્થાનથી (આમ છે). સમ્યગ્દર્શનની પર્યાય જે ધ્રુવ ઉપર ગઈ ત્યારે સમ્યગ્દર્શન થયું. તો કહે છે કે પર્યાય જે છે એ પરસ્વભાવ છે. આહા..હા...! ગજબ વાત છે ને ! એ પરદ્રવ્ય છે. **'તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—'** ભાષા જુઓ ! સ્વભાવ લીધો માટે પરદ્રવ્ય. તો અંતઃતત્ત્વ એવો ભાવ એ સ્વદ્રવ્ય. અંતઃતત્ત્વનો સ્વભાવ એ સ્વદ્રવ્ય.

**શ્રોતા :–** વાસ્તવિક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાસ્તવિક પરદ્રવ્ય છે. યથાર્થમાં આશ્રય કરવાલાયક નથી. સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય. સ્વદ્રવ્ય દ્રવ્યપણે છે અને પર્યાય અવસ્તુ છે. દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. એની અપેક્ષાએ ભલે વસ્તુ હો. સ્વદ્રવ્યની અપેક્ષાએ અવસ્તુ છે તો અવસ્તુ કહો કે પરદ્રવ્ય કહો. આહા..હા...! સમજાણું કાંઈ ? ભારે વાતું, ભાઈ ! ... વાડામાં તો સાંભળવા (મળે નહિ). આહા..હા...!

કહે છે કે ભગવાન ! તું તો દ્રવ્ય છે ને ? તો એ દ્રવ્ય જ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્યનું સ્વરૂપ એ સ્વરૂપ, પર્યાયસ્વરૂપ એ દ્રવ્યનું સ્વરૂપ નથી. માટે એને પરભાવ કહીને, પરદ્રવ્ય કહીને હેય કહી. પર્યાયમાં રોકાઈશ નહિ. એ પર્યાયની એકતાબુદ્ધિ જ મિથ્યાત્વ છે. સાંભળો ! એ પર્યાયનો અંશ છે, એ મારામાં છે એવી એકતાબુદ્ધિ, આહા..હા...! એ જ મિથ્યાત્વ છે. **'પર્યાયથી સર્વથા દ્રવ્ય ભિન્ન છે.'**

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો નાશવાન પર્યાય છે. નાશવાન પર્યાયની અપેક્ષાએ અવિનાશી સર્વથા ભિન્ન છે. આહા..હા...! આ તે કાંઈ વાત છે ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ, કેવળી પણ્ણતો ધમ્મો શરણં એમ બોલે ખરા. સાંજ-સવાર મંગળિકમાં બોલે ને ? પણ શું ધર્મ છે અને કેમ થાય એની ખબર ન મળે. આહા..હા...!

કહે છે, **'હેય છે; અંતઃતત્ત્વ...'** એ અર્થમાં બધો ભાવ લેશે, હોં ! વાસ્તવમાં સહજ જ્ઞાનાદિ ભાવ અંતઃતત્ત્વ એને કહેશે. અહીં ભાવ લીધા છે ને ? અહીં ન્યાય સમજો. એક સમયની પર્યાયને પરભાવ કહીને, પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહ્યું. પછી હેય તો ઠીક. માટે હેય છે. હવે અંતઃતત્ત્વ, જે આત્મા છે એમાં અંતઃતત્ત્વ જો અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર, આનંદ જે ધ્રુવ સ્વભાવભાવ છે એ અંતઃતત્ત્વ છે. **'એવું સ્વદ્રવ્ય—'** છે. એ ભાવ જે અંતઃતત્ત્વ છે એ સ્વદ્રવ્ય છે. ત્રિકાળી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, ધ્રુવ ગુણ, ધ્રુવ સ્વભાવ. સમજાણું કાંઈ ?

**'અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—'** આમાં ખુબી જુઓ ને. અર્થમાં બહુ સરસ કહ્યું છે. અંતઃતત્ત્વ નામ ત્રિકાળી જ્ઞાન ધ્રુવ, ત્રિકાળી દર્શન ધ્રુવ, ત્રિકાળી આનંદ ધ્રુવ. એ અંતઃતત્ત્વ, અંતઃભાવ. એ

અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય. જેમ પર્યાય પરભાવ માટે પરદ્રવ્ય છે. અંતઃતત્ત્વ સ્વ માટે સ્વદ્રવ્ય. આહા..હા...! અલૌકિક વાત છે. 'ભગવાનજીભાઈ'!

**શ્રોતા** :– તાદાત્મ્યસંબંધ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નહિ, પર્યાયને અને દ્રવ્યને તાદામ્ય સંબંધ છે જ નહિ. અનિત્ય-તાદાત્મ્ય સંબંધ છે, નિત્ય–તાદાત્મ્ય સંબંધ છે જ નહિ. અરે..રે..! પ્રમાણ. પણ ભલે પ્રમાણ પણ એ નિશ્ચયનો સ્વીકાર કરીને પ્રમાણજ્ઞાન કરે છે. પ્રમાણ એમ જ્ઞાન નથી કરતું કે નિશ્ચય અભેદ છે એને છોડીને જ્ઞાન કરે છે. નિશ્ચયને તો એમ જ રાખે છે. નિશ્ચયને સાથે રાખીને વ્યવહારનું જ્ઞાન કરે તેનું નામ પ્રમાણજ્ઞાન છે. સમજાણું કાંઈ ?

પ્રમાણનો અર્થ શું ? નિશ્ચય જે છે એ દ્રવ્યનો આશ્રય કરે છે અને દ્રવ્યને જ સ્વીકારે છે. એ સ્વીકાર તો પ્રમાણમાં પણ છે. પણ એક અંશનો છે તો બીજો અંશ સાથે લઈને પ્રમાણ કરે છે, એમ કહે છે. પર્યાય છે એવું જ્ઞાન કરે છે. પર્યાય ક્યાં છે ? પર્યાય પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ? એય..! 'વજુભાઈ'! ભારે વાત, ભાઈ ! આ બધું વિચારવું પડશે.

**શ્રોતા** :– પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પર્યાયનો આશ્રય પર્યાયમાં, આત્મામાં નહિ. પર્યાયનું કારણ પર્યાય. પર્યાયના ષટ્કારક પર્યાયમાં પર્યાયને કારણે છે, આત્માના કારણે નથી. આત્મા સત્ છે એ પર્યાયનો કર્તા નથી અને પર્યાય સત્ છે એ દ્રવ્ય સત્નો કર્તા નથી. ભારે ગજબ વાત છે. આવો વીતરાગનો માર્ગ ! સમજાણું કાંઈ ?

**શ્રોતા** :– અનાદિ અનસ્પર્શીત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, અનસ્પર્શીત છે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. અસંખ્ય પ્રદેશમાં એક હોવા છતાં સ્પર્શતા નથી. પ્રદેશ ભિન્ન કહ્યું ને ? આહા..હા...! એ તો પર્યાયનો અંશ–પ્રદેશ એક ન્યાયે ભિન્ન છે. આહા..હા...! ગજબ વાત છે.

**શ્રોતા** :– આધાર નહીં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આધાર નહિ, એ તો રાગને કારણે કહ્યું હતું. પણ અહીં તો પર્યાયનો આધાર દ્રવ્ય નહિ, દ્રવ્યનો આધાર પર્યાય નહિ. એવી વાત છે જરી. 'વસંતભાઈ'! આહા..હા...! ભાઈ ! એ સત્ છે કે નહિ ? સત્ છે. દ્રવ્ય પણ સત્ છે કે નહિ ? તો સત્ છે તો એનો પર્યાય આધાર કેમ ? અને પર્યાય પણ સત્ છે તો પર્યાયને દ્રવ્યનો આધાર કેમ હોય ? આહા..હા...! ગજબ વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, એમણે જે તત્ત્વ જાણ્યું એ આવું ભગવાને જાણ્યું છે. આમ કહે કે ભગવાન સાચા, ભગવાન સાચા. પણ શું કહે છે એની ખબર નથી. એમાં તને સાચા ક્યાં આવ્યા ? સમજાણું કાંઈ ?

**શ્રોતા** :– માની લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે એવા માન તો ભગવાન સાચા. આહા..હા...! અને તારો ભગવાન સાચા, હોં ! એ ભગવાન સાચા તો પરમાં ગયા. આહા..હા...! ભગવાન તો કહે છે કે અમારી સામું જોવાથી તને વિકલ્પ ઊઠે છે અને વિકલ્પ તો કષાય છે. અમે કહીએ છીએ કે તારી દ્રવ્યની અપેક્ષાએ તો એ તને હેય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન એમ કહે છે. ત્રિલોકનાથ પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરની સમક્ષ પરમાત્મા આમ ફરમાવે છે. પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન બિરાજમાન છે. સમજાણું કાંઈ ? એ પરમાત્માની આ વાણી છે. સમજાણું કાંઈ ? 'કુંદકુંદાચાર્ય' ત્યાં ભગવાન પાસે ગયા હતા. ભગવાનની ... પરંપરાથી અહીંયા પણ એમને મળી હતી. સાક્ષાત્ પરમેશ્વરની જાત્રા થઈ, મહાવિદેહમાં ગયા. વળી કોઈ કહે મહાવિદેહમાં ગયા નહિ. અરે..! ભગવાન ! એ તકરાર. હમણાં કોઈ આવ્યા હતા ને ? 'સનાવત' માં તો એમ કહે છે કે મહાવિદેહમાં ગયા નથી. એય..! 'કુંવરચંદજી'! આવ્યા હતા, કાલે વાત કરતાં હતા. પત્ર આવ્યો હતા. મહાવિદેહમાં ગયા નથી. પણ આ આચાર્યો લખે છે ને ? એ પાઠમાં. અને 'પંચાસ્તિકાય'માં. સમજાણું કાંઈ ? આ 'પંચાસ્તિકાય'માં છે. લ્યો !

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આચાર્યે કહ્યું છે કે નહિ ? ... જુઓ ! આ પહેલી ટીકામાં છે. 'પંચાસ્તિકાય' ને ? 'જયસેનાચાર્ય'માં, હોં ! 'જયસેનાચાર્ય'માં છે.

આ લખ્યું છે, જુઓ ! '**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. તેમનાં બીજાં નામો પદ્મનંદી,...**' છે. '**હવે શ્રી કુમારનંદી-સિદ્ધાંતિદેવના શિષ્ય શ્રીમત્કુંદકુંદાચાર્યદેવે-જેમનાં બીજાં નામો પદ્મનંદી વગેરે હતા તેમણે-પ્રસિદ્ધકથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકરપરદેવના દર્શન કરીને,...**' 'પંચાસ્તિકાય' 'જયસેનાચાર્ય'ની ટીકા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, અહીં આવ્યું છે અને એક બીજી જગ્યાએ ત્યાં 'દેવસેનાચાર્ય'માં આવ્યું છે અને ત્રીજી જગ્યાએ 'અષ્ટપાહુડ'ની ટીકા શ્રુતસાગર ત્રણ જગ્યાએ છે. એક અહીં 'પંચાસ્તિકાય'માં આવ્યું છે, એક 'દેવસેનાચાર્ય'ના 'દર્શનસાર'માં આવ્યું. અહો..! 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ન ગયા હોત તો આ આખી ચીજ અમને ક્યાંથી મળત ? એમ લખ્યું છે. અહીં 'પંચાસ્તિકાય'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં અને 'અષ્ટપાહુડ'માં. 'અષ્ટપાહુડ' છે ને એમાં 'શ્રુતસાગર' કહે છે. છેલ્લે.

અહીં તો કહે છે કે અહો..! '**તીર્થંકરપરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્ય વાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને, ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ...**' જુઓ ! ... '**અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે...**' જુઓ ! અંતઃતત્ત્વ જ્ઞાયકભાવ, બહિર્ તત્ત્વ પર્યાયાદિ પર. '**ગૌણ-મુખ્ય પ્રતિપાદન**

**અર્થે અથવા શિવકુમાર મહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા...**' છે. લ્યો !

**શ્રોતા :–** ત્યાં રહેત તો મોક્ષ ચાલ્યા જાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોક્ષ ત્યાં જાય ? અહીંના પ્રાણી ત્યાં મોક્ષમાં જાય ? પંચમઆરામાં જન્મેલા પ્રાણી કોઈ ઠેકાણે મોક્ષ જાય ? ભગવાન પાસે ગયા હતા પણ ક્ષાયિક સમકિત નહોતું. અહીંના છે ને. આહા..હા...!

**શ્રોતા :–** ત્યાં ને ત્યાં કેમ ન રહ્યા ? અહીં શું કરવા આવ્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ત્યાં એની લાયકાત હતી ? આહાર-પાણી ... સાડા ત્રણ હાથના. શું કહેવાય સમજ્યા ને ? તીડ જેવા લાગે. તીડ-તીડ હોય ને ? પાંચસો ધનુષ બે હજાર હાથ ઊંચા. હવે આટલા આમ તીડ લાગે. ચક્રવર્તી કહે આ તે કોણ છે તીડ ? આ મનુષ્યના આકારે પંખી જેવું, તીડ જેવું કોણ છે ? ભગવાન કહે છે કે એ તો ભરતક્ષેત્રના અગ્રેસર આચાર્ય મહારાજ છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે, ઓહો..! '**તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—**' એ વળી '**આત્મા...**' પાછા એમ કરીને ત્રણ શબ્દ વાપર્યા. અંતઃતત્ત્વ એટલે અનંત જ્ઞાન–દર્શન જે ધ્રુવ, એવું જે અંતઃતત્ત્વ એ સ્વદ્રવ્ય અને સ્વદ્રવ્ય એ આત્મા. હજી તો આધાર-આધેય લેશે. સમજાણું કાંઈ ? એવો ભગવાનઆત્મા, એ '**આત્મા ઉપાદેય 'भवेत्' છે.**' એ ઉપાદેય છે. મૂળ ગાથાનો એટલો અર્થ છે. ભગવાન અંતઃતત્ત્વ, એ ધ્રુવ, જ્ઞાન, દર્શન, આનંદ જે ભાવ છે, એ અંતઃભાવ એ દ્રવ્ય–એ આત્મા એ જ અંગીકાર કરવા લાયક છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં એ જ આદરણીય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**આત્મા ઉપાદેય છે.**' ... એમ છે ને ? '**भवेत्**' છે ને ? અંતઃતત્ત્વ '**भवेत्**' આત્મા.. અંતઃતત્ત્વ તે જ હોય છે આત્મા. '**स्वद्रव्यमुपादेयम्**' અંતઃતત્ત્વ એ જ આત્મા. એ જ આત્મા. આહા..હા...! એવું સ્વદ્રવ્ય. પર્યાય-બર્યાય આત્મા નહિ. એમ કહે છે. આ તે કાંઈ વાત ! એ વ્યવહાર આત્મા છે. પાંચ પર્યાય વ્યવહાર આત્મા છે. વ્યવહાર આત્મા ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ આત્મા છે. અરે..રે..! ગજબ વાત છે ને ! આ તો વીતરાગની વાણી એમ કહે, હોં ! જગતને રુચે, ન રુચે, બેસે, ન બેસે પણ માર્ગ તો આવો છે.

હવે, આપણે અહીંયા ટીકા. જે વ્યવહારનયે પર્યાય કહી હતી તે જ શુદ્ધનિશ્ચયના બળે અંતર રધ્રુવ ઉપર દૃષ્ટિ દેતાં એ હેય છે, એ લક્ષમાં રહેતા નથી. પર્યાય અંદર લક્ષમાં આવતી નથી માટે, હેય કહેવામાં આવે છે. આહા..હા...! '**શા કારણથી ?**' હવે કહે છે કે હેય કહ્યું એ શા કારણથી ? સમજાણું કાંઈ ? '**શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.**' ચાર પર્યાય હેય છે. ઓહો..હો...! અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, આનંદ અનંતી પર્યાય જે પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? જે કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધ અને ત્રણ કાળ, ત્રણ લોક જણાય

છે, એક સમયની પર્યાય છે, તેથી હેય છે. આહા..હા...! શ્રુતજ્ઞાનીને તો છે નહિ પણ જેને કેવળજ્ઞાન છે એ કેવળજ્ઞાન પણ આ ધર્મીજીવને આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ ?

**'શા કારણથી ?'** લ્યો ! કયા કારણે હેય છે એમ કહેવું છે હવે. પાઠમાં તો એમ લીધું, **'परदव्वं परसहविमिदि हेयं'** અન્વયાર્થમાં એમ લીધું **'परस्वभावाः परद्रव्यम् हेयाः अन्तस्तत्त्वं स्वद्रव्यम् उपादेयम्'.** અર્થમાં હવે ટીકામાં **'શા કારણથી ?'** હેય છે. ક્યા કારણે હેય કહો છો ? ચાર પર્યાય, કેવળજ્ઞાનાદિની પર્યાય, ક્ષાયિક સમકિતની પર્યાય, અરે..! ચારિત્રની પર્યાય, ધર્મ-ચારિત્ર, ચરિત્તં ખલુ ધમ્મો, એવી ચારિત્ર પર્યાય, ત્રણ કષાયના અભાવની પર્યાય એ શુદ્ધ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ હેય છે.

**શ્રોતા** :- યથાખ્યાત ચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- યથાખ્યાત્ ચારિત્ર પણ હેય છે. અહીં તો અત્યારે છે નહિ માટે ઇ લીધું. ક્ષાયિકમાં યથાખ્યાત ચારિત્ર આવી ગયું નહિ ? આહા..હા...!

**'શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** કારણ કે તે પરસ્વભાવ છે. ઓહો..હો...! એ પોતાનો દ્રવ્યસ્વભાવ નથી. અંશ ભેદ એ પોતાનો દ્રવ્યસ્વભાવ નથી. 'વસંતભાઈ'! આવી વાતું ક્યાંય 'મુંબઈ'માં મળે એવું નથી, હોં !

**શ્રોતા** :- ક્યાંય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંય નથી ? લ્યો ! એ એય..! શેઠી ! તમારા ચિરંજીવી કહે છે આવી વાત ક્યાંય નથી. આહા..હા...! વાત તો એવી છે, ભાઈ ! ભગવાનના ઘરમાં આવી વાત છે.

**શ્રોતા** :- મુંબઈમાં વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ વાત ત્યાં થાય નહિ. દસ-દસ હજાર માણસો ભડકે બધાં. આ શું કહે એ સમજાય નહિ. એક જણો કહેતો હતો. બિચારો પ્રેમથી સાંભળવા આવ્યો હતો. મહારાજ કહે છે કાંઈ પણ કાંઈ સમજાણુ નહિ મને. શ્વેતાંબર હતો કો'ક. ક્યાંય વાત જ ચાલતી નથી. સંપ્રદાયમાં છે નહિ. છે તો બધી ઊંધી વાત છે. આમ કરવું, આમ ખાવું, આમ પીવું, આમ રહેવું, આમ છોડવું. આહા..હા...! સમજાણું કાંઈ ? પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગની બુદ્ધિ તો મિથ્યાત્વભાવ છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નિજદ્રવ્ય છે. એ સિવાય... પર હેય કેમ કહ્યું ? પર્યાયને હેય કેમ કહી ? ચાર પ્રકારના ભાવની જે પર્યાય છે એને હેય કેમ કહી ? શા માટે ? કે એ પરસ્વભાવ છે, એ દ્રવ્યસ્વભાવ નથી. આહા..હા...! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, આનંદ જે ધ્રુવ સ્વભાવ એ પર્યાય નથી. સમજાણું કાંઈ ? આ તો અલૌકિક ગાથા છે. 'અમરચંદભાઈ'! આહા..હા...! અરે..! પરસ્વભાવ ? ભગવાન ! પરસ્વભાવ કહો તો પરદ્રવ્યની પર્યાયને પરસ્વભાવ કહો. બહુ તો વિકાર દયા, દાનના વિકલ્પને પરસ્વભાવ કહો. ક્ષાયિક સમકિત અને ચારિત્રની પર્યાય પરસ્વભાવ ?

ત્રિકાળી સ્વસ્વભાવની અપેક્ષાએ એ પરસ્વભાવ છે. સમજાણું કાંઈ ?

ક્ષણિક છે, એક સમયની પર્યાય છે અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ છે. ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ તો ધ્રુવ છે. પરમપારિણામિક ભગવાનઆત્મા સહજ સ્વભાવરૂપ વસ્તુ, એ સ્વસ્વભાવ છે ત્યારે પર્યાય છે એ પરસ્વભાવ છે. આહા..હા...! આ વાત ! 'બાબુલાલજી'! કદી સાંભળ્યું નથી. લ્યો ! આ પંડિત લોકો કહે છે, કદી સાંભળી નથી. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત સાચી. સમજાણું કાંઈ ? પણ એ અનુભૂતિ કેમ થાય ? એ વાત ચાલે છે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી અનુભૂતિ થાય છે. પર્યાય ઉપર, વિકલ્પ ઉપર, નિમિત્ત ઉપર દૃષ્ટિ દેવાથી અનુભૂતિ થતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે અનુભૂતિ છે અને એને જોવી એ પણ પર્યાયબુદ્ધિ થઈ. એય..! અનુભૂતિ આ છે અને આ વિકાર છે, એ તો પર્યાયની દૃષ્ટિ થઈ. અહીં તો દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી અનુભૂતિ થાય છે, પણ એ અનુભૂતિનું લક્ષ કરવું એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાયનું લક્ષ થયું, દ્રવ્યનું લક્ષ છૂટી ગયું.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... સાંભળો છો કે નહિ આ ?

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. નહિ. આ જ સત્યાર્થ છે. ... એમ નથી. 'ચીમનભાઈ'! સમ્યગ્દર્શન થવામાં ધ્રુવનું જ શરણ છે, પર્યાયનું શરણ નથી.

**શ્રોતા :–** પ્રારંભિક પાઠ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રારંભિક પાઠ છે. લ્યો ! અમારા શેઠી (કહે છે). પ્રારંભિક પહેલો પાઠ છે આ. આહા..હા...! અલૌકિક વાત છે, ભાઈ !

કહે છે, એ ચાર પર્યાય હેય લીધી. પહેલાં સ્વભાવમાં લીધું હતું, પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય માટે હેય છે. અહીં તો પહેલેથી કહ્યું કે હેય છે. હવે હેય કયા કારણે કહ્યું ? એ પરસ્વભાવ છે માટે હેય છે, પરસ્વભાવ છે. આહા..હા...! ક્ષયોપશમજ્ઞાન, જ્ઞાનનો ઉઘાડ, નવ નવ પૂર્વનું, દસ દસ પૂર્વનું, ચૌદ ચૌદ પૂર્વનું, બાર અંગનું, પર્યાય જે ઉઘાડની છે, સમ્યગ્દૃષ્ટિની, તો કહે છે કે એ બાર અંગનો વિકાસ જે પર્યાયમાં થયો, કહે છે કે એ પરસ્વભાવ છે. આહા..હા...! ત્રિકાળ મહાસાગર ધ્રુવ પડ્યો છે એની સામે એક અંશની ગણતરી શું ? સમજાણું કાંઈ ? મહાસાગર પડ્યો છે, પ્રભુ મહાસાગર. અનંતા... અનંતા... અનંતા... અનંતા... કેવળજ્ઞાનના પેટ જેમાં પડ્યા છે, એના ભાવમાં. આહા..હા...! એવો પોતાનો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો સ્વભાવ, સ્વતત્ત્વ,

એ અપેક્ષાથી... પર્યાય હેય કેમ કહી ?–કે પરસ્વભાવ છે એ અપેક્ષાએ હેય કહી. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, ભગવાનની વાણી હેય છે. હાય.. હાય.. દિવ્યધ્વનિ હેય છે. પણ એ તો પરદ્રવ્ય છે. એને સાંભળવામાં વિકલ્પ આવે એ હેય છે, એ તો રાગ છે. પણ જ્ઞાન કરે છે જ્ઞાન પોતાનું, સમ્યગ્દર્શનપૂર્વક જે સ્વનું જ્ઞાન થયું, એમાં રાગ આવ્યો એ રાગનું જ્ઞાન પર્યાય કરે છે કે એ પર્યાય પણ પરસ્વભાવ છે, ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે, પોતાનો નિજ સ્વભાવ નહિ. આહા..હા...! આ તે કાંઈ વાત છે ! 'વસંતભાઈ'! આવું કદી સાંભળ્યું જ નથી. આ તો શબ્દે શબ્દનો અર્થ થવો જોઈએ ને. આમ ને આમ માની લે એમ ન ચાલે. એને ન્યાય ખ્યાલમાં આવવો જોઈએ ને ?

**શ્રોતા** :– સ્વસમય અને પરસમય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સ્વસમય, પરસમયની અહીં અત્યારે વાત નથી. એ બે પર્યાય. એની વાત અત્યારે નથી. અહીં તો દ્રવ્ય અને પર્યાય બે વચ્ચે વાત છે. સ્વસમય તો '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' એ તો પર્યાય થઈ. એ પર્યાયને અહીં કહે છે કે આ પરસ્વભાવ છે, કેમ કે એ દૃષ્ટિનો વિષય નથી. આહા..હા...! ભારે કામ, ભાઈ ! સમજાણું કાંઈ ?

'**કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' '**તેથી જ પરદ્રવ્ય છે.**' જેમ શરીર, વાણી, કર્મ પરદ્રવ્ય છે, તો એમાંથી પોતાની નવી ધર્મપર્યાય પ્રગટતી નથી. એમ પર્યાય જે પ્રગટ છે, એમાંથી નવી પર્યાય પ્રગટતી નથી. તો એ સ્વદ્રવ્ય ન થયું. દ્રવે તે દ્રવ્ય. સમજાણું કાંઈ ? પર્યાય દ્રવે અને પર્યાયમાંથી નવી પર્યાય આવે છે એમ નથી, માટે એ પરદ્રવ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તેથી હેય છે એમ કહ્યું. હેયથી લીધું ને હેયથી ? સર્વ પર્યાય હેય છે, કેમ કે પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે. હવે ઉપાદેય કોણ છે એ વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. જ્ઞાતા છે તે, તે જ સમયના જ્ઞેયપરિણામને જાણે, તે જ જ્ઞાતાનું કાર્ય છે. ૫૧૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, શ્લોક–૧૨૯-૧૩૦
## પ્રવચન નં. ૧૦૩, તા. ૧૧-૧૨-૧૯૭૯
## [૨૧]

આજે 'કુંદકુંદાચાર્ય'ની પદ્વી આરોહણનો દિવસ છે. આપણે માગશર વદ આઠમ છે. સિદ્ધાંત અને આગમને હિસાબે પોષ વદ આઠમ છે આજે. વદ પહેલી બેસે છે ને ? સુદ પછી (આવે). આજે પોષ વદ આઠમ છે. એમાં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ને આજે આચાર્યપદ આપ્યું હતું. આચાર્યપદ આપવાનો આજે દિવસ છે. જેણે 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.' ત્રીજે પદે જે આવ્યા છે. જેનો ઉપકાર ભરત ઉપર અનંતો વર્તે છે. 'સમયસાર' આદિ શાસ્ત્રો એમણે જે રચ્યા એ સાક્ષાત્ ભગવાનને સાંભળી અને આવીને રચ્યા છે. એમની આચાર્યની પદવીનો દિવસ છે. એમણે આચાર્ય પદવીની અંદરમાં પાંચ પદનું આરાધન કર્યું ચૈતન્યનનું આરાધન કર્યું. પરમપારિણામિક સ્વભાવ, જ્ઞાયકભાવ. એ આપણે આવી ગયું છે. સમસ્ત મુનિના હૃદયકમળમાં હંસલો વર્તે છે. આવી ગયું છે ને ? આહા..હા...!

એ 'કુંદકુંદાચાર્ય'. આમ ઉપરથી આપે એટલે આચાર્ય પદ આવી જાય એમ નથી. સહજ અંતરની દશા છે. આહા..હા...! જેના ત્રણ કષાયનો અભાવ થયો, અતીન્દ્રિય આનંદનો ઉગ્ર વૈભવ પ્રગટ્યો. એ પાંચમી ગાથમાં કહ્યું. પ્રચુર સ્વસંવેદન, ઘણું જ આનંદનું વેદન આવ્યું છે. જે સ્વરૂપે સૌખ્યરૂપ, સુખસ્વરૂપ, સુખસ્વભાવ, સ્વ-ભાવ, સુખ સ્વભાવ સ્વરૂપ આત્મા, એનું પર્યાયમાં પ્રચુર વેદન વર્તે છે. આહા..હા...! એને અહીંયા આચાર્ય પદવી કહેવાય છે. અલૌકિક વાત છે, ભાઈ ! પાંચ આચાર અને પરમ ઉપયોગ. 'પ્રવચનસાર'માં કહ્યું છે ને ? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમ પંચ આચારના ઉપયોગમાં હોય છે, વિકલ્પમાં નહિ. અંદર નિર્વિકલ્પ પરમ આચાર, પરમ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. એવા પરમ શુદ્ધ ઉપયોગ... આહા..હા...! એમાં વિચરનારા, એને સંઘે મળીને આચાર્ય પદ આપ્યું. એવી આજ તિથી, મોટી તિથિ છે. તેથી પૂર્વની અપેક્ષાએ કહીએ તો વર્તમાનમાં આજે જ જાણે ભગવાનને આચાર્યપદ આપ્યું હોય. આચાર્ય પદ આજે જ આપ્યું હોય એમ નૈગમનયથી ભૂતકાળને વર્તમાનકાળમાં કહેવામાં આવે છે. આહા..હા...!

'નિયમસાર'માં કહ્યું છે ને ? કે સિદ્ધને પણ ગયા કાળના અનંતા બહિરાત્મા આદિ જે થયા, એ પણ અત્યારે એને કહેવાય, પૂર્વની અપેક્ષાએ. 'નિયમસાર'માં પહેલાં આવી ગયું એ. આહા..હા...!

સિદ્ધને પણ બહિરાત્મા, અંતરાત્મા એવી દશાઓ જે બધી વીતી ગઈ, બધી વર્તમાનમાં પણ નૈગમનયથી કહી શકાય. આહા..હા...! પહેલાં ભાગમાં છે. 'કુંદકુંદચાર્ય'ને તો પરમાત્મપદ થવાનું છે. આહા..હા...! જે એમ કહ્યું અમે તો કેવળજ્ઞાનમય છીએ. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખસ્વરૂપ છીએ. અને અમે તો પરમ કેવળજ્ઞાનાદિ છીએ. આહા..હા...! શક્તિએ તો છીએ, શક્તિએ તો છીએ પણ વ્યક્તિએ અમે પરમાત્મદશા, મોક્ષના માર્ગમાં છીએ તો અમે અત્યારે મોક્ષમાં જ છીએ એમ કહે છે. આહા..હા...! 'પ્રવચનસાર'. એની પોતાની ગાથા છે.

મોક્ષમાર્ગને મોક્ષતત્ત્વ જ કહ્યું. અમે મોક્ષમાં છીએ. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ, ભગવાન ! સચ્ચિદાનંદ પ્રભુ ! ખરેખર તો આરૂઢ એમાં થવું એ આચાર્યપદ છે. બહારમાં તો વ્યવહાર... અંતરમાં આનંદસ્વરૂપમાં આરૂઢ થવું. આહા..હા...!

એ અહીં કહે છે. જુઓ ! '**વળી (૯૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :–**' છે ? ૧૨૯ શ્લોક છે. ૧૨૯. ઉપરનો વંચાઈ ગયો છે.

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम्।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्।।१२९।।**

આહા..હા...! માર્ગ કોઈ અલૌકિક છે. સાધુપદથી આચાર્યપદ, મુનિપદ કોઈ અલૌકિક છે. ખરેખર તો પાંચ પદ સ્વરૂપ આત્મા છે. અંદર સ્વભાવ જ એનો છે ત્યારે બહાર આવે છે, પ્રગટ થાય છે. આચાર્યપદ જે પ્રગટ્યું એ તો અંદર સ્વભાવમાં છે, એ બહારમાં પ્રગટ થાય છે. એ અહીં કહે છે કે '**આત્મા...**' અપૂર્વ વાત છે, બાપુ ! આહા..હા...! આ આત્મા અંદર આ દેહથી ભિન્ન (બિરાજે છે). આ તો માટી છે. આ શરીર જડ, માટી, અજીવ, ધૂડ છે. કર્મ અંદર માટી-ધૂડ છે. એ તો આત્માના પ્રદેશ પર્યાયમાં પણ નથી. પણ પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ–એ પણ વસ્તુમાં નથી. એ આત્માના નથી, આત્માની ચીજ નથી. આહા..હા...! એને અહીંયા આત્મા પરમેશ્વર કહે છે.

'**આત્મા આત્મામાં...**' આહા..હા...! એ '**આત્મા આત્મામાં...**' પરમ શુદ્ધ સ્વભાવ જે આત્મા ત્રિકાળી, એ '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' પોતાના આત્માના ગુણો જે જ્ઞાન, દર્શન, આનંદ છે એવા જે અનંત ગુણોથી ભરેલો ભગવાનઆત્મા અંદર છે. આહા..હા...! જેના મહાત્મ્યની વાણીમાં પણ મહાત્મ્ય પૂરા આવ્યા નથી એવો એ પ્રભુ અંદર દેહમાં બિરાજમાન છે એને અહીં આત્મા કહે છે. કીધું ને ? '**આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' છે. આહા..હા...! લોકો આ બહારના ધૂડવાળા હોય એને એમ કહે છે ને ? કે આ ૨૫ લાખનો આસામી, ૫૦ લાખનો આસામી,

કરોડનો આસામી. 'ચીમનભાઈ' ! આ 'ચીમનભાઈ'ના શેઠ ૫૦ કરોડનો આસામી છે. ૫૦ કરોડનો આસામી. ધૂડનો. એ નહિ, બાપુ ! એ તો માટી, ધૂડ જગતની ચીજ છે. એ કાંઈ તારામાં નથી, તું એનામાં નથી, તારી એ નથી. પણ તારામાં પુણ્ય અને પાપ થાય એમાં પણ તું નથી, તે તારામાં નથી, તે તારા નથી, તું તેમાં નથી, તે તારામાં નથી. આહા..હા...! અરે..! આવી વાત છે. આ જગતમાં રહેવા ધંધા-પાણી સંસારના. આકરું કામ. ભાઈ પૂછતાં હતા, 'રમણીકભાઈ'. આ દુકાનમાં પાંચ વર્ષ ધંધો કરતાં હતા ત્યારે રસ હતો કે નહિ ? એમ પૂછતાં હતા.

પહેલેથી હું તો ભગત કહેવાતો. દુકાન ચાલતી. ઘરની પિતાજીની દુકાન હતી. પણ હું ભગત જ કહેવાતો. દુકાન ચાલે, ચલાવે. છતાં પહેલી વસ્તુ ધર્મ આ. શાસ્ત્ર, શ્રવણ, વાંચન પહેલું. પછી દુકાન. ૧૮ વર્ષની ઉંમરથી. આ તો ૯૦ વર્ષ થયા. શરીરને તો ૯૦ વર્ષ થયા. આ તો ૭૨ વર્ષ પહેલાંની વાત છે. આહા..હા...! એમાં ક્યાંય રુચિ નહોતી, રસ નહોતો, રસ. ટાણા આવ્યા એટલે ભાઈને કહ્યું, બાપુ ! હું રહી નહિ શકું. આ દુકાન હું નહિ ચલાવી શકું. હું દુકાન છોડી દઉં છું. અરે..! એ ક્યાં દુકાન ? અરે..! ક્યાં રાગ ? ક્યાં પ્રભુ ? આહા..હા...! એ બહારની ચીજ તો ક્યાંય જડ રહી, એ તો આત્મા કરી શકતો નથી. પણ આત્મામાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ પણ એનું કર્તવ્ય નથી, તે તેનું કાર્ય નથી. વ્યાપ્ય-વ્યાપક આપણે આવી ગયું છે. વ્યાપ્ય નથી. આત્માનું વ્યાપ્ય અવસ્થા નથી. વિકાર એ આત્માનું કાર્ય નથી. આહા..હા...!

ભગવાન ચૈતન્યસ્વરૂપ પોતાના ગુણોથી સમૃદ્ધ છે, એમ કહ્યું. પરને લઈને નહિ, રાગને લઈને નહિ. આહા..હા...! રાગ એ વિકાર છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, વિકાર છે. એનાથી સમૃદ્ધ આત્મા નથી. આહા..હા...! છે એમાં ? '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' છે. નિજ આત્માના ગુણોથી સમૃદ્ધ છે. આહા..હા...! ક્યારે બેસે અને ક્યારે વિચારે ? આ દુનિયા એમ ને એમ ચાલી જાય છે. આહા..હા...! નિજ આત્મા. પહેલાં બે લીધા. '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' છે. આત્મા આત્મામાં પોતાના ગુણોથી સમૃદ્ધિવાળો છે. પોતાના ગુણોની સમૃદ્ધિ એમાં ભરેલી છે. આહા..હા...!

અહીં તો એક મૂળો સારો મળે. શાક લેવા જાય ત્યાં ચાર આનાનું શાક લે. એક મૂળો મફત આપજો. મૂળી, મૂળી. છોડી જોડે હોય તો કહે, આપો. ત્યાં ખૂશી થઈ જાય મૂળો મળે ત્યાં. આહા..હા...! પ્રભુ ! તું ક્યાં ગયો ? પ્રભુ ! તું કેવડો છે ? ક્યાં છો ? વીતરાગ પરમેશ્વર પોકારે છે. પ્રભુ ! તું કેવડો છો ? ક્યાં છો ? તું આત્મા તો આત્મિક ગુણોથી સમૃદ્ધ છો. આહા..હા...! એ પણ સાંભળ્યું ન હોય. આત્મા આત્મા કરે. આત્મા છે, દેહમાં આત્મા છે થઈ રહ્યું લ્યો. હાલે-ચાલે એ આત્મા. અરે..! પ્રભુ ! હાલવું-ચાલવું તો ક્યાંય રહી ગયું. પણ એનામાં અલ્પતા પણ નથી, પુણ્ય-પાપના વિકાર પણ નથી, આત્માના ગુણથી સમૃદ્ધ છે એમ કહે છે. આહા..હા...!

આજે ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો આરોહણનો દિવસ છે. એ કહે છે કે '**આત્મા આત્મામાં નિજ**

**આત્મિક ગુણોથી...**' એટલે નિજ સ્વરૂપના ગુણોથી '**સમૃદ્ધ આત્માને—**' આહા..હા...! એવો જે સમૃદ્ધિ ભગવાનઆત્મા અંદર બિરાજે છે. આહા..હા...! કોઈ દિ' સાંભળ્યો ન મળે, ખબર ન મળે. '**એક પંચમભાવને-જાણે છે...**' એ શુદ્ધાત્માને એટલે એક પંચમભાવને જાણે છે. આહા..હા...! ધર્મીજીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગે કહ્યો તેવો આ આત્મા આત્મામાં આત્માના ગુણથી સમૃદ્ધ એવા એકને જાણે છે. આહા..હા...! આવું ક્યાંય સાંભળ્યું નથી, 'ઝવેરચંદભાઈ'! આ તમારા મામાનું કીધું હતું ને બધું. આહા..હા...!

ભગવાનઆત્મા પોતે '**આત્મા આત્મામાં...**' આહા..હા...! '**નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' ભગવાન ભરેલો છે, એકરૂપે છે. આહા..હા...! શું શબ્દો ! પાર ન આવે. આત્મા, અંદર ભગવાનઆત્મા અંદર વસ્તુ, ભગવત્ સ્વરૂપ છે એ તો. પરમેશ્વર સ્વરૂપ છે. પરમેશ્વર થયા, અરિહંત ને સિદ્ધ, એ થયા ક્યાંથી ? બહારથી થયા છે ? કે અંદરમાં એનું સ્વરૂપ છે એ બહાર આવ્યું છે. આહા..હા...! અરે..! એણે કોઈ દિ' જાણ્યો નહિ, એને માન્યો નહિ એથી એણે માણ્યો નહિ. જાણ્યો નહિ, માન્યો નહિ માટે માણ્યો નહિ એટલે અનુભવ્યો નહિ. આહા..હા...! એ વરને મૂકીને જાન બધી જોડી દીધી. રખડવાની પટ્ટીયું. ચાર ગતિમાં રખડવા. આહા..હા...! શું શબ્દ વાપર્યો છે ?

'**આત્માકિ ગુણોથી સમૃદ્ધ આત્માને—**' ત્રણ અને ચાર વાર આત્મા (શબ્દ) આવ્યો. છે ને ? નિજ ગુણથી સમૃદ્ધિ, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતાથી ભરેલો ભગવાન છે. આહા..હા...! એવી પોતાની સમૃદ્ધિથી ભરેલા આત્માને એક પંચમભાવને જાણે છે. આહા..હા...! એ પંચમભાવ જે ત્રિકાળી સ્વભાવભાવ, જેને કોઈ અપેક્ષા નથી. ત્રિકાળી એકરૂપ પરમાત્મા અંદર છે. પોતે જ પરમાત્મસ્વરૂપ છે. આહા..હા...! એકને જે જાણે છે, દેખે છે... આહા..હા...! જે આવો આત્મા '**જાણે છે અને દેખે છે;...**' અંદર. આહા..હા...! આ બધું બહારનું દેખવું મૂકી દઈને અંદર પોતે ભગવાન છે એને દેખે છે. બહારનું જાણવું છોડીને અંદર પોતાને જાણે છે. આહા..હા...!

'**તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી...**' આહા..હા...! એવો જે પ્રભુ પોતાની સત્તાનું અસ્તિત્વ, પંચમભાવસ્વરૂપ, પારિણામિક સ્વભાવસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, અનાદિ અનંત સ્વરૂપ કદી એણે છોડ્યું નથી. પંચમભાવને.. પંચમભાવ સમજાય છે ? પાંચ ભાવ છે ને ? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. ચાર પર્યાય છે અને આ ગુણ છે, સ્વભાવ છે. પંચમભાવ એ સ્વભાવ છે અને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ એની ચાર પર્યાય છે. ગુણ અને પર્યાય શું એની પણ ખબર ન મળે. અમે જૈન, અમે વાડામાં પડ્યા છીએ, જૈન છીએ. અરે..! જિંદગી ચાલી જાય છે. મૂળ વીતરાગમાર્ગ કહે છે એ સમજવાની દરકાર કરતો નથી. આહા..હા...!

કહે છે કે '**એક પંચમભાવને એણે છોડ્યો નથી...**' એક શબ્દ વાપર્યો. '**સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ...**' ભગવાન એમ ને એમ બિરાજે છે. આહા..હા...! પોતાના ગુણની સમૃદ્ધિથી, પોતાના ગુણની ઋદ્ધિથી, પોતાના અનંત ગુણની સામગ્રીથી, શુદ્ધિથી, ઋદ્ધિથી એકને કદી તેણે છોડ્યો

નથી. આહા..હા...! આવો કેવો ઉપદેશ ? ઓલો કહે કે દયા પાળવી, વ્રત કરવા, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા એવું તો સમજાય. હવે એવું તો અનંત વાર કર્યું. એ બધી શુભરાગની ક્રિયા છે. એ કાંઈ આત્મા-ફાત્મા ત્યાં નથી. ત્યાં આત્મા આવતો નથી અને આત્માને ત્યાં જરીએ લાભ પણ નથી. આહા..હા...!

આવો જે પંચમભાવરૂપ આત્મા એટલે કે પર્યાયમાં ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ, ઉદય પર્યાય છે એ નહિ, આ તો ત્રિકાળી ધ્રુવ, એવા **'પંચમભાવને એણે છોડ્યો નથી જ...'** આહા..હા...! જ્યારે જુઓ તો ભગવાન અંદર પૂર્ણાનંદ બિરાજમાન છે. પણ તારા જોવાની આળસે પડ્યો રહ્યો છે. 'નયણને આળસે રે ન નિરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આ આત્મા. વ્યવહારથી રાગ અને દ્વેષ અને અજ્ઞાનને હણે એને અહીંયાં (હરિ કહે છે). હરિ આત્મા અને આત્મા તે હરિ. બીજો હરિ-બરી કોઈ કર્તા-ફર્તા નથી. કોઈ ઈશ્વર છે અને કર્તા છે એમ નથી. હરિ તો અહીં હૃદયમાં ભગવાનઆત્મા બિરાજે છે. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે કે અધિષ્ઠાતા એક છે. એ હું હૃદયમાં જોઉં છું. અધિષ્ઠાતા અહીં છે, બહારમાં ક્યાંય છે નહિ. આહા..હા...!

**'અને અન્ય એવા પરમભાવને—'** પંચમસ્વભાવભાવ કદી છોડ્યો નથી. ધ્રુવભાવ, નિત્યભાવ, અવિચળ નિત્ય પ્રભુ, એવા ભાવને કદી છોડ્યો નથી. એને છોડે એટલે નિત્યને છોડે તો શું થાય ? નિત્યપણું રહે નહિ એટલે વસ્તુ રહે નહિ. એ તો કોઈ દિ' છોડ્યો જ નથી. આહા..હા...! **'અને અન્ય એવા પરભાવને...'** આત્મા સિવાય બીજા ભાવને **'—કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...'** એ તો પુદ્ગલનો વિકાર છે. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ તો પુદ્ગલનો વિકાર છે, પ્રભુ ! તારી ચીજ નહિ. આહા..હા...! તારામાં તો ચૈતન્યચમત્કાર આનંદનો મહારસ પડ્યો છે, પ્રભુ ! અતીન્દ્રિય આનંદની સમૃદ્ધિથી ભરેલો પ્રભુ તું છો. અતીન્દ્રિય વીતરાગ સ્વભાવે ભરેલો ભગવાનઆત્મા છે. ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી ? એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવે છે. આહા..હા...! આવો ઉપદેશ.

**'એવા પરમભાવને કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...'** આહા..હા...! ખરેખર તો એણે ક્ષાયિકભાવ પણ ગણ્યો નથી. એને પૌદ્ગલિક વિકાર ગણ્યો છે. ચાર ભાવને વિકાર ગણ્યા છે. આવે છે ને ? અંદર 'નિયમસાર'માં આવે છે. વિકાર શું ? કે જેને કર્મની અપેક્ષા આવીને ! વસ્તુ તો ત્રિકાળ એકરૂપ પ્રભુ છે. અનંત અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલો ભગવાન છે. એને કોઈ કર્મના અભાવ અને કર્મના સદ્ભાવની કોઈ અપેક્ષા જ નથી. ક્ષાયિકભાવ અને ક્ષયોપશમમાં કર્મના અભાવની અપેક્ષા છે, ઉદયમાં કર્મની અપેક્ષા છે, ઓલામાં અભાવની અપેક્ષા છે. એક આ અપેક્ષા વિનાની ચીજ છે. અને ખરેખર એ પંચમભાવ સિવાય... આહા..હા...! **'અન્ય એવા પરમભાવને કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...'** આહા..હા...! અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલો ભગવાન, એ સિવાય બધું વિકાર છે. આહા..હા...! છે ?

**'તેને—એ ગ્રહતો નથી...'** એ દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ એ તો વિકારને કોઈ દિ' પકડતો નથી. નિજને છોડતો નથી અને પરને ગ્રહતો નથી. આહા..હા...! આવી વાતું ! આહા..હા...! આવો જૈન ધર્મ. વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથને સર્વજ્ઞપણે જણાણું તે આ વાત ભગવાન જગત પાસે જાહેર કરે છે. આહા..હા...! અનંત આત્માઓ, પોતાના અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલા ભગવાને જોયા. આહા..હા...! પરભાવ કદી અડ્યો નથી અને જે ભાવ છે એને કદી છોડ્યો નથી. કોઈ દિ' અલ્પપણે પણ થયો નથી. વિકારપણે તો થયો નથી પણ એ સ્વભાવભાવ, સ્વભાવભાવ, ત્રિકાળી સ્વભાવભાવ, ત્રિકાળી ગુણ સમૃદ્ધિ ભાવ ભગવાન એ અલ્પ ભાવે થયો નથી. આહા..હા...! અલ્પ ભાવને અને વિકારને કદી ગ્રહ્યો નથી. આહા..હા...! આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન આને કહીએ, બાપા ! આ તો લોકો કોઈને કાંઈ ખબર ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમકિત. નવ તત્ત્વને માનો એટલે સમકિત. થઈ રહ્યું. હાલી નીકળ્યા.

ત્રણ લોકનો નાથ, જિનેશ્વર, પરમેશ્વરનો આ હુકમ છે. 'કુંદકુંદાચાર્ય' આ હુકમ લઈને આવ્યા. ભગવાન પાસે ગયા હતા. ભગવાન સીમંધરસ્વામી મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. સીમંધર સ્વામી તીર્થંકર બિરાજે છે ત્યાં આઠ દિ' રહ્યા હતા, બે હજાર વર્ષ પહેલાં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા. આહા..હા...! ભારે ગજબ વાત.

**'આત્મા આત્મામાં...'** ગુણ સમૃદ્ધિથી ભરેલો આત્મા, તેને કોઈ દિ' છોડતો નથી અને અન્ય ભાવને કોઈ દિ' ગ્રહતો નથી. આહા..હા..! એ ભાષા થોડી, પ્રભુ ! માર્ગ બહુ અલૌકિક છે. આહા..હા...! આને તો હજી સમ્યગ્દર્શન કહીએ. સમ્યક્ ચારિત્ર તો બીજી વાતું છે, બાપા ! એ ચારિત્ર ક્યાં છે ? લોકો માને એ ચારિત્ર-ફારિત્ર નથી. લુગડા છોડ્યા, દીક્ષા લીધી, મહાવ્રત છે, દીક્ષીત (છે) એ ચારિત્ર-ફારિત્ર નથી. આહા..હા...! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં ચારિત્ર ક્યાં આવ્યા ? આહા..હા...! બહુ સરસ શ્લોક છે. 'પદ્મપ્રભમલધારીદેવ' ટીકા કરનારે આ શ્લોક કહ્યા છે, હોં ! **'તેને એ ગ્રહતો નથી જ.'** આહા..હા...! ૧૩૦.

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चेन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने।।१३०।।**

આહા..હા...! દેવોને અમૃતના ભોજન છે. દેવ છે ને, દેવ ? ચાર ગતિ છે ને ? આ મનુષ્ય, તિર્યંચ, નારકી. નીચે નરક છે અને આ દેવ છે. એ દેવને હજારો વર્ષે અમૃતના ભોજનનો ઓડકાર આવે. જેને અમૃતના ભોજનનો સ્વાદ આવ્યો એને રોટલા-રોટલી રાંધવા કરવા એ એને ક્યાંથી આવ્યું ?

આહા..હા...! આ તો દાખલો આપ્યો.

**'અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને હવે...'** વિગ્રહ છે ને ? **'રાગ-દ્વેષાદિ કલહ;...'** રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે એ કલહ છે. આ તો ભાઈ બહુ ઝીણી વાતું છે, ભગવાન ! એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના તો કલહ છે પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પણ કલહ, ક્લેશ અને રાગ છે. આહા..હા...! એક શુભરાગ છે અને એક અશુભરાગ છે. બે રાગ છે. આહા..હા...! એ રાગ, દ્વેષ **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહ...' 'રાગ-દ્વેષાદિ કલહ; શરીર.'** એ રાગ-દ્વેષ એ શરીર છે. આહા..હા...! એક કોર ભગવાન ચૈતન્યનું અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલું શરીર અને એક બાજુ પુણ્ય-પાપના ક્લેશથી ભરેલું શરીર. આહા..હા...! એક કોર અમૃતનો સાગર ભગવાન અંદર, પૂર્ણ અમૃત ભર્યું છે. સિદ્ધ ભગવાન થયા એ અમૃતપણું ક્યાંથી આવ્યું ? અમૃત એટલે પોતે મરે નહિ અને બીજાને મારે નહિ. બીજાથી મરે નહિ, બીજાને મારે નહિ, પોતે મરે નહિ એવું જે અમૃત. આહા..હા...! એવો જે આ ભગવાન અંદર ધ્રુવ નિત્ય અમૃત સ્વરૂપ ભગવાન, એ અમૃત છે. અ-મૃત. એ કોઈ દિ' મરે નહિ. અમૃત છે એ કોઈ દિ' કોઈને મારે નહિ. અમૃત એવું છે એ કોઈ દિ' કોઈનાથી મરે નહિ. આહા..હા...! એવો જે અમૃતનો સાગર, પ્રભુ ! આચાર્ય મહારાજનો આરોહણનો દિવસ છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, પ્રભુ !

પ્રભુ ! કહીને જ અહીં તો બોલાવે છે. ભગવાનઆત્મા... આહા..હા...! અંદર દેહદેવળમાં (બિરાજે છે). આ તો માટી, હાડકા અને ચામડા છે, બાપા ! અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ વિકારરૂપી શરીર છે. એ તારું શરીર વિકાર શરીરથી જુદું છે. શરીર એટલે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ શરીર તારું જુદું છે. આહા..હા...! જ્ઞાન વિગ્રહમ, એમ શાસ્ત્રમાં પાઠ છે. જ્ઞાનરૂપી શરીર. આ ક્લેશરૂપી શરીર છે. આહા..હા...! શુભ અને અશુભરાગ એ ક્લેશરૂપી શરીર છે. આકરી વાત છે, પ્રભુ ! નવાને પહેલાં સાંભળવી કઠણ પડે. અનાદિથી વસ્તુ સ્વરૂપ તો આ છે. એ અમૃતનો સાગર અંદર ડોલે છે. એ અમૃતના સાગરથી ભરેલો ભગવાન... આહા..હા...! અ-મૃત કોને કહે ? કોઈ દિ' મરે નહિ, કોઈને મારે નહિ, કોઈથી મરે નહિ. આહા..હા...! કોઈ એને ધ્રુવને અડી શકે નહિ. આહા..હા...! એવો જે અમૃતસ્વરૂપ ભગવાન ! આહા..હા...!

**'દ્રવ્યનો આગ્રહ કરવાથી...'** પરદ્રવ્યનો આગ્રહ કરવાથી–શરીર મારું, વાણી મારી, પુણ્ય મારા, દયા-દાન-વ્રત મારા–એવા વિકલ્પો રાગ છે. એવો **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતાં આ વિગ્રહને...'** થતાં ક્લેશને, થતાં એ વિગ્રહના શરીરને **'હવે છોડીને,...'** હવે છોડીને. એ શું કહ્યું ? બાપુ ! હવે તો છોડ, નાથ ! પ્રભુ ! તને પકડવામાં અનંત કાળ ગયો. અનંત કાળ વીત્યો નાથ તારા ઉપર ભવભ્રમણના ધોકા પડ્યા છે. હવે તો છોડ.. હવે તો છોડ. આહા..હા...! આથી હવે બીજું શું કહે ? હવે તો છોડ એટલે ? અત્યાર સુધી કર્યું, પ્રભુ ! તેં બહુ ઊંધુ કર્યું અને ભવભ્રમણ ચોરાશીના

અવતારમાં, અનેક યોનિમાં અનંત અવતાર કરી ચૂક્યો છે, બાપા ! આહા..હા...! હવે તો છોડ. આહા..હા...! હવે તો પ્રભુ ઉપર નજર નાખ. જે અમૃતસાગર છે ત્યાં નજર નાખ. ત્યારે સંસાર છૂટશે. એ વિના સંસાર છૂટે એવો નથી. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, કરોડોના દાન કરે, મોટા મંદિરો બનાવે. ભાઈ ગયા ને ? 'ચંદુભાઈ'. 'વડોદરા'માં મંદિર બનાવે છે. એક લાખ પાંત્રીસ હજાર નાખ્યા. એણે પોતે આપ્યા. એક લાખ પાત્રીસ હજાર. 'ચંદુભાઈ' નહોતા ? 'ભભુતમલે' આઠ લાખ આપ્યા. 'સાયલા'ના મારવાડી. એ આ 'બેંગલોર'માં મંદિર બનાવ્યું ને ? જિનમંદિર દિગંબર બનાવવા આઠ લાખ અને ચાર લાખ બીજા 'જોગરાજજી'એ (આપ્યા). મહાવીર માર્કેટ 'મુંબઈ'માં છે. સ્થાનકવાસી છે. કરોડપતિ છે. એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર બનાવ્યું. પણ કીધું એને કે ભાઈ ! તારા બાર લાખ કે વીસ લાખ કે પચાસ લાખ (આપ પણ)... આહા..હા...! એ રાગની મંદતા હોય તો શુભભાવ પુણ્ય છે, પુણ્ય છે, ક્લેશ છે, રાગ છે, એ કષાયનું શરીર છે, ચૈતન્યનું શરીર નહિ. આહા..હા...! 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહા..હા...! બે કરોડ રૂપિયા છે તો એમાંથી આઠ લાખ આપ્યા એમાં શું થયું ? ઓલા 'જુગરાજજી' સ્થાનકવાસીને એક કરોડ છે. એણે ચાર લાખ આપ્યા. 'બેંગલોર'માં મંદિર બનાવ્યું ને ? દિગંબર જૈન મંદિર બાર લાખનું બનાવ્યું. પણ એમાંથી કોઈ ખુશી થઈ જાય કે આપણે ધર્મ કર્યો–એ નથી, બાપુ ! ધર્મ કોઈ જુદી ચીજ છે, પ્રભુ ! એ વિકલ્પ અને રાગ છે. રાગને તો અહીં ક્લેશ કહે છે. ક્લેશને તો ક્લેશનું શરીર કહે છે. આત્માના જ્ઞાનશરીરથી ભિન્ન શરીર કહે છે. આહા..હા...! તમારે 'કલકત્તે' આવું ક્યાં છે ? સાંભળવા મળે છે ? 'શાંતિભાઈ'! આહા..હા...! શું થાય ?

પ્રભુ ! તારી મોટપનો પાર નથી, નાથ ! અને તેં હિણપ કરવાનો પાર રાખ્યો નથી. આહા..હા...! એક બીડી પીને તલપ ચડી જાય ત્યાં... આહા..હા...! એક રોટલી, કેવી કહેવાય ? પુરણપોળી. પુરણપોળીની રોટલી અને પતરવેલીયા ભજીયા ખાતો હોય ત્યાં જાણે... આહા..હા...! પ્રભુ ! તને શું થયું આ ? તારી મોટપનો પાર નહિ અને હિણપમાં આટલે બધે ચાલ્યો ગયો ? આહા..હા...! પ્રભુ ! તારા વખાણ કરતાં પાર ન આવે, એવડો મોટો તું અને તું ક્યાં ગયો આ ? શું કરે છે તું ? પ્રભુ ! ભગવંત ! અહીં તો ભગવંત થવાની વાતું છે, બાપા ! આહા..હા...! વાત જુઓને કરી.

**'અન્ય દ્રવ્યનો આગ્રહ..'** આત્મા સિવાય **'અન્ય દ્રવ્યનો આગ્રહ...'** આહા..હા...! ત્રણ લોકનો નાથ તીર્થંકર કહે છે કે હું પરદ્રવ્ય છું. એ મારા સિવાય અન્ય દ્રવ્ય, તારા સિવાય હું અન્ય દ્રવ્ય છું. મારો **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને હવે છોડીને,...'** આહા..હા...! એમાં એમ આવ્યું કે નહિ ? આહા..હા...!

**શ્રોતા :–** વિગ્રહ છોડવો સરળ છે કે કઠિન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સરળ છે. એનામાં છે નહિ પછી છોડવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ! એના અસ્તિત્વનો

સ્વીકાર કર્યો કે આમાં છે નહિ. અનઅભ્યાસે દુર્લભ છે. બે વાત રાખી. આહા..હા...! એક તો એ વાત સાંભળવા મળતી નથી. સ્થાનકમાં જાય તો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. દેરાવાસીમાં જાય તો પૂજા કરો, ભક્તિ કરો, ગિરનાર ને સમ્મેદશિખરની જાત્રા કરો. દિગંબરમાં જાય તો કપડા છોડો અને બે, ચાર પાંચ પડિમા લઈ લ્યો. ભગવાન ! શું થાય ? પ્રભુ ! એ કોઈ વિરૂદ્ધની વાત નથી, પ્રભુ ! માર્ગ આ છે.

અહીં કહે છે કે વિગ્રહ છે. આહા..હા...! સ્વદ્રવ્યના પ્રેમ ને દૃષ્ટિ સિવાય, સ્વદ્રવ્ય વસ્તુ સિવાય પરદ્રવ્યનો, રાગનો જેટલો આગ્રહ છે એ બધું વિગ્રહ અને ક્લેશ છે. હવે તો છોડ. આહા..હા...! કરતાં કરતાં તારો અનંતકાળ ગયો, પ્રભુ ! તોપણ તને હજી ક્યાંય તૃપ્તિ વળી નહિ. આહા..હા...! વિષયમાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં... આહા..હા...! દસ લાખ મળ્યા તો વીસ લાખ, વીસ લાખ મળ્યા તો પચાસ લાખ... આહા..હા...! કીધું ને હમણા. એક વીસ લાખની મોટર, એક મોટર વીસ લાખની. મેં કીધું આ શું ? બાપુ ! આ ... મેં કીધું આ મોંઘુ કેમ ? એનો જે ઓલો હતો ને. આપણે અહીં આવે છે. નામ શું ? એનો મોટરનો ડ્રાઈવર. 'રાજુ-રાજુ'. 'રાજુ' બતાવતો હતો. મેં કીધું આટલું બધું મોઘું ? તો એ બતાવતો હતો. એમાં બેઠા હતા. 'મુંબઈ'થી 'ભાવનગર' આવવાનું હતું. એ મોટર મૂકી એણે. વીસ લાખની. મેં કીધું આટલું બધું ? તો કહે આમ કરીને જુઓ આમ કરે ત્યાં અહીં પ્રકાશ થઈ જાય. આમ કરે ત્યાં કાચ ઉંચો થઈ જાય. આમ કરે ત્યાં આમ થઈ જાય. અરે..રે..! શું થાય ? આ તો નજરે જોયેલું. એમાં બેઠા હતા ને. 'મુંબઈ'થી સ્ટેશન આવવું હતું ને પ્લેનમાં. અરે..રે..! એ શું ચીજ, ભાઈ !

**શ્રોતા** :– પરદ્રવ્ય ક્યાં નડે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પરદ્રવ્ય કોણે કીધું નડે છે, પરદ્રવ્યનો આગ્રહ કીધો, આગ્રહ કીધો છે. દ્રવ્યનો આગ્રહ કરવાથી એમ કીધું છે, પરદ્રવ્ય નથી કીધું. સમજાણું કાંઈ ? પરદ્રવ્ય તો એને અડતું પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી. બહુ આકરું પડે, બાપા ! પરદ્રવ્યનો આગ્રહ–પક્કડ. આ મારા છે, આ બાયડી મારી છે, છોકરા મારા છે, પૈસા મારા, મકાન મારા, આબરૂ મારી, ધંધો-વેપાર ચાલતો હોય અને પાંચ-પચ્ચીસ લાખ પેદા થતા હોય તો એ ધંધો અમારો, અમારા નોકર સારા, છોકરા હોશિયાર જાગ્યા છે તો બધાં એક એક દુકાન સાચવે, દસ દુકાનો છે. 'ચીમનભાઈ'! 'ચીમનભાઈ'ના શેઠ પાસે પચાસ કરોડ છે. 'મુંબઈ'. વ્યાખ્યાનમાં આવ્યા હતા. આવે તો ખરા. આવે તો સાંભળે. આ ક્યાં કોઈ દિ' સાંભળવા મળે નહિ. પચાસ કરોડ રૂપિયા. આપણે અહીં 'શાહુજી' પાસે ચાલીસ કરોડ રૂપિયા છે. ગુજરી ગયા ને બિચારા ! એ સિવાય 'શાંતિલાલ' 'ગોવા'માં આપણા 'શાંતિલાલ ખુશાલ'. એની પાસે બે અબજ ચાલીસ કરોડ છે. અત્યારે ગુજરી ગયા. છોકરા છે. ધુડમાં શું ! મરી ગયો.

મારી નાખ્યો એને. પોતાના મહાત્મ્યને છોડીને પરદ્રવ્યનો આગ્રહ, પક્કડ-પક્કડ, પરદ્રવ્યની

મહિમા, પરદ્રવ્યની વિસ્મયતા, પરદ્રવ્યની સ્વદ્રવ્યથી અધિકતા, સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યનો ભપકો. આહા..હા...! આવું જે કર્યું એ તો કહે છે, વિગ્રહ, ક્લેશશરીર છે. હવે તો છોડ.

'**વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...**' મુનિરાજ પોતે કહે છે. '**વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...**' મારો નાથ સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આનંદ છે, એની પ્રાપ્તિ અર્થે '**મારું આ...**' આહા..હા...! '**મારું આ નિજ અંતર મારામાં–ચૈતન્યમાત્ર ચિંતામણિમાં– નિરંતર લાગ્યું છે...**' છે ? જુઓ ! આ મુનિપણું. આહા..હા...! મારો આત્મા અંદર આનંદમૂર્તિ પ્રભુ એમાં... કીધું ને ? વિશુદ્ધ અને પૂર્ણ, સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ સૌખ્ય આત્મા, એની '**પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર...**' મારું અંતર નિજ મન '**મારામાં–ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં–નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...**' તેમાં આશ્ચર્ય નથી. કારણ કે એ તો છે તેમાં લાગ્યું એમાં આશ્ચર્ય શું ? એમ કહે છે. આહા..હા...! એવો ભગવાન અંદર બિરાજે છે એમાં મન લાગ્યું છે. એમાં આશ્ચર્ય શું ? એ તો વસ્તુનું સ્વરૂપ છે. એમ કહે છે, જુઓ ! આહા..હા...! બહારના અટકવાના રસ્તાના પાર ન મળે. છૂટવાનો એક રસ્તો અંતર સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરવી. અરે..રે..! આવી વાતું, શું થાય ?

**શ્રોતા** :– વાત તો ઘણી સરસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વાત તો આ છે. આહા..હા...!

'**ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં–**' આહા..હા...! મારા ચૈતન્યચિંતામણિમાં નિરંતર મારું મન લાગ્યું છે. આહા..હા...! આ લખવા વખતે પણ મારું મન તો ત્યાં જ લાગ્યું છે, કહે છે. આહા..હા...! લખવા વખતનો વિકલ્પ છે અને લખવાની ક્રિયા એ તો ભાષાની ક્રિયા છે, પરમાણુની ક્રિયા છે, મારી ક્રિયા નથી. વિકલ્પ ઊઠ્યો એ રાગ-ક્લેશ છે, એ હું નથી. આહા..હા...! આવું આકરું લાગે ને ? 'યશપાલજી'! નવા માણસને એવું લાગે કે આ શું આવી વાત ક્યાંથી કાઢી ? બધી અમે સાંભળીએ છીએ એમાંથી એકેય વાત આવતી નથી. વ્રત પાળો, છ પરબી દયા પાળો, છ પરબી બ્રહ્મચર્ય પાળો, ફલાણી એવી વાત તો ક્યાંય આવતી નથી. હવે એવી તો અનંત વાર કરી છે, સાંભળને હવે. એ આ ભગવાન અંદર ચૈતન્યની સમૃદ્ધિથી ભરેલો ભગવાન છે એની સામું તેં કોઈ દિ' જોયું નથી અને પરનો સામાનો આગ્રહ તેં કદી છોડ્યો નથી. આહા..હા...!

આ અમૃત વરસે છે ! આહા..હા...! આ અમૃતની વાણી છે ભગવાનની. વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વર દેવ પરમેશ્વર એનું આ કથન છે, પ્રભુ ! તને બેસે, ન બેસે, આકરુ લાગે. આ તો બહુ ઊંચી વાત છે એમ લાગે એને. અરે..! પ્રભુ ! પહેલી જ વાત આ છે. ધર્મની પહેલાંમાં પહેલી વાત આ છે. આહા..હા...!

મારું મન, મારામાં... આહા..હા...! મારું પૂર્ણ સહજ જ્ઞાન આનંદસ્વરૂપ, એની અર્થે. મારા પૂર્ણ જ્ઞાન અને આનંદ, સુખને અર્થે મારું આ નિજ અંતર, '**મારામાં–ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં...**' ચૈતન્યમાત્ર

ચિંતામણી ભગવાન ! આહા..હા...! ફાટ ફાટ અંદરથી. ચૈતન્યમાત્ર ચિંતામણિ પ્રભુ અંદર બિરાજે છે. પ્રભુ ! તને એની કિંમત નથી. આહા..હા...!

**'નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** કહે છે, એમાં શું આશ્ચર્ય છે ? છે તેમાં રહેવું એમાં શું આશ્ચર્ય છે ? એમ કહેવું છે. નથી તેમાં જાવું એ આશ્ચર્ય છે કે અર..ર..! આ હું ક્યાં ગયો ? શું કરે છે આ ? આહા..હા...! **'કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે ?'** દેવોને ૩૩ સાગરનું જેનું આયુષ્ય છે દેવોનું અને ૩૩ હજાર વર્ષે કંઠે અમૃતનો ઓડકાર આવે. એને અહીં દાળ-ભાત કરવા પડે, ચા કરવી પડે, પુરણપોળીની રોટલી કરવી પડે એવું ત્યાં નથી. એને આહારનો ઓડકાર હજાર વર્ષે આવે. ૩૩ સાગરવાળાને ૩૩ હજાર વર્ષે આવે. ૨ સાગરવાળાને ૨ હજાર વર્ષે આવે. અહીં કંઠમાંથી અમૃત આવે. જેમ આ અમૃત આવે છે ને ? મોઢામાં મીઠાશ અમૃત. પાણીની મીઠાશ આવે છે ને ? એમ અમૃત અંદર ઝરે. જેને અમૃતના સ્વાદ આવ્યા એને કહે છે કે ઝેરના સ્વાદ શી રીતે આવે ? આહા..હા...! છે ?

જેણે **'અમૃતભોજનજનિત સ્વાદને જાણીને...'** અમૃતના ભોજનના સ્વાદને દેવોએ જાણ્યા... આહા..હા...! એ દેવ હવે ખીચડી અને દહીં શી રીતે ખાય ? દહીંનું ઘોળવું કરે અને ખીચડી. મીઠું નાખે. કહે છે કે જેને અમૃતના સ્વાદ આવ્યા... આહા..હા...! હવે એ બહારના ભોજનને શું કરે ? બરાબર છે ? **'(જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને...)'** જ્ઞાનસ્વરૂપ આનંદ, આત્મા, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે અને અતીન્દ્રિય આનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છે. અતીન્દ્રિય આનંદથી ભરેલી ખાણ નિધાન છે. અરે..! કે દિ' એને બેસે ?

એવા **'જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન...'** એ સૌખ્યનું નિધાન ખાણ આત્મા. એ **'ચૈતન્માત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.)'** આહા..હા...! ચિંતામણિ ચૈતન્યના આનંદ અને જ્ઞાનની રુચિ આગળ, એના સ્વાદ આગળ, દેવને અમૃતના સ્વાદ આગળ બીજા ભોજન, દૂધપાક અને પુરીનો સ્વાદ એને આવતો નથી. એ ઇચ્છા પણ કરતા નથી. એમ જેને આત્માના અમૃતના સ્વાદ આવ્યા, એ બીજા સ્વાદને ઇચ્છતા નથી. એનું નામ અમૃતનો અનુભવ અને એનું નામ સમકિત કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

**શ્રી સમયસાર, શ્લોક–૨૭૧**
**પ્રવચન નં. ૬૨૯, તા.૧૭-૦૨-૧૯૭૪**
**[૨૨]**

કળશ ચાલે છે. કહે છે,

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

સૂક્ષ્મ વાત છે. આત્મા પુણ્ય-પાપભાવ રૂપે તો નથી પણ પરના જ્ઞેયને જ્ઞેય કરે અને પોતે જાણે, એવો પણ ભેદ એમાં નથી. આહા..હા...! એમ કહે છે કે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણનાર ભાવ, જાણનાર સ્વભાવભાવ એ હું છું. **'તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** ઓહો..હો...! છ દ્રવ્ય છે આત્મા સિવાય ભિન્ન, એનું જ્ઞાન એ કરે છે એ ... એને લઈને ચાર ગતિમાં રખડે છે. એ ગમે તેટલા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ કરે એ કર્તા થઈને કરે તો એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એ વ્યવહારના જે ભાવો છે એ જ્ઞેય અને એનું અહીં જ્ઞાન છે, એટલું એ જ્ઞાન એમ નથી. આહા..હા...! કેમકે એ જ્ઞેય રાગાદિ છે એ પર છે અને એને જાણનારી પર્યાય તો સ્વ છે. ... છે, ભાઈ ! એને ધીરજથી, ધીરજથી, એકાંત .. જ્ઞેય .. હો, અંદર ચૈતન્યમાં પ્રેરણા ... અને માન્યું છે કે અમે કાંઈક કરીએ છીએ. એને અમે ... અનંત ભવ ગાળશે.

કહે છે કે એ જ્ઞાનમાં જ્ઞેય થવાની તાકાત પોતાની પોતાને લઈને છે, પરને જ્ઞેય કરવું અને જ્ઞાન એમ નથી. આહા..હા...! '...ભાઈ'! આવું ઝીણું બહુ પણ. અને એનો જે જ્ઞાનગુણ છે એમાં પ્રમાણ થવાની શક્તિ છે. એટલે કે સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞેય અને તેનું જ્ઞાન કરે એવો જ એનો સ્વભાવ છે. રાગનું જ્ઞાન કરવું કે પરનું જ્ઞાન કરવું એ વસ્તુમાં નથી. પણ પોતાના અસ્તિત્વમાં એ રાગનું અને પરનું જ્ઞાન કરે એ પોતાના અસ્તિત્વમાં ... પોતાના અસ્તિત્વમાં તો પોતાનું તે સંબંધીનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન પોતાના અસ્તિત્વમાં છે. આવું ઝીણું. ગાથા એવી આવી છે ને. દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ કાઢી નાખ્યા, અનંત શક્તિ છે એના ભેદ કાઢી નાખ્યા.

ચારને કાઢી નાખીને અહીં ત્રણને લીધા છે. એ પણ ખરેખર ત્રણરૂપે નથી.

ત્યાં કહ્યું ને ? જુઓ ! '**જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો...**' એ તો વસ્તુ પોતે જ જ્ઞેય, પોતા જ જ્ઞાન અને પોતે જ જ્ઞાતા છે. ... જુદી જાતનું છે આ. આહા..હા...! ભાઈ ! તારા જન્મ-જરા-મરણનો આખા ચોરાશીના અવતાર, એ દુઃખમાં જોડાયેલો આત્મા, કહે છે કે દુઃખ સ્વરૂપ જ એનું નથી. આહા..હા...! દુઃખ સ્વરૂપ તો નથી, પણ દુઃખને જાણે છે માટે દુઃખ જ્ઞેય અને આત્મા જ્ઞાન, એમ પણ નથી. આહા..હા...! આ એક આવી ચીજ છે એમ એના ખ્યાલમાં તો આવવી જોઈએ. બહારથી માનીને બેઠો છે કે ધર્મ થાય છે અને ધર્મ (કરીએ છીએ), બાપુ ! એ ધર્મ નથી, ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વર, એમનું કહેલું તત્ત્વ અપૂર્વ અને સૂક્ષ્મ છે.

અહીં તો કહે છે, જ્ઞાન પણ પોતે જાણનાર એક શક્તિ, જ્ઞેય પણ પોતે એક શક્તિ, જ્ઞાતા એમાં અનંતી શક્તિ છે. સમજાણું કાંઈ ? વસ્તુ .. શરીર, વાણી આ તો જડ-માટી છે. એને અને આને કાંઈ સંબંધ નથી. એને જાણે છે એમ કહેવું એ કહે છે કે એ બરાબર નથી. કારણ કે એ જ્ઞેય અને જ્ઞાન પોતાનું એમ ભેદ નથી. એ સંબંધીનું જ્ઞાન પોતાથી થયેલું પોતામાં એ જ્ઞાનની કલ્લોલો અને દ્રવ્ય-ગુણ એ પોતે જ્ઞેય છે. એ જ્ઞેય અને એને જ્ઞાન જાણે છે અને જ્ઞાતા એવી અનંત શક્તિનો ભગવાન, જ્ઞાતા તરીકે જ્ઞેય અને જ્ઞાનને ધારણ કરનાર... આહા..હા...! '..ભાઈ'! આવી ગયું છે પણ જાજા માણસ હોય ... ન બેસે. અભ્યાસ ન મળે અંતર તત્ત્વનો ભગવાન ચૈતન્ય સ્વરૂપે બિરાજમાન, એ સર્વસ્વ સ્વરૂપ એનું જ્ઞાન જ છે અને જ્ઞાન પોતે જ પોતાનું જ્ઞેય છે અને જ્ઞેયને જ્ઞાનનો જ્ઞાતા પોતે જ છે, બીજો કોઈ છે નહિ. આહા..હા...! એ બધા વાંધા ઊઠ્યા છે.

દિવ્યધ્વનિ. સ્વ પ્રમાણ છે, પર પ્રમાણ છે. શું કહેવાય આ ? ખાણીયા ચર્ચા થઈ. આવો પ્રશ્ન ઊઠાવ્યો હતો. ... ભગવાનઆત્મા એ તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. જ્યારે વાણી ઊઠે, વાણી, વાણી નીકળે છે એ જ્ઞાનના કારણે વાણીનું પ્રમાણપણું છે કે વાણીને કારણે વાણીનું પ્રમાણપણું છે ? એ વાણી જે નીકળે છે એ વાણી પોતે સ્વ-પર કહેવાની તાકાતવાળી વાણી પોતાથી છે. કેવળજ્ઞાન છે માટે વાણીમાં કાંઈ તાકાત આવે છે એમ નથી. આહા..હા...! એમ વાણી અને લોકાલોક જ્ઞાનની પર્યાયનું નિમિત્ત છે. એ નિમિત્ત છે માટે એનું આ જ્ઞાન કરે છે એમ નથી. એ નિમિત્ત લોકાલોક છે, એનું જ્ઞાન કેવળજ્ઞાની કરે છે એમ નથી. એ તો પોતાની જ્ઞાનપર્યાયની જ એવી તાકાત છે. એને એ જ્ઞાન કરીને એને જાણે છે. લોકાલોકને જાણે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહારનય છે. આહા..હા...!

ભાઈ ! તારી સ્વતંત્રતા એટલી સ્વતંત્ર છે કે જેને પરજ્ઞેયની અપેક્ષા જ્ઞાનમાં નથી એમ કહે છે. પરજ્ઞેય.. આમાં આવે છે ખરું ને ? જ્ઞાન જ્ઞેય પ્રમાણ. 'પ્રવચનસાર'માં આવે છે ને એટલે જરી. જ્ઞાન જ્ઞેય પ્રમાણે આ લોકાલોક અને જ્ઞેય લોકાલોક. આવું તો એનું પ્રમાણનું મહાત્મ્ય કેટલું છે એમ બતાવ્યું છે. એ જ્ઞેયને કારણે જ્ઞાનનું પ્રમાણ છે (એમ નથી). આહા..હા...! બહુ ઝીણું.

**શ્રોતા :–** સ્વ-પરપ્રકાશક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વ-પરપ્રકાશક પણ પોતાની આત્મજ્ઞ શક્તિ છે, પરને પ્રકાશે છે એમ નહિ. એ પરને પ્રકાશવાની પર્યાય પોતાની છે. એ પોતાને પોતે જ્ઞાન જ્ઞાનને જાણે એ જ્ઞાન બધા બીજા ગુણને જાણે એમ સ્વ-પરપ્રકાશક છે. ઝીણી વાત છે ભારે, ભાઈ ! 'નિયમસાર'માં છે. આત્મા જ્ઞાન છે. એ જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન બીજા આનંદ આદિ ગુણને જાણે એનું નામ સ્વ-પરપ્રકાશક છે, નિશ્ચયથી. પરને જાણે માટે સ્વ-પરપ્રકાશક છે એમ નથી. એ તો વ્યવહાર થયો. વાસ્તવિકતા એ નથી. આહા..હા...!

જ્ઞાનસ્વભાવ ભગવાન ! આ તો અમૃતના વેણ છે. અમૃત નામ મુક્તિ એના કારણની વાતું છે આ તો. મુક્તને અમૃત કહે છે, મોક્ષને અમૃત કહે છે. એવો અમૃતસ્વરૂપ ભગવાન મુક્તિ, એના ઉપાય તરીકેની આ વાત છે. ભાઈ ! તારે બહારથી તો આંખો મીંચવી પડશે. આહા..હા...! તું તને જાણે છો, તું તને જોવે છો, તું તને દેખે છો, અને દેખનારને દેખે અને દેખવાની યોગ્યતા વસ્તુ એ ત્રણ ભેદ એમાં નથી; એ વચનભેદે એમ કથન કરવામાં આવે છે. સમજાણું કાંઈ ? ... પછી આગળ કહેશે. હજી તો જણાવ્યું છે ને. કેટલાક હિન્દી સમજતા નથી. હિન્દી આવશે પછી થાશે. એક તો વાત ઝીણી એમાં ભાષા ગુજરાતી. આમાં વિસ્તાર આવે એવો હિન્દીમાં આવે નહિ.

એના ખ્યાલમાં તો વાત લે. ખ્યાલ કરનાર હું, ખ્યાલનો કરનાર હું અને ખ્યાલ કરાય તે પણ હું. અને એ બધા ખ્યાલનો જ્ઞેય અને જ્ઞાનની શક્તિથી અનંત શક્તિવાળો જ્ઞાતા તે હું. ... સમ્યગ્દર્શનને અદ્‌ભુતપણાનો વિષય અને છતાં પર્યાય પ્રગટ થાય તે.. જુદી છે. એ તરત જ આવશે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ જ્ઞાન જાણવું...

જ્ઞાન એટલે... જ્ઞાન એટલે પોતાનો સ્વભાવ. જાણક સ્વભાવની હયાતી-સત્તા તે જ્ઞાન અને એ જ્ઞાનને પોતે જ્ઞેય કરે તે જ્ઞેય અને પોતે જ્ઞેયશક્તિ અને જ્ઞાનશક્તિથી અનંતગુણી શક્તિનો ધરનાર જ્ઞાતા–એ ત્રણે થઈને વસ્તુ એક છે, બીજી વસ્તુની એમાં અપેક્ષા નથી. અહીં તો હજી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય ત્યાં અટક્યા છે. ભાઈ ! વ્યવહાર–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગની મંદતા છે, નિશ્ચયથી તો એ પરજ્ઞેય છે. પરજ્ઞેયથી સ્વજ્ઞેયને લાભ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. શેઠ ! આવું ઝીણું છે. અરે..! ભગવાન ! તારામાં અનંતગુણી તાકાત છે, ભાઈ ! પણ છુપાવીને બેઠો, પામર થઈને માન્યો. અમે તો પામર છીએ... આમ છીએ.. અમે આટલું બધું સમજવાને લાયક નથી. અર..ર...! કહે છે, કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાતવાળો અને આવું સમજવાને લાયક નહિ ? પ્રભુ ! એ તો કલંક લાગે. સમજાણું કાંઈ ? આ વિના એના જનમ-મરણ કોઈ દિ' મટે એવા નથી. આહા..હા...! ... પા-અડધો કલાક થાય તો ... ભવ .. ક્યે ઠેકાણે .. ક્યાં ગયો ? એવી ભવની ભ્રમણામાં...

કહે છે કે ભવ અને ભવનો ભાવ એ જ્ઞેય અને આત્મા જ્ઞાન એમ પણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એનું જ્ઞાન તો સમીપે છે. રાગ અને વ્યવહારને જ્ઞેય કરીને આ જ્ઞાન છે એટલું

એ જ્ઞાન નથી. એ જ્ઞાન અને આ જ્ઞેય વ્યવહાર. વ્યવહાર જાણેલો પ્રયોજવાન છે એમ જે આવ્યું હતું. ૧૨મી ગાથા. એને અહીં .... આહા..હા...! ઓલામાં આવ્યું છે. ૧૧મી ગાથામાં. ભગવાનઆત્મા ભૂતાર્થ સત્યાર્થ વસ્તુ સત્ ચિદ્ બિંબ. શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ ધ્રુવ એ સત્યાર્થ ત્રિકાળ રહેનારી ચીજ સત્યાર્થ છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, જન્મ-મરણની ગાંઠ એને આશ્રયે ગળે છે. અને પછી પર્યાયમાં રાગ બાકી રહી ગયો, અશુદ્ધતા થોડીક રહી એને જાણવું એને વ્યવહાર કહેવામાં આવે છે. 'પન્નાલાલજી'! આહા..હા...! એ જાણેલો પ્રયોજનવાન છે વ્યવહાર. એટલે જણાય છે... જણાય છે એ પ્રયોજનવાન છે એમ કહી અને ત્યાં વ્યવહારનું જ્ઞાન કરે છે એમ કહ્યું. અહીં ઉડાડી દીધું. સમજાણું કાંઈ ?

આ તારી કળા બાપુ ! અલૌકિક છે, ભાઈ ! આહા..હા...! પણ એને એક સાધારણ જ્યાં માન મળે ત્યાં અર્પાય જાય. આહા..હા...! એક મીઠા બોલે બોલાવે ત્યાં જાણે કે... આહા..હા...! શું થઈ ગયું એને ? સગવડતા જરી બહારની મળે છોકરા, પૈસા. ... ૬૦ વર્ષ થયા, ૭૦ થયા. .. કર્યું શું ? પણ કેટલાક અભિમાની હોય છે. રોગ કોઈ દિ' આવ્યો નથી કહે. ભાઈ ! ... 'કલ્યાણભાઈ'ની .. છે. 'અમદાવાદ'. 'કલ્યાણભાઈ' આપણા .. હતા ને ? એની વહુ કહે કે એ પછી કહેતા હતા એણે આખી જિંદગીમાં રૂપિયાની દવા ખાધી નથી. એવો એને રોગ નહોતો એમ કહે છે. કેટલી ઉંમર હતી ? ૫૫ ? ૫૫ હશે. અહીં તો .. ગુજરી ગયા ... ૪૨ વર્ષ. 'કલ્યાણભાઈ' છે ને ? 'અમદાવાદ'માં. .. રાત્રે એકદમ પા કલાકમાં. કાંઈ નહિ. સાડા દસ થયા હશે, નહિ ? રાત્રે સાડા દસ વાગ્યે. જિંદગીમાં કોઈ દિવસ એક રૂપિયાની દવા ખાધી નથી. આવ્યો હુમલો... આહા..હા...! બહાર આવ્યા. વાત કરતાં કરતાં દેહ છૂટી ગયો. આહા..હા...! પણ એ તો સંયોગી ચીજ હતી. એ વિયોગે જ હતી. સંયોગી ચીજ વિયોગે જ રહેલી હતી. એનું ક્ષેત્રફેર થયું બીજું ક્ષેત્ર એટલે એને લાગ્યું કે આ શું ? એ તો ભિન્ન જ હતું. અરે..! આવા આવા ભવો તો એણે અનંત વાર કર્યા છે. આહા..હા...! પણ એને ભવભ્રમણનો ત્રાસ લાગતો નથી. અરે..રે..! આ ભવ...

'યોગસાર'માં આવ્યું છે ને નહિ ? ચાર ગતિ ... ભાઈ ! તને ચાર ગતિના દુઃખોનો ડર નથી. આહા..હા...! અહીં તો દુઃખનો ડર નથી એ તો કાઢી નાખ્યું, એ દુઃખ જ્ઞેય છે એ પણ કાઢી નાખ્યું. સમજાણું કાંઈ ? તારી વસ્તુની સ્થિતિ જ એવી છે. દુઃખ તો તારી દશામાં નથી, વસ્તુ સ્વરૂપમાં નથી. આહા..હા...! અહીં તો દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે ને ! જુઓને અહીં તરત જ કહ્યું. એવો જે ભગવાનઆત્મા પોતે જ્ઞાનસ્વરૂપી, અસ્તિત્વ સત્તા અને તેનું જ્ઞેય પણ પોતે અસ્તિત્વ સત્તા, એ જ્ઞાન પોતે પોતાને જ્ઞેય કરે અને એ જ્ઞેય અને જ્ઞાનની એવી અનંતી શક્તિવાળું તત્ત્વ જ્ઞાતા, એ દ્રવ્ય, જ્ઞાનગુણ અને જ્ઞેય ત્રણે. અહીં પર્યાય લીધી. એને જાણે એટલે રાગને અને પરને એમ નહિ. એ તો રાગસંબંધીનું પોતાને પોતાથી થયેલું જ્ઞાન છે તે એનું જ્ઞેય છે. એવું બધું ઝીણું આવ્યું. એના કરતાં સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે. એય..! 'મંગળદાસભાઈ'!

**શ્રોતા :–** સામાયિક જ ક્યાં છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે..! ભાઈ ! સામાયિક ક્યાંથી આવી ભાઈ ? તને ખબર નથી. આહા..હા...! જે સ્વરૂપે જ્ઞાન ને જ્ઞેય ને જ્ઞાતા તરીકે પણ જ્યાં ભેદ નથી, એવી ચીજને તેં જાણી નથી અને સામાયિક આવી ક્યાંથી ? આહા..હા...! સામાયિકમાં સમ-આય. વીતરાગનો લાભ થાય. વીતરાગ પર્યાયનો લાભ થાય. ક્યારે થાય ? રાગની ક્રિયા તો મારી નહિ, શુભરાગ એ તો મારો નહિ, એનાથી મને લાભ થાય એવો તો નહિ પણ શુભરાગનું જ્ઞેય અને હું જ્ઞાન એ પણ હું નહિ. આહા..હા...! અનંતા જીવો આ કામ કરીને ચાલ્યા ગયા છે. ન થઈ શકે એવી ચીજ નથી. થઈ શકે એવી ચીજ છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા...! અને આચાર્યો જગતને સંભળાવે છે એ થઈ શકવાને માટે સંભળાવે છે કે નહિ થઈ શકે એને માટે સંભળાવે છે ? આહા..હા...!

પોતાને તૃષા લાગી હોય તો ઘરમાં હજાર રૂપિયાનો બળદ હોય અને ઘોડો હોય એને કહે કે પાણી લાવજે ? આઠ વર્ષની છોકરી હોય–દીકરી હોય એને કહે કે બેટા ! પાણી લાવજે. એ જાણે છે કે હું કહું છું એ ભાવને એ સમજશે. ઘોડો અને બળદ નહિ સમજે. આઠ વર્ષની છોકરી સમજશે. એને કહેશે, બેટા ! પાણી લાવ. આચાર્ય કહે છે, પ્રભુ ! અમે આ વાત રાગને અને શરીરને નથી કહેતા. જે અંદર સમજનાર જ્ઞાનમૂર્તિ છે એને અમે કહીએ છીએ. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને કહીએ છીએ, ભાઈ ! ચૈતન્યબિંબ પ્રભુ છે, એને અમે કહીએ છીએ કે અમારી વાણી પણ જ્ઞેય છે અને આત્મા જ્ઞાન કરે છે એવું પણ તારામાં નથી, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વાણી સાંભળતા.. ત્રિલોકનાથની દિવ્યધ્વનિ સાંભળતા જે જ્ઞાનની પર્યાય થાય, એ જ્ઞાનની પર્યાય કાંઈ વાણીથી થઈ નથી. એ તો પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે. છતાં એ જ્ઞાનની પર્યાય થઈ તે યથાર્થ જ્ઞાન નથી. કેમકે એ તો પરલક્ષી જ્ઞાનની પર્યાય થઈ. એ વાણીને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું. ભલે જ્ઞાન થયું પોતાથી. સમજાણું કાંઈ ? આહા..હા...! ગજબ વાત કરે છે ને ! કહે છે કે વાણી જ્ઞેય અને આત્માની પર્યાય જ્ઞાન, એમ અમે નથી કહેતા. 'કાંતિભાઈ'! આ જિંદગીમાં બધું સાંભળ્યું નહિ હોય. સવારે કહેતા હતા, અસત્‌નું સત્ થઈ ગયું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ દેખાતું નથી, માને છે એ. એની પર્યાય તે કાળે તેને કારણે ઉત્પન્ન થાય છે. છતાં વાણી એને નિમિત્ત છે અને જ્ઞેય છે, માટે જ્ઞાન થયું એ વસ્તુનું સ્વરૂપ નથી. ભગવાન તારી જાતની સ્વતંત્રતા, કર્તા સ્વભાવથી સ્વતંત્ર પોતાની પર્યાયને જ્ઞેય તરીકે જાણનાર જ્ઞાન પોતે પ્રગટ કરે છે. જે સમયે જ્ઞાનની પર્યાય થાય તે સમયે તે જ્ઞાન તેને જ્ઞેય કરે છે. ... એણે આવો મનુષ્યદેહ મળ્યો, બાપુ ! ક્યારે કરશે ? આહા..હા...! અહીંથી ક્યાં જવું ?

વીતરાગની વાણી અને વીતરાગ, એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છે અને એને જ્ઞાન જાણે છે એવું

વસ્તુમાં નથી. એ વખતની જે જ્ઞાનની પર્યાય (થઈ), એ પોતે જ્ઞેય થઈને જ્ઞાન એને જાણે, એને સ્વલક્ષી થઈને એને જ્ઞાન જાણે, ત્યારે તે પર્યાયનું યથાર્થ જ્ઞાન, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યું અને જ્ઞાતાએ તેને જ્ઞાન દ્વારા જાણ્યું એવો ભેદ ત્યારે કહેવાય છે. સમજાણું કાંઈ ? ઘણું સમાવ્યું છે. આચાર્યે કળશમાં ઘણું સમાવ્યું છે. ઓહો..હો...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' સંતોએ કેવળજ્ઞાનીને તો ઊભા રાખ્યા છે. પંચમકાળે કેવળજ્ઞાનીના વિરહ એમણે ભુલાવ્યો છે. ભગવાન ! તું જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને તને જ્ઞેય તરીકે તો તારું જ્ઞાન અને તારી ચીજ જ્ઞેય તરીકે ... પરચીજને ક્યાં અડે છે અને પરનો તો તારામાં અત્યંત અભાવ છે. પરજ્ઞેયનો અને તારા જ્ઞેયને તો અત્યંત અભાવ છે. આહા..હા...! '...લાલજી'! આવી ઝીણી વાત એટલે પછી ભડકે, હોં ! સોનગઢવાળા એકલી નિશ્ચયની વાતું કરે. વાતું કરે.. વાતું કરે.

**શ્રોતા :–** નિશ્ચયની વાત કરવી એ પોતે જ વ્યવહાર થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ભેદ પાડીને હજી તો પોતે જ્ઞેય, પોતે જ્ઞાન અને જ્ઞાતા એ ભેદ પાડવો એ જ વ્યવહાર છે. સાંભળને હવે. એય..! આહા..હા...! આ તો એને અસદ્ભુત વ્યવહાર જે દયા, દાન, ભક્તિ, પૂજા એમ કરતાં કરતાં આત્મામાં જવાય છે. ભગવાન એ પરજ્ઞેયથી આત્મામાં ન જવાય. આહા..હા...! **ખરેખર એ પરને નથી જાણતો. એ પોતાની જ્ઞાનની દશાને જાણે છે.** આહા..હા...! કાલે હતા ને ? 'મુળજીભાઈ'ને ... ... ગૃહસ્થ માણસ પૈસાવાળા. ની સાલમાં ૧૬ લાખ, ૧૮ લાખ .. 'મુંબઈ'થી. એટલું બધું લાંબુ .. બીજા વધી ગયા. કરોડોપતિ થઈ ગયા. .. દસ લાખ ને વીસ લાખ. .. એને વાંચન કર્યું છે. એને એવી રુચિ. છેલ્લે હાર્ટનું દર્દ આવ્યું. '..ભાઈ'! હાર્ટ-હાર્ટ. ... .. કીધું, બોલાવો ડોક્ટરને. ... માણસ છે. આ કહે, બોલાવો 'લાલભાઈ'ને. 'લાલભાઈ' આવ્યા. ... 'લાલભાઈ'એ એમ કહ્યું, 'મૂળજીભાઈ'! એ દેહના દુઃખોને જ્ઞાન જાણે છે, દેહનું દુઃખ એ જ્ઞાન જાણે છે. એ દેહનું દુઃખ આત્માને નથી. ત્યારે જવાબ આપે છે. જવાબ આપે છે. એ દેહના દુઃખને આત્મા જાણે કે પોતાને જાણે ? આ મરવાની તૈયારી. ધનાઢ્ય માણસ, હોં ! નવ્વાણુ કરતાં સાડી નવ્વાણુ .. શાતાશીલયા બહુને પહેલાં. ... આમ આમ થાય. જોયેલા અમે. મરતા વખતે, દેહ છોડવા વખતે આ હાર્ટની .. આમ જ્યાં કરે, 'મૂળજીભાઈ'! દેહના દુઃખ તે આત્મામાં ... આવે છે ને ? આ જણાય છે. ત્યારે જવાબ આપે છે કે દેહના દુઃખને જ્ઞાન જાણે કે જ્ઞાન જ્ઞાનને જાણે ? પંડિતજી ! ...

આ બેન .. બેનને. .... આ તો બહુ અભ્યાસી હતા. ચિંતન, વિચાર, મનન... આહા..હા...! દેહમાં 'દેહનો ધર્મ જીવપદમાં જણાય.' એવું આવે છે. 'શ્રીમદ્'માં આવે છે ને. 'એ પદ્મનંદી પંચવિંશતી ...' 'પદ્મનંદિ પંચવિંશતી'માં એ બોલ છે. 'પદ્મનંદિ પંચવિંશતી' છે ને ? ગ્રંથ છે. એ અપેક્ષાથી કથન છે. વ્યવહારના કથન ઘણા આવે. એને ભેદ તો નથી પણ એને જાણે છે. દેહને શું ? જડની પર્યાય આ તો માટીની પર્યાય છે. આહા..હા...! ૧૦૮ ડિગ્રી તાવ આવે તો તાવ તો જડમાં છે,

આત્મામાં છે ? આહા..હા...! એને જાણે એમ કહેવું કહે છે કે એ પણ વ્યવહાર છે. '...જી'! ગૃહસ્થ માણસ છે, હોં ! મરતા. ... જાય ક્યાં ? આહા..હા...!

દેહના દુઃખને આત્મા જાણે ? દુઃખ દશા તો પર છે. કાયાની અવસ્થા એ તો પર છે. જ્ઞાનસ્વરૂપ એનાથી પર છે. અત્યંત અભાવ છે. એ જ્ઞાન એને જાણવા રોકાય ? ... એને .. વાંચન ઘણું. અને વાંચન ઘણું એટલે વિચાર થયો. આહા..હા...! અરે..! ટાણે એને ... આવવા ! ... ભિન્ન થઈ ગયો. ... ભિન્ન થઈ ગયો. ... મુંઝવણ... મુંઝવણ... મુંઝવણ... ... ત્યાં ને ત્યાં ઘુંચવાઈને... આહા..હા...! એવે ટાણે કહે, બાપુ ! એ આત્મા દુઃખને ન જાણે. આહા..હા...! કાયાની ક્રિયાને આત્મા ન જાણે.

અહીં તો કહે છે કે કાયાની ક્રિયાનું જે જ્ઞાન થાય અને એ જ્ઞેય, એ બેને સંબંધ જ જૂઠો છે. એને જે જ્ઞાનની દશામાં પર્યાય પરિણમી છે એ પોતાની ... એ જ્ઞેય થઈને જ્ઞાન એને જાણે. સમજાણું કાંઈ ? ત્યાં એને સમાધિ સમ્યગ્દર્શન પ્રગટે છે. અને એ મરતાં, દેહ છૂટતાં પણ એ સમાધિમરણે દેહ એને છૂટશે. આહા..હા...! બાકી તો ... આહા..હા...!

(સંવત) ૧૯૭૬મા કહ્યું હતું ને ? ૧૯૭૬ની સાલમાં. 'ધાંગ્રધા' સોની હતા. 'જેઠાલાલ સોની' તે દિ' આપણને બહુ ખબર નહિ. ૧૯૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા ? ૫૪ વર્ષ. ત્યારે આવું કાંઈ હાર્ટ ફેઈલ આપણે સાંભળેલું નહિ. આપણે તો કાંઈ બહુ જાણીએ નહિ. ૧૯૭૬ની સાલ. એટલે દેહની ૩૦ વર્ષની ઉંમર. અને ૫૪મુ એટલે ૧૯૮૪ ચાલે છે ને ? એટલે આપણને બહુ ખબર નહિ એટલે કહે મહારાજને બોલાવો. મંદિર ... એકલી ... કેવા ? 'ફુલચંદ...' નહોતા ? બહુ ... હતા. પરિવર્તન પછી પણ આવતા. ... તડફડીયા મારે. ... ત્યાં .. આની કોર ફરે.. આની કોર ફરે... પહેલુંવહેલું જોયું આ તો. ૧૯૭૬ની સાલ. આ શું છે ? ક્યાંય એને સખ ન આવે. કેમ ? કે શરીર અને રાગમાં એકબુદ્ધિ છે. આહા..હા...! શરીરમાં થાય એ મને થાય છે.

અહીં કહે છે, પ્રભુ ! એકવાર જાગ તો ખરો. એ જાગીને જો તો તું તારા જ્ઞાનને જાણે છો એ પરને નહિ. આહા..હા...! કેટલી દૃષ્ટિ સંકેલી. **'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા–એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).'** ત્રણ ભાવસહિત પણ વસ્તુમાત્ર જાણવો. બહુ સરસ બોલ છે. માખણ છે માખણ. આહા..હા...!

**ભાવાર્થ :–** **'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી...'** જ્ઞાનનો જાણવાનો સ્વભાવ, એ **'જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે.'** એ કાંઈ પરસ્વરૂપ છે નહિ. **'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. રાગાદિ, શરીરાદિ, વાણી આદિ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ. એ **'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતા નથી. જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં...'** પણ એ જ્ઞેય જે સ્વરૂપે છે એનું અહીં પોતાથી જ્ઞાન થતાં આકારની ઝળક પેઠે છે. ઝળક શબ્દે એ જેવી ચીજ છે એવું અહીં જ્ઞાન છે. **'જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે...'** જ્ઞાન જાણે પરજ્ઞેયના આકારે થયું એમ જણાય છે. **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** એ જ્ઞાનના તરંગ ઊઠે છે. એ પરના

જ્ઞેયાકારે થયું નથી, એ સ્વના જ્ઞાન આકારે જ્ઞાન થયું છે. આહા..હા...! આવી વાત નથી, 'શાંતિભાઈ'! બધા ગપે ગપ મારે. આહા..હા...!

ત્રણ લોકનો નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર (કહે છે), તારી શક્તિનું આવું સત્ત્વ છે, એને સંભાળ. બીજાની સંભાળ કરવી છોડી દે હવે. સમજાણું કાંઈ ? એ જ્ઞાનમાં પર વસ્તુની જે સ્થિતિ છે એ જ પ્રકારનું જ્ઞાન પરિણમતા, જાણે **'જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** એ જ્ઞેયાકાર નથી. એ જ્ઞાનાકાર જ જ્ઞાન એ રીતે થયું છે. આહા..હા...! ઝીણું તો છે, ભગવાન ! તારી વાત જ ઝીણી છે ને પ્રભુ ! આહા..હા...! અહીં તો શુભભાવથી નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગયું પણ શુભભાવને જ્ઞેય તરીકે જાણે ...

**શ્રોતા :–** પોતે જ જ્ઞેય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે જ જ્ઞેય થઈ ગયું. ઓહો..હો...! દિગંબર સંતોની વાણી ... કોતરાણી. આત્મામાં કોતરી નાખે તો ભવ પાર થઈ જાય. આહા..હા...! બીજાને સાધારણને તો એમ લાગે .. લાગે માણસને. આ ધર્મની વાતું કરે. પાગલ છે. પાગલને તો પાગલ જ દેખાય ને. આહા..હા...! એ જ્ઞાનની પર્યાય છે. એ જ્ઞેયાકાર થયો એ જ્ઞેયની પર્યાય નથી. શરીર, વાણી, મન, રાગ જે જ્ઞેય છે, જેવું જ્ઞેય છે તવું અહીં જ્ઞાન થયું છે. એ પણ જ્ઞેયનું જ્ઞાન નથી, એ તો જ્ઞાનનું જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

**'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'** જોયું ? એ જ્ઞાનની પર્યાય જે છે તે જ્ઞાન વડે જણાય છે. જ્ઞાન વડે આ જણાય છે એમ નહિ. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ કામ કર્યા છે ને ! **'આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી...'** જોયું ? જ્ઞાન ને જ્ઞેય આવી ગયું. હવે પોતે જ પોતાનો જાણનાર હોવાથી **'જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** જ્ઞાતા થઈ ગયો. ઓલામાં 'કળશટીકા'માં એમ લીધું કે જ્ઞેય શક્તિ પોતાની, જ્ઞાન પણ શક્તિ અને જ્ઞાતા અનંત શક્તિનો પિંડ. એમ કહ્યું. જ્ઞાતા અનંતશક્તિ. વસ્તુ લેવી છે. જ્ઞાન એક શક્તિ છે, જ્ઞેય પણ એક શક્તિ છે. પોતાની પોતામાં. એવી અનંત શક્તિનો પિંડ પ્રભુ જ્ઞાતા છે.

**'વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન,...'** જાણવાના સ્વભાવરૂપ પોતે જ્ઞાન, જણાય તે **'જ્ઞેય અને જ્ઞાતા–એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.'** સામાન્ય એટલે ધ્રુવ. એની જાણવાની પર્યાય છે એ વિશેષ. એવી વસ્તુ છે. **''આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** આહા..હા...! સમજાણું કાંઈ ? વેદાંત એમ કહે છે ને અનુભવનાર અને અનુભવ, વળી આ બે ક્યાંથી લાવ્યા ? એ બે છે એ ખરી ... અભેદ છે અહીંયાં. એ એમ કહે છે. આત્મા અનુભવનાર અને એ અનુભવ કરે. એ બે થઈ ગયા. દ્વૈત થઈ ગયો. તને ખબર નથી. દ્વૈત છે. પણ તે અભેદ તરીકે જાણે ત્યારે તેને દ્વૈત ઉડી જાય. અનુભવનાર અને અનુભવ–બે છે. પર્યાય છે. અનુભવનાર તો જ્ઞાતા છે. અનુભવ

પર્યાય છે. પણ અભેદ થતાં અનુભવનાર હું અને અનુભવાય છે એવા બે ભેદ રહેતા નથી. અરે..! આવો ધર્મ. ઓલા તો એમ કહે, ભાઈ ! એકેન્દ્રિયની દયા પાળવી, બે ઇન્દ્રિયની દયા પાળવી, દુ:ખી .. બિચારાને મદદ કરવી, એ બધાના આંસુ લુછવા, નાગા-ભુખ્યા હોય એને આહાર-પાણી, વસ્ત્ર દેવા. સાંભળ તો ખરો, પ્રભુ ! એ શું તું કરી શકે છે ? એ ક્રિયા તો નહિ પણ અંદરનો ભાવ છે એ પણ તારી ચીજ છે ? દયા, દાન, વ્રત આદિનો ભાવ એ કાંઈ તારી ચીજ છે ? એ તો પારકો વિકલ્પ છે, રાગ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મામાં છે ને ? આહા..હા...! 'જ્ઞાનચંદજી' ! એવું આ વીતરાગમાર્ગમાં હોય, બીજે ક્યાંય ન હોય. બીજે સમન્વય કરવા જાય... ક્યાં છે બાપુ આવી વાત ? અને તે પણ... આહા..હા...! નાગા બાદશાહથી આઘા. એવી દિગંબર સંતોની વાણી છે. એનું એવું સ્વરૂપ છે. આ કાંઈ કલ્પિત કરીને ઊભું કર્યું એમ છે ? આહા..હા...!

ભાઈ ! તારું સ્વરૂપ જ જ્ઞાન છે ને અને એ જ્ઞાનની પર્યાયને જ્ઞાન જાણે ને અને એ જ્ઞાનની પર્યાય જ્ઞેય તરીકે જાણે એવી અનંતી શક્તિનો તું તો જ્ઞાતા છો. એ ત્રણે એક છે. ઓલામાં આવે છે ને ? 'કરતા પરિણામી દરવ, કરમરૂપ પરિસામ; કિરિયા પરજયકી ફિરનિ, વસ્તુ એક ત્રય નામ.' 'કર્તા પરિણામી દ્રવ્ય...' નિર્મળ વીતરાગી પર્યાયનો કર્તા જીવદ્રવ્ય અને કર્મરૂપ પરિણામ. એ વીતરાગી પર્યાય છે એ કર્મ છે, કાર્ય છે, અવસ્થા છે. કર્તા પરિણામી દ્રવ્ય કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરણી. અને જે પૂર્વની પર્યાય પલટી અને જે થઈ એ ક્રિયા પણ પરિણામ છે. એ વસ્તુ એક ત્રય નામ. વસ્તુ તો એક છે ત્રણ નામ પડ્યા છે. એ 'સમયસાર'ની ૧૬મી ગાથામાં છે. 'સમયસાર'.

'કર્તા પરિણામી દ્રવ્ય' ખરેખર તો એનો અંશ છે કર્તા, દ્રવ્ય તો ત્રિકાળ છે. પણ એ અંશ એના પરિણામ નિર્મળ વીતરાગી પર્યાયનો કર્તા, વીતરાગી પર્યાય કાર્ય અને પૂર્વની પર્યાયથી પલટો માર્યો અને વીતરાગ દશા (થઈ), પૂર્વે વીતરાગ પર્યાય હતી એમાંથી વીતરાગ પર્યાય નવી થઈ એ એની ક્રિયા. આ આત્માની ક્રિયા. રાગની અને પરની એ આત્માની ક્રિયા નથી. ત્રણ નામ પડ્યા પણ વસ્તુ એક છે. એમ અહીં ત્રણ ભેદ પડ્યા પણ વસ્તુ એક છે એમ કહે છે. આહા..હા...! **'એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** લ્યો ! હવે એ કહેશે...

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

## શ્રી સમયસાર, ગાથા–૩૦૮-૩૧૧, શ્લોક–૧૯૪
## પ્રવચન નં. ૩૭૯, તા. ૨૭-૧૨-૧૯૭૯
## [૨૩]

'સમયસાર' 'સર્વવિશુદ્ધ અધિકાર'. ૧૯૪ કળશ છે, ૧૯૪.

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।१९४।।**

**'कर्तृत्वं अस्य चितः स्वभावः न'** આત્મા પરનું કાંઈ કરી શકે એ સ્વભાવ નહિ. આહાહા..! ઇ ક્રમબદ્ધમાં આવશે ઇ અહીં સિદ્ધ કરવું છે. આત્મા શરીર, વાણી, મન કે પરપદાર્થ એનું કાંઈ કરી શકે નહિ. આહાહા..! **'कर्तृत्वं अस्य चितः स्वभावः न'** એનો સ્વભાવ નથી એ તો જ્ઞાન ને દર્શન ને આનંદ સ્વરૂપ છે, પરનો કર્તા નથી. આહા..! તેમ ભોક્તા પણ નથી. પર વસ્તુને ભોગવે આત્મા તો આત્મા તો અરૂપી છે રંગ, ગંધ, રસ વિનાનો અને જ્ઞાન ને આનંદ એનું રૂપ છે. કોને ભોગવે ઇ? પરનો કર્તા નથી ને પરનો ભોક્તા નથી. આહાહા..! સંસારની બધી વાતું ઊડી જાયને? પેલામાં આવશે.

**'અજ્ઞાનથી જ તે કર્તા છે,...'** અજ્ઞાનથી. સ્વરૂપનું ભાન નથી તેથી કર્તા માને છે કે હું આ શરીરનું કરું, દેશનું કરું, કુટુંબનું કરું... આહા..! પરની દયા પાળી દઉં એવા અનેક ભાવ અજ્ઞાનપણે કરે છે. આહાહા..! **'तद्-अभावात् अकारकः' 'અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.'** પોતે સ્વરૂપે અકર્તા છે. અભાવ થતાં સ્વરૂપે અકર્તા છે. કાંઈપણ પરને (કરે નહિ). આહાહા..! એક પાંદડું તોડવાની પણ આત્મામાં શક્તિ નથી. પત્ર.. પત્ર. લીમડાનું કોઈ પત્તું તોડવાની શક્તિ નથી. આહાહા..! એ તો જડની ક્રિયા છે. એનો ભાવ છે તો એની પાસે રહ્યો, પણ ક્રિયા કરી શકતો નથી. ઓહોહો..! દૂધીનું શાક કરે છે ને? છરીથી આમ (કટકા કરે), એ આત્મા કરી શકતો નથી. દૂધીના કટકા આત્મા કરી શકતો નથી. તેમ ગોળ મોઢામાં નાખ્યો અને દાંતથી પાતળો કરે એ આત્મા કરી શકતો નથી. આહાહા..! એ ગાથા છે, હોં!

**'હવે આત્માનું અકર્તાપણું...'** એ ક્રમબદ્ધની વ્યાખ્યા છે પણ અકર્તાપણું અહીં સિદ્ધ કરે છે. **'હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :–'** આત્મા અકર્તા છે શરીર, વાણી, મન, પરદ્રવ્ય, બિલકુલ પરદ્રવ્યનો (અકર્તા છે).

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।

નીચે હરિગીત.

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**ટીકા :–** આ તો હમણા શિબિરમાં વંચાય ગયું છે. વંચાઈ ગયું છે, પહેલાં વંચાઈ ગયું છે. દરેક પદાર્થ પરમાણુ હો કે આત્મા, પ્રત્યેક પદાર્થ જે એની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે. આત્મા કહે કે હું ફેરફાર કરું. જિનેન્દ્રદેવ પણ પોતાની પર્યાયમાં આઘીપાછી ફેરફાર કરી શકતા નથી. આહાહા..! જે સમયે જે પર્યાય ઉત્પન્ન (થવાની) એ જન્મક્ષણ (છે). એ પર્યાયમાં ઉત્પત્તિનો કાળ છે. આહાહા..! નિયતવાદ થઈ જાય છે એને. એ લોકોને નિયત લાગે છે. પણ નિયતવાદમાં પાંચે સમવાય આવી જાય છે. એમાં એક નહિ, એ કહેશે. જુઓ!

**'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ...'** ક્રમબદ્ધ આ સિદ્ધાંત છે. દરેક પરમાણુ ને પ્રત્યેક આત્માના ક્રમસર પરિણામ થાય છે. ક્રમવૃત્તિ તો પર્યાયનો ધર્મ જ છે. ક્રમવૃત્તિ તો પર્યાયનો ધર્મ છે પણ અહીં તો ક્રમબદ્ધ. એમાં વિશેષ (એ છે કે) જે સમયે જે થવાનું તે થાય. એ માટે ક્રમબદ્ધ કીધું છે. આહાહા..! આ બધા દુકાને બેસીને વેપાર કરે છે, ધંધા કરે છે. કહે છે, એક તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં નથી. એક તણખલું.. તણખલું એના બે કટકા કરવાની આત્મામાં શક્તિ

નથી. એ સમયે થવાની ક્રિયા એનાથી બે કટકા થાય છે. એને અજ્ઞાની માને છે કે હું આને કરું એ કર્તા અજ્ઞાની માને છે તે કરી શકતો નથી. આહાહા..! બહુ વાત આકરી.

**'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...'** સમયે સમયે જે પર્યાય થવાની એને 'પ્રવચનસાર'માં તો એમ કહ્યું કે દરેક દ્રવ્યની જે પર્યાય ઊપજે છે એ એનો જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે. એ પર્યાય ઉત્પન્ન (થવામાં) કોઈ નિમિત્તની અપેક્ષા કે દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી ઇ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને એ સમયે પર્યાય ઉત્પન્ન થાય. જે સમયે ઉત્પન્ન થવાનો તે કાળ તે થાય અને તે પર્યાય ઉત્પન્ન થનારને દ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! નિમિત્તની અપેક્ષા તો નથી પણ દ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! એવો એ **'જીવ ક્રમબદ્ધ...'** આહાહા..! જે સમયે જે પર્યાય થવાની તે સમયે થાય. આમાં મોટો વાંધો હતો. વાંધો છે ને? અત્યારે હજી મોટો વાંધો છે. એમ હોય તો નિયતવાદ થઈ જશે, ફલાણું થઈ જશે, ઢીંકણું થઈ જશે. એમાં અકર્તાપણાનો પુરુષાર્થ છે, ભાઈ!

જે સમયે જે પર્યાય જ્યાં થાય તેનો આત્મા કર્તા નથી ત્યારે અકર્તાનો ત્યાં પુરુષાર્થ છે અને અકર્તાપણું અહીં સિદ્ધ કરવું છે. માથે એ લખ્યું છે ને? અકર્તાપણું સિદ્ધ કરવું છે. પર જીવની આમ દયા પાળવી કે પરની હિંસા કરવી કે પરને અડવું. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, ચૂંબતું નથી, સ્પર્શતું નથી. અડતું નથી, સ્પર્શતું નથી તો કરે શું? આહાહા..! આકરી વાત છે આ.

**'જીવ ક્રમબદ્ધ એવા...'** ભાવાર્થમાં એની એટલી બધી ગંભીરતા નથી લખી. એના ખ્યાલમાં આવી નથી. ભાવાર્થ છે ને સાધારણ છે. જેના પરિણામ હોય એના પરિણામ... પણ ક્રમબદ્ધ છે એનો અર્થ નથી લખ્યો, ખ્યાલમાં આવ્યો નથી. આહાહા..! જે જીવ ક્રમબદ્ધ એક સમયે જે પર્યાય થાય છે પણ એવું જેનું લક્ષ હોય કે ક્રમબદ્ધ પર્યાય થવાની તે થાય. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' માં પણ એમ લખ્યું છે. જે સમયે ભગવાને દીઠું તે સમયે ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે થઈને ત્યાં થવાનું તે સમયે થાય. આહાહા..!

**શ્રોતા :–** એ ન માને તો મિથ્યાદૃષ્ટિ....

ઉત્તર :– ન માને તો ત્યાં મિથ્યાદૃષ્ટિ કહ્યું છે. એવું ન માને તો મિથ્યાત્વ ને માને તો સમ્યગ્દૃષ્ટિ કહીએ એવો શબ્દ છે. આહાહા..! ત્યારે આમાં પુરુષાર્થ (શું)? પુરુષાર્થ આવ્યો. ક્રમબદ્ધ એટલે પર્યાય થાય છે એને કરવી છે ક્યાં? થાય છે એને કરવી છે ક્યાં? પોતાની પણ થાય છે ત્યાં કરવી છે ક્યાં? પરની પણ પર્યાય થાય છે ત્યાં તો બીજો ક્યાં કરી શકે? બીજા પરમાણુ અને આત્માની જે સમયે પર્યાય થાય છે એ થાશે, એમાં આત્મા શી રીતે કરી શકે? આહાહા..! છોકરાઓને એના મા-બાપ મોટા કરે ને, નાના હોય એ મોટા કરે. એ ભ્રમણા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ-કાંઈ કરતું નથી, અકર્તા છે. આહા..!

એ અકર્તા **'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** ક્રમબદ્ધ એવા પોતાના સમયે સ્વતંત્રપણે,

સ્વતંત્રપણે... આહાહા..! તે તે દ્રવ્ય એ સમયની પર્યાય સ્વતંત્રપણે કરતો હોવાથી, **'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** એમ કહે છે. પોતાના પરિણામથી, ક્રમબદ્ધ અને પોતાના પરિણામથી ઊપજતો થકો, **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** એમ ભાષા છે. છે એમાં? શું કહ્યું? ક્રમબદ્ધ, **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** બસ. આહા..! પોતાના પરિણામ પોતે ક્રમસર હોય એ ઊપજાવે. તે આવવાના અથવા પર્યાય થવાના એ આડા-અવળા ન કરી શકે. ઓહોહો..! આકરું કામ છે આ.

એ **'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામો...'** ક્રમસર આવનારા પરિણામ એ પોતાના પરિણામ. આહાહા..! જે સમયે જેનો ભવ અંત આવવાનો હોય ત્યારે આવે. જે સમયે જેને રખડવાનું હોય તે આવે. આહાહા..! કાળનય આવ્યું છે ને? નય આવી છે, કાળનય. જે સમયે એનો કાળ હોય તે તે સમયે મોક્ષ થાય. પછી અકાળનય પણ લીધી, પણ અકાળ એટલે કાંઈ કાળ ફરે એમ નહિ. કાળની સાથે પુરુષાર્થ અને સ્વભાવ લઈને અકાળ કહેવામાં આવ્યો છે. એકલો કાળ નથી એટલે; બાકી અકાળ (એટલે) આઘો-પાછો મોક્ષ થાય, અકાળે મોક્ષ થાય એમ છે નહિ. અકાળે મૃત્યુ થાય એમેય નથી. જુઓ!

'ભગવતી આરાધના' માં એમ લખ્યું છે, અકાળે મૃત્યુ છે. એમ ન માને તો ખોટું છે. એ વ્યવહારથી વાત કરી, વ્યવહારથી વાત છે. પરમાણુનું સંક્રમણ તે રીતે થવાનું હતું તેથી ત્યાં થયું છે પણ આયુષ્ય ઓછું થયું અને આયુષ્યનો ક્રમ તુટી ગયો માટે ઇ મરી ગયો, દેહ છૂટ્યો એમ નથી. એના એ પરિણામ તે જ વખતે, તે જ છૂટવાના, તે ક્ષેત્રે, તે કાળે, તે સંયોગે, તે નિમિત્તે (તે છૂટશે). એમાં બીજો કોઈ ફેરફાર કરી શકે, ડૉકટર-બાકટર કોઈ દવા ને ઇન્જેકશન આપીને (એમ નથી). ડૉકટર નથી કોઈ? કહો, સમજાણું?

**'ક્રમબદ્ધ એવા પોતાના..'** આહાહા..! અહીં વજન ત્યાં છે. **'જીવ...'** અહીં પહેલો જીવને લીધો. જડને પછી લેશે. જડનું કાર્ય કરી શકતો નથી એ પછી કહેશે. પહેલો તો **'જીવ ક્રમબદ્ધ એવા...'** એક પછી એક અનુક્રમે. અનુક્રમ ક્યારે કહેવાય? કે એક પછી એક, એક પછી એક જે થવાની પર્યાય તે થાય એને અનુક્રમ કહીએ, તેને ક્રમબદ્ધ કહીએ. આહાહા..! આ ટિકિટ લેવા બેઠા હોય તો આમ નંબરવાર હોય છે ને? પહેલો ઉભો હોય એની પહેલી ટિકિટ, બીજાને બીજી, ત્રીજાને ત્રીજી. આ ટિકિટ રેલની કે ફિલ્મની. હાર હાર હોય. જેનો પહેલો નંબર હોય એને આપે પછી બીજાને, ત્રીજાને એમ ઉભા રહેવાનું લાઈનમાં. છાશ લેવા જાય છે ત્યાંય એમ થાય. આ છાસની (દુકાન) હોય છે ને? ત્યાં માણસ એક પછી એક ઉભા હોય એને આપે. આહાહા..! છે, જોયું છે. એમ અહીંયાં આત્મા એક પછી એક ક્રમબદ્ધ અનુક્રમે આવનારા જે પરિણામ છે તે પરિણામપણે તે ઊપજતો થકો. આહાહા..! ઝીણી જરી વાત છે. વધારે સ્પષ્ટ તો ભાઈ 'હુકમચંદજી' એ લખ્યું છે. ક્રમબદ્ધનું પુસ્તક બહાર પાડવાનું છે. આપણે પણ પહેલાં બે વાર થઈ ગયું છે. આમ તો ઘણી

વાર થઈ ગયું પણ હમણાં બે વાર થયું તાજે તાજું.

ઓહોહો..! ભગવાનઆત્મા '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ...**' ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ. આહાહા..! માથે કહ્યું હતું ને? અકર્તા સિદ્ધ કરવું છે એમ કીધું હતું ને? આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ સિદ્ધ કરવું છે એમ નથી આવ્યું. અકર્તાપણું સિદ્ધ કરવું છે એમાં ક્રમબદ્ધ આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા(ના) અકર્તાની પરાકાષ્ટા અહીંયાં છે. જગતનો ઈશ્વરકર્તા છે એ માન્યતા જેમ જૂઠી છે એમ એક આત્મા પરનું કરી શકે એ વાત જૂઠી છે. તેમ એ દ્રવ્ય પર્યાયને આડી-અવળી કરી શકે એ પણ જૂઠું છે અને એ પર્યાયને દ્રવ્ય કરે એ પણ નહિ, પર્યાય પર્યાયને કરે. એ અકર્તાપણું સિદ્ધ કરવું છે. ઠેઠ અકર્તાપણું લે છે. આહાહા..!

આ ચોપડી આત્મા બનાવી શકે નહિ, એમ કહે છે. આહા..! આ વકીલો વકીલાત કરી શકે નહિ એમ કહે છે. ભાષા વર્ગણા બોલે એ તો જડની પર્યાય છે આત્મા નહિ, આત્મા નહિ. આહા..! ડૉકટરો ઇન્જેકશન આપે છે એનાથી કાંઈ પરમાં થાય (એમ નથી). ઇન્જેકશન શરીરને અડતું નથી, આત્મા ઇન્જેકશન આપી શકતો નથી. આહાહા..! આવી વાત. પાંગળો થઈ ગયો, પર માટે પાંગળો, પોતા માટે પરમેશ્વર. પોતાના કાર્ય કરવા માટે પરમેશ્વર, બીજાના કાર્ય માટે પાંગળો. આહાહા..! આવી વાતું સાંભળવા ક્યાં મળે? કરો, આ કરો, આ કરો તોફાન. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ. અનંતા જીવ મુક્તિએ ગયા...' એ પરની દયાથી નહિ. એ દયાના પરિણામ જ રાગ છે.

અહીં કહે છે એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો...**' ભલે ઊપજે. એ '**ઊપજતો થકો જીવ જ છે,...**' જીવ ક્રમસર અનુક્રમે પોતાના પરિણામે ઊપજતો થકો જીવ છે. આહાહા..! બહુ ઊંડું છે. સમજાય છે કાંઈ? એક લીટીમાં કેટલું ભર્યું છે એમાં! જીવ પ્રથમ કીધુંને? 'तावत्' એમ. મુખ્ય વાત ઇ કહેવી છે કે આહા..! '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' આહાહા..! થાય ક્રમબદ્ધ એવા, પોતાના ક્રમસર થાય એવા પરિણામોથી પણ, '**પરિણામોથી ઊપજતો થકો...**' જીવ પરિણામપણે ઊપજતો થકો. આહાહા..! ઉત્પાદની પર્યાય છે ને? '**પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' આહાહા..!

જીવ ખાઈ શકતો નથી. કહો! રોટલી, દાળ, ભાત, શાક ખાઈ શકતો નથી. ચા ને દૂધ પી શકતો નથી. આત્મા તો અંદર અકર્તા છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! વીતરાગની વાત બહુ ઝીણી. આહાહા..! માથે આ ટોપી પણ ઓઢી શકતો નથી, ટોપીને ફેરવી શકતો નથી, કપડાને આમ ફેરવી શકતો નથી. કપડું આમ પહેરવું કે આમ પહેરવું. આહાહા..! આકરું કામ બહુ. ઘણું ભર્યું છે એમાં.

'**જીવ ક્રમબદ્ધ એવા...**' '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામો...**' પાછા એ પોતાના પરિણામ. આહાહા..! એનાથી '**ઊપજતો થકો જીવ જ છે,...**' એ જીવ જ છે '**અજીવ નથી;...**' એ જીવ છે

ને અજીવ નથી. એટલે કે ત્યાં અજીવની પરિણામની સહાય છે એ જરીએ બિલકુલ નહિ. આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાય ક્રમસર પોતાના પરિણામે ઊપજે છે એમાં કહે છે કે બીજી કર્મની કે બિલકુલ અપેક્ષા છે નહિ. આહાહા..! એ ક્રમબદ્ધમાં સમ્યગ્દર્શનની પર્યાય આવી એ પરિણામ પોતે પોતાને પોતે ઉપજાવી છે અને એ ઊપજતો થકો પોતે સ્વરૂપ છે. પરને લઈને એ જ્ઞાનની પર્યાય કે સમ્યગ્દર્શનની ઉત્પન્ન થતી નથી. આહાહા..!

સાંભળવાથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થતી નથી એમ કહે છે. આહાહા..! એ તો ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજે છે. એને એમ ભ્રમ પડે કે હું બહાર હતો ને મારા બીજા પરિણામ હતા ને અહીંયાં આવ્યો ત્યાં મને આ સાંભળવાના પરિણામ થયા એટલે આ સાંભળવાથી આ પરિણામ થયા એમ નથી. આહાહા..! ભારે વાતું આકરી.

**'જીવ પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...'** એમાં અજીવની બિલકુલ અપેક્ષા નથી. અજીવ શબ્દે? અજીવ તો ખરું, અહીં અજીવને સિદ્ધ કરવું છે. બાકી આ જીવ સિવાય બીજા બધા અજીવ, જીવ નહિ એનું પણ આત્મા કાંઈ કરી શકતો નથી. આહાહા..! આવું છે. છોકરાને ભણાવી શકતો નથી, મોટા કરી શકતો નથી, પરણાવી શકતો નથી. આરે.. આરે..! આહા..!

**'પોતાના પરિણામોથી ઊપજતો...'** બહુ વચન છે ને? એક જ પ્રકારના પરિણામ નહિ, અનંત પરિણામ છે, અનંત ગુણ છે. એ અનંત ગુણના અનંત પરિણામ (એક) સમયમાં (છે). શું કહ્યું સમજાણું? જીવદ્રવ્ય એક છે પણ ગુણ અનંત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ એ અનંતા ગુણની ક્રમબદ્ધ પોતાના પરિણામોથી તેથી તો બહુવચન છે. એ અનંતા ગુણોની એ સમયની જે પર્યાય જ્ઞાનની થવાની, દર્શનની, શાંતિની, ચારિત્રની, આનંદની, વીર્યની જે સમયે જે પર્યાય થવાની તે આત્મા જ છે, એ આત્મા એ રીતે એમાં ઊપજે છે. આહાહા..! ગજબ વાત કરી છે ને! (કોઈ એમ કહે છે), ક્રમબદ્ધ પાઠ નથી. પણ પાઠમાં ક્રમનિયમિત છે ને? ક્રમનિયમિત છે એ જ ક્રમબદ્ધ છે, બીજું શું? લોકો એમ કહે, ક્રમબદ્ધ રાખવું, ક્રમબદ્ધ ક્યાં કીધું છે? પાઠમાં તો ક્રમ પણ કીધું નથી એમ કહે છે. અકર્તાપણું કહ્યું છે. પણ ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે એ એમાં છે એ કહે છે કે બીજું નવું કહે છે? જે ભાવ એમાં ભર્યા છે તેને ખીલવે છે, તેને ખીલવે છે, ચોખવટ કરે છે. આહાહા..! બહુ વાત આવી.

**'જીવ ક્રમબદ્ધ એવા પોતાના...'** એટલે અનંતા ગુણોના. ઓહોહો..! જેટલા ગુણની સંખ્યા અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણ છે એ દરેકની પર્યાય તે પોતાના સમયે પોતાના પરિણામથી જીવ ઊપજે છે. આહાહા..! કોઈ ગુણની પર્યાય બીજાથી થાય એમ છે નહિ. એમ એ **'જીવ જ છે, અજીવ નથી;'** પેલામાં શબ્દ આવ્યો ને? જીવ જ છે. પરિણામથી અનંતા ગુણોની પર્યાય જે ઊપજી એ જીવ જ છે, અજીવ નહિ. આહાહા..!

એક બાજુ કહેવું કે રાગ છે એ પુદ્‌ગલ છે. એ તો સ્વભાવમાં નથી માટે એને કાઢી નાખવાની

વાત છે. બાકી રાગ પણ એને સમયે થાય છે. પણ જેને એ સમયે થાય છે તેની બુદ્ધિમાં તેનું અકર્તાપણું હોય છે, ત્યારે તેના સમયે થાય છે એવો એનો નિર્ણય સાચો છે. અકર્તા જ્ઞાતા-દૃષ્ટા છે. અકર્તાનો બીજો અર્થ જ્ઞાતા-દૃષ્ટા છે. જાણનાર-દેખનાર છે, બસ! બાકી બીજું કાંઈ આત્મા કરનારો નથી. ઓહોહો..!

**'એવી રીતે અજીવ પણ...'** પાંચ દ્રવ્ય અજીવ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, આકાશ અને પુદ્ગલ. આમાં મૂળ તો પુદ્ગલની વાત છે વધારે. **'અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના...'** આહાહા..! આ શરીરની પર્યાય, વાણીની પર્યાય એ **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ...'** આહાહા..! ભાષા જે આ બોલાય છે એ આત્માથી નહિ. આહાહા..! ભાષાને આત્મા કહી શકતો નથી, આત્મા શરીરને હલાવી શકતો નથી. આહાહા..! દોરડું આમ હલતું હોય એને જાલી રાખે, દોરડું આમ સ્થિર થઈ જાય ઇ કરી શકતો નથી, કહે છે. દોરડું હોય, દોરી આમ હલતી હોય એને થંભાવી રાખે. કહે છે એ કરી શકતો નથી. એ તો એ વખતની એની પર્યાય એવી થવાની છે. આહાહા..! અજીવ, અજીવની વાત છે ને આ તો? એ દોરી અજીવ છે. આહાહા..! આવી વ્યાખ્યા લોકોને આકરી પડે. કર્તાબુદ્ધિ છે ને આખો દિ'. આ કરું ને આ કરું. અહીં પણ મંદિર બનાવું ને મૂર્તિ બનાવું ને આ બનાવું ને આ બનાવું, બધું કર્તાબુદ્ધિએ થાય.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બની ગયું નહિ, એની મેળાએ બનવાનું હતું ને બની ગયું છે. ઇ 'રામજીભાઈ'થી નથી બન્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'અજીવ પણ...'** શરીર પણ વાણી, શરીર, દાળ, ભાત, રોટલા, લાડવા ને ચુરમું ને પાપડ ને એ એને સમયે **'અજીવ પણ ક્રમબદ્ધ એવા...'** અનુક્રમે તે પરમાણુની પર્યાય આવે તે પોતાના પરિણામોથી (આવે). કારણ કે એમાં અનંત ગુણ છે. પરમાણુમાં પણ અનંત ગુણ છે. જેટલા ગુણો જીવમાં છે એટલા ગુણો પરમાણુમાં છે. આ જડ છે ને આ ચેતન છે. બાકી જેટલી સંખ્યા ગુણની જીવમાં છે એટલી સંખ્યા ગુણની પરમાણુમાં છે. એક પરમાણુ. આ તો અનંતા પરમાણુ ભેગા છે. ભેગા લાગે છે, છે નહિ, છૂટે છૂટો છે. પરમાણુ એમાં સ્કંધમાં છૂટે છૂટો છે. આહાહા..! ઇ આવે છે ને? ૮૭ ગાથામાં નહિ? પરમાણુ સ્કંધમાં રહ્યો છતાં છૂટું કામ કરે છે, પોતાની પર્યાયે કામ કરે છે, પરને લઈને નહિ. આહાહા..! ઇ આવે છે ને? જે પરમાણુમાં બે ગુણ ચીકાશ હોય એ ચાર ગુણ ચીકાશવાળાને ભળે તો ચાર ગુણ થઈ જાય. એટલે જુઓ! પરને લઈને થાય છે એમ કહે છે. એ સમયે તે પરમાણુમાં ચાર ગુણી ચીકાશ થવાના ક્રમબદ્ધ ઊપજવાના પોતાના પરિણામથી તે ઊપજ્યો છે. જોડે ચાર ગણો જે ચીકણો પરમાણુ હતો એ એને લઈને અહીં ચાર ગુણ થયા, ગુણ એટલે ભાગ–ચાર પ્રકાર, એક, બે, ત્રણ એવા અનંત અનંત અવિભાગપ્રતિચ્છેદ છે. અનંત અવિભાગપ્રતિચ્છેદ (છે) પણ તે તે સમયે તેના પોતાના પોતાથી થાય છે. આહાહા..! આવું આકરું છે.

**'અજીવ પણ ક્રમબદ્ધ...'** એ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામ, એ પણ ક્રમસર, અનુક્રમે. અજીવમાં પણ અનુક્રમે **'પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહાહા..! બે બોલમાં તો ચૌદ પૂર્વનું બધું સમાડી દીધું છે. આહાહા..! ધીરો થા, ધીરો થા ભાઈ! તું જ્ઞાન સ્વરૂપ છો ને પ્રભુ! તારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે. એ જ્ઞાન, જ્ઞાન એ કરે, કર્તા શેનું કરે? એને કર્તા કામ સોપવું એ શી રીતે જ્ઞાન કરે? તારું અજ્ઞાન છે તે એને જ્ઞાનમાં માને કે હું કરી શકું છું. આહા..! સમજાણું? પહેલાં આવી ગયું હતું. **'અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...'** છે. આવ્યું હતું ને? પહેલાં આવ્યું હતું. ઇ શ્લોકમાં (આવ્યું હતું). એના પહેલાં શ્લોકમાં. ૧૯૫ કળશ છે? ૧૯૫ કળશ તો હવે આવશે. પણ આ તો જ્ઞાનનો મહિમા... વંચાય ગયો હશે, વંચાય ગયો હશે ને એટલે... **'ગહન મહિમા...'** ઇ જુઓ! **'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...'** આહાહા..!

વસ્તુ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ લોકાલોકને એક સમયમાં અનુક્રમે આવતી પર્યાયનો જાણનારો, દેખનારો છે. આહાહા..! એને રાગ કરવો કે બીજાનું કરવું કે અલ્પજ્ઞપણાની વિકારી પર્યાયનો કર્તા થવું. આહાહા..! અવિકારી પર્યાય પર્યાયથી થાય છે.

અહીં કહે છે કે અજીવ ક્રમબદ્ધ... ઇ આવી ગયું. પેલામાં ક્રમબદ્ધ એવા છે ને? **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** અહીં પણ એમ લેવું **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** જોયું? એ અજીવના પરિણામ છે. આહાહા..! પાનું આમ ફેરવે એ અજીવના પરિણામ છે એને આત્મા ફેરવી શકતો નથી. આત્મા પાનું આમ ફેરવી શકતો નથી. એકલું નિશ્ચય રહી ગયું કહે છે. પણ નિશ્ચય એ સત્ય છે. વ્યવહાર તો બધો આરોપીત કથન છે. વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નહિ. બોલાય છે, ભાષા બોલાય એમ બોલે. જ્ઞાની હોય એ એમેય બોલે, ભાઈ! આ મારો દીકરો છે, આ મારી દીકરી છે. બોલે, માનવામાં નહિ. આહાહા..! આ મારું ઘર છે, આ મારા વેવાય છે એમ જ્ઞાની પણ બોલે. બોલવું જુદું ને માનવું જુદું. માન્યતામાં એમ છે જ નહિ. આહાહા..! હવે આવો આંતરો પાડવો.

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું...'** અજીવ છે ને ઉપર? **'થકું અજીવ જ છે,...'** અજીવ દરેક અજીવ પરમાણુ, એક પરમાણુથી માંડીને અનંત પરમાણુના જે સ્કંધ થાય, બે પરમાણુ ભેગા, ત્રણ પરમાણુ ભેગા, ચાર આદિ ક્રમબદ્ધ એના પરિણામમાં જે થવાના છે તે ઠેકાણે ઊપજે છે. આહાહા..! આત્મા એમ કહે છે કે ભાઈ! તું લાડવો વાળી શકતો નથી. આહા..! આ તો હાથ છે, જડ છે. એ હાથ પણ લાડવો કરી શકતો નથી, તો પછી આત્મા શી રીતે કરે? આહા..!

**શ્રોતા :–** આત્મા પ્રેરણા તો કરે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રેરણા બિલકુલ કરે નહિ. પ્રેરણા પ્રેરણાથી જરીક નહિ... આહા..! એક બીજામાં અત્યંત અભાવરૂપ નાસ્તિ છે. એક દ્રવ્ય ને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત

અભાવનો કિલ્લો પડ્યો છે મોટો. એમાં બીજો શી રીતે પ્રવેશ કરે? આહાહા..! આકરું કામ છે. આ અધિકાર જ ઝીણો છે.

**શ્રોતા :–** સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સર્વવિશુદ્ધ છે ને! તદ્દન અહીં તો, બંધ ને મોક્ષને પણ જાણનારો ત્યાં સુધી લીધું છે. આહાહા..! એકદમ ભગવાન ચૈતન્યદળ જાણક સ્વભાવવાળું તત્ત્વ એ જાણવાની પર્યાયને કરે એમ કહેવું એ હજી વ્યવહાર (છે). એ પર્યાય પર્યાયકાળે પર્યાય ન્યાં થાય જ. આહાહા..! એનામાં ભાવ નામનો ગુણ છે એ ગુણને લઈને દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ, દ્રવ્યનો વસ્તુનો સ્વીકાર થયો તો એનામાં ભાવ નામનો એક ગુણ છે કે જેથી પર્યાય થાય જ. કરું તો થાય, ન કરું તો થાય એ પ્રશ્ન કાંઈ છે નહિ. આહાહા..! આકરું કામ છે. 'યશપાલજી'! આવું કાંઈ સાંભળ્યું છે કોઈ દિ'? આકરી વાત છે. લોકો મશ્કરી કરે એવું છે. આખો દિ' આ કરીએ અને કહે, કરતાં નથી, કરતાં નથી. કરો, બાપુ!

**શ્રોતા :–** પોતે પોતાની મશ્કરી કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, શું કરે પણ? એ બધા જાણ્યા પછી તો વિરોધ કરે. ક્રમબદ્ધનો વિરોધ કરે છે. ક્રમબદ્ધનું લખાણ ભાઈએ 'હુકમચંદજી'એ 'વિદ્યાનંદજી'ને આપ્યું હતું. વિરોધ કર્યો. ખોટું છે, કહે. કારણ કે એની માનેલી એકેય વાત સાચી રહેતી નથી. એને સુધારવા છે બધાને, આમ કરવું છે એમ કરીને બહારમાં પડવું છે, લોકરંજન કરવું છે. અહીં લોકરંજન થાય એવું નથી આમાં, આત્મરંજન થાય એવું છે. આહાહા..! શું થાય? ભાઈ! આવી વાત સાંભળવા માટે પણ માણસ થોડા હોય અને સાધારણ દેશી વાત કરે, આમ કરો, દયા પાળો, આમ કરો, મંડળ બાંધો, એક બીજાને મદદ કરો, કપડા આપો, ખાવાનું આપો... (આવું) સમજાય તો માણસ ભેગાય થાય જાજા. હવે આ કહે કે કપડું-ફપડું કોઈને કાંઈ આપી શકે નહિ, કોઈને અનાજ આપી શકે નહિ, પાણી આપી શકે નહિ. ઠીક! આહાહા..! અનાજ, પાણી, ઔષધ અને કપડું, સ્થળ કાંઈક આપે, સારી જગ્યા આપે રહેવા માટે. અહીં કહે છે કે એ ચીજ તો એને સમયે તે કાળે અજીવની થવાની એ અજીવ પોતાના પરિણામથી તે અજીવ ઉપજ્યું છે. તું જાણે કે મારાથી ઊપજ્યું છે. આહાહા..! આ મકાન છવ્વીસ લાખનું ઊપજ્યું છે એ એને કારણે ઊપજ્યું છે.

**શ્રોતા :–** છવ્વીસ લાખ આપે કહ્યું એમાં છવ્વીસ લાખ પૈસા જોયા એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છવ્વીસ લાખ પણ એનામાંથી આવવાના હતા એ આવ્યા. આહાહા..! આત્મા છવ્વીસ લાખને ખર્ચતો નથી. આત્મા પૈસા લઈ શકતો નથી, પૈસા દઈ શકતો નથી. આવી વાતું. બહુ આકરું કામ. આહાહા..! નિશ્ચયથી તો મંદિર ને પ્રતિમા સ્થાપવી એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. ફક્ત એનો શુભભાવ હોય ત્યારે એની ક્રિયા થવાની હોય તો થાય છે. એનો શુભભાવ પુણ્ય, ધર્મ નહિ. આહાહા..! આવી વાતું છે.

**'પોતાના પરિણામોથી...'** એટલે બહુવચન (લીધું છે). પરિણામથી નહિ. અજીવમાં પણ અનંત ગુણ છે, માટે એ અજીવ અનુક્રમે... પણ લીધું ને? પણ. પણ કેમ લીધું?–કે પેલો જીવ કીધો માટે. જીવના પરિણામ જેમ કીધા તેમ અજીવ પણ, એમ. એથી 'પણ' લીધું. **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** એ પણ બહુવચન. અનંતા ગુણો પરમાણુ આ રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ એ દરેક ગુણ **'પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** જીવ નહિ, જીવ તેનો કર્તા નહિ. આહાહા..! પરમાણુ ને શરીર આદિની પર્યાયનો કર્તા નહિ, અકર્તા છે. આહાહા..! ઇ અકર્તાપણામાં ક્રમબદ્ધનો સિદ્ધાંત આવી જાય છે. આહાહા..!

**'કારણ કે...'** દૃષ્ટાંત કહેતા હતા ને? લખ્યું હતું ને માથે? કે અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહેશું. હવે દૃષ્ટાંત કહે છે. માથે લખ્યું હતું માથે. માથે આવ્યું હતું. અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક આવ્યું હતું ને? **'આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે...'** એમ આવ્યું હતું ને? ગાથા ઉપર, ગાથાની ઉપર. આહાહા..! ગાથાની ઉપર જ તે. અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે. હવે દૃષ્ટાંત દે છે. પહેલું અકર્તાપણું સિદ્ધ કર્યું, હવે એનો દાખલો આપે છે.

**'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા)...'** સોનાથી સોનાના કંકણ થાય કે દાગીના થાય. દાગીનાને શું કહેવાય? ઝેવર. એ **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** સોનાના ઝેવરને–દાગીનાને, સુવર્ણને કંકણ આદિ પરિણામ સાથે સંબંધ છે, એ સોનાને તેના પરિણામ સાથે સંબંધ છે. એ સોનીએ કંકણ કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ સોનીએ કર્યું નથી, કહે છે. આહાહા..!

**શ્રોતા :–** હથોડાએ કર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કર્યું એ સોનાએ કર્યું છે, અરે..! સોનાના પરિણામે કર્યું છે. સોનાએ નહિ, સોનાના પરિણામે કર્યું છે. આવી વાત છે. દુનિયાથી જિનેશ્વરનો વીતરાગ માર્ગ જુદી જાત છે, ભાઈ! આહાહા..! દુનિયા તો બહારથી ચલાવે છે. આ કરો, આ અપવાસ કરો ને ફલાણું કરો ને ઢીંકણું કરો, આઠ-દસ અપવાસ કર્યા એટલે ઓહોહો..! મોટો વરઘોડો કાઢો, પતાસાની, ફલાણાની, પેંડાની લ્હાણી કરો એ બધો ધર્મ છે. ધર્મ ક્યાં હતો એમાં? એ તો શુભભાવ છે. તે પણ તે કાળે તે થવાનું છે તે તે થાય છે. એમાં તારો ભાવ હોય તો શુભભાવ હોય છે. પુણ્ય, ધર્મ નહિ. આહાહા..! કરોડો રૂપિયાના દાન આપે તોપણ એને રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

**શ્રોતા :–** પુણ્યને પણ આપે પાપમાં નાખી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પુણ્ય તો કઈ અપેક્ષાએ? પવિત્રતાની પવિત્રતાથી હેઠે પડે છે એટલે. પુણ્યના પરિણામ શુભભાવ પણ પવિત્ર પ્રભુ છે ન્યાંથી ખસી જાય પતીત થાય, ત્યારે શુભ થાય છે. એથી પછી કહે કે ભાઈ! 'પાપને પાપ તો સૌ કહે, પણ અનુભવી જન તો પુણ્યને પાપ કહે.' આ આકરી વાતું છે. દુનિયાથી જુદી જાત છે. કઠણ વાત. કેટલાકને પહેલી સાંભળવી જ કઠણ

પડે. આખો દિ' એ બહારની ક્રિયાકાંડમાં મથ્યા હોય, રચ્યા હોય. આહાહા..! એક તો સંસારની ક્રિયામાં નવરો ન હોય, નવરો થાય તો કલાક સાંભળવા જાય તો મળે એવું ક્રિયાકાંડ ને બધી વાતું. એ કલાક લુટાંય જાય, થઈ રહ્યું. આહાહા..! આખી જિંદગી મફત ઢોરની જેમ જાય. ઢોર જેમ જાય એમ આખી જિંદગી જાય. આહાહા..! વળી મરીને પાછા ઢોર થાય. કારણ કે સમ્યગ્દર્શન નથી તેમ સત્સમાગમ રોજ બબ્બે, ત્રણ ત્રણ, ચાર ચાર કલાક કરવો જોઈએ, ચાર ચાર કલાક વાંચવું જોઈએ તો એને પુણ્ય પણ થાય, તો પુણ્ય-પુણ્ય થાય, હોં! આહાહા..! આવું આકરું છે.

દાખલો આપ્યો છે. સોનાનું જે કંકણ થયું **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** એ સુવર્ણને કંકણ એટલે કડું લ્યો, કડું લ્યો, કોઈ પણ સોનાની વીંટી લ્યો, એ સોના સાથે એનું તન્મય છે. એનાથી જુદું નથી. એ દ્રવ્યના જ પરિણામ છે, એ સોનાના જ એ પરિણામ છે. તે સમયે ક્રમસર અનુક્રમે આવતા તે કડું થયું, કંકણ થયું વગેરે વગેરે. આહાહા..!

**'કંકણ આદિ...'** આદિ છે ને? કડું હોય, વીંટી હોય વગેરે. દાગીના હોય, સોનાના કડા હોય, પગમાં શું કહેવાય પગમાં એ? બહેનો પગમાં પહેરે. નહિ? કડા નહિ, બીજા પેલા કડલા, કડલા કહેતા હતા ને પહેલાં? પહેલાં કડલા પહેરતા હતા. એ હવે પછી ફરી ગયું. પણ એ કડલા-બડલા આત્માથી થયા નથી. આહાહા..! સોનીએ ઘડ્યું નથી, સોની એ એરણને અડ્યો નથી, સોની એ સોનાને અડ્યો નથી... આહાહા..! અને કંકણ થાય છે. ક્રમબદ્ધ એવા અજીવના પરિણામ તે કાળે, થવાને કાળે પોતાના પરિણામમાં પરિણામ ઊપજે છે. આહાહા..! કહો, 'પુનાતર' આવી આકરી વાત છે.

**શ્રોતા :–** સિદ્ધાંત તો એવો છે–પરસ્પર ઉપગ્રહો જીવાનામ્.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપગ્રહો ઇ જ બધા નાખે છે ને. હજી સવારમાં જ વાંચ્યું હતું. ઇ ઉપગ્રહનો અર્થ નિમિત્ત એક બીજાને નિમિત્ત છે, એમ કહે છે. ઉપગ્રહનો અર્થ ઉપકાર છે એમ નથી. પણ સૌ હવે ઇ નાખે છે. ચૌદ બ્રહ્માંડનો ફોટો નાખી હેઠે (લખે) પરસ્પર ઉપગ્રહો. ઉપગ્રહનો અર્થ જ કર્યો છે ભાઈએ 'સર્વાર્થસિદ્ધિ' માં એનો અર્થ કર્યો છે. એ નિમિત્ત છે એને આમ ઉપગ્રહો કહ્યું, બાકી એનાથી કાંઈ થાય એવું કાંઈ નથી. પરસ્પર ઉપગ્રહ, પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે નિમિત્ત સંબંધ છે એનો અર્થ એ કે નિમિત્ત એમાં કરતું નથી માટે એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય છે. સામી પર્યાય થાય છે ત્યારે જે નિમિત્ત હોય છે એને નિમિત્તથી-નૈમિત્તિક કહેવાય. કર્મના નિમિત્તથી વિકાર થયો એમ કહેવાય પણ ખરેખર એમ નથી. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કહેવાણું છે. ખરેખર તો વિકાર વિકારથી થયો છે, કર્મથી વિકાર થયો જ નથી. આહાહા..! કહો, આવી વાત છે.

**શ્રોતા :–** બીજો વિકાર કેમ કરે છે? બેય ભેગા મળે તો વિકાર થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય ભેગા મળતા જ નથી કોઈ દિ'. બે વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત

અભાવ છે એમાં ભાવ ક્યાંથી લાવવો? અડે એ તો ભાવ થઈ ગયો. આહા..! ઝીણી વાત છે, ભાઈ! બહુ ઝીણું તત્ત્વ છે, વીતરાગનું તત્ત્વ બહુ ઝીણું છે. એમાં પણ દર્શનશુદ્ધિ પહેલી કરવી એ તો મહા વસ્તુ છે. દર્શનશુદ્ધિથી એ ધર્મની શરૂઆત થાય છે. એ દર્શનશુદ્ધિના ઠેકાણા જેના નથી એને તો જ્ઞાન પણ ખોટું, ચારિત્ર પણ ખોટું, બધું ખોટું છે. આહાહા..!

છે કે નહિ? સામે પુસ્તક છે. **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** તાદાત્મ્ય છે. ઠીક! પર્યાયને અને દ્રવ્યને તાદાત્મ્ય કહ્યું. પરિણામને અને પરિણામીને તાદાત્મ્ય કહ્યું. ખરેખર તો પર્યાય પર્યાયમાં તાદાત્મ્ય છે અને દ્રવ્ય દ્રવ્યમાં તાદાત્મ્ય છે. છતાં ફક્ત બીજાથી જુદું પાડવા તાદાત્મ્ય છે (એમ કહ્યું). સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે. એ અજીવ સાથે નથી એમ સિદ્ધ કરવું છે, અજીવ સાથે એને છે નહિ એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

**'તેમ...'** જેમ સોનાનો દૃષ્ટાંત આપ્યો **'તેમ સર્વ દ્રવ્યોને...'** બધા દ્રવ્યોને. પરમાણુ આત્મા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. **'બધા દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** જેમ સોનાને તેના પરિણામ સાથે તદ્રૂપ છે એમ દરેક દ્રવ્યને પોતાના પરિણામ સાથે તદ્રૂપ છે. અહીં તો અત્યારે પરિણામની વાત સિદ્ધ કરવી છે ને? પછી પરિણામ ને દ્રવ્યની વાત સિદ્ધ કરવી હોય ત્યારે બીજી વાત આવે. આહાહા..! ત્યારે તો એમ કહે કે આત્મા બંધ ને મોક્ષના પરિણામને કરતો નથી. ૩૨૦ ગાથા. પરિણામ પરિણામને કરે છે, પરિણામ દ્રવ્યને પર્યાયને કરતો નથી. પણ અહીં તો ફક્ત હજી બીજાથી જુદું પાડીને પોતાના પરિણામને પોતે કરે છે. પરના પરિણામને નથી (કરતો) એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. આહાહા..!

આમ રીતસર કલાક ભાષણ આપે, તે બરાબર કલાક આપી શકે છે. આહાહા..! ભારે. ભાષાનો કાળ હોય, નીકળવાનો ક્રમ (હોય) એ પ્રમાણે ભાષા નીકળે, આત્માને લઈને નહિ. આહાહા..! આત્મા એનો કર્તા નથી. આકરું તો પડશે, બાપુ? શું થાય? આ અધિકાર જ આકરો છે. બધું લખાણ થોડું થોડું આવી ગયું છે. વિશેષ તો ક્રમબદ્ધની ચોપડી છપાય છે ત્યારે આવશે. આહાહા..! સર્વ દ્રવ્યો એટલે દરેક દ્રવ્યો. ઓહોહો..! એક બાજુ 'નિયમસાર'માં એમ કહે કે હવે કાળ ન હોય તો પરિણામ થાય નહિ. કાળદ્રવ્ય ન હોય તો પરિણામ થાય નહિ માટે કાળદ્રવ્ય જોઈએ.

**શ્રોતા :–** ઇ તો કાળની સિદ્ધિ માટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એવું આવ્યું, લ્યો! ઇ તો કાળ છે, નિમિત્તપણે વસ્તુ એક સિદ્ધ કરવી છે એટલું. પણ પરિણામ ઇ કાળને લઈને પરિણમે છે? દરેક વસ્તુ પરિણામી તો સ્વભાવ છે, નિત્ય પરિણામી તો સ્વભાવ પોતાનો છે. નિત્ય પરિણામી–ટકીને બદલવું એ તો દરેક દ્રવ્યનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. સમજાણું કાંઈ? છતાં ત્યાં એમ કહે કે કાળદ્રવ્ય વિના પરિણામ (થાય નહિ). એ તો કાળદ્રવ્યને સિદ્ધ કરવું છે. કાળદ્રવ્ય વિના બીજા ન પરિણમે તો પરિણમન સ્વભાવવાળું દ્રવ્ય નથી? પાઠ તો આવો છે, લ્યો! આહાહા..! દરેક દ્રવ્ય પોતાના પરિણામથી પરિણમતો થકો

બીજા દ્રવ્યની કોઈ આશા છે નહિ. આહાહા..! આમ હોંશું ને હરખ. છોકરાના લગન થાય ને પૈસા પચાસ-પચાસ હજાર ખરચવા હોય... જુઓ! તમારે હરખ ને હરખ, હરખ. જાણે અમે શું કરીએ છીએ? આહાહા..! બાપુ! કરી શકતો નથી કાંઈ, અભિમાન કરે છે, મિથ્યાત્વ સેવે છે. હું આ કરું છું એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

**શ્રોતા :–** આ તો જેને સંસાર છોડવો હોય એની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેને રખડવું મટાડવું હોય એને માટે છે. સંસાર એટલે બાયડી, છોકરા એમ નહિ. બાયડી, છોકરા કાંઈ સંસાર નથી. બાયડી, છોકરા, કુટુંબ, પૈસો એ સંસાર નથી. સંસાર તો પર્યાયમાં મિથ્યાત્વભાવ એ સંસાર છે. 'સમયસાર'માં (આવી ગયું), મિથ્યાત્વ તે સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ પરદ્રવ્ય એ કાંઈ સંસાર નથી. એની પર્યાયમાં રહેલો મિથ્યાત્વ ભાવ તે સંસાર છે. આહાહા..! એને છોડવું હોય તો આ સમજવું પડશે. સંસાર છોડો. સંસાર કેવો? આહાહા..! આત્માની ભૂલ આત્મામાં રહે કે બહાર રહે? મિથ્યા ભ્રમણા કરે. મેં કર્યું. તો ભ્રમણા તો એની પર્યાયમાં રહે. બહારની ચીજને શું સંબંધ છે? આહાહા..! આવું છે.

**'સર્વ દ્રવ્યોને...'** આહાહા..! **'પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** આહા..! દરેક દ્રવ્યને. એમાં કોઈ બાકી નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ વગેરે. આહાહા..! ધર્માસ્તિકાય નથી માટે સિદ્ધ ઉપર નથી જતા એમ નથી. ઘણા એમ કહે છે ને? ધર્માસ્તિકાય નથી માટે ઉપર જતાં નથી. (ઉપર) જવાનો ઊર્ધ્વ સ્વભાવ છે, ઊર્ધ્વ સ્વભાવ છે પણ ઊર્ધ્વ સ્વભાવ (હોવા છતાં) ધર્માસ્તિકાયનો અભાવ છે (માટે જતા નથી). પણ એનો પર્યાય રહેવાનો સ્વભાવ જ એટલો ત્યાં સુધી છે. ઊર્ધ્વ સ્વભાવમાં ત્યાં સુધી રહેવાનો એટલો એનો ક્રમમાં સ્વભાવ છે, આગળ જવાનો સ્વભાવ નથી. ધર્માસ્તિકાય હોત તો જાત પણ ઇ નથી ત્યાં વળી હોત તો જાત ક્યાં પ્રશ્ન આવ્યો? આહાહા..! વાંધા ઘણા ઊઠાવ્યા છે. આહાહા..!

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** છે ને? **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❁

**શ્રી નિયમસાર, ગાથા–૧૮૭, શ્લોક–૩૦૬–૩૦૭**
**પ્રવચન નં. ૨૦૪, તા. ૧૬-૧૨-૧૯૭૧**
**[૨૪]**

૧૮૬ ગાથાના બે કળશ છે. ૩૦૬મો કળશ.

**देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे**
**विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने* ।**
**नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां**
**जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे ।।३०६ ।।**

કહે છે કે આ સંસારરૂપી અટવી વિકટ સ્થળ છે. જેમાં **'દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે,...'** એક દેહ, બીજો દેહ એમ અનંત દેહ, એનો જે સમૂહ, એની પંક્તિ–ધારા. વનમાં જેમ વૃક્ષની પંક્તિ હોય, અટવીમાં જે વૃક્ષની પંક્તિનો સમૂહ હોય, એમ સંસારરૂપી અટવીમાં દેહસમૂહરૂપી વૃક્ષની પંક્તિ છે. એક પછી એક... એક પછી એક... એક પછી એક દેહ મળ્યા જ કરે એને. જેમાં દહસમૂહ, દેહનો ઢગલો આખો. એવા **'દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે,...'** સંસાર અટવી. **'જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે,...'** અટવીમાં જે સિંહ ને વાઘ વસે છે એમ દુઃખની પરંપરાપ એક પછી એક.. એક પછી એક... દુઃખ તો ચાલ્યા જ કરે છે. સંસારમાં (કોઈ) દુઃખરહિત છે નહિ.

**'દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે,...'** રાગ-દ્વેષની આકુળતા. ચાહે તો સ્વર્ગમાં હો, નર્કમાં હો, શેઠાઈમાં હો, રાંકાઈમાં હો, પણ એને દુઃખની પરંપરામાં જંગલી પશુ વસે છે. વેરી ચીરી નાખે એવા પશુઓ છે, સંસાર અટવી એવી છે. **'અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,..'** કરાળ કાળ ક્ષણમાં બધાંનો નાશ કરી નાખે છે. **'કરાળ કાળરૂપી અગ્નિ'** વનને જેમ બાળે. એમ આ પોતાના અનેક પ્રકારના શરીરાદિનો નાશ કરી નાખે છે. સગવડતા, અગવડતા બધાનો કરાળ કાળ સંસાર. આખો સંસાર દાવાનળથી સળગી રહ્યો છે.

---

* અહીં કાંઈક અશુદ્ધિ હોય એમ લાગે છે.

**'જેમાં બુદ્ધિરૂપી જળ સુકાય છે...'** ત્યાં અંદર ક્યાંક પ્રશ્ન છે. બુદ્ધિરૂપી જળ સુકાય જાય છે. આત્માનું જ્ઞાન શું છે એનું એને ભાન નથી. સંસારના ડહાપણ એ પણ આત્માના જ્ઞાનને સુકવી નાખે છે. સમજાણું કાંઈ ? **'અને જે દર્શનમોહયુક્ત જીવોને...'** જેને શ્રદ્ધા વિપરીત છે એવા **'જીવોને અનેક કુનયરૂપી માર્ગને લીધે અત્યંત દુર્ગમ છે,...'** કુનય ... કુનય, કુશાસ્ત્ર. એ રૂપી માર્ગને લીધે અત્યંત દુર્ગમ છે. એ અટવીમાંથી નીકળવું... એવી અટવી હોય એમાં જાળ, બાવળ, કાંટા આડાઅવળા ભર્યા હોય એમાંથી રસ્તો કાઢવો મુશ્કેલ છે. એમ આ દર્શનમોહ જીવને અનેક કુનય, કુતર્કો દ્વારા માર્ગને લીધે અત્યંત દુર્ગમ છે. નીચે અર્થ છે.

**'મુશ્કેલીથી ઓળંગી શકાય એવું;..'** એ છે. આહા..હા...! **'દુસ્તર.'** છે. ચોરાશીના અવતારમાંથી નીકળવું મહા દુસ્તર છે. **'(સંસાર-અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો...'** અને જાળા, ઝાંખરા, બાવળના કાંટા વચ્ચે અટવીમાં પડ્યા હોય, હવે એમાંથી માર્ગ કાઢવો કે જે શહેરમાં પહોંચી શકાય, એવો કેડો ગોતવો જેમ મહામુશ્કેલ છે. એમ આ સંસારની અટવીમાં રખડતા જીવને **'કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો...'** સત્ય શું છે એ શોધવું **'મિથ્યાદૃષ્ટિઓને અત્યંત કઠિન છે...'** ક્યાંક ક્યાંક ભરાય જાય છે. સમજાણું કાંઈ ? વિપરીત નયના આશયે એકાંતમાં કા પર્યાયમાં કા દ્રવ્યમાં કા એકાંત ભેદમાં કા એકાંત અભેદમાં એમ ભરાય જાય છે. વસ્તુની સ્થિતિ શોધવી આ કુનયના કારણે બહુ મુશ્કેલ છે. **'તેથી સંસાર-અટવી અત્યંત દુસ્તર છે.'** દુસ્તર તરવી એટલે અટવીમાંથી નીકળવું... કહો, ધર્મના નામે પણ એટલા કુનયો વર્તે એમાંથી નીકળવું અને સત્યને શોધવું દુસ્તર–તરવું એ નીકળવું મહામુશ્કેલ છે.

અહો..! **'તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળ...'** સંસારરૂપી અટવીનું વિકટ મેદાન... આહા..હા...! એ જ **'જૈન દર્શન એક જ શરણ છે.'** આત્માનો વીતરાગી સ્વભાવ એ જૈનદર્શન છે. જૈનદર્શનને એ કહ્યું. તારો સ્વભાવ વીતરાગ આનંદસ્વરૂપ ત્રિકાળ... આહા..હા...! એ એક જ શરણ છે, બીજું કોઈ શરણ છે નહિ. કહો, સમજાણું કાંઈ ? આવી દુર્ગમ અટવીમાંથી નીકળવા માટે એક જૈનદર્શનનું શરણ છે. **'એક જ શરણ છે.'** લ્યો ! જૈનદર્શન એક જ શરણ છે, બીજું કોઈ નથી. બીજું ક્યાં ?

આત્માનો વીતરાગી સ્વભાવ એ જૈનદર્શન છે, અને એની પર્યાયની પ્રાપ્તિ થવી એ જૈનશાસન. ત્રિકાળી આનંદમૂર્તિ ભગવાન વીતરાગસ્વરૂપ, એનું શરણ, એનો આશ્રય એક જ ઉદ્ધાર કરવાનો ઉપાય છે. એક શ્લોક થયો. કોઈને એમ લાગે કે આ તો એકાંત છે. પોતે જૈનદર્શનની વાત એકાંતમાં નાખે છે. પણ એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહ્યું અને પ્રગટ કર્યું એવું એ સ્વરૂપ જૈનદર્શન એટલે આત્મા. જેમાં રાગ નથી, જેમાં સંસાર છે નહિ એવો જે ત્રિકાળી સ્વભાવ, એ એક જ શરણ છે. સમજાણું કાંઈ ? ૩૦૭ મો શ્લોક.

लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-
स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।
स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः
जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका।।३०७।।

ઉત્સુક, અત્યંત ઉત્સુક, અતિ ઉત્સુક. અર્થ કર્યો છે ને ? 'નેમિનાથ' ભગવાનને યાદ કર્યા છે. હા. આ તો પોતે બ્રહ્મચારી હતા ને ? બાળબ્રહ્મચારી હતા. 'પદ્મપ્રભમલધારિદેવ' બાળબ્રહ્મચારી (હતા) એટલે બાળબ્રહ્મચારી તીર્થંકરને યાદ કર્યા છે.

**'જે પ્રભુનું જ્ઞાનશરીર...'** 'નેમિનાથ' ભગવાનનું જ્ઞાનશરીર, હોં ! એ જ્ઞાન એનું શરીર **'સદા લોકાલોકનું નિકેતન છે...'** ઘર છે. નિકેતન એટલે ઘર. ભગવાન 'નેમિનાથ' પ્રભુ, જેનું જ્ઞાનરૂપી સ્વભાવ શરીર, એ લોકાલોકનું ઘર છે એટલે કે લોકાલોકને જાણવા સમર્થ છે, લોકાલોક જેમાં જણાય છે. કહો, શબ્દ તો આમ લીધો છે. ભગવાન જ્ઞાનસ્વભાવ લોકાલોકનું નિકેતન, નિકેતન એટલે રહેવાનું સ્થાન છે. પંડિતજી ! ઘર છે. લોકાલોક અહીં રહે છે. એનો અર્થ, 'નેમિનાથ' પ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે એમ જણાય છે. એવું એમનું જ્ઞાનશરીર છે, જ્ઞાનશરીર, દેહશરીર તો જડ છે, માટી છે. સમજાણું કાંઈ ?

**'તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને—'** તીર્થેશ્વર એ છે. તીર્થના ઈશ્વર છે. તીર્થેશ્વર. તીર્થના ઇશ્વર–તરનારા આત્માઓના પણ એ ઈશ્વર છે. સાધકના એ પરમેશ્વર છે, એમ કહે છે. **'કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...'** આવે છે ને ? 'નેમિનાથ' ભગવાન અને 'કૃષ્ણ'ની રાણી 'રુક્ષ્મણી'. 'નેમિનાથ' ભગવાને સ્નાન કર્યું એટલે લુગડું કાઢી નાખ્યું અને 'રુક્ષ્મણી'ને કીધું ધોઈ નાખ. 'રુક્ષ્મણી' કહે કે તમે કોણ કહેનાર ? અમારા એક મોટા 'શ્રીકૃષ્ણ', એ શંખનો ધ્વનિ ફૂંકે તો 'દ્વારિકા'ને હલાવી દે. એ પુરુષ પણ અમને ન કહે અને તમે ? 'નેમિનાથ' ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા, ત્રણ જ્ઞાનના ધણી હતા. એમ કહ્યું એટલે ભગવાને ત્યાંથી... ત્યાં શંખ હતો, નાગની શૈયા હતી, નાગની શૈયા, પાટી હોય છે ને ? પલંગ ને પાટી. નાગ.. નાગ. નાગની પાટી.

**શ્રોતા :–** બહુ સુંવાળી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુંવાળી, પોચી. 'શ્રીકૃષ્ણ'ને સુવાને માટે નાગશૈયા હતી, નાગની શૈયા. ત્યાં ગયા અને ત્યાં જઈને શંખ લીધો. શંખ લઈને ફૂંક્યો. 'દ્વારિકા' ધ્રૂજી ઊઠી. શંખ ફૂંક્યો ત્યાં એટલું અવાજનું જોર કે 'દ્વારિકા' ધ્રૂજી ઊઠી. અહીં તો આખી પૃથ્વી ધ્રુજાવી. પણ એ પોતે જે સ્થાન છે એને આખું ધ્રૂજાવી દીધું. શંખને હાથમાં લઈને ફૂંક્યો ત્યાં. **'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રૂજાવી હતી...'** લ્યો ! શંખને કારણે ફૂંક પડી ત્યાં પૃથ્વી ધ્રૂજી ઊઠી. નિમિત્તથી.

**શ્રોતા :–** માનવું કે ન માનવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ અહીં સિદ્ધ ક્યાં કરવું છે ! અહીં તો એણે આ કર્યું એમાં આમ થયું એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

**'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે ?'** એનું સ્તવન કરવાને ત્રણ લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે ? એવી જેની શક્તિ. 'નેમિનાથ' ભગવાન કેવળજ્ઞાન પામ્યા, પૂર્ણાનંદની દશા પામ્યા એની કોણ મનુષ્યો, દેવો સ્તુતિ કરે ? શું કરે ? એની અલૌકિક ચીજ જ્યાં (પૂર્ણપણે પ્રગટ થઈ ગઈ), જેની પર્યાય અનંત જ્ઞાન અને અનંત આનંદપણે પરિણમી ગઈ છે એનું શું કહેવું ? લોકાલોકથી પણ અનંત ગુણો કાળ, ક્ષેત્ર હોત તો જાણે એવું જેના જ્ઞાનની પર્યાયનું પરિણમન સ્વચ્છ અને શુદ્ધ છે, એની સ્તુતિ કરવાને કોણ સમર્થ છે ? સમજાણું કાંઈ ? **'ત્રણ લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે ?'** એમ કહે છે. ગણધરો પણ સમર્થ નથી એમ કહે છે.

**'(તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે...'** લ્યો ! એમના પ્રત્યે અતિ ઉત્સુક, ઉત્સાહરૂપી ભક્તિ જાગી છે એ કરીએ છીએ. આહા..હા...! આવે છે ને ? એ તો વિકલ્પ છે. પણ એ અશુભની જ્યારે સ્થિતિ ન હોય ત્યારે એવો ભાવ હોય છે. અંદરમાં ઠરી શકે નહિ ત્યારે એવો વિકલ્પ હોય છે.

**શ્રોતા** :– ન હોય તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હોય જ, ન હોય એમ નહીં. વીતરાગ પૂર્ણ થાય એને ન હોય ? કાં વીતરાગ થઈ જાય કાં અજ્ઞાની થઈ જાય. સમજાણું કાંઈ ? આ આવે છે ને ? ત્યાં વીતરાગતામાં કેટલો કાળ રહે ?

કહે છે કે **'જિન પ્રત્યે...'** એવા વીતરાગ ભગવાન પ્રત્યે. જેનો સ્વભાવ એકલો વીતરાગ પૂર્ણ થઈ ગયો. અહો...! જેવો એનો સ્વભાવ હતો એવી વ્યક્ત દશા પ્રગટ થઈ ગઈ. જિનસ્વરૂપ જ આત્મા હતો. વીતરાગસ્વરૂપે હતો એવો પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. એના **'પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું.'** સ્તવવાનું કારણ આ એક જ છે એમ કહે છે. બીજું કોઈ કારણ નથી. કહો, સમજાણું ? ૧૮૬મા આવ્યું હતું ને ? એમાંથી એ કાઢ્યું. હવે આ છેલ્લી ગાથા ૧૮૭.

**શ્રોતા** :– હે ભવ્ય ! અભક્તિ ન કર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ભક્તિ કરજે. એ નિશ્ચયભક્તિની વાત ત્યાં તો છે અને આ વ્યવહારભક્તિમાં કાઢે છે.

**શ્રોતા** :– મહાપુરુષો આવા દોષ કરે એનું શું કરવાનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દોષ કરે (નહીં), એ આવે છે. ભાવ હોય છે. ભાવ હોય છે ને, નથી હોતા એમ નહિ. ભાવ પણ વ્યવહારે પ્રશંસનિક છે ને ? વ્યવહારે. નિશ્ચયથી અપ્રશંસનિક છે. ભૂમિકાને યોગ્ય એવો ભાવ આવે, હોય છે.

છેલ્લી ગાથા ૧૮૭.

**णियभावणाणिमित्तं मए कदं णिमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं।।१८७।।**

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.**

આવો શબ્દ તો આ ચાર શાસ્ત્રમાં (નથી આવતો). આમાં જ આવે છે આ.

**શ્રોતા** :- મારા માટે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, '**मए कदं**' મેં કર્યું.

'**પૂર્વાપર દોષરહિત...**' જાણીને આ કર્યું છે એમ કહે છે. આમાં કોઈ વિરોધ છે નહિ.

'**આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.**' 'નિયમસાર' શાસ્ત્ર અહીંયા પૂરું થાય છે. '**અહીં આચાર્યશ્રી (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પહોંચવાથી...**' શરૂ કરેલા કાર્યના અંતના છેડાને પહોંચવાથી '**અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે...**' કૃતાર્થતાને પામીને કહે છે. કૃત-કર્યું મેં. જે ધાર્યું હતું એ પૂરું થયું. '**કે સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ...**' ટીકાકાર તો એમ લખે ને. કેવા છે 'કુંદકુંદાચાર્ય' ? '**સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં...**' એમ પાછું. '**मए कदं**' પૂર્વાપર જિનનો ઉપદેશ બધો જાણ્યો છે. એમ કહે છે. છેલ્લામાં એમ અર્થ આવ્યો ને ? એ બધો પર્વાપર ઉપદેશ સેંકડો ...

**શ્રોતા** :- એટલા બધાં શાસ્ત્રો વાંચે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવ્યા છે વાંચનમાં.

**શ્રોતા** :- આટલા બધાં પણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આટલા બધાં શું હજારો હશે. કહો, સમજાણું કાંઈ ? શાસ્ત્ર-સ્વાધ્યાયનો ઘણો વખત હોય તો આવે એ. મુનિને પણ સ્વાધ્યાયનો કાળ ધ્યાન વિના હોય છે. ધ્યાનમાં રહી શકે કેટલું ? ત્યારે સ્વાધ્યાયકાળ પણ હોય છે. નહિતર તો એમને સાચું ધ્યાન તરત જ આવે છે, છતાં છઠ્ઠા ગુણસ્થાનમાં શાસ્ત્ર-સ્વાધ્યાયનો ભાવ હોય છે. બતાવે છે, એ સ્વાધ્યાયમાં બતાવે છે પાછું ઇ ને ? વીતરાગતા પૂર્ણાનંદ પૂર્ણ સ્વરૂપ એનું શરણ છે, એનો આશ્રય છે. હેતુ તો ત્યાં એ છે, ભલે વિકલ્પ છે. સમજાણું કાંઈ ? એનાથી જવાતું નથી પણ ઇ બતાવે છે એ. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં...**' એ પોતે. 'પદ્મપ્રભમલધારિદેવે' એમ કહ્યું. નિજભાવને કારણે '**નિજભાવનાને નિમિત્તે—**' એનો અર્થ એટલો કર્યો '**अशुभवंचनार्थं**' વિકલ્પ છે

ખરો ને ? શાસ્ત્ર બનવાનો વિકલ્પ છે એ અશુભ ટળવા માટે, અશુભને ટાળવા માટે આ શુભભાવ છે, એટલી વાત છે. **'अशुभवंचनार्थं' 'નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.'** 'નિયમસાર' નામનો આ સિદ્ધાંત મેં કર્યો છે. **'શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે) ? પહેલાં અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.'** જોયું ? **'णच्चा जिणोवदेसं'** પહેલાં જાણ્યું મારા ગુરુ પાસેથી. ગુરુ કેવા છે ?–કે અવંચક છે. **'છેતરે નહિ એવા; નિષ્કપટી; સરળ; ઋજુ.'** જેવું સ્વરૂપ હતું એવું કહેતા હતા. સમજાય છે કાંઈ ? પામેલા હતા તે પ્રમાણે કહેતા હતા. એમ કહે છે મૂળ તો.

**'અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.'** પ્રસાદ–મહેરબાનીથી. અમારા પરમ ગુરુ પ્રભુ, એની મહેરબાનીથી આ મેં જાણ્યું એમ કહે છે, જુઓ ! **'શું જાણીને ? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને.'** જાણ્યો. લ્યો ! વીતરાગ-સર્વજ્ઞના મુખ-અરવિંદ. મુખરૂપી અરવિંદ–કમળ. તેમાંથી નીકળેલા પરમ ઉપદેશને અમે જાણ્યો. ઠીક. એને અમે જાણ્યો એમ કહે છે. **'કેવો છે તે ઉપદેશ ? પૂર્વાપર દોષરહિત છે....'** પહેલાં કંઈક કહ્યું અને પછી કંઈક એવો વિરોધ એમાં છે નહિ. પૂર્વ અને અપર, પહેલાં અને પછી. અપર એટલે પછી, પૂર્વ અને પહેલાં અને પછી દોષરહિત છે.

**'અર્થાત્ પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...'** મોહ અને રાગ-દ્વેષના વિકારનો જેને અભાવ છે એને લીધે પૂર્વાપર દોષરહિત જ એની વાણી હોય છે. એવા જે **'આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી...'** તે ઉપદેશ **'નિર્દોષ છે.'** કેવો છે ઉપદેશ ? એમ કીધું ને ? કે એ નિર્દોષ છે. ભગવાનની વાણી પહેલાં-પછી વિરોધરહિત છે, એથી તે નિર્દોષ છે.

**'વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે),...'** આ સિદ્ધાંતના સાર સંબંધી એમ સમજવું **'કે જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે,...'** ઠીક. અરે..! એ તો દરેકને હોય છે ને ? 'અષ્ટસહસ્ત્રી'નું રાત્રે કહ્યું નહોતું પંડિતજીએ ? એમાં આવે છે ને એક અષ્ટસહસ્ત્રીમાં બધું આવે છે.

આ **'(નિયમસારશાસ્ત્ર) ખરેખર...'** ખરેખર એમ પાછું. **'સમસ્ત આગમના અર્થસમૂહનું...'** આગમનો અર્થ. પદાર્થનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે. ત્રણ કાળ, ત્રણ લોકના બધાં પદાર્થો ભગવાને જે જોયા એ બધાંને કહેવા સમર્થ છે. આ 'નિયમસાર' એકમાં બધું આવી જાય છે એમ કહે છે. એ તો 'સમયસાર'માં એમા બધાં 'પ્રવચનસાર'માં બધું આવી જાય છે. એમ જ હોય.

**'જેણે નિયમ-શબ્દથી...'** હવે 'નિયમસાર'નો અર્થ કરે છે. **'નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'** લ્યો ! **'નિયમ-શબ્દથી...'** 'નિયમસાર' છે ને ? તો **'વિશુદ્ધ મોક્ષમાર્ગ...'** શુદ્ધ મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ, યથાર્થ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે 'નિયમસારે' દર્શાવ્યો છે. પરની અપેક્ષા વિનાનો, વ્યવહારની પણ અપેક્ષા વિનાનો એવો નિરપેક્ષ માર્ગ, વિશુદ્ધ દ્રવ્યને આશ્રયે પ્રગટ થતો, એવા મોક્ષમાર્ગને જેણે દર્શાવ્યો છે. કહો, રાત્રે નહોતા, નહિ ? આ પ્રશ્ન રાત્રે થયો હતો,

કે અભૂતાર્થ-અસત્યાર્થ છે ને ? પર્યાય દ્રવ્યમાં નથી માટે અસત્યાર્થ છે ને ? દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને... દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને અર્થ .. એમ ને ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પણ એ જ કીધું ને ? દ્રવ્યમાં, ધ્રુવમાં પર્યાય છે ખરી, પણ એને ગૌણ કરીને કહેવામાં આવ્યું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યારે શેમાં આવે છે ? રાત્રે ચર્ચા થઈ હતી.

પર્યાય છે એ પર્યાયને ગૌણ કરીને. દ્રવ્યની વાત અહીં ક્યાં છે ? દ્રવ્ય જે ત્રિકાળ છે એમાં પર્યાય છે નહિ એ વાત અહીં છે જ નહિ. એનું અહીં કામ નથી. ત્રિકાળ દ્રવ્યનું મુખ્યપણું બતાવીને જે પર્યાય વર્તે છે તે પણ ગૌણ કરીને નથી એમ કીધું છે. પર્યાય છે એને ગૌણ કરીને નથી (એમ) કીધું. દ્રવ્યમાં પર્યાય નથી કે દ્રવ્યમાં પર્યાય છે માટે ગૌણ કરીને કહ્યું એ અહીં પ્રશ્ન છે નહિ. સમજાણું કાંઈ ? એય..! તમે પણ નહોતા. યાદ કર્યા હતા. ચાલે ત્યારે તો...

અસત્યાર્થ કહ્યું છે એ તો ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા દૃષ્ટિ કરાવવા, પર્યાય પર્યાયમાં હોવા છતાં એને ગૌણ કરીને એ પર્યાય નથી, અવિદ્યમાન છે, પર્યાય પોતે અવિદ્યમાન છે, વર્તમાન અવસ્થા અવિદ્યમાન છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? 'મોહનભાઈ' હતા કે નહિ ? રાત્રે કહ્યું હતું ને ? આ ચાલતું હતું કે નહિ ? યાદ રહ્યું ન હોય.

ભગવાનઆત્માના બે અંશો છે. બે અંશ છે એમાં એક અંશ નથી એ અંશરૂપે અંશ નથી.

**શ્રોતા** :- આખી વસ્તુમાં અંશ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો અહીં પ્રશ્ન જ નથી.

એક ત્રિકાળી અંશ અને એક પર્યાય અંશ એવા બે અંશો છે. એમાં ત્રિકાળી અંશની અપેક્ષાએ પર્યાય અંશ પોતે નથી. એ છે એ પોતે નથી. સમજાણું કાંઈ ? કેમ નથી ? પર્યાય છે તો ખરી. પણ એને ત્યાંનુ લક્ષ છોડાવવું છે અને દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ કરાવવી છે એટલે છે છતાં તે નથી એમ કહેવામાં આવે છે. એમ વાત છે. સમજાણું કાંઈ ? ૧૧મી ગાથા તો...

**શ્રોતા** :- આપ ઘણી વાર કહો છો કે દ્રવ્યમાં પર્યાય નથી એ એમને દૃઢ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ માટે તો આ વાત છંછેડી. 'હીરાભાઈ'! ... પણ એ શી રીતે દૃઢ કર્યું ? એય...! 'ચેતનજી'! તમે હતા કે નહિ ? દ્રવ્યમાં પર્યાય છે કે નથી એ પ્રશ્ન (જ નથી).

**શ્રોતા** :- આપ જ્યારે કહો છો ત્યારે એમને બહુ આનંદ આવે, વધુ આનંદ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- 'ચેતનજી'! ઠીક. સ્પષ્ટીકરણ કરાવે છે ને ?

**શ્રોતા** :- આમાં તો સાક્ષી હાજર છે ને, સાક્ષીની ગેરહાજરીમાં વાત નથી થતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ રાત્રે કહ્યું હતું, અહીં જે વ્યવહાર અસત્ય કહ્યો છે, એ પર્યાયને

જ જૂઠી કીધી છે. દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન અહીં છે જ નહિ. દ્રવ્યમાં તો પર્યાય છે જ નહિ. એ તો પ્રશ્ન નથી. આ તો પર્યાયમાં પર્યાય, પર્યાય છે એ નથી એમ અહીં કહેવું છે. કેમ કે ત્રિકાળ સત્યાર્થનો આશ્રય લેવા એને મુખ્યપણે કરીને પર્યાય હોવા છતાં એને ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવી. એ પર્યાય ગૌણ કરીને નથી કહેવામાં આવ્યું છે. દ્રવ્યની વાત અહીં નથી. દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન છે નહિ અહીંયા. એય..! 'ચેતનજી'! આહા..હા...!

**શ્રોતા :–** બધી વાતમાં ઇ વાત આવે ત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત જેમ હોય એમ જાણે. દ્રવ્ય વસ્તુ સામાન્ય છે એમાં તો પર્યાય નથી જ. એ પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ ? હવે અહીં તો પર્યાય પર્યાપણે છે, ભૂતાર્થ છે, વ્યવહાર એ ભૂતાર્થ છે. એને અહીં નિશ્ચયથી અસત્ય છે એમ ગૌણ કરીને, અભાવ કરીને અસત્ છે એમ નહિ કહ્યું સમજાણું કાંઈ ? 'દિલીપ' હતો કે નહિ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એમ લ્યો ! ડોસાને સમજાવે.

**શ્રોતા :–** ડોસો ક્યાં છે ? સૌ સરખા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ડોસા છે ને ! એના બાપનો બાપ હતો.

૧૧મી ગાથાની શું શૈલી છે ! વસ્તુ પોતે આમ ધ્રુવ, નિત્યાનંદ, ભૂતાર્થ, સત્યાર્થ, પરમાર્થ એ વસ્તુ. બસ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એમ મુખ્યપણે એને છે એમ કહીને પર્યાયને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આ મુખ્યપણે કરીને છે (એમ કહેવામાં આવ્યું) અને પર્યાય જે છે એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ ? એય..! પંડિતજી ! રાત્રે આવ્યું હતું.

**'व्यवहारो भूदत्थमस्सिदो...'** કહેવું છે ને ? વ્યવહાર એટલે પર્યાય. રાગાદિ ભલે હોય. એનું કાંઈ નહિ, આપણે પર્યાય મુખ્ય છે અહીં. કીધું ને કે અનિત્ય પર્યાય નથી જ એમ માનવું તો વેદાંત થઈ જશે. પર્યાય પર્યાયપણે નથી, હોં ! દ્રવ્યમાં નથી એ પ્રશ્ન અહીં છે નહિ.

**શ્રોતા :–** દ્રવ્યમાં પર્યાય.. ધ્રુવમાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવમાં ક્યાં છે ? આ અંશ અહીં છે. એ અંશ અહીં નથી. એ પ્રશ્ન અહીં નથી. આ અંશ અહીં છે એ અંશ નથી. એ અંશ અહીં નથી એમ નહિ. એ અંશ અહીં છે એ નથી. કેમ ? મુખ્યનો આશ્રય કરાવવા ગૌણ કરીને નથી એમ પેટાભેદ કાઢી નાખ્યો. સમજાણું કાંઈ ? આ વાત કરી હતી. રાત્રે બહુ કરી હતી. નહિ ? હજી આજે બપોરે આવશે. આમાં યાદ આવી ગયું. આ આવ્યું ને ? **'વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'**

**શ્રોતા :–** આજ બપોરે વધારે આવશે. કેમકે અગિયારમી ગાથાનો એ વિષય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો જ છે ને. ઇ વિષય જ એ છે. આ અમારે 'જેઠાભાઈ'એ સરખો

જવાબ આપ્યો હતો. પૂછ્યું તો જવાબ સરખો આપ્યો હતો. સવારે પૂછ્યું હતું. રાત્રે શું ચાલ્યું હતું ? આ તો સીધી વાત છે.

ભગવાનઆત્મા બે અંશે પ્રમાણનો વિષય છે. બે અંશે. એક અંશ વર્તમાન પર્યાય અને એક ત્રિકાળ. વસ્તુ દ્રવ્ય ઇ. એને દ્રવ્ય કહેવું પરથી જુદું પાડવા માટે. હવે બેમાંથી દ્રવ્ય ધ્રુવ જે મુખ્ય છે તેને દ્રવ્ય સિદ્ધ કરીને એનો આશ્રય લેવા, આ લક્ષ છોડાવવા, એ પર્યાય છે છતાં તે નથી એ નથી આ છે, આ નથી ને આ છે. 'વજુભાઈ' ! જુઓ ! તમે રાત્રે નહોતા.

**શ્રોતા :–** બપોરે એનાથી વધારે આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વિચાર તો પહેલાં આવી ગયો હતો. ત્યારે વળી... કોઈ પૂછે કે ...થોડુંક .. જોઈએ ને. કાંઈ સૂઝ પડતી ન હોય કે શું પૂછવું ? આહા..હા...!

**'જેણે નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'** એ સ્વના આશ્રયથી સમ્યગ્દર્શન થાય એ એમાં–નિયમસારમાં દર્શાવ્યું છે. કારણપરમાત્માને જ્યાં ત્યાં વર્ણવ્યો છે ને ? કારણપરમાત્મા કહો કે દ્રવ્ય કહો. ભૂતાર્થ કહો, સત્યાર્થ કહો, કારણપરમાત્મા કહો, કારણ જીવ કહો બધું એક જ છે. આહા..હા...! કહે છે, **'નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ...'** જુઓ ! અહીં મોક્ષમાર્ગને, નિશ્ચયમોક્ષમાર્ગને પણ વિશુદ્ધ શબ્દ વપરાય છે. વિશેષે શુદ્ધ.

**શ્રોતા :–** શુભ નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, શુભ નહિ. શુભ નહિ અને એકલું શુદ્ધ પણ નહિ. વિશેષ શુદ્ધ. એવો **'મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે...'** પાછો. જેમ છે તેમ દેખાડ્યો છે. **'જે શોભિત પંચાસ્તિકાય સહિત છે...'** પંચાસ્તિકાયથી શોભાયમાન છે. **'(અર્થાત્ જેમાં પાંચ અસ્તિકાયનું વર્ણન કરવામાં આવ્યું છે),...'** જેમાં પાંચ...

**શ્રોતા :–** બીજા પરપદાર્થ જાણવાનું શું કામ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પર છે એ વિના સ્વ જુદો કેમ પડશે ? પરને જાણ્યા વિના..

**શ્રોતા :–** પણ જુદો જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જુદો છે એ ક્યાં એને લક્ષમાં છે ? જુદો છે એ તો વાણીમાં આવ્યું. આ પંચાસ્તિકાય અને એની જ્ઞાનની પર્યાય, પંચાસ્તિકાયને જાણવાની પર્યાય એ પર્યાયને પણ ગૌણ કરીને આના ઉપર દૃષ્ટિ દેવી જોઈએ. તો પંચાસ્તિકાય તો ક્યાંય આઘા રહી ગયા. સમજાણું કાંઈ ? આમાં બધું છે એમ કહે છે. પંચાસ્તિકાય સહિત શોભિત. પંચાસ્તિકાય સહિત છે.

**'જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે...'** લ્યો ! જુઓ ! એમાં પહેલું જ્ઞાનાચાર લીધું છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, જુઓ ! પંચાચાર-પ્રપંચ એટલે વિસ્તાર. એનો સંચય એટલે ગોઠવવામાં આવ્યું છે. અહીં પહેલાં જ્ઞાનાચાર લીધો, અહીં સમકિતાચાર પહેલો નથી લીધો. સમજાણું કાંઈ ? અહીં પહેલાં શબ્દમાં જ જ્ઞાન-દર્શન-ચારિત્ર લખ્યું છે. 'કુંદકુંદાચાર્યે' પોતે. 'નિયમસાર'ની શરૂઆતમાં

આવ્યું ને પહેલું ? કાલે બતાવ્યું હતું. **'णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं'** 'કુંદકુંદાચાર્ય'ના (શબ્દ છે). ટીકામાં પણ એમ કર્યું છે. નહિતર ઓલા પદની ગોઠવણીમાં આમ આવ્યું, એમ કોઈ કહે. ટીકામાં એમ છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે. લ્યો ! અને પહેલીથી જ ભાષા વાપરી છે, જુઓને ! ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવા જેવું નિજપરમરૂપનું પરિજ્ઞાન તે જ્ઞાન છે. જાણવું તો જ્ઞાનમાં આવે છે.

અહીં કહે છે **'પંચાચાર-પ્રપંચનો સંચય કરાવામાં આવ્યો છે...'** આમાં કેટલો ઢગલો પડ્યો છે એમ કહે છે. 'નિયમસાર'માં બધું વર્ણન છે. **'(અર્થાત્ જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર,...'** જ્ઞાનનો આચાર નિશ્ચય, દર્શનાચાર નિશ્ચય. વ્યવહાર ભલે હો એ જાણવાલાયક છે. **'ચારિત્રાચારા, તપાચાર..'** ઇચ્છા નિરોધ, **'વીર્યાચારરૂપ...'** વીર્યની સ્ફુરણાનું આચરણ. **'પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે), જે છ દ્રવ્યોથી વિચિત્ર છે...'** છ દ્રવ્યોના નિરૂપણથી વિવિધ પ્રકારનું સુંદર. 'નિયમસાર'માં છ દ્રવ્યનું વર્ણન છે. **'(અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું–સુંદર છે), સાત તત્ત્વો અને નવ પદાર્થો જેની અંદર સમાયેલાં છે,...'** જુઓ ! સાત તત્ત્વની વ્યાખ્યા છે. પુણ્ય-પાપને આસ્રવમાં સમાડી દઈ અને સાત તત્ત્વનું અને નવ પદાર્થ જુદા પાડીને **'જેની અંદર સમાયેલાં છે, જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે,...'** ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક–એવા પાંચ ભાવરૂપ ચાર પર્યાય અને એક ગુણ, એવા **'વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે,...'** પાંચ ભાવમાં ચાર પર્યાય છે. એ પર્યાયને જ અહીં અભૂતાર્થ કહી છે. પરમપારિણામિક ભાવ ભૂતાર્થ છે, સત્યાર્થ છે.

**'જે નિશ્ચય-પ્રતિક્રમણ,...'** નિશ્ચય-પ્રતિક્રમણ–પોતાના સ્વરૂપમાં રાગથી ખસીને સ્થિર થવું. પંચ મહાવ્રતના પરિણામ અને એ બધાં વ્યવહાર ક્રિયાકાંડ છે, પણ આ નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ ? **'સકળ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી...'** એટલે કે પુષ્કળ નિરૂપણ છે. આડંબરનો અર્થ ઘણું એમાં છે. **'સમૃદ્ધ છે...'** આહા..હા...! **'(અર્થાત્ જેમાં પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે) અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ ને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)—'** શુભ કોને કહેવું, અશુભ કોને કહેવું, શુદ્ધ ઉપયોગ કોને કહેવો. બે મલિન અને એક નિર્મળ. એનું આમાં પુષ્કળ વર્ણન છે.

**'—એવા આ પરમેશ્વર શાસ્ત્રનું...'** લ્યો ! **'એવા આ પરમેશ્વર...'** પરમેશ્વર. પરમેશ્વર. ગ્રંથાધિરાજને ઠેકાણે પરમેશ્વર શાસ્ત્ર. ઠીક ! ગ્રંથરાજ. પણ આ તો ગ્રંથનો પરમેશ્વર ! આહા..હા...! **'પરમેશ્વર શાસ્ત્રનું ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે :...'** એવા પરમેશ્વર શાસ્ત્રનો ખરેખર બે પ્રકારનો સાર છે. એક **'સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય.'** સૂત્રતાત્પર્ય એટલે ગાથા દીઠ જે કહેવું એ સૂત્રતાત્પર્ય. **'સૂત્રતાત્પર્ય તો પદ્યકથનની દરેક સૂત્રને વિષે (–પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે) પ્રતિપાદન કરવામાં આવ્યું છે.'** આ સૂત્રમાં શું કહેવું છે એ સૂત્રતાત્પર્ય, ગાથામાં. **'અને શાસ્ત્રતાત્પર્ય...'** આખા બધાં.

આ સિદ્ધાંત શાસ્ત્રો આટલા બધાં કહ્યા એ બધાનું તાત્પર્ય **'આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદન કરવામાં આવે છે )'**

**'આ (નિયમસારશાસ્ત્ર) ભાગવત્ શાસ્ત્ર છે.'** લ્યો ! ભગવતી શાસ્ત્ર છે. **'ભાગવત્ = ભગવાનનું; દૈવી; પવિત્ર.'** ભગવાનનું શાસ્ત્ર. ભગવાનનું શાસ્ત્ર. લ્યો. દૈવી અને પવિત્ર શાસ્ત્ર. **'જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા,...'** મુખ્યરૂપી સુંદરી પરિણતિ, મોક્ષરૂપી દશા, આત્માની પરમ આનંદ દશા, અતીન્દ્રિય આનંદના અમૃતની દશા, એ રૂપી પરિણતીથી **'ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક,...'** પરમ વીતરાગ સ્વરૂપ, **'નિરાબાધ,...' 'બાધારહિત, નિર્વિઘ્ન.' 'નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...'** મોક્ષરૂપી સુંદરી એટલે પરિણતિ, એનાથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગસ્વરૂપ નિરાબાધ એટલે હવે વિઘ્ન ન મળે, નિરંતર પાછું, અંતર પડ્યા વિના. **'અનંગ = અશરીરી, આત્મિક, અતીંદ્રિય.'** આનંદ. અનંગ આ **'પરમાનંદનું દેનારું છે,...'** અનંગ પરમાનંદ. અનંગ પરમાનંદ – અશરીરી, આત્માનો જે પરમ આનંદ, એનું આ શાસ્ત્ર દેનારું છે. સમજાણું કાંઈ ?

વળી એ શાસ્ત્ર **'નિરતિશય,...' 'જેનાથી કોઈ ચડિયાતું નથી એવા, અનુત્તમ,...'** અનુત્તમ એટલે ઉત્તમમાં ઉત્તમ. **'શ્રેષ્ઠ, અજોડ.'** આમ તો અણ ઉત્તમનો એવો અર્થ થઈ જાય. એના જેવું કોઈ મુખ્ય નથી. **'નિરતિશય, નિત્યશુદ્ધ...'** એવો જે ભગવાનઆત્મા કારણપરમાત્મા. **'નિરતિશય,..'** એના સિવાય કોઈ ઊંચું નહિ એવું **'નિત્યશુદ્ધ, નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...'** પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનું અભેદ સ્વરૂપ, એની ભાવનાનું આ કારણ છે. આ 'નિયમસાર' એની ભાવનાને બતાવે છે. આહા..હા...! આને મોક્ષમાર્ગ કહ્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી ભાષા પણ ક્યાંય નથી.

**'જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે,...'** આમાં ઘણા નયોનું વર્ણન કર્યું છે. જે સમસ્ત નયોનો ઢગલો, સમૂહ, એનાથી શોભિત છે. વ્યવહાર કોને કહેવો ? સદ્‌ભુત, અસદ્‌ભુત, ઉપચાર, અનુપચાર, નિશ્ચય, યથાર્થ, પરમાર્થ વગેરે. **'જે પંચમ ગતિના હેતુભૂત છે...'** લ્યો ! તેવું આ ભાગવત્ શાસ્ત્ર છે. **'પંચમગતિના હેતુભૂત છે...'** મોક્ષનું કારણ છે આ. આહા..હા...! **'જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી (નિગ્રંથ મુનિવરથી) રચાયેલું છે—'** નિર્ગ્રંથ મુનિ 'કુંદકુંદાચાર્યે' રચેલું છે એમ કહે છે. સમજાણું કાંઈ ? પેલા વસ્ત્રવાળાએ રચ્યા હોય એ નહિ આ. પાંચ અન્દ્રિયના ફેલાવથી રહિત છે, મુનિ અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે અને બાહ્યમાં દેહમાત્ર પરિગ્રહ છે. લ્યો ! નિર્ગ્રંથ મુનિવર, એનાથી આ રચાયેલું છે.

**'–એવા આ ભાગવત શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે,...'** જેઓ એ નિશ્ચયનય અને વ્યવહારનયનો અવિરોધ, બેને મેળ કરીને. નિશ્ચય આ અને વ્યવહાર આ. એમ. **'તે મહાપુરુષો–સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને...' 'હાર્દ, રહસ્ય, મર્મ. (આ ભાગવત્ શાસ્ત્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હાર્દના જ્ઞાતા છે.)'** આને

બરાબર જાણે એને બધાં અધ્યાત્મશાસ્ત્રનું હૃદય એને હાથ આવી જાય છે કે આ ઠેકાણે આ કહ્યું છે, આ ઠેકાણે આ અપેક્ષાએ કહ્યું છે વગેરે. **'સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને...'** મર્મને, એના રહસ્યને **'જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—'** પરમાનંદરૂપ વીતરાગસુખ આત્માનો આનંદ, એના અભિલાષીઓ **'બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,...'** મુનિની વાત લેવી છે ને ? આહા..હા...! **'બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,...'** ચૌદ પ્રકારનો અંતર અને દસ પ્રકારનો બાહ્ય. પરિગ્રહોના વિસ્તારને છોડીને.

**'ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન...'** ત્રણે કાળે ઉપાધિ વિનાનું દ્રવ્યસ્વરૂપ, એમાં લીન. સ્વરૂપમાં લીન. **'ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના...'** એ વસ્તુ ત્રણે કાળે સ્વરૂપમાં લીન જ છે. એમ કહે છે. ત્રણે કાળે નિરુપાધિ સ્વરૂપમાં એ વસ્તુ લીન છે. એવો નિજ કારણપરમાત્મા. લ્યો ! **'નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં...'** નિજ કારણપરમાત્માના સ્વરૂપના. અહીં હવે આ લીધું– શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ. એવું જે નિરૂપાધિ ત્રણે કાળે સ્વરૂપમાં લીન જ વસ્તુ છે. એના **'સ્વરૂપનાં શ્રદ્ધાન—'** એનું શ્રદ્ધાન, એનું **'જ્ઞાન—'** ત્રિકાળી કારણપરમાત્માના સ્વરૂપનું શ્રદ્ધાન, નિજ કારણપમરાત્માના સ્વરૂપનું જ્ઞાન, નિજ કારણપરમાત્મસ્વરૂપમાં આચરણ... આહા..હા...!

**'આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ...'** ત્રીજી ગાથામાં કહ્યું હતું. શરૂ કર્યું ત્યારે ત્રીજી ગાથામાં કહ્યું. નિરપેક્ષ રત્નત્રયથી શરૂ કર્યું. છેલ્લે સરવાળો આવ્યો. **'ભેદોપચાર-કલ્પનાથી...'** વ્યવહારની જે કલ્પના. વ્યવહારશ્રદ્ધા, વ્યવહાર એ બધાં ઉપચારથી નિરપેક્ષ છે. એ છે તો નિશ્ચય થાય છે એમ નહિ. એની અપેક્ષા વિનાનું. **'એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણમાં વર્તતા થકા,..'** **'સ્વસ્થ = નિજાત્મસ્થિત. (નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ છે.)'** **'એવા સ્વસ્થ...'** સ્વ નામ પોતામાં રહેલા **'રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા,...'** ઠીક ! એમાં પરાયણ વર્તતા થકાં. રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા.

**'શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.'** લ્યો ! 'સમયસાર'માં છેલ્લું લીધું, સુખ પામી જાય છે. **'શબ્દબ્રહ્મના...'** જુઓ ! શબ્દબ્રહ્મનું ફળ આ. વીતરાગી દિવ્યધ્વનિના શાસ્ત્રનું ફળ આ. **'શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખ...'** આત્માનો અતીન્દ્રિય આનંદ, એનો એ જીવ **'ભોક્તા થાય છે.'** સમજાણું કાંઈ ? હવે એના ચાર શ્લોક કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

## શ્રી સમયસાર, શ્લોક-૨૧૧-૨૧૨
## પ્રવચન નં. ૪૦૬, તા. ૦૯-૦૬-૧૯૮૦
## [૨૫]

'સમયસાર' ૨૧૧ કળશ, કળશ છે.

**ननु परिणाम एव किल कर्म विनिश्चयतः**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः।।२११।।**

શું કહે છે? **'ननु परिणामः एव किल विनिश्चयतः कर्म' 'ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...'** શું કીધું ઇ? દરેક દ્રવ્યના જે પરિણામ જે સમયે થાય તે પરિણામ જ એનું કર્મ, કર્મ એટલે કાર્ય છે. આહાહા..! આ હાથ હલે છે એ પરિણામ છે, પરિણામ. એ પરિણામ એ કર્મ એટલે કાર્ય છે. એ કાર્ય પરમાણુનું કાર્ય છે, આત્માનું નહિ. આહાહા..! **'ખરેખર પરિણામ છે...'** દરેક વસ્તુના પરિણામ છે, પર્યાય છે, અવસ્થા છે તે જ તેનું કાર્ય છે. એ બીજાનું કાર્ય કરવા જાય એ બની શકે નહિ. એ પોતાનું આ પરિણામ કાર્ય પોતાનું છે. પણ બીજાનું કાર્ય કરવા જાય (એ બની શકે નહિ). આહાહા..! આકરું કામ છે.

આ વેપાર-ધંધો એ ત્રણકાળમાં આત્મા કરે નહિ. એને જે પરિણામ થાય એ પરિણામ તેનું કાર્ય છે, પરિણામ તેનું કર્મ છે, પરિણામ તેનું કર્તવ્ય છે. બીજી ચીજને કરી શકે એ ત્રણકાળમાં નહિ. આહાહા..! અહીં તો જીવ પરજીવની દયા પાળી શકે એમ નહિ, કહે છે. કેમકે દયાના જે પરિણામ છે એ જીવના પરિણામ એનું કર્મ નામ કાર્ય છે. એ કાર્ય પરનું કરી શકે નહિ. આહાહા..! દયાના ભાવ આવ્યા એ રાગ છે. રાગ એ આત્માનું અજ્ઞાનમાં કર્મ એટલે કાર્ય છે પણ એ કાર્ય પરની દયા પાળવામાં કામ કરે, એ ભાવ પરની દયા પાળી શકે (એમ) ત્રણકાળમાં નહિ. આહાહા..!

**શ્રોતા :–** દયા તે ધર્મ છે એમ કેમ કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કયો દયા ધર્મ? આ તો આ આત્માની દયા. આત્માને રાગ રહિત, વિકલ્પ રહિત અખંડાનંદની શ્રદ્ધા ને પ્રતીત (કરવી) તે અહિંસા છે, તે દયા છે. આહાહા..! બહુ ફેર. ક્યાં વાણીયાને નવરાશ ન મળે નિર્ણય કરવાની. ધંધા આદિ પાપમાં આખો દિ' પડ્યા હોય.

**શ્રોતા :–** વાણિયા જ નવરા થઈને આવ્યા છે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજાની વાત છે ને. આહાહા..!

પરિણામ ખરેખર તે જ કાર્ય છે, ભાષા જુઓ! આત્માના પરિણામ કે આ પરમાણુના પરિણામ, આ આંગળી પરમાણુ છે, આ આંગળીના જે આ પરિણામ છે તે ખરેખર નિશ્ચય આંગળી–પરમાણુનું કાર્ય છે, આત્માનું એ કાર્ય નહિ, આત્માનું એ કર્મ નહિ, આત્માના એ પરિણામથી થયું નથી. આંગળી હલે છે એ આત્માના પરિણામથી હલતી નથી. આહાહા..!

ખરેખર દરેક વસ્તુનો તે સમયનો જે પર્યાય છે તે તેનું જ કર્મ નામ કાર્ય છે. આહા..! એક દ્રવ્યનું કાર્ય પોતાની પર્યાય તે તેનું કાર્ય છે. પણ એ દ્રવ્ય બીજાનું કાર્ય કરી શકે, બીજા પરમાણુનું કે બીજા આત્માનું,... આહાહા..! એ બની શકે નહિ, બનતું નથી. મિથ્યાદૃષ્ટિ મૂઢ માને છે એટલે એ મિથ્યાત્વને સેવે છે. દયા પાળનારો મેં દયાને પાળી, એનું કાર્ય મેં કર્યું એ મિથ્યાદૃષ્ટિ માને છે. એને જૈન ધર્મ શું છે એની ખબર નથી. આહાહા..! આ તો કેવળી સર્વજ્ઞ પરમેશ્વર એનું કથન છે. ભાષા કેવી કરી, જોયું?

ખરેખર **'ननु परिणामः एव किल विनिश्चयतः कर्म' 'તે જ નિશ્ચયથી કર્મ છે...'** આહાહા..! આત્મા કર્મ બાંધે એ વાત ખોટી છે, આત્મા કર્મ બાંધે એ વાત જૂઠી છે. આત્માના જે વિકારી પરિણામ જ છે તે તેનું કર્મ ને કાર્ય છે. એની સ્થિતિની હદ ત્યાં સુધી (છે). એ પરિણામ થયા ત્યાં સુધી એની મર્યાદા (છે). પછી કર્મ બાંધે અને કર્મના ફળ આત્મા ભોગવે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! આવી વાત. વાડામાં પડ્યા એણે સાંભળ્યું નથી. ક્રિયા આ કરો, દયા પાળો ને આ કરો. મરી જવાના, ચાર ગતિમાં રખડવાના, ચોરાશીના અવતાર. આહાહા..! અહીં એના માને પણ પરના કામ કરું છું એનું ફળ (આકરું છે). આ એક આત્મા બીજા આત્માનું કોઈ પણ કાર્ય કરે એ ત્રણકાળમાં બને નહિ. તેમ એક આત્માના પરિણામ બીજા પરમાણુના પરિણામને કરે, આ ભાષાની પર્યાયને આત્મા કરે (એ) ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

**'ખરેખર પરિણામ છે...'** જે દ્રવ્યના જે પરિણામ-પર્યાય-અવસ્થા છે તે જ નિશ્ચયથી તેનું કાર્ય છે. એ કાર્યને ઓળંગી બીજાનું કાર્ય કરવા જાય, કરી શકે નહિ ને મિથ્યાત્વને સેવે. આહાહા..! ભારે આકરું કામ. દુકાનના ધંધામાં થડે બેસીને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. કહે છે કે એ એના પોતાના પરિણામનું કર્મ કરે, પણ બીજું કાર્ય ઘરાકને સાચવે ને માલ આપે એ ત્રણકાળમાં બનતું નથી. ભારે આકરું કામ. આ તો જૈન ધર્મનો એકડો છે. કેવળજ્ઞાની પરમાત્મા એનો પહેલાં નંબરનો એકડો આ છે કે જેટલા અનંતા દ્રવ્ય છે એમાં એ દ્રવ્ય પોતાના પરિણામને કરે, અવસ્થાને કરે, હાલતને કરે. બીજા દ્રવ્યની અવસ્થાને, બીજાના કાર્યને કે બીજાના પરિણામને એક દ્રવ્ય ત્રણકાળમાં કરી શકે નહિ. આહાહા..! આકરું કામ, ભાઈ! આ ટોપી જે ઓઢે છે એ કાર્ય આત્માનું નથી.

**શ્રોતા :–** કોનું માથાનું છે કાર્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માથાનું નથી, ટોપીના પરમાણુનું છે. ટોપીના પરમાણુનું કાર્ય આમ (રહેવાનું છે). આ ચશ્મા એ કાંઈ આત્માનું કાર્ય નથી. એ પરમાણુ છે એનું કાર્ય આ ચશ્મા અહીં રહેવું તે છે. આત્મા કરે એ પરિણામ કરે પણ પરિણામને લઈને એ ચશ્માનું કાર્ય કરે, ટોપી ઓઢવાનું કામ કરે, કોટ પહેરવાનું કામ કરે, દિવાસળી સળગાવવાનું કામ કરે, બીડી હાથમાં પકડવાનું કામ કરે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! ગજબ વાત છે. આવો વીતરાગનો માર્ગ જૈનના વાડામાં જન્મ્યા એણે સાંભળ્યું ન હોય. પચાસ-પચાસ, સાંઈઠ સાંઈઠ વર્ષ કાઢ્યા પાપમાં એકલા. આહાહા..!

**'અને...' 'सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति' 'પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...'** પરિણામ જે અવસ્થા થાય તે પરિણામી એનું દ્રવ્ય જે છે એને આશ્રયે પર્યાય થાય છે. આહાહા..! આ કાગળ આમ ઊંચો થાય છે એ આત્માથી નહિ, તેમ આ આંગળીથી નહિ. આંગળીથી આમ ઊંચું થાતું નથી. કેમકે આંગળીના પરિણામ જુદા અને આના પરિણામ પર્યાય, પર્યાય જુદી. આંગળીની પર્યાય જુદી, આ પર્યાય જુદી. આંગળીની પર્યાય, પર્યાયનું કામ કરે પણ એ પર્યાય આનું કામ કરે (એમ નહિ). આહાહા..! ભારે આકરું.

**શ્રોતા :–** આત્માએ ભાવ કર્યો અને કાગળ ઊંચો થયો, બેયનો સમય એક કેમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમય એક જ છે. દરેક દ્રવ્યની પર્યાયનો સમય એક છે ને પરિણામમાં. દરેક દ્રવ્યની પર્યાયનો સમય એક જ છે. વર્તમાન પરિણામ થાય તે વર્તમાન, બસ! વર્તમાન દરેકના વર્તમાન પરિણામ છે. તો વર્તમાન જીવે પરિણામ કર્યા એથી વર્તમાન બીજા જડના પરિણામ થાય એમ નથી.. આહાહા..! એમ કેમ બને?–કે વર્તમાન અનંત દ્રવ્યો છે. અનંત દ્રવ્યો વર્તમાનના સમયના પરિણામ વિનાનું હોય નહિ અને એ પર્યાય છે એ બીજો દ્રવ્ય કરે (એમ) ત્રણકાળમાં બને નહિ. એ જૈન દર્શનનો વેરી છે. આહાહા..! આકરું કામ છે.

**શ્રોતા :–** અનુરૂપ અને અનુકૂળ એ બેનો મેળ કોણે કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મેળ કાંઈ નથી. એ નિમિત્ત હોય એને અનુકૂળ કહેવાય અને અહીં પર્યાય થાય તે અનુરૂપ કહેવાય. અનુકૂળ આને કાંઈ કરે (એ) ત્રણકાળમાં નહિ. તેમ અનુરૂપ અનુકૂળને લાવે એ ત્રણકાળમાં નહિ. 'સમયસાર'માં આવે છે–અનુકૂળ-અનુરૂપ. જે નિમિત્ત છે એ અનુરૂપ કહેવાય અને જે દ્રવ્યના પરિણામ છે એ અનુકૂળ કહેવાય. એ અનુકૂળ પરિણામ અનુરૂપને લઈને થયા નથી. તેમ અનુરૂપના પરિણામ અનુકૂળ છે માટે એને લઈને આવ્યા છે એમ નથી. આહાહા..!

**શ્રોતા :–** આપની નિશાળ જ જુદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ વીતરાગનું શાસન જુદું છે, વીતરાગનો માર્ગ જુદો. અત્યારે તો ફેરફાર આખો ફેરફાર, બધો ફેરફાર છે. તદ્દન શ્રદ્ધા ઊંધી, મિથ્યાત્વની શ્રદ્ધા અને એને ધર્મ માને છે.

આહાહા..!

કહે છે, **'પરિણામ પોતાના આશ્રયભૂત...'** પર્યાય થાય છે, પર્યાય છે, પર્યાય કર્મ છે, પર્યાય કાર્ય છે પણ એ કાર્ય પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે. તે પરિણામ, તે કર્મ, તે કાર્ય, તે કર્તવ્ય તે તે દ્રવ્યના (આશ્રયે છે), તેના પરિણામનું જે દ્રવ્ય છે તેને આશ્રયે છે. એ પરિણામ બીજા દ્રવ્યને આશ્રય થાય (એમ નથી). આહાહા..!

પગનું ઉપાડવું એ આત્માનું કાર્ય નથી. પગને આમ ઉપાડવો ને આમ મુકવો ને એ પગ જમીનને અડતો નથી. પગ જમીનને અડતો નથી, જમીન પગને અડતી નથી. કેમકે પગના પરિણામ છે એ એના આશ્રયે–પરમાણુને આશ્રયે થયા અને એના પરિણામ છે એ એના પરમાણુના આશ્રયે થયા. એ ચાલવાના પરિણામ થયા એ આ નીચે જમીન છે માટે પગના ચાલવાના પરિણામ થયા એમ નથી. આહાહા..!

કીધુંને? પરિણામ એટલે પર્યાય. દરેક પરમાણુ અને આત્માની. અનંતા છે. અનંતા દ્રવ્ય-આત્મા, અનંતા પરમાણુ. એની સમયે સમયે પર્યાય સ્વતંત્ર છે, એ પર્યાયનો આશ્રય તે દ્રવ્ય છે. તે પર્યાય–પરિણામ તે કર્તવ્ય ને કાર્યનો આશ્રય દ્રવ્ય છે. એ કાર્યનો આશ્રય બીજા દ્રવ્યને લઈને કાર્ય થાય એમ ત્રણકાળમાં છે નહિ. આહાહા..! ગાંડા જ કહે એવું છે ને! અભિમાન ઊતરી જાય આખું. આહા..!

હું બોલું છું, હું ચાલું છું, હું ખાઉં છું. આહાહા..! એ ખાવાની ક્રિયાના પરિણામ એ પરમાણુના પરિણામ છે. એ આત્મા એના પરિણામ કરે, ખાવાના પરિણામ જડના પરમાણુ છે, આત્મા એ પરિણામ ખાવાના કરે ત્રણકાળમાં બને નહિ. આહાહા..! આ દાઢ જે હલે છે અને હોઠ જે હલે છે એ પરિણામ એના જડના છે. એ પરિણામ એ પરિણામીને આશ્રયે છે–પરમાણુના આશ્રયે છે, એ પરિણામ આત્માના આશ્રયે નહિ. આહાહા..!

**'પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...'** પરિણામીનું જ હોય છે. એકાંત છે. કથંચિત્ પરથી અને કથંચિત્ સ્વથી, એમ નથી. આહા..! એ **'પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ...'** શું? પરિણામ જે થયા પરમાણુના કે આત્માના, એ આત્માના આશ્રયે થયા છે, એ અન્યને આશ્રયે નહિ અને એ પરિણામ આત્માના છે એ પરિણામ પરમાણુના નહિ અને પરમાણુના જે પરિણામ થયા એ પર્યાય પરમાણુના આશ્રયના છે, તે અન્યને આશ્રયે પરમાણુના પર્યાય નથી. આહાહા..!

અહીં તો હું પરની દયા પાળુ એ મિથ્યાદૃષ્ટિ છે, ઇ જૈન નથી, એને જૈનની શ્રદ્ધાની ખબર નથી. કેમકે એ પરદ્રવ્ય છે અને આ સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્ય પોતાના પરિણામને કરે. એની દયા પાળવાના પરિણામ એનાથી થાય, એને ઠેકાણે મારાથી થાય (એમ માને છે તે) જૈન ધર્મના વિરોધી છે, કેવળજ્ઞાની પરમાત્માના વિરોધી છે ઇ. આહાહા..! આકરું કામ છે. અત્યાર તો માથે બેઠા હોય (એમાં) જી

હા, જી હા કર્યું હોય. અને આખો ફેર મોટો. આહાહા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' અહીં ના પાડે છે. પરની દયા એ પરના પરિણામ છે. પરના પરિણામ બીજા પરિણામને આશ્રયે હોય નહિ. એના દ્રવ્યને આશ્રયે પરિણામ હોય. એ પરિણામ જ એ પરદ્રવ્યનું કાર્ય ને કર્તવ્ય ને કામ છે. આહાહા..!

દરેક દ્રવ્ય કામ વિનાનું હોતું નથી. કામ એટલે પર્યાયનું કાર્ય. કાર્ય વિનાનું હોતું નથી તો બીજા દ્રવ્ય એનું કાર્ય શી રીતે કરે? એ કાર્ય વિનાનું તો છે નહિ કોઈ દ્રવ્ય. આહાહા..! જીવ રાગના પરિણામ કરે પણ કર્મબંધનના પરિણામ આત્મા ન કરે. આત્મા કર્મ બાંધી શકે નહિ તેમ આત્મા કર્મ છોડી શકે નહિ, આત્મા કર્મ નાશ કરી શકે નહિ. આહાહા..! આકરી વાત. કેમકે એ પરમાણુના પરિણામ છે. એ અકર્મરૂપે પરિણમવું એ પરમાણુના પરિણામ છે. આત્મા કર્મનો નાશ કરે કે આત્મા કર્મને બાંધે (એમ) ત્રણકાળમાં નહિ. એ પરમાણુ એની મેળે ત્યાં કર્મરૂપે પરિણમે છે. એ કર્મરૂપી પરિણામનું કાર્ય કરનાર એ પરમાણુ છે અને એ કર્મ છૂટીને અકર્મરૂપે થાય એ કાર્ય કર્મનું છે. એ કર્મનું જ અકર્મરૂપે પરિણમવું થયું એ કાર્ય કર્મનું છે. અકર્મરૂપે થવું એ કાર્ય જીવનું છે એમ નથી. આમાં શું કરવું? આહાહા..! અત્યારે તો બધું એ ચાલ્યું છે. આ કરો ને આ કરો. પોષા કરો, પડિકમણા કરો, સામાયિક કરો,... કરો, કરો ને કરો. મરો. કરો ને મરો. મરી જવાના. પરના પરિણામને હું કરું એમાં આત્માનું મરણ છે. આહાહા..!

જીવતી જ્યોત જાગતી જાણનાર પરિણામ છે એ જાણનાર પરિણામ પરના કાર્ય કરે એમ કહેવું એ જાણનાર પરિણામનો નાશ કરે છે અને જાણનાર પરિણામનો નાશ કરે એટલે જાણનાર પરિણામનો આધાર જે દ્રવ્ય એનો પણ એ નાશ કરે છે. આહાહા..! આવી વાતું સાંભળવી કઠણ પડે. કોઈ દિ' કરી નથી. વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર સર્વજ્ઞએ ત્રણકાળ, ત્રણલોક જોયા. એની વાણી કોઈ જુદી હોય છે. આહાહા..! એ વાણી શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસી ને શ્વેતાંબરમાં એ વાણી છે જ નહિ. કારણ કે એ શાસ્ત્ર કલ્પિત બનાવ્યા છે. સ્થાનકવાસી, દેરાવાસીએ (કરેલા) શાસ્ત્ર ભગવાનના કરેલા નથી, સાધુના કરેલા નથી, સમકિતીના કરેલા નથી, મિથ્યાત્વીના કરેલા છે. આહાહા..! અર..ર ર..! આવી વાતું. મિથ્યાત્વીમાં પણ ગ્રહિત મિથ્યાત્વીના કરેલા છે. અગ્રહિત મિથ્યાત્વીના નહિ. આહાહા..! એ..ઇ..! માર્ગ તો આવો છે, બાપુ!

એ પરિણામ એટલે પર્યાય પોતાના આશ્રયભૂત પરિણામી એટલે દ્રવ્યનું જ હોય છે, અન્યનું નહિ. '**(કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે,...)**' પરમાણુમાં કે આત્મામાં સમયે સમયે જે પર્યાય થાય તે પર્યાય પોતાના દ્રવ્યને આશ્રયે થાય, પરને આશ્રયે બિલકુલ નહિ. એમ પરમાણુમાં જે થાય આ ચાલવું, બોલવું, ચાલવું એ પરમાણુની પર્યાય છે, આત્માથી નહિ. આહાહા..! આત્મા બોલે નહિ, આત્મા હલે નહિ. એ હલવાનું ને બોલવાની પર્યાયનો કર્તા પરમાણુ છે. આહાહા..! 'દામોદરભાઈ'! આવું ક્યા હતું? 'દામનગર' હતું? બધે ગોટા (છે). સાધુ પણ (એમ કહે) આ કરો,

આ કરો ને આ કરો. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય ત્રણકાળમાં કરી શકે નહિ. કેમકે કોઈ પર્યાય વિનાનું દ્રવ્ય છે નહિ. પર્યાય એટલે કાર્ય, પર્યાય એટલે કાર્ય. કાર્ય વિનાનું કોઈ દ્રવ્ય છે નહિ કે જેથી એનું કાર્ય બીજો દ્રવ્ય કરે. આહાહા..!

**શ્રોતા :–** માંદુ પડે ત્યારે શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ માંદુ પડે? દ્રવ્યમાં રોગ આવે પરમાણુ એ એની પરમાણુની પર્યાય છે. એ પર્યાય કોઈ બીજાને લઈને થઈ છે, ખાધા ફેર થયો માટે એમાં શરીરમાં રોગ થયો એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..! ખરેખર તો દવાથી કંઈ રોગ મટે છે એ વાત પણ સાચી નથી. આહાહા..! કેમકે દવાના પરમાણુના પરિણામ એ પરમાણુએ કરેલા છે. અને રોગ મટવાનો હોય એ પરિણામ રોગના પરમાણુ છે એણે મટાડવાના પરિણામ કર્યા, એણે એ પરિણામ કર્યા. આહાહા..!

'**(અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો.)**' આહાહા..! અન્ય પરમાણુ અને આત્મા એની જે વર્તમાન પર્યાય એટલે પરિણામ, પરિણામ કહો, પર્યાય કહો, કર્મ કહો, કાર્ય કહો, અવસ્થા કહો... આહાહા..! તેને બીજું દ્રવ્ય કોઈ દિ' કાંઈ કરી શકતું નથી. શરીરનો અવયવ છે એ બીજા શરીરને અડતો નથી. આ શરીરના અવયવો છે એ બીજાના શરીરને અડતા પણ નથી. ભિન્ન ભિન્ન બેય દ્રવ્ય છે. આહાહા..! આ આત્માના દ્રવ્ય ને બીજાના દ્રવ્ય, આ શરીરના દ્રવ્ય ને બીજાના દ્રવ્ય જડ વચ્ચે તો અત્યંતઅભાવ છે. આહાહા..! વાતે વાતે ફેર. આ અધિકાર એવો આવ્યો છે.

'**इह कर्म कर्तृशून्यम् न भवति**' '**વળી કર્મ કર્તા વિના હોતું નથી,...**' એમ કહ્યું કે પરિણામ કોઈ બીજાના બીજો ન કરે; પણ ત્યારે પરિણામ કર્તા વિના થાય? કોઈ દ્રવ્યના પરિણામ બીજું દ્રવ્ય ન કરે એ તો બરાબર છે પણ એ પરિણામ કર્તા વિના થાય? એ કર્તા કોણ છે એનો? આહાહા..! છે? '**કર્મ કર્તા વિના હોતું નથી, તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...**' તેમ જ પરમાણુ ને આત્મા એકરૂપે રહેતા નથી. ક્ષણે ક્ષણે પર્યાય બદલે છે. ધ્રુવપણું રાખી અને ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે. આહાહા..! છે? વસ્તુની એકરૂપે સ્થિતિ નથી. તારી હાજરીમાં આમ પલટતું લાગે માટે હું છું માટે આ થાય છે, એમ નથી. કેમ? વસ્તુની એકરૂપ સ્થિતિ નથી. વસ્તુ કાયમ એકરૂપે રહેતી નથી. વસ્તુ કાયમ બદલે છે. બદલ્યા વિના રહેતી નથી. એટલે તું એને બદલાવ, તારી સ્થિતિમાં વ્યવસ્થા થાય, હોંશિયાર થઈને દુકાનની વ્યવસ્થા હું કરું... મૂઢ છે. 'પ્રવીણભાઈ'! આ લોઢાના વેંચવાને, આહા..! ભારે કામ, ભાઈ! વીતરાગ માર્ગ કેવળી પરમાત્માએ કહેલો (અલૌકિક છે).

દરેક દ્રવ્યના પરિણામ એ કર્તા વિના હોઈ શકે નહિ. ત્યારે તમે તો કહ્યું કે, પરિણામ પરના બીજો કરે નહિ. ત્યારે હવે કર્તા વિના તો પરિણામ હોય નહિ. તો કર્તા કોણ? આહા..! '**કર્મ કર્તા વિના હોતું નથી. તેમ જ વસ્તુની એકરૂપ સ્થિતિ હોતી નથી...**' તેમ એકરૂપે પરમાણુ કે આત્મા રહેતા નથી. એ તો એનો બદલવાનો સ્વભાવ છે તે બદલ્યા કરે છે, પરને લઈને નહિ. આહાહા..! એક જ ગાથા... આહાહા..!

**'કર્મ કર્તા વિના હોતું નથી...'** ત્યારે તમે એમ કહ્યું કે કોઈ દ્રવ્યની કોઈ પર્યાય કોઈ દ્રવ્ય કરે નહિ. ત્યારે હું કહું છું કે કર્તા વિના તો પર્યાય થાય નહિ, કર્તા વિના પર્યાય હોય નહિ. તેમજ વસ્તુની એકરૂપ સ્થિતિ નથી. વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલે તો છે. તો એ બદલે છે એનો કર્તા કોણ? આહા..! **'(અર્થાત્ કૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી...)'** વસ્તુ દ્રવ્ય કાયમ રહે અને પર્યાયમાં ક્ષણે... ક્ષણે... ક્ષણે... સમયે... સમયે... બદલે એવો તેનો સ્વભાવ છે. દરેક આત્મા અને દરેક પરમાણુનો દ્રવ્યપણે કાયમ રહેવું ને પર્યાયપણે પલટવું એ તો એનો સ્વભાવ છે. આહાહા..!

**'(દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** તો દરેક દ્રવ્યની પર્યાય એની છે એમ ન માન તો એકલું દ્રવ્ય જે છે એ તો નિત્ય છે એ એકાંત છે. આહાહા..! શું કહ્યું? બીજાના દ્રવ્યના પરિણામને બીજો દ્રવ્ય કોઈ કરી શકે જ નહિ. ત્યારે હવે એ પરિણામ કર્તા વિના તો થયા નથી. તો એ કર્તા કોણ? આહાહા..! કે કર્તા એનું દ્રવ્ય. કેમ કે **'(વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી...)'** દરેક વસ્તુ દ્રવ્ય એટલે કાયમ રહે ને પર્યાય એટલે બદલે એ તો વસ્તુનો સ્વભાવ છે. એને બીજો કોઈ બદલાવે એ ત્રણકાળમાં બને નહિ. ઈશ્વર કર્તા જેવું થાય. ઈશ્વર કર્તા માને ને જૈન પરની ક્રિયાનો કર્તા માને, બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ છે. બેય એક જાતના ચાર ગતિમાં રખડનારા છે. આહા..! ઈશ્વર કર્તા માને જગતનો અને આ પોતે પરના પરિણામ પર્યાય થાય એનો કર્તા માને. આહાહા..! દુકાનની ધંધાની પર્યાય હું કરું છું, પૈસા હું પેદા કરું છું, પૈસા હું વાપરું છું એ બધા કર્તા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, એ જૈન નથી. આહાહા..! ભારે આકરું કામ.

**'(વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** શું કહ્યું આ?–કે પરિણામ કર્તા છે તો કર્તા વિના હોતા નથી. ત્યારે કર્તા કોણ? ત્યારે કહે છે, વસ્તુની એકરૂપ સ્થિતિ નથી માટે એ વસ્તુ પોતે કર્તા છે. વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલતી (છે) માટે એ વસ્તુ કર્તા છે, પરદ્રવ્ય કર્તા નથી. આહાહા..! શ્લોક બહુ ઊંચો છે. તેમજ વસ્તુની એકરૂપે મર્યાદા નથી **'(કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** સર્વથા નિત્ય જ રહે એમ કહો તો પર્યાય બદલે છે એ વાત જૂઠી પડે છે. તો એ પર્યાયવાળુ દ્રવ્ય છે એ જૂઠું થાય. આહાહા..!

આ આંગળીના પરમાણુ છે અને આ એની પર્યાય છે. પર્યાય વિનાનો પરમાણુ નથી. એ કર્તા વિનાની પર્યાય નથી. આત્મા એ કરી શકતો નથી પણ એના પરમાણુ કર્તા વિના પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! આવી વાત. આખી જિંદગી અહંકારમાં ગાળી. આ મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... અર..ર..! પરના કામ મેં કર્યા એ જિંદગી અહમ્‌પણે ગાળી, મિથ્યાત્વપણે, અજૈનપણે (ગાળી) એના પરિણામ... આહાહા..! ચાર ગતિમાં રખડવાના આવશે. નરક ને નિગોદ. આહાહા..!

હું પૈસા લઈ શકતો નથી, પૈસા દઈ શકતો નથી, પૈસા રાખી શકતો નથી. આહાહા..! શું કીધું? હું પૈસા રાખી શકતો નથી. એ તો જડ પર છે. પરની પર્યાય તો એનાથી થાય તું શું એને

રાખ? એમ પૈસા વાપરી શકતો નથી. કેમકે એ તો પરવસ્તુ છે એના પરિણામ બદલે તો એ વપરાય છે. આહાહા..! તેમ પર્યાયને રાખી શકતો નથી, પૈસાને દઈ શકતો નથી, લઈ શકતો નથી. આહાહા..! 'ટોળિયા'! આવું સાંભળ્યું હતું? બાપ-દાદાએ ન્યાં ક્યાંય સાંભળ્યું નહોતું. બેનને વળી લાગણી થઈને એને લઈને આ ઘસાણા આવ્યા. આહાહા..! આવી વાત.

અમારે એક 'હીરાજીમહારાજ' હતા કેવળ ગણાતા. હિન્દુસ્તાનનો હીરો. શ્રદ્ધા તદ્દન ભ્રષ્ટ. બધું પરનું કરી શકીએ ને પરનું કરી શકીએ ને દયા પાળી શકીએ. આહાહા..! એ વાત જ નહોતી. બિચારા બહુ સજ્જન હતા પણ આ વાત કાને પડી નહોતી, એની પાસે આવી નહોતી. એટલે અમે આ બધું કરી શકીએ છીએ, આ બધાની દયા પાળી શકીએ ને બધાને મદદ કરી શકીએ. વ્યાખ્યાન આપીને બીજાને સુધારી શકીએ. આહાહા..! વ્યાખ્યાનની ભાષાની જડની પર્યાય આત્મા કરી શકે નહિ અને એનાથી બીજો સુધરે એ એની પર્યાયનો આ ભાષાથી ત્રણકાળમાં બને નહિ. ભાષાની પર્યાયથી પરમાં સુધરવાની પર્યાય થાય એમ બને નહિ. આહાહા..! સંપ્રદાયમાં સાંભળ્યું હતું કોઈ દિ'? ક્યાંય છે નહિ. સ્થાનકવાસી કે શ્વેતાંબર ક્યાંય સાચી વાત છે નહિ. બધે ગપ્પેગપ્પ. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરની આ તો વાણી છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર. આહાહા..!

મુમુક્ષુ :- ઇ પણ એમ કહે છે કે અમારી વાણી તીર્થંકરની છે.

ઉત્તર :- ઇ તો કહેને. એ વિના માને શી રીતે? બનાવી છે કલ્પિત. શ્વેતાંબર શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા છે. બત્રીસ, પીસ્તાલીસ, ચોરાશી મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા અને ભગવાનનું નામ આપ્યું. એટલે લોકો બિચારા મરી ગયા એમાં. આહાહા..! બત્રીસ સૂત્ર ને પીસ્તાલીસ સર્વજ્ઞ ભગવાનના કહેલા નથી. મિથ્યાદૃષ્ટિના કરેલા છે તે અજ્ઞાનીના બનાવેલા છે. લાંબો કાળ થયો (એટલે) લોકોને ખબર નથી. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા, ત્યાં આઠ દી' રહ્યા. ત્યાંથી આવીને આ બધું બનાવ્યું છે. તો કેવળી શાસનમાં છે વાત. આહાહા..! તેરાપંથી પણ એમ કહે કે બીજાને બચાવવો એ પાપ છે, એ તો પેલો પાપ કરશે એટલે. પણ બચાવી શકતો જ નથી. તેરાપંથી છે ને? એ એમ માને છે. બીજાને બચાવવો એ પાપ છે. કારણ કે પાછો પાપ કરશે. એ અહીં વાત નથી. ઇ કરે ન કરે પણ બીજાને બચાવી શકતો જ નથી. આહાહા..! આવી વાત.

(અહીંયાં કહે છે), વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલે છે. બદલે છે માટે બીજો કોણ કરે એમાં? પોતે બદલે છે એમાં. આહાહા..! '**(કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...**' વસ્તુ બદલે નહિ ને નિત્ય જ છે એમ કહો તો વિરોધ આવે છે. પર્યાય બદલે છે, દેખાય છે. દરેક પરમાણુ આત્મામાં પર્યાય જ બદલે છે, દ્રવ્ય તો ધ્રુવ છે. આહાહા..!

'**ततः तद् एव कर्तृ भवत**' '**માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે...**' આહાહા..! એક શ્લોકે તો ગજબ કર્યું છે. '**માટે વસ્તુ પોતે જ...**' પરમાણુ અને આત્મા '**પોતાના પરિણામરૂપ...**' કાર્ય (કર્મ એટલે કાર્ય). પોતાના જ પરિણામરૂપી કાર્યનો કર્તા છે. '**(-એ નિશ્ચય-સિદ્ધાંત છે).**' એ

ત્રિકાળી ભગવાનથી સિદ્ધ થયેલી વસ્તુ છે એમ કહે છે. નિશ્ચય-સિદ્ધાંત આ છે. આહાહા..! એક પરમાણુ બીજા પરમાણુઓને અડતો નથી, દાઢ રોટલીને અડતી નથી, રોટલીના કટકા થાય છે એ દાઢને લઈને નહિ કારણ કે દરેક પરમાણુ જુદા છે. દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર જુદી થાય છે. આહાહા..!

**'માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મ નામ કાર્યની કર્તા છે (-એ નિશ્ચય-સિદ્ધાંત છે).'** આહાહા..! એક તણખલાના બે કટકા થવા એ આત્માથી થાય નહિ. કેમકે એ જડના પરિણામ તે કાળે તેના પરિણામનો કર્તા એ પરમાણુ છે. જુદા પડ્યા, ભેદ થયો, કટકા થયા એ પરમાણુનું કાર્ય છે. બીજો આત્મા કહે કે મારું આ કાર્ય છે (તો એ) મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું છે.

આ તો એકકોર બેસી જાવું, તો આવું થાય આમાં. પણ એકકોર જ બેઠો છો. મફતના અભિમાન કરે છે. દરેક દ્રવ્યથી જુદો એકલો બેઠો છે. આહાહા..! એ પરદ્રવ્યના પરિણામ કરું એ તો તારી માન્યતા, કલ્પના ઊભી કરી. બાકી પરદ્રવ્યથી જુદો બેઠો જ છો. પરદ્રવ્યમાં તારો અભાવ અને એના દ્રવ્યમાં તારો અભાવ (છે). એ રીતે દ્રવ્ય રહેલા છે. આહાહા..! માન્યતામાં મોટો ફેર છે. માન્યતા ઊલટી જડની માન્યતા. આહાહા..!

પુસ્તક મેં બનાવ્યું. આહાહા..! પુસ્તક બીજા વાંચે તો એને જ્ઞાન થશે. અર..ર..! ભાઈ! છે? પુસ્તક બનાવી રાખવું તો બીજાને જ્ઞાન થાશે, તદ્દન મિથ્યાત્વ છે. એક તો પુસ્તકના પરમાણુની પર્યાય આત્માથી થઈ નથી અને એ પુસ્તકથી સામાને જ્ઞાન થાતું નથી. કારણ કે એ પર્યાય વિનાનું દ્રવ્ય નથી એટલે એ પર્યાય તેના પોતાથી થાય છે, એને ઠેકાણે (માને કે) પુસ્તકથી થાય છે. આહાહા..! ગજબ વાત છે. માર્ગ આવો છે, બાપા! આખી દુનિયા ગમે તે માને. વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણલોકના નાથ બિરાજે છે તેની આ વાણી છે. આહાહા..! ભગવાન પરમેષ્ઠી સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. ત્રણલોકના નાથ સાક્ષાત્ હાજરાહજુર પ્રભુ! આહા..! 'કુંદકુંદાચાર્ય' ગયા અને આ લાવ્યા. આહાહા..! તેને અનુસરીને સંતોએ ટીકા કરી. ૨૧૧ (શ્લોક) થયો. પોણો કલાક થયો.

**'હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–'** ૨૧૨.

**बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं**
**तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।**
**स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते**
**स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते।।२१२।।**

આહાહા..! **'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** આહાહા..! પરમાણુમાં

પણ અનંત શક્તિ છે. જડમાં, હોં! આ અંગુલી અનંત પરમાણુનો પિંડ છે, આ તો અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક પરમાણુમાં અનંતી શક્તિ છે, એક પરમાણુમાં અનંતા ગુણ છે. જેટલા ગુણો આત્મામાં છે, ત્રણકાળના સમય કરતાં અનંતગુણા, એટલા જ ગુણો એક પરમાણુમાં છે. આહાહા..! પરમાણુ જડ છે માટે ગુણ નથી એમ નહિ. એમાં અનંત ગુણો છે. આહાહા..! એ કહે છે.

**'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** **'बहिः यद्यपि लुठति'** આહાહા..! બહાર ભલે ઊભી રહે. દરેક દ્રવ્યના પરિણામ સ્વતંત્ર થાય ત્યાં બીજી ચીજ ભલે ઊભી રહે પણ નિમિત્ત, એનું કરી શકે નહિ. પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..! પેલા માંગવા નથી આવતા? 'શંકર' ના. આમ આમ કરે... શંકરના બાવા નથી આવતા? એ હાથમાં રાખે ટોપલી, લાકડી. બહાર લાકડી અંદર (ટોપી) એટલે આમ, આમ આમ ઉપર બહાર કરે ત્યાં અંદરમાં લોલક હલે. અહીં કહે છે કે એ લોલક અંદર હલે ઇ આ લાકડીને લઈને નહિ. આહાહા..! ભારે કામ, ભાઈ!

**'પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** એટલે દરેક, હોં! છએ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય કીધા એ છએ દ્રવ્ય. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિકાય, એક આકાશ (એમ) છ દ્રવ્ય. અનંતી દરેક વસ્તુ અનંત શક્તિવાન પ્રકાશમાન છે એવી વસ્તુ **'बहिः यद्यपि लुठति'** **'અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...'** આહાહા..! ભલે કહે છે કે આ આંગળી ઉપર આમ આમ ફરે પણ આ લાકડી આને અડતી નથી. આહાહા..! આવી વાત જૈન પરમેશ્વર સિવાય (ક્યાંય નથી). બીજા સાંભળે તો પાગલ કહે. જૈનમાં નથી અત્યારે તો. જૈનના અત્યારે વાણીયા બધા કર્તાબુદ્ધિમાં પડ્યા છે. આહાહા..! અમે કરીએ ને અમે કરીએ, અમે કરી શકીએ, વ્યવહારે તો કરી શકીએ ને? નિશ્ચયથી નહિ. આહાહા..! વ્યવહારે કે નિશ્ચયથી પરના પરિણામ ત્રણકાળમાં કોઈ કરી શકે નહિ. કેમકે પરિણમન વિનાનું દ્રવ્ય હોય નહિ. બદલતી અવસ્થા વિનાનું દ્રવ્ય હોય નહિ અને બદલતું દેખીને મારી હાજરીમાં આ બદલ્યું માટે મારાથી બદલ્યું (એમ માને છે) એ તારો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

**'અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** આહાહા..! અહીં ભલે અડે પણ આંગળી અંદર પ્રવેશ કરતી નથી. કર્મ બંધાય પણ એમાં આત્મા પ્રવેશ કરતો નથી. આહા..! આત્માના રાગ પરિણામ થાય એમાં કર્મના રજકણો પ્રવેશ કરતાં નથી. આહાહા..! આવી વાતું. કર્મ જે બંધાય એ આત્માના પરિણામથી નહિ, એની સ્વતંત્ર પર્યાયને લઈને કર્મ બંધાય છે. અહીં વિકાર થાય એ કર્મને લઈને નહિ, પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ માટે વિકાર પણ દ્રવ્યના પર્યાય છે. આહાહા..! આમાં કેટલું યાદ રાખવું? **'અન્ય વસ્તુની બહાર જોકે લોટે...'** એક વસ્તુની બહાર ભલે ફરે, ટકે, બદલે પણ **'અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** એક વસ્તુમાં બીજી વસ્તુ પ્રવેશતી નથી. અરે..રે..! આહાહા..! એ રોટલી થવામાં વેલણું રોટલીને અડતું નથી. વેલણું, લોચો થાય ને પછી પહોળી થાય છે ને? એ વેલણું લોટને અડ્યું નથી. આહાહા..!

**શ્રોતા :–** કોણે કરી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ લોટે કરી. લોટના પરમાણુ એ રીતે પર્યાય તે વખતે પરિણમવાનો એનો કાળ હતો. એ પર્યાયનો આશ્રય તેના પરમાણુ છે. એ પર્યાયનો આશ્રય પેલું નથી, શું કહેવાય? વેલણું એ આશ્રય નથી. આહાહા..!

**'કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે...'** આહાહા..! **'એમ માનવામાં આવે છે.'** જોયું? દરેક રજકણ ને દરેક આત્મા. આ હાથમાં જાજા રજકણ ભેગા થયા છતાં એક એક રજકણ જુદો છે. એક રજકણ બીજા રજકણને અડતો પણ નથી. પોતપોતાના પરિણામથી દરેક પરમાણુ પોતામાં રહેલા છે. એના પરિણામને બીજા પરમાણુ કરે ને બીજાના આ કરે એ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! હવે આ તો બાવા થઈ જાય. પણ બાવો થાય તોપણ કાંઈ કરી શકતો નથી. માન્યતા ફેરવવાની છે.

ચક્રવર્તી રાજા રાજમાં પડ્યો હોય છતાં સમકિતી હોય. 'ભરત ચક્રવર્તી' છન્નું હજાર સ્ત્રી (હોવા) છતાં એક રજકણને પણ હું કરું છું એમ એ માનતા નથી. આહાહા..! છન્નું કરોડ ગામ, પણ કોઈ એક ગામનો હું સ્વામી છું એમ માનતા નથી. આહાહા..!

**શ્રોતા :–** દેખાય છે એમ કે એક કર્તાના બે કામ અને બે કર્તાનું એક કામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક કર્તાનું એક કામ, બે કર્તાના બે જુદા જુદા કામ. એક કર્તાનું એક કામ, બે કર્તાના બે કામ. બે કર્તા જુદા જુદાના, બે જુદા જુદા કામ. આહાહા..! આવું તો સાંભળવા કો'ક દિ' મળે. અધિકાર આવ્યો હોય તો વંચાય ને? અધિકાર સામે આવ્યો હોય (ત્યારે સ્પષ્ટીકરણ થાય). આહાહા..!

**'કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે.'** આહાહા..! દરેક આત્મા ને દરેક પરમાણુ, દરેક સમયે પોતપોતાના સ્વભાવમાં છે. દરેક સમયે પોતાના સ્વભાવમાં છે. ચાહે તો જીવ વિકાર કરે તોપણ એ પોતાના સ્વભાવમાં છે. આહાહા..! વિકાર કરે તોપણ એ એનો સ્વભાવ છે એમ કહે છે. કોઈને લઈને કોઈ વિકાર, કર્મને લઈને વિકાર (થાય) એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

**'(આચાર્યદેવ કહે છે કે-) આમ હોવા છતાં,...'** અરે..! વસ્તુની સ્થિતિ તો આમ છે. વસ્તુની મર્યાદા તો ત્રણે કાળે ભગવાને પરમેશ્વરે તો આમ કહી છે છતાં લોકો મોહમાં કેમ મુંઝાણા? અનંત કેવળીઓએ આ કહ્યું છે, આચાર્યદેવ કહે છે. આહાહા..! અરે..! **'આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, શા માટે ક્લેશ પામે છે?'** આનું કરી દીધું- મેં સારું કરી દીધું, મેં ભૂંડુ કરી દીધું. શું કર્યું તેં? કાંઈ કર્યું નથી, તારા પરિણામ કર્યા છે તેં. આ રીતે... આહાહા..! અજ્ઞાની પોતાના ક્લેશને પામે છે, બીજું કાંઈ થાતું નથી. આહાહા..! પરનો કર્તા માનવું ત્યાં કલેશ ઉભો થાય છે, મિથ્યાત્વ, છતાં તે પરનું કરી શકતો નથી. આહાહા..!

શ્લોક તો બહુ ઊંચા આવ્યા. આહા! અનંત દ્રવ્યનું અનંત કાર્ય છે. ભગવાને જોયેલા અનંત પદાર્થ છે એ અનંતના એક એક સમયે અનંત કાર્ય દરેકના પોતપોતાના છે. એમાં તે કાર્ય વિનાનું તે દ્રવ્ય નથી કે જેથી બીજો દ્રવ્ય એનું કાર્ય કરે. આહાહા..! ભગવાન પરમાત્મા કેવળીએ અનંત આત્મા ને અનંત પરમાણુ, અનંત દ્રવ્ય જોયા. એ અનંત દ્રવ્યમાં કોઈ દ્રવ્યનું દ્રવ્ય બીજાનું કાર્ય કરે તો અનંતપણું ભિન્ન રહેતું નથી. આહાહા..! એક દ્રવ્ય બીજાનું કાર્ય કરે તો દ્રવ્ય જુદા અનંત રહેતા નથી. અનંતમાં એક બીજાનું કરે, બીજો ત્રીજાનું કરે, ત્રીજો ચોથાનું કરે (તો) મીંડા વળે. માટે એ વાત છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** એક સમયની જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્યોને જાણે, અંત રહિત અનંત ક્ષેત્રને જાણે, અંત રહિત અનંત કાળને જાણે, અંત રહિત અનંત અનંત ગુણોને જાણે એ પર્યાયની તાકાત કેટલી? એ પર્યાયનું સામર્થ્ય કેટલું? એની વિસ્મયતા લાગે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય જ. આહાહા! દ્રવ્યનો સ્વભાવ અલૌકિક, ક્ષેત્રનો સ્વભાવ અલૌકિક, કાળસ્વભાવ અલૌકિક, ભાવસ્વભાવ અલૌકિક. વસ્તુ આવા અલૌકિક સ્વભાવવાળી જ છે. વસ્તુનો સ્વભાવ વિસ્મયકારી છે. તે એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં આવી જાય છે તે વિસ્મયતા છે. જાણ્યું એવું વાણીમાં આવ્યું એ વિસ્મયતા છે. આવી પોતાની પ્રભુતાનો સ્વીકાર થાય તેને અજ્ઞાન ને રાગ-દ્વેષ રહે તેમ બને જ નહિ. ૬૫૮.**

*** * ***

*** આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે. હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ઋષભદેવ ભગવાન જેવાને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદશા ન હતી અને ભરત ચક્રી જેવાને પણ ૭૭ લાખ પૂર્વ રાજ્યપદ ને ૬ લાખ પૂર્વ ચક્રીપદ હતા. એ જાણતા હતા કે અંદર સ્વરૂપમાં ડુબકીરૂપ એકાગ્રતાના ચારિત્રનો પુરુષાર્થ નથી તેથી હઠ કરતા ન હતા. કેટલાકને એમ થાય કે સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર લે નહિ તો શું કામનું? પણ ભાઈ! અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે. ૬૫૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ